Ordinary Gazette Part - I / 2015

Issue No.	Date	Department
Issue No. 1	01-01-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 2	08-01-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 3	15-01-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 4	22-01-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 5	29-01-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 6	05-02-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 7	12-02-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 8	19-02-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 9	26-02-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 10	05-03-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 11	12-03-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 12	19-03-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 13	26-03-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 14	02-04-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 15	09-04-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 16	16-04-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 17	23-04-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 18	30-04-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 19	07-05-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 20	14-05-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 21	21-05-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 22	28-05-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 23	04-06-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 24	11-06-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 25	18-06-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 26	25-06-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 27	02-07-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 28	09-07-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 29	16-07-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 30	23-07-2015	This Gazette may contain multiple departments/offices.

Issue No.	Date	Department
Issue No. 31	30-07-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 32	06-08-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 33	13-08-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 34	20-08-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 35	27-08-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 36	03-09-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 37	10-09-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 38	17-09-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 39	24-09-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 40	01-10-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 41	08-10-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 42	15-10-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 43	22-10-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 44	29-10-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 45	05-11-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 46	12-11-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 47	19-11-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 48	26-11-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 49	03-12-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 50	10-12-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 51	17-12-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 52	24-12-2015	This Gazette may contain multiple departments/offices.
Issue No. 53	31-12-2015	This Gazette may contain multiple departments/offices.

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 1st JANUARY, 2015/PAUSHA 11, 1936 [No. 01

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	01-22	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	01-24
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

કલેક્ટર દ્વારા

વંચાણે લીધા :

૧. આ કચેરીના હુકમ નં. પરવ/કસન/વશી/૧૪૪૦-૮૪/૧૪ તા. ૦૮-૦૮-૨૦૧૪
૨. આ કચેરીના હુકમ નં. પરવ/કસન/વશી/૧૭૫૨-૯૯/૧૪ તા. ૨૯-૦૯-૨૦૧૪
૩. અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૪/જીઓઆઈ/૬/બ, તા. ૩-૧૧-૧૪
૪. સેકશન અધિકારી, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૨/૭૯૩/બ, તા. ૪-૦૧-૨૦૧૩
૫. ઉપસચિવશ્રી, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૧/પીએસ/૨૧/બ, તા. ૨૮-૦૭-૨૦૧૪
૬. ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર ૧૯૯૩

હુકમ

નં. પરવ/કસન/વશી/૨૧૨૧-૨૧૬૮/૨૦૧૪.-વંચાણમાં લીધેલ અનુક્રમ નં. ૧ તથા ૨ માં જણાવેલ હુકમથી જિલ્લામાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓના દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી) બારેજા, કાલીગ્રામ તથા વાડીનાર (એસ્સાર) ડેપોથી રોડ રસ્તે આવાતા કેરોસીનના વિતરણ ભાવો મુકરર કરવામાં આવેલ છે.

અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના વંચાણમાં લીધેલ અનું. નં. ૩ના પત્રથી ભારત સરકારના તા. ૨૧-૧૦-૨૦૧૪ના પત્રની નકલ મોકલી, કેન્દ્ર સરકાર દ્વારા કેરોસીનના (ફોર્મ નં. ૧૫ વાળા) જથ્થા બંધ ડીલરનું કમિશન પ્રતિ કિલોલીટર દીઠ રૂા. ૪૩૮.૨૪/- થી વધારી રૂા. ૫૩૬.૦૯/- તેમજ (ફોર્મ નં. ૧૫ સિવાય) જથ્થાબંધ ડીલરનું કમિશન પ્રતિ કિલો લી. દીઠ રૂા. ૩૭૭.૭૩/- થી વધારી ૪૭૫.૫૮/- નક્કી થયેલ હોવાનું જણાવી, આ અંગે ઘટતી કાર્યવાહી કરવા સુચના આપેલ છે. આથી (ફોર્મ નં. ૧૫ વાળા) જથ્થાબંધ ડીલરના કમિશનમાં થયેલ વધારો ધ્યાને લઈ અમરેલી જિલ્લા માટે કેરોસીનનાં છુટક તથા જથ્થાબંધ ભાવો મુકરર કરવાના થાય છે.

વંચાણમાં લીધેલ અનુ. નં. ૪ ના પત્રથી કેરોસીનના (ફોર્મ નં. ૧૫ વાળા) જથ્થા બંધ ડીલરનું કમિશન પ્રતિ કિલોલીટર રૂા. ૪૩૮.૨૪/- તેમજ વંચાણમાં લીધેલ અનુ. નં. ૫ ના પત્રથી જથ્થાબંધ ડીલરના અધર એકસ્ટ્રા ઓર્ડિનરી ચાર્જીસ રૂા. ૧૮૦.૩૦/- નક્કી કરવામાં આવેલ છે. જેથી હાલમાં કેરોસીનનાં (ફોર્મ નં. ૧૫ વાળા) જથ્થા બંધ ડીલરના કમિશનના દર ૧ કિલોલીટર દીઠ રૂા. ૪૩૮.૨૪/- +૧૮૦.૩૦/- અધર એકસ્ટ્રા ઓર્ડિનરી ચાર્જીસ = ૬૧૮.૫૪/- છે. વંચાણમાં લીધેલ અનુ. નં. ૩ મુજબ કેરોસીનના જથ્થા બંધ ડિલરના કમિશનમાં થયેલ વધારો ધ્યાને લઈ તા. ૨૩-૧૦-૨૦૧૪ થી ૧ કિલોલીટર દીઠ રૂા. ૫૩૬.૦૯/- +૧૮૦.૩૦/- અધર એકસ્ટ્રા ઓર્ડિનરી ચાર્જીસ = રૂા. ૭૧૬.૩૯/- આપવાના થાય છે.

ઉકત વિગતે વંચાણમાં લીધેલ અનું. નં. ૧ તથા ૨ ના હુકમથી બાંધવામાં આવેલ ભાવોમાં વંચાણમાં લીધેલ અનુ. નં. ૩ થી જણાવ્યા અનુસાર થયેલ ફેરફારની વિગતો ધ્યાને લઈ કેરોસીનનાં ભાવો મુકરર કરવાના થાય છે.

સબબ હું, **અજયકુમાર, (આઈ.એ.એસ.), કલેક્ટર કચેરી, જિલ્લો અમરેલી,** વંચાણમાં લીધેલ અનુ. નં. ૫ ના ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ, ઓર્ડર-૧૯૯૩ થી મને મળેલ અધિકારની રૂઈએ ઉકત વિગતો ધ્યાને લઈ દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી), વાડીનાર, બારેજા તથા કાલીગ્રામ ડેપોથી જિલ્લાના તાલુકાઓ અને અન્ય મથકોના અંતર તથા આ હુકમના પેરા-૩ની વિગતો ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનના ભાવો આ સાથે પરિશિષ્ટ-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા હુકમ કરૂ છું.

અત્રેના તા. ૬-૭-૨૦૧૦, તા. ૩-૮-૨૦૧૨, તા. ૨૮-૨-૨૦૧૩, ૮-૮-૨૦૧૪ તથા ૨૯-૯-૨૦૧૪ ના હુકમમાં રાખવામાં આવેલ સૂચનાઓ યથાવત રહેશે. અગાઉના હુકમથી બાંધવામાં આવેલ ભાવો આથી રદ કરવામાં આવે છે.

આ હુકમનો અમલ તા. ૨૩-૧૦-૨૦૧૪ થી અમલ કરવાનો રહેશે. તમામ મામલતદારશ્રીઓને તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતાઓને આ હુકમની જાણ તુરત જ કરવાની રહેશે.

INDEX

આ હુકમથી મુકરર કરવામાં આવેલ ભાવો કરતા વધુ ભાવો (એજન્ટ, છુટક વિક્રેતા) દ્વારા લેવામાં આવતા હોવાનું જણાશે તો તેમની સામે આ હુકમના ભંગ બદલ આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ની કલમ-૩નો ભંગ ગણી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અમરેલી, ૫ માહે નવેમ્બર/ડીસેમ્બર, સને ૨૦૧૪.

પરીશિષ્ટ-૧

જિલ્લો : અમરેલી

વાડીનાર (એસ્સાર ઓઈલ) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

અનુ	સંગ્રહ કેન્દ્ર	એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ		છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના ૧ લી.નો ભાવ
		ડેપો ડિલીવરી	ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ)	
૧	૨	૩	૪	૫
૧	અમરેલી	૧૫૫૨૦.૦૩	૧૫૭૨૦.૦૩	૧૬.૩૪
૨	ધારી	૧૫૮૬૪.૬૬	૧૬૦૬૪.૬૬	૧૬.૬૮
૩	સાવરકુંડલા	૧૫૭૮૬.૩૩	૧૫૯૮૬.૩૩	૧૬.૬૦
૪	લાઠી	૧૫૪૧૮.૨૦	૧૫૬૧૮.૨૦	૧૬.૨૪
૫	વડીયા	૧૫૩૬૩.૩૮	૧૫૫૬૩.૩૮	૧૬.૧૮
૬	રાજુલા	૧૬૦૨૧.૩૧	૧૬૨૨૧.૩૧	૧૬.૮૪
૭	બાબરા	૧૫૨૬૧.૫૫	૧૫૪૬૧.૫૫	૧૬.૦૮
૮	લીલીયા	૧૫૬૬૧.૦૧	૧૫૮૬૧.૦૧	૧૬.૪૮
૯	ખાંભા	૧૬૦૦૫.૬૫	૧૬૨૦૫.૬૫	૧૬.૮૨
૧૦	જાફરાબાદ	૧૬૩૮૯.૪૪	૧૬૫૮૯.૪૪	૧૭.૨૧
૧૧	વીજપડી	૧૫૯૮૨.૧૫	૧૬૧૮૨.૧૫	૧૬.૮૦
૧૨	દામનગર	૧૫૫૩૫.૬૯	૧૫૭૩૫.૬૯	૧૬.૩૫
૧૩	બગસરા	૧૫૬૨૧.૮૫	૧૫૮૨૧.૮૫	૧૬.૪૪
૧૪	ડુંગર	૧૬૧૩૮.૮૦	૧૬૩૩૮.૮૦	૧૬.૯૬
૧૫	ખંભાળા	૧૫૩૭૯.૦૪	૧૫૫૭૯.૦૪	૧૬.૨૦
૧૬	કલોરાણા	૧૫૪૫૭.૩૭	૧૫૬૫૭.૩૭	૧૬.૨૭
૧૭	દેવળીયા	૧૫૪૫૭.૩૭	૧૫૬૫૭.૩૭	૧૬.૨૭
૧૮	ટીંબી	૧૬૫૨૨.૬૦	૧૬૭૨૨.૬૦	૧૭.૩૪

અમરેલી, ૫ માહે નવેમ્બર/ડીસેમ્બર, સને ૨૦૧૪.

અજયકુમાર,
કલેકટર, અમરેલી.

પરીશિષ્ટ-૧

જિલ્લો : અમરેલી

કાલીગ્રામ ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

અનુ	સંગ્રહ કેન્દ્ર	એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ		છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના ૧ લી.નો ભાવ
		ડેપો ડિલીવરી	ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ)	
૧	૨	૩	૪	૫
૧	અમરેલી	૧૫૭૮૧.૫૪	૧૫૯૮૧.૫૪	૧૬.૬૦
૨	ધારી	૧૬૧૨૬.૧૭	૧૬૩૨૬.૧૭	૧૬.૯૪
૩	સાવરકુંડલા	૧૫૮૬૭.૭૦	૧૬૦૬૭.૭૦	૧૬.૬૮
૪	લાઠી	૧૫૬૦૯.૨૨	૧૫૮૦૯.૨૨	૧૬.૪૩

INDEX

૧	૨	૩	૪	૫
૫	વડીયા	૧૬૧૮૮.૮૩	૧૬૩૮૮.૮૩	૧૭.૦૧
૬	રાજુલા	૧૬૧૦૨.૬૭	૧૬૩૦૨.૬૭	૧૬.૯૨
૭	બાબરા	૧૫૬૦૯.૨૨	૧૫૮૦૯.૨૨	૧૬.૪૩
૮	લીલીયા	૧૫૬૩૨.૭૨	૧૫૮૩૨.૭૨	૧૬.૪૫
૯	ખાંભા	૧૬૦૮૭.૦૧	૧૬૨૮૭.૦૧	૧૬.૯૦
૧૦	જાફરાબાદ	૧૬૪૭૦.૮૦	૧૬૬૭૦.૮૦	૧૭.૨૯
૧૧	વીજપડી	૧૬૦૬૩.૫૧	૧૬૨૬૩.૫૧	૧૬.૮૮
૧૨	દામનગર	૧૫૪૪૪.૭૪	૧૫૬૪૪.૭૪	૧૬.૨૬
૧૩	બગસરા	૧૬૦૪૦.૦૧	૧૬૨૪૦.૦૧	૧૬.૮૬
૧૪	ડુંગર	૧૬૨૨૦.૧૬	૧૬૪૨૦.૧૬	૧૭.૦૪
૧૫	ખંભાળા	૧૫૭૨૬.૭૧	૧૫૯૨૬.૭૧	૧૬.૫૪
૧૬	કલોરાણા	૧૫૮૦૫.૦૪	૧૬૦૦૫.૦૪	૧૬.૬૨
૧૭	દેવળીયા	૧૫૮૦૫.૦૪	૧૬૦૦૫.૦૪	૧૬.૬૨
૧૮	ટીંબી	૧૬૬૦૩.૯૬	૧૬૮૦૩.૯૬	૧૭.૪૨

અમરેલી, ૫ માહે નવેમ્બર/ડીસેમ્બર, સને ૨૦૧૪.

અજયકુમાર,
કલેકટર, અમરેલી.

પરીશિષ્ટ-૧

જિલ્લો : અમરેલી

બારેજા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

અનુ	સંગ્રહ કેન્દ્ર	એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ		છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના ૧ લી.નો ભાવ
		ડેપો ડિલીવરી	ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ)	
૧	૨	૩	૪	૫
૧	અમરેલી	૧૫૭૮૯.૩૭	૧૫૯૮૯.૩૭	૧૬.૬૧
૨	ધારી	૧૬૧૩૪.૦૦	૧૬૩૩૪.૦૦	૧૬.૯૫
૩	સાવરકુંડલા	૧૫૮૭૫.૫૩	૧૬૦૭૫.૫૩	૧૬.૬૯
૪	લાઠી	૧૫૬૧૭.૦૬	૧૫૮૧૭.૦૬	૧૬.૪૩
૫	વડીયા	૧૬૧૯૬.૬૭	૧૬૩૯૬.૬૭	૧૭.૦૧
૬	રાજુલા	૧૬૧૧૦.૫૧	૧૬૩૧૦.૫૧	૧૬.૯૩
૭	બાબરા	૧૫૬૧૭.૦૬	૧૫૮૧૭.૦૬	૧૬.૪૩
૮	લીલીયા	૧૫૬૪૦.૫૫	૧૫૮૪૦.૫૫	૧૬.૪૬
૯	ખાંભા	૧૬૦૯૪.૮૪	૧૬૨૯૪.૮૪	૧૬.૯૧
૧૦	જાફરાબાદ	૧૬૬૫૮.૭૯	૧૬૮૫૮.૭૯	૧૭.૪૮
૧૧	વીજપડી	૧૬૦૭૧.૩૪	૧૬૨૭૧.૩૪	૧૬.૮૯
૧૨	દામનગર	૧૫૪૫૨.૫૭	૧૫૬૫૨.૫૭	૧૬.૨૭
૧૩	બગસરા	૧૬૦૪૭.૮૫	૧૬૨૪૭.૮૫	૧૬.૮૬
૧૪	ડુંગર	૧૬૨૨૮.૦૦	૧૬૪૨૮.૦૦	૧૭.૦૪
૧૫	ખંભાળા	૧૫૭૩૪.૫૪	૧૫૯૩૪.૫૪	૧૬.૫૫
૧૬	કલોરાણા	૧૫૮૧૨.૮૭	૧૬૦૧૨.૮૭	૧૬.૬૩
૧૭	દેવળીયા	૧૫૮૧૨.૮૭	૧૬૦૧૨.૮૭	૧૬.૬૩
૧૮	ટીંબી	૧૬૭૧૩.૬૧	૧૬૯૧૩.૬૧	૧૭.૫૩

અમરેલી, ૫ માહે નવેમ્બર/ડીસેમ્બર, સને ૨૦૧૪.

અજયકુમાર,
કલેકટર, અમરેલી.

પરીશિષ્ટ-૧

જિલ્લો : અમરેલી

જામનગર (ખાવડી) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

અનુ	સંગ્રહ કેન્દ્ર	એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ		છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના ૧ લી.નો ભાવ
		ડેપો ડિલીવરી	ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ)	
૧	૨	૩	૪	૫
૧	અમરેલી	૧૫૪૧૮.૨૦	૧૫૬૧૮.૨૦	૧૬.૨૪
૨	ધારી	૧૫૭૬૨.૮૪	૧૫૯૬૨.૮૪	૧૬.૫૮
૩	સાવરકુંડલા	૧૫૬૮૪.૫૧	૧૫૮૮૪.૫૧	૧૬.૫૦
૪	લાઠી	૧૫૩૧૬.૩૮	૧૫૫૧૬.૩૮	૧૬.૧૩
૫	વડીયા	૧૫૨૬૧.૫૫	૧૫૪૬૧.૫૫	૧૬.૦૮
૬	રાજુલા	૧૫૯૧૯.૪૯	૧૬૧૧૯.૪૯	૧૬.૭૪
૭	બાબરા	૧૫૧૫૯.૭૩	૧૫૩૫૯.૭૩	૧૫.૯૮
૮	લીલીયા	૧૫૫૫૯.૧૯	૧૫૭૫૯.૧૯	૧૬.૩૮
૯	ખાંભા	૧૫૯૦૩.૮૨	૧૬૧૦૩.૮૨	૧૬.૭૨
૧૦	જાફરાબાદ	૧૬૨૮૭.૬૨	૧૬૪૮૭.૬૨	૧૭.૧૦
૧૧	વીજપડી	૧૫૮૮૦.૩૩	૧૬૦૮૦.૩૩	૧૬.૭૦
૧૨	દામનગર	૧૫૪૩૩.૮૭	૧૫૬૩૩.૮૭	૧૬.૨૫
૧૩	બગસરા	૧૫૫૨૦.૦૩	૧૫૭૨૦.૦૩	૧૬.૩૪
૧૪	ડુંગર	૧૬૦૩૬.૯૮	૧૬૨૩૬.૯૮	૧૬.૮૫
૧૫	ખંભાળા	૧૫૨૭૭.૨૨	૧૫૪૭૭.૨૨	૧૬.૦૯
૧૬	કલોરાણા	૧૫૩૫૫.૫૪	૧૫૫૫૫.૫૪	૧૬.૧૭
૧૭	દેવળીયા	૧૫૩૫૫.૫૪	૧૫૫૫૫.૫૪	૧૬.૧૭
૧૮	ટીંબી	૧૬૪૨૦.૭૭	૧૬૬૨૦.૭૭	૧૭.૨૪

અમરેલી, ૫ માહે નવેમ્બર/ડીસેમ્બર, સને ૨૦૧૪.

અજયકુમાર,
કલેકટર, અમરેલી.

પરીશિષ્ટ-૧

જિલ્લો : અમરેલી

કંડલા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

અનુ	સંગ્રહ કેન્દ્ર	એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ		છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના ૧ લી.નો ભાવ
		ડેપો ડિલીવરી	ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ)	
૧	૨	૩	૪	૫
૧	અમરેલી	૧૫૯૬૩.૨૫	૧૬૧૬૩.૨૫	૧૬.૭૮
૨	ધારી	૧૬૨૯૬.૧૩	૧૬૪૯૬.૧૩	૧૭.૧૧
૩	સાવરકુંડલા	૧૬૨૯૨.૨૧	૧૬૪૯૨.૨૧	૧૭.૧૧
૪	લાઠી	૧૫૮૨૨.૨૬	૧૬૦૨૨.૨૬	૧૬.૬૪
૫	વડીયા	૧૫૯૬૩.૨૫	૧૬૧૬૩.૨૫	૧૬.૭૮
૬	રાજુલા	૧૬૫૯૭.૬૮	૧૬૭૯૭.૬૮	૧૭.૪૧
૭	બાબરા	૧૫૬૮૧.૨૭	૧૫૮૮૧.૨૭	૧૬.૫૦
૮	લીલીયા	૧૫૯૭૮.૯૧	૧૬૧૭૮.૯૧	૧૬.૮૦
૯	ખાંભા	૧૬૪૨૯.૨૮	૧૬૬૨૯.૨૮	૧૭.૨૫
૧૦	જાફરાબાદ	૧૬૭૬૨.૧૭	૧૬૯૬૨.૧૭	૧૭.૫૮
૧૧	વીજપડી	૧૬૪૭૨.૩૬	૧૬૬૭૨.૩૬	૧૭.૨૯
૧૨	દામનગર	૧૫૯૪૭.૫૮	૧૬૧૪૭.૫૮	૧૬.૭૬
૧૩	બગસરા	૧૬૨૧૩.૮૯	૧૬૪૧૩.૮૯	૧૭.૦૩
૧૪	ડુંગર	૧૬૬૯૧.૬૮	૧૬૮૯૧.૬૮	૧૭.૫૧
૧૫	ખંભાળા	૧૫૮૦૬.૬૦	૧૬૦૦૬.૬૦	૧૬.૬૨
૧૬	કલોરાણા	૧૫૭૯૮.૭૬	૧૫૯૯૮.૭૬	૧૬.૬૨
૧૭	દેવળીયા	૧૫૮૬૧.૪૨	૧૬૦૬૧.૪૨	૧૬.૬૮
૧૮	ટીંબી	૧૬૮૦૧.૩૩	૧૭૦૦૧.૩૩	૧૭.૬૨

અમરેલી, ૫ માહે નવેમ્બર/ડીસેમ્બર, સને ૨૦૧૪.

અજયકુમાર,
કલેકટર, અમરેલી.

પરીશિષ્ટ-૧

જિલ્લો : અમરેલી

દુમાડ (વડોદરા) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

અનુ	સંગ્રહ કેન્દ્ર	એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ		છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના ૧ લી.નો ભાવ
		ડેપો ડિલીવરી	ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ)	
૧	૨	૩	૪	૫
૧	અમરેલી	૧૫૯૪૬.૯૦	૧૬૧૪૬.૯૦	૧૬.૭૬
૨	ધારી	૧૬૨૯૧.૫૩	૧૬૪૯૧.૫૩	૧૭.૧૧

૧	૨	૩	૪	૫
૩	સાવરકુંડલા	૧૬૦૩૩.૦૬	૧૬૨૩૩.૦૬	૧૬.૮૫
૪	લાઠી	૧૫૭૭૪.૫૯	૧૫૯૭૪.૫૯	૧૬.૫૯
૫	વડીયા	૧૬૩૫૪.૨૦	૧૬૫૫૪.૨૦	૧૭.૧૭
૬	રાજુલા	૧૬૨૬૮.૦૪	૧૬૪૬૮.૦૪	૧૭.૦૯
૭	બાબરા	૧૫૭૭૪.૫૯	૧૫૯૭૪.૫૯	૧૬.૫૯
૮	લીલીયા	૧૫૭૯૮.૦૮	૧૫૯૯૮.૦૮	૧૬.૬૨
૯	ખાંભા	૧૬૨૫૨.૩૭	૧૬૪૫૨.૩૭	૧૭.૦૭
૧૦	જાફરાબાદ	૧૬૬૩૬.૧૭	૧૬૮૩૬.૧૭	૧૭.૪૫
૧૧	વીજપડી	૧૬૨૨૮.૮૭	૧૬૪૨૮.૮૭	૧૭.૦૫
૧૨	દામનગર	૧૫૬૧૦.૧૦	૧૫૮૧૦.૧૦	૧૬.૪૩
૧૩	બગસરા	૧૬૨૦૫.૩૮	૧૬૪૦૫.૩૮	૧૭.૦૨
૧૪	ડુંગર	૧૬૩૮૫.૫૩	૧૬૫૮૫.૫૩	૧૭.૨૦
૧૫	ખંભાળા	૧૫૮૯૨.૦૭	૧૬૦૯૨.૦૭	૧૬.૭૪
૧૬	કલોરાણા	૧૫૯૭૦.૪૦	૧૬૧૭૦.૪૦	૧૬.૭૯
૧૭	દેવળીયા	૧૫૯૭૦.૪૦	૧૬૧૭૦.૪૦	૧૬.૭૯
૧૮	ટીંબી	૧૬૭૬૯.૩૨	૧૬૯૬૯.૩૨	૧૭.૫૯

અમરેલી, ૫ માહે નવેમ્બર/ડીસેમ્બર, સને ૨૦૧૪.

અજયકુમાર,
કલેકટર, અમરેલી.

વંચાણે લીધા :

૧. આત્રેની કચેરીનો ૦૭-૦૬-૨૦૧૪નો હુકમ નં. પરવ/કેરોસીન ફાળવણી/વશી/જુન/૨૦૧૪

૨. ધી કેરોસીન (રીસ્ટીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩

૩. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગાંધીનગરનો તા. ૧૦-૦૫-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : કસન/૧૬૯૮/૧૦૮૬/બ.

૪. બોટાદ જિલ્લા કેરોસીન ડિલર્સ એશોસીએશનની તા. ૧૯-૦૮-૨૦૧૪, તા. ૧૭-૦૯-૨૦૧૪ અને તા. ૨૪-૧૧-૨૦૧૪ની રજુઆત.

૫. બોટાદ જિલ્લાની કેરોસીન પરિવહન દર નકિક કરવા માટેની જિલ્લા કક્ષાની સમિતિની તા. ૦૨-૧૨-૨૦૧૪ની બેઠકની કાર્યવાહી નોંધ.

હુકમ

નં. પરવ/વશી/૨૦૧૪.-વંચાણે લીધેલ અનુક્રમ નં. ૧ તા. ૦૭-૦૬-૨૦૧૪ના હુકમથી અત્રેના નવરચિત બોટાદ જિલ્લામાં જુન-૨૦૧૪ના માસમાં સરકારશ્રી તરફથી કેરોસીનની ફાળવણી કરવામાં આવતા, અત્રેથી કેરોસીનનાં પરિવહન દર અને ડોરસ્ટેપ ડીલીવરી દર નક્કી થયેલ ન હોય, અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી કલેકટરશ્રી ભાવનગરના તા. ૧૭-૦૧-૨૦૧૩ અને તા. ૦૮-૦૫-૨૦૧૩ના હુકમથી નિયત કરેલ દર મુજબ બોટાદ જિલ્લામાં કેરોસીનનું વિતરણ કરવા અંગેનો હુકમ કરવામાં આવેલ.

વંચાણે લીધેલ ક્રમ નં. ૪ થી બોટાદ જિલ્લા કેરોસીન ડિલર્સ એશોસીએશને તા. ૧૯-૦૮-૨૦૧૪, તા. ૧૭-૦૯-૨૦૧૪ અને તા. ૨૪-૧૧-૨૦૧૪ની અરજી આપી ડિઝલ તેમજ આનુસંગીક ખર્ચમાં વધારો થયેલ હોય, પ્રતિ કિ.મી./પ્રતિ કિ. લી. રૂા. ૬.૫૦/- પરિવહન દર મળવા માંગણી કરેલ છે. તેમજ ૦ થી ૨૦ કિ.મી. રૂા. ૪૦/-, ૨૧ થી ૪૦ કિ.મી. રૂા. ૪૫/- અને ૪૧ કિ.મી. થી ઉપરના રૂા. ૫૦/- ડોરસ્ટેપ ડીલીવરી દર આપવામાં આવે છે તેના બદલે અનુક્રમે રૂા. ૮૦/-, રૂા. ૮૫/- અને રૂા. ૯૦/- ડોરસ્ટેપ ડીલીવરી દર નક્કી કરી આપવા માંગણી કરેલ છે.

વંચાણે લીધેલ ક્રમ નં. ૩ ના ઠરાવથી ઉપસચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકબાબતોને વિભાગ, ગાંધીનગરે કેરોસીન તથા પરિવહન દર નક્કી કરવા માટે જિલ્લામાં જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની સમિતિ બોલાવી સમિતિમાં પરિવહન દર નક્કી કરવા જોગવાઈ થયેલ છે. જે મુજબ એશોસીએશનની માંગણી અન્વયે નિર્ણય કરવા સારૂ કેરોસીન પરિવહન દર નક્કી કરવા માટેની જિલ્લા કક્ષાની સમિતિની બેઠક તા. ૦૨-૧૨-૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ. કમિટિએ એશોસીએશનની રજુઆત ઉપર કાળજીપૂર્વક વિચારણા કરેલી. જેમાં કલેકટરશ્રી, ભાવનગરના તા. ૧૭-૦૧-૨૦૧૩ના હુકમથી નક્કી કરવામાં આવેલ ટ્રાન્સપોર્ટના ભાવો બાદ ડિઝલ, ઓઈલ, ટાયરટયુબ, વિમા પ્રિમીયમ, સર્વિસ ટેક્ષ, ડ્રાઈવર-કલીનરના પગાર ભથ્થાઓમાં થયેલ વધારો વિચારણામાં લેવામાં આવેલ. વળી કેરોસીન ડિલર્સએ કેરોસીનની ડિલીવરી વાજબી ભાવના દુકાનદાર કે છુટક વિક્રેતાના ધંધાના સ્થળ સુધી (ડોરસ્ટેપ ડિલીવરી) આપવાની પ્રથાનો ચૂસ્તપણે અમલ કરવાનો હોય વિગેરે બાબતો તથા અન્ય જિલ્લાના એટલે કે, અમરેલી, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ, જુનાગઢ જિલ્લાના કક્ષાની સમિતિની મળેલ બેઠકમાં સર્વાનુમતે કેરોસીન પરિવહન દર પ્રતિ કિ.મી./ પ્રતિ કિ.લી.ના રૂા. ૧-૫૦ પૈસાનો વધારો આપી રૂા. ૪-૩૦ પૈસા ઠરાવવાનું નક્કી કરવામાં આવેલ છે. તેમજ બોટાદ જિલ્લામાં સબસીડાઈઝડ કેરોસીનનો ડોરસ્ટેપ ડીલીવરીના દરમાં ફેરફાર ન કરતાં અગાઉ જે સ્બેલમાં દર નક્કિ થયેલ છે તે પ્રમાણે નીચે દર્શાવેલ સ્લેબ મુજબ હાલ યથાવત રાખવામાં આવે છે.

૦ થી ૨૦ કિ. મી.	૨૦ થી ૪૦ કિ. મી.	૪૧ કિ. મી. થી ઉપરના
રૂા. ૪૦/-	રૂા. ૪૫/-	રૂા. ૫૦/-

જે ધ્યાને લઈને બોટાદ જિલ્લાના દરેક તાલુકાઓના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ નવેસરથી મુકરર કરવાના થાય છે. તેમજ સદરહું ભાવોની અમલવારી તા. ૦૩-૧૨-૨૦૧૪થી ઠરાવવામાં આવે છે.

જે ધ્યાને લઈ હું, **વી. સી. વર્મા, આઈ.એ.એસ., કલેક્ટર, કલેકટર કચેરી, બોટાદ, બોટાદ જિલ્લો,** વંચાણમાં લીધેલ ક્રમ નં. ૨ ના ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩ થી મને મળેલ અધિકારની રૂઈએ દુમાડ (વડોદરા), કંડલા, અને વાડીનાર (જામનગર-ખાવડી) ડેપોથી તાલુકાના મુખ્ય મથકોના અંતરને ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનના છુટક ભાવો તાલુકાવાર આ સાથે એનેક્ષર-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા હુકમ કરૂ છું.

અત્રેના વંચાણે લીધેલ-૧ ના તા. ૦૭-૦૬-૨૦૧૪ના હુકમથી નક્કી કરવામાં આવેલ કેરોસીન પરિવહન દર આથી રદ કરવામાં આવે છે. પરન્તુ તા. ૦૭-૦૬-૨૦૧૪ના ઉકત હુકમ અન્વયે ડોરસ્ટેપ ડિલીવરી દર યથાવત રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તા. ૦૩-૧૨-૨૦૧૪ની અસરથી અમલ કરવાનો રહેશે. આ હુકમની જાણ મામલતદારશ્રીઓએ તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતા (વભદ), ફેરીયાઓને કરવી.

આ હુકમથી મુકરર કરેલ ભાવો કરતા વધુ ભાવો એજન્ટ, જથ્થાબંધ વિક્રેતા, વભદ/ફેરીયાઓ દ્વારા લેવામાં આવતા હોવાનું જણાશે તો તેમની સામે ધી કેરોસીન (ઉપયોગ પર નિયંત્રણ અને મહતમ કિંમત નક્કી કરવા બાબત) હુકમ-૧૯૯૩ની કલમ-૪(૧), ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ તથા જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ-૨૦૦૧ તથા ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (વ્યાજબી ભાવની દુકાનનું લાયસન્સ) હુકમ-૨૦૦૪ની જોગવાઈના ભંગ બદલ આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ની કલમ-૩નો ભંગ ગણી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

બોટાદ, ૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વી. સી. વર્મા,
કલેકટર,
બોટાદ જિલ્લો, બોટાદ.

INDEX

INDEX

ANNEXURE

Depo Name	Dumad	Kandala	Vadinar	Freight	Wholesalers		Retailers		Door Step Delivery Slab		
				Per K. M. Per K. L.	Central Govt. Commission	State Govt. other expensise	Central Govt. Commission	State Govt. other expensise	0 to 20	20.01 to 40	40.01>
Depot Rate	12822.00	12875.80	12822.00	4.3000	438.24	180.30	563.00	54.00	40.00	45.00	50.00

EFFECTIVE DATE 3-Dec.-14

Depo to Wholesaler Rate

DUMAD (IOCL)

CITY	KM	FRIGHT	DEPO	COMM	OTH	TOTAL	TOTAL	RET	EXT	TOTAL
	DUMAD	4.30	RATE	PERKL	EXP	PER KL.	200 LITER	COMM	CHARG	200 LITER
BOTAD	468	2012.40	12822.00	438.24	180.30	15452.94	3090.59	563.00	54.00	3213.99
GADHADA	522	2244.60	12822.00	438.24	180.30	15685.14	3137.03	563.00	54.00	3260.43
DAHSA	564	2425.20	12822.00	438.24	180.30	15865.74	3173.15	563.00	54.00	3296.55
RANPUR	527.2	2266.96	12822.00	438.24	180.30	15707.50	3141.50	563.00	54.00	3264.90
BARVALA	518	2227.40	12822.00	438.24	180.30	15667.94	3133.59	563.00	54.00	3256.99

KANDALA (BPCL)

CITY	KM	FRIGHT	DEPO	COMM	OTH	TOTAL	TOTAL	RET	EXT	TOTAL
	KANDALA	4.30	RATE	PERKL	EXP	PER KL.	200 LITER	COMM	CHARG	200 LITER
BOTAD	510	2193.00	12875.80	438.24	180.30	15687.34	3137.47	563.00	54.00	3260.37
GADHADA	564	2425.20	12875.80	438.24	180.30	15919.54	3183.91	563.00	54.00	3307.31
DAHSA	596	2562.80	12875.80	438.24	180.30	16057.14	3211.43	563.00	54.00	3334.83
RANPUR	569.2	2447.56	12875.80	438.24	180.30	15941.90	3188.38	563.00	54.00	3311.78
BARVALA	560	2408.00	12875.80	438.24	180.30	15902.34	3180.47	563.00	54.00	3303.87

VADINAR (HPCL)

CITY	KM	FRIGHT	DEPO	COMM	OTH	TOTAL	TOTAL	RET	EXT	TOTAL
	KHAVADI	4.30	RATE	PERKL	EXP	PER KL.	200 LITER	COMM	CHARG	200 LITER
BOTAD	500	2150.00	12822.00	438.24	180.30	15590.54	3118.11	563.00	54.00	3241.51
GADHADA	498	2141.40	12822.00	438.24	180.30	15581.94	3116.39	563.00	54.00	3239.79
DAHSA	458	1969.40	12822.00	438.24	180.30	15409.94	3081.99	563.00	54.00	3205.39
RANPUR	559.2	2404.56	12822.00	438.24	180.30	15845.10	3169.02	563.00	54.00	3292.42
BARVALA	550	2365.00	12822.00	438.24	180.30	15805.54	3161.11	563.00	54.00	3284.51

INDEX

Whole Sale to FPS Rate

DUMAD (IOCL)

CITY	Retail Rate Depot + 0.00 To > 20.00 Km			Retail Rate 20.01 To > 40.00 Km			Retail Rate 40.01 To > Km		
	Rate 200 Ltr.	Door Step Delivery Charges	Total	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total
BOTAD	3090.59	40.00	3130.59	3090.59	45.00	3135.59	3090.59	50.00	3140.59
GADHADA	3137.03	40.00	3177.03	3137.03	45.00	3182.03	3137.03	50.00	3187.03
DAHSA	3173.15	40.00	3213.15	3173.15	45.00	3218.15	3173.15	50.00	3223.15
RANPUR	3141.50	40.00	3181.50	3141.50	45.00	3186.50	3141.50	50.00	3191.50
BARVALA	3133.59	40.00	3173.59	3133.59	45.00	3178.59	3133.59	50.00	3183.59

KANDALA (BPCL)

CITY	Retail Rate Depot + 0.00 To > 20.00 Km			Retail Rate 20.01 To > 40.00 Km			Retail Rate 40.01 To > Km		
	Rate 200 Ltr.	Door Step Delivery Charges	Total	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total
BOTAD	3137.47	40.00	3177.47	3137.47	45.00	3182.47	3137.47	50.00	3187.47
GADHADA	3183.91	40.00	3223.91	3183.91	45.00	3228.91	3183.91	50.00	3233.91
DAHSA	3211.43	40.00	3251.43	3211.43	45.00	3256.43	3211.43	50.00	3261.43
RANPUR	3188.38	40.00	3228.38	3188.38	45.00	3233.38	3188.38	50.00	3238.38
BARVALA	3180.47	40.00	3220.47	3180.47	45.00	3225.47	3180.47	50.00	3230.47

VADINAR (HPCL)

CITY	Retail Rate Depot + 0.00 To > 20.00 Km			Retail Rate 20.01 To > 40.00 Km			Retail Rate 40.01 To > Km		
	Rate 200 Ltr.	Door Step Delivery Charges	Total	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total
BOTAD	3118.11	40.00	3158.11	3118.11	45.00	3163.11	3118.11	50.00	3168.11
GADHADA	3116.39	40.00	3156.39	3116.39	45.00	3161.39	3116.39	50.00	3166.39
DAHSA	3081.99	40.00	3121.99	3081.99	45.00	3126.99	3081.99	50.00	3131.99
RANPUR	3169.02	40.00	3209.02	3169.02	45.00	3214.02	3169.02	50.00	3219.02
BARVALA	3161.11	40.00	3201.11	3161.11	45.00	3206.11	3161.11	50.00	3211.11

INDEX

FPS to Card Holder Rate

DUMAD (IOCL)

CITY	Retail Rate Depot + 0.00 To > 20.00 Km				Retail Rate 20.01 To > 40.00 Km				Retail Rate 40.01 To > Km			
	Rate 200 Ltr.	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr
BOTAD	3213.99	40.00	3253.99	16.27	3213.99	45.00	3258.99	16.29	3213.99	50.00	3263.99	16.32
GADHADA	3260.43	40.00	3300.43	16.50	3260.43	45.00	3305.43	16.53	3260.43	50.00	3310.43	16.55
DAHSA	3296.55	40.00	3336.55	16.68	3296.55	45.00	3341.55	16.71	3296.55	50.00	3346.55	16.73
RANPUR	3264.90	40.00	3304.90	16.52	3264.90	45.00	3309.90	16.55	3264.90	50.00	3314.90	16.57
BARVALA	3256.99	40.00	3296.99	16.48	3256.99	45.00	3301.99	16.51	3256.99	50.00	3306.99	16.53

KANDALA (BPCL)

CITY	Retail Rate Depot + 0.00 To > 20.00 Km				Retail Rate 20.01 To > 40.00 Km				Retail Rate 40.01 To > Km			
	Rate 200 Ltr.	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr
BOTAD	3260.87	40.00	3300.87	16.50	3260.87	45.00	3305.87	16.53	3260.87	50.00	3310.87	16.55
GADHADA	3307.31	40.00	3347.31	16.74	3307.31	45.00	3352.31	16.76	3307.31	50.00	3357.31	16.79
DAHSA	3334.83	40.00	3374.83	16.87	3334.83	45.00	3379.83	16.90	3334.83	50.00	3384.83	16.92
RANPUR	3311.78	40.00	3351.78	16.76	3311.78	45.00	3356.78	16.78	3311.78	50.00	3361.78	16.81
BARVALA	3303.87	40.00	3343.87	16.72	3303.87	45.00	3348.87	16.74	3303.87	50.00	3358.87	16.77

VADINAR (HPCL)

CITY	Retail Rate Depot + 0.00 To > 20.00 Km				Retail Rate 20.01 To > 40.00 Km				Retail Rate 40.01 To > Km			
	Rate 200 Ltr.	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr	Rate-200 Ltr	Door Step Delivery Charges	Total	Rate 1 Ltr
BOTAD	3241.51	40.00	3281.51	16.41	3241.51	45.00	3286.51	16.43	3241.51	50.00	3291.51	16.46
GADHADA	3239.79	40.00	3279.79	16.40	3239.79	45.00	3284.79	16.42	3239.79	50.00	3289.79	16.45
DAHSA	3205.39	40.00	3245.39	16.23	3205.39	45.00	3250.39	16.25	3205.39	50.00	3255.39	16.28
RANPUR	3292.42	40.00	3332.42	16.66	3292.42	45.00	3337.42	16.69	3292.42	50.00	3342.42	16.71
BARVALA	3284.51	40.00	3324.51	16.62	3284.51	45.00	3329.51	16.65	3284.51	50.00	3334.51	16.67

V. C. Verma,
Collector,
Botad District,
Botad.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

નં. : ડીએમ/વશી/૧૮૯૩/૨૦૧૪.-બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક ઉપર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર કેબલ પ્રસ્થાપિત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે વિજ અકસ્માત બનાવો બનવા પામતાં હોય છે.

સબબ, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતાં કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, **વી. સી. વર્મા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** હુકમ કરું છું કે, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં.

આ જાહેરનામું તા.૦૫-૧૨-૨૦૧૪થી તા.૦૨-૦૨-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.ના સક્ષમ અધિકારીશ્રી, હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા જે તે તાલુકાના મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૫-૧૨-૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વી. સી. વાર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૫૨૦૫/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૪૧૪૨/૧૪, તા. ૧-૧૨-૨૦૧૪થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૮-૧૨-૨૦૧૪ના રોજથી તા. ૨૧-૧૨-૨૦૧૪ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૩, માહે ડીસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૩ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. : એમએજી/સી/૩૫૩૬/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/બોટ-વહાણ-ગુમ/જા.નામું/૭૨૭/૧૪, તા. ૨૬-૧૧-૨૦૧૪ના પત્રથી ગીર સોમનાથ જિલ્લાની દક્ષિણે વિશાળ અરબી સમુદ્ર આવેલ છે અને આ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર દરીયા કિનારે આવેલ છે. તેમજ વેરાવળ બંદર તથા નવા બંદર ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે તેમજ મોટાભાગની વસતી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયમ ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આમ, આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તેમાં આતંકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની ‘‘કુબેર’’ નામની બોટનું અપહરણ કરી આતંકી હુમલાને અંજામ આપેલ હોવાનુ જણાયેલ છે. જેથી વાતાવરણીય કારણોસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈ કારણોસર વહાણ/બોટ ગુમ થયા અંગેની તથા વહાણ/બોટ સાથેનો સંપર્ક ન થતો હોવા અંગેની જાણ કરવા અંગેની પ્રથા/નિયમો હોવા રાષ્ટ્રીય સુરક્ષાની બાબતે જરૂરી છે. તેમજ આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામાં જાય અને વાતાવરણીય કારણોસર/ચાંચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણોસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય, તેવા કિસ્સામાં વાહનના માલીક દ્વારા સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવા બાબતેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત બોટ દરીયામાં જાય અને વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત ૭(સાત) દિવસ સુધી સંપર્ક સાધવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય તો તે બાબતેની જાણ નજીકના પોલીસ સ્ટેશનને અને સબંધિત તમામ સરકારી એજન્સીને કરવી ફરજીયાત છે. તેમજ વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખ દરમ્યાન પરત ન આવે તો નીચે મુજબના પત્રકની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશન તથા સંબંધિત તમામ સરકારી એજન્સીને જાણ કરવાની રહેશે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીનઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ બહાર પાડયાની તારીખ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૨મી, માહે ડિસેમ્બર, સને-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. : એમએજી/સી/૩૫૩૨/વાહન લે-વેચ/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જાહેરનામું/વાહન/લે-વેચ/૭૨૫/૧૪, તા. ૨૬-૧૧-૨૦૧૪ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી કે ભાડે મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીષ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદનુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની અવશ્યપણે નિભાવણી કરવાની છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે, કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી(જાત), ઉંમર, સરનામું, કોન્ટેક નંબર	વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વી. જે. રાજપુત,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીરસોમનાથ જિલ્લો, વેરાવળ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૩૦૧૦૨/૨૦૧૪.-ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ બટ ખાતે ૦૩ ગુજરાત એર સ્કવોર્ડ બટાલીયન, એન.સી.સી. દ્વારા કેડેટસનેફાયરીંગ પ્રેકટીસ માટે આયોજન કરવામાં આવેલ છે. સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામુ બહાર પાડવા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૩૦૪૦/૧૪, તા.૦૨-૧૨-૨૦૧૪થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારીની રૂઈએ હું, **એન. સી. શાહ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી ફરમાવું છું કે, ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ બટ સ્થળ તથા તેની પરી ફેરીથી આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૪-૧૨-૨૦૧૪ થી તા. ૭-૧૨-૨૦૧૪ સુધી (બન્ને દિવસો સહિત) કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ ૩-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૪/વશી-૧૮૯૫૬ થી ૧૯૦૫૫.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૨-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૧૮૭/૧૪થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભાસરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૦૭-૧૨-૨૦૧૪ થી તારીખ ૨૧-૧૨-૨૦૧૪ સુધીની (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રોની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે તો, કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વી. કે. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

સંયુકત પોલીસ કમિશ્નર દ્વારા

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૯૮૮/૨૦૧૪.-રાજકોટ શહેરમાંભુતકાળમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભેના કારણો

અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ હતી. જેને અનુલક્ષીને હોસ્ટેલમાં રહેતા વિદ્યાથીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકોએ પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના હેતુસર **ડો. કે.એલ.એન. રાવ, (I.P.S.), સંયુકત પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૧૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય તે રીતે નાઈટ વીઝન સી.સી. ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) પેરા. નં.-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા ક્રમાંક-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ અધિકારી, મહેસુલી અધિકારી, એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૫-૧૨-૨૦૧૪ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૦૩ માહે ડિસેમ્બર-૨૦૧૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી./જાહેરનામું/૩૯૮૭/૨૦૧૪.-ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ હતું. તેમજ અગાઉ તા. ૨૬-૧૧-૨૦૦૮ના રોજ પણ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલ છે. જે બાબતે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ હતો. જેના કારણે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેંચનારા વેપારીઓ અને ખરીદનાર વ્યકિતની ઓળખ થઈ શકે અને આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય આમ સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, સુલેહ શાંતી, સલામતી અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે. જેથી હું, **ડો. કે.એલ.એન. રાવ, (I.P.S.), સંયુકત પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ

અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓ/હુકમનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું વેચાણ કરે ત્યારે તેણે સાયકલ, સ્કુટર, કે મોટર સાયકલનું ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

(૩) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ ખરીદનારનું પુરુ નામ, સરનામુ સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો તથા વેચાણ બીલમાં સાયકલનો ફ્રેમ નંબર, , સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૪) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

: અમલવારીનો સમય :

આ હુકમ તા. ૧૦-૧૨-૨૦૧૪ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૨-૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૦૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૯૮૬/૨૦૧૪.-ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ હતા. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવરજવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા હું, **ડો. કે.એલ.એન. રાવ, (I.P.S.), સંયુકત પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે, કોઈપણ વ્યકિત ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર

રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકી શકશે નહી તેમજ પ્રતિબંધીત કૃત્યમાં ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાત રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્યો કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦-૧૨-૨૦૧૪ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૨-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૧-૧૦-૨૦૧૪ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૪૬૯/૨૦૧૪.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૫૯૯/ખ-૪/૫૭૮/૮૨૫૦/૨૦૧૪.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી જુનાગઢ જિલ્લા સામુ. અને પીયત સંઘ લી., મુ. જુનાગઢ, તા. જુનાગઢ, જિલ્લો: જુનાગઢ કે જેનો નોંધણી નં. ૨૪૯૦, તા. ૦૨-૦૪-૧૯૯૧ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંળીના ફડચા અધિકારી તરીકે શ્રી ઓડીટર ગ્રેડ-૨, સ.મં., જુનાગઢની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૩ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૧-૧૦-૨૦૧૪ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૪૭૬/૨૦૧૪.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૫૯૭/ખ-૪/૫૭૬/૮૨૫૧/૨૦૧૪.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી સિધ્ધાર્થ અનુજાતિ ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. જુથળ, તા. માંગરોળ, જિલ્લો: જુનાગઢ કે જેનો નોંધણી નં. ૫૪૯૨, તા. ૧૫-૦૧-૨૦૦૪ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંળીના ફડચા અધિકારી તરીકે શ્રી સબ ઓડીટર, સ.મં., માણાવદરની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૩ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/ઉ.-૧૫૫૧૩/૯૦૨/૨૦૧૪.-આથી જાહેર કરે છે કે, શ્રી ગણેશ ફળ અને શાકભાજી ઉત્પા. અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વંથલી, તાલુકો : વંથલી, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૮ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ટી. સી. તીરથાણી
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/જ-૨/૭૬૧/નં. આરજેટી: સે.દુ.-૪૨૭૪૩/૧૪.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વેરાવળ ભડલી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વેરાવળ ભડલી, તાલુકો : વિછીંયા, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/જ-૨/૭૭૧/નં. આરજેટી: સે.દુ.-૪૨૭૪૫/૧૪.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સિંધાવદર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સિંધાવદર, તાલુકો : ગોંડલ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો

કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૬ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

પ્રતિક ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭/૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૨ થી મળેલ સત્તા સોંપણી.

(૩) મંડળીના અંતિમ આદેશ ક્રમાંકઃ ફડચ/ક-૪/૧૫૩૬૬/૫૮૩/૫૯૨/૨૦૧૪, તા.. ૧૯-૦૩-૧૪.

(૪) સહકારી અધિનિયમ (ફ-૨) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., જામનગરના તા. ૨૨-૪-૨૦૧૪ ના ક્રમાંકઃ ફડચ/ફ-૨/૩૭/૧૪.

(૫) કચેરીએ તા. ૨૧-૦૬-૨૦૧૪થી બહાર પાડેલ જાહેરનામા ક્રમાંકઃ ફડચ/ક-૪/૨૪૧ થી ૨૪૨/૧૪.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૨૬૦/૬૪૩૨/૨૦૧૪.-આથી હું, વિ. એમ. મહેતા, જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, રાજકોટ અમોને ઉકત વંચાણે લીધા આંક-૫ ના જાહેરનામાથી મને મળેલ સત્તાની રૂએ શ્રી જામનગર મ્યુનિસિપલ હરીજન સફાઈ કામદાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ.તા. જામનગર, જિ. જામનગર જે નોંધણી નંબર બી-૧૧૬, તા. ૧૯-૦૬-૧૯૫૬ની ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ થી તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમ-૧૦ મુજબ પુનઃજીવીત કરવા આદેશ કરૂં છું.

આ આદેશ અન્વયે એક વર્ષ બાદ મંડળીએ તેના ઉદેશ મુજબ કામગીરી કરેલ છે કે કેમ? તે અંગે સમીક્ષા કરવામાં આવશે. મંડળીએ દર ત્રણ માસે પ્રગતિનો અહેવાલ આ કચેરીએ અચુક મોકલવાનો રહેશે.

જામનગર, ૯ માહે જુલાઈ, સને ૨૦૧૪.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ,
રાજકોટ.

રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઔદ્યો) અને સંયુકત નિયામક (ટેક્ષ) કુટીર અને ગ્રામોદ્યોગ, ગુ.રા. ગાંધીનગર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિઉકે/રાજ/નધણ/૪૪૧-૨૮૮૬૫/૨૦૧૪.-મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી સં.ુકટ નિયામક (ટેક્ષ.) કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર જાહેર કરૂં છું, રાધે મહિલા હસ્તકલા સહકારી મંડળી લી., મુ. જસદણ, તા. જસદણ, જિ. રાજકોટ ને સને ૧૯૬૨ ના ગુજરાત સહકારી અધિનિયમ-૧૦ (ગુજરાત સહકારી મંડળીનો કાયદો-સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઉ-૧૩૧૪૭, તા. ૦૪-૧૨-૨૦૧૪ થી નોંધવામાં આવે છે.

રાજકોટ, ૫/૮ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સહ/નધણ/વશી/૬૪૫/૨૦૧૪.-શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી કિસાન પિયત સહકારી મંડળી લી., મુ. : રાયડી, તાલુકો : જામકંડોરણા, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજેટી/ખે-૧૦૦૧૨ છે.

રાજકોટ, ૧૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સહ/નધણ/વશી/૬૫૧/૨૦૧૪.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી બોઘરાવદર સેવા સહકારી મંડળી લી., મુ. : બોઘરાવદર, તાલુકો : જસદણ, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ સે-૪૦૩૬૭ છે.

રાજકોટ, ૧૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

એસ. જે. હાલારી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 15th JANUARY, 2015/PAUSHA 25, 1936 [No. 03

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	55-98
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	65-120
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal Civil Judge

Read : 1. General Addiministration Department, Sachivalaya, Gandhinagar, Notification No. GS-2014-35-JSR/102014/1339/GH, Dtd. 07-10-2014.

2. *Hon'ble High Court of Gujarat letters No. C. 2101/2015, dated 25-11-2014.*

NOTIFICATION

No. UHC/09/B/82/1437/2014.-In accordance with the provisions contained in Para 625, Chapter XXXI of Civil Manual, Volume-1, 1960, the Principal District and Sessions Judge, Amreli is pleased to notify the following Holidays to be observed in the **YEAR-2015.** The District Court, Amreli and all the subordinate Courts in the Judicial District of Amreli shall remain close on these days.

Sr. No.	Name of the Holiday	Date According to Gregorian Calender	Day
01.	Makar Sankranti	14th January, 2015	Wednesday
02.	Republic Day	26th January, 2015	Monday
03.	Maha Shivratri	17th February, 2015	Tuesday
04.	Holi 2nd Day [Dhuleti]	6th March, 2015	Friday
05.	Chetichand	21st March, 2015	Saturday
06.	Shree Ram Navmi	28th March, 2015	Saturday
07.	Mahavir Jayanti (Janma Kalyanak)	2nd April, 2015	Thursday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09.	Ramjan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni)	18th August, 2015	Saturday
10.	Independence Day	15th August, 2015	Saturday
11.	Parsi New Year Day-Pateti (Parsi Shahenshai)	18th August, 2015	Tuesday
12.	Raksha Bandhan	29th August, 2015	Saturday
13.	Janmashtami	05th September, 2015	Saturday
14.	Samanvantsari (Chaturth Paksha)	17th September, 2015	Thursday
15.	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
16.	Mahatma Gandhi's Birth day	2nd October, 2015	Friday
17.	Dusshera (Vijaya Dashmi)	22nd October, 2015	Thursday
18.	Muharram	24th October, 2015	Saturday
19.	Sardar Vallabhabhai Petel's Birth day	31st October, 2015	Saturday
20.	Additional Diwali Holiday (Extra)	9th November, 2015	Monday
21.	Additional Diwali Holiday (Extra)	10th November, 2015	Tuesday
22.	Diwali	11th November, 2015	Wednesday
23.	Vikram Samvant New year Day (Kartik Sud-1)	12th November, 2015	Thursday
24.	Bhai Bij	13th Novemer, 2015	Friday
25.	Additional Diwali Holiday (Extra)	16th November, 2015	Monday
26.	Guru Nanak's Birthday (Kartik Sud-15)	25th November, 2015	Wednesday
27.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th December, 2015	Thursday
28.	Christmas	25th December, 2015	Friday

Note :- (I) The Following days have not been notified as General Holiday as they falls on **Sunday.**

Sr. No.	Name of the Holiday	Date According to Gregorian Calender	Day
01	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015	Sunday

Note :- (II) If any of the Muslim Festival notified above, does not fall on the day notified, the Muslim Government Servants may be granted an Optional Holiday on the day which the Holiday is actually observed.

Note :- (III) In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of any two Optional Holidays on the festival occasions for the **Year-2015** at their option and irrespective of their religious denomination, out of the list of Optional Holidays declared for the **Year-2015** by the Government, vide Notification cited in the premble, permission for availment of these Optional Holidays should however, be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of the Government work, which should not be affected in any way whatsoever. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Amreli, 30th December, 2014.

V. C. Barot,
Principal District Judge,
Amreli.

NOTIFICATION

No. B/UHC/10/15765/2014.-In accordance with the provisions contained in Para 625, Chapter XXXI of Civil Manual, Volume-1, 1960, the Principal District Judge, Bhavnagar is pleased to notify the following Holidays to be observed **in the YEAR-2015.** The District Court, Bhavnagar and all the Subordinate Courts to it in the Judicial District of Bhavnagar District, shall remain close on these days.

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calender	Day
01.	Makar Sankranti	14th January, 2015	Wednesday
02.	Republic Day	26th January, 2015	Monday
03.	Maha Shivratri	17th February, 2015	Tuesday
04.	Holi 2nd Day-Dhlati	6th March, 2015	Friday
05.	Chetichand	21th March, 2015	Saturday
06.	Shree Ram Navmi	28th March, 2015	Saturday
07.	Mahavir Jayanti	2nd April, 2015	Tuesday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09.	Ramjan-Id (Id-Ul-Fitra)	18th July, 2015	Saturday
10.	Independence Day	15th August, 2015	Saturday
11.	Parsi New Year Day-Pateti (Parsi Shahenshai)	18th August, 2015	Tuesday
12.	Raksha Bandhan	29th August, 2015	Saturday
13.	Janmashtami	5th September, 2015	Saturday
14.	Samvantsari (Chaturthi Paksha)	17th September, 2015	Thursday
15.	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
16.	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
17.	Dusshera (Vijya Dashmi)	22nd October, 2015	Thursday
18.	Muharram	24th October, 2015	Saturday
19.	Sardar Vallabhabhai Petel's Birthday	31st October, 2015	Saturday
20.	Diwali (Extra)	9th November, 2015	Monday
21.	Diwali (Extra)	10th November, 2015	Tuesday
22.	Diwali	11th November, 2015	Wednesday
23.	Diwali New Year	12th November, 2015	Thursday
24.	Diwali Bhai Bij	13th Novemer, 2015	Friday
25.	Diwali -(Extra)	16th November, 2015	Monday
26.	Guru Nanak's Birthday	25th November, 2015	Wednesday
27.	Id-e-Milad-Un-Nabi	24th December, 2015	Thursday
28.	Christmas	25th December, 2015	Friday

Note :- (01) The Following days have not been notified as Public Holidays as they fall on **Sunday.**

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calendar
01	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015

(02) In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of any two Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list of Optional Holidays declared for the **Year-2015.** The permission for availment of those holidays, should however, be applied for in advance and will normally be granted by the Officer Competent to grant Casual Leave with due regards to exigencies of the Government work. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

(03) If any Muslim Festival notified above, does not fall on the day notified, the Muslim Government Servants who choose the particular holiday may be granted Optional Holiday on the day on which the festival actually falls, in Lieu of holiday on the day notified.

Bhavnagar, 16th December, 2014.

R. K. Desai,
Principal District Judge,
Bhavnagar.

Read : 1. *Hon'ble High Court of Gujarat letters No. C. 2103/2011, Dtd. 15-11-2011.*
2. *Hon'ble High Court of Gujarat letters No. C. 2103/2013, Dtd. 27-12-2012.*
3. *Hon'ble High Court of Gujarat letters No. C. 2101/2013, Dtd. 25-11-2014.*
4. GAD Notification No. GS-2014-35-PHD-102014/1339/GH Dtd. 07-10-2014.

NOTIFICATION

No. UHC/14/of 2014.-In accordance with Para 625, Chapter-XXXI of Civil Manual, Volume-I, 1960, the Principal District Judge, Rajkot is pleased to notify the following days as Holidays to be observed in the **YEAR-2015.** The District Court, **Rajkot** and all the Courts subordinate to it in the Judicial District of Rajkot shall remain closed on thesee days.

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calendar	Day
01.	Makar Sankranti	14th January, 2015	Wednesday
02.	Republic Day	26th January, 2015	Monday
03.	Maha Shivratri	17th February, 2015	Tuesday
04.	Holi 2nd Day-Dhlati	6th March, 2015	Friday
05.	Chetichand	21st March, 2015	Saturday
06.	Shree Ram Navmi	28th March, 2015	Saturday
07.	Mahavir Jayanti (Janma Kalyanak)	02nd April, 2015	Thursday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09.	Ramjan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni)	18th July, 2015	Saturday
10.	Independence Day	15th August, 2015	Saturday
11.	Parsi New Year Day-Pateti (Parsi Shahenshai)	18th August, 2015	Tuesday
12.	Raksha Bandhan	29th August, 2015	Saturday
13.	Janmashtami (Shravan Vad-8)	05th September, 2015	Saturday
14.	Samanvantsari (Chaturthi Paksha)	17th September, 2015	Thursday
15.	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calender	Day
16.	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
17.	Dusshera (Vijya Dashmi)	22nd October, 2015	Thursday
18.	Muharram	24th October, 2015	Saturday
19.	Sardar Vallabhabhai Petel's Birthday	31st October, 2015	Saturday
20.	Diwali	11th November, 2015	Wednesday
21.	Vikram Samvant New year Day	12th November, 2015	Thursday
22.	Bhai Bij	13th Novemer, 2015	Friday
23.	Guru Nanak;s Birthday	25th November, 2015	Wednesday
24.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th December, 2015	Thursday
25.	Christmas	25th December, 2015	Friday

Note :- (1) The Following days have not been notified as General Holidays as they fall on Sunday.

01.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015	Sunday

Note :- (2) If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Employees may be granted an Optional Holiday on the day on which the Holiday is actually observed.

Note :- (3) In addition to the Holidays notified above, Government Employees may avail of maximum of any two Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination. Permission for availment of these Optional holidays should however, be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of Government work. This leave of two days taken by Government Emmployees at their option on the festival of their choice will not be debited to their Casual Leave account.

Rajkot, 31st December, 2014.

I. B. Vaghela,
Principal District Judge,
Rajkot.

Read : 1. Notification No. GS/2014-35-JSR-102014-1339-GH dated 07th October, 2014 of General Administration Department, Gandhinagar.

2. Hon'ble High Court Letters No. C. 2103/2011, dated 15-11-2011.

3. Hon'ble High Court Letters No. C. 2103/2013, dated 27-12-2012.

4. Hon'ble High Court Letters No. C. 2101/2015, dated 25-11-2014.

NOTIFICATION

No. Adm/H.6/6554/2014.-In accordance with the provisions contained in Para 625 of Civil Manual, Volume-1, the undersigned is pleased to notify the following **HOLIDAYS** to be observed in the **YEAR-2015.** The District Court and all the Courts subordinate to it, in Surendranagar District shall remain close on these days:

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calender	Day
01	Makar Sankranti	14th January, 2015	Wednesday
02	Republic Day	26th January, 2015	Monday
03	Maha Shivratri	17th February, 2015	Tuesday
04	Holi 2nd Day-Dhuleti	6th March, 2015	Friday
05	Chetichand	21st March, 2015	Saturday
06	Shree Ram Navmi	28th March, 2015	Saturday

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calender	Day
07	Mahavir Jayanti (Janma Kalyanak)	2nd April, 2015	Thursday
08	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09	Ramzan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni)	18th August, 2015	Saturday
10	Independence Day	15th August, 2015	Saturday
11	Parsi New Year Day-Pateti (Parsi Shahenshai)	18th August, 2015	Tuesday
12.	Raksha Bandhan	29th August, 2015	Saturday
13	Janmashtami (Shravan Vad-8)	5th September, 2015	Saturday
14	Samanvantsari (Chaturth Paksha)	17th September, 2015	Thursday
15	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
16	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
17	Dusshera (Vijya Dashmi)	22nd October, 2015	Thursday
18	Muharram	24th October, 2015	Saturday
19	Sardar Vallabhabhai Petel's Birthday	31st October, 2015	Saturday
20	Diwali (Extra Holiday)	9th November, 2015	Monday
21	Diwali (Extra Holiday)	10th November, 2015	Tuesday
22	Diwali	11th November, 2015	Wednesday
23	Vikram Samvant New year Day (Kartik Sud-1)	12th November, 2015	Thursday
24	Bhai Bij	13th Novemer, 2015	Friday
25	Diwali (Extra Holiday)	16th November, 2015	Monday
26	Guru Nanak;s Birthday (Kartik Sud-15)	25th November, 2015	Wednesday
27	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th December, 2015	Thursday
28	Christmas	25th December, 2015	Friday

Note :- (1) The Following days have not been notified as General Holidays as they fall on Sunday.

01	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015	Sunday

2. In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of any two Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list of Optional Holidays declared by the Government. Permission for availment of these Optional Holidays should, however be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of the Court work which should not be affected in any way whatsoever. This leave for two days taken by Government Servants at their choice will not be debited to their Casual Leave account.

3. If any of Muslim Holidays notified above, does not fall on the day notified, the Muslim Government Servants may be granted Optional Holiday on the day which the Holiday is actually observed.

Surendranagar, 22nd December, 2014.

A. D. MOGAL,
Principal District Judge,
Surendranagar.

મુખ્ય જિલ્લા ન્યાયાધિશ દ્વારા
જાહેરનામું

નં. ઉહક./૧૪/૨૦૧૪.-સિવિલ મેન્યુઅલ, ભાગ-૧, ૧૯૬૦ના પારા-૬૨૫ અન્વયે, આથી મુખ્ય જિલ્લા ન્યાયાધિશ, રાજકોટ, સને ૨૦૧૫ની સાલ દરમિયાન નીચે જણાવેલ તહેવારોની રજા રાખવાનું જાહેર કરે છે તે અનુસાર રાજકોટ જિલ્લાની જિલ્લા ન્યાયાલય તથા તે નીચેની તમામ અદાલતો સદરહું દિવસોએ બંધ રહેશે.

INDEX

ક્રમાંક	જાહેર રજાનુ નામ	તારીખ	મહિનો	વર્ષ	વાર
૦૧	મકરસક્રાંતિ	૧૪મી	જાન્યુઆરી	૨૦૧૫	બુધવાર
૦૨	પ્રજાસતાક દિન	૧૫મી	જાન્યુઆરી	૨૦૧૫	સોમવાર
૦૩	મહાશિવ રાત્રી	૧૭મી	ફેબ્રુઆરી	૨૦૧૫	મંગળવાર
૦૪	હોળી-બીજો દિવસ-ધુળેટી	૬ઠ્ઠી	માર્ચ	૨૦૧૫	શુક્રવાર
૦૫	ચેટીચાંદ	૨૧મી	માર્ચ	૨૦૧૫	શનીવાર
૦૬	શ્રી રામ નવમી	૨૮મી	માર્ચ	૨૦૧૫	શનીવાર
૦૭	મહાવીર જયંતી (જન્મ કલ્યાણક)	૨ જી	એપ્રિલ	૨૦૧૫	ગુરૂવાર
૦૮	ડો. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન	૧૪મી	એપ્રિલ	૨૦૧૫	મંગળવાર
૦૯	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) (શવ્વાલ-૧ લો)(મુસ્લીમ શિયા અને સુન્ની)	૧૮મી	જુલાઈ	૨૦૧૫	શનીવાર
૧૦	સ્વાતંત્ર્ય દિન	૧૫મી	ઓગષ્ટ	૨૦૧૫	શનીવાર
૧૧	પારસી નૂતન વર્ષ દિન પતેતી (પારસી શહેનશાહી)	૧૮મી	ઓગષ્ટ	૨૦૧૫	મંગળવાર
૧૨	રક્ષાબંધન	૨૯મી	ઓગષ્ટ	૨૦૧૫	શનીવાર
૧૩	જન્માષ્ટમી (શ્રાવણ વદ આઠમ)	૫મી	સ્પટેમ્બર	૨૦૧૫	શનીવાર
૧૪	સંવત્સરી (ચતુર્થ પક્ષ)	૧૭મી	સ્પટેમ્બર	૨૦૧૫	ગુરૂવાર
૧૫	બકરી ઈદ	૨૫મી	સ્પટેમ્બર	૨૦૧૫	શુક્રવાર
૧૬	મહાત્મા ગાંધીનો જન્મદિન	૨ જી	ઓકટોબર	૨૦૧૫	શુક્રવાર
૧૭	દશેરા (વિજયા દશમી)	૨૨મી	ઓકટોબર	૨૦૧૫	ગુરૂવાર
૧૮	મહોરમ	૨૪મી	ઓકટોબર	૨૦૧૫	શનીવાર
૧૯	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	૩૧મી	ઓકટોબર	૨૦૧૫	શનીવાર
૨૦	દિવાળી	૧૧મી	નવેમ્બર	૨૦૧૫	બુધવાર
૨૧	નૂતન વર્ષ દિન/વિક્રમ સંવત, બેસતુ વર્ષ	૧૨મી	નવેમ્બર	૨૦૧૫	ગુરૂવાર
૨૨	ભાઈબીજ	૧૩મી	નવેમ્બર	૨૦૧૫	શુક્રવાર
૨૩	ગુરૂનાનક જયંતિ	૨૫મી	નવેમ્બર	૨૦૧૫	બુધવાર
૨૪	ઈદ-એ-મિલાદ-ઉન્નબી (મહમદ પયંગબર સાહેબનો જન્મદિન)	૨૪મી	ડીસેમ્બર	૨૦૧૫	ગુરૂવાર
૨૫	નાતાલ	૨૫મી	ડીસેમ્બર	૨૦૧૫	શુક્રવાર

નોંધ :- નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી સામાન્ય રજાનાં દિવસ તરીકે જાહેર કરેલ નથી.

૦૧	ઈદ-એ-મિલાદ-ઉન્નબી (મહમદ પયંગબર સાહેબનો જન્મદિન)	૪થી	જાન્યુઆરી	૨૦૧૫	રવિવાર

રાજકોટ,૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

આઈ. બી. વાઘેલા,
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
રાજકોટ.

કલેક્ટર દ્વારા

વંચાણે લીધાં :

(૧) આ કચેરીના તા. ૦૮-૦૮-૨૦૧૪ના હુકમ ક્રમાંક : પરવ/કસન/૧૮/૨૦૧૪.

૨. કેન્દ્ર સરકારશ્રીના તા. ૨૧-૧૦-૧૪ ના પત્ર ક્રમાંક : F. NO-P-20028/2/2000-PP (Vol. IV) (PI.) અન્વયે સરકારશ્રીના અન્ન અને નાગરીક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૧૧-૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૪/જીઓઆઈ-૬-બ.

હુકમ

નં. પરવ/કસન/વશી/૧૯૧૧/૧૪.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ ના આ કચેરીના હુકમથી વાડીનાર એસ્સાર ઓઈલ કાં. ટર્મીનલ ઉપરથી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારશ્રીના વંચાણ-૨ ના પત્રની સુચના અનુસંધાને અન્ન અને નાગરીક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૧૧-૨૦૧૪ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૪-જીઓઆઈ-૬-બ અન્વયે ફોર્મ-૧૫ ધરાવતાં જથ્થાબંધ ડીલર્સના કમીશનમાં તેમજ ફોર્મ-૧૫ ન ધરાવતાં જથ્થાબંધ ડીલર્સના કમીશનના દરમાં અનુક્રમે રૂા. ૯૭.૮૫ નો પ્રતિ કે.એલ. વધારો કરી આપવામાં આવેલ હોય, તે અનુક્રમે ૪૩૮.૨૪ પ્રતિ કે.એલ. માંથી વધારી ૫૩૬.૦૯ પ્રતિ કે.એલ. અને ૩૭૭.૭૩ પ્રતિ કે.એલ. માંથી વધારી ૪૭૫.૫૮ પ્રતિ કે.એલ. કમીશન આપવાનું થાય છે.

હોલસેલ ડીલરના કમીશનનો સુધારેલ દર તા. ૨૩-૧૦-૨૦૧૪ થી અમલમાં આવેલ છે ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકેસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩ ની કંડીકા-૨ ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સત્તાની રૂઈએ જામનગર જિલ્લાના જામનગર શહેર તથા દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કાં. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વ્યાજબી ભાવના દુકાનગાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ હુકમની તારીખથી અમલમાં આવશે.

દેવભૂમિદ્વારકા, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલો લીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ

ક્રમ	વિગત	ખંભાળીયા ૪૩ કી.મી.	ભાણવડ ૧૨૧ કી.મી.	કલ્યાણપુર ૧૬૧ કી.મી.	દ્વારકા ૨૧૩ કી.મી.
1	રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક)	43	121	161	213
2	એકસ કંપની ડેપો ભાવ	12822.00	12822.00	12822.00	12822.00
3	ટ્રાન્સ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૬૭૫.૬૫ પૈસા	810.78	810.78	810.78	810.78
4	ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) પ્રતિ કી.મી. ૧૦૦ કી.મી. ઉપર	0.00	83.37	242.17	448.61
5	ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના	350.00	350.00	350.00	350.00
6	ભાડાની રકમના (ક્રમ નં. ૩+૪ ની રકમ) ૨૫% રકમ ઉપર ૧૨.૩૬% લેખે લેવામાં આવતો સર્વીસ ટેક્ષ (૩.૦૬%)	35.87	38.44	43.35	49.73
7	એજન્ટ કમીશન. કેન્દ્ર-૪૩૮-૨૪+રાજ્ય- ૧૮૦.૩૦ (ભારત સરકારશ્રીના તા. ૨૮-૧૨-૨૦૧૨ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૨૮-૦૭-૨૦૧૪ ના હુકમ ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૪/૨૩/કે.એસ.એન./૧૦/૨૦૧૧/પીએસ-૨૧/બી)	716.39	716.39	716.39	716.39
8	જથ્થાબંધ ૧ કીલો લીટરનાં ભાવ	14735.04	14820.98	14984.69	15197.51
9	છુટક વિક્રેતા કમીશન+એકસ્ટ્રા ચાર્જ ૫૬૩-૦૦+ ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૨૮-૭-૧૪ ના ઠરાવ ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ મુજબ)	617.00	617.00	617.00	617.00
10	કુલ	15352.04	15437.98	15601.69	15814.51
11	૧ લીટરનો ભાવ	15.35	15.44	15.60	15.81
12	સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ.	15.35	15.45	15.60	15.80

દેવભુમિ દ્વારકા, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

INDEX

પરિશિષ્ટ-૧

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલો લીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ

આ કચેરીના તા. ૧૭-૧૨-૨૦૧૪ ના હુકમ ક્રમાંક : નાં. પરવ/કસન/૧૯૧૧/૨૦૧૪ સાથેનું પત્રક

ક્રમ	તાલુકાનું નામ	એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલો લીટરનો ભાવ રૂા. પૈસા	છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા
૧	ખંભાળીયા	૧૪૭૩૫.૦૪	૧૫.૩૫
૨	ભાણવડ	૧૪૮૨૦.૯૮	૧૫.૪૫
૩	કલ્યાણપુર	૧૪૯૮૪.૬૯	૧૫.૬૦
૪	દ્વારકા	૧૫૧૯૭.૫૧	૧૫.૮૦

નોંધ :- આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

એસ. કે. પંડયા
કલેકટર, દેવભૂમિ દ્વારકા.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/ટીટીઈ/૧૪૪/જાહેરનામું/૧૨/૧૪.-ગુજરાત રાજ્યના વિભાગ દ્વારા આગામી તારીખ ૨૦-૧૨-૨૦૧૪ ના રોજ આચાર્ય માટેની કસોટી (TAT-૨૦૧૪) ની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે.

જિલ્લામાં શિક્ષક યોગ્યતા કસોટીની પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ આસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાઓનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન પામે તે હેતુથી તથા પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના જિલ્લાના સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૨૦-૧૨-૨૦૧૪ના સવારે ૦૭:૦૦ કલાક થી ૧૭:૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો, કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલા કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગ કંડકટરશ્રીઓ, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓને

આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતએ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈ પણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

અનુસુચિ :

(૧) ઓલ્ફ્રેડ હાઈસ્કુલ, હમીરસર તળાવ પાસે, ભુજ.

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પરીક્ષા કેન્દ્રોની આસપાસ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૧૮-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૧૮ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/ટીટીઈ/૧૪૪/જાહેરનામું/૧૨/૧૪.-ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી તારીખ ૨૧-૧૨-૨૦૧૪ ના રોજ બિન સચિવાલય કલાર્કની ભરતી અંગે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે.

જિલ્લામાં બિન સચિવાલય કલાર્કની ભરતી અંગેની સ્પર્ધાત્મક પરીક્ષા, પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ આસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાઓનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન પામે તે હેતુથી તથા પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના જિલ્લાના સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૨૧-૧૨-૨૦૧૪ના સવારે ૦૭:૦૦ કલાક થી ૧૭:૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો, કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલા કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગ કંડકટરશ્રીઓ, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓને આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતએ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈ પણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

અનુસુચિ :

(૧) ઓલ્ફ્રેડ હાઈસ્કુલ, હમીરસર તળાવ પાસે, ભુજ.

(૨) ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, એસ.ટી. બસ સ્ટેશનની સામે, ભુજ

(૩) માતૃછાયા કન્યા વિદ્યાલય, માતૃછાયા માર્ગ, સંતોષીમાંના મંદિર પાસે, ભુજ

(૪) લેવા પટેલ કન્યા વિદ્યાલય, માતૃછાયા માર્ગ, સંતોષીમાંના મંદિર પાસે, ભુજ

(૫) સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, આર.ટી.ઓ. ઓફિસ સામે, ભુજ

(૬) મુસ્લિમ એજ્યુકેશન હાઈસ્કુલ, એરપોર્ટ રોડ, ભુજ

(૭) સ્વામીનારાયણ હાઈસ્કુલ, સંસ્કાર નગર, ભુજ

(૮) આર.ડી. વરસાણી હાઈસ્કુલ, લેવા પટેલ હોસ્પીટલ પાછળ, ભુજ

(૯) માં આશાપુરા હાઈસ્કુલ, મુંદરા રોડ, આર.ડી. વરસાણી હાઈસ્કુલ સામે, ભુજ

(૧૦) ચાણક્ય એકેડમી, યુનિવર્સીટી સામે, મુંદરા રોડ, ભુજ

(૧૧) એમ.એસ.વી. હાઈસ્કુલ, વથાણ ચોક, માધાપર, તા. ભુજ

(૧૨) વી.ડી. હાઈસ્કુલ, ઈંદ્રાબાઈ પાર્ક સામે, ભુજ

(૧૩) જૈનાચાર્ય અજરામરજી હાઈસ્કુલ, કે.ડી.સી.સી. બેંક સામે, હોસ્પીટલ રોડ, ભુજ

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પરીક્ષા કેન્દ્રોની આસપાસ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૧૮-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૧૮ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

હુકમ

નં. ડીએમડી/ડીસીએચ/૪૨૬૯/૧૪૪/૧૪.-ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલય આસીસ્ટન્ટ માટેની ભાગ-૧ની લેખિત પરીક્ષા તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ યોજવામાં આવનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, **નલિન ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર શહેરમાં પરીક્ષા માટે નક્કી કરાયેલા **પરિશિષ્ટ** મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ સવારના ૧૧-૩૦ થી બપોરના ૦૩-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી, તેમજ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન સાથે પ્રવેશ કરવો નહીં.

પરિશિષ્ટ-૧

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ
૧	એલ. જી. હરીયા હાઈસ્કુલ, યુનિટ-૧
૨	એલ. જી. હરીયા હાઈસ્કુલ, યુનિટ-૨
૩	શ્રી જેકુરબેન સોની કન્યા વિદ્યાલય
૪	ડી. એસ. ગોજીયા હાઈસ્કુલ
૫	પ્રણામી હાઈસ્કુલ
૬	શાસ્ત્રી ત્રંબકરાય હાઈસ્કુલ
૭	ડી. સી. સી. વિવિધલક્ષી હાઈસ્કુલ
૮	શ્રી વિભાજી હાઈસ્કુલ
૯	શ્રીમતિ જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય
૧૦	શ્રી શારદા મંદિર હાઈસ્કુલ
૧૧	શ્રી બ્રિલિયન્ટ હાઈસ્કુલ
૧૨	શ્રી સરદાર પટેલ વિદ્યાલય

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ
૧૩	માતુશ્રી એ. બી. વિરાણી કન્યા વિદ્યાલય
૧૪	શ્રી સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય
૧૫	શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કુલ

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવી.

આજ તા. ૨૫ માહે ડિસેમ્બર-૨૦૧૪ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

જામનગર, ૨૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

જાહેરનામું

નં. ડીએમડી/ડીસીએચ/૪૨૬૯/૩૭(૩)/૧૪.-ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલય ઓફીસ આસીસ્ટન્ટ માટેની ભાગ-૧ની લેખિત પરીક્ષા તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ યોજવામાં આવનાર છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યકિતને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવાનું વ્યાજબી જણાય છે. તેથી હું, **નલિન ઉપાધ્યાય, આઈ.એ.એચ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો,** જામનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા. ૦૪-૦૧-૨૦૧૫ ના રોજ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં સવારના ૧૧-૩૦ થી બપોરના ૦૩-૦૦ કલાક સુધી ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવુ નહીં અને એકઠા થવુ નહીં.

પરિશિષ્ટ-૧

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ
૧	એલ. જી. હરીયા હાઈસ્કુલ, યુનિટ-૧
૨	એલ. જી. હરીયા હાઈસ્કુલ, યુનિટ-૨
૩	શ્રી જેકુરબેન સોની કન્યા વિદ્યાલય
૪	ડી. એસ. ગોજીયા હાઈસ્કુલ
૫	પ્રણામી હાઈસ્કુલ
૬	શાસ્ત્રી ત્રંબકરાય હાઈસ્કુલ
૭	ડી. સી. સી. વિવિધલક્ષી હાઈસ્કુલ
૮	શ્રી વિભાજી હાઈસ્કુલ
૯	શ્રીમતિ જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય
૧૦	શ્રી શારદા મંદિર હાઈસ્કુલ
૧૧	શ્રી બ્રિલિયન્ટ હાઈસ્કુલ
૧૨	શ્રી સરદાર પટેલ વિદ્યાલય
૧૩	માતુશ્રી એ. બી. વિરાણી કન્યા વિદ્યાલય
૧૪	શ્રી સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય
૧૫	શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કુલ

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચે જણાવેલ કિસ્સામાં લાગુ પડશે નહીં.

(૧) સરકારની નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યક્તિને.

(૩) લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રાને.

(૫) પ્રમાણીત પરિક્ષાર્થીને.

(૬) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર) અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરવી. આ હુકમનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૨૫ માહે ડિસેમ્બર-૨૦૧૪ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

જામનગર, ૨૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

નલિન ઉપાધ્યાય,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જામનગર.

સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧) બી અને ૩૩(૬) હેઠળનું જાહેરનામું

પ્રાથમિક જાહેરનામું

નં. એમએજી/સી/૫૨૨૦/૨૦૧૪.-માંગરોળ શહેરનાં બહારકદટ વિસ્તારનાં શહેરીજનો તરફથી બહારકોટ થી ગાંધી ચોક તરફ જતો રસ્તો સાંકડો આવેલ હોય આ રસ્તાની બન્ને સાઈડ રહેણાંક વિસ્તાર આવેલ હોય અને આ રસ્તા પર નાના-મોટા વાહનોની અવર જવર ચાલુ રહેતી હોય તેમજ આ રસ્તા સાથે નાની શેરીઓ પણ જોડાયેલ હોય, આ સાંકડા રસ્તા પર માલ વાહક ટ્રકો/ટોરસ જેવા મોટા વાહનોની અવર-જવરથી ટ્રાફિક સમસ્યા સર્જાતી હોય આ રસ્તા પર મોટા ભારે વાહનોની અવર જવર પર પ્રવેશબંધી અમલમાં મુકવા રજુઆત થયેલ. તે રજુઆત પરત્વે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પાસે તપાસ કરાવતા તેઓના પત્ર નં. સીબી-૪/૧૩૯/જાહેરનામું/માંગરોળ/૮૪૭૩/૧૪, તા.૨૯-૦૪-૧૪ તથા પત્ર નં. સીબી-૧૩૯/માંગરોળ/જાહેરનામું/૨૧૩૦૫/૨૦૧૪, તા. ૦૨-૧૨-૨૦૧૪થી માંગરોળ ખાતે બહારકોટથી ગાંધી ચોક તરફ જવાના જાહેર રસ્તા પરથી સવારે કલાક ૦૯-૩૦ થી કલાક ૧૩-૦૦ અને સાંજના કલાક ૧૫-૦૦ થી કલાક ૧૮-૦૦ સુધી માલવાહક ટ્રકો/ટોરસ

જેવા મોટા વાહનોની અવરજવર બંધ કરવા માટે, ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી ની જોગવાઈ તળે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત અમોને વ્યાજબી જણાતી હોય, હું, આલોક કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) અને ૩૩(૬) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ માંગરોળ શહેરમાં બહારકોટ થી ગાંધી ચોક તરફ જતા પર માલવાહક ટ્રકો/ટોરસ જેવા મોટા વાહનો પસાર થવા પર સવારે કલાક ૦૯-૩૦ થી કલાક ૧૩-૦૦ અને સાંજના કલાક ૧૫-૦૦થી કલાક ૧૮-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવતો હુકમ કરવા વિચારણા કરૂં છું.

આ જાહેરનામુ ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે, પરંતુ તેમ કરતાં પહેલા જે કોઈ વ્યકિતને આ બાબતે કંઈ વાંધા કે સુચનો હોય, તેમણે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં નીચે સહી કરનારને તેમની કચેરીમાં મોકલવાના રહેશે. મુદત બાદ આવેલા વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે નહી. મુદતમાં મળેલ વાંધા સુચનોની પુરતી વિચારણા કર્યા બાદ આ પ્રાથમીક જાહેરનામું આખરી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જાહેરનામું આખરી થયે અને અમલમાં આવ્યેથી તેની અસર શરૂ થયે સદરહું જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખઃ ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ નાં રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

આલોક કુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

વિષય : જાહેર રસ્તા ઉપર બનાવવામાં આવતા અનધિકૃત/ગેરકાયદેરસ સ્પીડબ્રેકર (બમ્પ) તથા રસ્તાને થતું નુકશાન કરતા અટકાવવા બાબત.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/રોડ/જા.ના./ઈ.નં. ૫૨૫૯૫/૧૪.-રાજય સરકાર હસ્તકના જુદા-જુદા રાજય ધોરી માર્ગ તથા મુખ્ય જિલ્લા માર્ગ, ભાવનગર શહેરના તથા જિલ્લાના જુદા-જુદા નગરો/ગામો, શહેરમાંથી પસાર થતાં રસ્તાઓ ઉપર ગ્રામજનો દ્વારા પસાર થતાં રસ્તા પર રસ્તાની સપાટીને તોડી જાહેર રસ્તાને નુકશાન પહોંચાડવામાં આવે છે, તેમજ આવા માર્ગો ઉપર અનધિકૃત/ગેરકાયદેસર રીતે સ્પીડબ્રેકર (બમ્પ) બનાવવામાં આવે છે. જેના કારણે વાહન ચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી પડતી હોય છે. તેમજ આવા અનધિકૃત/ગેરકાયદેસર રીતે સ્પીડબ્રેકર (બમ્પ) ને કારણે ટ્રાફિકને લગતા પ્રશ્નો પણ ઉપસ્થિત થતાં હોય છે. જેથી ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલા જુદા-જુદા માર્ગો ઉપર રસ્તાની સપાટીને તોડી જાહેર રસ્તાને નુકશાન પહોંચાડવા તથા અનધિકૃત/ગેરકાયદેસર રીતે બનાવવામાં આવતા સ્પીડબ્રેકર (બમ્પ) અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી હું, **પી. કે. સોલંકી (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલા જુદા-જુદા માર્ગો ઉપર રસ્તાની સપાટીને તોડી જાહેર રસ્તાને નુકશાન પહોંચાડવા તથા અનધિકૃત/ગેરકાયદેસર રીતે બનાવવામાં આવતા સ્પીડબ્રેકર (બમ્પ) અટકાવવા ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૨૯-૧૨-૨૦૧૪ થી તા. ૨૬-૨-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), ભાવનગર, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), ભાવનગર તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રોડઝ વિભાગ, મહાનગરપાલિકા, ભાવનગરથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૦-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

પી. કે. સોલંકી,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામુ

નં. નાચિ/પલસ/વશી/૧૪૯૩૧ થી ૧૫૦૦૩/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૬-૧૨-૧૪ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૨૯૨૨/૨૦૧૪, ના પત્રથી પ્રર્વતમાન

પરિસ્થિતીને અનુંલક્ષીને વહેલી સવારમાં ટયુશન કલાસ શરૂ થાય છે અને મોડી રાતના બંધ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા માટે વહેલી સવારના/સાંજના ટયુશન કલાસમાં જતા આવતા હોય છે. જેની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારના ગુન્હા બનવાની શકયતાઓ નકારી શકાય તેમ ન હોય જેથી આ ગંભીર પ્રકારના બનાવો ન બને તે માટે તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની સલામતી જળવાઈ રહે અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે સમગ્ર અમરેલી જિલ્લામાં ટયુશન કલાસીસ-વ્યકિતગત ટયુશન કલાસીસ ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતસુર ભારતીય ફોજદારી કાયદા અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી રજુ થયેલ ઉકત દરખાસ્તમાં જણાવેલ કારણો વ્યાજબી જણાતા હોય, આથી હું, **પી. બી. ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લામાં ટયુશન કલાસીસમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા માટે વહેલી સવારના/સાંજના ટયુશન કલાસમાં જતા આવતા હોય છે. જેની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારના ગુન્હા બનવાની શકયતાઓ નકારી શકાય તેમ ન હોય જેથી આ ગંભીર પ્રકારના બનાવો ન બને તે માટે સમગ્ર અમરેલી જિલ્લામાં ટયુશન કલાસીસ સવારના કલાક ૦૮-૦૦ પહેલા તથા સાંજના કલાક ૦૬-૦૦ બાદ શૈક્ષણિક ટયુશન કલાસીસ-વ્યકિતગત ટયુશન કલાસીસ ચલાવવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમ તા. ૨૨-૧૨-૨૦૧૪ થી તા. ૧૯-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૨ ડીસેમ્બર, સને ૨૦૧૪નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

પી. બી. ઠાકર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૧૩ હેઠળનું

જાહેરનામું

નાં. ડીએમ/ડીસીએચ/૧૧૧૨/૧૪.-તા. ૧૪-૦૧-૨૦૧૫ ના રોજ મકર સંક્રાંતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવાર દરમ્યાન જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો ઉડાવવામાં આવતા હોય છે. આવા પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટીક સિંથેટીક મટીરીયલ, ટોક્ષીન મટીરીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમા ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ થાય છે. આવા દોરાના કારણે માણસો, પક્ષીઓ, પશુઓ ગંભીર રીતે ઘાયલ થતાં હોવાના અને મૃત્યુ પણ થતું હોવાના બનાવો બનવા પામતા હોય છે. આથી આવા દોરાઓથી માણસો અને પશુ-પક્ષીઓને થતી વિપરીત અસર નિવારી શકાય તે માટે યોગ્ય નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે. આવા દોરા ''નોન બાયોડીગ્રેડીબલ'' હોય છે. કાચા અંદાજ મુજબ ગુજરાત રાજ્યમાં મકરસંક્રાંતિના તહેવાર દરમ્યાન ૫૦ લાખ કીલો મીટરની લંબાઈ જેટલો દોરો વપરાય છે. તુટેલા અને વણવપરાયેલા દોરાઓ જમીન ઉપર પડી રહેતા હોય છે. જેના કારણે પાણીના નિકાલની ગટર પાઈપલાઈનો અને કુદરતી પાણીના વહેણ અવરોધાય છે. ગાયો અને અન્ય પ્રાણીઓના ચારામાં આવા પ્લાસ્ટિક દોરાઓ ભળી જતા હોય, પશુ મૃત્યુના બનાવો બનતા હોય છે. ક્યારેક પતંગના દોરાને કારણે વીજલાઈનમાં વિક્ષેપ ઉભા થાય છે. જેના કારણે શોટ-સર્કિટ થતાં ગંભીર ઈજાઓ અને માનવ મૃત્યુના બનાવો બનવા પામે છે. સામાન્ય રીતે પક્ષીઓ આકાશમાં સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન ઉડતા હોય છે. તેથી ખાસ કરીને આ સમયગાળા દરમ્યાન પતંગ ઉડાવવા ઉપર નિયંત્રણ મુકવું આવશ્યક જણાય છે. આ બાબતે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૨૨-૧૦-૨૦૧૪ના પત્રથી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ હેઠળ અત્રેને યોગ્ય પગલા લેવા સુચના મળેલ છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૧૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ હું, **ડી. કે. પારેખ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** આથી ફરમાવું છું કે, સમગ્ર જિલ્લામાં કોઈએ તા. ૧૨-૦૧-૨૦૧૫ થી તા. ૧૬-૦૧-૨૦૧૫ સુધી પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટિક, સિંથેટીક મટીરીયલ્સ, ટોક્ષીક મટારીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ ઉકત દિવસો દરમ્યાન કોઈએ સવારનાં ૬-૦૦ થી ૮-૦૦ અને સાંજના ૫-૦૦ થી ૭-૦૦ દરમિયાન પતંગ ઉડાવવા ઉપર મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ : ૧૨ માહે-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૧૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ડી. કે. પારેખ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૫૪૨૧/૨૦૧૪.-આસીસ્ટન્ટ કમાન્ડન્ટશ્રી, સી.આઈ.એસ.એફ. યુનિટ, દિવ એરપોર્ટએ તેઓના ફેક્સ પત્ર નં. PR-11028/CISF/ASG (DIU)/ARC/QM/2014-32761626, તા. ૧૮-૧૨-૨૦૧૪થી સી.આઈ.એસ.એફ. સ્ટાફ, દિવના ફાયરીંગ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે ફાયરીંગ પ્રેકટીસ માટે આગામી તા. ૨૯-૧૨-૨૦૧૪ થી તા. ૩૦-૧૨-૨૦૧૪ સુધી દિવસ-૨ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. આ સંદર્ભે નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર નં. સીબી-૩/એ/ફા.બ./ /૧૪, તા. ૧૮-૧૨-૨૦૧૪ થી ઉક્ત ફાયરીંગ બટની તેઓની ફાળવણી કરેલ છે. તે પત્રની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવરજવર ભયજનક જણાતાં હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૯-૧૨-૨૦૧૪ થી તા. ૩૦-૧૨-૨૦૧૪ દરમ્યાન સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૯-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આજ તા. ૨૦, માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

ક્રમાંક : એમએજી/સી/૫૪૧૮/૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસઓજી/શૈક્ષણીક સંસ્થા/સીસીટીવી/જાહેરનામું/૫૧૫/૧૪, તા. ૧૮-૧૨-૨૦૧૪ થી તાજેતરમાં જુનાગઢ જિલ્લાના વંથલી, માણાવદર તથા વિસાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ શૈક્ષણીક સંસ્થાની ઓફીસમાંથી ફી, પગાર વિ.ની રાખેલ મોટી રોકડ રકમ તથા મુદામાલની ચોરીના બનાવો બનેલ હોય, આવા ગુનાઓ બનતા અટકાવવા અને આવા ગુનાના આરોપીઓને શોધી કાઢવા માટે તેમજ ગુનેગારોની ઓળખ તાત્કાલીક મળે તે માટે અને ગુનેગારો વધુ ગુનાઓ કરતા અટકે તે માટે જિલ્લામાં આવેલ તમામ શૈક્ષણીક સંસ્થાઓ, સ્કુલો, કોલેજોના સંચાલકો, શૈક્ષણીક સ્કુલની ઓફીસ તથા તેની આજુબાજુની જગ્યાએ આવરી લેવામા આવે તે રીતે તથા એન્ટ્રી એકઝીટના રસ્તા તથા સંસ્થાના મકાનની આવક જાવકવાળી લોબીમાં સી.સી.ટી.વી. કેમેરા ૧૫ દિવસ સુધી ડેટા બેઝ જાળવી રાખે, તેવા સી.સી.ટી.વી. કેમેરાઓ મુકવા દરખાસ્ત રજુ થયેલ છે.

જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ શૈક્ષણીક સંકુલમાં આવી પ્રવૃતિ અટકાવી શકાય, શૈક્ષણીક સંકુલોમાં જાનમાલની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુના કરતા ગુનેગારની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, હું, **સંજય મોદી, જી.એસ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેની જોગવાઈ મુજબ જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શૈક્ષણીક સંસ્થાઓ, સ્કુલો, કોલેજાની ઓફીસ તથા તેવી ઓફીસમાં કે જયાં વિદ્યાર્થીઓની ફી તથા સંસ્થાની રોકડ રકમ કે કીંમતી સામાન રાખવામાં આવતો હોય, તેવી ઓફીસ તથા તેની આજુબાજુની જગ્યાને આવરી લેવામાં આવે તે રીતે તથા એન્ટ્રી એકઝીટના રસ્તા તથા સંસ્થાના મકાનની આવક જાવકવાળી લોબીમાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈડેફીનેશન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ જાળવી રાખે તેવા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા તથા કેમેરા ડી.વી.આર. સીસ્ટમ અલગથી અન્ય સલામત જગ્યાએ લોકરમાં રાખવાની ફરજીયાત વ્યવસ્થા કરવા આથી હુકમ કરવામાં આવે છે. આ હુકમની અમલવરી ચુસ્તપણે કરવાની રહેશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ દ્વારા આ હુકમ જુનાગઢ જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને, લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનીક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમ તા. ૨૧-૧૨-૨૦૧૪ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૨૦ માહે ડીસેમ્બર, સને-૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/દાતાર/૫૩૯૦/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૧૬-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જાહેરનામું/૪૨૯૭/૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ થી તા. ૦૪-૦૧-૨૦૧૫ સુધી જુનાગઢ શહેર ખાતે આવેલ ઉપલા-નીચલા દાતારની જગ્યામાં ઉર્ષનો તહેવાર ઉજવવામાં આવનાર છે, જેમા બહોળા પ્રમાણમાં હિન્દુ તથા મુસ્લીમ લોકો ભાગ લે છે. છેલ્લા ઘણા સમયથી ઉપલા દાતારની જગ્યામાં મુંજાવરની નિમણુંકના પ્રશ્ને હિન્દુ તથા મુસ્લીમ કોમ વચ્ચે વિવાદ ચાલતો હોય જેથી પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ઉર્ષ દરમ્યાન કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે વિલીંગ્ડન ડેમથી ઉપલા દાતારની જગ્યા સુધીનું સીઆરપીસી ૧૪૪ મુજબનું જાહેરનામું તા. ૩૧-૧૨-૨૦૧૪ થી ૦૪-૦૧-૨૦૧૫ સુધીનું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થયેલ ઉપરોકત દરખાસ્ત અમોને વ્યાજબી જણાયેલ છે.

સબબ હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ તા. ૩૧-૧-૨૦૧૪ના રોજ ૦૦-૦૦ (શુન્ય) કલાકથી તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ ૨૪-૦૦ (ચોવીસ) કલાક સુધી ઉપલા દાતાર તરફ જતા તમામ માર્ગો, પગદંડીઓ અને પગથીયા સહિત, ઉપલા દાતાર પર જવા સારૂ ઉપલા દાતારના સમગ્ર ડુંગર વિસ્તારમાં વીલીંગ્ડન ડેમ સાઈટ અને જાહેર ઉધાન સિવાય, નીચે દર્શાવેલા અપવાદ સિવાય કોઈપણ વ્યક્તિને પ્રવેશબંધી ફરમાવું છું, એટલે કે ઉપરોક્ત વિસ્તારની અંદર કોઈ વ્યક્તિએ નીચે મુજબના અપવાદ અન્વયે અધિકૃત રીતે મેળવેલ લેખિત પરવાનગી સિવાય દાખલ થવુ નહીં, હરવું-ફરવું નહી અને પરવાનગી વગર એ વિસ્તારનો બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહીં કે આ વિસ્તારમાં કોઈ ફેરફાર કરવો નહીં.

(૧) તારીખઃ ૩૧-૧૨-૨૦૧૪ના રોજ ૦૦-૦૦ (શુન્ય) કલાકથી તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ ૨૪-૦૦ (ચોવીસ) કલાક સુધી ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં જવા સારૂ ફરજ પરના એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢની પરમીટ મેળવીને જનાર અને પરમીટની શરતો મુજબ વર્તનાર વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૨) આ અંગેની આપવામાં આવેલ પરમીટમાં જણાવેલ તારીખો અને કલાકો દરમ્યાનમાં ઉપલા દાતાર જનાર દર્શનાર્થી દર્શન કરી ઉપલા દાતારથી નીચે ઉતરી આવવાનું રહેશે.

(૩) અધિકૃત રીતે ફરજ પર રહેલા સરકારી કર્મચારી/ અધિકારીશ્રીઓ તથા બંદોબસ્તના ફરજ પરના કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજરોજ તારીખ : ૨૦ ડિસેમ્બર-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડ્યો.

જુનાગઢ, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩નની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/દાતાર/૫૩૮૯/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૧૬-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંક : સી/ એલઆઈબી/ જાહેરનામું/૪૩૦૦/૨૦૧૪ થી એવી દરખાસ્ત થયેલ છે કે, તા. ૩૧-૧૨-૨૦૧૪ થી તા. ૦૪-૦૧-૨૦૧૫ સુધી જુનાગઢ શહેર ખાતે આવેલ ઉપલા-નીચલા દાતારની જગ્યામાં ઉર્ષનો તહેવાર ઉજવવામાં આવનાર છે જેમા બહોળા પ્રમાણમાં હિન્દુ તથા મુસ્લીમ લોકો ભાગ લે છે. છેલ્લા ઘણા સમયથી ઉપલા દાતારની જગ્યામાં મુંજાવરની નિમણુંકના પ્રશ્ને હિન્દુ તથા મુસ્લીમ કોમ વચ્ચે વિવાદ ચાલતો હોય, જેથી પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ઉર્ષ દરમ્યાન કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે દાતાર ઉર્ષ દરમ્યાન ઉપલા દાતાર ખાતે જવા માટેની સીડીના પ્રથમ પગથીયાથી ઉપલા દાતાર સુધી વીડીયોગ્રાફી/ફોટોગ્રાફી કરવાની સી.આર.પી.સી.-૧૪૪ મુજબનું મનાઈ ફરમાવતું જાહેરનામું તા. તા. ૩૧-૧૨-૨૦૧૪ થી તા. ૦૪-૦૧-૨૦૧૫ સુધીનું પ્રસિધ્ધ કરવું.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થયેલ ઉપરોક્ત દરખાસ્ત અમોને વ્યાજબી જણાયેલ છે.

સબબ હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની

કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ તા. ૩૧-૧૨-૨૦૧૪ થી તા. ૦૪-૦૧-૨૦૧૫ (બન્ને દિવસ સહીત) સુધી ઉપલા દાતાર ખાતે જવા માટે સીડીના પ્રથમ પગથીયાથી ઉપલા દાતાર સુધી વીડીયોગ્રાફી/ફોટોગ્રાફી કરવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજરોજ તારીખ : ૨૦ ડિસેમ્બર-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડ્યો.

જુનાગઢ, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૫૩૫૭/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૪૨૬૫/૧૪, તા. ૧૩-૧૨-૨૦૧૪થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શકયતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) આ સમય દરમ્યાન નાતાલ-ઈદે મિલાદ જેવા તહેવાર આવનાર હોય, જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૩-૧૨-૨૦૧૪ના રોજથી તા. ૦૫-૦૧-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૯, માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૫૩૫૮/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૪૨૬૬/૨૦૧૪, તા. ૧૩-૧૨-૨૦૧૪ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આ સમયગાળા દરમ્યાન નાતાલ-ઈદે મિલાદ જેવા તહેવાર આવે છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે

હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૧૨-૨૦૧૪ થી તા. ૧૮-૦૧-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૯, માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળનું

જાહેરનામું

નાં. એમએજી/સી/૩૭૨૧/૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર નં. સી/એલ.આઈ.બી./પતંગ મહોત્સવ/જાહેરનામુ/૨૭૨૪/૨૦૧૪, તા. ૧૦-૧૨-૨૦૧૪ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આગામી જાન્યુઆરી-૨૦૧૫ ના માસમાં પતંગ મહોત્સવ ઉજવવામાં આવનાર હોવાથી લોકો દ્વારા પતંગો ઉડાડવામાં આવે છે. જેમા પતંગ ઉડાડતી વખતે એકબીજાની પતંગોને પેચ આપી પતંગો કાપવા માટે સીન્થેટીક મટીરીયલ્સથી કૃત્રિમ રીતે બનાવેલ મજબુત પ્લાસ્ટીકના દોરાનો ઉપયોગ કરવામા આવે છે. આવા દોરાઓના વપરાશના કારણે વિવિધ પ્રકારની સમસ્યાઓ ઉત્પન્ન થતી હોવાથી નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

(૧) સીન્થેટીક મટીરીયલ્સ/પ્લાસ્ટીક/ચાઈનીઝ (કૃત્રિમ રીતે બનાવેલ)ના ઘાતક દોરાના ઉપયોગથી માનવ, પ્રાણી તથા પક્ષીઓને ઈજા અથવા મોતના બનાવો અગાઉના પતંગ મહોત્સવ દરમ્યાન બનેલા છે. જેથી આવા પ્રકારના ઘાતક દારોઓના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવો.

(૨) આવા દોરાના હોલસેલના વેપારીઓને સ્ટોક રાખવા/વેંચાણ કરવા અટકાવવા.

(૩) આ તહેવાર દરમ્યાન દરરોજ કલાક ૦૬:૦૦ થી ૦૮:૦૦ તથા કલાક ૧૭:૦૦ થી ૧૯:૦૦ સુધી પક્ષીઓ મોટા પ્રમાણમા આકાશમા વિહરતા હોવાથી તેને ઈજા કે તેમુનું મોત ન થાય તે માટે કોઈપણ પ્રકારની પતંગ ઉડાડવામાં પ્રતિબંધ ફરમાવવો.

(૪) સીન્થેટીક મટીરીયલ્સ/પ્લાસ્ટીક/ચાઈનીઝ (કૃત્રિમ રીતે બનાવેલ) ના ઘાતક દોરા દરેક જગ્યાએ વિજળીના તારને

સ્પર્શ થવાથી વિજફોલ્ટ, વિજવાયર કપાવવાના અને જીવંત વિજવાયર માનવ, પ્રાણી કે અન્ય જીવ પર પડવાથી ઈજા કે મોતની નુકશાની અટકાવવા સારૂ આવા પ્રકારના ઘાતક દોરાઓના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવો.

(૫) સીન્થેટીક મટીરીયલ્સ/પ્લાસ્ટીક/ચાઈનીઝ (કૃત્રિમ રીતે બનાવેલ) ના ઘાતક દોરા નાશકારક ન હોય, જેથી જમીની ફળદ્રુપતા, પાણી અને વાતાવરણને થતા નુકશાન અટકાવવા માટે આવા પ્રકારના ઘાતક દોરાઓના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવો.

જાહેર આરોગ્યની જાળવણી અને લોકોના તથા પશુ-પક્ષીના જાનમાલની સલામતી માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, હું, વી. જે. રાજપુત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમા ઉપર મુજબના ક્રમ નં.-૧ થી ૫ ના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું. આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામા લાગુ પડશે.

આજ તારીખઃ ૧૯-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી કરી/સિક્કો કર્યો.

ગીર સોમનાથ, ૧૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વી. જે. રાજપુત,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૫૩૩૯૮/૨૦૧૪.-આગામી જાન્યુઆરી-૨૦૧૫નાં માસ દરમ્યાન તા. ૧-૧-૨૦૧૫નાં રોજ ખ્રિસ્તી નવુ વર્ષ, તા. ૪-૧-૨૦૧૫નાં રોજ ઈદે મિલાદ, તા. ૯-૧-૨૦૧૫નાં રોજ શ્રી બજરંગદાસ બાપા પૂણ્યતિથિ (બગદાણા), તા. ૧૧-૧-૨૦૧૫ના રોજ લાલબહાદુર શાસ્ત્રીજી પૂણ્યતિથિ, તા. ૧૪-૧-૨૦૧૫નાં રોજ મકર સંક્રાતિ (પતંગોત્સવ), તા. ૨૩-૧-૨૦૧૫નાં રોજ સુભાષચંદ્ર બોજ જયંતિ, તા. ૨૪-૧-૨૦૧૫નાં રોજ વસંત પંચમી, તા. ૨૫-૧-૨૦૧૫નાં રોજ બ્રહ્મસમાજ દિન, તા. ૨૬-૧-૨૦૧૫નાં રોજ પ્રજાસતાક દિન, તા. ૩૦-૧-૨૦૧૫નાં રોજ ગાંધીનિર્વાણ દિન વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **એમ. એ. સૈયદ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૩૦-૧-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :-

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૪-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૨૪ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૫૨૯૨૫/૧૪.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૨૨-૧૨-૨૦૧૪ થી તા. ૨૦-૦૧-૨૦૧૫ સુધી ભાવનગર જિલ્લાના પોલીસ કર્મચારીઓનું વાર્ષિક ફાયરીંગનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨—૧૯—૫૩ આરે માં આવેલ છે તે સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જરૂરી જાહેરનામું બહા પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. ૬૫/સીબી-૫/૬૦૨૯/૨૦૧૪, તા. ૨૦-૧૨-૨૦૧૪થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારીની રૂઈએ હું, એમ. એ. સૈયદ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ ૨—૧૯—૫૩ આરે આવેલ છે તે સ્થળ તથા તેની પેરીફેરીથી આજુબાજુ ૧૦૦ મીટરસુધીના વિસ્તારમાં આગામી તા. ૨૨-૧૨-૨૦૧૪ થી તા. ૨૦-૦૧-૨૦૧૫ સુધી કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૦-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

એમ. એ. સૈયદ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૨૦૧૦/૨૦૧૪.-બોટાદ જિલ્લામાં ડીસેમ્બર/જાન્યુઆરી-૨૦૧૪ ના માસ દરમ્યાન તા. ૨૫-૧૨-૨૦૧૪ ના રોજ નાતાલ/ક્રિસમસની ઉજવણી થતી હોય તેમજ તા. ૩૧-૧૨-૨૦૧૪ તથા ૦૧-૦૧-૨૦૧૫ ના રોજ ન્યુ યરની ઉજવણી થતી હોય તથા તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ ઈદ-એ-મિલાદની ઉજવણી થનાર હોય તેમજ હાલની પરિસ્થિતી અનુસાર કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિ હિંસામાં ઉપયોગી થાઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. જી. જાડેજા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૦-૧૨-૨૦૧૪ થી તા. ૦૮-૦૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ પ્રાણઘાતક હથિયારો સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકુતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :-

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

“જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.”

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૦-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યા.

બોટાદ, ૧૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

જાહેરનામું

નં.ડીએમ/વશી/૨૦૦૯/૨૦૧૪.-આગામી તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવારનાં રોજ બોટાદ શહેર ખાતે ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત બિન સચિવાલય કલાર્કની ભરતી માટે પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્ન પત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, આર. જી. જાડેજા, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી બપોરના ૧૫.૦૦ કલાક દરમિયાન નીચેની અનુસૂચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

ક્રમ	કેન્દ્રનું નામ	ગામ/ શહેર
૧	સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ખસ રોડ, બોટાદ	બોટાદ
૨	સરકારી હાઈસ્કુલ, સ્ટેશન રોડ, બોટાદ	બોટાદ
૩	શ્રી આર.પી. કોરડીયા વિદ્યાલય, પથિકાશ્રમ પાસે, બોટાદ	બોટાદ
૪	શિવધારા વિદ્યાલય, નારાયણ નગર-૧, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૫	વિ.એમ. સાકરીયા મહીલા કોલેજ, ગોકુલ મેડીકલ પાસે, બોટાદ	બોટાદ
૬	શ્રીમતિ એલ.જે. કન્યા વિદ્યાલય, ગોકુલ મેડીકલ પાસે, બોટાદ	બોટાદ
૭	સમાંતર સ્વાયત્ત માધ્યમિક શાળા, ગોકુલ મેડીકલ પાસે, બોટાદ	બોટાદ

ક્રમ	કેન્દ્રનું નામ	ગામ/ શહેર
૮	શ્રી આર.સી.એ.બોયઝ હાઈસ્કુલ, હવેલી પાછળ, બોટાદ	બોટાદ
૯	અક્ષર પુરરૂષોત્તમ હાઈસ્કુલ, પટેલ એજયુ. વડોદરીયા હોસ્પિટલ પાસે, બોટાદ	બોટાદ
૧૦	સંસ્કાર માધ્યમિક શાળા, બોટાદ	બોટાદ
૧૧	એમ.ડી.શાહ, વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૨	પી.વી.દોશી, વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૩	કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૪	આદર્શ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળા, ત્રિકોણીય ખોડીયાર પાસે, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૫	જે.એન. બગડીયા માધ્યમિક શાળા, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૬	શ્રી દક્ષિણામુર્તિ વિદ્યાલય, તરધરા, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૭	સંતરામ એજયુ.ટ્રસ્ટ સંચાલિત કે.આર. રાજયગુરૂ માધ્યમિક શાળા, ગઢડા રોડ, બોટાદ	બોટાદ
૧૮	શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રી હાઈસ્કુલ, મંગલપરા, ગઢડા રોડ બોટાદ	બોટાદ
૧૯	શ્રી સહજાનંદ ગુરૂકુળ, ગઢડા રોડ, બોટાદ	બોટાદ

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૧૭-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

આર. જી. જાડેજા,
અદિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૪/વશી/ ૧૯૨૪૨ થી ૧૯૩૪૧.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે, તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૨-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૨૧૫/૧૪થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, વિ. એમ. મહેતા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૨૪-૧૨-૨૦૧૪ થી તારીખ : ૦૭-૦૧-૨૦૧૫ સુધી (બંને તારીખ સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિ નો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની નહી, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૪/વશી-૧૯૩૪૨ થી ૧૯૪૪૨.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૨-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૨૫૬/૧૪થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૨૪-૧૨-૨૦૧૪ થી તારીખ : ૦૭-૦૧-૨૦૧૫ સુધીની (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડાને, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રા પૂર્વ મંજુરી લીધેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૪/વશી-૧૯૬૫૨થી ૧૯૭૫૨.-હાલે રાજ્ય બહારની ગેંગ તથા અસામાજીક તત્વો દ્વારા રાજ્યમાં આવેલા સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ (સોની) દુકાનોમાં ધાડ/લુંટ કરવાનાં ગુનાઓ દિન-પ્રતિદિન વધી રહેલ છે. તેમજ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ (સોની) દુકાનોમાં ગ્રાહકો સોનાની ખરીદી કરી જતાં હોય ત્યારે તેના પર હુમલો કરી સોનાની લુંટ કરવાના બનાવો બનતા હોય છે. જેથી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ(સોની) દુકાનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા-જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે લગાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ

કરવા પોલીસ અધિક્ષકશ્રીના તા. ૩૦-૧૨-૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૧૨૬૫/૨૦૧૪ થી દરખાસ્ત થઈ આવેલ છે.

તેમજ અસામાજીક તત્વો દ્વારા દેશમાં અને રાજ્યમાં આવેલી જુદી જુદી બેંકોમાં ધાડ/લુંટ કરવાના અને એ.ટી.એમ. મશીનો તોડી અથવા આખા એ.ટી.એમ. ઉઠાવી જવાની પ્રવૃતીના ગુનાઓ દિન-પ્રતિદિન વધી રહેલ છે તથા બેંકોમાંથી ગ્રાહકો પૈસા ઉપાડી નીકળતા હોય છે ત્યારે બેંકોમાં અને બેંકોની બહાર ખીસ્સા કાપવાના બનાવો બનતા હોય છે. જેથી પોલીસ અધિકક્ષકશ્રીના તા.૩૦-૧૨-૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૧૨૬૬/૨૦૧૪ થી બેંકો અને એ.ટી.એમ. મશીનના ધાડ/લુંટ/ચોરી અંગેના ગુના બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા માટે સહાયક પુરાવા તરીકે સી.સી.ટીવી. કેમેરા લગાવવા તથા સીક્યુરીટી ગાર્ડ રાખવા અતિ આવશ્યક જણાતુ હોવાથી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની બહાર તેમજ અંદરના ભાગે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી કેમેરા વીથ રેકોર્ડીગ સીસ્ટમ સાથે ગોઠવવામાં તેમજ તમામ એ.ટી.એમ. મશીનોના કેબીનોમાં ફરજીયાત સીક્યુરીટી ગાર્ડ મુકવા અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જિલ્લા/શહેરમાં ચોરી, લુંટફાટ, અને આંતકવાદી બનવો બનતા અટકાવવા, જાહેર જનતાની તથા સરકારી જાનમાલ (મિલ્કત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિકક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલી ઉપરોક્ત દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લામાં અમુક નિયંત્રણો/સુચનો અમલમાં મુકવાનું મને જરૂર જણાય છે.

વાસ્તે હું વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મને મળેલ અધિકારની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી. આર.પી.સી.) સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ (સોની) દુકાનો તથા તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા-જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા ઉચ્ચ ગુણવતાવાળા સી.સી.ટી.વી. કેમેરા અને તેમાં ૧૫ દિવસ સુધી રોકોર્ડીગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં **તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધી (બન્ને તારીખો સહિત)**ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફત તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાંનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૪/વશી-૧૯૫૫૧ થી ૧૯૬૫૧/૨૦૧૪.-ગુપ્તચર સંસ્થાના વખતો-વખતના અહેવાલો તથા ભુતકાળમાં ત્રાસવાદીઓ/આતંકવાદીઓ/કટ્ટરવાદી સંગઠનો દ્વારા જયાં લોકોની વધુ સંખ્યામાં અવર- જવર રહેતી હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલમિલકતોને નુકશાન કરવામાં આવે છે. સામાન્ય રીતે આવા ગંભીર ગુન્હાઓ આચરતા તત્વો/પરપ્રાંતીય ગેંગના સભ્યો પાડોશી રાજ્યના બોર્ડર ધરાવતા જિલ્લાઓમાંથી આવતા હોય છે અને હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગો પર આવેલ હોટલોમાં રોકાતા હોય છે તથા ગુનો કરતી વેળાએ વાહનોનો ઉપયોગ કરતા હોય છે તેમજ ગુનો કર્યા બાદ હાઈવે પરના કે જિલ્લાના મુખ્ય રોડ પર આવેલ પેટ્રોલપંપ ઉપર પોતાના વાહનોમાં પેટ્રોલ/ડીઝલ ભરાવે છે તથા ગુનો કરવા આવે ત્યારે કે પરત જતી વેળાએ હાઈવે ઉપર ચા-નાસ્તો કરવા કે જમવા માટે હોટલ પર રોકાતા હોય છે અને પોતાની ત્રાસવાદી/અસામાજીક પ્રવૃતિને અંજામ આપી હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગોએથી વાહનો લઈ ભાગી જતા હોય આ પ્રકારના ગંભીર અનડીટેકટેડ ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવાનું કામ મુશ્કેલ બને છે.

જેથી અત્રેના જિલ્લા/શહેરમાં થતી ધાડ, લુંટ અને ચોરીના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા, લોકોના જાનમાલની રક્ષા તેમજ તેમને સુરક્ષા પુરી પાડવા તથા ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે, ગુનો ડીટેકટ કરવામાં સરળતા રહે અને ગુનેગારોની વિરૂધ્ધમાં સબળ પુરાવો કોર્ટ સમક્ષ રજુ કરી શકાય તે હેતુથી અત્રેના જિલ્લા/શહેરમાં આવેલ હાઈવે ઉપરના તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા અને રહેવા-જમવાની સગવડ હોય તેવી મોટી હોટલ તથા ગેસ્ટહાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીગ સીસ્ટમ નીચે જણાવેલ પ્રમાણે રાખવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જા.પ્ર./૨૧૬૭/૧૪થી દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) જ્યારે કોઈ વ્યક્તિ હોટલ પર ચા-નાસ્તો કરવા કે જમવા આવે ત્યારે ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે કેમેરા ગોઠવવા તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તથા હોટલમાં આવતી-જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) હાઈવે ઉપર આવેલ પેટ્રોલપંપના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) હાઈવે પર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતા-જતા દરેક વાહનોના નંબર દેખાય તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તે પ્રકારના ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા હોવા જોઈએ.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જિલ્લા/શહેરમાં ચોરી, લુટફાટ અને આંતકવાદી બનાવો બનતા અટકાવવા, જાહેર જનતાની જાનમાલ (મિલકત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા અને જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ ઉપરોક્ત વિગતેની દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લામાં અમુક નિયંત્રણો/સુચનો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ હોટલ/રેસ્ટોરંટો કે જ્યામ ચા પાણી, નાસ્તા, ભોજન અને રહેણાંકની સુવિધા હોય, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા, શોપીંગ મોલ/કોમ્પલેક્ષ, સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલ, સરકારી રેસ્ટ હાઉસ, જ્યાં મુસાફરોને રોકાવવાની સગવડ પુરી પાડવામાં આવતી હોય તે તમામ ધર્મશાળા/કલબો/મુસાફિરખાના/બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશનોમાં પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ એ પ્રકારે રાખવા કે જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે. તેમજ આ કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તેવી ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા રાખવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામું

ક્રમાંક:મજસ-૩-કેબલ ટીવી નેટવર્ક જાહેરનામું/૨૦૧૪/વશી-.-ટીવી કેબલ ઓપરેટરો દ્વારા ટીવી કેબલનું નેટવર્ક પીજીવીસીએલના ઈલેકટ્રીક નેટવર્ક (થાંભલા) પર કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપીત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેથી વીજ અકસ્માત થાય છે તેમજ થવાની સંભાવનાઓ પણ વધી જાય છે.

મેનેજીંગ ડીરેકટર, પીજીવીસીએલ દ્વારા પીજીવીસીએલના વીજ પોલ કે નેટવર્ક પર ટીવી કેબલ ઓપરેટરો દ્વારા ટીવી કેબલ પ્રસ્થાપીત કરવા નહી તે અંગેની જાણ માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

જેથી હું, વી. કે. મહેતા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં કોઈપણ ટીવી કેબલ ઓપરેટરોએ પીજીવીસીએલના ઈલેકટ્રીક નેટવર્ક પર ટીવી કેબલ પ્રસ્થાપીત કરવા નહીં તેમજ પીજીવીસીએલ દ્વારા દુર કરાયેલ ટીવી કેબલ પીજીવીસીએલના નેટવર્ક પર પુનઃસ્થાપીત કરવા નહીં.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ટીવી કેબલ ઓપરેટરનું રજીસ્ટ્રેશન રદ થવાં પાત્ર રહેશે.

આ હુકમ તા. ૦૧-૧૨-૨૦૧૪ થી ૩૧-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઈસમ આ હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/મકાન ભાડા જાહેરનામું/૨૦૧૪/વશી-૧૯૪૫૦ થી ૧૯૫૫૦.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી મોટી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચાડે છે અને આ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી/અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી તકેદારીના ભાગ રૂપે ભાડેથી મકાન આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર થોડા-ઘણા અંશે નિયંત્રણ મુકવાનું હાલના સંજોગોમાં જરૂરી બની ગયેલ હોય પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૧૨૬૮/૨૦૧૪, તા. ૩૦-૧૨-૨૦૧૪ થી દરખાસ્ત થઈ આવેલ છે. હાલના સંજોગોમાં પોતાના મકાન ભાડે આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિઓ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને ૧૯૭૩-૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચોરસ મીટર બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ	મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂા.	કોઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ, સરનામા ફોટા સાથે આપવા	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર, વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વી. કે. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૧૪/૨૦૧૪.-આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા આતંકવાદીઓ તરફથી તથા ખુન/ધાડ/લુંટ જેવા જઘન્ય અપરાધ આચરવા માટે કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી ફોન કોલનો ઉપયોગ કરી ગુન્હો કરતાં પહેલા કે આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલાં એકત્ર થવા અને આતંકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઈ જવા માટે અને ગુન્હેગારો સાથે સંપર્ક જાળવી રાખવામાં સંદેશાવ્યવહાર માટે પોતાની પાસે વ્યકિતગત ફોન હોવા છતાં મુખ્યત્વે STD/PCO અને કોઈન કલેકશન બોક્ષનો ઉપયોગ કરે છે. લેન્ડ લાઈન તથા મોબાઈલ વ્યકિતગત ધોરણે સુવીધા ધરાવતાં હોવા છતાં ગુન્હો આચરવા માટે જ કોઈન કનેકશન બોક્ષ ટેલીફોન કે STD/PCO નો ઉપયોગ કરી ખુન, અપહરણ, લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુન્હો આચર્યે રાખે છે અને જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે અને જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આજ પ્રકારના કોઈન બોક્ષ અને STD/PCO સુવીધા ધરાવતાં પબ્લીક બુથ પરથી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Colls) કરી ભીડ-ભાડવાળી જગ્યાઓએ જેવી કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ધાર્મીક સ્થળો, મોલ, મલ્ટીપ્લેક્ષ, જાહેર સરકારી ઓફીસો, એકમો, બેંકો વિગેરે જ્યાં જાહેર જનતા મોટા પ્રમાણમાં અવરજવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને સલામતિની લાગણી ઊભી કરી ઘણીવાર આવા હોકસ કોલ્સને લીધે સ્ટેમ્પેડ (ભાગદોડ) થવાની અને મોટી જાનહાની થવાની શકયતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા STD/PCO અને કોઈન બોક્ષ પરથી કોલર (ફોન કરનાર વ્યકિત)ની ઓળખ છુપાવી શકાતી હોય સભ્ય સમાજના સ્ત્રી-પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓ મુખ્યત્વે કોઈન બોક્ષ અને STD/PCO પર (કોલ કરનાર) કોલરની ઓળખ માટે કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે બનતા હોવાનું જણાઈ આવેલ છે. આવા હોકસ કોલની તપાસ કોઈન બોક્ષ કે STD/PCO સુધી જઈને અટકી જતી હોય છે અને ગુન્હેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતિની ભાવના ઉત્પન કરે છે.

જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિને અંજામ આપનારા ઈસમો અને અસામાજીક તત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી તથા જાહેર માલ-મિલ્કતને મોટું નુકશાન થતું અટકાવવા તકેદારીના પગલા રૂપે STD/PCO તથા કોઈન બોક્ષ ધારકો તથા સર્વીસ પ્રોવાઈડરો ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું ઈસ્ટ જણાય છે.

હુકમ

વાસ્તે હું **એચ. પી. સિંઘ, (I.P.S.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ (૧) કોઈન કલેકશન બોક્ષ STD,/P.C.O. I.S.D. ધારકો તથા સર્વીસ પ્રોવાઈડર્સ (૧) ભારત સંચાર નિગમ લી. (૨) રીલાયન્સ કોમ્યુનીકેશન લી. (૩) ભારતી એરટેલ લી., (૪) ટાટા ટેલી સર્વીસ લી., (૫) આઈડીયા સેલ્યુલર લીમીટેડ તથા અન્ય જે કોઈ પણ કંપની ફેંન્ચાઈઝીથી S.T.D./P.C.O. I.S.D. અને COIN BOXની સુવીધા પુરી પાડતી હોય તે કંપનીઓ તરફથી કોઈન બોક્ષ S.T.D./P.C.O. ઉપર ફોન કરવા આવનાર વ્યકિતની (કોલરની) ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) S.T.D./P.C.O. ધારકે તથા ફ્રેન્ચાઈસી હોલ્ડરે કોલર વ્યકિતનું રજીસ્ટર નીભાવવાનું રહેશે. જેમાં કોલરનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખવાનો રહેશે અને તેણે કરેલ કોલના નંબર લખવાના રહેશે.

(૨) કોલર વ્યકિતના ફોટો, આઈ.ડી. પ્રુફ જેવા કે ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ લઈને વેરીફાઈ કરીને કોલરનું નામ રજીસ્ટરે નોંધ કર્યા બાદ જ કોલ કરવા દેવાનો રહેશે અને આ રજીસ્ટર એક વર્ષ સુધી સાચવી રાખવાનું રહેશે અને તપાસનાં કામે પોલીસ તરફથી માંગવામાં આવેથી ઉપલબ્ધ કરવાનું રહેશે.

(૩) સર્વીસ, પ્રોવાઈડર્સએ S.T.D. બુથ અને કોઈન બોક્ષ પર કોલ કરનાર વ્યકિતનો ચહેરો CCTV વેબકેમેરાથી સ્પષ્ટપણે સંપૂર્ણ કવરેજ થાય તે માટે નાઈટ વિઝન તથા હાઈ રીઝોલ્યુશનવાળા CCTV વેબ કેમેરાની સગવડ ઉપલબ્ધ કરવાની રહેશે અને CCTV વેબ ફુટેજ એક માસ સુધી જાળવી રાખવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૨૧-૦૧-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૩-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

આજ તારીખ ૧૬ જાન્યુઆરી-૨૦૧૫નાં રોજ મારી સહી અને સીકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૬ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૪૨૧૬/૨૦૧૪.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ઈદ-એ-મિલાદ, મકરસંક્રાંતી, પ્રજાસત્તાક દિન, મહાશીવરાત્રી વિગેરે તહેવારો તથા પર્વ આવતાં હોય તેમજ જુદીજુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા સભાઓ, રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તેમજ પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ પોતાની પાસેના લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે અને આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેર વિસ્તારમાં આવી હથિયારોનો મુખ્યત્વે ઉપયોગ કરે છે. આવા લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તેવી પ્રવૃત્તિ અંકુશમાં લેવા માટે અમુક પ્રતિબંધ મુકવા ઉચિત અને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિક્યોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર,

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારીના સમય

આ હુકમનો અમલ ૦૧-૦૧-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૨૮-૦૨-૨૦૧૫ના કલાક ૨૪/૦૦ સુધી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરીમાં હોય અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ આવવા, લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનશી પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધા કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૪ માહે ડીસેમ્બર-૨૦૧૪ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૪૨૧૭/૨૦૧૪.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ઈદ-એ-મિલાદ, મકરસંક્રાંતી, પ્રજાસત્તાક દિન, મહાશીવરાત્રી વગેરે તહેવારો તથા પર્વ આવતાં હોય અને શહેર વિસ્તારમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય હાલની આતંકવાદી ગતિવિધી તથા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિને લક્ષમાં લેતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે

માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા પર તથા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીના પીરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ ૦૧-૦૧-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૨૮-૦૨-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ પર હોય અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને અને સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન ધ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૨૪ માહે ડિસેમ્બર-૨૦૧૪ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૪૨૧૫/૨૦૧૪.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઈપલાઈન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઈપલાઈન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો દ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય.

(૨) તેમજ કેટલાક પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઈ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુર ઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનું મારૂ માનવું છે.

પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓની ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટી- વાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત

કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એકઝી. મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૧-૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી તા. ૨૮-૨-૨૦૧૫ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૨) (ક) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપલાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડ-ફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી પાણી ખેંચી શકશે નહીં.

(૩) કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

: વિસ્તાર :

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

: અપવાદ :

(૧) નર્મદા પાણીની પાઈપલાઈનના જાહેરનામામાંથી ઉપરોકત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૪ માહે ડિસેમ્બર-૨૦૧૪ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૪૨૧૮/૨૦૧૪.-તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આંતકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહીત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલા તેમજ ભુતકાળના બનાવો જેવા કે સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા મુંબઈ અને દિલ્હી ખાતે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તાજેતરમાં હૈદ્રાબાદ તથા બેંગ્લોર બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો, તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા અને હાલની પ્રર્વતમાન સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરની સલામતિ માટે કેટલાક પગલા લેવા જરૂરી છે.

રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાદી તથા ડાયમંડની કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ તથા જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પાડતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક

એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/ વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી મોલમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે. મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

અમલવારીનો સમય

આ હુકમનો અમલ તા. ૦૧-૦૧-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૪ માહે ડિસેમ્બર-૨૦૧૪ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૧૫/૨૦૧૪.-રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. અગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતાં વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. ભવિષ્યમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતી તેમજ સલામતી જોખમાય નહી તે હેતુસર જાહેર હીતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં વહેલી સવારે કલાક ૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮-૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. તથા ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં સંકલીત જાહેરનામાં નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

પ્રતિબંત કૃત્યો તથા વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં સવારના કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student)ના શૈક્ષણિક ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર આ પ્રતિબંધ લાગુ પડે છે અને આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) લાગુ પડતો નથી.

પ્રતિબંધિત સમય

આ હુકમ તા. ૨૧-૦૧-૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૩-૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર, પોલીસ કમિશ્નરના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૬ માહે જાન્યુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૪/૨૦૭/૨૦૧૫.-સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતનો ૨૨ માં)ની કલમ-૩૩(૧)ડબલ્યુથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલ તમામ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસ/લોજમાં આવતા ગ્રાહકો કે પ્રવાસી હોટલમાં રાત્રી રોકાણ કરે તેમના નામ, સરનામા તેમજ ફોન નંબર, મોબાઈલ નંબર તેમજ વાહનમાં આવેલ તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં લખવામાં આવે જેથી શકમંદોની હીલચાલ ઉપર નજર રાખી શકાય વિગેરે વિગતનું પત્રક દરરોજ સવારે કલાક ૧૧-૦૦ વાગ્યા સુધીમાં ડીટેકશન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (ડી.સી.બી.), પોલીસ કમિશ્નર કચેરી, રેસકોર્ષ પાસે, રાજકોટ ખાતે તથા સબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ હુકમનો અમલ તા. ૧૫-૦૧-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૩-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી કરવાનો રહેશે.

આથી હું, **એચ. પી. સિંઘ, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** આવા પત્રકો હોટલ/ગેસ્ટ હાઉસ/લોજના માલીકો/ બોર્ડીંગ હાઉસના માલિકો ઇચ્છે તો સબંધકર્તા પોલીસ સ્ટેશનને ઈ-મેઈલ દ્વારા મોકલી જાણ કરી શકશે. સબંધકર્તા પો.સ્ટે. તથા ડી.સી.બી.નું ઈ-મેઈલ એડ્રેસ નીચે જણાવ્યા મુજબના છે.

(૧)	એ. ડીવીજન પોલીસ સ્ટેશન	polstn-adiv-raj@gujarat.gov.in
(૨)	બી. ડીવીજન પોલીસ સ્ટેશન	polstn-bdiv-raj@gujarat.gov.in
(૩)	થોરાળા પોલીસ સ્ટેશન	polstn-thorala-raj@gujarat.gov.in

(૪) ભક્તિનગર પોલીસ સ્ટેશન : polstn-bhakti-raj@gujarat.gov.in
(૫) માલવીયાનગર પોલીસ સ્ટેશન : polstn-malviya-raj@gujarat.gov.in
(૬) પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન : polstn-pradyuman-raj@gujarat.gov.in
(૭) ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન : polstn-gandhi-raj@gujarat.gov.in
(૮) રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન : polstn-rural-raj@gujarat.gov.in
(૯) કુવાડવા રોડ પોલીસ સ્ટેશન : polstn-kuvadva-raj@gujarat.gov.in
(૧૦) ડી. સી.બી. શાખા : dcb-cp-raj@gujarat.gov.in

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ નીચે બીનજામીનલાયક ગુના હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૧૫ માહે જાન્યુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૦૮/૨૦૧૩.-રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સિમકાર્ડ, હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેંચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

આથી હું, **એચ. પી. સિંઘ, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેંચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું તથા જુના મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

આ હુકમ તા. ૧૫-૦૧-૨૦૧૫ થી તા. ૧૪-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૧૫ માહે જાન્યુઆરી, સને-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૫ માહે જાન્યુઆરી, સને-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૪૨૨૦/૨૦૧૪.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા આચરવાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરીકામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેને અનુલક્ષીને જાહેર જનતાની જાન-માલની (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમોએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશને પહોંચાડી જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે પોતાનું મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમોએ તે અંગેની જાણ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મો. નં. નંબર સહિત.	:	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:	
૩	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે.	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું	:	

મજુરનો તાજેતરનો ફોટો	મજુરના અંગુઠાનું નિશાન ....
	મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ....
	નામ ....

આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૪ માહે ડિસેમ્બર-૨૦૧૪ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/પરમીટ/એ. સેકશન/૪૨૧૯/૨૦૧૪.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ	મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે?	કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ, સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. બોમ્બે પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૪૨૨૧/૨૦૧૪.-તાજેતરમાં વલસાડ જિલ્લામાં મજુરોની વસાહતના કુદરતી હાજતે ગયેલ મહીલા પર ગેંગરેપનો બનાવ બનેલ હોય આવો બનાવ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બનવા પામે નહીં અને શહેર વિસ્તારમાં નવા બંધાતા મકાનોમાં, કોમ્પ્લેક્ષમાં, ઔદ્યોગીક એકમોમાં, જુદી જુદી ટેલીકોમ કંપનીઓમાં તથા ખેતી વિષયક કામ કરતાં મજુરો વિગેરે કામકાજમાં રોકાયેલ મજુરોને રહેવા સબંધી તમામ સગવડો (સુવિધા)ઓ ઉપલબ્ધ થાય તે માટેની કાર્યવાહી અંગે તથા મજુરોની સલામતિ અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવણી હેતુસર થોડા નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ફેકસ મેસેજ નંબરઃ એસ.વી.-૧/કો.વી./૧૦૨૦૧૪/૧૨૨૬૦, તા. ૧૮-૦૬-૨૦૧૪ તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જ-૧/કા.×વ્ય./ટે-૧/પરચ/૧૯/૨૦૧૪, તા. ૨૦-૦૬-૨૦૧૪થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષ/મકાનો/રોડ રસ્તાઓ/ગટ્ટર યોજનાઓ વિગેરે, ઔદ્યોગીક એકમો તથા જુદી જુદી ટેલીકોમ કંપની દ્વારા કંપનીઓના કામો તથા ખેતી વિષયક કામોમાં સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા કોઈપણ મજુરોને મજુરી કામ માટે રાખવામાં આવે ત્યારે આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા જે મજુરોને કામકાજ માટે રાખેલ હોય તે મજુરોના કામકાજના સ્થળો ખાતે રહેવા સબંધી/ટોયલેટ/બાથરૂમ/પાણી/સાફ-સફાઈ વિગેરે આવશ્યક સુવિધા પુરી પાડવાની રહેશે અને આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા આ મજુરો માટે શું શું આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરેલ છે? તેની માહિતી કામકાજના વિસ્તારના સબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૦માં લેખીતમાં પુરી પાડવાની રહેશે. આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. બોમ્બે પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧૬-૧-૧૩ના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/ફલાયઓવર/જાહેરનામુ/૧૫૬/૨૦૧૩.

(૨) અત્રેની કચેરીના તા. ૨-૭-૧૩ના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/ફલાયઓવર/જાહેરનામું/૧૪૦૫/૧૩.

(૩) અત્રેની કચેરીના તા. ૨૬-૮-૧૪ના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/ફલાયઓવર/જાહેરનામું/૨૦૫૦/૧૪.

INDEX

(૪) એડી.સીટી એન્જિનિયરશ્રી પુર્વઝોન બાંધકામ શાખા, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટના તા. ૧૪-૧૨-૧૪નાં પત્ર ક્રમાંક : રા.મ.ન.પા./બાંધકામ (ઈ.ઝો)/જા.નાં./૯૯૩.

(૫) મ. પો. કમિ.શ્રી ટ્રાફીક શાખાના તા. ૨૫-૧૨-૧૪નાં જા.નં. ૨૭૮૦/૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલ-બી-૨/ટ્રાફીક/ફલાયઓવર/જાહેરનામું/૩૮૧૯/૨૦૧૫.-રાજકોટ શહેર ખાતે વધતા જતા ટ્રાફિકના કારણે મોરબી રોડ ઉપર આવેલ ભગવતીપરા વિસ્તારમાં જવા માટે રેલ્વે ફાટક ઉપર જાહેર વાહનવ્યવહારની સરળતા માટે ઓવરબ્રિજ બનાવવાથી ટ્રાફીકનો પ્રશ્ન હલ કરવા માટે વંચાણયુકત-૧માં દર્શાવેલ પત્રથી ભગવતીપરા લેવલ ક્રોસીંગ નં. ૧૨૪ ઉપર સદરહું ઓવરબ્રિજનું કામ શરૂ કરવા માટે આ વિસ્તારમાંથી પસાર થતો વાહનવ્યવહાર માટે નીચે જણાવેલ રૂટ ઉપર જણાવેલ વિગતે વાહનવ્યવહાર સરળતાથી થાય અને સદરહુ કામગીરીમાં ટ્રાફીક સમસ્યા સર્જાય નહી તે માટે ટ્રાફીક ડાયવર્ટ કરવાનું હિતાવહ જણાતા આમુખ-૧માં દર્શાવેલ હુકમ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરી તેમાં જણાવેલ વિગતે નીચે મુજબની વ્યવસ્થાઓ કરવામાં આવેલ.

(૧) ટુ-વ્હીલર, ઓટોરીક્ષા સીવાયના ભારે વાહનો ભગવતીપરાથી આવતા મોરબી રોડ થઈને લાતી પ્લોટની શેરીઓ તથા મોરબી રોડ કુવાડવા રોડને જોડતા ૮૦ ફુટ રોડ થઈ કુવાડવા રોડ તરફ જઈ શકશે.

(૨) ભગવતીપરાથી પારેવડી ચોક તેમજ પારેવડી ચોકથી ભગવતીપરા તરફ ટુ-વ્હીલર તથા ઓટોરીક્ષા અવર-જવર કરી શકશે.

(૩) પારેવડી ચોકથી મોરબી રોડ જવા માટે ટુ-વ્હીલર/ઓટોરીક્ષા સીવાયના તમામ વાહનો પારેવડી ચોક ડીલક્સ ચોક થઈ કુવાડવા રોડ થઈ મોરબી રોડ તરફ જઈ શકશે.

(૪) મોરબી રોડ તરફથી આવતા વાહનોએ મોરબી રોડ ઉપર કુવાડવા રોડને જોડતા ૮૦ ફુટ રોડ ઉપર થઈને કુવાડવા રોડ ડીલક્સ ચોક થઈ પારેવડી ચોક તરફ આવવાનું રહેશે.

તેમજ હાલે અત્રેના યુનિટમાં ભારે વાહન પ્રવેશબંધીનું જાહેરનામું અમલમાં છે. તે જાહેરનામાંમાં જણાવેલ શરતો મુજબ ભારે વાહનની પ્રવેશબંધી અને અમલવારી ચાલુ રહેશે.

૨. ઉપરોક્ત જણાવેલ વિગતે વંચાણ-૧ તથા ૨માં દર્શાવેલ જાહેરનામામાંથી તે મુજબના રોડ રસ્તાઓ પર વંચાણ-૩ વાળા જાહેરનામાથી તા. ૩૧-૧૨-૧૪ સુધી ટ્રાફીક ડાયવર્ટ કરી તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ આ કામગીરી હજુ પુર્ણ થયેલ ન હોય અને વંચાણ-જમાં દર્શાવેલ પત્રથી એડી. સીટી એન્જીનીયર શ્રી રા. મ્યુ. કોર્પો., રાજકોટનાઓએ આ બ્રિજનું કામ ફેબ્રુઆરી-૨૦૧૫ના અંત સુધી ચાલે તેમ હોવાથી ઉકત જાહેરનામાની મુદત તા. ૨૮-૦૨-૧૫ સુધી લંબાવી આપવા વિનંતી કરેલ છે.

હુકમ

સબબ હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ–૩૩(૧)(ખ)થી મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત વંચાણ-૨માં દર્શાવેલ જાહેરનામું તા. ૩૧-૧૨-૧૪ સુધી અમલમા હતુ પરંતુ વંચાણ-જથી કરેલ રજુઆત અન્વયે વંચાણ-૩ વાળા જાહેરનામામા કરેલ વ્યવસ્થા મુજબ તા. ૨૮-૨-૧૫ સુધી અમલ કરવા હુકમ કરૂ છું.

આજરોજ તા. ૦૧-૧-૨૦૧૫ના રોજ મારી સહી, સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૦૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

ઈનચાર્જ પોલીસ કમિશ્નર દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧૦-૯-૧૧ના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/ફલાયઓવર/જાહેરનામું/૩૮૧૧/૨૦૧૧.

(૨) અત્રેની કચેરીના તા. ૦૧-૧૦-૧૨ના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/ફલાયઓવર/ જાહેરનામું/૨૦૮૩/૨૦૧૨.

(૩) એડી.સીટી એન્જિનિયર (સેન્ટ્રલઝોન) રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટનાં તા. ૧-૧-૧૩નાં પત્ર ક્રમાંક : રા.મ.ન.પા./બાંધકામ/રો.ઝોન/જા.નં.-૧૦૯૪.

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલ-બી-૨/ટ્રાફીક/ફલાયઓવર/જાહેરનામું/૩૫/૨૦૧૫.-રાજકોટ શહેર ખાતે વધતા જતા ટ્રાફિકના કારણે ગોંડલ રોડ અને મવડી રોડ ઉપર જાહેર વાહન- વ્યવહારની સરળતા ગોંડલ રોડ ફલાય ઓવરના બાંધકામની કામગીરી હાલે ચાલુ છે. આ કામગીરી દરમ્યાન ગોંડલ રોડ પરનો આવક-જાવક તથા મવડી રોડ તરફથી આવક-જાવક થતો વાહન-વ્યવહાર સદંતર બંધ કરવાની જરૂરીયાત જણાતા અને આ વાહન-વ્યવહાર બંધ થયેથી જ ફલાય ઓવરનું કામકાજ થઈ શકે તેમ હોય, જેથી આ રોડ પરની ટ્રાફિક સમસ્યા હળવી કરવા નીચે મુજબના રસ્તાઓ ફલાય ઓવર બ્રિજનું કામ પુર્ણ થાય ત્યાં સુધી સદંતર બંધ કરવાની આવશ્યકતા જણાતા આમુખ-૧ માં દર્શાવેલ હુકમ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરી તેમાં જણાવ્યા મુજબ નીચે મુજબનાં રોડ-રસ્તા બંધ કરવામાં આવેલ.

(૧) મક્કમ ચોકથી રામનગર (પી.ડી.એમ. કોલેજ) ચોક સુધીનો ગોંડલ રોડ (આવક-જાવક).

(૨) આનંદ બંગલા ચોકથી મવડી ફાટક ચોક સુધી આવક-જાવક.

ઉપર જણાવેલ રસ્તા ઉપર તમામ પ્રકારના વાહનો આવક-જાવક કરી શકશે નહી અને તેની અવેજીમાં ગોંડલ રોડ તરફથી રાજકોટ શહેરમાં આવતા વાહનો રામનગર (પી.ડી.એમ. કોલેજ ચોક) થઈ ઢેબર કોલોની ફાટક થઈ શહેરમાં પ્રવેશી શકશે. તેમજ રાજકોટ તરફથી ગોંડલ રોડ તરફ જતા વાહન ઢેબર રોડ ભારતી બંગલા ચોક થઈ અટીકા ફાટક થઈ ગોંડલ રોડ તરફ જઈ શકશે, તેમજ પી.ડી.એમ. કોલેજ ચોક, સ્વામીનારાયણ ચોકથી ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવક-જાવક તેમજ લક્ષ્મીનગર મેઈન રોડથી પંચવટી મેઈન રોડ થઈ આવક-જાવક કરી શકશે.

રાજકોટ શહેરમાં એસ.ટી. બસ માટેનો આવક-જાવકનો રૂટ નીચે મુજબનો રહેશે.

(૧) રાજકોટ શહેરથી ગોંડલ, જુનાગઢ તરફ જતી બસો ઢેબર રોડ થઈ ભારતી બંગલા ચોક થઈ અટીકા ફાટક થઈ ગોંડલ રોડ પર જઈ શકશે.

(૨) ગોંડલ, જુનાગઢ તરફથી આવતી એસ.ટી.બસો ગોંડલ રોડ બાયપાસ સર્કલ થઈ સાંઢીયા પુલ સર્વિસ રોડ ઉપરથી રાધે હોટલ થઈ અશોક કાસ્ટનર્સ કારખાના પાસે થઈ ઢેબર રોડ ઉપર સવારના ક. ૮-૦૦ થી રાત્રીના ક. ૨૧-૦૦ સુધી આવવાનું રહેશે અને રાત્રીના સમયે ગોંડલ રોડ, એસ.ટી. વર્કશોપ થઈ પી.ડી.એમ. કોલેજ થઈ ઢેબર કોલોની ફાટક થઈ આવી શકશે.

તેમજ હાલે અત્રેના યુનિટમાં ભારે વાહન પ્રવેશબંધીનું જાહેરનામું અમલમાં છે. તે જાહેરનામાંમાં જણાવેલ શરતો મુજબ ભારે વાહનની પ્રવેશબંધી અને અમલવારી ચાલુ રહેશે.

ઉપરોક્ત વિગતે આમુખ-૧માં દર્શાવેલ જાહેરનામું તમામ પ્રકારનાં વાહનો માટે હંગામી/પ્રાયોગીક ધોરણે તા. ૧૬-૧૧-૨૦૧૨થી ૩૧-૧૨-૨૦૧૨ સુધીનાં સમયગાળા માટે અમલમાં મુકેલ, આમુખ-૨ માં દર્શાવેલ પત્રથી આ જાહેરનામાની મુદત લંબાવવાની જરૂરીયાત જણાતા તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધી (વધુ દોઢ માસ) જાહેરનામાની મુદત વધારવામાં આવેલ આમુખ-૩ થી એડી.સીટી.એન્જિનીયર (સેન્ટ્રલ ઝોન) રા.મ.ન.પા. રાજકોટનાઓએ હાલ ફલાય ઓવરની કામગીરી ચાલુ હોય તા. ૧૫-૦૨-૧૩ સુધી આ જાહેરનામાની અમલવારી વધારી આપવા વિનંતી કરેલ છે.

હુકમ

સબબ હું, **ડો. કે.એલ.એન.રાવ, ઈન્ચાર્જ પોલીસ કમિશનર, રાજકોટ શહેર**, રાજકોટ, મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ–૩૩(૧)(ખ) મુજબ મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત વિગતે જણાવેલ રસ્તાઓ આમુખ-૨માં દર્શાવેલ જાહેરનામાથી તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધી અવર-જવર કરવા માટે પ્રતિબંધિત જાહેર કરેલ છે તેની મુદતમાં વધારો કરીને તા. ૦૧-૦૧-૨૦૧૩ થી ૧૫-૦૨-૨૦૧૩ સુધીના સમય માટે પેરા-૧માં જણાવેલ વિગતે રોડ-રસ્તાઓ અવર-જવર કરવા માટે પ્રતિબંધ જાહેર કરૂં છું.

આજરોજ તા. ૦૩-૦૧-૨૦૧૩ના રોજ મારી સહી-સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૩.

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૨૮૬૮/૨૦૧૨.- રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડએ શહેરની વચ્ચોવચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક : ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનારા નાગરીકો સાથે વાહનચાલકો દ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં જે નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે, જે સંજોગોમાં તે જ રોડ પર વાહનવ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિતપણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગરોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતા પ્રદુષણનો ભોગ બનતા હોય છે, જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/- રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતી અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

હુકમ

૩/-આથી હું, **ડો. કે.એલ.એન.રાવ, ઈન્ચાર્જ પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટ**, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)બી અને સી થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ રસ્તોઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૦૧-૦૧-૨૦૧૪ થી ૨૮-૦૨-૨૦૧૪ સુધી એક માર્ગીય (વન-વે) જાહેર કરવા હુકમ કરૂં છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી ૦૭-૩૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડ રોડનો ફક્ત બહારના ભાગે

આવેલ રોડ એકતરફી ‘‘ક્લોક વાઈઝ’’ જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઈટ આઈસ્ક્રીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ કર્વાટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સીનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એકતરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૩૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ રહે છે અને ફક્ત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪/-અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૨૪૪૭/૨૦૧૨, તા. ૩૦-૧૦-૨૦૧૨ અન્વયે બે માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી તે જાહેરનામું વધુ લંબાવવાની જરૂરીયાત જણાતા બે માસ વધુ લંબાવેલ છે.

૫/-આ જાહેરનામું ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયરબ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬/-આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજ રોજ તારીખ : ૨૭-૧૨-૨૦૧૨ ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૨૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૨.

ડો. કે.એલ.એન.રાવ,
ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

સુપરિન્ટેન્ડન્ટ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.ક્યુ.એ./વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો. ૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના ચોબારી ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ ચોબારી, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે ચોબારી, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ ચોબારી	ગામતળ	૨-૮૯-૩૫
	૧ પૈ. ૨	૧-૦૧-૨૦
	૨/૧/બ	૧-૨૧-૪૧
	કુલ ગામતળ	**૫-૧૧-૯૬**

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.ક્યુ.એ./વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો. ૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી

દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના દોલતપરા ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ દોલતપરા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે દોલતપરા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ દોલતપરા	ગામતળ	૨-૭૭-૨૧
	૧/પૈ. ૨	૧-૦૫-૨૨
	૨૧/૧	૦-૬૫-૭૬
	૨૩	૦-૩૫-૪૧
	કુલ ગામતળ :	૪-૮૩-૬૦

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.કયુ.એ./વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો.૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના ટીંબાવાડી ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ ટીંબાવાડી, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે ટીંબાવાડી, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ ટીંબાવાડી	ગામતળ	૪-૪૫-૮૨
	૧૧૬	૫-૩૦-૧૪
	કુલ ગામતળ :	૯-૪૫-૯૬

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.કયુ.એ./વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો.૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના ઝાંઝરડા ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ ઝાંઝરડા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે ઝાંઝરડા, તાલુકો જુનાગઢ જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ ઝાંઝરડા	ગામતળ	૩-૨૭-૮૦
	૩/બ/પૈકી-૨	૧-૬૧-૮૮
	૪૩	૦-૪૬-૫૪
	૯૮/પૈ. ૨	૧-૩૩-૩૦
	કુલ ગામતળ :	**૬-૪૯-૫૨**

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/ લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.ક્યુ.એ./ વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો.૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના ડુંગરપુર ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ ડુંગરપુર, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે ડુંગરપુર, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ ડુંગરપુર	ગામતળ	૨-૧૯-૫૪
	૮૫/પૈ. ૧	૧-૬૧-૮૮
	૯૫/પૈ. ૨	૬-૮૭-૯૭
	૯૯	૦-૭૩-૮૬
	૧૦૦/પૈ. ૧/પૈ. ૨	૪-૦૪-૬૮
	૧૦૦/પૈ. ૧/પૈ. ૧/પૈ. ૧	૪-૦૪-૬૯
	૧૦૦/પૈ. ૩	૪-૫૮-૩૧
	૧૦૩	૧-૧૬-૩૫
	૧૧૦/પૈ. ૧	૧-૧૨-૩૦
	૧૧૧	૨-૦૪-૩૭
	કુલ ગામતળ :	**૨૮-૪૩-૯૫**

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/ લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.ક્યુ.એ./ વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો.૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના ખામધ્રોળ ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ ખામધ્રોળ, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે ખામધ્રોળ, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ ખામધ્રોળ	ગામતળ	૬-૯૩-૦૪
	૧	૦-૯૧-૦૫
	૨	૩-૨૯-૮૩
	૨૩/૧ પૈ. ૧/પૈ. ૧	૩-૦૦-૦૦
	૨૩/૧/પૈ. ૨	૧-૬૧-૮૮
	કુલ ગામતળ :	**૧૫-૭૫-૮૦**

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.ક્યુ.એ./વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો. ૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકીસ કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના ગોલાધર ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ ગોલાધર, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે ગોલાધર, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ ગોલાધર	ગામતળ	૬-૭૬-૮૬
	૫/૧/બ	૨-૦૨-૩૪
	૮૨	૧-૨૧-૪૧
	૧૯૨/૧	૧-૮૯-૭૦
	કુલ ગામતળ :	**૧૧-૯૦-૩૧**

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.ક્યુ.એ./વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો. ૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના સરગવાડા ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ સરગવાડા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે સરગવાડા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક
પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ સરગવાડા	ગામતળ	૫-૧૨-૯૫
	૫/પૈ. ૨	૨-૦૨-૩૪
	૨૧/પૈ. ૨	૪-૦૪-૭૦
	૬૭/પૈ. ૨	૧-૬૧-૮૮
	૬૭/પૈ. ૩	૧-૨૧-૪૧
	કુલ ગામતળ :	**૧૪-૦૩-૨૮**

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/ લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.ક્યુ.એ./ વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો. ૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના માખીયાળા ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ માખીયાળા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે માખીયાળા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક
પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ માખીયાળા	ગામતળ	૧૦-૪૪-૧૨
	૫/૨	૦-૧૪-૧૬
	૬	૦-૨૦-૨૪
	૭	૦-૩૮-૪૬
	૮	૦-૨૩-૨૭
	૧૦	૦-૩૩-૩૭
	૧૧	૦-૫૯-૬૯
	૧૦૩	૧-૩૫-૫૭
	૧૪૮	૦-૦૨-૦૨
	૧૪૯/બ	૦-૮૦-૪૯
	૧૫૨/પૈ. ૨	૨-૪૨-૮૨
	કુલ ગામતળ :	**૧૬-૯૪-૨૧**

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ/, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર નંબર : એસવી-૫/ લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તારીખ ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી. ઈ. લે. રે. શ્રી જુનાગઢનાં પત્ર નંબર : એચ.ક્યુ.એ./ વશી જનરલ/૨૦૧૪-૧૫, તા. ૧૯-૧૨-૨૦૧૪.

હુકમ

નં.સિટીએસ/લે.રે.કો. ૧૨૬/૧૦ગામ/૨૦૧૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકીસ કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના ખડીયા ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ ખડીયા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગની દરખાસ્ત ડી. ઈ. લે. રે.શ્રી જુનાગઢએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ મોજે ખડીયા, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢની ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

પરિશિષ્ટ-અ

જિલ્લો, તાલુકો, ગામ	સર્વે નંબરો	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૨	૩
જુનાગઢ જુનાગઢ ખડીયા	ગામતળ	૧૧-૦૯-૮૮
	૨	૦૨-૭૭-૨૧
	૧૮૬	૦૪-૨૫-૯૩
	૮૧/૧/પૈ. ૨	૦૪-૦૪-૬૯
	૨૮૧/૨	૦૨-૦૨-૩૪
	૩૧૬/પૈ. ૨/પૈ. ૨	૧-૬૧-૮૮
	૩૧૬/પૈ. ૨પૈ. ૩	૦૨-૦૨-૩૪
	કુલ ગામતળ :	**૨૭-૮૪-૨૭**

જુનાગઢ, તા. ૨૨ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

(સહી), અવાચ્ય,
સુપરિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ,
જુનાગઢ.

Printed at the Government Press, Rajkot Complaints about Gazette must be made within
a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 22nd JANUARY, 2015/MAGHA 02, 1936 [No. 04

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	99-140	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	121-176
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read : 1. *Hon'ble High Court's letter No. C. 2103/2011, dated 15-11-2011.*
2. GAD Notification No. GS-2014-35-PHD/102014/1339/GH, Dtd. 07-10-2014.
2. *Hon'ble High Court's letter No. C. 2103/2013, dated 27-12-2012.*

NOTIFICATION

No. B/001/2015.-In accordance with the provisions contained in Para 625, Chapter XXXI of the Civil Manual Volume-I, 1960, the Principal District Judge, Jamnagar is pleased to notify the following days as Holidays to be observed in the **YEAR-2015.** The District Court, Jamnagar and all Courts subordinate to it in the Judicial District of Jamnagar shall remain close on these days.

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calendar	Day
01.	Makar Sankranti	14th January, 2015	Wednesday
02.	Republic Day	26th January, 2015	Monday
03.	Maha Shivratri	17th February, 2015	Tuesday
04.	Holi 2nd Day-Dhuleti	6th March, 2015	Friday
05.	Chetichand	21st March, 2015	Saturday
06.	Shree Ram Navmi	28th March, 2015	Saturday
07.	Mahavir Jayanti	2nd April, 2015	Thursday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09.	Ramzan-Id (Id-Ul-Fitra)	18th July, 2015	Saturday
10.	Independence Day	15th August, 2015	Saturday
11.	Parsi New Year Day-Pateti	18th August, 2015	Tuesday
12.	Raksha Bandhan	29th August, 2015	Saturday
13.	Janmashtami	5th September, 2015	Saturday
14.	Samvantsari	17th September, 2015	Thursday
15.	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
16.	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
17.	Dusherra	22nd October, 2015	Thursday
18.	Muharram	24th October, 2015	Saturday
19.	Sardar Vallabhbhai's Petel	31st October, 2015	Saturday
20.	Diwali (Extra)	9th November, 2015	Monday
21.	Diwali (Extra)	10th November, 2015	Tuesday
22.	Diwali	11th November, 2015	Wednesday
23.	New year Day	12th November, 2015	Thursday
24.	Bhai Bij	13th Novemer, 2015	Friday
25.	Diwali (Extra)	16th November, 2015	Monday
26.	Guru Nanak's Birthday	25th November, 2015	Wednesday
27.	Id-e-Milad-Un-Nabi	24th December, 2015	Thursday
28.	Christmas	25th December, 2015	Friday

Note :- (1) The Following days have not been notified as Public Holidays as it falls on **Sunday.**

01.	Id-e-Milad-Un-Nabi	4th January, 2015	Sunday

Note :- (2) If any of Muslim Festival notified above, does not fall on the day notified the Muslim Government Servants may be granted Optional Holiday on the day on which the Holiday is actually observed.

Note :- (3) In addition to the Holidays, notified above, Government Employees may avail of maximum of any two of the Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination, out of the list of the Optional Holidays declared for the **Year-2015.** Permission for availment of this Optional Holidays should however, be applied for in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to the exigencies of Government work. This leave of two days taken by the Government Employees at their discretion on the festival of their choice will not be debited to on their Casual Leave Account.

Jamnagar, 01st January, 2015.

V. S. Dave,
Principal District Judge,
Jamnagar.

Read : (1) Government of Gujarat G.A.D. Notification No. GS-2014-35-PHD/102014/1339/GH, Dtd. 07-10-2014.

(2) *Hon'ble High Court of Gujarat letters No. C. 2103/2011, dated 15-11-2011.*

(3) *Hon'ble High Court of Gujarat letters No. C. 2103/2013, dated 27-12-2012.*

NOTIFICATION

No. UHC/B/01/2015.-In accordance with the provisions contained in Para 624 to 629,, Chapter 31 of the Civil Manual, Volume-I, 1960, the Principal District Judge, Junagadh is pleased to notify the following Holidays to be observed in the **YEAR-2015.** The District Court and all Courts of the Judicial District of Junagadh shall remain closed on these days.

Sr. No.	Name of the Holiday	Date	Day
01	Makar Sankranti	14-01-2015	Wednesday
02	Republic Day	26-01-2015	Monday
03	Maha Shivratri	17-02-2015	Tuesday
04	Holi 2nd Day-Dhlati	06-03-2015	Friday
05	Chetichand	21-03-2015	Saturday
06	Shree Ram Navmi	28-03-2015	Saturday
07	Mahavir Jayanti (Janma Kalyank)	02-04-2015	Thursday
08	Dr. Baba Saheb Ambedkar's Birthday	14-04-2015	Tuesday
09	Ramzan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni)	18-072015	Saturday
10	Independence Day	15-08-2015	Saturday
11	Raksha Bandhan	29-08-2015	Saturday
12	Janmashtami (Shravan Vad-8)	05-09-2015	Saturday
13	Samvantsari (Chaturthi Paksha)	17-09-2015	Thursday
14	Bakri-Id (Id-Ul-Aza)	25-09-2015	Friday
15	Mahatma Gandhi's Birthday	02-10-2015	Friday
16	Dusshera (Vijya Dashmi)	22-10-2015	Thursday
17	Muharram (Asura)	24-10-2015	Saturday
18	Sardar Vallabhbhai Petel's Birthday	31-10-2015	Saturday
19	Diwali	11-11-2015	Wednesday
20	Vikram Samvant New year Day	12-11-2015	Thursday
21	Bhai Bij	13-11-2015	Friday

Sr. No.	Name of the Holidays	Date	Day
22	Guru Nanak's Birthday	25-11-2015	Wednesday
23	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammand's Birth day)	24-12-2015	Thursday
24	Christmas	25-12-2015	Friday

Note :- (1) The Following days have not been notified as General Holidays as they fall on **Sunday.**

Sr. No.	Name of the Holiday	Date	Day
01.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	04-01-2015	Sunday

Note :- (2) If any of Muslim Holidays notified above, does not fall on the day notified, the Muslim Government Servants may be granted an Optional Holiday on the day which the Holiday is actually observed.

PART-II

In addition to the Holidays notified above. following days are notified as OPTIONAL HOLIDAYS for Government Servants in the YEAR-2015.

Sr. No.	Name of the Optional Holidays	Date	Day
01	Christian New Year Day	01-01-2015	Thursday
02	Guru Govindshingh's Birthday	05-01-2015	Monday
03	Id-e-Maulud (Muslim Shiya)	09-01-2015	Friday
04	Vassi Uttarayan (Next Day of Makar Sankranti)	15-01-2015	Thursday
05	Holi	05-03-2015	Thursday
06	Jamshedi Navroj (Parsi Shahensahai & Parsi Kadmi)	21-03-2015	Saturday
07	Gudi Padvo, (Chaitra Sud-1)	21-03-2015	Saturday
08	Hatkeshwar Jayanti	03-04-2015	Friday
09	Hanuman Jayanti (Chaitra Sud-15)	04-04-2015	Saturday
10	Pesaha (1st Day) (Yahudi)	04-04-2015	Saturday
11	Maha Prabhuji's Praktyotsava (Vallabhacharya Jayanti)	15-04-2015	Wednesday
12	Shree Adhya Jagadguru Shankaracharya Jayanti (Vasishakh Sud-5)	23-04-2015	Thursday
13	Zarthost-No-Disho (Parsi Kadami)	25-04-2014	Saturday
14	Buddha Purnima (Vaishakh Sud-15)	04-05-2015	Monday
15	Guru Arjundev's Martyrdom day	21-05-2015	Thursday
16	Zarthost-no-Disho (Parsi Shahenshahi)	25-05-2015	Monday
17	Shavuoth (Yahudi)	25-05-2015	Monday
18	Shab-a-Barat (Muslim Shiya & Sunni)	01-06-2015	Monday
19	Shahadat-e-Hazarat Ali (Muslim Shiya)	09-07-2015	Thursday
20	Gatha Gahamber (Gatha III) (Parsi Kadmi)	16-07-2015	Thursday
21	Rathayatra (Ashadhi Bij) (Ashadh Sud-2)	18-07-2015	Saturday
22	Parsi New Year Day Eve (Gatha-5) (Parsi Kadmi)	18-07-2015	Saturday
23	Khordad Sal (Parsi Kadmi)	24-07-2015	Friday
24	Gatha Gahamber (Gatha III) (Parsi Shahenshai)	15-08-2015	Saturday
25	Parsi New Year Day Eve (Gatha-5) (Parsi Shahenshai)	17-08-2015	Monday
26	Onam	28-08-2015	Firday
27	Shravan Vad-13 (Paryusan-1st Day) (Chaturthi Paksha)	10-09-2015	Thursday
28	Shravan Vad-13 (Paryusan-1st Day) (Panchami Paksha)	11-09-2015	Friday
29	Mahavir Swami Janma Vachan (Chaturthi Paksha)	14-09-2015	Monday
30	Rosh Hashanah (1st Day New Year) (Yahudi)	14-09-2015	Monday
31	Ganesh Chaturthi (Bhadarva Sud-4)	17-09-2015	Thursday
32	Samvantsari (Panchmi Paksha)	18-09-2015	Friday
33	Eve of Kippur (Yahudi)	22-09-2015	Tuesday
34	Yom Kippur (Yahudi)	23-09-2015	Wednesday
35	Succoth (Yahudi)	28-09-2015	Monday
36	9th Muharram (Muslim Shiya & Sunni)	23-10-2015	Friday
37	Dhan Terash (Aso Vad-13)	09-11-2015	Monday

Sr. No.	Name of the Holidays	Date	Day
38	Kali Chaudash (Aso Vad-14)	10-11-2015	Tuesday
39	Kartak Sud-15 (Dev-Diwali)	25-11-2015	Wednesday
40	Shahadat-e-Imam Hasan (Muslim Shiya)	11-12-2015	Friday
41	Shrimad Bhagwad Gita Jayanti	21-12-2015	Monday
43	Boxing Day (Next Day to Christmas)	26-12-2015	Saturday

Note :- (1) The Following days have not been notified as **Optional Holidays,** as they fall on **Sunday.**

Sr. No.	Name of the Holidays	Date	Day
01	Vishvakarma Jayanti (Maha Sud-13)	01-02-2015	Sunday
02	Parsi New Year Day (Parsi Kadmi)	19-07-2015	Sunday
03	Ramzan-Id (Id-Ul-Fitra), (2nd Shawal-Muslim Shiya and Sunni)	19-07-2015	Sunday
04	Tusha-be-aav (Yahudi)	26-07-2015	Sunday
05	Khordad Sal (Parsi Shahenshahi)	23-08-2015	Sunday
06	Nand Utsav (Shravan Vad-9)	06-09-2015	Sunday

Note :- (2) Government Servants may avail of maximum of any two of the Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination, out of the list of Optional Holiday declared for the **Year-2015.** Permission for availing of those holidays should however be applied for in advance and will normally be granted by Officer competent to grant Casual Leave with due regard to exigencies of Government work. The above two holidays taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Note :- (3) If any of the Muslim festival notified above, does not fall on the day notified, the Muslim Government Servants may be granted an optional holiday on the day on which the festival is actually observed.

Junagadh, 01st January, 2015.

Read : *1. Hon'ble High Court letter No. C. 2103/1991, dated 07-01-1991.*

2. Hon'ble High Court letter No. C. 2103/2006, dated 30-12-2006.

NOTIFICATION

No. UHC/B/02/2015.-Under the powers vested in him under paragraph 628, chapter XXXI of the Civil Manual, Volume-I, 1960, in exercise of the powers conferred by sub section (2) of section 22 of the Gujarat Civil Courts Act, 2005, and in view of instructions and direction contained in the Hon'ble High Court's letter dated 07-01-1991 and 30-12-2006, respectively, cited in the preamble at Sr. No. 1 & 2, the Principal District Judge, Junagadh is pleased to sanction the closing of all the Civil Courts in the Judicial District of Junagadh for the Annual Summer Vacation for 30 (thirty) days commencing from SATURDAY 16th MAY, 2015 To SUNDAY 14th JUNE, 2015 (Both days inclusive).

The Officers of the Nazir and Record Keeper, District Court, Junagadh and the offices of the Nazir of the Subordinate Civil Courts in the District will remain open during the Vacation on working days.

Junagadh, 01st January, 2015.

P. V. Shrivastav,
I/c. Principal District Judge,
Junagadh.

Read :
1. *Hon'ble High Court letters No. C. 2103/2011, dated 15-11-2011.*
2. *Hon'ble High Court letters No. C. 2103/2012, dated 27-12-2012.*
3. *Hon'ble High Court letters No. C. 2103/2015, dated 25-11-2014.*
4. General Administration Department Notification No. GS-2014-35-PHD-102014/1339/GH, Dtd. 07-10-2014.

NOTIFICATION

No. UHC/13/of 2014.-Accordance with the provisions contained in Para 625, Chapter XXXI of the Civil Manual Volume-I, 1960, the Principal Judge, Family Court, Rajkot is pleased to issue **Notification** and notify the following days as Holidays to be observed in the **YEAR-2015.** The Family Court, Rajkot and the court Subordinate to it in Rajkot Shall remain closed on these days.

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
(1)	(2)	(3)	(4)
01.	Makar Sankranti	14th January, 2015	Wednesday
02.	Republic Day	26th January, 2015	Monday
03.	Maha Shivratri	17th February, 2015	Tuesday
04.	Holi 2nd Day-Dhuleti	6th March, 2015	Friday
05.	Chetichand	21st March, 2015	Saturday
06.	Shree Ram Navmi	28th March, 2015	Saturday
07.	Mahavir Jayanti (Janma Kalynak)	2nd April, 2015	Tuesday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09.	Ramzan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni)	18th August, 2015	Saturday
10.	Independence Day	15th August, 2015	Saturday
11.	Parsi New Year Day-Pateti (Parsi Shahensaihi)	18th August, 2015	Tuesday
12.	Raksha Bandhan	29th August, 2015	Saturday
13.	Janmastami (Shravan Vad-8)	5th September, 2015	Saturday
14.	Samvantsari (Chaturthi Paksha)	17th September, 2015	Thursday
15.	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
16.	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
17.	Dusshera (Vijya Dashmi)	22nd October, 2015	Thursday
18.	Muharram	24th October, 2015	Saturday
19.	Sardar Vallabhbhai Petel's Birthday	31st October, 2015	Saturday
20.	Diwali (Extra)	9th November, 2015	Monday
21.	Diwali (Extra)	10th November, 2015	Tuesday
22.	Diwali	11th November, 2015	Wednesday
23.	Vikram Samvant New Year Day	12th November, 2015	Thursday
24.	Bhai Bij	13th Novemer, 2015	Friday
25.	Diwali (Extra)	16th November, 2015	Monday
26.	Guru Nanak Birthday	25th November, 2015	Wednesday
27.	Id-e-Milad-Un-Nabi	24th December, 2015	Thursday
28.	Christmas	25th December, 2015	Friday

Note :- (1) The Following days have not been notified as Public Holidays as they fall on **Sunday.**

01.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015	Sunday

Note :- (2) If any of Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Employees may be granted Optional Holiday on the day which the Holiday is actually observed.

Note :- (3) In addition to the Holidays notified above, Government Employees may avail of maximum of any two of the Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination. Permission for availment of those Optional Holidays should however, be applied for in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of the Government work. This leave of two days taken by Government Employees at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Rajkot, 31st December, 2014.

M. J. Parikh,
Principal Judge,
Family Court, Rajkot.

Read : 1. *Hon'ble High Court Letters No. C. 2103/1991, Dated: 07-01-1991*
2. *Hon'ble High Court Letters No. C. 2103/2006, Dated: 30-12-2006*

NOTIFICATION

No. U.H.C./01/of 2015.-In exercise of the power vested under Paragraph-628, Chapter XXXI of the Civil Manual, Volume-I, 1960, and in view of instructions and directions contained in Hon'ble the High Court's Letters cited in the preamble under the provision of sub section (2) of section 22 of the Gujarat Civil Courts Act, 2005, the Principal District Judge, Rajkot, is pleased to notify, Annual Summer Vacation for 30 (Thirty) Days commencing from Saturday, 16th May, 2015 to Sunday, 14th June, 2015 (Both days inclusive) However, urgent Civil Matters as well as matters under Chapte-IX of Criminal Procedure Code, 1973 will be proceeded further during the vacation

The Offices of the Nazir and Record Keeper of the District Court, Rajkot, as well as offices of the Nazir of the subordinate Civil Courts in the Rajkot Judicial District, will remain open during the Annual Summer Vacation, on all working days.

Rajkot, 9th January, 2015.

I. B. Vaghela,
Principal District Judge,
Rajkot.

મુખ્ય જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધા :-

૧. ગુજરાતની નામદાર વડી અદાલતનાં પત્ર ક્રમાંક : સી.૨૧૦૩/૧૯૯૧, તા. ૦૭-૦૧-૧૯૯૧.

૧. ગુજરાતની નામદાર વડી અદાલતનાં પત્ર ક્રમાંક : સી.૨૧૦૩/૨૦૦૬, તા. ૩૦-૧૨-૨૦૦૬.

જાહેરનામું

નં. ઉહક/૦૧/૨૦૧૫.-સિવીલ મેન્યુઅલ-૧૯૬૦-વોલ્યુમ-૧નાં પેરેગ્રાફ ક્રમાંક: ૬૨૮માં જણાવેલ સુચના અનુસાર તેમજ નામદાર ગુજરાત વડી અદાલતના ઉપરોક્ત પત્રોની સૂચનાઓ અનુસાર, ગુજરાત સિવીલ કોર્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૨૨ની

પેટા કલમ-૨ની જોગવાઈ અનુસાર, મુખ્ય જિલ્લા ન્યાયાધિશ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, આગામી વાર્ષિક ઉનાળુ વેકેશન **શનિવાર, તા. ૧૬મી મે-૨૦૧૫ થી રવિવાર તારીખઃ ૧૪મી જુન-૨૦૧૫ (બન્ને દિવસો સહિત) રહેશે.**

જિલ્લા ન્યાયાલય, રાજકોટની નાઝીર અને રેકર્ડ-કીપર કચેરી, તેમજ રાજકોટ જિલ્લાની તાબાની તમામ દિવાની અદાલતોની નાઝીરની કચેરીઓ ઉપરોકત વેકેશન દરમિયાન કામના દિવસોમાં ખુલ્લી રહેશે.

રાજકોટ, ૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

આઇ. બી. વાઘેલા,
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
રાજકોટ.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ-૧૯૮૫ની કલમ-૮ તથા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૮૨ હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીટીએન/પાસા/૮/૨૦1૪.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની દરખાસ્તના આધારે ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ-૧૯૮૫ (સને-૧૯૮૫ નો સોળમો, ગુજરાત અધિનિયમ) ની કલમ-૩ ની પેટા કલમ-(૧) અને રાજય સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંકઃ જીજી-૧૫૪/પીએએસ/૧૦૮૫/૧૧૯૪, તા. ૨૮-૦૫-૧૯૮૫થી અમોને મળેલ સત્તાની રૂઈએ આ કચેરીના હુકમ ક્રમાંકઃ ડીએમ/ડીટીએન/પાસા/૮/૨૦1૪, તા. ૦૬-૦૮-૨૦1૪ થી શ્રી કિરીટ ઉર્ફે કીડો ભગાભાઈ છેલાણા, ઠે. સીંધી સોસાયટી, ગાંધાગ્રામ, મું. જુનાગઢ, જિ. જુનાગઢને ''બુટલેગર'' તરીકે અટકમાં લેવા હુકમ કરેલ છે.

ઉપરોકત હુકમ મુજબ શ્રી કિરીટ ઉર્ફે કીડો ભગાભાઈ છેલાણા, ઠે. સીંધી સોસાયટી, ગાંધાગ્રામ, મું. જુનાગઢ, જિ. જુનાગઢને બજાવી તેમને અટક કરવા માટે આ કચેરી તરફથી પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢને ઉપરોકત હુકમ તા. ૦૬-૦૮-૨૦1૪ થી મોકલવામાં આવેલ તથા પોલીસ તંત્ર તરફથી મજકુર ઈસમને અટક કરવા માટે પુરતા પ્રયત્નો કરવા છતાં તે અટકાયત ટાળવા માટે નામ. કોર્ટનો આશરો લીધેલ હોય પરંતુ હજુ સુધી તેમાં તેને કોઈ રાહત મળવામાં ન હોઈ, પોતાની અટકાયત ટાળવા માટે પોતે સંતાતો ફરતો હોય અને મળી આવતો ન હોય, આ વ્યકિતને ભાગેડુ/ફરાર જાહેર કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ ક્રાઈમ/૧૦૪/૨૦1૪, તા. ૨૯-૧૨-૨૦૧૨ થી દરખાસ્ત આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની આવેલ દરખાસ્ત નિગાહે લેતાં, પોલીસ તંત્ર તરફથી આ વ્યકિતની સઘન તપાસ કરવા છતાં મળી આવતો ન હોય આ વ્યકિત પોતાની અટકાયત ટાળવા અને હુકમ બજે નહી તે માટે ફરાર થઈ ગયેલ છે અથવા તો છુપાતો/નાસતો ફરે છે અને ભવિષ્યમાં નજીકનાં સમયમાં પકડાય તેવી શકયતા ન હોવાથી તેમજ નામ. કોર્ટ તરફથી કોઈ રાહત મળવામાં ન હોવાથી, આ વ્યકિતને ભાગેડુ/ફરાર જાહેર કરવી જરૂરી જણાય છે.

સબબ, હું, આલોક કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનગઢ જિલ્લો, જુનાગઢ શ્રી કિરીટ ઉર્ફે કીડો ભગાભાઈ છેલાણા, ઠે. સીંધી સોસાયટી, ગાંધાગ્રામ, મું. જુનાગઢ, જિ. જુનાગઢને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૮૨ હેઠળ ભાગેડુ/ફરાર જાહેર કરી ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ-૧૯૮૫ ની કલમ-૮(૨) હેઠળ શ્રી કિરીટ ઉર્ફે કીડો ભગાભાઈ છેલાણા, ઠે. સીંધી સોસાયટી, ગાંધાગ્રામ, મું. જુનાગઢ, જિ. જુનાગઢને આ જાહેરનામુ પ્રસિધ્ધ કર્યાની તરીખથી દિવસ-૩૦માં પોલીસ ઈન્સપેકટરશ્રી (ક્રાઈમ બ્રાન્ચ), જુનાગઢ સમક્ષ હાજર થવા માટે આદેશ કરૂ છું.

આ જાહેરનામા મુજબ નિયત મુદતમાં આ વ્યકિત હાજર થવામાં નિષ્ફળ જશે તો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૮૩ મુજબ તેમની મિલ્કતની જપ્તી માટે ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખઃ ૭મી માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપી આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

આલોક કુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

INDEX

જાહેરનામું

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

નં. ડી.એમ./વશી/૬ થી ૮/૨૦૧૫.- ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખપત્ર અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	મોબાઇલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઇલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઇલ/ સીમકાર્ડ, ખરીદનાર/ વેંચનારના આઇડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૨) સાયકલ/મોપેડ/વિધુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/ બેન્કની પાસબુક/પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ/મોબાઇલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની
૧	૨	૩	૪	૫	૬

(૩) મકાન તથા ઓધોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાન/એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાનો/એકમો

બાબતે નજીકના પોલીસ સ્ટેશનને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સતા ધરાવતા વ્યકિતનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે ?	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ / સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/ સરનામું.
૧	૨	૩	૪	૫	૬

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

નં.	ગેસ્ટનું નામ સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું **વી. સી. શર્મા, (I.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ**, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો.....

INDEX

(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કે તેમના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૦૩-૦૧-૧૫ થી ૦૧-૦૩-૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૦૩-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

જાહેરનામું

(૧) બેન્ક તથા એ.ટી.એમ. માં સીસી ટીવી કેમેરા લગાવવા બાબતઃ

નં. ડી.એમ./વશી/૯-૧૦/૨૦૧૫.-બોટાદ શહેર તથા જિલ્લામાં જુદી જુદી બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનો આવેલા છે. આ બેન્કોમાં રોજની મોટા પ્રમાણમાં નાણાકિય લેવડ-દેવડ થાય છે અને મોટી સંખ્યામાં માણસોની અવરજવર થાય છે. જેના કારણે છેતરપીંડી, પૈસાની ઉઠાંતરી વગેરે ગુન્હાઓ બનવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ ઘણા કિસ્સાઓમાં બનાવટી નોટો બેન્કના ભરણામાં આવે છે. આવા તથા છેતરપીંડી અને પૈસાની ઉઠાંતરી જેવા ગુન્હાઓ પર વોચ રાખવા અને તેને બનતાં અટકાવવા ખૂબજ જરૂરી છે. જો આવા બનાવ બને તો આવા બનાવને અંજામ આપનાર ઈસમો સુધી પહોંચવા માટે અને તેની ઓળખ માટે બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં સી.સી. ટીવ કેમેરા હોવા જરૂરી જણાય છે.

(૨) પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા બાબતઃ

બોટાદ જિલ્લા તથા શહેરમાં આવેલ જુદાં-જુદાં પેટ્રોલપંપ પર રોજના મોટા પ્રમાણમાં માણસોની અવર-જવર રહેતી હોય છે. કેટલીક વાર લુંટ જેવા ગુનાઓ બનતાં હોય છે. તેમજ અમુક અસામાજિક તત્વો ગુનો કરતાં પહેલાં વાહનોમાં ફયુઅલ પુરાવવા આવતાં હોય છે. તેથી આવા તમામ પ્રકારના માણસો ઉપર વોચ રાખવા અને તેને તથા તેની સાથે લઈ આવેલ વાહનો ઓળખવા ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વિઝન સાથેના સીસી ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે અને બોટાદ જિલ્લામાં લુંટ, ધાડ તેમજ પેટ્રોલપંપ ઉપર ફાયરીંગના બનાવો બનેલ છે. જેથી શહેર તથા જિલ્લામાં કાયદો અને વયવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા આંતરીક સુરક્ષાને ધ્યાને લઈને પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા જરૂરી જણાય છે.

આથી હું, વી. સી. વર્મા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં આવેલ તમામ બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં તેમજ તમામ પેટ્રોલપંપો ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વીઝન સાથેના સી.સી. ટીવી કેમેરા લગાવવાના રહેશે.

આ હુકમ તા. ૦૩-૦૧-૨૦૧૫ થી ૦૧-૦૩-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૦૩-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ છે.

બોટાદ, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

જાહેરનામું

નં.ડી.એમ./વશી/૨૧૫૮/૨૦૧૪.-આગામી તા. ૦૪-૦૧-૨૦૧૫, રવિવારનાં રોજ બોટાદ શહેર ખાતે ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત સચિવાલય ઓફીસ આસીસ્ટન્ટની ભરતી માટેની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, વી. સી. વર્મા (I.A.S.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૪-૦૧-૨૦૧૫, રવિવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી બપોરના ૧૫.૦૦ કલાક દરમિયાન નીચેની અનુસૂચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

સચિવાલય ઓફીસ આસીસ્ટન્ટની પરીક્ષાના કેન્દ્રોની યાદી

ક્રમ	કેન્દ્રનું નામ	ગામ/શહેર
૧	સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ખસ રોડ, બોટાદ	બોટાદ
૨	સરકારી હાઈસ્કુલ, સ્ટેશન રોડ, બોટાદ	બોટાદ
૩	શ્રી આર.પી. કોરડીયા વિદ્યાલય, પથિકાશ્રમ પાસે, બોટાદ	બોટાદ
૪	શ્રીમતિ એલ.જે. કન્યા વિદ્યાલય, ગોકુલ મેડીકલ પાસે બોટાદ	બોટાદ
૫	શ્રી આર.સી.એ. બોયઝ હાઈસ્કુલ, હવેલી પાછળ, બોટાદ	બોટાદ
૬	અક્ષર પુરરૂષોત્તમ હાઈસ્કુલ, પટેલ એજ્યુ. વાડોદરીયા હોસ્પિટલ પાસે, બોટાદ	બોટાદ
૭	એમ.ડી. શાહ વિદ્યાલય,, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૮	આદર્શ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળા, ત્રિકોણીય ખોડીયાર પાસે, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૯	જે.એન. બગડીયા માધ્યમિક શાળા, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૦	શ્રી દક્ષિણામુર્તિ વિદ્યાલય, તરઘરા, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૦૧-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૧ માહે જાન્યુઆર, સને ૨૦૧૫.

વી. સી. વર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો, બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૧૫૭૨૯ થી ૧૫૭૭૯/૨૦૧૪.-(૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ આગામી દિવસો દરમ્યાન ઈદેમિલાદ તેમજ મકરસંક્રાંતિનો તહેવાર આવતો હોય જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **પી. બી. ઠાકર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૨-૦૧-૧૫ થી તા. ૧૬-૦૧-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં. તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૨-૦૧-૨૦૧૫ થી તા. ૧૬-૦૧-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૩૧ માહે ડીસેમ્બર–૨૦૧૪નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૩૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

(RJT.)-I-4

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૧૩ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : નાચિ/પલસ/વશી/૧૩૨ થી ૨૬૪/૧૫.-આગામી તા. ૧૪-૧-૨૦૧૫ ના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવાર દરમ્યાન જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો ઉડાવવામાં આવતા હોય છે. આવા પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટિક, સિંથેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ થાય છે. આવા દોરાના કારણે માણસો, પક્ષીઓ, પશુઓ ગંભીર રીતે ઘાયલ થતાં હોવાના અને મૃત્યુ પણ થતુ હોવાના બનાવો બનવા પામતા હોય છે. આથી આવા દોરાઓથી માણસ અને પશુ-પક્ષીઓને થતી વિપરીત અસર નિવારી શકાય તે માટે યોગ્ય નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે. આવા દોરા ‘‘નોન બાયોડીગ્રેડીબલ’’ હોય છે. કાચા અંદાજ મુજબ ગુજરાત રાજ્યમાં મકરસંક્રાંતિના તહેવાર દરમ્યાન ૫૦ લાખ કીલોમીટરની લંબાઈ જેટલો દોરો વપરાય છે. તુટેલા અને વણવપરાયેલા દોરાઓ જમીન ઉપર પડી રહેતા હોય છે. જેના કારણે પાણીના નિકાલની ગટર પાઈપલાઈનો અને કુદરતી પાણીના વહેણ અવરોધાય છે. ગાયો અને અન્ય પ્રાણીઓના ચારામાં આવા પ્લાસ્ટીક દોરાઓ ભળી જતા હોય પશુ મૃત્યુના બનાવો બનતા હોય છે. કયારેક પતંગના દોરાના કારણે વીજ લાઈનમાં વિક્ષેપ ઉભા થાય છે. જેના કારણે શોટ સર્કિટ થતાં ગંભીર ઈજાઓ અને માનવ મૃત્યુના બનાવો બનવા પામે છે. સામાન્ય રીતે પક્ષીઓ આકાશમાં સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન ઉડતા હોય છે. તેથી ખાસ કરીને આ સમયગાળા દરમ્યાન પતંગ ઉડાવવા ઉપર નિયંત્રણ મુકવુ આવશ્યક જણાય છે. આ બાબતે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૨૪-૧૨-૨૦૧૨ના પત્રથી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ ની કલમ-૫ હેઠળ અત્રેને યોગ્ય પગલા લેવા સુચના મળેલ છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૧૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ હું, પી. બી. ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો, અમરેલી આથી ફરમાવું છું કે, અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં કોઈએ તા. ૦૬-૦૧-૨૦૧૫ થી ૧૬-૦૧-૨૦૧૫ સુધી પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટિક, સિંથેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ કરવા કે તે હેતુથી વેચાણ કરવા માટે તથા જાહેર રોડ ઉપર પતંગ ઉડાવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું અને સવારના ૬ થી ૮ અને સાંજના ૫ થી ૭ દરમિયાન પશુઓ વિહાર કરતા હોઈ, સદરહું સમયગાળા દરમિયાન આકાશમાં પતંગ ન ઉડાવવા અનુરોધ કરૂં છું.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૧૭ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

‘‘જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.’’

આ જાહેરનામાની નકલો ચોટાડીને તથા વર્તમાનપત્રો મારફત જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ ૦૬-૦૧-૨૦૧૫ ના મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

અમરેલી, ૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

પી. બી. ઠાકર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૦૧/૧૫.-આગામી ડિસેમ્બર માસમાં કચ્છ જિલ્લામાં નીચે જણાવેલ મેળા/ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

ક્રમ	તારીખ	ઉત્સવ	સ્થળ
૧	૧૦-૦૧-૨૦૧૫ થી ૧૮-૦૧-૨૦૧૫	શ્રી મોરારીબાપુની રામકથા	કાઢવાંઢ, તા. ભુજ
૨	૧૪-૦૧-૨૦૧૫	ઉતરાયણ	સમગ્ર કચ્છ જિલ્લો
૩	૨૨-૦૧-૨૦૧૫	વરણેશ્વર દાદાનો મેળો	વરણું ગામ, તા. રાપર
૪	૨૬-૦૧-૨૦૧૫	પ્રજાસત્તાક દિન	સમગ્ર કચ્છ જિલ્લો
૫	૨૭-૦૧-૨૦૧૫ થી ૦૩-૦૨-૨૦૧૫	શ્રી રમેશભાઈ ઓઝાની કથા	ભુજ

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૬-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા કે તૈયાર કરાવવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ

‘‘સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર’’

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૫-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)બી હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/અખીલ ભારત ગિરનાર સ્પર્ધા/૧૫.- ગુજરાત સરકારશ્રીના યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને રમત-ગમત વિભાગ પ્રેરીત જુનાગઢ જીલ્લા વહીવટીતંત્રના ઉપક્રમે તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ અખીલ ભારત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાનાર છે. આ સ્પર્ધાના કારણે ગિરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓને કારણે આ સ્પર્ધામાં ભાગ લેતા યુવક/યુવતીઓની ટુકડીઓને સ્પર્ધામાં અંતરાય કે ખલેલ ઉભી થવાની પુરેપુરી શક્યતા રહેલી હોય, એવા સંજોગોમાં ગીરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓના સંભવિત વિક્ષેપને દુર કરવા તેમજ સ્પર્ધામાં ભાગ લેતા યુવક યુવતીઓની ટુકડીઓને સંભવિત ખલેલ નિવારવાના હેતુ માટે, સીડી ઉપર સ્પર્ધા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અકસ્માત, જાનહાની સંભાવના નિવારી શકાય તે હેતુથી આ સ્પર્ધા દરમ્યાન ગિરનાર તળેટીથી અંબાજી તરફ જતા ગીરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર આવવા-જવા માટેનું પ્રતિબંધક જાહેરનામું પ્રસિધ્ધ કરવા સભ્ય સચિવશ્રી, ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જુનાગઢના પત્ર નં. જરગઅ/રા.ગીરનાર/૬૮૮૩-૮૪/૧૪-૧૫, તા. ૨૯-૧૨-૨૦૧૪થી દરખાસ્ત થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને–૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૦૪-૦૧-૨૦૧૫ ના રોજ ૦૦-૦૦ (શુન્ય) કલાકથી ૧૨-૦૦ (બાર) કલાક સુધી ગીરનાર તળેટીથી અંબાજી મંદિર તરફ જતી ગીરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યક્તિ/યાત્રાળુઓ ગીરનાર પર્વતની સીડીના પગથીયા દ્વારા ઉપર જવા કે નીચે ઉતરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું સ્પર્ધાના અધિકૃત અધિકારીશ્રીઓ/સ્વયં સેવકોને સ્પર્ધા વ્યવસ્થામાં કાયદેસરની ફરજ બજાવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ જાહેરનામું આજરોજ તા. ૩૦ માહે ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૪૪૮૦/૧૪, તા. ૩૧-૧૨-૨૦૧૪થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) આ સમય દરમ્યાન મકરસંક્રાતી તહેવાર આવે છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૭-૦૧-૨૦૧૫ના રોજથી તા. ૨૦-૦૧-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા

કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૨, માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/દાતાર/૫૩૮૯/૨૦૧૪.-આ કચેરીના સરખા ક્રમાંકવાળા તા. ૨૦-૧૨-૨૦૧૪ થી દાતાર ઉર્ષ સંબંધે તા. ૩૧-૧૨-૨૦૧૪ થી તા. ૪-૧-૨૦૧૫ સુધીના પ્રસિધ્ધ કરેલ જાહેરનામામાં પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની દરખાસ્ત આધારે તા. ૫-૧-૨૦૧૫ સુધીની મુદત વધારી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૦૩-જાન્યુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડયો.

જુનાગઢ, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/દાતાર/૫૩૯૦/૨૦૧૪.-આ કચેરીના સરખા ક્રમાંકવાળા તા. ૨૦-૧૨-૨૦૧૪ થી દાતાર ઉર્ષ સંબંધે તા. ૩૧-૧૨-૨૦૧૪ ના રોજ ૦૦-૦૦ (શુન્ય) કલાક થી તા. ૪-૧-૨૦૧૫ ના રોજ ૨૪-૦૦ (ચોવીસ) કલાક સુધીના પ્રસિધ્ધ કરેલ જાહેરનામામાં પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની દરખાસ્ત આધારે તા. ૫-૧-૨૦૧૫ સુધીની મુદત વધારી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૦૩-જાન્યુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડયો.

જુનાગઢ, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક:એમએજી/સી/૫૪૫૮/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક: SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૫૨૧/૧૪, તા. ૨૨-૧૨-૨૦૧૪થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતો હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે, વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઇલની ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઇલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઇલની ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઇલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૬મી માહે ડિસેમ્બર, સને-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૬ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/વાહન લે-વેચ/૫૪૫૭/૨૦૧૪.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીર્સ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/વાહન/લે-વેચ/૫૨૦/૧૪, તા. ૨૨-૧૨-૨૦૧૪થી દરખાસ્ત રજુ થયેલ છે. ઉકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, આથી હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન

INDEX

થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદનુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની સ્થાનીક પોલીસ સ્ટેશનના સિક્કા કરાવી અવશ્યકપણે નિભાવણી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે/ કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી(જાત), ઉંમર, સરનામું, કોન્ટેક નંબર	વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આવા વેપારીએ દર મહીનાને અંતે આવા ખરીદ-વેચાણ કરેલ વાહનોની વિગતો એસ.ઓ.જી. શાખા, જુની પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, દિવાન ચોક, જુનાગઢ ખાતે અચુક રજુ કરવાની રહેશે.

આ હુકમ તા. ૨૮-૧૨-૨૦૧૪ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૨૮, માહે ડિસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૪.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૭૧૧/૨૦૧૪.-આગામી દિવસોમાં મકરસંક્રાતિના તહેવાર સબબ પતંગ મહોત્સવની ઉજવણી થતી હોય છે. આ પતંગ મહોત્સવમાં પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનાની દોરીનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આ પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનાની દોરીથી પક્ષીઓને તથા માણસોને જીવલેણ ઈજા થાય છે. આ જીવલેણ ઈજાઓ ન થાય તે હેતુથી વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ઈએનવી/૧૦/૨૦૦૯/૪૦૦/ઈ, તા. ૨૨-૧૦-૨૦૧૪થી વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે પતંગ મહોત્સવ દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનાની દોરીના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવા માટે ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં મકરસંક્રાતિ તહેવાર સબબ પતંગ મહોત્સવની ઉજવણીના કામે પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનાની દોરીનો ઉપયોગ નહી કરવા અને વેચાણ નહી કરવા પ્રતિબંધ લાદવો જરૂરી જણાય છે. જેથી હું, **ચિરાગ ચાવડા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર** ગુજરાત અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૦૮-૦૧-૨૦૧૫ થી તા. ૨૦-૦૧-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. પોરબંદર જિલ્લા વિસ્તારમાં મકરસંક્રાતિ સબબ પતંગ મહોત્સવના કામે પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનાની દોરીનો ઉપયોગ કરવા તથા વેચાણ કરવા ઉપર મનાઈ ફરમાવવામાં આવે છે.

૨. પોરબંદર જિલ્લા વિસ્તારમાં મકરસંક્રાતિ સબબ પતંગ મહોત્સવના કામે આકાશમાં કરવામાં આવતી તમામ પ્રકારની આતશબાજી ઉપર મનાઈ ફરમાવવામાં આવે છે.

INDEX

૩. તેમજ સવારના ૬.૦૦ થી ૮.૦૦ તથા સાંજના ૫.૦૦ થી ૮.૦૦ પશુ-પક્ષીઓ વિચરતા હોય સદરહુ સમયગાળા દરમ્યાન આકાશમાં પતંગ ન ઉડાડવા અનુરોધ કરૂં છું.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૮-૦૧-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ચિરાગ ચાવડા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

જાહેરનામું

નં. ડીએમ-૧/ઈદ-જા.ના./ઈ.નં. ૫૩૮૩૪/૨૦૧૪.-તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ ઈદ-એ-મીલાદનો તહેવાર છે. આ તહેવારના દિવસે ભાવનગર શહેરમાં ચાવડીગેઈટ પાસે મહંમદશા બાપુની વાડીએથી એક ઝુલુસ નીકળનાર છે. આ ઝુલુસમાં ઘોડાગાડી, બગી, ઉંટગાડી, રીક્ષાઓ, ટ્રક, મોટર વિગેરે વાહનો મોટા પ્રમાણમાં જોડાનાર છે. જે વાહનોમાં ઝુલુસના માણસો અંદર બેસીને નીકળે છે. જેથી વાહન વ્યવહાર સ્થગીત થાય નહીં અને ટ્રાફીકનું નિયમન થાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, **એમ. એ. સૈયદ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** નીચે જણાવેલ રસ્તાઓને તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ સુધી એકમાર્ગીય જાહેર કરૂં છું.

(૧) ચાવડીગેટથી વડવા તલાવડી થઈ અલકા ગેટ ચોક સુધીનો રસ્તોઃ- અલકા ચોક તરફથી વડવા તલાવડી થઈ ચાવડી ગેટ તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૨) અલકા ચોકથી મતવા ચોક થઈ શેલારશા ચોક સુધીનો રસ્તો :- શેલારા ચોકથી મતવા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૩) મીનીગેસ્ટ હાઉસથી શેલારશા ચોક સુધીનો રસ્તો :- મીનીગેસ્ટ હાઉસથી શેલારશા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૪) વાસણઘાટ થી દરબારી કોઠાર થઈ શેલારશા ચોક સુધીનો રસ્તો :-વાસણઘાટ થી દરબારી કોઠાર થઈ શેલારશા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૫) હેરીસરોડના નાકાથી આંબાચોક થઈ શેલારશા ચોક સુધીનો રસ્તોઃ- હેરીસરોડ તરફથી શેલારશા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૬) ઘોઘાગેટથી હેરીસરોડના નાકા સુધીની રસ્તોઃ- ઘોઘગેટથી હેરીસરોડ તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૭) બાર્ટન લાયબ્રેરી ચોકથી વોરા બજાર જસુભાઈ જવેલર્સવાળાની દુકાન સુધીનો રસ્તોઃ-બાર્ટન લાયબ્રેરી ચોકથી વોરા બજાર જસુભાઈ જવેલર્સવાળાની દુકાન તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૮) હલુરીયાચોકથી બાર્ટન ચોક સુધીનો રસ્તો :-હલુરીયા ચોક તરફથી આવતા તેમજ મામાકોઠાથી બાર્ટન ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૯) હલુરીયા ચોકથી હાઈકોર્ટ રોડથી ઘોઘાગેટ ચોક સુધીનો રસ્તોઃ-ઘોઘાગેટચોકથી હાઈકોર્ટ રોડ થઈ હલુરીયાચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૧૦) વાસણઘાટથી ગંગાજળીયા તળાવ, હેવમોર ચોક થઈ ઘોઘાગેઈટ સુધીનો રસ્તો :-વાસણઘાટથી ગંગાજળીયા તળાવ, હેવમોર ચોક થઈ ઘોઘાગેઈટ તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધ.

આ હુકમ/જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

ઉપર જણાવેલ સ્થળે જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/પરીક્ષા/ઈ.નં. ૫૩૫૬૨/૨૦૧૪.-સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા, ભાવનગર શહેરમાં, ગાંધીનગર સચિવાલયના ઓફિસ આસીસ્ટન્ટની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ

એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, **એમ. એ. સૈયદ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૪-૦૧-૨૦૧૫ના રોજ ૧૧-૩૦ કલાકથી ૧૫-૦૦ કલાક સુધી નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પિકર કે બેન્ડવાજા વિગેર ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ/સેલ્યુલર ફોન/ક્લકયુલેટર લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત સિવાય કોઈ અનઅધિકૃત વ્યકિતએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/શાળાનું નામ
૧	નંદકુંવરબા ક્ષ.કન્યા વિલય, નીલમબાગ ચોક, ભાવનગર
૨	શ્રી કુમાર શાળા, ડેરી રોડ, ભાવનગર
૩	એમ કે જમોડ વિદ્યાલય, પાનવાડી રોડ, ભાવનગર
૪	સનાતન ધર્મ હાઈસ્કુલ, વડવા વોશિંગ ઘાટ, ભાવનગર
૫	ટી.બી.જૈન ગર્લ્સ હાઈસ્કુલ, ઘોઘાગેટ, ભાવનગર
૬	શાંતિલાલ શાહ હાઈસ્કૂલ, હલુરીયા ચોક ભાવનગર
૭	સરકારી માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલ, હલુરીયા ચોક, ભાવનગર
૮	મુકતાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કૂલ, હલુરીયા ચોક, ક્રેસન્ટ રોડ, ભાવનગર
૯	ધનેશ મહેતા હાઈસ્કૂલ, ક્રેસન્ટ સર્કલ, ભાવનગર
૧૦	પ્રણવબક્ષી વિનય મંદિર, શિશુ વિહાર સર્કલ, ભાવનગર
૧૧	મહાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કૂલ, ડોન ચોક, ભાવનગર
૧૨	અલ મહેંદી સ્કુલ, યુનિટ-૧, શિશુવિહાર સર્કલ, ભાવનગર
૧૩	અલ મહેંદી સ્કુલ, યુનિટ-૨, શિશુવિહાર સર્કલ, ભાવનગર
૧૪	બી.એમ. કોમર્સ, ભાવનગર, ઘોઘા સર્કલ, ભાવનગર
૧૫	નંદકુંવરબા મહિલા કોલેજ યુનીટ-૧, દેવરાજનગર, શહેર ફરતી સડક, ભાવનગર
૧૬	સ્વામીનારાયણ હાઈસ્કુલ, યુનીટ-૧, સરદારનગર, ભાવનગર
૧૭	સ્વામીનારાયણ હાઈસ્કુલ, યુનીટ-૨, સરદારનગર, ભાવનગર
૧૮	સંત કંવરરામ સિંધી હાઈસ્કુલ, સરદારનગર, ભાવનગર
૧૯	શ્રી આર્યકુળ કન્યા વિદ્યાલય, ભરતનગર, ભાવનગર
૨૦	દક્ષિણામૂર્તિ વિનય મંદિર, વધાવાડી રોડ, ભાવનગર
૨૧	શ્રી ઘરશાળા વિદ્યાલય, વધાવાડી રોડ, ભાવનગર
૨૨	વિશુદ્ધાનંદ વિદ્યાલય, વિદ્યાનગર, ભાવનગર
૨૩	એકતા હાઈસ્કૂલ, રામમંત્ર મંદિર, ભાવનગર
૨૪	બી.એન.વિરાણી સ્કૂલ, યુનિટ-૧, વિરાણી ચોક, કાળીયાબીડ, ભાવનગર
૨૫	બી.એન.વિરાણી સ્કૂલ, યુનિટ-૧, વિરાણી ચોક, કાળીયાબીડ, ભાવનગર
૨૬	શ્રી અમર જ્યોતિ સરસ્વતી વિદ્યાલય, સિલ્વર બેલ્સ, કાળીયાબીડ, ભાવનગર
૨૭	વિદ્યાદીશ વિદ્યાસંકુલ, કાળીયાબીડ, ભાવનગર
૨૮	શ્રી જી.એમ.ડોંડા પ્રાથમિક શાળા, સરદાર પટેલ વિદ્યાસંકુલ, કાળીયાબીડ
૨૯	એલ.જી. કાકડિયા ઉ.મા. શાળા, સરદાર પટેલ વિદ્યાસંકુલ, કાળીયાબીડ
૩૦	એમ.એસ.લાખની કન્યા વિદ્યાલય, સરદાર વિદ્યાસંકુલ, કાળીયાબીડ, ભાવનગર

સદરહું જાહેરનામું ઉક્ત જણવ્યા મુજબના પરીક્ષાકેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

મોબાઈલ/સેલ્યુલર ફોન/કેલકયુલેટર અંગે કોઈ સરકારશ્રી તરફથી સૂચના આપેલ હોય તે બાબતે છુટછાટ રહેશે.

આજ તારીખ ૩૧-૧૨-૨૦૧૪ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ.નં. ૫૪૦૮૨/૨૦૧૪-૧૫.- ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉક્ત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી. ટી.વી કેમેરા હોવા જરૂરી જણાય છે.

આથી હું, **એમ. એ. સૈયદ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી. ટી.વી કેમેરાઓ લગાવવાના રહેશે.

આ હુકમ તા. ૧૦-૦૧-૨૦૧૫ થી તા. ૧૦-૦૩-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૩-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એમ. એ. સૈયદ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ નું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/બોર-કુવા/જાહેરનામા/૨૦૧૪-વશી-૧૯૭૭૬ થી ૧૯૮૭૬.-ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના ઘણા કીસ્સાઓ બનેલ છે, કેટલાય કીસ્સાઓમાં બાળકોના મૃત્યુ થવા પામેલ છે. આવા ખુલ્લા બોર-કુવા સંબધે સાવચેતીના પગલા લેવા માટે નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાએ ગાઈડલાઈન આપેલી છે. ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલા લેવા જરૂરી છે.

જેથી હું, વી. કે. મહેતા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાઉ છું કે, સુરેન્દ્રનગર જિલ્લાની મહેસુલી હદમાં બોર-કુવા બનાવતા પહેલા તથા બનાવ્યા બાદ બોરવેલ/ટયુબવેલના માલિક/ઉપયોગકર્તા/ડ્રીલીંગ એજન્સીએ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. બોરવેલ/ટયુબવેલનું બાંધકામ શરૂ કરતા પહેલા જગ્યાના માલીકે સ્થાનીક સતામંડળ તથા સ્થાનીક પોલિસને ૧૫ દિવસ પહેલા જાણ કરવાની રહેશે.

૨. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનીક સતામંડળ પાસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૩. બોરવેલ/ટયુબવેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે નીચે જણાવેલ વિગતો સાથેનું સલામતી સુચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે.

  ૩.૧ બોલવેલ/ટયુબવેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રીલીંગ એજન્સીનું નામ તથા પુરૂ સરનામું.

  ૩.૨ બોલવેલ/ટયુબવેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલીકનું પુરૂ નામ તથા સરનામું.

૪. બોલવેલ/ટયુબવેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા યોગ્ય વાડ/અંતરાયો રાખવાના રહેશે.

૫. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦ × ૦.૫૦ × ૦.૬૦ (૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સીમેન્ટ-ક્રોકીંટવાળુ પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.

૬. સ્ટિલ પ્લેટ વેલ્ડીંગ કરી અથવા નટ બોલ્ટ સાથે મજબુત પ્લેટ ફીટ કરી બોરવેલ/ટયુબવેલનું કેપીંગ કરવાનું રહેશે.

૭. પંપ સમારકામ અથવા અન્ય કોઈ સમારકામ દરમ્યાન બોરવેલ/ટયુબવેલ ખુલ્લા છોડી શકાશે નહીં.

૮. બાંધકામ/સમારકામ પુર્ણ થયા બાદ ખાડા/ચેનલમાં માટી ભરવાની રહેશે.

૯. બીન ઉપયોગી અથવા ત્યજી દેવાયેલો બોરવેલ/ટયુબવેલ અંગે સ્થાનીક સતા મંડળ પાસેથી એક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને માટી/રેતી/કાંકરા વિગેરે દ્વારા નીચેથી ગ્રાઉન્ડ લેવલ સુધી ભરી દેવાના રહેશે.

૧૦. ડ્રિલીંગ પૂર્ણ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ ડ્રીલીંગ શરૂ કર્યા પહેલા જે સ્થિતિમાં હોય તે સ્થિમિમાં લાવવાનું રહેશે.

૧૧ બોરવેલ/ટયુબવેલ હાલ બીન ઉપયોગી હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેને નટ-બોલ્ટ સાથે બોરકેપ લગાવી ઢાંકી દેવાના રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારોમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગર, ૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૪/વશી-૧૩ થી ૧૧૩.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે, તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૬-૦૧-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૯/૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૯-૦૧-૨૦૧૫ થી તારીખ : ૨૩-૦૧-૨૦૧૫ સુધી (બંને તારીખ સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની, એકઠા કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ એ અથવા તેઓએ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૪/વશી-૧૧૪ થી ૨૧૪.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૬-૦૧-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૮/૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૯-૦૧-૨૦૧૫ થી તારીખ : ૨૩-૦૧-૨૦૧૫ સુધીની (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/ઉત્તરાયણ જા.નામું/૨૦૧૫/વશી/૨૩૬ થી ૩૩૫.-આગામી દિવસોમાં આવનાર મકરસંક્રાંતિ તહેવાર દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને કોઈપણ પ્રકારની ઈજા ન થાય તે માટે તકેદારી રાખવા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૫ માં જણાવેલ માર્ગદર્શક સુચનો/દિશા નિર્દેશ ધ્યાને લઈ જરૂરી પ્રતિબંધાત્મક આદેશે ફરમાવવા જરૂરી કાર્યવાહી કરવા સુચના થઈ આવેલ છે.

આગામી તા. ૧૪-૦૧-૨૦૧૫ તથા તા. ૧૫-૦૧-૨૦૧૫ના રોજ મકરસંક્રાતિના તહેવાર દરમ્યાન લોકો દ્વાર પતંગ ચગાવવા માટે પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવામાં આવે છે. તહેવાર દરમ્યાન ઉપયોગમાં લેવાતી આ પ્રકારની પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને જીવલેણ ઈજાઓ થવાની સંભાવના રહેલી છે. જેથી આવતા મકરસંક્રાતિના તહેવાર અનુસંધાને લોકો દ્વારા પતંગ ચગાવવા માટે પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીનો ઉપયોગ તથા વેચાણ કરવામાં આવે તે હકીકત ધ્યાને રાખી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આ પ્રકારના બનાવટી ચાઈનીઝ

દોરીથી પક્ષીઓ તથા માણસોને કોઈપણ પ્રકારની ઈજા ન થાય તથા તેઓની સલામતી જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીના અનઅધિકૃત વેચાણ/ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવવો મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં **તા. ૦૯-૦૧-૨૦૧૫ થી તા. ૨૩-૦૧-૨૦૧૫ સુધી** (બંન્ને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીના અનઅધિકૃત વેચાણ તથા તેના ઉપયોગ કરવા પર મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો આઈ.પી.સી.ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વી. કે. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

જાહેરનામુ

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૩૫/૨૦૧૫.-રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩માં આવેલ બફેલ રેન્જ ખાતે તા. ૦૬-૦૧-૨૦૧૫ થી તા. ૦૭-૦૧-૨૦૧૫ સુધી એસ.આર.પી. ગ્રુપ-૧૩ ઘંટેશ્વરના અધિકારી તથા જવાનોનું વર્ષ-૨૦૧૪નાં ગ્લોબ પીસ્ટલનું ફાયરીંગ પ્રેકટીસ હોય, ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગે ખુલ્લા વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે નીચે મુજબ હુકમ કરવો જરૂરી હોવાનું અમોને જરૂરી જણાય છે.

જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)થી મળેલ અધિકારની રૂએ હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર આથી આદેશ કરૂ છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. કેમ્પ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૬-૦૧-૨૦૧૫ થી તા. ૦૭-૦૧-૨૦૧૫ સુધી જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૦૫-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૪/૦૭૩/૨૦૧૫.-તાજેતરની ત્રાસવાદી તેમજ રાષ્ટ્ર વિરોધી અને ગુન્હાહીત પ્રવૃતિઓ નિયંત્રણમાં મુકી શકાય અને કોઈ ગુન્હો બને તો ગુન્હેગારોના મુળ સુધી પહોંચી યોગ્ય નશ્યત કરી શકાય તે માટે શકમંદોની હીલચાલ ઉપર નજર રાખી શકાય તે હેતુસર રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલ તમામ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ગ્રાહકો કે પ્રવાસીઓ રાત્રી રોકાણ કરે ત્યારે નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીકો/સંચાલકોને હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડબલ્યુ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યોની અમલવારી કરવા ફરમાવું છું.

કૃત્યો :-

(૧) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં રોકાણ કરનાર પ્રવાસી/યાત્રીક તેમજ તેઓની સાથેના તમામ વ્યક્તિઓના પુરા નામ, રહેઠાણનું કાયમી સરનામું, ઉંમર, ફોન નંબર, મોબાઈલ નંબર રજીસ્ટરમાં લખવાના રહેશે તથા યાત્રીક/પ્રવાશી શિક્ષીત હોય તો રજીસ્ટરમાં નોંધ યાત્રીકો/પ્રવાસીઓના હસ્તાક્ષરમાં કરાવવાની રહેશે. આ રજીસ્ટરમાં ઉતારાની નકલ બીજા દિવસે સવારે કલાક ૧૧-૦૦ સુધીમાં સબંધીત પોલીસ સબંધીત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે.

(૨) નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં એકથી વધારે પ્રવાસીઓ/યાત્રકો એકજ કુટુંબના સભ્યો હોય તો તે કુટુંબમાં સમાવિષ્ટ પૈકી કોઈપણ એક પુખ્તવયના યાત્રીક/પ્રવાસીનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધાર કાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખાર્ડની નકલ મેળવવાની રહેશે અને જો એકથી વધારે પ્રવાસીઓ/યાત્રીકોના જુથમાં આવેલ હોય અને દરેક વ્યકિત કોઈ આંતરીક સબંધ ધરાવતાં ન હોય ફકત જુથમાં જ આવેલ હોય તો દરેક વ્યકિતનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધારકાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખકાર્ડની નકલ મેળવવાની રહેશે અને તેની વિગતો હોટલ/ગેસ્ટ હાઉસમાં રજીસ્ટરમાં લખવાની રહેશે.

(૩) નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં કલાકથી બે કલાક જેટલા ટુંકા ગાળા માટે તેમજ વિનામુલ્યે રોકાણની સુવિધા પુરી પાડવામાં આવે તો પણ રોકાણ કરનાર ગ્રાહકોની વિગતો સંપુર્ણ મેળવ્યા બાદ જ ઉતારો આપવાનો રહેશે.

(૪) યાત્રીક/પ્રવાસીએ રજુ કરેલ તેમના ફોટા ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીક/સંચાલકે મેળવી ઓછામાં ઓછા ૬ માસ સુધી રેકોર્ડમાં જાળવાની રહેશે. જો કોઈ કેસમાં તપાસનીશ એજન્સી તરફથી આવું રેકર્ડ વધારે સમય માટે જાળવવામાં આવે તો સબંધીત એજન્સી જણાવે ત્યાં સુધી જાળવવાનું રહેશે.

(૫) નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલકિ/સંચાલકશ્રીએ નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ઉતરનાર વિદેશી નાગરીકોની વિગતો ઓળખકાર્ડના પુરાવા સાથે દર માસની ૧૫મી તારીખ અંતિત માહીતી દર માસની ૧૭મી તારીખ સુધીમાં અને બાકીના ૧૫ દિવસ એટલે કે, તા. ૩૦ની અંતિત માહિતી બીજા માસની બીજી તારીખ સુધીમાં સબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે. સંબંધીત પોલીસ સ્ટેશનને આવી માહિતિ એકત્ર કરી દર માસની ૦૫ મી તારીખ સુધીમાં અત્રેની પાસપોર્ટ શાખામાં મોકલી આપવાની રહેશે.

(૬) નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં પ્રવેશનાર તથા રોકાણ કરનારની પ્રવેશ કરતાં અને જતી વખતે ફિલ્મ ઉતારી શકે તે રીતેના નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બાર્ડીંગ હાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા શકય તેટલી ફીટ કરવાના રહેશે તથા તેનું રેકોર્ડીંગ એક માસ સુધી જાળવવાનું રહેશે અને તપાસનીશ એજન્સી માંગે ત્યારે રેકોર્ડીંગની કોપી વિના વિલંબે પુરી પાડવાની રહેશે.

(૭) નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં આવતા ગ્રાહકો જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને મેઈક પણ લખવા તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવી.

આ જાહેરનામું તા. ૧૫-૦૧-૨૦૧૫ થી તા. ૧૪-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ નીચે બીન જામીન લાયક ગુના હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખઃ ૦૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૦૭૫/૨૦૧૪.-રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં વહેલી સવારના ટ્યુશન કલાસીસ શરૂ થાય છે. આ ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. ભુતકાળમાં સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટ્યુશન કલાસમાં જતાં વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. ભવિષ્યમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શહેરની શાંતી અને સલામતી જોખમાય નહી તે હેતુસર જાહેર હીતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં વહેલી સવારે કલાક ૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮-૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટ્યુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર સી./૧૦૮૨/૧૦૮૦/એમ. તથા ગૃહ વિભાગના તા. ૦૭-૦૧ ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

પ્રતિબંત કૃત્યો તથા વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં સવારના કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student)ના શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર આ પ્રતિબંધ લાગુ પડે છે અને આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) લાગુ પડતો નથી.

પ્રતિબંધિત સમય

આ હુકમ તા. ૨૧-૦૧-૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૩-૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર, પોલીસ કમિશ્નરના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૦૭ માહે જાન્યુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

રાજકોટ, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૦૭૬/૨૦૧૪.-આતંકવાદીઓ તરફથી આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા તથા ખુન/ધાડ/લુંટ જેવા જધન્ય અપરાધ આચરવા માટે, ગુન્હો કરતા પહેલા કે આંતકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા એકત્ર થવા અને આંતકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઈ જવા માટે અને ગુન્હેગારો સાથે સંપર્ક જાળવી રાખવામાં સંદેશાવ્યવહાર માટે પોતાની પાસે વ્યકિતગત ફોન હવા છતાં ટેલીફોન કોઈન બોક્ષ તેમજ પબ્લીક S.T.D. P.C.O. બુથ પરથી કોલ કરવા માટે ઉપયોગ કરે છે. લેન્ડ લાઈન તથા મોબાઈલ વ્યકિતગત ધોરણે સુવીધા ધરાવતાં હોવા છતાં ગુન્હો આચરવા માટે જ કોઈન કનેકશન બોક્ષ ટેલીફોન કે S.T.D. P.C.O. નો ઉપયોગ કરી ખુન, અપહરણ, લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુન્હો આચર્યે રાખે છે અને જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે અને જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આજ પ્રકારના કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. સુવીધા ધરાવતાં પબ્લીક બુથ પરથી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Colls) કરી ભીડ-ભાડવાળી જગ્યાઓએ જેવી કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ધાર્મીક સ્થળો, મોલ, મલ્ટીપ્લેક્ષ, જાહેર સરકારી ઓફીસો, એકમો, બેંકો વિગેરે જ્યાં જાહેર જનતા મોટા પ્રમાણમાં અવરજવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતિની લાગણી ઊભી કરી ઘણીવાર આવા હોકસ કોલ્સને લીધે સ્ટેમ્પેડ (ભાગદોડ) થવાની અને મોટી જાનહાની થવાની શકયતા નકારી

શકાતી નથી. આ ઉપરાંત આવા S.T.D./I.S.D. P.C.O. અને કોઈન બોક્ષ પરથી કોલર (ફોન કરનાર વ્યકિત)ની ઓળખ છુપાવી શકાતી હોય સભ્ય સમાજના સ્ત્રી-પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓ મુખ્યત્વે કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. પર (કોલ કરનાર) કોલરની ઓળખ માટે કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે બનતા હોવાનું જણાઈ આવેલ છે. આવા હોકસ કોલની તપાસ કોઈન બોક્ષ કે S.T.D./I.S.D. P.C.O. સુધી જઈને અટકી જતી હોય છે અને ગુન્હેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતિની ભાવના ઉત્પન કરે છે.

જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિને અંજામ આપનારા ઈસમો અને અસામાજીક તત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી તથા જાહેર માલ-મિલ્કતને મોટું નુકશાન થતું અટકાવવા તકેદારીના પગલા રૂપે S.T.D./I.S.D. P.C.O. તથા કોઈન બોક્ષ ધારકો તથા સર્વીસ પ્રોવાઈડરો ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું ઈસ્ટ જણાય છે.

હુકમ

વાસ્તે હું **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કોઈન કલેકશન બોક્ષ STD/I.S.D. P.C.O. ધારકો તથા સર્વીસ પ્રોવાઈડર્સ (૧) ભારત સંચાર નિગમ લી (૨) રીલાયન્સ કોમ્યુનીકેશન લી (૩) ભારતી એરટેલ લી., (૪) ટાટા ટેલી સર્વીસ લી. (૫) આઈડીયા સેલ્યુલર લીમીટેડ (૬) વોડાફોન (૭) એરસેલ (૮) વીડીયોકોન (૯) યુનીનોર જેવી સેલ્યુલર કંપનીઓ તથા અન્ય કોઈપણ સેલ્યુલર કંપની ફેંન્ચાઈઝીથી S.T.D./I.S.D. P.C.O. અને COIN BOXની સુવીધા પુરી પાડતી હોય તે કંપનીઓ તરફથી કોઈન બોક્ષ S.T.D./I.S.D. P.C.O. ઉપર ફોન કરવા આવનાર વ્યકિતની (કોલરની) ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) S.T.D./I.S.D. P.C.O. ધારકે તથા ફ્રેન્ચાઈસી હોલ્ડરે કોલર વ્યકિતનું રજીસ્ટર નીભાવવાનું રહેશે. જેમાં કોલરનું નામ, સરનામું અને તેના મોબાઈલ નંબર લખવાનો રહેશે અને તેણે કરેલ કોલના નંબર લખવાના રહેશે.

(૨) કોલર વ્યકિતના ફોટો, આઈ.ડી. પ્રુફ જેવા કે ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ લઈને વેરીફાઈ કરીને કોલરનું નામ, રજીસ્ટરે નોંધ કર્યા બાદ જ કોલ કરવા દેવાનો રહેશે અને આ રજીસ્ટર એક વર્ષ સુધી સાચવી રાખવાનું રહેશે અને તપાસનાં કામે પોલીસ તરફથી માંગવામાં આવેથી ઉપલબ્ધ કરવાનું રહેશે.

(૩) સર્વીસ, પ્રોવાઈડર્સએ S.T.D./I.S.D. P.C.O. બુથ અને કોઈન બોક્ષ પર કોલ કરનાર વ્યકિતનો ચહેરો CCTV વેબકેમેરાથી સ્પષ્ટપણે સંપૂર્ણ કવરેજ થાય તે માટે નાઈટ વિઝન તથા હાઈ રીઝોલ્યુશનવાળા CCTV વેબ કેમેરાની સગવડ ઉપલબ્ધ કરવાની રહેશે અને CCTV વેબ ફુટેજ એક માસ સુધી જાળવી રાખવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૨૧-૦૧-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૩-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૦૭ જાન્યુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સીકકો કરી આપેલ છે.

રાજકોટ, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૦૭૪/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેવુ લેનારા વેંચનાર વ્યકિત જણાવે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સિમકાર્ડ, હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેંચ્યો? તે જાણવું જરૂરી જણાય છે.

આથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનીયમ (સી.આર.પી.સી.)-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેંચ કરનાર વેપારીઓએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું પુરેપુરૂ નામ, સરનામું અને મોબાઈલ નંબર સાથેની વિગત રજીસ્ટરમાં કાયમી ધોરણે રાખવાની રહેશે અને મોબાઈલ વેંચનારના રહેણાંકના તથા ફોટો આઈ.ડી.ના પુરાવા મેળવવાના રહેશે. જ્યારે જુના મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું પુરેપુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબરની વિગત રજીસ્ટ્રરમાં નોંધવાની રહેશે અને મોબાઈલ લેનારએ પોતાનું રહેણાંકના સરનામાનું પ્રુફ તથા ફોટો આઈ.ડી. પ્રુફ આપવાનું રહેશે અને તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઇલ ગ્રાહક પાસેથી ખરીદતી વખતે તથા જુના મોબાઇલ ગ્રાહકને વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઇલની વિગત/કંપની	IMEI No.	મોબાઇલ વેંચનાર/ખરીદનારનું પુરૂં નામ, સરનામુ તથા મોબાઇલ નંબરની વિગત	ID પ્રુફની વિગત

આ હુકમ તા. ૧૫-૦૧-૨૦૧૫ થી તા. ૧૪-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૦૭ માહે જાન્યુઆરી, સને-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૭ માહે જાન્યુઆરી, સને-૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. જોન્સન કંટ્રોલ લિ., નોં. નં. ૨૪૦૭૪૬૦૧૪૪૧ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૫), ઘટક-૧૧, અમદાવાદના પત્રાંક જા. ૪૭૫૫/૫૬, તારીખ ૨૦-૦૮-૨૦૧૪.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૧૬૭૯, તા. ૨૧-૦૮-૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૬૧૫૨/૭૧.-વાણિજ્યિકવેરા અધિકારી-(૫), ઘટક-૧૧, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. જોન્સન કંટ્રોલ લિ., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૪૬૦૧૪૪૧ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૪૬૦૧૪૪૧ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૯૫૧૫૬૧૩ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	જોન્સન કંટ્રોલ લિ. ૨૪૦૭૪૬૦૧૪૪૧ ૨૪૫૭૪૬૦૧૪૪૧	વા. વે. અધિકારી (૫), ઘટક-૧૧, અમદાવાદ.	"C" Form No. : ૯૫૧૫૬૧૩	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણમાં લીધું :

(૧) મે. એઈએસ ઈન્ક. નોં. નં. ૨૪૦૭૦૪૦૩૯૧૮ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૧, અમદાવાદના પત્રાંક જા. ૨૨૧/૨૨, તારીખઃ ૦૮-૦૫-૨૦૧૪.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧ ના પત્રાંક : જા. ૬૨૨, તા. ૦૩-૦૬-૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૬૧૧૨/૩૧.-વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૧, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એઈએસ ઈન્ક. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૦૪૦૩૯૧૮ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૦૪૦૩૯૧૮ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૯૪૯૮૪૫૭ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. એઈએસ ઈન્ક. ૨૪૦૭૦૪૦૩૯૧૮ ૨૪૫૭૦૪૦૩૯૧૮	વા. વે. અધિકારી (૪), ઘટક-૧, અમદાવાદ.	"C" Form No. : ૯૪૯૮૪૫૭	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણમાં લીધું :

(૧) મે. નારાયણ સ્ટીલ નોં. નં. ૨૪૦૭૩૩૦૧૭૫૨ ની 'એફ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૩૦૪૧, તારીખ: ૧૫-૧૨-૨૦૧૪.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૩૮૧૮/૧૯, તા. ૧૬-૧૨-૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૬૧૩૨/૩૧.-વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. નારાયણ સ્ટીલ, કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૧૭૫૨ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૧૭૫૨ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "F" Form No. : ૦૨૯૨૬૨૭ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના F-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. નારાયણ સ્ટીલ ૨૪૦૭૩૩૦૧૭૫૨ ૨૪૫૭૩૩૦૧૭૫૨	વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ.	"F" Form No. : ૦૨૯૨૬૨૭	૦૧ (એક) "F" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "એફ" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણમાં લીધું :

(૧) મે. સિમેન્સ લિમીટેડ નોં. નં. ૨૪૦૭૩૪૦૩૨૨૩ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૨), ઘટક-૮, અમદાવાદના પત્રાંક જા. ૩૯૯૧/૯૨, તારીખ: ૧૨-૦૮-૨૦૧૪.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧ ના પત્રાંક : જા. ૨૬૩૯/૪૦, તા. ૧૮-૦૯-૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૬૧૭૨/૯૧.-વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૧, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. સિમેન્સ લિમીટેડ. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૪૦૩૨૨૩ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૪૦૩૨૨૩ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૯૪૯૮૪૫૭ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. સીમેન્સ લિમીટેડ ૨૪૦૭૩૪૦૩૨૨૩ ૨૪૫૭૩૪૦૩૨૨૩	વા. વે. અધિકારી (૨), ઘટક-૮, અમદાવાદ.	"C" Form No. : ૯૪૯૮૪૫૭	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

વંચાણમાં લીધું :

(૧) વેપારીશ્રી મે. મિલ્કોટેક ઈકવીપમેન્ટ પ્રા.લી., નોં. નં. ૨૪૦૬૦૧૦૩૬૨૧ના અને સી.એસ.ટી.નં. ૨૪૫૬૦૧૦૩૬૨૧ ખોવાયેલ સી ફોર્મની અરજી તા. ૦૯-૦૮-૨૦૧૨, તા. ૧૦-૧૦-૧૪, તા. ૧૨-૧૧-૧૪.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૭, ગાંધીનગરના (૧) પત્ર જા. ૪૧૮૬, તા. ૧૨-૦૨-૨૦૧૩ (૨) પત્ર ૩૯૧૨, તા. ૩૦-૧૦-૧૩ (૩) પત્ર ૩૨૦૯, તા. ૨૨-૧૦-૧૪ (૪) પત્ર ૩૫૨૪, તા. ૨૦-૧૧-૧૪.

(૩) કેન્દ્રીય વેચાણવેરા કાયદા-૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ.

જાહેરનામું

[કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ ૪-એના પેટા નિયમ-૭ અન્વયે]

ક્રમાંક : સંકગાં/વિ-૩/ધારાકીય ફોર્મ રદ/૨૦૧૫-૧૫/જા. ૩૨૪૪.-સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૨૫, કલોલના ક્ષેત્રાધિકારના વેપારી મે મિલ્કોટેક ઈકવીપમેન્ટ પ્રા.લી., નોં. નં. ૨૪૦૬૦૧૦૩૬૨૧ અને સી.એસ.ટી. નં. ૨૪૫૬૦૧૦૩૬૨૧ ધરાવે છે.

તેઓશ્રીને અત્રેથી ઓનલાઈન આપવામાં આવેલ સી ફોર્મ નં. ૯૮૭૯૦૭૯ પાના નંગ-૧ જે વેપારીશ્રી દ્વારા ખોવાઈ ગયેલ છે. જે અંગે વેપારીશ્રી તરફથી તા. ૦૯-૦૮-૨૦૧૨, તા. ૧૦-૧૦-૧૪, તા. ૧૨-૧૧-૧૪ ના રોજ લેખિતમાં જાણ કરેલ છે. જેની સાથે રૂ. ૧૦૦/- સ્ટેમ્પ ઉપર ફોર્મ-જી ઈન્ડમનીટી બોન્ડ રજુ કરેલ છે. ન્યુઝ પેપરમાં આપેલ જાહેરાતનું કટીંગ રજુ કરેલ છે. જે ચકાસણી કરતાં નીચેની વિગતના સી. ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીશ્રીનું નામ	ફોર્મનો પ્રકાર	ફોર્મની સંખ્યા	ફોર્મ નંબર	રદનું કારણ	કચેરી
૧	મે. મિલ્કોટેક ઈકવીપમેન્ટ પ્રા.લી., નોં. નં. ૨૪૦૬૦૧૦૩૬૨૧ અને સી.એસ.ટી. નં. ૨૪૫૬૦૧૦૩૬૨૧	સી ફોર્મ	કૂલ (પાના-૨)	૯૮૭૯૦૭૯	ખોવાઈ ગયેલ હોવાથી	સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૨૫, કલોલ

આથી હું, એ. એચ. ઠક્કર, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૩, ગાંધીનગર, કેન્દ્રિય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે અને કેન્દ્રીય વેચાણવેરા કાયદા-૧૯૫૬ના રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ ૧૨ (૨) મુજબ મળેલી સત્તાની રૂએ ઉક્ત દર્શાવેલ ફોર્મ્સ રદબાતલ જાહેર કરૂં છું.

ગાંધીનગર, ૧૬ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

એ. એચ. ઠક્કર,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી,
વિભાગ-૩, ગાંધીનગર.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

૧. અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નં. ફડચ/ગ-૩/૧૩૬૨ થી ૧૩૭૧/૨૦૦૮, તા. ૧૨-૦૯-૨૦૦૮.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

૩. સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં. જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.

૪. સહકારી અધિકારી (ફડચા) કચેરીની તા. ૨૨-૧૨-૧૪ ની દરખાસ્ત.

હુકમ

(૧) જાવક નં. : ફડચ/ગ-૩/૧૫૨૦ થી ૧૫૨૭/૨૦૧૪.- શ્રી સુખપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સુખપુર, તા. બાબરા, જિ. અમરેલીને વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

૨. સદરહું મંડળી નોંધણી નંબરઃ ૯૧૪૯, તા. ૨૫-૧૧-૧૯૮૭ થી નોંધાયેલ છે.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી સુખપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સુખપુર, તા. બાબરા, જિ. અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

૧. અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નં. ફડચ/ગ-૩/૪૫૭/૨૦૧૧, તા. ૨૦-૦૬-૨૦૧૧.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

૩. સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં. જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.

૪. સહકારી અધિકારી (ફડચા) કચેરીની તા. ૨૨-૧૨-૧૪ ની દરખાસ્ત.

હુકમ

(૧) જાવક નં. : ફડચ/ગ-૩/૧૫૧૩ થી ૧૫૧૯/૨૦૧૪.- શ્રી પાણીયા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી., મુ. પાણીયા, તા. અમરેલી, જિ. અમરેલીને વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

૨. સદરહું મંડળી નોંધણી નંબરઃ ૧૫૮૦૨, તા. ૧૯-૦૨-૧૯૯૪થી નોંધાયેલ છે.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી પાણીયા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી., મુ. પાણીયા, તા. અમરેલી, જિ. અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

૧. અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નં. ફડચ/ગ-૩/૪૧૭ થી ૪૨૬/૨૦૧૦, તા. ૨૩-૦૪-૨૦૧૦.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

૩. સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં. જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.

૪. સહકારી અધિકારી (ફડચા) કચેરીની તા. ૨૨-૧૨-૧૪ ની દરખાસ્ત.

હુકમ

(૧) જાવક નં. : ફડચ/ગ-૩/૧૫૨૮ થી ૧૫૩૪/૨૦૧૪.- શ્રી કાથરોટા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કાથરોટા, તા. ધારી, જિ. અમરેલીને વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

૨. સદરહું મંડળી નોંધણી નંબરઃ ૮૯૧૬, તા. ૨૦-૧૦-૧૯૮૧ થી નોંધાયેલ છે.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી કાથરોટા તેલીબીયા

ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કાથરોટા, તા. ધારી, જિ. અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

વંચાણે લીધા :

૧. અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નં. ફડચ/ગ-૩/૪૮૧ થી ૪૯૨/૨૦૧૦, તા. ૨૯-૦૪-૨૦૧૦.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

૩. સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં.જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.

૪. સહકારી અધિકારી (ફડચા) કચેરીની તા. ૨૨-૧૨-૧૪ ની દરખાસ્ત.

હુકમ

(૧) જાવક નં. : ફડચ/ગ-૩/૧૫૩૫ થી ૧૫૪૧/૨૦૧૪.- શ્રી દાતરડી તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દાતરડી, તા. રાજુલા, જિ. અમરેલીને વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

૨. સદરહું મંડળી નોંધણી નંબરઃ ૯૧૫૮, તા. ૦૪-૦૬-૧૯૮૩ થી નોંધાયેલ છે.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી દાતરડી તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દાતરડી, તા. રાજુલા, જિ. અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

(સહી) **અવાચ્ય,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૫૦૮/૭૭/સે-૩૬૭૩૦/ ૨૦૧૪.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં. જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી વિરવાવ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : વિરવાવ, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

જામનગર, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૫૦૨/૭૮/સે-૩૬૭૨૯/૨૦૧૪.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં. જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી રાજડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : રાજડા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

જામનગર, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

In view of above the courts of 6th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh (Dr. V. C. Maheshwari) and 9th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh (Ms. B. C. Thakkar) are ordered to be converted in to regular Senior Civil Courts **with effect from 22-01-2015.**

be read as following:

In view of above the courts of 6th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh (Dr. V. C. Maheshwari) and 9th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh (Ms. B. C. Thakkar) are ordered to be converted in to regular Senior Civil Courts **with effect from 01-02-2015.**

Rest of the content of the above referred Notificatios is unchanged.

Junagadh, 22nd January, 2015.

T. M. Shaikh,

Principal District Judge,
Junagadh.

Read :

(1) Notification No. A. 0705/2010(II)/[63], dated: 03-07-2010 of the Hon'ble High Court of Gujarat.

(2) Notification No. A. 0705/2014(II) [19], dated: 29-04-2014 of the Hon'ble High Court of Gujarat.

(3) Notification No. A. 0705/2014(II) [29], dated: 03-05-2014 of the Hon'ble High Court of Gujarat.

(4) Letter No. A. 2402/2006, dated: 16-01-2015 of the Hon'ble High Court Gujarat.

NOTIFICATION

No. UNC/B/06/2015.-Consequent upon the Notification cited in the preamble at Sr. No. 1 the Courts of the then 10th /11th /12th / 13th / Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh were created as Special Court for disposal of pending cases of Negotiable Instruments Act.

As per Notification cited in the preamble at Sr. No. 2 & 3 at present 4(Four) Courts Namely 4th /6th / 8th / 9th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh are functaining as Special Court for disposal of pending Negotiable Instruments Act.

As per letter cited at Sr. No. 4 it is directed by the Hon'ble High Court of Gujarat out of 4(Four) Courts Functuings as Special Court for disposal of pending cases of Negotiable Instruments Act, created under Government Resolution, Legal Department, No. APB/102008/D(Pt-I), dated: 7th June, 2010, two courts be assigned exclusively the courts of Negotiable Instruments Act & remaining two courts be converted into regular Senior Civil Courts.

Therefore the courts of 4th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh (Mr. N. R. Jain) and 8th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh (Mr. M. M. Saiyad) are orderd to be nominated as Special Court for disposal of pending cases of Negotiable Instruments Act.

In view of above the courts of 6th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh (Dr. V. C. Maheshwari) and 9th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Junagadh (Ms. B. C. Thakkar) are ordered to be converted in to regular Senior Civil Courts **with effect from 22-01-2015.**

Concerned be informed accordingly.

Junagadh, 20th January, 2015.

P. V. Shrivastav,
Principal District Judge,
Junagadh.

Read : (1) Hon'ble High Court of Gujarat letter No. C. 2103/91, dated: 07-01-1991.

(2) Hon'ble High Court of Gujarat letter No. C. 2103/06, dated: 30-12-2006.

NOTIFICATION

No. B.03 of 2015.-(1) In pursuance of the instructions contained in Paragraph-628, Chapter-XXXI of the Civil Manual, Volume-I, 1960 and in exercise of the powers conferred by subsection (2) of Section-22 of the Gujarat Civil Courts Act, 2005, the Principal District Judge, Porbandar, is here by pleased to declare **Annual Summer Vacation-2015 for 30 (Thirty) days from 16-05-2015 to 14-06-2015** (both days inclusive). However, urgent Civil Matters as well as matters under Chapter IX of Criminal Procedure Code, 1973, will be preceded further during the vacation.

(2) The Office of the Deputy Registrar-Nazir-Record Keeper in the District Court, Porbandar and the offices of the Nazir of the Subordinate Courts in the Judicial District shall remain open during the vacation on all working days.

Porbandar, 20th January, 2015.

Read : *(1) Hon'ble High Court of Gujarat, Ahmedabad Letter No. C. 2103/2011, dated: 15-11-2011.*

(2) Hon'ble High Court of Gujarat, Ahmedabad Letter No. C. 2103/2013, dated: 27-12-2012.

(3) Hon'ble High Court of Gujarat, Ahmedabad Letter No. C. 2101/2015, dated: 25-11-2014.

(4) The Government of Gujarat, General Administration Department Notification No. GS/2014-35-PHD/102014/1339/GH, dated: 07-10-2014.

(5) Hon'ble High Court of Gujarat, Ahmedabad Letter No. C. 2103/2015, dated: 12-01-2015.

(6) This Office Notification No. UHC/01/2015, dated: 13-01-2015.

CORRIGENDUM NOTIFICATION

No. B/02/2015.-This office notification cited in the preamble Sr. No. [6] is hereby treated as cancelled and now the following afresh notification is hereby passed.

In accordance with the provisions contained in Para 625, Chapter-XXXI of the Civil Manual, Volume-I, 1960, the Principal District Judge, Porbandar is pleased to notify the following days as Holidays to be observed in the **Year-2015.** The District Court, Porbandar and all Courts Subordinate to it in the Judicial District of Porbandar shall remain closed on thesee days.

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day of Week
01	Makar Sankranti	14th January, 2015	Wednesday
02	Republic Day	26th January, 2015	Monday
03	Maha Shivratri	17th February, 2015	Tuesday
04	Holi 2nd Day-Dhuleti	6th March, 2015	Friday
05	Chetichand	21sh March, 2015	Saturday
06	Shree Ram Navmi	28th March, 2015	Saturday
07	Mahavir Jayanti (Janm Kalyanak)	02nd April, 2015	Thursday
08	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09	Ramzan-Id (Id-Ul-Fitra) (1st Shawwal) (Muslim Shiya & Sunni)	18th July, 2015	Saturday
10	Independence Day	15tthAugust, 2015	Saturday
11	Raksha Bandhan	29th August, 2015	Saturday
12	Janmashtami (Shravan Vad-8)	05th September, 2015	Saturday
13	Samanvantsari (Chaturthi Paksha)	17th September, 2015	Thursday
14	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
15	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
16	Dusshera (Vijya Dashmi)	22nd October, 2015	Thursday
17	Muharram (Asura)	24th October, 2015	Saturday
18	Sardar Vallabhabhai Petel's Birthday	31st October, 2015	Saturday
19	Diwali	11th November, 2015	Wednesday
20	Vikram Samvant New Year Day	12th November, 2015	Thursday
21	Bhai Bij	13th Novemer, 2015	Friday
22	Guru Nanak's Birthday	25th November, 2015	Wednesday
23	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th December, 2015	Thursday
24	Christmas	25th December, 2015	Friday

INDEX

Note :- (1) The Following days have not been notified as Holidays as they fall on **Sunday.**

01.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015

Note :- (02) If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Employees may be granted an Optional Holiday on the day on which the Holiday is actually observed.

Note :- (03) In addition to the Holidays notified above, Government Employees may avail of maximum of any two of the holidays on the festival occasions mentioned above at their option and irrespective of their religious denomination, out of the list of Optional Holidays declared vide Government Notification No. GS/2014-35-PHD/102014/1339/GH, dated: 07-10-2014. Permission for availment of these optional holidays, should be, however be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to the exigencies of the Government work which should not be affected in any way whatsoever. This leave of two days taken by Government Employees at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Porbandar, 19th January, 2015.

V. B. Mayani,
Principal District Judge,
Porbandar.

Read : (*1*) *Notification No. GS/2014-35-PHD/102014/1339/GH, dated : 07-10-2014.*

(2) Hon'ble High Court Letter No. C. 2103/2006, Dated: 30-12-2006.

(3) Hon'ble High Court Letter No. C. 2013/2011, Dated: 15-11-2011.

(4) Hon'ble High Court Letter No. C. 2103/2013, Dated: 27-12-2012.

(5) Hon'ble High Court Letter No. C. 2103/2015, Dated: 12-01-2015.

(6) This Office Notification bearing outward No. 15765/2014, Dated : 29-12-2014.

NOTIFICATION

No. B/UHC/10/680/2015.-**In supersession of the earlier Notification of this office cited in preamble at Sr. No. (6), The following modified Notification notifying the holidays to be observed in the year 2015 is passed.**

In accordance with the provisions contained in Para 625, Chapter-XXXI of Civil Manual, Volume-I, 1960, the Principal District Judge, Bhavnagar is pleased to notify the following holidays to be observed **in the Year-2015.** The District Court, Bhavnagar and all Subordinate Courts to it in the Judicial District of Bhavnagar District, shall remain closed on thesee days.

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calendar	Day
01.	Makar Sankranti	14th January, 2015	Wednesday
02.	Republic Day	26th January, 2015	Monday
03.	Maha Shivratri	17th February, 2015	Tuesday
04.	Holi 2nd Day-Dhuleti	6th March, 2015	Friday
05.	Chetichand	21sh March, 2015	Saturday
06.	Shree Ram Navmi	28th March, 2015	Saturday

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calendar	Day
07.	Mahavir Jayanti	02nd April, 2015	Thursday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09.	Ramjan-Id (Id-Ul-Fitra)	18th July, 2015	Saturday
10.	Independence Day	15tthAugust, 2015	Saturday
11.	Raksha Bandhan	29th August, 2015	Saturday
12.	Janmashtami	05th September, 2015	Saturday
13.	Samanvantsari (Chaturthi Paksha)	17th September, 2015	Thursday
14.	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
15.	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
16.	Dusshera (Vijya Dashmi)	22nd October, 2015	Thursday
17.	Muharram	24th October, 2015	Saturday
18.	Sardar Vallabhabhai Petel's Birthday	31st October, 2015	Saturday
19.	Diwali	11th November, 2015	Wednesday
20.	Diwali-New Year	12th November, 2015	Thursday
21.	Diwali-Bhaibij	13th Novemer, 2015	Friday
22.	Guru Nanak's Birthday	25th November, 2015	Wednesday
23.	Id-e-Milad-Un-Nabi	24th December, 2015	Thursday
24.	Christmas	25th December, 2015	Friday

Note :- (01) The Following days have not been notified as Holidays as they fall on **Sunday.**

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calendar
01.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015

(02) In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of any of the two Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination, out of the list of Optional Holidays declared for the Year-2015. The permission for availing of those holidays, should however, be applied for in advance and will normally be granted by the Officer Competent to grant Casual Leave with due regard to exigencies of the Government work. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

(03) If any of the Muslim Festival notified above does not fall on the day notified, the Muslim Government Servants who chose the particular holiday may be granted an optional holiday on the day on which the festival actually falls, in lieu of a holiday on the day notified.

Bhavnagar, 17th January, 2015.

R. K. Desai,
Principal District Judge,
Bhavnagar.

Read : 1. *Notification No. GS/2014-35-JSR/102014/1339/GH, dated : 07th October, 2014 of General Administration Department, Gandhinagar.*

2. *Hon'ble High Court Letter No. C. 2103/2011, dated: 15-11-2011.*

3. *Hon'ble High Court Letter No. C. 2103/2013, dated: 27-12-2012.*

4. *Hon'ble High Court Notification No. C. 2101/2015, dated: 25-11-2014.*

5. *Hon'ble High Court Letter No. C. 2103/2015, dated: 12-01-2015.*

6. *This Office Notification No. Adm/H.6/6554/2014, dated : 22-12-2014.*

CORRIGENDUM NOTIFICATION

No. Adm/H.6/586/2015.-This office cited in preamble at Sr. No. 6 is hereby treated as cancelled and now the following corrigendum notificationis hereby passed.

In accordance with the provisions contained in Para 625, of Civil Manual, Volume-I, the undersigned is pleased to notify the following HOLIDAYS to be observed in the **Year-2015.** The District Court and all the Courts Subordinate to it, in Surendranagar District shall remain closed on thesee days.

Sr. No.	**Name of the Holiday**	**Date according to Gregorian Calendar**	**Day**
01.	Makar Sankranti	14th January, 2015	Wednesday
02.	Republic Day	26th January, 2015	Monday
03.	Maha Shivratri	17th February, 2015	Tuesday
04.	Holi 2nd Day-Dhuleti	6th March, 2015	Friday
05.	Chetichand	21sh March, 2015	Saturday
06.	Shree Ram Navmi	28th March, 2015	Saturday
07.	Mahavir Jayanti (Janm Kalyanak)	02nd April, 2015	Thursday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09.	Ramjan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni)	18th July, 2015	Saturday
10.	Independence Day	15tthAugust, 2015	Saturday
11.	Raksha Bandhan	29th August, 2015	Saturday
12.	Janmashtami (Shravan Vad-8)	05th September, 2015	Saturday
13.	Samanvantsari (Chaturthi Paksha)	17th September, 2015	Thursday
14.	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
15.	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
16.	Dusshera (Vijya Dashmi)	22nd October, 2015	Thursday
17.	Muharram	24th October, 2015	Saturday
18.	Sardar Vallabhabhai Petel's Birthday	31st October, 2015	Saturday
19.	Diwali	11th November, 2015	Wednesday
20.	Vikram Samvant New Year Day (Kartik Sud-1)	12th November, 2015	Thursday
21.	Bhai Bij	13th Novemer, 2015	Friday
22.	Guru Nanak's Birthday (Kartik Sud-15)	25th November, 2015	Wednesday
23.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday	24th December, 2015	Thursday
24.	Christmas	25th December, 2015	Friday

Note : The Following day has not been notified as Holidays as they fall on **Sunday.**

01.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015	Sunday

02. In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of maximum of the two Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list of Optional Holidays declared by the Government. Permission for availment of those Optional Holidays should, however, be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of the Court work which shuld not be affected in any way whatsoever. This leave of two days taken by Government Servants at their choice will not be debited to their Casual Leave Account.

03. If any of the Muslim Holidays notified above, do not fall on the day notified, the Muslim Government Servants may be granted Optional Holiday on the day on which the Holiday is actually observed.

Surendranagar, 21st January, 2015.

A. D. Mogal,
Principal District Judge,
Surendranagar.

(RJT.)-I-3

કલેક્ટર દ્વારા

વંચાણે લીધા :-

(૧) શ્રી જીતેશ એમ. પનારા, પ્રમુખશ્રી, માણાવદર નગરપાલિકા તરફથી તારીખઃ ૦૫-૦૧-૨૦૧૫નો રજુ થયેલ લેખીત રાજીનામાનો પત્ર.

(૨) ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૩૫ (૧).

હુકમ

ના. નપા/૨/વશી/૬૦/૨૦૧૫.-જુનાગઢ જિલ્લાની માણાવદર નગરપાલિકાના પ્રમુખશ્રી, જીતેશ એમ. પનારાએ વંચાણે લીધા તેઓશ્રીના તારીખઃ ૦૫-૦૧-૨૦૧૫ના લેખીત પત્રથી માણાવદર નગરપાલિકાના પ્રમુખના હોદા પરથી પોતાનું રાજીનામું આપેલ છે.

વંચાણે લીધા ક્રમ-૨, ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૩૫(૧) તળે આવુ રાજીનામું સ્વીકારવાના અધિકારો અત્રેને મળેલ છે.

સબબ, અમોને મળેલ અધિકારની રૂઈએ શ્રી જીતેશ એમ. પનારાએ ઉકત પત્રથી માણાવદર નગરપાલિકાના પ્રમુખના હોદા પરથી આપેલ રાજીનામું આ હુકમની તારીખથી સ્વીકારવામાં આવે છે.

જુનાગઢ, ૧૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

આલોક કુમાર,
કલેક્ટર,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/મજુર પ્રાથમિક સુવિધા /જાહેરનામું/૧૦/૦૧/૨૦૧૫.-તાજેતરમાં ગુજરાત રાજ્યમાં બાંધકામ હેઠળના ઈમારતમાં મહિલા મજૂરો ઉપર બળાત્કારના બનાવ બનેલા છે. જે ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે બળાત્કારના ભોગ બનનાર મહિલાઓ અને મજૂરોને સંબંધિત મજૂર ઠેકેદાર દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હતી. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજૂરો અને તેમના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બને તેવી સંભાવના રહે છે.

કચ્છ જિલ્લામાં ભુકંપ પછી મોટી સંખ્યામાં ઔદ્યોગીક એકમોના આગમનથી પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. જેઓને પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ કોન્ટ્રાકટરો દ્વારા મળે તે જોવું ઈચ્છનીય છે.

જેથી, હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મજૂરોને લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/બોર-કુવા/જાહેરનામું/૧૧/૦૧/૨૦૧૫.-ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના ઘણા કિસ્સાઓ બનેલ છે. કેટલાક કિસ્સાઓમાં બાળકોના મૃત્ય થવા પામેલ છે. આવા ખુલ્લા બોર-કુવા સંબંધે સાવચેતીના પગલા લેવા માટે નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ ગાઈડલાઈન આપેલી છે. ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલાં લેવા જરૂરી છે.

જેથી, હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બાદ બોર વેલ/ટયુબ વેલના માલિક/ઉપયોગકર્તા/ડ્રીલીંગ એજન્સીએ નીચે મુજબના હુકમોનું પાલન કરવાનું રહેશે.

૧. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલાં જગ્યાના માલિકે સ્થાનિક સત્તામંડળ તથા સ્થાનિક પોલિસને ૧૫ દિવસ પહેલાં જાણ કરવાની રહેશે.

૨. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સત્તામંડળ પાસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૩. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે નીચે જણાવેલ વિગતો સાથેનું સલામતી સૂચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે.

  ૩.૧. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રાલીંગ એજન્સીનું નામ તથા પૂરૂં સરનામું.

  ૩.૨. બોર વેલ/ટયુબ વેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલિકનું નામ તથા પૂરૂં સરનામું.

૪. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા યોગ્ય વાડ/અંતરાયો રાખવાના રહેશે.

૫. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ (૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સિમેન્ટ કોંક્રીટવાળુ પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.

૬. સ્ટીલ પ્લેટ વેલ્ડીંગ કરી અથવા નટ બોલ્ટ સાથે મજબુત પ્લેટ ફીટ કરી બોર વેલ/ટયુબ વેલનું કેપીંગ કરવાનું રહેશે.

૭. પંપ સમારકામ અથવા અન્ય કોઈ સમારકામ દરમ્યાન બોર વેલ/ટયુબ વેલ ખુલ્લા છોડી શકાશે નહી.

૮. બાંધકામ/સમારકામ પૂર્ણ થયા બાદ ખાડા/ચેનલમાં માટી ભરવાની રહેશે.

૯. બીન ઉપયોગી અથવા ત્યજી દેવાયેલ બોર વેલ/ટયુબ વેલ અંગે સ્થાનિક સત્તામંડળ પાસેથી એક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને માટી/રેતી/કાંકરા વિગેરે દ્વારા નીચેથી ગ્રાઉન્ડ લેવલ સુધી ભરી દેવાના રહેશે.

૧૦. ડ્રીલીંગ પૂર્ણ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ ડ્રીલીંગ શરૂ કર્યા પહેલાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં લાવવાનું રહેશે.

૧૧. જે બોર વેલ/ટયુબ વેલ હાલ બીન ઉપયોગી હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેને નટ-બોલ્ટ સાથે બોરકેપ લગાવી ઢાંકી દેવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/અનઅધિકૃત ટોળી/જાહેરનામું/૧૨/૦૧/૨૦૧૫.- કચ્છ જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, ભુજ અને મોટર વાહન નિરીક્ષકશ્રીની કચેરી, ગાંધીધામ ખાતે દરરોજ મોટા પ્રમાણમાં નાગરિકો/અરજદારો અલગ અલગ કામ અર્થે જેવા કે લાયસન્સ સંબંધિત, વાહનોની નોંધણી સંબંધિત તથા નોંધણી બાદની કાર્યવાહીઓ, ટેક્ષ ભરવાની કાર્યવાહી, વાહન કોઈ ગુનામાં પકડાય ત્યારે દંડ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધીત કાર્યવાહીઓ વિગેરે માટે આવે છે. તા. ૧-૭-૮૯ પછી કાયદેસર એજન્ટ પ્રથા નથી. છતાં ઘણી વાર અરજદારો/નાગરિકો જયારે કચેરીના કમ્પાઉન્ડમાં પ્રવેશે છે તે સમયે કચેરીની આસપાસ અથવા નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાને ભોળવીને/લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવીને કેટલાક અનધિકૃત ઈસમો આવી પ્રવૃત્તિઓ કરીને અરજદાર સાથે છેતરપીંડી કરતા હોવાનું ધ્યાને આવેલ છે.

જેથી, હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર. પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, ભુજ તથા મોટર વાહન નિરીક્ષકશ્રીની કચેરી, ગાંધીધામ તથા જિલ્લામાં આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ, સામખીયાળી ખાતે રોજેરોજ જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે અરજદારો સિવાયના અનધિકૃત ઈસમોની ટોળી, સદરહું કચેરીઓ/ચેકપોસ્ટ પર આવતી જાહેર જનતા/ અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા નગરપાલિકાઓમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

સમય મર્યાદામાં નોટિસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ એક તરફી ફરમાવવામાં આવે છે અને સંબંધિત તંત્ર દ્વારા જાહેર પ્રસિદ્ધિ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/સાયકલ/મોપેડ/જાહેરનામું/૦૩/૦૧/૨૦૧૫.- દેશમાં બનતા ગુનાઓમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ જેવા હુમલાઓમાં સાયકલનો ઉપયોગ કરવામાં આવેલ હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે. આ પ્રકારના હુમલાઓમાં સાયકલ, સ્કુટર, ટીફીન કે પાઈપનો ઉપયોગ થતો હોય છે. જેથી નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે સાથેની વિગત દર્શાવે તે જાહેર જનતાના હિતમાં છે.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

> જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/સીમકાર્ડ/જાહેરનામું/૦૪/૦૧/૨૦૧૫.- રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડના ઉપયોગ થાય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા પર કોઈ ચોકકસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના થતા દસ્તાવેજોની પણ યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. સ્થાનિક પોલિસ તરફથી અવારનવાર મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીલરો, ફેરીયાઓને ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના કોઈ દસ્તાવેજી આધારો પોતા પાસે રાખતા નથી કે કયા દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી તેઓ પાસે રહેતી નથી.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી

હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર રીટેલરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

(૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયન્સસ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/ટ્રાન્સપોર્ટ ડ્રાયવર/જાહેરનામું/૦૬/૦૧/ ૨૦૧૫.- કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યોગિક એકમોને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો વિકાસ થયેલ છે. જેના અનુસંધાને ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે ડ્રાયવરો અને કલીનરોને કામે રાખતા હોય છે. જેને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે. જિલ્લામાં કાર્યરત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ગુપ્તચર એજન્સીઓ તરફથી આવતા ઈનપુટ મુજબ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જિલ્લા બહારના લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલિસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર ડ્રાયવરો/કલીનરોને કામે રાખતા પહેલા તેઓના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો સંબંધીત પોલિસ સ્ટેશનમાં આપે તે સુનિશ્ચિત કરવું ખુબજ જરૂરી જણાય છે.

જેથી, હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો બાબતે નીચે મુજબની કાર્યપદ્ધિતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ટ્રન્સપોર્ટ ઓપરેટરોએ કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની સબંધીત પોલિસ સ્ટેશનમાં ડીટેઈલ

બાયોડેટા સહિત નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણનોંધાયેલ ડ્રાયવરો/કલીનરો કામગીરી કરી શકશે નહીં.

(૨) કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો પૈકી કોઈ છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર માસે જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૪) કોઈપણ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારના ડ્રાયવરો/ કલીનરોની નોંધણી કરાવ્યા સિવાય કામે રાખી શકશે નહીં.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/સીસીટીવી કેમેરા/જાહેરનામું/૦૫/૦૧/૨૦૧૫.- તાજેતરના કિસ્સાઓમાં ભારાસર ગામે બેંક લુંટ તેમજ ભુજ ખાતે એ.ટી.એમ. મશીનની ઉઠાંતરીના બનાવો બનેલ છે. આ બનાવોની તપાસ દરમ્યાન એવી હકીકત ધ્યાને આવેલ છે કે સદર બેંકમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ પરંતુ તે ચાલુ હાલતમાં ન હોતાં કોઈ મદદ મળી શકેલ નહીં.

કચ્છ જિલ્લો ઔદ્યોગિક રીતે અતિઝડપથી વિકાસ પામતો જિલ્લો છે. અને કચ્છમાં ઉદ્યોગોમાં બહારના રાજ્યોમાંથી કામદારો પુષ્કળ સંખ્યામાં આવતા હોય છે. કચ્છ જિલ્લામાં એન.આર.આઈ. લોકો પણ મોટી સંખ્યામાં રહે છે અને તેઓની થાપણો પણ બેંકોમાં રહે છે. જિલ્લામાં આવેલ બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, ટોલનાકા, સિનેમાઘરો, હોટલો, શોપીંગ સેન્ટરો, તેમજ જ્વેલર્સની દુકાનો વિગેરેમાં રોજબરોજ નાણાની લેવડદેવડ થતી હોય છે પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં કોઈ સિકયોરીટી ગાર્ડસ રાખતા હોય તેવું જણાઈ આવેલ નથી. જેથી આવા સંજોગોમાં લેભાગુ તત્વો લુંટ જેવા બનાવને અંજામ આપી શકે તેવી પુરીપુરી શકયતાઓ રહેલી છે. જેથી ભવિષ્યમાં આવા બેંક લુંટ કે અન્ય કોઈ બનાવો ન બને અને બને તો તે અંગે આવેલ તમામ ઈસમોની હરકત જાણી શકાય તે હેતુસર નીચે મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૫૧ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ રાષ્ટ્રીય, ખાનગી તેમજ સહકારી બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, જ્વેલર્સની દુકાનો, શોપીંગ સેન્ટરો, હોટલો, ટોલનાકાઓ તેમજ સિનેમાઘરોએ સીસીટીવી કેમેરા કેશીયરની કેબીન ઉપર, મેઈન દરવાજા ઉપર તથા ટ્રેઝરી ઉપર લગાવવા. તેમજ તેનું તેનો ડેટા એક માસ સુધી સાચવી રાખવો. તેમજ સદરહું ડેટા પોલિસ અધિકારી તરફથી માંગણી કર્યે આપવાનો રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/મજુર નોંધણી/જાહેરનામું/૦૮/૦૧/૨૦૧૫.- કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યાગિક એકમોમાં રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે મજુરો કોન્ટ્રાકટરો દ્વારા પુરા પાડવામાં આવતા હોય છે અને તે મજુરોને કારણે અને ઔદ્યોગિક એકમોને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે અને તપાસમાં જિલ્લા બહારના આવા લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લુંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર

પુરતી વોચ રહે તેમજ પોલીસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો તરફથી જે લેબર કોન્ટ્રાકટરો પાસેથી મજુરો મેળવવામાં આવે છે. તેઓને કામે રાખતા પહેલા તેઓ બાબતે નામ, સરનામા સહિતની જરૂરી વિગતો રખાય, તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોએ લેબર કોન્ટ્રાકટર પાસેથી મેળવેલ મજુરો બાબતે નીચે મુજબની કાર્ય પધ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ઔદ્યોગિક એકમો લેબર કોન્ટ્રાકટરોએ પ્રથમ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ અથવા ભુજ (જેનો વિસ્તાર લાગુ પડે તે પ્રમાણે) પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ લેબર કોન્ટ્રાકટઓ, મજુર પુરા પાડવાની કામગીરી કરી શકશે નહી. આ તારીખ પછી લેબર કોન્ટ્રાકટરોએ મજુર પુરા પાડતા પહેલાં સબંધિત મદદનીશ મજુર કમિશ્નરશ્રી, પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે.

(૨) નોંધણી મેળવેલ લેબર કોન્ટ્રાકટરોએ જુદા જુદા ઔદ્યોગિક એકમોને પુરા પાડેલ મજુરોની યાદી મદદનીશ કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા પોલીસ અધિક્ષકશ્રી, કચ્છ-ભુજને દર માસે પુરી પાડવાની રહેશે. તેમાં મજુરોના નામ, પાકા સરનામા તથા ફોટો સાથે ઉંમર સહિતની વિગતો આપવાની રહેશે. પુરા પાડેલ મજુરોની ઓળખ સાબિત કરવા માટે ફોટા સાથેના ઓળખપત્રોની નકલ લેબર કોન્ટ્રાકટરે પોતાની કચેરીમાં રાખવાની રહેશે . અને માંગણી થયે રજુ કરવાની રહેશે.

(૩) કામે રાખેલ મજુરો પૈકી મજુરો છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર ત્રણ માસે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને દર માસે પુરી પાડવાની રહેશે.

(૪) ઔદ્યોગિક એકમોએ રોકેલ લેબર કોન્ટ્રાકટરોની માહિતી દર માસે જે તે પોલીસ સ્ટેશનને તથા મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામને આપવાની રહેશે.

(૫) લેબર કોન્ટ્રાકટરોએ કામે રાખેલ મજુરોની સંપુર્ણ વિગત તથા ફોટા સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ભુજ/ગાંધીધામ પાસેથી સહી, સિક્કા કરાવેલ હોવું જોઈશે. જિલ્લા/રાજય બહારથી પુરા પાડેલ મજુરોનું જે તે જિલ્લા/રાજ્યનું પુરૂં સરનામું ફોટો સહિત રજીસ્ટરમાં પુરાવાના આધારે નોંધવું જોઈશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને મજુરો પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયની લેબર કોન્ટ્રાકટરોથી મજુરો મેળવી શકશે નહી.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાનીજાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/ઘાસચારા વેચાણ/જાહેરનામું/૦૯/૦૧/૨૦૧૫.- કચ્છ જિલ્લામાં રસ્તા પર કે સરકારી જમીનો અને ખાનગી પ્લોટ પર અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અનધિકૃત રીતે ઘાસચારો વેંચવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. આ વ્યકિતઓ દ્વારા એક જગ્યાએ ઢોરો એકત્ર કરી ગ્રાહકોને ઘાસચારો વેંચી એકત્ર કરેલ ઢોરોને આપવામાં આવે છે. આ એકત્ર થયેલ ઢોરો ઘણીવાર નિરંકુશ થઈ રસ્તેથી પસાર થતા નાગરીકોને ઈજા પહોંચાડે છે તેમજ જાહેર જનતાને નુકશાન કરે છે. જેથી જાહેર જનતાની સુરક્ષાના હિતમાં જાહેરમાં સરકારી તથા ખાનગી જમીનો પર અનધિકૃત રીતે ઘાસચારો વેંચવા પર પ્રતિબંધ જરૂરી છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની તમામ નગરપાલિકાઓની હદમાં અધિકૃત કરેલ સ્થળો સિવાયના કોઈપણ સ્થળ પર ઘાસચારાનો વેપાર કરી શકાશે નહીં.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી

તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : ના. મેજી/પોલ/જુના મોબાઈલ/જાહેરનામું/૦૨/૦૧/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી શકવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચવા સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે. અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે. જેથી જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂં નામ, સરનામું, નોંધવું જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારનીની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓને નીચે જણાવેલ મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને માંગણી કર્યેથી રજુ કરવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અનુ. નં.	મોબાઈલ ફોનની વિગત	IMEI નંબર	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ તથા સરનામાની વિગત	આઈડી પ્રુફની વિગત અસલ પરથી ખરાઈ કરીને મેળવવી
૧	૨	૩	૪	૫

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓની દુકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ : ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

નાં. મેજી/પોલ/મકાન ભાડા/જાહેરનામું/૦૧/૦૧/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈ મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. ભુકંપ બાદ કચ્છ જિલ્લામાં

INDEX

રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે. જેના પરિણામે બહારથી મોટા પ્રમાણમાં લોકો વસવાટ કરવા આવતા હોય છે. લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને થતું જોખમ તથા જાહેર સુલેહશાંતિ જાળવવા માટે ભાડેથી અપાતા મકાનો માટે નીચે મુજબની વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે અને મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવા જરૂર જણાય છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકાશે નહીં, ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે જણાવેલ જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ, ભાડે આપેલ મકાનની વિગત, વિસ્તારનું નામ મકાનનું બાંધકામ ક્ષેત્રફળ	મકાન ભાડે આપવા અધિકૃતતા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું, સંપર્ક નંબર સહિત	મકાન ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	કઇ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા, સંપર્ક નંબર સહિત	મકાન માલીક અને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સંપર્ક નંબર સહિત
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવા તથા પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

જાહેરનામું

નાં. મેજી/પોલ/હોટલ ગેસ્ટહાઉસ/જાહેરનામુ/૦૭/૦૧/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટ હાઉસ/હોટલ/લોજ/ધર્મશાળામાં રોકાણ કરતા હોય છે અને શહેરના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે નીચેના પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ માલિકોએ અને ધર્મશાળા સંચાલકોએ નીચે જણાવેલ કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ/ધર્મશાળામાં રહેવા આવનાર દરેક મુસાફર દ્વારા તેમના પોતાના સ્વહસ્તાક્ષરમાં જ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	નામ	ઉંમર	નાગરીકત્વ	મો.નં.	સરનામું	ફોટો આઈડી પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

મુલાકાતનું કારણ	આવ્યા તારીખ/સમય	રૂમ નં.	હોટલ છોડયા તારીખ/સમય	બીલ નં. તારીખ	સહી
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતેથી પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવી પડશે, ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટલમાં પ્રવેશ આપવામાં આવશે તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન વગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે. તે એક માસ સુધી સાચવવાનું રહેશે.

(૫) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ પાર્કિંગની જગ્યાએ સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન અને વાહન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે એક માસ સુધી સાચવી રાખવું પડશે.

(૬) મુસાફરના ફોટા ઓળખકાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી અથવા કોમ્પ્યુટરમાં સેવ રાખવાના રહેશે.

(૭) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી નહીં.

(૮) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ ધાબાના માલીક, મેનેજર તથા તમામ કર્મચારીઓના નામ, સરનામાં, ફોન નંબર, ફોટો સહિતની તમામ વિગત દર્શાવતી લેખીત માહિતી સંબંધીત પોલિસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૯) વિદેશી નાગરીકો/મુલાકાતી/ગેસ્ટ હોય તો તેમના પાસપોર્ટની સંપૂર્ણ વિગત રજીસ્ટરમાં નોંધવી તેમજ સી ફોર્મ ભરાવી એલ.આઈ.બી., એસ.પી. કચેરીએ જાણ કરવી.

(૧૦) હોટલ/ગેસ્ટ હાઉસમાં ઈન્ટરનેટ-વાઈફાઈ સિસ્ટમ કાર્યરત હોય તો તેની વિગતો રજીસ્ટર બનાવી સાચવી રાખવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફ હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી, મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૯-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિકકો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૮૦/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ જાન્યુઆરી-૨૦૧૫ તથા ફેબ્રુઆરી-૨૦૧૫ ના માસ દરમ્યાન તા. ૧૪-૦૧-૨૦૧૫ ના રોજ મકરસંક્રાંતી તથા તા. ૨૬-૦૧-૨૦૧૫ ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી થનાર હોય તેમજ હાલની પરિસ્થિતી અનુસાર કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, વી. સી. વર્મા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૫-૦૧-૨૦૧૫ થી તા. ૧૪-૦૨-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરિક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકુતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ)
નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :-

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૫-૦૧-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૧૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વી. સી. વર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૬૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : ઓસ.ઓ.જી./જા.નામુ/મકાન/૪૦/૨૦૧૫, તા. ૧૩-૦૧-૨૦૧૫ ના પત્રથી ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે, તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને

રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ઘણા ધાર્મિક સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટોલીફોન/મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામા	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૦-૦૧-૨૦૧૫ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૭ માહે જાન્યુઆરી, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૦૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. ક્રાઈમ/મજુર/જાહેરનામું/૭/૨૦૧૫, તા. ૦૩-૦૧-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, અપહરણ, ચોરી, ઠગાઈ, વિશ્વાસઘાત તથા છેતરપીંડી જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામ, ઔદ્યોગિક

INDEX

વસાહતની ફેકટરીઓ, ખેતી, હીરા ઉદ્યોગમાં તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે કામ કરતાં કારીગરો ઉપરોક્ત પ્રકારના ગંભીર ગુન્હા આચર્યા બાદ અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતાં હોય છે. તેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી જુનાગઢ જિલ્લામાં આશરો લેતા હોય છે. તેથી જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા મજુર/કારીગરોનું રજીસ્ટર/બાયોડેટાની સી.ડી. તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોક્ત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સો, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી તથા અન્ય ફેકટરી ઉદ્યોગ, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારી, ગારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉક્ત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને દિન-૧૫માં મોકલી આપવું.**

ક્રમ	પેઢીના માલીક/ ખેડુતનું નામ તથા સરનામુ તથા ધંધાની વિગત, માલીકના મોબાઇલ/ ફોન નંબર તથા ધંધાના ટેલીફોન નંબર	કામે રાખેલ કર્મચારી/ કારીગર/મજુર કે ભાગીયાનું પુરૂ નામ, ઓળખચીન્હ, હાલનું પુરૂ સરનામું તથા મોબાઇલ, ફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના મુળ વતનનું પુરૂ સરનામુ તથા વતનના ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામુ તથા મોબાઇલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ તે સ્થાનીક રહીશનું પુરૂં નામ, સરનામું તથા મોબાઇલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના બે થી ત્રણ સગા-સબંધીના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહીતના) તથા ટેલીફોન, મોબાઇલ નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તા. ૧૨-૦૧-૨૦૧૫થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૦૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૦૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./ઘર નોકર/જાહેરનામું/૮/૨૦૧૫, તા. ૦૩-૦૧-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં કેટલાક ઘરકુટંબો દ્વારા ઘરકામ માટે બહારના વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે રાખવામાં આવે છે. જેમાં કેટલાક ઘરઘાટીઓ ઘરમાં કિંમતી વસ્તુઓની ચોરી સ્ત્રી/ બાળકો ઉપર અત્યાચાર અને મિલ્કત પડાવવા વૃધ્ધ ઘરમાલીકોની હત્યા, લુંટ, ચોરી વિ. મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ, શરીર સબંધી

ગુન્હાઓ આચરતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. જેનાથી માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન થાય છે અને આવા ગુન્હા આચર્યા બાદ ઘરઘાટી અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતા હોય છે. જેથી ગુન્હાઓ વણશોધાયેલ રહે છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા ઘરઘાટી (Domestic Help) ઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ વિગેરે માહિતી તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોકત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં જે ઘરકુટુંબો તરફથી આવી બહારની વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે ઘરકામ ઉપર રાખવામાં આવેલ છે તેની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. તેમજ પત્રક સ્વરૂપે ઉકત માહિતી તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનનો તુર્તજ મોકલી આપવી.

ક્રમ	ઘર માલીકનું નામ/સરનામું, મોબાઈલ/ ટેલીફોન નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના મુળ વતનનું સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ને રાખ્યા તારીખ	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પૂરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) કોના રેફરન્સ, પરિચયથી કામે રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના બે થી ત્રણ સબંધિઓનું પુરૂ નામ, સરનામું (તેમના વતન સહિતના) તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નો ફોટો ગ્રાફસ	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તા. ૧૨-૦૧-૨૦૧૫થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૦૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૧૯૪/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈઈબી/બોટ ગુમ/જા.નામું/૧૩૬/ ૨૦૧૫, તા. ૧૦-૦૧-૨૦૧૫ થી અંતીત થતા દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ પોલીસ સ્ટેશનના તાબા હેઠળ વહાણ/બોટ દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનું સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તથા આતંકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની ''કુબેર'' નામની બોટનું અપહરણ કરી અતંકી હુમલાને અંજામ આપેલ છે. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામાં જાય ત્યારે સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કર્યા સીવાય બોટ દરીયાની અંદર ન જાય તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત બોટ દરીયામાં લઈ જાય ત્યારે નીચે મુજબના પત્રકની વિગતો સહની સબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીનઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૦-૦૧-૨૦૧૫ થી તા. ૨૦-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૬ મી માહે જાન્યુઆરી, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૯૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૪૨/૧૫, તા. ૧૦-૦૧-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) આ સમય દરમ્યાન મકરસંક્રાતી તહેવારો આવે છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૨-૧-૨૦૧૫ના રોજથી તા. ૪-૨-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

INDEX

આજ તારીખ : ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૧૯૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૧૪૩/૨૦૧૫, તા. ૧૦-૧-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલનાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આ સમય દરમ્યાન પ્રજાસતાક દિન, મહાશીવરાત્રી જેવા તહેવારો આવે છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય, જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૧-૨૦૧૫ થી તા. ૧૮-૦૨-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૬ મી, માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૭૫/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/ગીર સોમનાથ/ ૦૧/૨૦૧૫, તા. ૦૩-૦૧-૨૦૧૫ થી ગીર-સોમનાથ જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં નાહવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે. શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાઈ છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમાં બહુજ મોટા વજનદાર ખડકાળ પત્થરો છે. જેથી સમુદ્રામાં નાહવા પડેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમાં આવતા મોજાઓ વાંકાચુકા તથા ઘાતક આવે છે. હાલમાં આ સ્થળે નવી ચોપાટી બનાવવાનું કામ શરૂ થયેલ છે તથા મોટા પત્થરો સમુદ્રમાં ઉતારી રસ્તો બનાવેલ છે, જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પત્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમાં પડી જાય તેવી શક્યતાઓ રહે છે. અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમાં પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમાં પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા ઘણા બનાવો નોંધાયેલ છે, તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડમાં આશરે ચાર કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠ કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમાં નાહવા માટે કે સમુદ્રના ઉંડા પાણીમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું સી.આર.પી.સી. એકટની કલમ-૧૪૪ તળે દિન-૬૦ નું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્તની વિગતે શ્રી સોમનાથ મંદીર ખાતે આવેલ દરીયા કિનારે મોજામાં તણાઈ જવાથી, નાહવા પડતા ડુબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

આથી હું, વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર-સોમનાથ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમે બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિએ સમુદ્રમાં નાહવા જવું નહીં કે સમુદ્રના ઉંડા પાણીમાં પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૭ માહે જાન્યુઆરી, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૧૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.ના./ સ.બંધી/૧૬/૧૫, તા. ૦૮-૦૧-૨૦૧૫ થી (૧) વેરાવળ પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવો ધ્યાને લેતાં વિશેષ તકેદારી ઈચ્છનીય છે તથા (૨) પ્ર.પાટણ ખાતે પ્રથમ જયોર્તિર્લીંગ સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. ત્યાં શહેર, જિલ્લા, રાજય તથા વિદેશીઓ પણ બહોળી સંખ્યામાં દર્શનાર્થે પધારતા હોય, જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય. (૩) હાલમાં હિંદુ લોકોના મકરસક્રાંતીના તહેવાર સબબ ધાર્મિક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ ૨૬મી જાન્યુઆરીના રોજ આવનાર પ્રજાસતક દિવસના રાષ્ટ્રીય તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) હાલમાં ખરીફ પાકની સીઝન ચાલુ હોય જેના કારણે વિજળી આવક-જાવક થતી હોય જે કારણોસર મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠાના પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય,

જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, વી. જે. રાજપુત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૩-૦૧-૨૦૧૫ થી તા. ૧૧-૦૨-૨૦૧૪ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૩ મી માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૧૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૧૧૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલ.આઈ.બી./જાહેરનામું/ હ.બંધી/૧૭/૨૦૧૫, તા. ૦૮-૦૧-૨૦૧૫ થી (૧) વેરાવળ/ પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે પ્રથમ જયોર્તિલીંગ સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) હાલમાં હિંદુ લોકોના મકરસક્રાંતીના તહેવાર સબબ ધાર્મિક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ ૨૬મી જાન્યુઆરીના રોજ આવનાર પ્રજાસતક દિવસના રાષ્ટ્રીય તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) હાલમાં ખરીફ પાકની સીઝન ચાલુ હોય જેના કારણે વિજળી આવક-જાવક થતી હોય, પાણી પાવા સારૂ વિજ પુરવઠાના પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૧૩-૦૧-૨૦૧૫ થી તા. ૧૧-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

INDEX

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૧૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વી. જે. રાજપુત

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૨૭૨૦/૨૦૧૫.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે તા. ૧૯-૦૨-૨૦૧૫ના રોજ દિન-૦૧ માટે આસીસ્ટન્ટ કમાન્ડન્ટશ્રી, સી.આઈ.એસ.એફ. યુનિટ, ભાવનગર, દ્વારા કવાર્ટર ફાયરીગનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨–૧૯–૫૩ આરે માં આવેલ છે તે સ્થળની પેરાફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જરૂરી જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૧૪૪/૨૦૧૫, તા. ૧૫-૦૧-૨૦૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારીની રૂઈએ હું, એમ. એ. સૈયદ, (આઈ.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ ૨–૧૯–૫૩ આરે આવેલ છે તે સ્થળ તથા તેની પેરાફેરીથી આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૧૯-૦૨-૨૦૧૫નાં રોજ કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૧-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૨૭૦૫/૨૦૧૫.-ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ગુનાખોરીની પ્રવૃતિ અટકાવવા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૪૪થી મળેલ અધિકારની રૂઈએ હું, એમ. એ. સૈયદ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખપત્ર અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

અ.નં.	મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

...બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત.
૧	૨	૩	૪	૫	૬

(૩) મકાન તથા ઓદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસ તંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યક્તિનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે.	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/ સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું.
૧	૨	૩	૪	૫	૬

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

નં.	ગેસ્ટનું નામ, સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	કયાંથી આવ્યા છે?	કયાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી

પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું, એમ. એ. સૈયદ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભાવનગર શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના વેપારીઓ, સમગ્ર ભાવનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈપણ મકાન માલીક અગર તો આ માટે મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/ મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહુ હુકમ તા. ૨૨-૦૧-૨૦૧૫ થી ૨૨-૦૩-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૧૭-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એમ. એ. સૈયદ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. મેડીકો લી., નોં. નં. ૨૪૦૭૫૬૦૦૯૪૫ ખોવાયોલ સી ફોર્મ બાબતે વે.શ્રીની તા. ૦૭-૦૭-૨૦૧૪ની અરજી.

(૨) ના.વા.વે. કમિશ્નરશ્રી, વર્તુળ-૬, અમદાવાદના પત્ર ક્રમાંક/જા.નં. ૬૫૫૫, તા. ૧૦-૧૧-૨૦૧૪.

આદેશ

ક્રમાંક : સં.વા.વે.કમિ/વિ.-૨/ફોર્મ સેલ/ધારાકીય ફોર્મ રદ/૨૦૧૪-૧૫/જા. ૮૦૯૫/૮૧૧૩.-સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૨૧, અમદાવાદનાં ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. મીડકો લી., નો.નં. ૨૪૦૭૫૬૦૦૯૪૫ કે જેઓ સ્થાનીક કાયદા અન્વયે નોં.નં. ૨૪૦૭૫૬૦૦૯૪૫ તથા કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ નોંધણી નંબર ૨૪૫૭૫૬૦૦૯૪૫ ધરાવે છે. તેઓને સી ફોર્મ નંબર. ૨૪-૯૭૩૪૧૩૪ નંગ-૧ એક ઈશ્યુ કરવામાં આવેલ હતા, જે વંચાણે લીધેલ વેપારીશ્રીની અરજી તથા નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૬, અમદાવાદની સી ફોર્મ નંગ-૧ ફોર્મ રદ કરવાની દરખાસ્ત અન્વયે વેપારીશ્રી દ્વારા ખોવાઈ ગયેલ ફોર્મસ રદ કરવા આથી ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાનાની સંખ્યા	રદ કરવાનું કારણ
૧	૨	૩	૪	૫	૬
૧	મે. મેડીકો લી., નોં. નં. ૨૪૦૭૫૬૦૦૯૪૫ ૨૪૫૭૫૬૦૦૯૪૫	સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રીની કચેરી, ઘટક-૨૧, અમદાવાદ	૨૪-૯૭૩૪૧૩૪	કૂલ-૧ પાના	વેપારીશ્રી દ્વારા ખોવાઈ જતા

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૨, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ફોર્મ-સી રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. એલીગન્સ એન્ટરપ્રાઈઝના ખોવાયેલ સી ફોર્મ બાબતે વે.શ્રીની તા. ૧૬-૧૨-૨૦૧૪ અરજી.

(૨) ના.વા.વે. કમિશ્નરશ્રી, વર્તુળ-૫, અમદાવાદના પત્ર ક્રમાંક/જા.નં. ૫૭૦૮, તા. ૨૬-૧૨-૨૦૧૪.

આદેશ

ક્રમાંક : સં.વા.વે.કમિ/વિ.-૨/ફોર્મ સેલ/ધારાકીય ફોર્મ રદ/૨૦૧૪-૧૫/જા. ૮૧૧૪/૩૩.-સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૧૬, અમદાવાદનાં ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. એલીગન્સ એન્ટરપ્રાઈઝ કે જેઓ સ્થાનીક કાયદા અન્વયે નોં.નં. ૨૪૦૭૧૫૦૨૮૨૧ તથા કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ નોંધણી નંબર ૨૪૫૭૧૫૦૨૮૨૧ ધરાવે છે. તેઓને સી ફોર્મ નંબર: ૨૪-૯૦૨૭૩૫૧ નંગ-૧ (એક) ઈશ્યુ કરવામાં આવેલ હતા જે વંચાણે લીધેલ વેપારીશ્રીની અરજી તથા નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૫, અમદાવાદની સી ફોર્મ રદ કરવાની દરખાસ્ત અન્વયે **સી ફોર્મ નંગ-૧ : ૨૪-૯૦૨૭૩૫૧ ફોર્મ નંગ-૧ (એક)** વેપારીશ્રી દ્વારા ખોવાઈ જતા રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાનાની સંખ્યા	રદ કરવાનું કારણ
૧	૨	૩	૪	૫	૬
૧	મે. એલીગન્સ એન્ટરપ્રાઈઝ ૨૪૦૭૧૫૦૨૮૨૧ ૨૪૫૭૧૫૦૨૮૨૧	સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રીની કચેરી, ઘટક-૧૬, અમદાવાદ	સી ફોર્મ નં. ૨૪-૯૦૨૭૩૫૧	કૂલ-૧ એક પાના	વેપારીશ્રી દ્વારા ખોવાઈ જતા

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૨, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ફોર્મ-સી રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. મધરડેરી એન્ડ ફ્રુટ વેજી. પ્રા.લી. નો.નં. ૨૪૦૭૫૫૦૦૫૩૮ના ખોવાયેલ ઈ-૧ ફોર્મ બાબતે વે.શ્રીની તા. ૧૯-૦૯-૨૦૧૪ અરજી.

(૨) ના.વા.વે. કમિશ્નરશ્રી, વર્તુળ-૬, અમદાવાદના પત્ર ક્રમાંક/જા.નં. ૬૭૦૭, તા. ૧૭-૧૨-૨૦૧૪.

આદેશ

ક્રમાંક : સં.વા.વે.કમિ/વિ.-૨/ફોર્મ સેલ/ધારાકીય ફોર્મ રદ/૨૦૧૪-૧૫/જા. ૮૧૩૪/૫૩.-સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૨૧, અમદાવાદનાં ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. મધરડેરી એન્ડ ફ્રુટ વેજી. પ્રા.લી., કે જેઓ સ્થાનીક કાયદા અન્વયે નોં.નં. ૨૪૦૭૫૫૦૦૫૩૮ના તથા કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ નોંધણી નંબર ૨૪૫૭૫૫૦૦૫૩૮ ધરાવે છે. તેઓને ઈ-૧ ફોર્મ નંબર. ૦૮૨૧૬૦૫ તથા ૦૮૨૧૬૦૬ નંગ-૨ (બે) ઈશ્યુ કરવામાં આવેલ હતા. જે વંચાણે લીધેલ વેપારીશ્રીની અરજી તથા નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૬, અમદાવાદની ઈ-૧ ફોર્મ રદ કરવાની દરખાસ્ત અન્વયે વેપારીશ્રી દ્વારા ખોવાઈ ગયેલ ફોર્મસ રદ કરવા આથી ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાનાની સંખ્યા	રદ કરવાનું કારણ
૧	૨	૩	૪	૫	૬
૧	મે. મધરડેરી એન્ડ ફ્રુટ વેજી. પ્રા.લી. ૨૪૦૭૫૫૦૦૫૩૮ ૨૪૫૭૫૫૦૦૫૩૮	સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રીની કચેરી, ઘટક-૨૧, અમદાવાદ	૦૮૨૧૬૦૫ તથા ૦૮૨૧૬૦૫ ફોર્મ નંગ-૨ (બે)	કૂલ-૨ પાના	વેપારીશ્રી દ્વારા ખોવાઈ જતા

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૨, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ફોર્મ-ઈ-૧ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. એસ.કે.એફ ટેકનોલોજીસ ઈન્ડીયા પ્રા. લિ., નોં.નં. ૨૪૦૭૩૮૦૩૭૧૪ ની ‘સી’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૯, અમદાવાદના પત્રાંક જા. ૨૯૩૪, તારીખ ૨૦-૦૬-૨૦૧૪.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૧૧૮૮, તા. ૨૨-૦૭-૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૫૦૬૮/૫૦૮૭.-વાણિજિયકવેરા અધિકારી (૪), ઘટક-૯, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એસ.કે.એફ ટેકનોલોજીસ ઈન્ડીયા પ્રા. લિ., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૮૦૩૭૧૪ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૮૦૩૭૧૪ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ “C” Form No. : ૯૭૬૦૭૫૨ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ‘સી’ ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. એસ.કે.એફ ટેકનોલોજીસ ઈન્ડીયા પ્રા. લિ., ૨૪૦૭૩૮૦૩૭૧૪ ૨૪૫૭૩૮૦૩૭૧૪	વા. વે. અધિકારી (૪), ઘટક-૯, અમદાવાદ.	“C” Form No. : ૯૭૬૦૭૫૨	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વિ. વિ. . દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ‘સી’ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૧૪.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના પત્રક્રમાંક : ના.ક/વ-૧૪/ભરૂચ/વ્યવસ્થા/ગુમ થયેલ સી ફોર્મ/દરખાસ્ત/૨૦૧૪-૧૫/જા.નં. ૨૦૬૫-૬૬, તા. ૦૯-૧૦-૨૦૧૪.

(૨) વા.વે. અધિકારી (૧), ઘ. ૫૬, ભરૂચના પત્ર ક્રમાંક : જા. ૯૪૨૧, તા. ૩૦-૦૯-૨૦૧૪.

(૩) વેપારીશ્રી મે. ગુજરાત, ભરૂચ સેફટી, નો.નં. ૨૪૨૧૦૧૦૨૬૯૪, કેન્દ્રીય નોં. નં. ૨૪૭૧૦૧૦૨૬૯૪ તા. ૨૦-૦૬-૨૦૧૪ ની અરજી.

જાહેરનામું

ક્રમાંક :સંવાવેક/વવટ/વિ-૬/વડદ/ધા.ફોર્મ રદ/૨૦૧૩-૧૪/જા. ૨૧૪૫/૭૩.-વાણિજિયક વેરા અધિકારી-(૧), ઘટક-૫૬, ભરૂચના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારીશ્રી મે. ગુજરાત સેફટી ભરૂચ કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં.-૨૪૨૧૦૧૦૨૬૯૪, કેન્દ્રીય કાયદા હેઠળ નોં.નં. ૨૪૭૧૦૧૦૨૬૯૪ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ પૈકી સી ફોર્મ નંબર ૯૬૭૨૦૭૧ કુલ પાન-૦૧ (એક) ઈસ્યુ કરેલ હતા તે અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા-(૩) અન્વયે સી ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધા-(૧) અન્વયે દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વાણિજિયક વેરા અધિકારી-(૧), ઘટક-૫૬, ભરૂચના સંદર્ભે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના સી ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીશ્રીનું નામ	નોંધણી નંબર	રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર	રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
૧	મે. ગુજરાત સેફટી ભરૂચ	ટીન નંબર ૨૪૨૧૦૧૦૨૬૯૪ કેન્દ્રીય નોં.નં. ૨૪૭૧૦૧૦૨૬૯૪	૯૬૭૨૦૭૧	ખોવાઈ જવાથી	કુલ પાન-૦૧ (એક)

આથી હું, યુ. એ. રાવલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત ખોવાયેલ સી ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૧૪.

યુ. એ. રાવલ,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૬, વડોદરા.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૩, નડીયાદના પત્ર ક્રમાંક : નાવાવેક./વ-૧૩/૨૦૧૪-૧૫/જા.નં. ૨૦૬૬, તા. ૨૪-૧૧-૨૦૧૪.

(૨) વા.વે. અ-(૪), ઘટક-૨, નડિયાદ પત્ર ક્રમાંક : જા. ૨૦૩૪, તા. ૨૨-૦૮-૧૪.

(૩) વેપારીશ્રી મે. એશિયન ફૂડ ઈન્ડસ્ટ્રીઝ, નો.નં. ૨૪૧૬૦૯૦૧૬૧૫, કેન્દ્રીય નોં.નં. ૨૪૬૬૦૯૦૧૬૧૫, તા. ૨૬-૦૫-૨૦૧૪ ની અરજી.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ-૧/વિ-૬/વડદ/ધા.ફોર્મ રદ/૨૦૧૪-૧૫/જા. ૨૩૨૭/૪૫.-વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૨, નડીઆદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારીશ્રી મે. એશીયન ફૂડ ઈન્ડસ્ટ્રીઝ, પો. ડભાણ, તા. નડીઆદ કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં.-૨૪૧૬૦૯૦૧૬૧૫ અને કેન્દ્રીય કાયદા હેઠળ નોં.નં. ૨૪૬૬૦૯૦૧૬૧૫ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ ''એચ'' ફોર્મ પૈકી ફોર્મ નંબર ૦૩૫૬૫૯૭ કુલ પાન-૦૧ (એક) ઈસ્યુ કરેલ હતા તે અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા-(૩) અન્વયે એચ ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૩, નડીઆદે વંચાણે લીધા-(૧) અન્વયે દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૩, નડીઆદના વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૨, નડીઆદના સંદર્ભે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના ''એચ'' ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ/ફોર્મ ઈસ્યુ કરનાર કચેરી	નોંધણી નંબર	રદ કરવાપાત્ર ''એચ'' ફોર્મ નંબર	રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
૧	એશીયન ફૂટ ઈન્ડસ્ટ્રીઝ, પો. ડભાણ, તા. નડીઆદ	ટીન નંબર ૨૪૧૬૦૯૦૧૬૧૫ કેન્દ્રીય નંબર ૨૪૬૬૦૯૦૧૬૧૫	૦૩૫૬૫૯૭	ખોવાઈ જવાથી	કુલ પાન-૧ (એક)

આથી હું, એમ. જી. મેમણ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત ખોવાયેલ 'એચ' ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એમ. જી. મેમણ,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૬, વડોદરા.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ.

(૩) આ કચેરીનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૩૭/૨૦૦૮, તારીખ : ૦૭-૦૧-૨૦૦૮.

(૪) ફડચા અધિકારી શ્રી સુથરી જનજાગરણ મહીલા બચત ધિરાણ સહકારી મંડળી લી., મુ. સુથરી, તા. અબડાસા-કચ્છની તા. ૨૭-૧૧-૨૦૧૪ વાળી મંડળી પુનઃજીવિત કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૩૦/૨૦૧૪.-આથી હું, એ. કે. ભટ્ટ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, ઉપરોક્ત વંચાણ ક્રમ : (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકાર અને વંચાણ ક્રમ : (૨) ની જોગવાઈઓને ધ્યાને રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી સુથરી જનજાગરણ મહીલા બચત ધિરાણ સહકારી મંડળી લી., મુ. સુથરી, તા. અબડાસા-કચ્છને ઉપરોક્ત વંચાણ ક્રમ (૪)વાળા પત્રથી રજુ થયેલ પુનઃજીવીત કરવા અંગેની દરખાસ્ત અન્વયે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯(૧) અન્વયે સદરહું મંડળીને નીચેની શરતોને આધિન પુનઃજીવીત કરવા હુકમ કરવામાં આવે છે.

(૧) સદરહું સંસ્થાના નોંધણી નંબરઃ ઉ-૨૮૫૯૮, તા. ૩૦-૦૯-૧૯૯૮ તથા મંડળીનું નામ તથા પેટાનિયમ અગાઉ થયેલ નોંધણી પ્રમાણે યથાવત રહેશે.

(૨) સંસ્થાને આર્થિક રીતે સધ્ધર કરવાના પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

(૩) સભાસદ ધિરાણની બાકી રકમની તાત્કાલીક વસુલાત કરવી પડશે.

(૪) સંસ્થાને સહકારી કાયદા-કાનુન અને પેટાનિયમોના ઉદ્દેશો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળી ઉપર જે કોઈ સરકારી લેણું બાકી હશે તે તરત ભરપાઈ કરવાનું રહેશે.

(૬) સંસ્થાએ નિયમિત વાર્ષિક સાધારણ સભા તથા વ્યવસ્થાપક કમિટિની બેઠક બોલાવવાની રહેશે.

(૭) મંડળીએ દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવાનું રહેશે.

ભુજ-કચ્છ, ૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૭૩/૨૦૧૪.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી ચાંદ્રોડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ચાંદ્રોડી, તાલુકો-ભચાઉ, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કે.ટી.એચ.‘‘સે’’(દુ) ૪૨૯૭૩, તા. ૩૧-૧૨-૨૦૧૪.

ભુજ-કચ્છ, ૩૧માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૭૭/૨૦૧૪.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી વી. આર. કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મુ. ગાંધીધામ, તાલુકોઃ ગાંધીધામ, જિલ્લોઃ કચ્છને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કે.ટી.એચ.‘‘સે’’(શ) ૪૨૯૭૪, તા. ૩૧-૧૨-૨૦૧૪.

ભુજ-કચ્છ, ૩૧માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૭૧/૨૦૧૪.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી કુંભારીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કુંભારીયા, તાલુકોઃ રાપર, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કે.ટી.એચ.‘‘સે’’(દુ) ૪૨૯૭૨, તા. ૩૧-૧૨-૨૦૧૪.

ભુજ-કચ્છ, ૩૧માહે ડિસેમ્બર, સને ૨૦૧૪.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૭૬૫/૭૬૬/૧૦૪/સે-૪૩૦૯૧/૨૦૧૪.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં. દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે, શ્રી રાધેકિષ્ના મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : વચલાબારા, તાલુકો : ખંભાલીયા, જિલ્લો : દેવભુમિદ્વારકા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

દેવભુમિદ્વારકા, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૧૪.

એસ. એન. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
દેવભુમિદ્વારકા.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ખ-૩/૫૮/દુ.જે.એન.ડી/૪૧૯૮૨/૨૦૧૫.- આથી જાહેર કરે છે કે શ્રી જાનુડા દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : જાનુડા, તાલુકો : માળીયા, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર.નં. : નધણ/ધ/૪૩૨૫૮/૧૯૫/૨૪૭/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ઉષા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વાવડી (આદ્રિ), તાલુકો : વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૧૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એસ. કે. ભટ્ટ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ, વેરાવળ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૮૪/૫૪૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી રાણપરડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : રાણપરડા, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ. ૪૩૬૩૧/૨૦૧૫, તા. ૧૨-૦૧-૨૦૧૫.

ભાવનગર, ૧૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : એસ.બી./અન.અધિ.વ્યકિત પ્રવેશ/જાહેરનામું/૨૪૩/૨૦૧૫.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિનદયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગરપાલિકાની કચેરી, ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ, પ્રાંત અધિકારીશ્રીની કચેરી, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી જુદી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલા બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવત્તિઓ કરી ઉલ્ટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** રાજકોટ, મુંબઈ પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબની મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિનદયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગરપાલિકાની કચેરી તથા રાજકોટ મહાનગરપાલિકાની ઝોન-

ઓફીસો, પ્રાદેશીક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૨-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૩-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૪-૦૧-૨૦૧૫ના રોજ મેં મારી સહી તથા સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૨૪૨/૨૦૧૫.- રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મીક, સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલો, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ થાય છે અને ટ્રાફીક ચક્કાજામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે, રાત્રીના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો પર પ્રતિબંધ મુકવા સારૂ હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો :

(૧) રાજકોટ શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૨) રાજકોટ શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યકતી ઉપર ફેંકવા ઉપર.

(૩) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ વાગ્યા સુધી ફટાકડા/દારૂખાનુ ફોડવા ઉપર.

(૪) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા/ દારૂખાનું ફોડવા ઉપર.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૧-૦૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૩-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૪-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/ એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તારીખ : ૨૧-૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈ.

(૩) ફડચા અધિકારીના તારીખઃ ૧૧-૧૨-૨૦૧૪ વાળા પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

નોંધણી રદનો હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૪૬/૨૦૧૫.-આથી હું, એ. કે. ભટ્ટ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, ઉપરોક્ત વંચાણ ક્રમ : (૧)વાળા જાહેરનામાંથી મળેલ સત્તા અન્વયે અને વંચાણે લીધા ક્રમઃ (૨)ની જોગવાઈઓને ધ્યાને રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી ઘનશ્યામનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. વરસામેડી, તાલુકોઃ અંજાર-કચ્છ કે જેના નોંધણી નંબરઃ ઘ-૧૬૭૭૩, તા. ૧૯-૧૦-૨૦૦૪ છે. સદર મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) ની જોગવાઈને આધીન નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. મંડળી હુકમની તારીખથી અસ્તીત્વ ધરાવતી બંધ થશે તેવું જાહેર કરૂં છું.

ભુજ-કચ્છ, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૪૪/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી આંબલીયારા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. આંબલીયારા, તાલુકો-ભચાઉ, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ‘‘સે’’(દુ) ૪૨૯૭૫, તા. ૨૧-૦૧-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ઘખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૦-૧૧-૧૯૯૪ નો ફડચાનો અંતિમ આદેશ નં.: ફડચ/૯૪૩૮/ખ-૪/૧૦૩૫/૧૯૯૪.

(૩) ફડચા અધિકારી શ્રી કલ્યાણ મરઘા ઉછેર સહકારી મંડળી લી., મુ. ઈવનગર, તા. જુનાગઢ, જિ. જુનાગઢની નોંધણી રદની તા. ૦૫-૦૯-૧૪ ના રોજની દરખાસ્ત.

આદેશ

જા.નં.:ફડચ/ખ-૪/૩૦/૨૨૯/૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી કલ્યાણ મરઘા ઉછેર સહકારી મંડળી લી., મુ. ઈવનગર, તા. જુનાગઢ, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૮૬૧૪, તા. ૨૪-૦૮-૧૯૮૧ ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની

કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂં છું.

જુનાગઢ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી-૪૧૯૮૩/૮૪/૨૭૮/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : બામણાસા (ઘેડ), તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/ઉ.-૧૫૫૧૬/૬૨/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી રક્ષક ફળ અને શાકભાજી ઉત્પા. અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : નાનીધસારી, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/ઉ.-૧૫૫૧૭/૮૦/૨૬૮/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી માંડવા ઘઉં ઉત્પા. અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : માંડવા, તાલુકો : ભેસાણ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી-૪૧૯૮૪/૯૩/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી કામધેનુ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઝાંઝરડા, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/ઉ.-૧૫૫૧૮/૯૬/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી શ્રીજી કુપા ફળ અને શાકભાજી ઉત્પા. અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : બંઘડા, તાલુકો : વંથલી, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર.નં. : નધણ/ધ/૪૩૨૬૦/૧૨૧/૨૬૬/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી મારૂતીનંદન મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સુંદરપરા, તાલુકો : સુત્રાપાડા, જિલ્લો : ગીર સોમનાથ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર.નં. : નધણ/ધ/૪૩૨૫૯/૨૧૯/૨૬૫/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ખાંભા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ખાંભા, તાલુકો : સુત્રાપાડા, જિલ્લો : ગીર સોમનાથ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એસ. કે. ભટ્ટ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ, વેરાવળ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક:નધણ/જ-૨/૭૭/નં.આરજેટી:સે.-૪૨૭૫૦/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી અક્ષરબ્રહ્મ શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક:નધણ/જ-૨/૮૧/નં.આરજેટી:સે.-૪૨૭૫૧/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ખાંડાહડમતીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ખાંડાહડમતીયા, તાલુકો : જસદણ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/જ-૨/૮૦/નં. આરજેટી:સે.દુ.-૪૨૭૫૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ઢાંક દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઢાંક, તાલુકો : ઉપલેટા, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

પ્રતિક ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૬-૦૮-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા કલમ-૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૬૧૬ થી ૬૨૬/૨૦૧૪, તા. ૨૦-૧૦-૨૦૧૪.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૮-૦૧-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક: ફડચ/ગ-૨/૨૬/૨૦૧૪.-આથી હું પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક (૧)વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી પનીત ગ્રાહક સહકારી ભંડાર લી., મુ.તા. પડધરી, જિ. રાજકોટ, નોંધણી નંબર : ભં-૨૫૯૭, તા. ૨૪-૦૮-૨૦૦૦ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ સહકારી કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ચ/૪૨/૧૩૦/નં. સે.દુ.-૪૨૭૮૮/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મોરબી, આથી જાહેર કરે

છે કે, શ્રી મોરબી જિલ્લા મહિલા દુધ ઉત્પાદક સહકારી સંઘ લી., મર્યાદિત સ્થળ : મોરબી, તાલુકો : મોરબી, જિલ્લોઃ મોરબી.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મોરબી, ૨૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

જી. એમ. જાડેજા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મોરબી.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીનાં અંતીમ હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/ફ/૧૮૨૪૨/ખ-૪/૫૬૩/૨૦૧૪, તા. ૩૦-૦૮-૨૦૧૪.

(૪) ફડચા અધિકારીશ્રી શ્રી ભાવનગર વિદ્યાર્થી સંઘ વિવિધ કાર્યકારી સહ.મં.લી., મુ.તા.જિ. ભાવનગર અને સહ. અધિ. ફનં.-૩ લગત કચેરીનો તા. ૧૨-૦૧-૨૦૧૫ નો અહેવાલ.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૪/૭૦૫/૨૦૧૫.-આથી હું, પી. બી. ખસીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી ભાવનગર વિદ્યાર્થી સંઘ વિવિધ કાર્યકારી સહ.મં.લી., મુ.તા.જિ. ભાવનગરની કે જેનો નોંધણી નંબરઃ ઉ-૧૧૯૩૪, તા. ૩૧-૧૨-૨૦૦૧ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ–૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

ભાવનગર, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

પી. બી. સખીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૩૦-૧૦-૨૦૧૪ ના પત્ર ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૬૮/૨૦૧૪.

વચગાળાનો આદેશ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૬૪/૨૬૦/૨૦૧૫.-આથી હું ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી જય ખોડીયાર મજુર સહકારી મંડળી લી., મુ. ઢોકળવા, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગરને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચો નંબર-૨ ની નિમણૂંક કરું છું.

સદરહું આદેશ અન્વયે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં રજુઆતના સમર્થનમાં જરૂરી હોય તેવા આધાર-પુરાવા સાથે યોગ્ય રજુઆત કરવી. અન્યથા સદરહું આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવશે જેની નોંધ લેવી.

સુરેન્દ્રનગર, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૪૫-૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૦૧-૧૨-૨૦૦૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૩૦-૧૦-૨૦૧૪ ના પત્ર ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૬૭/૨૦૧૪.

વચગાળાનો આદેશ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૬૯/૨૫૨/૨૦૧૫.-આથી હું ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે

મને મળેલ સત્તાની રૂએ શ્રી લાલિયાદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. લાલિયાદ, તા. ચુડા, જિ. સુરેન્દ્રનગરને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચો નંબર-૨ ની નિમણૂંક કરું છું.

સદરહું આદેશ અન્વયે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં રજુઆતના સમર્થનમાં જરૂરી હોય તેવા આધાર-પુરાવા સાથે યોગ્ય રજુઆત કરવી. અન્યથા સદરહું આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવશે જેની નોંધ લેવી.

સુરેન્દ્રનગર, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃફડચ/ગ-૨/૧૫૯૬/૨૦૧૨, તા. ૨૪-૦૮-૨૦૧૨.

(૩) ફડચા અધિકારીની તા. ૦૮-૦૧-૨૦૧૫ ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૨૦.

આદેશ

ક્રમાંક :ફડચ/ગ-૨/૭૨/૩૦૯/૨૦૧૫.-શ્રી જાગૃતિ વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી., મુ. ઉપરીયાળા, તા. પાટડી, જિલ્લોઃ સુરેન્દ્રનગર કે જેનો નોંધણી નં. સહક/બ/૨૮૬/૨૦૦૩, તા. ૦૮-૦૯-૨૦૦૩થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ના આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધા ક્રમ-૩થી નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપર્યુકત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે અને આજ કાયદાની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૩૦-૧૦-૨૦૧૪ ના પત્ર ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૬૯/૨૦૧૪.

વચગાળાનો આદેશ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૮૬/૩૪૯/૨૦૧૫.-આથી હું ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી વિજય સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુ. જનસાળી, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગરને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચો નંબર-૨ ની નિમણૂંક કરું છું.

સદરહું આદેશ અન્વયે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં રજુઆતના સમર્થનમાં જરૂરી હોય તેવા આધાર-પુરાવા સાથે યોગ્ય રજુઆત કરવી. અન્યથા સદરહું આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવશે જેની નોંધ લેવી.

સુરેન્દ્રનગર, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ડી. વી. ગઢવી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

INDEX

ગુજરાત સરકારના રાજ્યપત્રોના વર્ષ ૨૦૧૫ માટેના
લવાજમના દરો નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મલસ/૧૦૨૦૦૩/૨૯૨૭/ડ.૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭-૦૧-૨૦૧૫.

ઠરાવ :

ગુજરાત સરકારના સાધારણ/અસાધારણ રાજ્યપત્ર (સરકારી ગેઝેટ)ના વાર્ષિક લવાજમ તથા છુટક એક નકલની કિંમતના દરો પ્રિન્ટીંગ મેન્યુઅલ, પાર્ટ-૧, ભાગ-૧ના નિયમ-૧૫૧ મુજબ દર વર્ષે નિયત કરવામાં આવે છે. તદઅનુસાર, ગુજરાત સરકારના રાજ્યપત્રના વર્ષ ૨૦૧૫ માટેના વાર્ષિક લવાજમના દર તથા પ્રતિ નકલના દર નીચે મુજબ નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગેઝેટના ભાગો	સાધારણ રાજ્યપત્રનું વાર્ષિક લવાજમ	સાધારણ રાજ્યપત્રની એક નકલનો દર રૂપિયા	અસાધારણ રાજ્યપત્રનું વાર્ષિક લવાજમ રૂપિયા	અસાધારણ રાજ્યપત્રની એક નકલનો દર રૂપિયા
૧	૨	૩	૪	૫
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.				
૧	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૧. એ	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૧. બી	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૪	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૪. એ	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૪. બી	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૪. સી	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૫.	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૬.	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૯.	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
સરકારી પ્રેસ, રાજકોટ.				
૧	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૧. બી	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૨	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
સરકારી પ્રેસ, વડોદરા.				
૧	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૧. એ	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૧. બી	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-
૧. એલ	૩૫૦૦/-	૭૦/-	૩૫૦૦/-	૭૦/-

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા. ૦૬-૦૧-૨૦૧૫ની નોંધ તથા સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એસ. પ્રજાપતિ
સંયુકત સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 19th FEBRUARY, 2015/MAGHA 30, 1936 [No. 08

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	225-244	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	305-336
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read :

(1) *Revised Notification No. B/41/2015, dated: 19-01-2015 of District Court, Jamnagar,*

(2) *Hon'ble High Court's letter No. C. 2103/2015, dated 02-02-2015.*

NOTIFICATION

No. B/62/2015.-In view of the Hon'ble High Court's letter, cited in the preamble at Sr. No. 2, the undersigned is pleased to declare the following **days as Holidays.**

1. 09-11-2015 (Monday)
2. 10-11-2015 (Tuesday)
3. 16-11-2015 (Monday)

And in lieu thereof, the following day's shall be **working days** for the District Court, Jamnagar inclusive of all Office's and its subordinate Courts.

1. 27-06-2015 (4th Saturday)
2. 25-07-2015 (4th Saturday)
3. 22-08-2015 (4th Saturday)

Jamnagar, 4th February, 2015.

V. S. Dave,
Principal District Judge,
Jamnagar.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૦૨/૧૫.-આગામી ફેબ્રુઆરી માસમાં કચ્છ જિલ્લામાં નીચે જણાવેલ મેળા/ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

ક્રમ	તારીખ	ઉત્સવ/પ્રસંગ	સ્થળ
૧	૨-૩-૧૫ થી ૪-૨-૧૫	ભારતના માન. ઉપરાષ્ટ્રપતિશ્રીની કચ્છ જિલ્લાની મુલાકાત	કચ્છ જિલ્લાના વિવિધ સ્થળો
૨	૭-૨-૧૫ થી ૮-૨-૧૫	ધણિમાતંગ જયંતિ	સમગ્ર કચ્છ જિલ્લો
૩	૧૫-૨-૧૫	માંડવી સ્થાપના દિન	માંડવી
૪	૧૭-૨-૧૫	મહાશિવરાત્રી	સમગ્ર કચ્છ જિલ્લો
૫	૨૨-૩-૧૫ થી ૨૩-૨-૧૫	ધોરમનાથનો મેળો	ધીણોધર ડુંગર, તા. નખત્રાણા ખાતે

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૨-૦૨-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ

''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૩૧-૦૧-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૩૭૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢએ તેઓના પત્ર ક્રમાંકઃ સીબી-૨/બી/૧૬૬૧/૨૦૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫ થી તેઓના તાબાના પોલીસ કર્મચારીઓ તથા કમાન્ડો તથા અધિકારીઓનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીશ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે આગામી તા. ૦૧-૦૨-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધીની મુદત માટે (બન્ને દિવસો સહિત) જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. ઉક્ત દરખાસ્ત સાથે નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના કચેરી હુકમ ક્રમાંક : સીબી-૩-એ/ફા.બ./૪૦૧/૧૫, તા. ૨૭-૦૧-૨૦૧૫ થી તેઓની સંસ્થા હસ્તકની બફેલ રેન્જ (ફાયરીંગ બટ) ફાળવ્યાના હુકમની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોક્ત સમગ્ર વિગતે જુનાગઢ ખાતે આવેલ પોલીસ તાલીમ મહાવિદ્યાલયના બફેલ ફાયરીંગ બટ ઉક્ત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૧-૦૨-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ દિન-૨૮ માટે સવારે ૦૬-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આજ તા. ૨૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૩૫૪/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી ગીર-સોમનાથ વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/એસટીડીપીસીઓ/જાહેરનામું/૫૫/૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫ ના પત્રથી ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જયોર્તિલીંગમાનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તુલશીશ્યામ તથા જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનાર પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં માણસો દર્શનાર્થે આવતા હોય, જેથી લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જીલ્લામાં સુત્રાપાડામાં જી.એચ.સી.એલ., તથા કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી આવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજ્યમાં સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈલ કોલ) દ્વારા ધમકી આપવાના ખંડણી

માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ વધી રહેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. બનાવોની ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરિકો ધીરેધીરે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણું જ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટીડી./પી.સી.ઓ. ધારકો કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનું રજીસ્ટર રાખતા ન હોય ત્યા બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીરસોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહિતીનુ રજીસ્ટર નિભાવવા નોટીફીકેશન હોવું અત્યંત જરૂરી છે. જેના પરિણામે સ્થાનિક એસ.ટીડી./પી.સી.ઓ ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીરસોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈટેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતી રજીસ્ટર રાખવા અંગેનુ દિન-૬૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીરસોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, ગીરસોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તાર આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવી અને કોલ ડીટેઈલની નામ, સરનામાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

આ હુકમ તા. ૦૧-૦૨-૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૩૧ મી, માહે જાન્યુઆરી, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૩૫૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી ગીર-સોમનાથ ના પત્ર ક્રમાંક : એસઓજી/પે.પં./જાહેરનામું/૫૯/૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫ ના પત્રથી ગીર-સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર, તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમાં ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જીલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલ છે. જે ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતની કરવામાં આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતી કરતી ગેંગ રાજય/શહેર હાઈવે પરના પેટ્રોલપંપ પર લુંટ, ધાડના ગુન્હાઓ આચરતા હોય છે.

આવા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તે માટે અને ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેર પરના તમામ પેટ્રોલપંપો ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

INDEX

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુના કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો,** વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેર પરના તમામ પેટ્રોલપંપો ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ સાથે પેટ્રોલપંપો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૧૫-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ ૦૧-૦૨-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૩૫૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી ગીર-સોમનાથના પત્ર ક્રમાંક : એસઓજી/હોટલ/સીસીટીવી/ જાહેરનામું/ ૫૬/૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫ ના પત્રથી ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દહોત્સર્ગ/ગીતા મંદિર/તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમાં ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જીલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઓદ્યોગિક એકમો આવેલ છે. જે ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/ નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે. ડિસેમ્બર માસમા નાતાલનો તહેવાર તથા ૩૧ મી ડિસેમ્બર સને ૨૦૧૫ ના વર્ષની ઉજવણી માટે સોમનાથ અને દિવ જેવા ફરવા લાયક સ્થળોએ સહેલાણીઓ આવતા હોય છે. જેથી પર્યટકોની સુરક્ષા જાળવવી એ તંત્રની ફરજ બને છે.

ગુપ્તચરસંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતહાની કરવામાં આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજ્ય/શહેરની હાઈવે પરની હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળાઓ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફરખાના, રિસોર્ટ વગેરેનો રોકાણ માટે ઉપયોગ કરતા હોય છે અને આવા સ્થળોએ રોકાઈને પોતાના ગુન્હાને અંજામ આપતા હોય છે.

આવા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તેમજ લોકોની સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરના તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો,** વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરમાં આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ,ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળાઓ, અતિથીગૃહો, વિશ્રામગૃહ, મુસાફરખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીઓની દુકાનો વિગેરે સ્થળો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી

શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરો ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૧૫-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ ૦૧-૦૨-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૩૧ મી માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૫૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લાના પત્ર ક્રમાંકઃ એસઓજી/એટીએમ/ચોકીયાત/જાહેરનામું/૫૭/૨૦૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫ ના પત્રથી જણાવેલ વિગતે ગુજરાત રાજ્યમાં હાલમા વડોદરા, અમદાવાદ, કચ્છ જિલ્લાઓમાં રાષ્ટ્ર વિરોધી તત્વો, લુટારાઓ, ધાડપાડુઓની ગેંગો દ્વારા એટીએમ મશીનોની ચોરી કરી જવાના બનાવો બનવા પામેલ છે. જે ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોના જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારને પકડવાનું ઘણુજ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હા આચરતાં ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એ.ટી.એમ. ઉપર ચોકીયાતો ન હોય તેમજ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા ન હોય તેવા એ.ટી.એમ. મશીનો ચોરી કરી લઈ ગયેલાના બનાવો બનવા પામેલ છે. જેથી એ.ટી.એમ.માં મશીનમાં રહેલ નાણાની સલામતી માટે તથા નાગરીકોમાં સુરક્ષાની ભાવના ઉભી થાય તે માટે એ.ટી.એમ. મશીન ઉપર ચોકીયાત રાખવા અત્યંત જરૂરી છે. લોકોની જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે.

લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક રાઉન્ડ ધ કલોક ૩-શીફટમાં ચોકીયાતો મુકવા તથા એ.ટી.એમ.માં સી.સી.ટી.વી. (નાઈટ વીઝન વીથ હાઈડેફીનોનશ) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કેમેરા રાખવા સંબંધેનું જાહેરનામું સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે દિન-૬૦ માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના, એ.ટી.એમ. મશીનમાં રહેલ નાણાની સલામતી જળવાઈ રહે, એ.ટી.એમ. મશીનમાં ચોરી કરતા ગુન્હેગારોની ઓળખ મળી રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, આવા ગુન્હાનું પ્રમાણ ઘટે, જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો,** વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોએ તેમના એ.ટી.એમ. ચેમ્બરની અંદરના ભાગે તથા એ.ટી.એમ. ના બહારના ભાગે પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫-દિવસ સુધી રાખવો.

(૨) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ.ની બહારના ભાગે ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ગાડીમાં ડ્રાયવર તેમજ તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે વાહન અને વ્યક્તિની ઓળખ થઈ શકે તે મુજબ પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક ૩ શીફટમાં ચોકીદારો રાખવા.

આ હુકમ તા. ૦૧-૦૨-૨૦૧૪ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૩૧ મી માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૩૫૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/બોટ-વહાણ-ગુમ/જા.નામું/૫૮/૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫ ના પત્રથી ગીર સોમનાથ જિલ્લાની દક્ષિણે વિશાળ અરબી સમુદ્ર આવેલ છે અને આ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર દરીયા કિનારે આવેલ છે. તેમજ વેરાવળ બંદર તથા નવા બંદર ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે તેમજ મોટાભાગની વસતી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયમ ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આમ, આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તેમાં આતંકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની ‘‘કુબેર’’ નામની બોટનું અપહરણ કરી અતંકી હુમલાને અંજામ આપેલ હોવાનું જણાયેલ છે. જેથી વાતાવરણીય કારણોસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અને કોઈ કારણોસર વહાણ/બોટ ગુમ થયા અંગેની તથા વહાણ/બોટ સાથેનો સંપર્ક ન થતો હોવા અંગેની જાણ કરવા અંગેની પ્રથા/નિયમો હોવા રાષ્ટ્રીય સુરક્ષાની બાબતે જરૂરી છે. તેમજ આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામા જાય અને વાતાવરીણીય કારણોસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણોસર કે અન્ય કોઈપણ કારણોસર વાહણ/બોટ ગુમ થાય કે વાહણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય, તેવા કિસ્સામાં વાહનન માલિક દ્વારા સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવા બાબતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત બોટ દરીયામાં લઈ જાય અને વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કાઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક વહાણ/બોર્ટ પરત આવવાની સંભવિત તારીખથી સતત ૭ (સા) દિવસ સુધી સંપર્ક સાધવા પ્રયાસ કરવા છતાં સંપર્ક થતો ન હોય તોતે બાબતેની જાણ નજીકના પોલીસ સ્ટેશનને અને સબંધિત તમામ સરકારી એજન્સીને કરવી ફરજીયાત છે. તેમજ વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખ દરમ્યાન પરત ન આવે તો નીચે મુજબના પત્રકની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશન તથા સંબંધીત તમામ સરકારી એજન્સીને જાણ કરવાની રહેશે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીનઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૦૧-૦૨-૨૦૧૫ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. મુંબઈ પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૩૧ મી, માહે જાન્યુઆરી, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

INDEX

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૩૫૮/વાહન લે-વેચ/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એસઓજી/જાહેરનામું/વાહન/લે-વેચ/૬૦/૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીષ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ર્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદનુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની અવશ્યકપણે નિભાવણી કરવાની છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે, કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી(જાત), ઉંમર, સરનામું, કોન્ટેક નંબર	વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૦૧-૦૨-૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૩૧ મી માહે જાન્યુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

વી. જે. રાજપુત,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીરસોમનાથ જિલ્લો, વેરાવળ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૨૨૨૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : સીબી/૩/૯૬૫/૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫ ના પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામ જતા રસ્તા નજીક સુધીના દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે પ્રવેશબંધી કરવા અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી વાર્ષિક ફાઈરીંગ પ્રેકટીસ તા. ૦૫-૦૨-૨૦૧૫ થી તા. ૧૫-૦૨-૨૦૧૫ સુધી સવારના ૬:૦૦ કલાક થી રાત્રીના ૧૯:૦૦ કલાક સુધી કરનાર હોય જેથી તે વિસ્તારમાં કોઈપણ ઈસમ કે માછીમારો વ્યકિતગત કે વહાણ, બોટ લઈને જવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત યોગ્ય જણાય છે.

સબબ હું, **ચિરાગ ચાવડા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૦૫-૦૨-૨૦૧૫ થી તા. ૧૫-૦૨-૨૦૧૫ સુધી સવારના ૬:૦૦ કલાકથી રાત્રીના ૧૯:૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૩-૦૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ચિરાગ ચાવડા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૩૯૭૨/૨૦૧૫.-આગામી ફેબ્રુઆરી-૨૦૧૫નાં માસ દરમિયાન તા. ૧-૨-૨૦૧૫નાં રોજ શ્રીનાથજી પટોત્સવ, તા. ૧૪-૨-૨૦૧૫નાં રોજ વેલેન્ટાઈન ડે, તા. ૧૭-૨-૨૦૧૫નાં રોજ મહાશિવરાત્રી તથા છત્રપતિશિવાજી જયંતિ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

શ્રી ખીજદળ મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ખીજદળ, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૧૩/નં. ૪૩૮૩૭/૩૨૮/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી રોજડા મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રોજડા, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૦૮/નં. ૪૩૮૩૩/૪૧૩/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી જય મુરલીધર મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : શેઢ, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૧૪/નં. ૪૩૮૩૮/૪૧૫/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી ફતેહપુર મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ફતેહપુર, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૧૫/નં. સે. ૪૩૮૩૯/૩૪૪/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી પોષીત્રા મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પોષીત્રા, તાલુકો : ઓખામંડળ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૧૬/નં. સે. ૪૩૮૪૦/૩૩૫/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી ધુમથળ મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ધુમથળ, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૧૮/નં. સે. ૪૩૮૪૨/૩૪૦/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી નવીફોટ મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : નવીફોટ, તાલુકો : ખંભાલીયા, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૧૯/નં. સે. ૪૩૮૪૩/૩૩૮/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી મોટીખોખરી મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : મોટીખોખરી, તાલુકો : ખંભાલીયા, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૦/નં. સે. ૪૩૮૪૪/૩૩૩/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી આંબરડી મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : આંબરડી, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એસ. એન. જોશી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
દેવભુમિદ્વારકા.

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 05th MARCH, 2015/PHALGUNA 14, 1936 No. 10

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	269-308
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	361-408
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read :

(1) *Hon'ble High Court's letter No. A. 1318/2008 dated 10-10-2008.*

(2) *Notification No. B/111/2010 dated 8-4-2010, No. B/241/2011 dated 6-6-2011, No. B/257/ 2012 dated 20-7-2012, No. B/426/2013 dated 1-8-2013 and No. B/322/2014 dated 10-7-2014.*

NOTIFICATION

No. B/91/2015.-As per this Office Notification cited in preamble at Sr. No. 2 a "Complaint Committee" for providing safe work environment for women working on the establishment of Judicial Department of Jamnagar District was constituted.

The Principal District Judge, Jamnagar is pleased to re-constitute a "Complaints Committee" on the establishment of Judical Department of Jamnagar District by nominating the following members in the committee :

1.	Mrs. P. J. Agravat, 2nd Additional District Judge, Jamnagar.	Chairperson
2.	Mrs. S. P. Joshi, 6th (Ad-hoc) Additional District Judge, Jamnagar.	Member
3.	Miss. A. M. Vaishnav, 2nd Additional District Judge, Jamnagar.	Member
4.	Miss Harshidaben Joshi Advocate, Bar Association, Jamnagar.	Member
5.	Suchitaben Bhadlawala Manad Mantri, Jamnagar.	Member

The Complaint Committee has to follow the guidelines issued by the Hon'ble Supreme Court of India in the case of Vishakha & Others Vs. State of Rajasthan & Others.

The Complaint Committee is also requested to make an annual report of the complaints and action taken by them and submit the report to this office in the first week of January of each year.

Jamnagar, 13th February, 2015.

V. S. Dave,
Principal District Judge,
Jamnagar.

Read :

(1) *The Notification No. A. 1201/2012/51, Dated : 04-05-2012 of High Court of Gujarat, Ahmedabad.*

(2) *This Court Notification No. UHC/B/45/2012, dtd. : 16-05-2012.*

(3) *This Court Notification No. UHC/B/22/2013, dtd. : 10-05-2013.*

(4) *This Court Notification No. UHC/B/38/2013, dtd. : 22-07-2013.*

(5) *The Hon'ble High Court of Gujarat Notification No. A 1201/2014 (102), dated : 07-11-2014.*

(6) *This Court Notification No. UHC/B/48/2014, dtd. : 06-09-2014.*

(7) *This Court Notification No. UHC/B/12/2015, dtd. : 05-02-2015.*

(8) *Letter No. GSJA/91/2015, dated 13-02-2015 of Gujarat State Judicial Academy, Ahmedabd.*

NOTIFICATION

No. UHC/B/15/2015.-Consequent upon the notification cited in the preamble at Sr. No. 1, the undersigned is please to pass the following order for the purpose of providing speedy trial/inquiry of offences/matters arising out, under Atrocities Act with effect from 16-02-2015.

Mr. N. R. Joshi, 3rd Additional District Judge, Junagadh is nominated to try/inquiry the cases under Atrocities Act.

He is directed to preside over in the said Special Court in this District Headquarter for the purpose of providing speedy trial/inquiry of offences/matters arising out, under Atrocities Act.

Junagadh, 05th February, 2015.

T. M. Shaikh,
Principal District Judge,
Junagadh.

INDEX

Read : 1. *Notification No. GS/2014-35-JSR-102014-1339-GH Dated 07th October, 2014 of General Administration Department, Gandhinagar.*

2. *Hon'ble High Court Letter No. C. 2103/2011, dated 15-11-2011.*
3. *Hon'ble High Court Letter No. C. 2103/2013, dated 27-12-2012.*
4. *Hon'ble High Court Notification No. C. 2101/2015, dated 25-11-2014.*
5. *Hon'ble High Court Letter No. C. 2103/2015, dated 12-01-2015.*
6. *This Office Notification No. Adm/H.6/6554/2014, dated 22-12-2014.*
7. *This Office Notification No. Adm/H.6/586/2015, dated 21-01-2015.*
8. *Hon'ble High Court Letter No. C. 2103/2015, dated 02-02-2015.*

NOTIFICATION

I

No. Adm/H.6/828/2015.-This Office notification cited in the preamble at Sr. No. 6 & 7 are hereby treated as cancelled and as per the Hon'ble High Court Letter cited in the preamble at Sr. No. 8, the following **afresh notification is hereby passed.**

In accordance with the provisions contained in Para-625 of Civil Manual, Volume-I, the undersigned is pleased to notify the following **Holidays** to be observed in the **YEAR-2015.** The District Court and all the Courts subordinate to it, in Surendranagar District shall remain closed on these days.

Sr. No.	Name of the Holiday	Date According to Gregorian Calendar	Day
01.	Makar Sankranti	14th January, 2015	Wednesday
02.	Republic Day	26th January, 2015	Monday
03.	Maha Shivratri	17th February, 2015	Tuesday
04.	Holi 2nd Day [Dhuleti]	6th March, 2015	Friday
05.	Chetichand	21st March, 2015	Saturday
06.	Shree Ram Navmi	28th March, 2015	Saturday
07.	Mahavir Jayanti (Janma Kalyanak)	02nd April, 2015	Thursday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
09.	Ramjan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni)	18th July, 2015	Saturday
10.	Independence Day	15thAugust, 2015	Saturday
11.	Raksha Bandhan	29th August, 2015	Saturday
12.	Janmashtami (Shravan Vad-8)	05th September, 2015	Saturday
13.	Samanvantsari (Chaturthi Paksha)	17th September, 2015	Thursday
14.	Bakri-Id (Idd-Ul-Aza)	25th September, 2015	Friday
15.	Mahatma Gandhi's Birthday	2nd October, 2015	Friday
16.	Dusshera (Vijaya Dashmi)	22nd October, 2015	Thursday
17.	Muharram	24th October, 2015	Saturday
18.	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 2015	Saturday
19.	Diwali (Extra Holiday)	9th November, 2015	Monday
20.	Diwali (Extra Holiday)	10th November, 2015	Tuesday
21.	Diwali	11th November, 2015	Wednesday
22.	Vikram Samvant New year Day (Kartika Sud-1)	12th November, 2015	Thursday
23.	Bhai Bij	13th Novemer, 2015	Friday
24.	Diwali (Extra Holiday)	16th November, 2015	Monday
25.	Guru Nanak's Birthday (Kartika Sud-15)	25th November, 2015	Wednesday
26.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th December, 2015	Thursday
27.	Christmas	25th December, 2015	Friday

Note :-

1. The following day has not been notified as General Holiday as they fall on Sunday

1.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015	Sunday

2. In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of any two Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list of Optional Holidays declared by the Government permission for availment of those Optional Holidays should, however be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of the Court work which should not be affected in any way whatsoever. This leave of two days taken by Government Servants at their choice will not be debited to their Casual Leave Account.
3. If any of the Muslim Holidays notified above, do not fall on the day notified, the Muslim Government Servants may be granted an Optional Holiday on the day which the Holiday is actually observed.

II

As per the Hon'ble H. C. Letter cited in preamble at Sr. No. 8, the undersigned is pleased to declare as Holidays on 09-11-2015 (Monday), 10-11-2015 (Tuesday) and 16-11-2015 (Monday) and in lieu there of non-working saturdays on 27-06-2015, 25-07-2015 and 22-08-2015 are hereby declared as working days in the District Court and all Subordinate Courts to it in the Judicial District of Surendranagar.

Surendranagar, 05th February, 2015.

Read :

1. *Notification No. A. 1201/2015(6)/ dated 03-02-2015 of Hon'ble High Court.*

NOTIFICATION

No. Adm/E.5/837/2015.-Consequent upon the creation of the Court of 3rd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar and the Court of 5th Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, vide above referred Notification of Hon'ble High Court, it is notified for General to all concerned that the Court of 3rd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, **is functioning w.e.f. 07-02-2015 F.N.** and the Court of 5th Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, is started functioning w.e.f. 07-02-2015 before office hours. The Address of the said Courts are as under.

Address :

1. The 3rd Additional District & Additional
Sessions Judge, Surendranagar,
Ground Floor, District Court Building,
Surendranagar.

2. The 5th Additional District & Additional
Sessions Judge, Surendranagar,
First Floor, District Court Building,
Surendranagar.

Surendranagar, 05th February, 2015.

Read :

1. *Hon/ble High Court* of Gujarat *Notification No. A./2617/2000/dated 31-01-2004*
2. *Hon'ble High Court of Gujarat Notification No. A.2617/2000 dated 25-11-2009.*
3. *Hon'ble High Court of Gujarat Notification No. A.1201/2010(78) dated 17-08-2010.*
4. *Hon'ble High Court Notification No. A1201/ 2015(6)dated 03-02-2015.*
5. *This Office Notification No. Judi./3443/2013/ dated 29-05-2013*
6. *District Court Office Order No. Adm./O.1/3428/ 2013 dated 28-05-2013*
7. *Hon'ble High Court Notification No. A.1201/ 2015(6) dated 03-02-2015*
8. *This Office Order No. Adm./E.3/835/2015 & 836/ 2015 dated 05-02-2015.*

NOTIFICATION

No. Judi./845/2015.-As per the notification issued by Hon'ble High Court of Gujarat, referred to above in preamble, I have nominated the 2nd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, to exclusively deal with the cases involving Senior Citizens and cases involving sexual harassment of women on priority basis, but consequent upon the creation of the Court of 3rd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, the undersigned is please to modify the notification cited in the preamble at Sr. No.5 and to nominate the 2nd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, to exclusively deal with the cases involving sexual harassment of women and the 3rd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, to exclusively deal with the cases involving Senior Citizens.

The 2nd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar & The 3rd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar will conduct the cases both Civil and Criminal by adjusting the daily board that the such type of cases may be taken up for hearing day to day basis.

They are also informed and instructed to concentrate and offering priority for making disposal of above cases which are assigned to them, as per the Hon'ble High Court of Gujarat Circular No. C.2611/2001 dated 11-10-2001 and the direction issued by the Hon'ble Apex Court reported in AIR-2001. Supreme Court, Page No.1403 in the State of U. P. v/s Shambhunath Sing & Ors. by strictly follow the provisions of Section 309 of Criminal Procedure Code, 1973, on day to day basis.

They will conduct and to decide the cases according to law which are assigned to them.

This notification shall take effect from 07-02-2015 B. O. H.

Surendranagar, 06th February, 2015.

Read :

1. *Legal Department Resolution No. SCT/1089/4287/D (Pt.II) dtd. 25-06-1999.*
2. *Hon'ble High Court Letter No. A.2408/89 dtd. 10-01-2000.*
3. *An Office Order No. Judi/A-1/373/2000 dtd. 28-01-2000 of this Court.*
4. *An Office Order No. Judi/161/2011 dtd. 19-01-2011 of this Court.*
5. *This Office O.O.No.Adm./A.14/11341/2012/ dated 24-12-2012.*
6. *District Court Office Order No. Adm./O.1/3428/ 2013 dated 28-05-2013.*
7. *Hon'ble High Court of Notification No. A1201/ 2015(6) dated 03-02-2015.*
8. *This Office Notification No. Judi./3442/2013 dated 29-05-2013.*
9. *District Court Office Order No. Adm./O.1/3428/ 2013 dated 28-05-2013.*
10. *Hon'ble High Court Notification No. A.1201/ 2015(6) dated 03-02-2015.*
11. *This Office Order No. Adm./E.3/835/2015 & 836/2015 dated 05-02-2015.*

NOTIFICATION

No. Judi./844/2015.-As Hon'ble The High Court has drawn attention to the Notification referred to above at Sr. No. 1 and has also directed to create the Special Court in establishment of Surendranagar, to deal with the cases of Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act. 1989. under the letter referred to above Sr. No. 2.

Previously, I have nominated to the 2nd Additional District Judge & Addl. Sessions Judge, Surendranagar as Special Court to deal with the cases of Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act. 1989, but, consequent upon the creation of the Court of 5th Additional District Judge & Addl. Sessions Judge, Surendranagar, the undersigned is pleased to nominate the Court of 5th Additional District Judge and Addl. Sessions Judge at Surendranagar to preside over such Special Court, to deal with the cases of Scheduled Castes & Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, with effect from 07-02-2015 B. O. H.

Surendranagar, 06th February, 2015.

Read :

1. *This Court Office Order No. Judi/844/2015, dated 06-02-2015*
2. *This Court Office Order No. Judi/845/2015, dated 06-02-2015*
3. *Letter No. GSJA/91/2015 dtd. 13-02-2015.*

OFFICE ORDER

No. Judi./1065/2015.-In view of the direction given by the Gujarat State Judicial Academy in it's letter referred to above at Sr. No. 3, the undersigned is pleased to canceled the Notifications cited in the preamble at Sr. No. 1 & 2, regarding Special (SC/ST)

Court and the Cases related to Senior Citizens, w.e.f. 18-02-2015.

Surendranagar, 16th February, 2015.

Read :

1. *Hon'ble High Court Letter No. C. 2103/91 dated 07-01-1991.*
2. *Hon'ble High Court Letter No. C. 2103/2006 dated 30-12-2006.*

NOTIFICATION

No. U-HC/Adm./H.6/1133/2015.-Under the power vested in him under paragraph 628 of Chapter XXXI of the Civil Manual Volume-I, 1960, in exercise of the powers conferred by sub-section (2) of Section 22 of the Gujarat Civil Courts Act, 2005 the undersigned is pleased to sanction the closing of all the Civil Courts, in Judicial District of Surendranagar, for the **ANNUAL SUMMER VACATION FOR 30 (THIRTY) DAYS FROM SATURDAY, 16th MAY, 2015 to SUNDAY, 14th JUNE, 2015, (both days inclusive).**

The Offices of the Nazir and the Record-keeper in the District Court, as well as offices of the Nazir in the Civil Courts in the District will remain open in Vacation, on all working days.

Civil work of urgent nature will be received during the aforesaid vacation.

Surendranagar, 19th February, 2015.

A. D. Mogal,
Principal District Judge,
Surendranagar.

કલેક્ટર દ્વારા

વંચાણે લીધા : સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઈસીએ-૧૦૨૦૧૪-૭૨૩૦૦૬-બ, તા. ૨૧-૧૦-૨૦૧૪નો પત્ર

આદેશ

નં. ૫૨વ/વશી/૧૨૧૪/૧૪.-આથી હું, **એસ. કે. પંડયા, કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૨ (II-a) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬એ અને કલમ-૬બી ના મળેલ અધિકારો પૈકી નિયામક નાગરિક પુરવઠા ગુજરાત રાજયની કચેરીના રાજય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલમિલ્કતના કેસોમાં તેવી માલમિલ્કતની કિંમત રૂપીયા બે લાખથી ઓછી હોય તો નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરીના સંયુકત/નાયબ નિયામકને અને તેવી માલમિલ્કતની કિંમત રૂપીયા બે લાખ કે તેથી વધારે હોય તો નિયામકશ્રી, નાગરિક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરૂં છું.

દેવભૂમિ દ્વારકા, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

સહી (અવાચ્ય),
કલેક્ટર,
દેવભૂમિ દ્વારકા.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વિષય : જુનાગઢ જિલ્લા જેલના કાચા કામના કેદી શ્રી હાસમભાઈ રહેમાનભાઈ બેલીમ, ઉ. વ.-૫૨ નુ સીવીલ હોસ્પિટલ, રાજકોટમાં તા. ૧૪-૧૦-૨૦૧૪ ના રોજ અવસાન થતા મેજીસ્ટ્રેરીયલ ઈન્કવાયરી કરવા બાબત.

વંચાણે લીધા :

(૧) સંયુક્ત સચિવશ્રી, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરના કેસ નં. એચરઆરસી/૨૦૧૪/ ક.ડેથ/૪૫/ લીગલ તા. ૭-૧૧-૧૪ તથા તા. ૦૯-૦૧-૧૫

(૨) જેલ અધિક્ષકશ્રી, જિલ્લા જેલ જુનાગઢના વાયરલેસ મેસેજ નં. યુટીપી/૧૮૩૨/૨૦૧૪, તા. ૧૪-૧૦-૨૦૧૪

હુકમ

માણાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુ. ૨. નં. ૯/૧૩ આઈ.પી.સી. કલમ-૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૫ હેઠળના આરોપી શ્રી હાસમભાઈ રહેમાનભાઈ બેલીમ, ઉ.વ.-૫૨, રહે. : આજક, તા. : માંગરોળવાળા, તામ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક) સાહેબની કોર્ટ, માણાવદરના હુકમ તળે જુનાગઢ જિલ્લા જેલના કાચા કામના કેદી તરીકે તા. ૩-૯-૨૦૧૩ ના રોજ દાખલ થયેલ. તેઓને સીવીલ હોસ્પીટલ જુનાગઢમાં સારવાર હેઠળ દાખલ કરેલ હતા અને વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલ રાજકોટ ખાતે રીફર કરતા સીવીલ હોસ્પીટલ રાજકોટ ખાતે તા. ૧૪-૧૦-૨૦૧૪ ના રોજ ૦૨-૩૦ કલાકે અવસાન થયાનો અહેવાલ ઉપરોકત વંચાણે લીધેલા ક્રમ-૨ ઉપરના અધિક્ષકશ્રી જિલ્લા જેલ, જુનાગઢના તા. ૧૪-૧૦-૨૦૧૪ ના વાયરલેસ પત્રથી રજુ થયેલ છે.

ઉપરોકત વિગતે વંચાણે લીધેલ ક્રમ-૧ ના ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરના તા. ૭-૧૧-૨૦૧૪ તથા ૯-૧-૨૦૧૫ ના પત્રોથી રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, નવી દિલ્હીના તા. ૫-૪-૨૦૧૦ના રોજ કેસ નં. ૪૧૬૬૩/૨૪/ ૨૬/૦૮૦૯-જેસીડીમાં થયેલ પ્રોસીડીંગમાં જણાવવામાં આવેલ વિગતે કુદરતી અથવા બીમારીથી મૃત્યુ પામેલ કસ્ટોડીયલ ડેથના

INDEX

બનાવોની ઈન્કવાયરી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી દ્વારા કરવાની થતી હોઈ, સદરહું કસ્ટોડીયલ ડેથના બનાવની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ઈન્કવાયરી કરાવી, ઈન્કવાયરી અહેવાલ રાજ્ય માનવ આયોગને સત્વરે મોકલી આપવા સુચના થઈ આવેલ છે.

આમ ઉપરોક્ત વિગતેના કાચા કામના કેદીશ્રી શ્રી હાસમભાઈ રહેમાનભાઈ બેલીમનું મૃત્યુ કયા કારણોસર કેવા સંજોગોમાં થયેલ છે, તે સંબંધી તેમજ મૃત્યુના બનાવ તરફ દોરી જતાં, તેમજ મૃત્યુ સંબંધી કારણો અને સંજોગોની તેમજ તે અન્વયે આનુસાંગીક પાસાઓની તપાસ કરવાનું જરૂરી જણાતા હું **આલોક કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** કેદી હાસમભાઈ રહેમાનભાઈ બેલીમનાં મૃત્યુનાં કિસ્સામાં ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૭૬(૧-એ) તળે મેજીસ્ટ્રેરીયલ ઈન્કવાયરી કરવા માટે શ્રી વાય. ડી. શ્રીવાસ્તવ, જી.એ.એસ., સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢને આથી હુકમ કરૂ છું.

આ અંગેનો તપાસ અહેવાલ આ હુકમની તારીખથી દિવસ-૩૦માં સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢએ અત્રેને રજુ કરવાનો રહેશે.

આજ રોજ તા. ૧૬-૦૨-૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

જુનાગઢ, ૧૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

આલોક કુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૨૦૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : સીબી/૩/૧૭૦૪/૧૫, તા. ૧૯-૦૨-૨૦૧૫ ના પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામ જતા રસ્તા નજીક સુધીના દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉત્તર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે પ્રવેશબંધી કરવા અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી વાર્ષિક ફાઈરીંગ પ્રેકટીસ તા. ૨૧-૦૨-૨૦૧૫ થી તા. ૧૦-૦૩-૨૦૧૫ સુધી સવારના ૬:૦૦ કલાક થી રાત્રીના ૧૯:૦૦ કલાક સુધી કરનાર હોય જેથી તે વિસ્તારમાં કોઈપણ ઈસમ કે માછીમારો વ્યકિતગત કે વહાણ, બોટ લઈને જવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત યોગ્ય જણાય છે.

સબબ હું, **જે. સી. ચુડાસમા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૧-૦૨-૨૦૧૫ થી તા. ૧૦-૦૩-૨૦૧૫ સુધી સવારના ૬:૦૦ કલાકથી રાત્રીના ૧૯:૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉત્તર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૨૦-૦૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

જે. સી. ચુડાસમા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૯૩૮ થી ૯૮૮/૨૦૧૫.-(૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ આગામી દિવસો દરમ્યાન મહાશિવરાત્રીનો તહેવાર આવતો હોય જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **પી. બી. ઠાકર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૯-૦૨-૧૫ થી તા. ૨૩-૦૨-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇ પણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૯-૦૨-૨૦૧૫ થી તા. ૨૩-૦૨-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૦૭ માહે ફેબ્રુઆરી–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૧૫૫૨૫ થી ૧૫૫૯૫/૨૦૧૪.- પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૩-૧૨-૨૦૧૪ના પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/સી.સી.ટી.વી./૭૮૯/૧૪થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટેલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેકટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયાં મોટી રકમની અથવા કિમતી ચીજવસ્તુની લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડદેવડ અને હેરાફરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતાં પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય, અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં આવેલ બેંકો, સહકારીબેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **પી. બી. ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા

પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેક્ટ્રીક બીલના કલેક્શન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જ્યાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશદ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કિંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી. ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રોકોર્ડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૩૦-૧૨-૨૦૧૪ થી તા. ૨૭-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ ડીસેમ્બર, સને ૨૦૧૪નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

પી. બી. ઠાકર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)બી હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/ગિરનાર/સ્પર્ધા/૭૨૫/૧૫.-ગુજરાત સરકારશ્રીના યુવક સેવાઓ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને રમત-ગમત વિભાગના ઉપક્રમે જુનાગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તા. ૨૨-૨-૨૦૧૫ના રોજ અખીલ ભારત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા-૨૦૧૫ યોજાનાર છે. આ સ્પર્ધાના કારણે ગિરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓને કારણે આ સ્પર્ધામાં ભાગ લેતા યુવક/યુવતીઓની ટુકડીઓને સ્પર્ધામાં અંતરાય કે ખલેલ ઉભી થવાની પુરેપુરી શકયતા રહેલી હોય, એવા સંજોગોમાં ગિરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓના સંભવિત વિક્ષેપને દુર કરવા તેમજ સ્પર્ધામાં ભાગ લેતા યુવક યુવતીઓની ટુકડીઓને સંભવિત ખલેલ નિવારવાના હેતુ માટે આ સ્પર્ધા દરમ્યાન ગિરનાર તળેટીથી અંબાજી તરફ જતા ગિરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર આવવા-જવા માટે પ્રતિબંધ ફરમાવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સભ્ય સચિવશ્રી, ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જુનાગઢના તા. ૧૦-૨-૨૦૧૫ના પત્રથી દરખાસ્ત થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૨૨-૨-૨૦૧૫ ના રોજ ૦૦-૦૦ કલાકથી (શૂન્ય કલાકથી) બપોરના ૧૨-૦૦ કલાક સુધી ગિરનાર તળેટીથી અંબાજી મંદિર તરફ જતી ગિરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યકિત/યાત્રાળુઓ ગિરનાર પર્વતની સીડીના પગથીયા દ્વારા ઉપર જવા કે નીચે ઉતરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું સ્પર્ધાના અધિકૃત અધિકારીશ્રીઓ/સ્વયંસેવકોને સ્પર્ધા વ્યવસ્થામાં કાયદેસરની ફરજ બજાવનારને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧માંદર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૧૩ માહે ફેબ્રુઆરી-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૩ માહે ફેબ્રુઆરી, ૨૦૧૫.

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ ૩૩ની પેટા કલમ-(૧) (બી) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/શિવરાત્રી/૪૧૦/૪૧૭/૨૦૧૫.-જુનાગઢ શહેરમાં ભવનાથ તળેટી ખાતે ચાલુ વર્ષે પરંપરાગત રીતે મહા-શિવરાત્રીનો મેળો યોજાનાર છે. આ મેળામાં લાખોની સંખ્યામાં જનમેદની એકત્ર થાય છે. તા. ૧૯-૨-૨૦૧૨ના રોજ મહાશિવરાત્રી મેળા દરમ્યાન મેળાક્ષેત્રમાં પ્રવેશના રૂટ ઉપર પાજનાકા ખાતે ટ્રાફીક જામના કારણે સર્જાયેલ ધકામુકીના કારણે બનેલ દુઃખદ બનાવને ધ્યાને લેતા, આ પ્રકારના કોઈપણ અકસ્માતો નિવારવા તથા ટ્રાફીક નિયમનના હેતુસર ભરડાવાવ-ગિરનાર દરવાજાથી ભવનાથ તરફ જવા માટે **તમામ પ્રકારના નાના મોટા વાહનો (એસ.ટી.બસ અને સીટી બસ સહિત) માટે તેમજ ઉંટગાડી, ઘોડાગાડી, બળદગાડી જેવા વાહનો માટે** પ્રવેશબંધી ફરમાવતુ જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૩૩(૧)(બી) હેઠળ

તા. ૧૩-૨-૨૦૧૫ થી તા. ૧૮-૨-૨૦૧૫ સુધીની મુદતનું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/મહાશિવરાત્રી/૩૧૩/૨૦૧૫, તા. ૨૭-૧-૨૦૧૫ તથા પત્ર નં. સી/એલઆઈબી/જા.નં. ૩૧૬/૨૦૧૫, તા. ૨૭-૧-૨૦૧૫ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ. બાદમાં શિવરાત્રી મેળા માટે યોજાયેલ બેઠકમાં થયેલ રજુઆતો સંદર્ભે થયેલ પત્ર વ્યવહારના અંતે તેઓના પત્ર નં. સી/એલઆઈબી/મહાશીવરાત્રી/૪૪૧/૧૫, તા. ૪-૨-૨૦૧૫ તથા પત્ર નં. સી/એલઆઈબી/મહાશિવરાત્રી/૬૬૦/૧૫, તા. ૧૧-૧-૨૦૧૫ થી અગાઉની ઉપરોકત તા. ૨૭-૧-૨૦૧૫ ના પત્રોથી કરાયેલ દરખાસ્ત મુજબ જ જાહેરનામું પ્રસિધ્ધ કરવા સ્પષ્ટતા થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, આવા અકસ્માતો નિવારવા અને લોકોની અવર જવરને અડચણ ન થાય તે માટે ટ્રાફીકનું નિયંત્રણ કરવા માટે સાવચેતીના પગલા લેવાનું અનીવાર્ય જણાતા, હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ તા. ૧૩-૨-૨૦૧૫ થી તા. ૧૮-૨-૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) **તમામ પ્રકારના નાના મોટા વાહનો (એસ.ટી.બસ અને સીટી બસ સહિત) માટે તેમજ ઉંટગાડી, ઘોડાગાડી, બળદગાડી જેવા વાહનો માટે ભરડાવાવ-ગિરનાર દરવાજાથી ભવનાથ જવા માટે પ્રવેશ બંધી ફરમાવુ છું.**

મેળાની કામગીરી સાથે સંકળાયેલા સરકારના સબંધિત ખાતા તથા પોલીસ ખાતા દ્વારા મંજુરી આપવામાં આવેલ વાહન પાસવાળા વાહનોને આ જોગવાઈ લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૨મી માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૨ માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૭૯૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૭૨૭/૧૫, તા. ૧૫-૨-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત અને પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) આ સમય દરમ્યાન હોળી, ધુળેટી જેવા તહેવારો આવે છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૧-૨-૨૦૧૫ના રોજથી તા. ૬-૩-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૮, માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૭૯૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૭૨૬/૨૦૧૫, તા. ૧૫-૨-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલનાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આ સમય દરમ્યાન હોળી, ધુળેટી જેવા તહેવારો આવે છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આશ્યક હોય, જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૦-૨-૨૦૧૫ થી તા. ૨૦-૦૩-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) **આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૮ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૪૦૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર નં. સી/એલ.આઈ.બી./

મહાશિવરાત્રી/જા.ના./૧૬૯/૨૦૧૫, તા. ૧૦-૦૨-૨૦૧૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આગામી તા. ૧૪-૦૨-૨૦૧૫ થી તા. ૧૮-૦૨-૨૦૧૫ સુધી ગીર સોમનાથ જિલ્લામા શ્રી સોમનાથ મંદિર મુકામે મહાશિવરાત્રી મેળાનું પરંપરાગત રીતે આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં બહોળી સંખ્યામા યાત્રાળુઓ એકત્રીત થનાર હોય, યાત્રાળુઓની અવર-જવરના કારણે લોકોની સલામતી માટે કોઈ અકસ્માતનો બનાવ બનવા ન પામે તે હેતુસર તા. ૧૭-૦૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૮-૦૨-૨૦૧૫ ના રોજ કલાક ૦૮-૦૦ સુધી નીચેની વિગતે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) સફારી બાયપાસ તરફથી તમામ પ્રકારના વાહનો એક માર્ગીય રીતે વેણેશ્વરના રસ્તે થઈ ગૌરીકુંડ પાસેના પાર્કિંગ સ્થળે પાર્ક કરવા.

(૨) ગૌરીકુંડ પાસેના પાર્કિંગમા પાર્ક થયેલા વાહનો પરત જતી વખતે ગુડલક સર્કલ થઈ બહાર જઈ શકશે. આ રીતે આવક-જાવક બન્ને વન-વે રસ્તાઓ રહેશે.

(૩) એસ.ટી. બસ હાલના ચાલુ રસ્તા પ્રમાણે ગુડલક સર્કલથી પ્રભાસ પાટણ એસ.ટી. બસ સ્ટેન્ડ સુધી તેમજ ટુ વ્હીલર ગુડલક સર્કલથી વેણેશ્વર ખાતે થયેલ પાર્કિંગ સ્થળ સુધી જઈ શકશે.

ઉપરોકત વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે યોજાનાર મહાશિવરાત્રી મેળા દરમ્યાન યાત્રાળુઓની સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ બનવા ન પામે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબ જાહેરનામુ બહાર પાડવુ આવશ્યક જણાય છે.

સબબ, હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતી ગુજરાત પોલીસ અધિનિયમની કલમની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત ક્રમ નં.-૧ થી ૩ ની વિગતે પ્રતિબંધ ફરમાવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તા. ૧૭-૦૨-૨૦૧૫ ના રોજ કલાક ૦૦-૦૦ થી તા. ૧૮-૦૨-૨૦૧૫ ના રોજ ૦૮-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમ ફરજ ઉપરના સરકારી વાહનો, એસ.ટી. બસો તથા ટુ વ્હીલરને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મા જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખઃ ૧૨મી, માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

વી. જે. રાજપુત,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૧૫૩૧૨ થી ૧૫૩૮૨/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૩-૧૨-૨૦૧૪ના પત્ર જા. નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/STD-PCO/૭૯૦/૨૦૧૪થી હાલના પ્રવર્તમાન આંતકવાદના સંજોગો અને ભૂતકાળમાં ગુજરાત રાજ્યના બોમ્બે બ્લાસ્ટ જેવા આતંકવાદના કૃત્યોના બનાવો બનવા પામેલ છે અને આંતકવાદી સંસ્થા/સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ તેમજ ધરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી.,પી.સી.ઓ.માં જઈને ફોન દ્વારા ધમકી આપવા, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિ સતામણી કરવાના બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી.,પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુનેગારો સુધી પહોંચવુ અશકય બને છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી.પી.સી.ઓ. માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું, **પી. બી. ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી., પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી.,પી.સી.ઓ.માંથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

અનુ. નંબર	STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર	STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર	ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઇ.ડી. પ્રુફની વિગત નંબર સાથે.	જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૩૦-૧૨-૨૦૧૪ થી તા. ૨૭-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોકત કોલમવાઈઝ રજીસ્ટરો સંબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

શિક્ષા :

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૬ ડીસેમ્બર, સને ૨૦૧૪નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૧૫૩૮૩ થી ૧૫૪૫૩/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૨૩-૧૨-૨૦૧૪ના પત્ર નં. જા.નં. એસઓજી/જાહેરનામું/મકાન ભાડુઆત/૭૯૧/૨૦૧૪ ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઈ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **પી. બી. ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડું કેટલું છે ?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૩૦-૧૨-૨૦૧૪ થી તા. ૨૭-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધિ કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે ડીસેમ્બર, સને-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે ડીસેમ્બર, સને-૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૧૫૧૭૦ થી ૧૫૨૪૦/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૩-૧૨-૨૦૧૪ના પત્ર જા.નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ/મજુર-કારીગર/૭૯૪/૧૪થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે, કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું, **પી. બી. ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજીસ્ટર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગિીક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રકરૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

ક્રમ	મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઈલ નંબર	મજુર/કારીગરનું વતનનું પુરૂં સરનામું, નજીકના પો.સ્ટે.ની વિગત	તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યાં કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે.	કોની ઓળખાણથી પોતાને ત્યા કામે રાખેલ છે. તેનું પુરૂં નામ સરનામું તથા મોબાઈલ નંબર	મજુર/કારીગરના આઈ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઈલ બનાવી રાખવું)	મજુર/ કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તા. ૩૦-૧૨-૨૦૧૪ થી તા. ૨૭-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૨૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૧૫૨૪૧ થી ૧૫૩૧૧/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૩-૧૨-૨૦૧૪ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/વાહન લે-વેચ/૭૯૨/૧૪ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થયા/થતા હોય, તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, **પી. બી. ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય, તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

અનું નંબર	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરુ નામ-જાત-ઉંમર-સરનામું- કોન્ટેક નંબર	વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

ઉપર મુજબનું રજીસ્ટ્રર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૩૦-૧૨-૨૦૧૪ થી તા. ૨૭-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૧૫૦૯૯ થી ૧૫૧૬૯/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૩-૧૨-૨૦૧૪ના પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/હોટેલ માલિક/૭૯૩/૧૪ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **પી. બી. ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રક રૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અ.નં.	હોટલ માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ	લાયસન્સ નંબર	આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર	લાયસન્સ કઈ તારીખથી કઈ તારીખ સુધી રીન્યુ થયેલ છે.	આવેલ પેસન્જરનું પુરૂં નામ, ઉ.વ., ધંધો અને મોબાઈલ નંબર, પુરૂં સરનામું	પ્રવાસી/મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર	રજુ કરેલ ઓળખ કાર્ડની સંપૂર્ણ વિગત	કઈ તારીખથી આવેલ છે. તારીખ/સમય	કઈ તારીખે જવાના છે. તારીખ/સમય	ક્યાં હેતુ માટે આવેલ છે.	આવેલ પેસેન્જરની સહી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

આ હુકમ તા. ૩૦-૧૨-૨૦૧૪ થી તા. ૨૭-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૨૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૧૫૪૫૪ થી ૧૫૫૨૪/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૩-૧૨-૨૦૧૪ના પત્ર નં. એસઓજી/જાહેરનામું/મોબાઈલ-સીમકાર્ડ/૭૯૫/૨૦૧૪ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબજ જરૂરી જણાય છે.

આથી હું, **પી.બી.ઠાકર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	મોબાઇલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	મોબાઈલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત

નવું સીમ કાર્ડ વેંચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	સીમ કાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત	સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી

આ હુકમ તા. ૩૦-૧૨-૨૦૧૪ થી તા. ૨૭-૦૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધિ કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે ડીસેમ્બર, સને-૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે ડીસેમ્બર, સને-૨૦૧૪.

પી. બી. ઠાકર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૬૩૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/લેબર કોન્ટ્રા./જા.નામુ/૮૪/૧૫, તા. ૧૮-૦૨-૨૦૧૫ના પત્રથી ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી. ફેકટરી, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાંથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાંધકામના કામોમા અન્ય રાજોયમાંથી મજુરો લાવી તેમનુ મજુરી કામમા ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. આ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનસંધાને મોટાભાગના કિસ્સાઓમા જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમા મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમા જતા રહેતા હોય, આવા ગુન્હા વણ શોધાયેલા રહે છે. આથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમા માહિતી જે તે પોલીસ સ્ટેશનમા પુરી પાડે તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લોવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો,** વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટરો, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નીચે મુજબના નિયત ફોર્મમા માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશ ખાતે પુરી પાડવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મોબાઈલ નં.	:	
૨	મજુરનું નામ તથા ઉમર	:	
૩	મજુરનું હાલનું સરનામું તથા મો.નં.	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું/ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરના વતનના સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા જિલ્લા અને ટેલીફોન નં.	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નં.	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે?	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	ગીર સોમનાથ જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	ગીર સોમનાથ જિલ્લામા નજીકના સંબંધી હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નં.	:	
૧૩	મજુરના ભાઈ/બહેનના નામ/સરનામા/મોબાઈલ નં.	:	
૧૪	મજુરના કાકા/માસાના નામ/સરનામા/મોબાઈલ નં.	:	
૧૫	હાલમા જયા રહે છે ત્યાં તેના ગામના કોણ છે? તેના નામ, સરનામા, મોબાઈલ નં.	:	

મજુરનો તાજેતરનો ફોટો :

મજુરના અંગુઠાનું નિશાન : ....

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી : ....

નામ : ....

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૨૦ મી, માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૬૩૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીરસોમનાથના પત્ર ક્રમાંક : એસઓજી/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/ ૮૩/૨૦૧૫, તા. ૧૮-૦૨-૨૦૧૫ ના પત્રથી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લા વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીરસોમનાથ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીરસોમનાથ વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે, વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની/મોડલ નં.	IMEI No.	મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે? તેનું પુરૂ નામ, સરનામુ, મો.નં. સહિત	ID પ્રુફની વિગત

જુના કે નવા મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની/મોડલ નં.	IMEI No.	મોબાઈલ કોને વેચેલ છે? તેનું પુરૂ નામ, સરનામુ, મો.નં. સહિત	ID પ્રુફની વિગત

આ હુકમ બહાર પડયાની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૨૦ મી, માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૫૧૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.ના./સ.બંધી/૧૮૭/૧૫, તા. ૧૬-૦૨-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવો ધ્યાને લેતાં વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય છે. (૩) આગામી સમયમાં હિંદુ લોકોના હુતાસણી/ધુળેટીના તહેવાર સબબ ધાર્મિક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખરીફ પાકની સીઝન ચાલુ હોય જેના કારણે વિજળી આવક-જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **વી. જે. રાજપુત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૮-૦૨-૨૦૧૫ થી તા. ૧૯-૦૩-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૮ મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૫૧૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલ.આઈ.બી./જાહેરનામું/હ.બંધી/૧૮૮/૨૦૧૫, તા. ૧૬-૦૨-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) હાલમાં હિંદુ લોકોના હુતાસણી/ધુળેટીના તહેવાર સબબ ધાર્મિક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિવસના રાષ્ટ્રીય તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) હાલમાં ખરીફ પાકની સીઝન ચાલુ હોય જેના કારણે વિજળી આવક-જાવક થતી હોય પાણી પાવા સારૂ વિજ પુરવઠાના પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૧૮-૦૨-૨૦૧૫ થી તા. ૧૯-૦૩-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(3) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરીને જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

વી. જે. રાજપુત,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૨૨/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારોની ઉજવણી થનાર હોય, હાલમાં પોરબંદર જિલ્લામાં ક્રિમિનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નિતિના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય જેથી લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજીક તત્વો દવારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૦૭-૦૨-૨૦૧૫ના રોજ કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **ચિરાગ ચાવડા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૧૬-૦૨-૨૦૧૫ થી તા. ૧૭-૦૩-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૨-૦૨-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

(RJT.)-I-4

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૧૨૨/૨૦૧૫/૨.-પોરબંદર જિલ્લામાં પોરબંદર નગરપાલિકાને કોર્પોરેશન બનાવવાના વિરોધમાં વેપારી આગેવાનો દ્વારા કાર્યક્રમો કરવાની શક્યતા છે, તેમજ વિજ પુરવઠો પુરતા પ્રમાણમાં મળવાની માંગણી સબબ ખેડુતો દ્વારા કાર્યક્રમો થનાર હોય તેમજ પાણીના પ્રશ્ને પોરબંદર જિલ્લામાં રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનો દ્વારા સભા-સરઘસ, ધરણા, દેખાવો, ઉપવાસ વિગેરે જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થવા, સભા, સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૭-૦૨-૨૦૧૫થી દરખાસ્ત થઈ આવેલ છે. તે જોતાં પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ, સરઘસ કાઢવું નહિ, તેવો મનાઈ હુકમ તા. ૧૬-૦૨-૨૦૧૫ થી તા. ૧૭-૦૩-૨૦૧૫ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, **ચિરાગ ચાવડા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૬-૦૨-૨૦૧૫ થી તારીખ : ૧૭-૦૩-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. કોઈ વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૨-૦૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ચિરાગ ચાવડા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

જાહેરનામું

નં.ડીએમ-૧/ઢેબરા તેરસ/ઈ.નં.૭૪૮૬/૨૦૧૫.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૦૨, ૦૩-૩-૨૦૧૫ ના રોજ ફાગણ શુદ-૧૩ (ઢેબરા તેરસ)નો જૈન સમાજનો 'ઢેબરીયો મેળો' યોજાનાર છે. જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહનવ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, એમ. એ. સૈયદ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી પાલીતાણા શહેરમાં **છેલ્લા ચકલાથી તળેટી સુધીનાં** જાહેર માર્ગ ઉપરની બન્ને બાજુએ વાહનો પાર્કીંગ ન કરવા ''નો પાર્કીંગ ઝોન'' તા. ૦૨-૦૩-૨૦૧૫ થી તા. ૦૩-૦૩-૨૦૧૫ (દિન-૨ દરમ્યાન) સુધી જાહેર કરૂં છું.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડકોન્સ્ટેબલ તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્ર દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૨૦-૦૨-૨૦૧૫ ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

ભાવનગર, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

જાહેરનામું

નં.ડીએમ-૧/ઢેબરા તેરસ/ઈ.નં.૭૪૮૮/૨૦૧૫.-પાલીતાણા શહેરમાં આગામી તા:૦૨,૦૩-૦૩-૨૦૧૫ ના રોજ ફાગણ-સુદ-૧૩ (ઢેબરા તેરસ)નો જૈન 'ઢેબરીયા મેળો' યોજાનાર હોય જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહનવ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું **એમ. એ. સૈયદ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી પાલીતાણા શહેરમાં નીચેના રસ્તાઓને તા:૦૨-૦૩-૨૦૧૫ના કલાક ૮-૦૦ થી તા:૦૩-૦૩-૨૦૧૫ના ૨૪-૦૦ કલાક સુધી 'એકમાર્ગીય' રસ્તો જાહેર કરૂં છું.

રસ્તાનું નામ :

(૧) ભાવનગરથી પાલીતાણા, ગારીયાધાર, ઘેટી, આદિપુર તરફ જતા વાહનોને ભાવનગર રોડ રેલ્વે ક્રોસીંગથી જમણીબાજુ જતા બાયપાસ રોડ થઈ સરદારનગર ચોકડી થઈ ગારીયાધાર રોડ ત્રણ રસ્તા થઈ સિંધી કેમ્પ, મહાવીર પેટ્રોલ પંપ થઈને છેલ્લા ચકલા, પાલીતાણા હાઈસ્કુલથી પાર્કીંગ મેદાન સુધી.

(૨) પાલીતાણા શહેરમાં પ્રવેશતા વાહનો માટે પાલીતાણા ભૈરવનાથ ચોકથી મહાવીર પેટ્રોલ પંપ, માનસિંહજી હોસ્પીટલ, છેલ્લા ચકલાથી હાઈસ્કુલ પાર્કીંગ મેદાન સુધી.

(૩) પાલીતાણાથી આદપુર જવા માટે વાયા સર્વોદય સોસાયટી થઈ આદપુર પાલનાં સ્થળે.

(૪) પાલીતાણા હાઈસ્કુલથી આરીસાભુવન સામે થઈ સાદડી ભુવન ધર્મશાળા સામે થઈ ભીલવાડા થઈ વણકરવાસ, લાવારીશ બસ સ્ટેન્ડ ઓવર બ્રીજ ઉપરથી થઈ સીધા જ બજરંગબાપા ચોકી થઈને બહાર જવાનું રહેશે.

(૫) આદપુર પાલથી પરત વાયા કંઝરડાથી ઘેટી રોડ થઈ ગારીયાધાર રોડ ઉપર પરત આવશે.

(૬) પાલીતાણા હાઈસ્કુલથી છેલ્લા ચકલા સુધી કોઈ વાહન પાછું આવી શકશે નહીં કે પાર્ક કરશે નહિ.

(૭) આ જાહેરનામાની જોગવાઈમાંથી પોલીસ વિભાગના, મહેસુલ વિભાગના તેમજ જાહેર સુખાકારી માટે નગરપાલિકાએ મુકેલા વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

(૮) આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃધ્ધ, અશક્ત, યાત્રીકોને લાવવા/લઈ જવા માટે વાહનોના ઉપયોગની પરવાનગી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા આપી શકશે. આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડકોન્સ્ટેબલ તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્ર દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા : ૨૦-૦૨-૨૦૧૫ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

ભાવનગર, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડીએમ-૧/ઢેબરા તેરસ/ઈ.નં.૭૪૮૭/૨૦૧૫.-આગામી તા. ૦૨, ૦૩-૦૩-૨૦૧૫ ના રોજ પાલીતાણા ખાતે ફાગણ શુદ-૧૩નો જૈન સમાજનો 'ઢેબરીયો મેળો' યોજાનાર હોઈ અને તેમાં પાલીતાણા તળેટી, ગીરીરાજ ડુંગર થઈ આદપુર, ઘેટી વિગેરે વિસ્તારમાં મોટી સંખ્યામાં જૈન શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતાં હોવાથી, કેટલાંક લોકો દ્વારા ગેરકાયદેસર રીતે ખાદ્ય ચીજોનું વેચાણ થાય છે. જેમાં પ્લાસ્ટીકની કોથળીઓ, પાણીના પાઉચ/બોટલો, તમાકુ, પાનમસાલા, ગુટકા જેવી ઘણી ચીજવસ્તુઓનું વેચાણ તથા ઉપયોગ થાય છે. જેનાથી જાહેર આરોગ્ય ઉપર વિપરીત અસર થતી હોય, તેનું નિયમન કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું એમ. એ. સૈયદ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી આ છ' ગાઉ યાત્રાના માર્ગોની આજુબાજુ પાલીતાણા તળેટી, પાલીતાણા શેત્રુંજય ગીરીરાજ તેમજ છ' ગાઉ યાત્રાનાં રસ્તે તેમજ આદપુર ગામમાં તા. ૦૨-૦૩-૨૦૧૫ થી તા. ૦૩-૦૩-૨૦૧૫ દિન-૨ દરમ્યાન, કોઈએ કચરો નાંખવો નહીં, પાણીનાં પાઉચ, દુધનાં પાઉચ, બોટલો, ખાદ્યચીજ વસ્તુઓ, પ્લાસ્ટીકની ખાલી કોથળીઓ નાંખવી નહીં તેમજ બીડી, સીગારેટ, પાન, મસાલા, ગુટકા, તમાકુનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

''જાહેરનામાનો અમલ તથા તેનાં ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્ર દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૨૦-૦૨-૨૦૧૫ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

ભાવનગર, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/સ્વાઈન ફલુ/ઈ.નં. ૭૧૪૨/૨૦૧૫.-તાજેતરમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફલુના રોગચાળાનો ભયંકર રીતે ફેલાવો થવા પામેલ છે. જેને કારણે ભયનું વાતાવરણ ઉપસ્થિત થયેલ છે. જાહેર સ્થળો તથા દવાખાનામાં મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાથી માણસોની ભીડના કારણે સ્વાઈન ફલુથી પ્રભાવીત લોકો મારફત સ્વાઈન ફલુના વાયરસનો ફેલાવો વધુ પ્રમાણમાં થાય છે. આમ કોઈ એક જગ્યાએ વધુ પ્રમાણમાં માણસો એકત્ર થવાથી સ્વાઈન ફલુ વધુ પ્રમાણમાં ફેલાય છે. આ બાબતે તબીબી અધિક્ષકશ્રી, સર.ટી. હોસ્પીટલ, ભાવનગરએ પણ રજુઆત કરેલ છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે મને મળેલ અધિકારની રૂઈએ હું, **એમ એ. સૈયદ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી ભાવનગર શહેર તથા જિલ્લામાં જાહેર સ્થળોએ, દવાખાના, હોસ્પીટલો, ભાવનગર શહેર ખાતે આવેલ સર.ટી. હોસ્પીટલ અને અન્ય મેળાવડા ખાતે ચાર કે તેથી વધુ માણસોએ પૂર્વ મંજુરી વગર એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

સદર જાહેરનામામાંથી ધાર્મિક/સામાજિક સહિતના પ્રસંગોને મુકિત આપવામાં આવે છે. પરંતુ આવા કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યકિતએ મોઢા પર માસ્ક પહેરી સામેલ થવાનું રહેશે તથા જાહેર કાર્યક્રમના પ્રવેશ દ્વારા લોકો જંતુનાશક સાબુ કે પ્રવાહીથી હાથ ધોઈ કાર્યક્રમ સ્થળે પ્રવેશે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

આ જાહેરનામું તા. ૨૧-૦૨-૨૦૧૫ થી તા. ૨૨-૦૩-૨૦૧૫ સુધી (બંને દિવસો સાથે) દિવસ-૩૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ ૬ માસ સુધીની સાદી કેદ અથવા ૧૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ તથા તેનાં ભંગ બદલ પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને, શેરી, મહોલ્લામાં માઈકથી જાહેરાત કરી તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છે.

આજ તા. ૨૦-૦૫-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

એમ. એ. સૈયદ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૨૫૫/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં માસ ફેબ્રુઆરી-૨૦૧૫ તથા માર્ચ-૨૦૧૫ના માસ દરમ્યાન હાલની પરિસ્થિતિ અનુસાર કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ

જિલ્લામાં જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે-ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ગુજરાતના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, **આર. જી. જાડેજા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૧-૦૨-૨૦૧૫ થી તા. ૧૦-૦૩-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરિક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :-

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

‘‘જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.’’

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૧-૦૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૪/વશી-૭૯૩ થી ૮૯૨.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે, તેમજ આગામી તા. ૧૭-૦૨-૨૦૧૫ ના રોજ મહાશિવરાત્રી તહેવારની ઉજવણી થનાર હોય તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૫-૦૨-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૯૫/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૧૦-૦૨-૨૦૧૫ થી તારીખ : ૨૪-૦૨-૨૦૧૫

સુધી (બંને તારીખ સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્ય કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી / લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની, એકઠા કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/વશી-૮૯૩ થી ૯૯૨.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે તેમજ આગામી તા. ૧૭-૦૨-૨૦૧૫ ના રોજ મહાશિવરાત્રી તહેવારની ઉજવણી થનાર હોય તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૫-૦૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૯૬/૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **વી. કે. મહેતા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર,** જિલ્લો-સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૧૦-૦૨-૨૦૧૫ થી તારીખ : ૨૪-૦૨-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

વી. કે. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી દ્વારા

જાહેરનામું

ક્રમાંક : એમએજી/ઈન્કવાયરી-(૪)/૨૦૧૫.-રાજકોટ જિલ્લાનાં ગોંડલ સબ ડીવીઝન ખાતેનાં જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટગુ.ર.નં. ૧૩૧/૧૪, આઈપીસી કલમ-૩૫૬, ૩૭૯ વી. મુજબનાં કામે શ્રી રસીક ઉર્ફે કાળુ સ./ઓ. ભીખાભાઈ સોલંકી, રહે. મોટીમારડ, તા. ધોરાજીવાળાને જેતપુર સીટી પોલીસ સ્ટેશન દ્વારા તા. ૦૯-૦૯-૧૪નાં ૧૪-૪૫ વાગ્યે અટક કરેલ હોય અને ઈન્વેસ્ટીગેશન માટે સર્વેલન્સની રૂમમાં રાખેલ હતો. ત્યારપછી ૨૦-૦૦ વાગ્યે પોલીસ સ્ટેશનનાં કોન્સ્ટેબલશ્રી જમવાનું આપવા જતા બેભાન હાલતમાં હોય તુરત જ જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જતા ફરજ પરનાં ડોકટરશ્રી તરફથી મજકુર શ્રી રસીક ઉર્ફે કાળુ સ./ઓ. ભીખાભાઈ સોલંકીનું અવસાન થયેલ હોવાનું જાહેર કરેલ છે. સરકારશ્રીની સુચના અનુસાર આ બનાવ અંગેની સાચી હકિકત તથા કારણો તપાસી આ કિસ્સામાં કોઈ જવાબદાર છે કે કેમ? તે ચકાસી તમામ પાસાઓ અન્વયે તલસ્પશી અહેવાલ રજુ કરવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તરફથી ફરમાન થયેલ છે.

૨. ઉપરોકત ઘટના સબંધનાં કારણો તથા હકિકતોની તપાસ કરવા અને તે અંગેનાં અહેવાલ રજુ કરવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટનાં તા. ૩૦-૦૯-૧૪નાં હુકમ ક્રમાંકઃ જે/એમએજી/ક.ડેથ/મેજી.ઈન્ક/રજી. નં. ૭/૧૪થી અમો નીચે સહી કરનારને અધિકૃત કરવામાં આવેલ છે.

૩. તેથી આ બનાવ અનુસંધાને જે કોઈ વ્યકિતને જે જાત/જાણકારી હોય તે કહેવા અગર કોઈ રજુઆત કરવા ધારતા હોય તેમણે મૌખિક નિવેદન આપવા કે આધાર-પુરાવાઓ રજુ કરવા અગર સોગંદનામું રજુ કરવા માંગતા હોય તો તેઓને નીચે સહી કરનાર સમક્ષ પ્રાંત કચેરી, ગોંડલ ખાતે તા. ૨૬-૦૨-૧૫નાં રોજ સવારે ૧૨-૦૦ કલાકથી સાંજનાં ૧૬-૦૦ કલાક સુધી હાજર થઈ રજુ થવાની આથી જાણ કરવામાં આવે છે.

આજ તા. ૦૬-૦૨-૧૫નાં રોજ અમારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ગોંડલ, ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

એચ. એમ. જાડેજા,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ પ્રાંત, ગોંડલ.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૫૧૧/૨૦૧૫.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઈપલાઈન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઈપલાઈન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો દ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય.

(૨) તેમજ કેટલાક પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઈ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુર ઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનું મારૂ માનવું છે.

પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓની ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અને (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૩-૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૧૫ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૨) (ક) રાજકોટ કમિશ્નરેંટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપલાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડ-ફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી ખેંચી શકશે નહીં.

(૩) કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

: વિસ્તાર :

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

: અપવાદ :

(૧) નર્મદા પાણીની પાઈપલાઈનના જાહેરનામામાંથી ઉપરોકત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૩ માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૫૦૭/૨૦૧૫.-ભુતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આંતકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહીત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલા તેમજ ભુતકાળના બનાવો જેવા કે સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા મુંબઈ અને દિલ્હી ખાતે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તાજેતરમાં હૈદ્રાબાદ તથા બેંગ્લોર બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા અને હાલના પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરની સલામતિ માટે કેટલાક પગલા લેવા જરૂરી છે.

રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર**, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ તથા જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પાડતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલ-સામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી મોલમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે. મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

અમલવારીનો સમય

આ હુકમનો અમલ તા. ૦૧-૦૩-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ

ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૩ માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી./જાહેરનામું/૫૨૪/૨૦૧૪.-ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ-મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ હતું. તેમજ અગાઉ તા. ૨૬-૧૧-૦૮ના રોજ પણ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલ છે. જે બાબતે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો (બોમ્બ) રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ હતો. જેના કારણે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેંચનારા વેપારીઓ અને ખરીદનાર વ્યકિતની ઓળખ થઈ શકે અને ત્રાસવાદી કૃત્ય આચરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય તે માટે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, સુલેહ શાંતી, સલામતી અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર,** રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું/હુકમનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું વેચાણ કરે ત્યારે તેણે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

(૩) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ ખરીદનારનું પુરુ નામ, સરનામુ સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો તથા વેચાણ બીલમાં સાયકલનો ફ્રેમ નંબર, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૪) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનોના વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૦-૦૨-૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૪-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૫૨૨/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભેના કારણો અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ હતી જેને અનુલક્ષીને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકોએ પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના હેતુસર વાસ્તે, હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૧૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય તે રીતે નાઈટ વીઝન સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે અને આ સી.સી. ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) પેરા નં.-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા પેરા નં.-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ અધિકારી, મહેસુલી અધિકારી, એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૫-૦૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૪-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૫ માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૫૦૯/૨૦૧૫.-તાજેતરમાં વલસાડ જિલ્લામાં મજુરોની વસાહતના કુદરતી હાજતે ગયેલ મહીલા પર ગેંગરેપનો બનાવ બનેલ હોય આવો બનાવ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બનવા પામે નહીં અને શહેર વિસ્તારમાં નવા બંધાતા મકાનોમાં, કોમ્પ્લેક્ષમાં, ઔદ્યોગીક એકમોમાં, જુદી જુદી ટેલીકોમ કંપનીઓમાં તથા ખેતી વિષયક કામ કરતાં મજુરો વિગેરે કામકાજમાં રોકાયેલ મજુરોને રહેવા સબંધી તમામ સગવડો (સુવિધા)ઓ ઉપલબ્ધ થાય તે માટેની કાર્યવાહી અંગે તથા મજુરોની સલામતિ અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવણી હેતુસર થોડા નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ફેકસ મેસેજ નંબરઃ એસ.વી.-૧/કે.વી./૧૦૨૦૧૪/૧૨૨૬૦, તા. ૧૮-૦૬-૨૦૧૪ તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જ-૧/કા.×વ્ય./ટિ-૧/પરચ/૧૯/૧૭૭૮/ ૨૦૧૪, તા. ૨૦-૦૬-૨૦૧૪થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષ/મકાનો/રોડ રસ્તાઓ/ગટ્ટર યોજનાઓ વિગેરે, ઔદ્યોગીક એકમો તથા જુદી જુદી ટેલીકોમ કંપનીઓ દ્વારા કંપનીઓના કામો તથા ખેડૂતોના ખેતી વિષયક કામોમાં સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા કોઈપણ મજુરોને મજુરી કામ માટે રાખવામાં આવે છે ત્યારે આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા જે મજુરોને કામકાજ માટે રાખેલ હોય તે મજુરોના કામકાજના સ્થળો ખાતે રહેવા સબંધી/ટોયલેટ/બાથરૂમ/પાણી/સાફ-સફાઈ વિગેરે આવશ્યક સુવિધા પુરી પાડવાની રહેશે અને આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા આ મજુરો માટે શું શું આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરેલ છે? તેની માહિતી કામકાજના વિસ્તારના સબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૦માં લેખીતમાં પુરી પાડવાની રહેશે. આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૧૫ થી તા. ૩૦-૦૪-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫ ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૫૨૩/૨૦૧૫.-રાજકોટ શહેરમાં આંતકવાદી તત્વો, રાષ્ટ્ર વિરોધી તત્વો તથા અસામાજીક તત્વો પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતાં હોવાનું સામાન્ય બની જાય અને ઘણીવાર આવા ગેરકાનુની તત્વો રાજકોટ શહેર બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઈંધણ પુરાવવા માટે પેટ્રોલ પંપો ઉપર જાય છે. આથી નાગરીકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગરૂપે રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશદ્વારો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા રેન્જના ગોઠવવાના રહેશે અને (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરામાં પેટ્રોલ પંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઈવર તથા બાજુની સીટ પર બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઈ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સી.સી.ટી.વી. ફુટેજમાં સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે તેમજ આ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડીંગ ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે.

(૫) પેટ્રોલ પંપ/ડીઝલ પંપો ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તારપુર્વક સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હિલચાલ સી.સી.ટી.વી. કેમેરામાં કવરેજ લઈ શકાય.

(૬) નવા શરૂ થતાં પેટ્રોલ પંપ/ડીઝલ પંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમયગાળો :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૩-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫ માહે ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૫૧૨/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં હોળી, ધુળેટી, ચેટીચાંદ, રામનવમી, મહાવીર જયંતી, હનુમાન જયંતી, ડો. આંબેડકર જયંતી, વિગેરે તહેવારો તથા પર્વ આવતાં હોય તેમજ જુદીજુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા સભાઓ, રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય અને હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તેમજ પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા માટે તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા તથા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે અને આવા ઘણા-ખરા હથિયાર ધારકો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેર વિસ્તારમાં આવી હથીયારોનો મુખ્યત્વે ઉપયોગ કરે છે. આવા લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુન્હાઓની કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તે પ્રવૃત્તિને અંકુશમાં લેવા માટે અમુક પ્રતિબંધ મુકવા ઉચીત અને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિક્યોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજના સમય સિવાયના કોઈપણ સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારીના સમય

આ હુકમનો અમલ તા. ૦૧-૦૩-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૦-૦૪-૨૦૧૫ના કલાક ૨૪/૦૦ સુધી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરીમાં હોય અથવા કામગીરીમાં હોય અને તેમને જેના

ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ હથિયાર લઈ આવવા લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૩ માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૫૧૩/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં હોળી, ધુળેટી, ચેટીચાંદ, રામનવમી, મહાવીર જયંતી, હનુમાન જયંતી, ડો. આંબેડકર જયંતી, વિગેરે તહેવારો તથા પર્વ આવતાં હોય અને શહેરમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય હાલની આતંકવાદી ગતિવિધી તથા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિને લક્ષમાં લેતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા પર તથા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીના પીરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ ૦૧-૦૩-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૦-૦૪-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા તથા લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૨૩ માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૫૨૫/૨૦૧૫.-ભુતકાળમાં ગુજરાત રાજયમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ હતા. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ હતો. આવા બોમ્બ વિસ્ફોટો જયાં લોકોની વધુ સંખ્યામાં અવર-જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ હતા. જે બનાવોને ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ગુજરાત સરકારના ગૃહ વિભાગના

INDEX

તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૧૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે, કોઈપણ વ્યકિત ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકી શકશે નહી તેમજ પ્રતિબંધીત કૃત્યમાં ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦-૦૨-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૪-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધા કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૫ માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૫૧૦/૨૦૧૫.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા આચરવાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરીકામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેને અનુલક્ષીને જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમોએ તે અંગેની જાણ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મો. નં. નંબર સહિત.	:	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:	
૩	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	

૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે.	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું	:	

મજુરનો તાજેતરનો ફોટો	મજુરના અંગુઠાનું નિશાન ....
	મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ....
	નામ ....

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૧૫ થી તા. ૩૦-૦૪-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૩ માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/પરમીટ/એ. સેકશન/૫૦૮/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાન/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાનો/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ ઔધોગીક એકમ/ ઓફીસ/દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજની વિગત, ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત	મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ	મકાન/ઔધોગીક એકમ/ દુકાન/ઓફીસ/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે?	કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા	મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૧૫ થી તા. ૩૦-૦૪-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. બોમ્બે પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૪૫/૦૫/એન.એસ.બી./૧૨/ ૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તારીખ : ૦૧-૧૨-૨૦૦૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૩) આ કચેરીના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ-૨/૩૨/૨૦૧૫, તા. ૦૫-૦૧-૨૦૧૫ વાળો મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૯૮/૪૬૧/૨૦૧૫.-આથી હું, એ. કે. ભટ્ટ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, ઉપરોક્ત વંચાણઃ (૧) (૨) ની જોગવાઈઓને ધ્યાને રાખી મને મળેલ અધિકારની રૂએ શ્રી સિંધોલોજીના કર્મ. ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. ગાંધીધામ-કચ્છ, કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંકઃ કેટીએચ-સે(૫) ૩૯૦૧૯, તા. ૨૩-૬-૧૦ થી નોંધાયેલ છે. તેને તેજ કાયદાની કલમ-૧૦૭ (૧)(સી) હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉક્ત વંચાણ ક્રમ (૩) વાળાથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. મંડળીના હોદેદારો દ્વારા નિયત સમયમાં કોઈ જ રજુઆત ન આવતાં તેને તેજ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ભુજ-કચ્છ, ૧૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૯૯/૫૩૪/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી રઝાયે મુસ્તફા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વિંઝાણ, તાલુકો-અબડાસા, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર-કેટીએચ "સે"(દુ) ૪૨૯૭૮, તા. ૨૧-૦૨-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ક-૪/૧૭૮૦૬/ ૫૧૪ થી ૫૨૪/૧૨, તા. ૨૭-૬-૨૦૧૨.

(૨) આ કચેરીના તારીખઃ ૭-૨-૧૫ના જાનાં. ફડચ/ક-૪/ ૫૦-૫૧/૨૦૧૫.

સુધારા આદેશ

જા. નં. : ફડચ/ખ-૧/૫૭ થી ૬૦/૭૫૬/૨૦૧૫.- આ કચેરીના ઉપરોકત વંચાણે લીધેલ (૧) ના આદેશથી શ્રી આરબલુસ સેવા સહકારી મંડળી લી., મુ. આરબલુસ, તા. લાલપુર, જિ. જામનગરને ફડચામાં લઈ જવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨) ના આદેશથી સદર હું મંડળીમાં ફડચા અધિકારી તરીકે શ્રી ડી. બી. પંડયા, ફડચા અધિકારી અને આસી. ઈન્સ્પેકટર જામનગર જિલ્લા સહકારી બેંક લી., જામનગરને બદલે આ મંડળીનો ચાર્જ સંભાળવાના હેતુથી કચેરીના ફડચા અધિકારી શ્રી એસ. એમ. દરજાદા સહકારી અધિકારી (ફ-૨) ની નિમણુંક કરવામાં આવેલ. પરંતુ બેંકના ફડચા અધિકારી તરફથી તા. ૨-૨-૨૦૧૫ના રોજ ચાર્જ સંભાળી લીધાની યાદી અત્રે મળેલ હોય, આ મંડળીમાં બેંકનુ મોટી રકમનુ હિત હોઈ, મંડળીના ફડચા અધિકારી તરીકે બેંકને જ રાખવી હિતાવહ અને જરૂરી હોઈ, વહીવટી અનુકુળતા ખાતર સદરહુ મંડળીમાં ફડચા અધિકારી તરીકે કચેરીના ફડચા અધિકારી શ્રી એસ. એમ. દરજાદા, સહકારી અધિકારી (ફ-૨) ને બદલે ફડચા અધિકારી તરીકે શ્રી ડી. બી. પંડયા, ફડચા અધિકારી અને આસી. ઈન્સ્પેકટર, જામનગર જિલ્લા સહકારી બેંક લી., જામનગરની નિમણુંક કરવામાં આવે છે.

આદેશની અન્ય વિગતો યથાવત રહેશે.

જામનગર, ૧૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ડી. બી. પંડયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૧/નં. સે. ૪૩૮૪૫/૩૪૬/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી શેઠાખાઈ મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : શેઠાખાઈ, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૨/નં. સે. ૪૩૮૪૬/૩૩૬/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી કંટોલીયા મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કંટોલીયા, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૩૬/નં. સે. ૪૩૮૬૦/૩૩૧/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી કંટોલીયા મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કંટોલીયા, તાલુકો : ભાણવડ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૮/નં. સે. ૪૩૮૫૨/૩૫૦/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી શ્રીજી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : નવાપરા-નાવદ્રા, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૯/નં. સે. ૪૩૮૫૩/૩૪૯/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી શીવ મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : હાબરડી, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૯૪/નં. સે. ૪૩૮૧૯/૩૩૦/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી પંચમુખી મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ભોગાત, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૯/નં. સે. ૪૩૮૫૩/૩૪૫/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી શીવ મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ધ્રાસણવેલ, તાલુકો : ઓખામંડળ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૩/નં. સે. ૪૩૮૪૭/૩૪૭/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી વાંકોલ માં મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ગઢેચી, તાલુકો : ઓખામંડળ, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૪/નં. સે. ૪૩૮૪૮/૩૩૨/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી કંડોરણા મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કંડોરણા, તાલુકો : ખંભાલીયા, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૧૨૫/નં. સે. ૪૩૮૪૯/૩૪૮/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., દેવભુમિ દ્વારકા (જામખંભાળીયા) આથી જાહેર કરે છે કે,

શ્રી હર્ષદપુર મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : હર્ષદપુર, તાલુકો : ખંભાલીયા, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભુમિદ્વારકા, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૫.

એસ. એન. જોશી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
દેવભુમિદ્વારકા.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 12th MARCH, 2015/PHALGUNA 21, 1936 No. 11

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	309-338
PART - I - A	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II	
Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	361-408
PART - III	
Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબનું પ્રાથમિક જાહેરનામું

પ્રાથમિક જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)(બી)/૨/૨૦૧૫.-ભુજ શહેર મધ્યે આવેલ એસ.ટી. બસ સ્ટેશન આજુબાજુમાં મોટા શો-રૂમ, સિનેમા ગૃહ, ટ્રાવેલ્સ ઓફિસો તથા અન્ય ખાણીપીણીની નાની મોટી દુકાનો આવેલ છે. જેના કારણે આ વિસ્તારમાં ફોર વ્હીલર અને ટુ વ્હીલર વાહનોની અવર જવર વધુ રહે છે. જાહેર જનતા વાણીયાવાડથી અંદર બજારમાં પોતાની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓની ખરીદી કરવા આવે છે ત્યારે આ જગ્યાએ લારી ગલ્લાવાળાઓ તથા રીક્ષા/છકડા ચાલકો ધંધા અર્થે તેમજ રેકડીઓ વાળા ત્યાં ઉભા રહેતા હોવાથી જાહેર જનતા પોતાના વાહનો જાહેર રસ્તા ઉપર ટ્રાફિકને અડચણ થાય તે રીતે પાર્ક કરતા હોય છે. જેથી ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે. હાલે આ જગ્યાએ ઉપર નગરપાલિકા દ્વારા દબાણો દુર કરવામાં આવેલ છે. જેથી આ વિસ્તારમાં ટ્રાફિક નિયમન કરવું જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ I.A.S., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે અનુસુચિમાં જણાવેલ ભુજ શહેરનાં બસ સ્ટેશન વિસ્તારમાં માત્ર એક તરફ ખાનગી ફોર વ્હીલર, ટુ વ્હીલર વાહનો પાર્ક કરવા (ONE SIDE PARKING) ફરમાન કરવા વિચારૂ છું. આ વિસ્તારમાં નિયત રીક્ષા સ્ટેન્ડ સિવાયની જગ્યાએ રીક્ષા/છકડા ચાલકોએ પોતાના રીક્ષા/છકડા ઉભા રાખવા નહિ તેમજ લારી ગલ્લાંવાળા પોતાના લારી ગલ્લા ઉભા રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવા વિચારૂ છું.

અનુસુચિ :

ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલની સીટી બસ સ્ટેશનની દિવાલથી વાણિયાવાડ નાકે ટ્રાફિક પોલીસ ચોકી સુધીના બસ સ્ટેશનની સામેના ભાગનો રોડની બાજુનો વિસ્તાર.

આ હુકમ સામે કોઈ શખ્સોને વાંધો કે સુચન હોય તેમને આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલવાના રહેશે ત્યારબાદ આવેલ વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં અને આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

આજરોજ તારીખઃ ૨૩-૦૨-૨૦૧૫ નાં મારી સહી તથા સિકોકો મારી આ પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, તા. ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે

જાહેરનામું

નં. : એમએજી/સી/૨૧૨/૨૦૧૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, રાજકોટના પત્ર ક્રમાંકઃ પીબી/એનએચ/૪૪૫, તા. ૯-૨-૨૦૧૫ થી કન્સ્ટ્રકશન ઓફ આર.ઓ.બી. કમ ફલાય ઓવર બ્રીજ ઓન જંકશન ઓફ એન.એચ.૮-બી એન્ડ એન.એચ. ૮-ઈ (એક્ષ્ટે.) નીયર પોરબંદર ઓન દ્વારકા-પોરબંદર-સોમનાથ રોડ ઈન ધ સ્ટેટ ઓફ ગુજરાત પર ટ્રાફીકના નિયમન માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગેની દરખાસ્ત તથા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જા.ના./૧૪૩/૧૫, તા. ૨૩-૦૨-૨૦૧૫ થી થઈ આવેલ અભિપ્રાય મુજબ જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ઈષ્ટ જણાય છે.

સબબ, હું, **જે. સી. ચુડાસમા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર** આથી હું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ **"રેલ્વે ક્રોસીંગની બંને દિશામાંથી ઓળંગવા ઉપર તથા ક્રોસીંગની બંને બાજુના રોડ ઉપર ૧૦૦-૧૦૦ મીટર સુધી કોઈપણ પ્રકારના વાહન ચલાવવા ઉપર તા. ૨૩-૨-૨૦૧૫ થી તા. ૩૧-૩-૨૦૧૫ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે."**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૨૧-૦૨-૨૦૧૫ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૧૪૪/૨૫૨/૨૦૧૫.-હાલમાં પોરબંદર જિલ્લામાં સહિત સમગ્ર ગુજરાત રાજયમાં સ્વાઈન ફલુ ઈન્ફલ્યુએન્જા (H1N1-SWINE FLU) નો રોગચાળો ફેલાઈ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કફ, ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુખાવો થવો, માથામાં ગંભીર દુખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઈ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળે મો અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે તથા સ્વાસનળી દ્વારા ફેફસામાં જઈ ફેફસાને અસરકર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય, એક વ્યકિતથી બીજી વ્યકિતમાં ઝડપથી ફેલાઈ શકે છે. આ રીતે ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, **જે. સી. ચુડાસમા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ની રૂએ ફરમાવું છું કે,

(૧) સમગ્ર પોરબંદર જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈપણ આયોજન કરવા નહીં કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

- આવા પ્રસંગોએ નીચે મુજબની વ્યવસ્થા પરવાનગી મેળવનારે ફરજીયાત કરવાની રહેશે.
- તેઓએ વિનામૂલ્યે માસ્ક આપવાના રહેશે.
- તેમજ તેના નિકાલની વ્યવસ્થા જેવી સગવડો કરવાની રહેશે.
- સાબુ વગેરેથી હાથ ધોવાની સુવિધા તથા સ્વાઈન ફલુની જાણકારી માટે બોર્ડ વગેરે મૂકવાના રહેશે.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરન્ટ, મીઠાઈ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ફળફળાદીના ધંધાર્થીઓ શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા રાખવા કે તેવી વસ્તુઓના ટુકડા કરીને વેંચાણ ન કરવું.

(૪) ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઈ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષાંગિક વ્યવસ્થા સંબંધિતોએ કરવાની રહેશે.

(૫) કોઈપણ વ્યકિતને સ્વાઈન ફલુ ઈન્ફલ્યુએન્જા (H1N1 SWINE FLU)ની બીમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખભાળ રાખતા વ્યકિતઓએ દર્દીની સંપુર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પીટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

વિસ્તાર

આ હુકમ સમગ્ર પોરબંદર જિલ્લા મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

અપવાદ

એ. ઉપર્યુકત ખંડ-૧ માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજુરી મેળવેલ હોય, તેમને

બી. સરકારીશ્રી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતાં કોઈપણ પ્રકારના કાર્યક્રમો હોય તેમને અને

સી. લગ્નનો વરઘોડો, સ્મશાન યાત્રા કે સરકારશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા દ્વારા આયોજીત મંજૂર કાર્યક્રમોને આ હુકમની જોગવાઈઓ લાગુ પડશે નહીં.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૫-૦૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપેલ છે.

પોરબંદર, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

જે. સી. ચુડાસમા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૮૩૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૧૦૧/૧૫, તા. ૧૯-૦૨-૨૦૧૫ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતો હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળે નહી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે, વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

આ જાહેરનામું તા. ૨૭-૦૨-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખં ૨૦ મી માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

INDEX

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

ચાંદી જેવા કલરના સિક્કા નંગ-૭૨(બોતેર)

ઉકત મળી આવેલ ૭૨ નંગ ચાંદી જેવા કલરના સિક્કાઓ મહત્વના જણાયેલ હોઈ પુરાતત્વ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૪-૯-૨૦૧૦ પત્ર ક્રમાંક : અરલ/૪૩૨૦૧૦/૨/૩૯૮૦ થી ઉકત તમામ મળી આવેલ ચાંદી જેવા કલરના સિક્કાઓ સરકારશ્રીમાં સંપ્રાપ્ત કરવા અત્રેને અભિપ્રાય સહ દરખાસ્ત થઈ આવેલ. પુરાતત્વ નિયામકશ્રી, ગાંધીનગરની ઉકત દરખાસ્ત નજરે આ મળી આવેલ સિક્કા પુરાતત્વીય દષ્ટ્રિએ મહત્વના જણાયેલ હોય, અત્રેના ક્રમાંક : એમએજી/સી/૨૭૬૪(૧)/૧૨, તા. ૧૧-૯-૧૨ થી ઈન્ડીયન ટ્રેઝર અને ટ્રોવ એકટ-૧૮૭૮ ની કલમ-૫ હેઠળ સરકારશ્રીની પુર્વમંજુરી મેળવી સરકાર સંપ્રાપ્ત કરવા માટેનુ પ્રાથમીક જાહેરનામુ પ્રસિધ્ધ કરી જે કોઈ વ્યકિત માલીકી હકકનો દાવો કરવા માંગતી હોય તેમણે જાહેરનામાની પ્રસિધ્ધીની તારીખથી ૬-માસની અંદર આધાર પુરાવા સાથે પોતે અથવા કાયદેસરના એજન્ટ મારફતે અત્રેને ઉદેશીને દાવા મોકલી આપવા જણાવવામાં આવેલ.

ઉકત પ્રાથમીક જાહેરનામાં અન્વયે કોઈ વ્યકિત તરફથી નિયત મુદતમાં ચાંદી જેવા કલરના સિક્કાઓના હક્ક દાવા રજુ ન થતાં આ મળી આવેલ ચાંદી જેવા સિક્કાઓ પુરાતત્વની દ્રષ્ટીએ મહત્વના હોય, રાજ્ય સરકારની પુર્વ મંજુરી મેળવીને સરકાર સંપ્રાપ્ત કરવા માટે ભારત ભુમીગત ધન અધિનીયમ-૧૮૭૮ ની કલમ-૯ હેઠળ આ કચેરીનાં ક્રમાંક : એમએજી/સી/૨૭૬૪(૧)/૧૨, તા. ૩-૭-૨૦૧૩ નાં આખરી જાહેરનામાથી ઉકત તમામ ચાંદી જેવા કલરના સિક્કાઓ માલીકી વગરનાં જાહેર કરી, બાદ આ કચેરીના પત્ર નં. એમએજી/સી/૨૭૬૪(૧)/૧૨, તા. ૩-૭-૨૦૧૩ થી સરકારશ્રીનાં મહેસુલ વિભાગ મુંબઈ ભુમીગત ધન નિયમો-૧૯૫૯ ના નિયમ૬(૨) મુજબ ઉકત ચાંદી જેવા કલરના સિક્કાઓ સરકારશ્રીમાં સંપ્રાપ્ત કરવા માટે કરવામાં આવેલ દરખાસ્તનાં અનુસંધાને સરકારશ્રીનાં મહેસુલ વિભાગના પત્ર ક્રમાંક : ટ્રઝટ-૧૬૨૦૧૫/૧૦૫/ક, તા. -૦૧-૨૦૧૫ થી અત્રેની ઉકત દરખાસ્તને અનુમોદન અપાયેલ છે.

ઉપરોકત સમગ્ર વિગતે ઉકત મળી આવેલ ચાંદી જેવા કલરના સીકકાઓ પુરાતત્વીય દ્રષ્ટીએ મહત્વના હોય, સરકારશ્રી તરફથી મળેલ ઉપરોકત મંજુરીના ધન અધિનિયમ-૧૮૭૮ ની કલમ-૧૬ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ઉકત ચાંદી જેવા કલરના સિક્કા નંગ-૭૨(બોતેર) સરકારમાં સંપ્રાપ્ત કરવાનું ઠરાવું છું.

આ જાહેરનામું આજ તારીખ : ૨૩ માહે માર્ચ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

આલોક કુમાર,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ (સને. ૧૯૫૧ના-૨૨માં અધિનિયમની કલમ-33ની પેટા કલમ-(૧)(ગ) અન્વયે

જાહેરનામું

નં.:એમએજી/સી/૩૩/૨૨૬૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/પીકઅપ સ્ટેન્ડ/ ૮૯/૨૦૧૫, તા. ૩૦-૦૧-૨૦૧૫ થી પોરબંદર શહેરમાં વધતી જતી ટ્રાફીક સમસ્યાઓના હલ સ્વરૂપે અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક : એમએજી/સી/૪૪૪૦૬/૨૦૧૪, તા. ૧૯-૮-૨૦૧૪ થી પીયાગો તથા પબ્લીક રીક્ષાઓને સુદામા ચોકથી શહેરની બહાર જવા માટે રાણીબાગ-હનુમાનગુફા-રામગેસ્ટ હાઉસ-કાવેરી હોટેલ વાળો

INDEX

રસ્તો નક્કી કરેલ છે. નવા રૂટ ઉપર પેસેન્જરો સરળતાથી રીક્ષામાં બેસી શકે અને ટ્રાફીક વ્યવસ્થા જળવાય રહે તે માટે એસ. વી. પી. રોડ ઉપર નીચે જણાવ્યા વિગતે રીક્ષા માટે પીકઅપ જાહેર કરવા દરખાસ્ત થઈ આવેલ છે. આ દરખાસ્તનો અભ્યાસ કરતા પોરબંદર શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યા તથા પેસેન્જરો સરળતાથી આ રૂટ ઉપર રીક્ષામાં બેસી શકે તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની તા. ૩૦-૦૧-૨૦૧૫ ની દરખાસ્ત યોગ્ય હોવાનું જણાય છે.

સબબ, હું **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** શહેરમાં નીચેના દર્શાવેલ સ્થળોને પીકઅપ સ્ટેન્ડ તરીકે જાહેર કરવાનું જાહેર કરૂ છું.

ક્રમ	પીકઅપ સ્ટેન્ડ માટેનું સ્થળ	રીક્ષાની સંખ્યા
૧	શીતલા ચોક કોર્નર ઉપર	૦૫
૨	સુતારવાડાના નાકે એસ. વી. પી. રોડ	૦૫

ઉપર મુજબના ૨(બે) સ્થળોએ તેમની સામે જણાવેલ સંખ્યામાં વાહનો રાખવા માટે પીકઅપ સ્ટેન્ડ જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આજ તા. ૨૦-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો મારી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૧૫૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૯૮૫/૧૫, તા. ૧૨-૦૩-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) આ સમય દરમ્યાન રામ નવમી તહેવાર આવે છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૩-૦૩-૨૦૧૫ ના રોજથી તા. ૦૫-૦૪-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૭, માહે માર્ચ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૧૬૬/૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ ના પત્ર ક્રમાંક : એસઓજી/શોપીંગ મોલ/જાહેરનામું/૧૭૧/૧૫, તા. ૧૬-૦૩-૨૦૧૫ થી સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮-૧૦-૨૦૧૩થી મળેલ સુચના અન્વયે જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ પર સુરક્ષા જાળવવાના હેતુસર શોપીંગ મોલના એન્ટ્રી ગેટ પર, એકઝીટ ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, વાહનો તથા તેમાં આવતી વ્યકિતઓનું ચેકીંગ કરવા ખાનગી સીકયુરીટી ગોઠવવા વિ. મુદ્દે વ્યવસ્થા કરવા સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ મળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત રજુ થયેલ છે.

લોકોની સુરક્ષા જાળવવા માટે રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલના માલીકે,

(૧) શોપીંગ મોલની એન્ટ્રી ગેઈટ તથા એકઝીટ ગેઈટ અને મોલના પાછળના વિસ્તારમાં આવેલ દરેક ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫ દિવસ સુધી રાખવો.

(૨) મોલની અંદર દાખલ થતાં તમામ પ્રકારના વાહનો તથા વાહનોમાં બેઠેલ પ્રત્યેક વ્યક્તિનું સંપુર્ણપણે ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવી.

(૩) મોલમાં આવતાં તમામ પ્રકારના માલ-સામાન (ગુડસ)નું ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરી, પ્રતિબંધિત માલ સામગ્રી, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી, તેની તકેદારી રાખવી.

(૪) મોલના માલીકે પોતાના ખર્ચે જુનાગઢ જિલ્લાના સીકયુરીટી એજન્સી ચલાવવા માટે લાયસન્સ ધરાવતી હોય, તેવી અધિકૃત સીકયુરીટીના તાલીમબધ્ધ સીકયુરીટી ૨૪ કલાક (રાઉન્ડ ધ કલોક) રાખવા વ્યવસ્થા કરવાની રહેશે. મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નેફર ડોગ મારફતે ઉભી કરવાની પણ મોલના માલીકે કાયમી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૫) મોલની માલીકી બદલાય તે વખતે થયેલ ફેરફારની આધાર પુરાવા સહ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તથા સબંધિત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવાનું ધોરણ રાખવું.

આ હુકમ તા. ૨૪-૩-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૧૮મી, માહે માર્ચ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૧૬૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/જા.નામુ/મકાન/૧૭૨/૨૦૧૫, તા. ૧૬-૦૩-૨૦૧૫ ના પત્રથી ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ઘણા ધાર્મિક સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટોલીફોન/ મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામુ તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૨-૦૩-૨૦૧૫ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ ૧૮ માહે માર્ચ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. : એમએજી/સી/૧૧૭૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/બોટ ગુમ/જા.નામું/૧૦૧૨/૨૦૧૫, તા. ૧૬-૦૩-૨૦૧૫ થી અંતીત થતા દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ પોલીસ સ્ટેશનના તાબા હેઠળ વહાણ/બોટ દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયમ ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય

સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તેમાં આતંકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની ‘‘કુબેર’’ નામની બોટનું અપહરણ કરી અતંકી હુમલાને અંજામ આપેલ છે. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામા જાય ત્યારે સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કર્યા સીવાય બોટ દરીયાની અંદર ન જાય તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત બોટ દરીયામાં લઈ જાય ત્યારે નીચે મુજબના પત્રકની વિગતો સહની સબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીનઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૨-૦૩-૨૦૧૫ થી તા. ૨૦-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૧૮ મી, માહે માર્ચ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૫.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૬૩/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારોની ઉજવણી થનાર હોય, હાલમાં પોરબંદર જિલ્લામાં ક્રિમિનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતિના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય જેથી લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજીક તત્વો દવારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૧૩-૦૩-૨૦૧૫ના રોજ કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **ચિરાગ ચાવડા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૧૯-૦૩-૨૦૧૫ થી તા. ૧૭-૦૪-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૭-૦૩-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૧૬૩/૨૦૧૫/ર.-પોરબંદર જિલ્લામાં પોરબંદર નગરપાલિકાને કોર્પોરેશન બનાવવાના વિરોધમાં વેપારી આગેવાનો દ્વારા કાર્યક્રમો કરવાની શક્યતા છે, તેમજ વિજ પુરવઠો પુરતા પ્રમાણમાં મળવાની માંગણી સબબ ખેડુતો દ્વારા કાર્યક્રમો થનાર હોય તેમજ પાણીના પ્રશ્ને પોરબંદર જિલ્લામાં રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનો દ્વારા સભા-સરઘસ, ધરણા, દેખાવો, ઉપવાસ વિગેરે જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થવા, સભા, સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૩-૦૩-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. તે જોતાં પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ, સરઘસ કાઢવું નહિ, તેવો મનાઈ હુકમ તા. ૧૯-૦૩-૨૦૧૫ થી તા. ૧૭-૦૪-૨૦૧૫ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, **ચિરાગ ચાવડા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર**, આથી સમગ્ર પોરબંદર જિલ્લા, વિસ્તારમાં તા. ૧૯-૦૩-૨૦૧૫ થી તારીખ : ૧૭-૦૪-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. કોઈ વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૭-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૪૩/૧ અન્વયે

જાહેરનામું

નં. : મેજી.માધવપુર.રામનવમી.મેળો./૧૭૩/૨૦૧૫.- પોરબંદર જિલ્લામાં પોરબંદર તાલુકાના માધવપુર ગ્રામપંચાયત વિસ્તારમાં આવેલ માધવપુર રામજી મંદિરના પ્રાંગણમાં રાહીતળ મેદાનમાં રામનવમી તહેવાર સબબ દર વર્ષે મેળો ભરાય છે તે મુજબ ચાલુ વર્ષે પણ આ મેળો ભરાવનો હોવાથી મોટી સંખ્યામાં યાત્રાળુઓની અવરજવર રહે છે. તેથી આ સમય દરમ્યાન લોકોના જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપી રોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાતાં હું, **ચિરાગ ચાવડા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૪૩/૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ તા. ૨૯-૦૩-૨૦૧૫થી તા. ૦૨-૦૪-૨૦૧૫ સુધી દિન-૫(પાંચ) બને દિવસો સહિત સુધીની મુદત માટે માધવપુર ગ્રામપંચાયત વિસ્તારમાં તેમજ તેની આજુબાજુ આઠ કિ.મી.ના વિસ્તારમાં નીચે પ્રમાણે મનાઈ ફરમાવવામાં આવે છે.

૧. પીવાનું પાણી તેમજ બરફ બનાવવા માટે કલોરીન યુક્ત પાણીનો વપરાશ કરવો.

૨. અન્ય કોઈ બીન આરોગ્યપ્રદ વસ્તુઓ અને બિન કલોરીન યુકત પાણીનો ઉપયોગ કરવો નહીં.

૩. પીવાનું પાણી, પીવા માટે ઉપયોગમાં ન આવે તેવા કોઈપણ પ્રકારના કૃત્યો કરવા નહીં.

૪. અખાદ્યય બગડેલા અને વાસી પદાર્થો વેચવા નહીં.

૫. આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો ખુલ્લા રાખવા નહી કે ખુલ્લા રાખી વેચાણ કરવુ નહીં.

૬. જાહેર આરોગ્ય ખાતાના કર્મચારીઓ/અધિકારીશ્રીઓની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખવા યોગ્ય પગલા લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર તથા તેઓશ્રીએ નિયુક્ત કરેલા કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૮-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૫.

ચિરાગ ચાવડા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

વિષય : ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામ વાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી. ટી.વી. કેમેરા લગાવવા બાબત.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ.નં. ૧૦૫૦૨/૨૦૧૫.-ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અને આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં ગયેલ સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો મોટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોયતે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉક્ત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી કેમેરા હોવા જરૂરી જણાય છે.

આથી હું, એમ. એ. સૈયદ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી કેમેરાઓ લગાવવાના રહેશે.

આ હુકમ તા. ૧૮-૦૩-૨૦૧૫ થી તા. ૧૬-૦૫-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

“જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૬-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૧૧૬૨૮/૨૦૧૫.-ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ગુનાખોરીની પ્રવૃતિ અટકાવવા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું, એમ. એ. સૈયદ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખપત્ર અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

અ.નં.	મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત.
૧	૨	૩	૪	૫	૬

(૩) મકાન તથા ઔદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલીકો દ્વારા ભાડે અપાતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવા સારુ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસીક કેટલા ભાડાથી આપવા ધારેલ છે?	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ તથા સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું.
૧	૨	૩	૪	૫	૬

(૪) હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

નં.	ગેસ્ટનું નામ, સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું, એમ. એ. સૈયદ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભાવનગર શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના વેપારીઓ, સમગ્ર ભાવનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈપણ મકાન માલીક અગર તો આ માટે મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું જાહેરનામું તા. ૨૪-૦૩-૨૦૧૫ થી ૨૨-૦૫-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૨૩-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

એમ. એ. સૈયદ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૭૯૨/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં લુંટ, ધાડ, ખુન, તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં કામ કરતાં ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમના શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરે જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતિ જાળવવા સારૂ, હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે રાખેલા હોય તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નં. ૧ અને ૨ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

મકાન માલીકનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ	નોકરી ઉપર રાખેલ નોકર/વોચમેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

અ. નં.	વિગત		
૧	મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા મોબાઈલ નંબર	:	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ તથા ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું તથા મો. નં.	:	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું તથા મોબાઈલ નંબર	:	
૪	નોકરને નોકરી પર રાખ્યાની તારીખ	:	
૫	કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામું તથા મોબાઈલ નંબર	:	
૬	નોકરના બે થી ત્રણ સગા સબંધીના નામ તથા સરનામા અને મોબાઈલ નંબર		
૭	વોચમેન હથીયાર ધરાવતાં હોય તો તેના હથીયાર લાયસન્સની વિગત તથા માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:	

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૫-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૭૮૯/૨૦૧૫.-રાજકોટ શહેરમાં શાંતી અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના માણસો લાયસન્સ વાળા હથીયારો જાહેર જગ્યામાં લઈ ફરે અને લોનના

હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથીયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા હથીયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બીનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથીયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે તેમજ જે સ્થળે આવા સીકયુરીટી ગાર્ડ ફરજ બજાવતા હોય ત્યારે ફરજ દરમ્યાન કારખાના માલીકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સબંધી ગંભીર ગુન્હાઓ આચરે છે. આવા પરપ્રાંતીય હથીયાર ધારક બનાવટી લાયસન્સથી હથીયારો મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુન્હાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતિ જાળવવા સારૂ, હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખાનગી સીકયુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તથા રાજકોટ શહેરની બહારના શહેર/જિલ્લાના સંચાલકોએ તેઓની કંપનીમાં બીનહથીયારી તથા હથીયારી પર પ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથીયારી ગાર્ડના હથીયાર લાયસન્સનું વેરીફીકેશનનું એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટિશ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથીયારી ગાર્ડ તથા તેનું હથીયાર તથા લાયસન્સ જે તે સીકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલીકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નં. ૧ ની માહિતી નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે.

સીક્યુરીટી મેનનો
પાસપોર્ટ સાઈઝનો
ફોટોગ્રાફ

અ. નં.	વિગત		
૧	સીકયુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલીકનું સરનામું તથા ટેલીફોન નંબર	:	
૨	પરપ્રાંતીય સીકયુરીટી ગાર્ડ/હથીયારી/બીન હથીયારીના નામ તથા વતનનું સબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું ટેલીફોન નંબર, મોબાઈલ નંબર	:	
૩	સીકયુરીટીગાર્ડ તથા હથીયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા ટેલી. નંબર	:	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:	
૬	હથીયાર તથા ગનમેનના લાયસન્સની વિગત તથા હથીયાર/ગનની વિગત		
૭	લાયસન્સ માન્ય 'એરીયા' તથા રીન્યુ તારીખ	:	

: અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૫-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

: જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરુ છું કે, જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૭૮૮/૨૦૧૫.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમ વાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણોને નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ (DB(A)Leq	
		સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી	રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી
એ.	ઔદ્યોગીક	૭૫	૭૦
બી.	વાણીજ્ય	૬૫	૫૫
સી.	રહેણાંક	૫૫	૪૫
ડી.	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીના ફટાકડા ફુટવાના કારણે નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વની પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેપંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧-૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે, જ તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૫-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં.

(૧) હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

(૨) એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનેકનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

(૩) રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

(૪) ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈઓ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલંધન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

(૧) માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

(૩) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવાતો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

(૪) આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૫) આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

INDEX

(૬) અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

(૭) માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

(૮) અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

નોંધ :- ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૯) કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માસક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૦) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

(૧૧) ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી, અથવા ચલાવવો નહી.

(૧૨) માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

(૧૩) ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ઈ.પી. કો. કલમ-૧૮૮ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરુ છું કે, જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૭૯૧/૨૦૧૫.-રાજકોટ શહેરમાં આંતકવાદી તત્વો, રાષ્ટ્ર વિરોધી તત્વો, તથા અસામાજીક તત્વો પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતાં હોવાનું સામાન્ય બની જાય અને ઘણીવાર આવા ગેરકાનુની તત્વો રાજકોટ શહેર બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઈંધણ પુરાવવા માટે પેટ્રોલ પંપો ઉપર જાય છે આથી નાગરીકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગ રૂપે રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તા વાળા રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરામાં પેટ્રોલ પંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઈવર તથા બાજુની સીટ પર બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઈ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સી.સી.ટી.વી. ફુટેજમાં સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે તેમજ આ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડીંગ ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભોકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે.

(૫) પેટ્રોલ પંપ/ડીઝલ પંપો ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પુર્વક સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હિલચાલ સી.સી.ટી.વી. કેમેરામાં કવરેજ લઈ શકાય.

(૬) નવા શરૂ થતાં પેટ્રોલ પંપ/ડીઝલ પંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમય ગાળો :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૪-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૫-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરુ છું કે, જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫ માહે માર્ચ-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે માર્ચ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૧) મુજબ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./અન.અધિ.વ્યકિત પ્રવેશ/જાહેરનામું/૭૯૫/૨૦૧૫.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં,આવેલ સરકારી કચેરીઓ,નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગર પાલીકાની કચેરી, તથા રાજકોટ મહાનગરપાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ, પ્રાંત અધિકારીશ્રીની કચેરી, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી જુદી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે રોજ

મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલા બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવત્તિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

વાસ્તે હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબની મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ મહાનગર પાલીકાની કચેરી, તથા રાજકોટ મહાનગરપાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ, પ્રાંત અધિકારીશ્રીની કચેરી, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૪-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૫-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરુ છું કે, જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫-૦૩-૨૦૧૫ના રોજ મેં મારી સહી તથા સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૭૯૦/૨૦૧૫.- રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મીક, સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલો, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ જાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે તથા રાત્રીના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો :

(૧) રાજકોટ શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર આતશબાજી કરવા ઉપર.

(૨) રાજકોટ શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યકતી ઉપર ફેંકવા ઉપર.

(૩) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ વાગ્યા સુધી ફટાકડા/દારૂખાનુ ફોડવા ઉપર.

(૪) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા/દારૂખાનું ફોડવા ઉપર

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૫-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરુ છું કે, જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/પરીક્ષા જાહેરનામું/૭૭૭/૨૦૧૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૩૦-૦૩-૨૦૧૫ થી તા. ૦૮-૦૪-૨૦૧૫ સુધી રવિવારની જાહેર રજાના દિવસ સિવાયના દિવસો દરમ્યાન રાજકોટ શહેર જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ખાતે એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરની લેખીત પરીક્ષા (OMR) ઉત્તરપત્રીકાથી લેવામાં આવનાર છે.

આગામી તા. ૩૦-૦૩-૨૦૧૫ થી તા. ૦૮-૦૪-૨૦૧૫ સુધી રવિવારની જાહેર રજાના દિવસ સિવાયના દિવસો દરમ્યાન પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થીઓ કોઈપણ પ્રકારની ખલેલ વિના શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે તેમજ બહારના તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહીં તે માટે તા. ૩૦-૦૩-૨૦૧૫ થી તા. ૦૮-૦૪-૨૦૧૫ સુધી રવિવારની જાહેર રજાના દિવસ સિવાય કલાક ૦૮-૦૦ થી કલાક ૧૫-૦૦ સુધી રાજકોટ શહેરના પરીક્ષા કેન્દ્રો (શાળાઓ) ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ ની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થવા ઉપર, અનઅધિકૃત વ્યકિતઓએ શાળાઓમાં પ્રવેશ કરવા ઉપર, શાળાઓ ખાતે વાહન લઈ જવા ઉપર અને શાળાની આસપાસ ચાર કે તેથી વધારે માણસોને ભેગા થવા ઉપર તેમજ વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લઈ જવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબરઃ સીસી/૪૨૨/આર.આર. સી./ ૧૦૮૨/૧૦૮૦/૧૧ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનીયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૩૦-૦૩-૨૦૧૫ થી તા. ૦૮-૦૪-૨૦૧૫ સુધી રવિવારની જાહેર રજાના દિવસ સિવાયના દિવસો દરમ્યાન કલાક ૦૮-૦૦ થી કલાક ૧૫-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

૧. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં જ્યાં એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની બીજા સેમેસ્ટરની પરીક્ષા લેવાનાર છે. તે પરીક્ષા કેન્દ્રોના કંપાઉન્ડમાં તેમજ તેમની ચારેબાજુની ત્રિજયામાં ૨૦૦

મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થવા ઉપર તથા ચારથી વધુ માણસો ભેગા થવા ઉપર.

૨. જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં જ્યાં એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની બીજા સેમેસ્ટરની પરીક્ષા લેવાનાર હોય શહેરના કોઈપણ સ્ટેશનર્સ કે ઝેરોક્ષ મશીનો ચલાવતાં વેપારીઓ પતાના ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા ઉપર.

૩. જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં જ્યાં એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની બીજા સેમેસ્ટરની પરીક્ષા લેવાનાર છે તે શાળાઓમાં (કેન્દ્રોમાં) અનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરવા ઉપર કે અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા વાહનો લઈ જવા કે લાવવા ઉપર.

૪. જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં જ્યાં એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની બીજા સેમેસ્ટરની પરીક્ષા લેવાનાર છે તે પરીક્ષા કેન્દ્રોમાં વિદ્યાર્થીઓએ તથા વિદ્યાર્થીનીઓએ મોબાઈલ ફોન લાવવા ઉપર.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

અપવાદ

આ હુકમમાંથી નિચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિતસમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં.).

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) કોઈ સ્મશાનયાત્રાને.

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડના અધિકારી તથા જવાનો.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૨૩ માહે માર્ચ-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

સુપ્રિન્ટેન્ડન્ટ જમીન દફતર દ્વારા

જાહેરનામું

ક્રમાંકઃ સીટીએસ/૫/લે.રે.કો.ક. ૧૨૬/ટુન્ડા, તા. મુન્દ્રા/ ૨૦૧૫.-સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ ૧૭-૧૦-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ ટુન્ડા, તાલુકેઃ મુન્દ્રા, જિલ્લેઃ કચ્છના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૭ હે. ૯૭ આરે. ૨૪ ચો.મી. માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેનટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, એલ.એમ. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ, જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ ટુન્ડા, તાલુકોઃ મુન્દ્રા, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૭ હે. ૯૭ આરે. ૨૪ ચો.મી.નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંકઃ સીટીએસ/૫/લે.રે.કો.ક. ૧૨૬/ગોધરા, તા. માંડવી/ ૨૦૧૫.-સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ : ૧૭-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ ગોધરા,

INDEX

તાલુકેઃ માંડવી, જિલ્લેઃ કચ્છના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૧૬ હે. ૯૧ આરે. ૫૯ ચો.મી. માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેનટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તારીખ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, એલ.એમ. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ, જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ ગોધરા, તાલુકોઃ માંડવી, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૧૬ હે. ૯૧ આરે. ૫૯ ચો.મી. નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંકઃ સીટીએસ/૫/લે.રે.કો.ક. ૧૨૬/ગુંદયાળી, તા. માંડવી/ ૨૦૧૫.-સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ : ૧૭-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ ગુંદયાળી, તાલુકેઃ માંડવી, જિલ્લેઃ કચ્છના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૨૭ હે. ૦૫ આરે. ૩૪ ચો.મી. માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેનટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તારીખ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, એલ.એમ. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ, જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ ગુંદીયાળી, તાલુકોઃ માંડવી, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૨૭ હે. ૦૫ આરે. ૩૪ ચો.મી. નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંકઃ સીટીએસ/૫/લે.રે.કો.ક. ૧૨૬/સમાઘોઘા, તા. મુન્દ્રા/ ૨૦૧૫.-સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ : ૧૭-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ સમાઘોઘા, તાલુકેઃ મુન્દ્રા, જિલ્લેઃ કચ્છના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૭ હે. ૪૬ આરે. ૬૫ ચો.મી. માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેનટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તારીખ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, એલ.એમ. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ, જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ સમાઘોઘા, તાલુકોઃ મુન્દ્રા, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૭ હે. ૪૬ આરે. ૬૫ ચો.મી. નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંકઃ સીટીએસ/૫/લે.રે.કો.ક. ૧૨૬/નાનાકપાયા, તા. મુન્દ્રા/ ૨૦૧૫.-સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ : ૧૭-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ નાના કપાયા, તાલુકેઃ મુન્દ્રા, જિલ્લેઃ કચ્છના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૬ હે. ૩૯ આરે. ૪૧ ચો.મી. માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી,

જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેનટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, એલ.એમ. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ, જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ નાનકપાયા, તાલુકોઃ મુન્દ્રા, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૬ હે. ૩૯ આરે. ૪૧ ચો.મી. નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવામાં આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંકઃ સીટીએસ/૫/લે.રે.કો.ક. ૧૨૬/બારોઈ, તા. મુન્દ્રા/૨૦૧૫.-સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ : ૧૭-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ બારોઈ, તાલુકેઃ મુન્દ્રા, જિલ્લેઃ કચ્છના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૧૭ હે. ૪૯ આરે. ૩૨ ચો.મી. માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેનટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, એલ.એમ. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ, જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ બારોઈ, તાલુકોઃ મુન્દ્રા, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૧૭ હે. ૪૯ આરે. ૩૨ ચો.મી. નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવામાં આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંકઃ સીટીએસ/૫/લે.રે.કો.ક. ૧૨૬/બીદડા, તા. માંડવી/૨૦૧૫.-સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ : ૧૭-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ બીદડા, તાલુકેઃ માંડવી, જિલ્લેઃ કચ્છના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૧૯ હે. ૫૨ આરે. ૬૨ ચો.મી. માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેનટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, એલ.એમ. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ, જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ બીદડા, તાલુકોઃ માંડવી, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૧૯ હે. ૫૨ આરે. ૬૨ ચો.મી. નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવામાં આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

સહી (અવાચ્ય),
સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન દફતર,
કચ્છ-ભુજ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

૧. અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નં. ફડચ/ગ-૩/૨૫૧૧ થી ૨૫૧૯/૨૦૦૪, તા. ૦૯-૦૯-૨૦૦૪.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની તથા કલમ ૨૦(૧) ની જોગવાઈઓ.

૩. સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં.જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.

૪. ફડચા અધિકારી શ્રી ઈન્દીરા સાગર મત્સ્ય ઉદ્યોગ સ.મં.લી. (ફડચા), મુ. જાફરાબાદ, તા. જાફરાબાદ, જિ. અમરેલીની તા. ૧૫-૦૧-૨૦૧૫ ની દરખાસ્ત. C/o. સ.જી.મ.સ. બેન્ક લી., અમરેલી તરફથી તા. ૧૫-૧-૨૦૧૫થી.

હુકમ

જાવક નં. : ફડચ/ગ-૩/૩૦૩ થી ૩૦૯/૦૮/૨૦૧૫.- (૧) શ્રી ઈન્દીરા સાગર મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. જાફરાબાદ, તા. જાફરાબાદ, જિ. અમરેલીને વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

(૨) સદરહું મંડળીનો નોંધણી નંબરઃ સ.૫/૬૬૬/૧૯૮૮, તા. ૧૯-૦૫-૧૯૮૮ થી નોંધાયેલ છે.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી ઈન્દીરા સાગર મત્સ્ય ઉદ્યોગ સ.મં.લી., મુ. જાફરાબાદ, તા. જાફરાબાદ, જિ. અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૧૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૨ માહે ફેબ્રુઆરી/માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૧૩૫/૧૧૭૧/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી જય યોગેશ્વર કોટન જીનીંગ પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ કો.ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : દોલતી, મુ. દોલતી, તાલુકો : સા.કુંડલા, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/એ.એમ.આર/“ઉ”(પ્રો) ૬૧૨૫/૨૦૧૫, તા. ૧૨-૦૩-૨૦૧૫ થી સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૧૨ માહે માર્ચ, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ખ-૩/સે.જે.એન.ડી.-૪૪૦૬૭/૨૬૮/૨૦૧૫.- આથી જાહેર કરે છે કે શ્રી નાના ખેડુત જુથ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : શેરીયાજ, તાલુકો : માંગરોળ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં. : નધણ/ધ/૪૩૮૭૭/૩૮૨/૩૮૯/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી જય સોમનાથ પ્રા. શાળાઓના શિક્ષક શરાફી સ.મં.લી., મર્યાદિત સ્થળ : આજોઠા, તાલુકો : વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૨ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં. : નધણ/ધ/૧૫૯૧૮/૩૯૧/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી હડમતીયા ફળ અને શાકભાજી ઉત્પાદક સ.મં.લી., મર્યાદિત સ્થળ : હડમતીયા, તાલુકો : તાલાલા, જિલ્લો : ગીર સોમનાથ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૨ માહે માર્ચ, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ, વેરાવળ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ

INDEX

જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીનાં અંતીમ હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/ફ/૧૬૩૪૬/ખ-૪/૫૬૬/૨૦૦૫, તા. ૦૭-૦૭-૨૦૦૫.

(૪) ફડચા અધિકારીશ્રી શ્રી દેવગાણા તેલીબીયાં ઉત્પાદક સહ. મં.લી., મુ. દેવગાણા, તા. સિહોર, જિ. ભાવનગર અને સહ. અધિ. ફનં.-૩ લગત કચેરીનો તા. ૨૩-૦૨-૨૦૧૫ નો અહેવાલ.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૧૪૨/૧૭૬૯/૨૦૧૫.-આથી હું, એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી દેવગાણા તેલીબીયાં ઉત્પાદક સહ.મં.લી., મુ. દેવગાણા, તા. સિહોર, જિ. ભાવનગરની કે જેનો નોંધણી નંબરઃ ૧૪૯૪૬, તા. ૧૬-૦૬-૧૯૭૯ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું. તેમજ આજ કાયદાની કલમ–૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

ભાવનગર, ૧૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૬-૦૮-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૬૫/૨૦૦૮, તા. ૦૧-૦૮-૨૦૦૮.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૦૯-૦૩-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૬૧/૨૦૧૫.-હું, પી.એસ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી જોધપર(છલ્લા) સેવા સહકારી મંડળી લી., મુ. જોધપુર (છલ્લા), તા. : પડધરી, જિ. : રાજકોટ નોંધણી નંબર : સે-૧૧૦૪૭, તા. ૧૮-૦૮-૧૯૭૩ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૨૬/૨૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૧૬૬/નં. આરજેટીઃસે.-૪૨૭૬૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સદ્દભાવ શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૧૬૭/નં. આરજેટીઃઉ.-૧૩૫૯૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી માતૃછાયા મજુર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કાનપર, તાલુકો : જસદણ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૦/૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૧૬૮/નં. આરજેટીઃસે.દુ.-૪૨૭૬૧/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી આરબટીંબડી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : આરબટીંબડી, તાલુકો : જેતપુર, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત

સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

પ્રતિક ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ચ/૧૨૯/૫૭૭ થી ૫૮૫/નં. સે.(દુ).-૪૨૭૯૨/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મોરબી, આથી જાહેર કરે છે કે, શ્રી વણજારા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વણજારા, તાલુકો : વાંકાનેર, જિલ્લોઃ મોરબી.

સને ૧૯૬૧નો ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯(૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

મોરબી, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

જી. એમ. જાડેજા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મોરબી.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૦૬/૧૧૨૮/૨૦૧૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી સનસાઈન ક્રેડીટ કો.ઓ. સોસાયટી લી., મુ. ચોટીલા, પો. ચોટીલા, તા. - જિ. સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંકઃ નધણ/એસએનઆર/સે.(શ) ૭૯૨૯, સને ૨૦૧૫, તા. ૨૩-૦૩-૨૦૧૫ છે.

સુરેન્દ્રનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ડી. વી. ગઢવી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ)

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં તા. ૧૫-૦૧-૨૦૧૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૨૩/૧૫.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૦૬/ખ-૪/૧૦૪/૨૦૧૫.-આથી હું, ડી. કે. બજાણીયા, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી કૃષ્ણ કો.ઓપ. હાઉ. સોસા. લી., મુ. મેંદરડા, તા. મેંદરડા, જિલ્લોઃ જુનાગઢ કે જેના નોંધણી નં. ૮૩૪૨, તા. ૨૮-૦૫-૧૯૮૨ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ઓડીટર ગ્રેડ-૨, સ.મં. (ગ્રાહક), જુનાગઢની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીનાં છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૩ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૫.

ડી. કે. બજાણીયા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
જુનાગઢ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 16th APRIL, 2015/CAITRA 26, 1937 No. 16

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	425-452	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	601-648
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/મકાન ભાડા/જાહેરનામું/૦૧/૦૩/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈ મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. ભુકંપ બાદ કચ્છ જિલ્લામાં રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે. જેના પરિણામે બહારથી મોટા પ્રમાણમાં લોકો વસવાટ કરવા આવતા હોય છે. લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને થતું જોખમ તથા જાહેર સુલેહશાંતિ જાળવવા માટે ભાડેથી અપાતા મકાનો માટે નીચે મુજબની વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે અને મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવા જરૂર જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકાશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે જણાવેલ જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ, ભાડે આપેલ મકાનની વિગત, વિસ્તારનું નામ મકાનનું બાંધકામ ક્ષેત્રફળ	મકાન ભાડે આપવા અધિકૃતતા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું, સંપર્ક નંબર સહિત	મકાન ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	કઇ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા, સંપર્ક નંબર સહિત	મકાન માલીક અને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સંપર્ક નંબર સહિત
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવા તથા પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

INDEX

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : મેજી/પોલ/જાહેરનામું/૦૨/૦૩/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી શકવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચવા સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે. જેથી જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂં નામ, સરનામું, નોંધવું જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓને નીચે જણાવેલ મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને માંગણી કર્યેથી રજુ કરવાનું રહેશે.

જુના મોબાઇલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અનુ. નં.	મોબાઇલ ફોનની વિગત	IMEI નંબર	મોબાઇલ વેચનાર/ખરીદનારનું નામ તથા સરનામાની વિગત	આઇડી પ્રુફની વિગત અસલ પરથી ખરાઇ કરીને મેળવવી
૧	૨	૩	૪	૫

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓની દુકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમથી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ : ૨૩-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/હોટલ ગેસ્ટહાઉસ/જાહેરનામું/૦૭/૦૩/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટ હાઉસ/હોટલ/લોજ/ધર્મશાળામાં રોકાણ કરતા હોય છે અને શહેરના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ

રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે નીચેના પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ માલિકોએ અને ધર્મશાળા સંચાલકોએ નીચે જણાવેલ કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ/ધર્મશાળામાં રહેવા આવનાર દરેક મુસાફર દ્વારા તેમના પોતાના સ્વહસ્તાક્ષરમાં જ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	નામ	ઉંમર	નાગરીકત્વ	મો.નં.	સરનામું	ફોટો આઈડી પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

મુલાકાતનું કારણ	આવ્યા તારીખ/સમય	રૂમ નં.	હોટલ છોડયા તારીખ/સમય	બીલ નં. તારીખ	સહી
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતેથી પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવી પડશે, ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટલમાં પ્રવેશ આપવામાં આવશે તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન વગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે. તે એક માસ સુધી સાચવવાનું રહેશે.

(૫) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસમાં આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ પાર્કિંગની જગ્યાએ સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન અને વાહન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે એક માસ સુધી સાચવી રાખવું પડશે.

(૬) મુસાફરના ફોટા ઓળખકાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી અથવા કોમ્પ્યુટરમાં સેવ રાખવાના રહેશે.

(૭) કચ્છ જિલ્લાની હદમાં આવતી હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી નહીં.

(૮) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ ધાબાના માલીક, મેનેજર તથા તમામ કર્મચારીઓના નામ, સરનામાં, ફોન નંબર, ફોટો સહિતની તમામ વિગત દર્શાવતી લેખીત માહિતી સંબંધીત પોલિસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૯) વિદેશી નાગરીકો/મુલાકાતી/ગેસ્ટ હોય તો તેમના પાસપોર્ટની સંપૂર્ણ વિગત રજીસ્ટરમાં નોંધવી તેમજ સી ફોર્મ ભરાવી એલ.આઈ.બી., એસ.પી. કચેરીએ જાણ કરવી.

(૧૦) હોટલ/ગેસ્ટ હાઉસમાં ઈન્ટરનેટ-વાઈફાઈ સિસ્ટમ કાર્યરત હોય તો તેની વિગતો રજીસ્ટર બનાવી સાચવી રાખવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફ હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી, મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૧-૨૦૧૫ થી તા. ૨૬-૦૩-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિકકો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

INDEX

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/સાયકલ/મોપેડ/જાહેરનામું/૦૩/૦૩/૨૦૧૫.- દેશમાં બનતા ગુનાઓમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ જેવા હુમલાઓમાં સાયકલનો ઉપયોગ કરવામાં આવેલ હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે. આ પ્રકારના હુમલાઓમાં સાયકલ, સ્કુટર, ટીફીન કે પાઈપનો ઉપયોગ થતો હોય છે. જેથી નવા જુના સાયકલ/ સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/ સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/ બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે સાથેની વિગત દર્શાવે તે જાહેર જનતાના હિતમાં છે.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/ સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર. પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

> જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા-જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/ સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/ મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/ મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/સીમકાર્ડ/જાહેરનામું/૦૪/૦૩/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડના ઉપયોગ થાય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા પર કોઈ ચોકકસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના થતા દસ્તાવેજોની પણ યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. સ્થાનિક પોલિસ તરફથી અવારનવાર મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીલરો, ફેરીયાઓને ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના કોઈ દસ્તાવેજી આધારો પોતા પાસે રાખતા નથી કે કયા દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી તેઓ પાસે રહેતી નથી.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર. પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું

રજિસ્ટર રીટેલરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

(૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયન્સસ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/સીસીટીવી કેમેરા/જાહેરનામું/૦૫/૦૩/ ૨૦૧૫.- તાજેતરના કિસ્સાઓમાં ભારાસર ગામે બેંક લુંટ તેમજ ભુજ ખાતે એ.ટી.એમ. મશીનની ઉઠાંતરીના બનાવો બનેલ છે. આ બનાવોની તપાસ દરમ્યાન એવી હકીકત ધ્યાને આવેલ છે કે સદર બેંકમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ પરંતુ તે ચાલુ હાલતમાં ન હોતાં કોઈ મદદ મળી શકેલ નહીં.

કચ્છ જિલ્લો ઔદ્યોગિક રીતે અતિઝડપથી વિકાસ પામતો જિલ્લો છે. અને કચ્છમાં ઉદ્યોગોમાં બહારના રાજ્યોમાંથી કામદારો પુષ્કળ સંખ્યામાં આવતા હોય છે. કચ્છ જિલ્લામાં એન.આર.આઈ. લોકો પણ મોટી સંખ્યામાં રહે છે અને તેઓની થાપણો પણ બેંકોમાં રહે છે. જિલ્લામાં આવેલ બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, ટોલનાકા, સિનેમાઘરો, હોટલો, શોપીંગ સેન્ટરો, તેમજ જ્વેલર્સની દુકાનો વિગેરેમાં રોજબરોજ નાણાની લેવડદેવડ થતી હોય છે પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં કોઈ સિકયોરીટી ગાર્ડસ રાખતા હોય તેવું જણાઈ આવેલ નથી. જેથી આવા સંજોગોમાં લેભાગુ તત્વો લુંટ જેવા બનાવને અંજામ આપી શકે તેવી પુરીપુરી શકયતાઓ રહેલી છે. જેથી ભવિષ્યમાં આવા બેંક લુંટ કે અન્ય કોઈ બનાવો ન બને અને બને તો તે અંગે આવેલ તમામ ઈસમોની હરકત જાણી શકાય તે હેતુસર નીચે મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૫૧ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ રાષ્ટ્રીય, ખાનગી તેમજ સહકારી બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, જ્વેલર્સની દુકાનો, શોપીંગ સેન્ટરો, હોટલો, ટોલનાકાઓ તેમજ સિનેમાઘરોએ સીસીટીવી કેમેરા કેશીયરની કેબીન ઉપર, મેઈન દરવાજા ઉપર તથા ટ્રેઝરી ઉપર લગાવવા. તેમજ તેનું તેનો ડેટા એક માસ સુધી સાચવી રાખવો. તેમજ સદરહું ડેટા પોલિસ અધિકારી તરફથી માંગણી કર્યે આપવાનો રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/ટ્રાન્સપોર્ટ ડ્રાઈવર/જાહેરનામું/૦૬/૦૩/ ૨૦૧૫.- કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યોગિક એકમોને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો વિકાસ થયેલ છે. જેના અનુસંધાને ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે ડ્રાયવરો અને કલીનરોને કામે રાખતા હોય છે. જેને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે. જિલ્લામાં કાર્યરત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ગુપ્તચર એજન્સીઓ તરફથી આવતા ઈનપુટ મુજબ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જિલ્લા બહારના લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલિસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર ડ્રાયવરો/કલીનરોને કામે રાખતા પહેલા તેઓના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો સંબંધીત પોલિસ સ્ટેશનમાં આપે તે સુનિશ્ચિત કરવું ખુબજ જરૂરી જણાય છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર. પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો બાબતે નીચે મુજબની કાર્યપદ્ધિતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ટ્રન્સપોર્ટ ઓપરેટરોએ કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની સબંધીત પોલિસ સ્ટેશનમાં ડીટેઈલ બાયોડેટા સહિત નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણનોંધાયેલ ડ્રાયવરો/કલીનરો કામગીરી કરી શકશે નહીં.

(૨) કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો પૈકી કોઈ છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર માસે જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૪) કોઈપણ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારના ડ્રાયવરો/ કલીનરોની નોંધણી કરાવ્યા સિવાય કામે રાખી શકશે નહીં.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/મજુર નોંધણી/જાહેરનામું/૦૮/૦૩/૨૦૧૫.- કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યાગિક એકમોમાં રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે મજુરો કોન્ટ્રાકટરો દ્વારા પુરા પાડવામાં આવતા હોય છે અને તે મજુરોને કારણે અને ઔદ્યોગિક એકમોને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે અને તપાસમાં જિલ્લા બહારના આવા લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લુંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલીસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો તરફથી જે લેબર કોન્ટ્રાકટરો પાસેથી મજુરો મેળવવામાં આવે છે. તેઓને કામે રાખતા પહેલા તેઓ બાબતે નામ, સરનામા સહિતની જરૂરી વિગતો રખાય, તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર. પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી

હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોએ લેબર કોન્ટ્રાકટર પાસેથી મેળવેલ મજુરો બાબતે નીચે મુજબની કાર્ય પધ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ઔદ્યોગિક એકમો લેબર કોન્ટ્રાકટરોએ પ્રથમ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ અથવા ભુજ (જેનો વિસ્તાર લાગુ પડે તે પ્રમાણે) પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ લેબર કોન્ટ્રાકટરો, મજુર પુરા પાડવાની કામગીરી કરી શકશે નહી. આ તારીખ પછી લેબર કોન્ટ્રાકટરોએ મજુર પુરા પાડતા પહેલાં સબંધિત મદદનીશ મજુર કમિશ્નરશ્રી, પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે.

(૨) નોંધણી મેળવેલ લેબર કોન્ટ્રાકટરોએ જુદા જુદા ઔદ્યોગિક એકમોને પુરા પાડેલ મજુરોની યાદી મદદનીશ કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા પોલીસ અધિક્ષકશ્રી, કચ્છ-ભુજને દર માસે પુરી પાડવાની રહેશે. તેમાં મજુરોના નામ, પાકા સરનામા તથા ફોટો સાથે ઉંમર સહિતની વિગતો આપવાની રહેશે. પુરા પાડેલ મજુરોની ઓળખ સાબિત કરવા માટે ફોટા સાથેના ઓળખપત્રોની નકલ લેબર કોન્ટ્રાકટરે પોતાની કચેરીમાં રાખવાની રહેશે . અને માંગણી થયે રજુ કરવાની રહેશે.

(૩) કામે રાખેલ મજુરો પૈકી મજુરો છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર ત્રણ માસે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને દર માસે પુરી પાડવાની રહેશે.

(૪) ઔદ્યોગિક એકમોએ રોકેલ લેબર કોન્ટ્રાકટરોની માહિતી દર માસે જે તે પોલીસ સ્ટેશનને તથા મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામને આપવાની રહેશે.

(૫) લેબર કોન્ટ્રાકટરોએ કામે રાખેલ મજુરોની સંપુર્ણ વિગત તથા ફોટા સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ભુજ/ગાંધીધામ પાસેથી સહી, સિક્કા કરવેલ હોવું જોઈશે. જિલ્લા/રાજય બહારથી પુરા પાડેલ મજુરોનું જે તે જિલ્લા/રાજ્યનું પુરૂ સરનામું ફોટો સહિત રજીસ્ટરમાં પુરાવાના આધારે નોંધવું જોઈશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને મજુરો પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયની લેબર કોન્ટ્રાકટરોથી મજુરો મેળવી શકશે નહી.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/ઘાસચારા વેચાણ/જાહેરનામું/૦૯/૦૩/ ૨૦૧૫.-કચ્છ જિલ્લામાં રસ્તા પર કે સરકારી જમીનો અને ખાનગી પ્લોટ પર અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અનધિકૃત રીતે ઘાસચારો વેંચવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. આ વ્યકિતઓ દ્વારા એક જગ્યાએ ઢોરો એકત્ર કરી ગ્રાહકોને ઘાસચારો વેંચી એકત્ર કરેલ ઢોરોને આપવામાં આવે છે. આ એકત્ર થયેલ ઢોરો ઘણીવાર નિરંકુશ થઈ રસ્તેથી પસાર થતા નાગરીકોને ઈજા પહોંચાડે છે તેમજ જાહેર જનતાને નુકશાન કરે છે. જેથી જાહેર જનતાની સુરક્ષાના હિતમાં જાહેરમાં સરકારી તથા ખાનગી જમીનો પર અનધિકૃત રીતે ઘાસચારો વેંચવા પર પ્રતિબંધ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર. પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની તમામ નગરપાલિકાઓની હદમાં અધિકૃત કરેલ સ્થળો સિવાયના કોઈપણ સ્થળ પર ઘાસચારાનો વેપાર કરી શકાશે નહીં.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાની તમામ નગરપાલિકાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/અનઅધિકૃત ટોળી/જાહેરનામું/૧૨/૦૩/૨૦૧૫.-કચ્છ જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર અઇધકારીશ્રીની કચેરી, ભુજ અને મોટર વાહન નિરીક્ષકાશ્રીની કચેરી, ગાંધીધામ ખાતે દરરોજ મોટા પ્રમાણમાં નાગરિકો/અરજદારો અલગ અલગ કામ અર્થે જેવા કે લાયસન્સ સંબંધિત, વાહનોની નોંધણી સંબંધિત તથા નોંધણી બાદની કાર્યવાહીઓ, ટેક્ષ ભરવાની કાર્યવાહી, વાહન કોઈ ગુનામાં પકડાય ત્યારે દંડ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધીત કાર્યવાહીઓ વિગેરે માટે આવે છે. તા. ૧-૭-૮૯ પછી કાયદેસર એજન્ટ પ્રથા નથી. છતાં ઘણી વાર અરજદારો/નાગરિકો જયારે કચેરીના કમ્પાઉન્ડમાં પ્રવેશે છે તે સમયે કચેરીની આસપાસ અથવા નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને કેટલાક અનધિકૃત ઈસમો આવી પ્રવૃત્તિઓ કરીને અરજદાર સાથે છેતરપીંડી કરતા હોવાનું ધ્યાને આવેલ છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, ભુજ તથા મોટર વાહન નિરીક્ષકશ્રીની કચેરી, ગાંધીધામ તથા જિલ્લામાં આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ, સામખીયાળી ખાતે રોજેરોજ જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે અરજદારો સિવાયના અનધિકૃત ઈસમોની ટોળી, સદરહું કચેરીઓ/ચેકપોસ્ટ પર આવતી જાહેર જનતા/અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા નગરપાલિકાઓમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/મજુર પ્રાથમિક સુવિધા/જાહેરનામું/૧૦/૦૩/૨૦૧૫.-તાજેતરમાં ગુજરાત રાજ્યમાં બાંધકામ હેઠળના ઈમારતમાં મહિલા મજુરો ઉપર બળાત્કારના બનાવ બનેલા છે. જે ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે બળાત્કારના ભોગ બનનાર મહિલાઓ અને મજુરોને સંબંધિત મજૂર ઠેકેદાર દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હતી. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજૂરો અને તેમના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બને તેવી સંભાવના રહે છે.

કચ્છ જિલ્લામાં ભુકંપ પછી મોટી સંખ્યામાં ઔદ્યોગીક એકમોના આગમનથી પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. જેઓને પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ કોન્ટ્રાકટરો દ્વારા મળે તે જોવું ઈચ્છનીય છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મજૂરોને લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગીક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/બોર-કુવા/જાહેરનામું/૧૧/૦૩/૨૦૧૫.-ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના ઘણા કિસ્સાઓ બનેલ છે. કેટલાક કિસ્સાઓમાં બાળકોના મૃત્યુ થવા પામેલ છે. આવા ખુલ્લા બોર-કુવા સંબંધે સાવચેતીના પગલાં લેવા માટે નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ ગાઈડલાઈન આપેલી છે. ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલાં લેવા જરૂરી છે.

જેથી, હું, **એમ.એસ.પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બાદ બોર વેલ/ટયુબ વેલના માલિક/ઉપયોગકર્તા/ડ્રીલીંગ એજન્સીએ નીચે મુજબના હુકમોનું પાલન કરવાનું રહેશે.

1. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલાં જગ્યાના માલિકે સ્થાનિક સત્તામંડળ તથા સ્થાનિક પોલિસને ૧૫ દિવસ પહેલાં જાણ કરવાની રહેશે.
2. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સત્તામંડળ પાસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
3. બોલ વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે નીચે જણાવેલ વિગતો સાથેનું સલામતી સૂચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે.
   - 3.1. બોર વેલ/ટયુબ વેલના બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રીલીંગ એજન્સીનું નામ તથા પૂરૂં સરનામું.
   - 3.2. બોર વેલ/ટયુબ વેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલિકનું નામ તથા પૂરૂ સરનામું
4. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા યોગ્ય વાડ/અંતરાયો રાખવાના રહેશે.
5. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ (૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સિમેન્ટ કોંક્રીટવાળું પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.
6. સ્ટીલ પ્લેટ વેલ્ડીંગ કરી અથવા નટ બોલ્ટ સાથે મજબુત પ્લેટ ફીટ કરી બોર વેલ/ટયુબવેલનું કેપીંગ કરવાનું રહેશે.
7. પંપ સમારકામ અથવા અન્ય કોઈ સમારકામ દરમ્યાન બોર વેલ/ટયુબ વેલ ખુલ્લા છોડી શકાશે નહીં.
8. બાંધકામ/સમારકામ પૂર્ણ થયા બાદ ખાડા/ચેનલમાં માટી ભરવાની રહેશે.
9. બીન ઉપયોગી અથવા ત્યજી દેવાયેલ બોર વેલ/ટયુબ વેલ અંગે સ્થાનિક સત્તામંડળ પાસેથી એક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને માટી/રેતી/કાંકરા વિગેરે દ્વારા નીચેથી ગ્રાઉન્ડ લેવલ સુધી ભરી દેવાના રહેશે.
10. ડ્રીલીંગ પૂર્ણ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ ડ્રીલીંગ શરૂ કર્યા પહેલાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં લાવવાનું રહેશે.
11. જે બોર વેલ/ટયુબ વેલ હાલ બીન ઉપયોગી હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેને નટ-બોલ્ટ સાથે બોરકેપ લગાવી ઢાંકી દેવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગીક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ ભુજ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૮૩૮-૩૭(૩)/૨૦૧૫.-વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ ની પરીક્ષાઓ તા. ૩૦-૦૩-૨૦૧૫ થી શરૂ થનાર છે. આ પરીક્ષાઓ શાંતિથી લેવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુ બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યક્તિને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવા અંગે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગર તરફથી દરખાસ્ત મળેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે. તેથી હું, **નલિન ઉપાધ્યાય, જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ ની પેટા કલમ–(૩) થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, તા. ૩૦-૦૩-૨૦૧૫, તા. ૧-૪-૨૦૧૫, તા. ૬-૪-૨૦૧૫ થી તા. ૮-૪-૨૦૧૫ ના સવારના ૧૦-૦૦ થી બપોરના ૨-૦૦ કલાક તથા તા. ૪-૪-૨૦૧૫ ના બપોરના ૨-૩૦ કલાકથી સાંજના ૬-૩૦ કલાક સુધી પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

પરિશિષ્ટ-૧

૧.	સેન્ટ આન્સ હાઈસ્કુલ, જામનગર
૨.	ડી.એસ. ગોજીયા હાઈસ્કુલ, જામનગર
૩.	એ.કે. દોશી વિદ્યાલય,
૪.	શ્રી પ્રણામી હાઈસ્કુલ, જામનગર
૫.	સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય
૬.	શાસ્ત્રી ત્ર્યંબકરામ હાઈસ્કુલ, જામનગર
૭.	શ્રી સત્યસાંઈ હાઈસ્કુલ, જામનગર
૮.	શ્રી જી.એમ.પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૧, ધ્રોલ
૯.	શ્રી જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૨, ધ્રોલ

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારીની નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.
(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યક્તિને.
(૩) લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રાને.
(૫) પ્રમાણીત પરીક્ષાર્થીને.
(૬) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરે બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૦ માહે માર્ચ–૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયેનો

હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૮૩૮-૧૪૪/૨૦૧૫.-વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ ની પરીક્ષાઓ તા. ૩૦-૦૩-૨૦૧૫ થી શરૂ થનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરિક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ માધ્યમીક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, **નલિન ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા માટે નક્કી કરાયેલા પરિશિષ્ટ-મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૩૦-૦૩-૨૦૧૫, તા. ૧-૪-૨૦૧૫, તા. ૬-૪-૨૦૧૫ થી તા. ૮-૪-૨૦૧૫ ના સવારના ૧૦-૦૦ થી બપોરના ૨-૦૦ કલાક તથા તા. ૪-૪-૨૦૧૫ ના બપોરના ૨-૩૦ કલાકથી સાંજના ૬-૩૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા શિક્ષણ/વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી.

પરિશિષ્ટ-૧

૧.	સેન્ટ આન્સ હાઈસ્કુલ, જામનગર
૨.	ડી.એસ. ગોજીયા હાઈસ્કુલ, જામનગર
૩.	એ.કે. દોશી વિદ્યાલય, જામનગર
૪.	શ્રી પ્રણામી હાઈસ્કુલ, જામનગર
૫.	સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય
૬.	શાસ્ત્રી ત્ર્યંબકરામ હાઈસ્કુલ, જામનગર
૭.	શ્રી સત્યસાંઈ હાઈસ્કુલ, જામનગર
૮.	શ્રી જી.એમ.પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૧, ધ્રોલ
૯.	શ્રી જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૨, ધ્રોલ

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ. તા. ૩૦ માહે માર્ચ-૨૦૧૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

નલિન ઉપાધ્યાય,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૧૯૬૪ થી ૨૦૧૪/૨૦૧૫.- (૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ આગામી દિવસો દરમ્યાન રામનવમીનો તહેવાર આવતો હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **એ. વી. વાઢેર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૨૨-૦૩-૧૫ થી તા. ૦૫-૦૪-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ પણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૨૨-૦૩-૨૦૧૫ થી તા. ૦૫-૦૪-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૨૦ માહે માર્ચ–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

એ. વી. વાઢેર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામુ

નં. નાચિ/પલસ/૩/વશી/૨૫૯૪ થી ૨૫૬૪/૨૦૧૫.- પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૪-૦૩-૨૦૧૫નાં પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/સી.સી.ટી.વી./૧૮૮/૧૫ થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેકટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયાં મોટી રકમની અથવા કિંમતી ચીજવસ્તુની લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડદેવડ અને હેરાફરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતાં પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશદ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કીંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે, તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રોકોડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માર્ચ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૨૩૧૨ થી ૨૩૮૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૪-૦૩-૨૦૧૫નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/હોટેલ માલિક/૧૯૨/૧૫ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ/લોજ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અ.નં.	હોટલ માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ	લાયસન્સ નંબર	આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર	લાયસન્સ કઇ તારીખથી કઇ તારીખ સુધી રીન્યુ થયેલ છે.	આવેલ પેસન્જરનું પુરૂં નામ, ઉ.વ., ધંધો અને મોબાઈલ નંબર, પુરૂં સરનામું	પ્રવાસી/મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને MAKE	રજુ કરેલ ઓળખ કાર્ડની સંપૂર્ણ વિગત	કઇ તારીખથી આવેલ છે. તારીખ/સમય	કઇ તારીખે જવાના છે. તારીખ/સમય	ક્યાં હેતુ માટે આવેલ છે.	આવેલ પેસેન્જરની સહી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૨૧૬૯ થી ૨૨૩૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૭-૦૩-૨૦૧૫નાં પત્ર જા. નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/STD-PCO/૧૮૯/૨૦૧૫ થી હાલના પ્રવર્તમાન આંતકવાદના સંજોગો અને ભૂતકાળમાં ગુજરાત રાજ્યના બોમ્બે બ્લાસ્ટ જેવા આતંકવાદના કૃત્યોના બનાવો બનવા પામેલ છે અને આંતકવાદી સંસ્થા/સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ તેમજ ધરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી., પી.સી.ઓ.માં જઈને ફોન દ્વારા ધમકી આપવા, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિય સતામણી કરવાના બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી., પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી., પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુનેગારો સુધી પહોંચવુ અશકય બને છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી., પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી., પી.સી.ઓ.માંથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

અનુ. નંબર	STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર	STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર	ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઈ.ડી. પ્રુફની વિગત નંબર સાથે.	જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોકત કોલમવાઈઝ રજીસ્ટ્રરો સંબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

શિક્ષા :

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

આજ તા. ૨૬ માર્ચ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૨૨૪૦ થી ૨૩૧૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૪-૦૩-૨૦૧૫નાં પત્ર જા.નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ/મજુર-કારીગર/૧૯૪/૧૫ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી

INDEX

થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે, કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજિસ્ટર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગીક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રકરૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

ક્રમ	મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઈલ નંબર	મજુર/કારીગરનું વતનનું પુરૂં સરનામું, નજીકના પો.સ્ટે.ની વિગત	તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યાં કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે.	કોની ઓળખાણથી પોતાને ત્યા કામે રાખેલ છે. તેનું પુરૂં નામ સરનામું તથા મોબાઈલ નંબર	મજુર/કારીગરના આઈ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઈલ બનાવી રાખવું)	મજુર/ કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૨૩૮૩ થી ૨૪૫૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૪-૦૩-૨૦૧૫ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/વાહન લે-વેચ/૧૯૧/૧૫ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થયા/થતા હોય, તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે. લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્ર્ડ ન થતા હોય, તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

અનું નંબર	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ-જાત-ઉંમર-સરનામું- કોન્ટેક નંબર	વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

ઉપર મુજબનું રજીસ્ટ્રર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૨૫૨૩ થી ૨૫૯૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૪-૦૩-૨૦૧૫નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/મકાન ભાડુઆત/૧૯૦/૨૦૧૫ ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઈ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઈ

INDEX

સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડું કેટલું છે ?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે માર્ચ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૨૪૫૨ થી ૨૫૨૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૪-૦૩-૨૦૧૫ના પત્ર નં. એસઓજી/જાહેરનામું રીન્યું/મોબાઈલ-સીમકાર્ડ/૧૯૩/૨૦૧૫ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબજ જરૂરી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના

મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	મોબાઇલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત

જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	મોબાઇલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત

નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	સીમ કાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ સરનામાની વિગત	સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી

આ હુકમ તા. ૨૮-૦૩-૨૦૧૫ થી તા. ૨૬-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને સગરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે માર્ચ, સને-૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૬ માહે માર્ચ, સને-૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૦૧૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/મકાનભાડા/જા.નામું/૧૨૪/૧૫, તા. ૧૫-૦૩-૨૦૧૫ના પત્રથી ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદીર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવાકે, ત્રિવેણી સંગમ, દહોત્સર્ગ, ગીતા મંદિર, તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે તથા જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ ગીર સોમનાથ જિલ્લાના આ ધાર્મિક સ્થળોએ મોટા પ્રમાણમાં શ્રધ્ધાળુઓ દર્શન માટે આવતા હોવાથી તેઓની સલામતી જાળવવી આવશ્યક છે. તેમજ ભુતકાળમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. તાજેતરમાં પોરબંદર વિસ્તારના અરબી સમુદ્રમાં ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા શંકાસ્પદ પાકિસ્તાની બોટનો પીછો કરવામાં આવતા બોટમા સવાર ચાર ઈસમો દ્વારા બ્લાસ્ટ કરવામાં આવેલ અને

બોટ સળગી ગયાનો બનાવ બનેલ છે. ગુપ્તચર એજન્સીઓ દ્વારા અવાર-નવાર આંતકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવારા તત્વો કોઈ મકાન માલીક/દુકાન માલીક/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાના માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નીચે મુજબની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિક/દુકાન માલિક/ઔદ્યોગીક એકમની જગ્યાના માલીક/સંચાલકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/ દુકાન/ઔદ્યોગીક એકમની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન/દુકાન માલિક/ઔદ્યોગીક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન/દુકાન માલિક/ઔદ્યોગીક એકમ કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે?	જે વ્યક્તિને મકાન/દુકાન માલિક/ઔદ્યોગીક એકમ ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટોલીફોન/ મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન/ દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામુ તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા તથા મોબાઈલ નંબર	મકાન/દુકાન/ ઔદ્યોગીક એકમના માલીક/સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ બહાર પડયા તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૦ મી, માહે માર્ચ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

INDEX

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૦૨૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.ના./સ.બંધી/૭૭૨/૧૫, તા. ૧૪-૦૩-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવો ધ્યાને લેતાં વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય છે. (૩) તા. ૨૧-૦૩-૨૦૧૫ ના રોજ ચેટીચાંદ, તા. ૨૮-૦૩-૨૦૧૫ના રોજ રામનવમી, તા. ૦૨-૦૪-૨૦૧૫ ના રોજ મહાવિર જયંતી, તા. ૦૩-૦૪-૨૦૧૫ ના રોજ ગુડફ્રાઈડે અને તા. ૧૪-૦૪-૨૦૧૫ ના રોજ બાબા આંબેડકર જયંતી વિગેરે તહેવારો સબબ ધાર્મીક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના વિવિધ પાકની સીઝન ચાલુ હોય, જેના કારણે વિજળી આવક-જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **વી. જે. રાજપુત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૧-૦૩-૨૦૧૫ થી તા. ૧૯-૦૪-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખઃ ૨૦ મી માહે માર્ચ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૧૦૨૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલ.આઈ.બી./જાહેરનામું/હ.બંધી/૭૭૩/૨૦૧૫, તા. ૧૪-૦૩-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) તા. ૨૧-૦૩-૨૦૧૫ ના રોજ ચેટીચાંદ, તા. ૨૮-૦૩-૨૦૧૫ના રોજ રામનવમી, તા. ૦૨-૦૪-૨૦૧૫ ના રોજ મહાવિર જયંતી, તા. ૦૩-૦૪-૨૦૧૫ ના રોજ ગુડફ્રાઈડે અને તા. ૧૪-૦૪-૨૦૧૫ ના રોજ બાબા આંબેડકર જયંતી વિગેરે તહેવારો સબબ ધાર્મીક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના વિવિધ પાકની સીઝન ચાલુ હોય, જેના કારણે વિજળીની આવક-જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યક છે.

(૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૦૩-૨૦૧૫ થી તા. ૧૯-૦૪-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(3) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

વંચાણે લીધા :

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/બોર.જા/૭૬૯/૨૦૧૫, તા. ૧૪-૦૩-૨૦૧૫.

હુકમ

નં. એમએજી/સી/૧૦૨૭/૨૦૧૫.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો વિ. દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા નિષ્કાળજી સેવવામાં આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમાં પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમાં બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોકત બાબતેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમાં મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમાં ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂ છું.

(૧) જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ થાય નહી અથવા બોરવેલમાં કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ/દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમ છતા અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનું પાલન કરવામાં ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનું યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરી પરિસ્થિતિમા હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોકત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૦ મી માહે માર્ચ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

વેરાવળ, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૦૨૮/૨૦૧૪.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/સ.પ્ર.બં.જા/૭૭૦/૨૦૧૫, તા. ૧૩-૦૩-૨૦૧૫ ગીર-સોમનાથ જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં નાહવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાય છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમાં બહુજ મોટા વજનદાર ખડકાળ પત્થરો છે. જેથી સમુદ્રામાં નાહવા પડેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમાં આવતા મોજાઓ વાંકાચુકા તથા ઘાતક આવે છે.

હાલમાં આ સ્થળે નવી ચોપાટી બનાવવાનું કામ શરૂ થયેલ છે તથા મોટા પત્થરો સમુદ્રમાં ઉતારી રસ્તો બનાવેલ છે, જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પત્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમાં પડી જાય તેવી શક્યતાઓ રહે છે.

અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમાં પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમાં પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા બનાવો નોંધાયેલ છે. તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડમાં આશરે ચાર કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમાં નાહવા માટે કે સમુદ્રમાં ઉંડા પાણીમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું સી.આર.પી.સી. એકટની કલમ-૧૪૪ તળે દિન-૬૦ નું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત વિગતે સોમનાથ મંદીર ખાતે આવેલ દરીયા કિનારે મોજામાં તણાઈ જવાથી, નાહવા પડતા ડુબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

આથી હું, **વી. જે. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર-સોમનાથ વેરાવળ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમે બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કી.મી.ના વિસ્તારમાં

સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિએ સમુદ્રમાં નાહવા જવું નહીં કે સમુદ્રના ઉંડા પાણીમાં પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમ બહાર પડયાની તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૦ મી, માહે માર્ચ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

વી. જે. રાજપુત,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનો હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૧૧૧૨/૨૦૧૫.-મેનેજીંગ ડિરેકટરશ્રી, પીજીવીસીએલ, રાજકોટના પત્ર નં. પીજીવીસીએલ/એમડી/લીગલ સેલ/૯૫૨૪, તા. ૦૮-૧૦-૨૦૧૪ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ટીવી કેબલ ઓપરેટરો દ્વારા ટીવી કેબલનું નેટવર્ક પીજીવીસીએલના ઈલેકટ્રીક નેટવર્ક (થાંભલા) પર કોઈપણ પ્રકારની મંજૂરી વગર પ્રસ્થાપિત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેથી વીજ અકસ્માત થાય છે તેમજ થવાની સંભાવનાઓ પણ વધી જાય છે.

મેનેજીંગ ડીરેકટર, પીજીવીસીએલ, રાજકોટ દ્વારા પીજીવીસીએલના વીજ પોલ કે નેટવર્ક પર કેબલ ઓપરેટરો દ્વારા ટીવી કેબલ પ્રસ્થાપિત કરવા નહિ તે અંગેની જાણ માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું બહાર પાડવા તેઓના તા. ૦૮-૧૦-૨૦૧૪ના પત્રથી દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાની મુદત તા. ૧૮-૦૩-૨૦૧૫ ના રોજ પુર્ણ થયેલ હોય, અધિક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, પી.જી.વી.સી.એલ. અમરેલીના તા. ૨૩-૦૩-૨૦૧૫ થી પી.જી.વી.સી.એલ. દ્વારા ટી.વી. કેબલ દુર થઈ શકેલ ન હોવાથી, ફરીથી જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

અધિક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, પી.જી.વી.સી.એલ., અમરેલી તરફથી રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે ગીર સોમનાથ જિલ્લામાં કોઈપણ ટીવી કેબલ ઓપરેટરોએ પીજીવીસીએલના ઈલેકટ્રીક નેટવર્ક પર ટીવી કેબલ પ્રસ્થાપિત કરવા નહી તેમજ પીજીવીસીએલ દ્વારા દુર કરાયેલ કેબલ પીજીવીસીએલના નેટવર્ક પર પુનઃસ્થાપિત કરવા નહી.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૩૦ મી માહે માર્ચ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૧૩૦૩૮/૨૦૧૫.-આગામી એપ્રિલ-૨૦૧૫નાં માસ દરમિયાન તા. ૦૪-૦૪-૨૦૧૫નાં રોજ હનુમાન જયંતિ, તા. ૧૪-૦૪-૨૦૧૫નાં રોજ આંબેડકર જયંતિ, તા. ૨૦-૦૪-૨૦૧૫નાં રોજ પરશુરામ જયંતિ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે-ફરે નહી, તે માટે પ્રતિબંધ

ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, એમ. એ. સૈયદ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૪-૦૪-૨૦૧૫ થી તા. ૦૩-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં શારિરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :-

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૭-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૨૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

એમ. એ. સૈયદ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૫૧૮/૨૦૧૫.-અધિક ઈજનેરશ્રી, પી.જી.વી. સી.એલ., બોટાદના તા. ૨૩-૦૩-૨૦૧૫ના પત્ર નં. બીટીસીઓ/ટેક-૧/અકસ્માત/૧૧૧૧ થી બટાદ જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ નેટવર્ક ઉપર કેબલ ટીવી ઓપરેટરોના કેબલ તેમજ અન્ય સંચાર માધ્યમના વાયરો કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવેલા હોય, જેના કારણે વિજ અકસ્માતના બનાવો બનવા પામતાં હોય છે. આથી આ અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સબબ, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતાં કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, **આર. જી. જાડેજા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ જિલ્લો, બોટાદ**, હુકમ કરૂં છું કે, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા દૂર કરવામાં આવેલ ટીવી કેબલ પી.જી.વી.સી.એલ.ના નેટવર્ક પર પુનઃપ્રસ્થપિત કરવા નહીં.

આ જાહેરનામું તા. ૨૬-૦૩-૨૦૧૫ થી તા. ૨૪-૦૫-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.ના સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા જે તે તાલુકાના મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખઃ ૨૬-૦૩-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

આર. જી જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૨૨૫૦ થી ૨૩૪૯.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે, તેમજ આગામી તા. ૦૪-૦૪-૨૦૧૫ ના રોજ હનુમાન જયંતીનો તહેવાર હોય તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૫-૦૫-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૨૨૨/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૩૦-૦૩-૨૦૧૫ થી તારીખ : ૧૩-૦૪-૨૦૧૫ સુધી (બંને તારીખ સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી, લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

INDEX

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/વશી-૨૩૫૦ થી ૨૪૪૯.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે તેમજ આગામી તા. ૦૪-૦૪-૨૦૧૫ ના રોજ હનુમાન જયંતીનો તહેવાર હોય તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૫-૦૩-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૨૨૩/૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૩૦-૦૩-૨૦૧૫ થી તારીખ : ૧૩-૦૪-૨૦૧૫ સુધીની (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

(૧) કિરણ ઈલેકટ્રોસીસ્ટમ, રાજકોટ ટીન નં. ૨૪૦૯૦૨૦૦૯૩૫ ના સી. ફોર્મ ગુમ થવા અંગેની તા. ૧૧-૩-૧૫ ની અરજી.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નર, વ.-૨૨, રાજકોટના પત્ર ક્રમાંક : જા. ૭૦૪૩/૪૪, તા. ૧૭-૩-૧૫.

(૩) વાણિજિયકવેરા અધિકારી-૧, યુનિટ-૮૯, રાજકોટના પત્ર ક્રમાંક : જા. ૭૦૬૮, તા. ૧૧-૩-૧૫.

આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૦/રાજ/વવટ-૧/ધા. ફોર્મ ૨૬/૨૦૧૪-૧૫/જા. ૧૪૨૩/૪૨/૧૫.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૮૯, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. કિરણ ઈલેકટ્રોસીસ્ટમ, રાજકોટ ટીન નં. ૨૪૦૯૦૨૦૦૯૩૫ તથા કેન્દ્રીય નંબર ૨૪૫૯૦૨૦૦૯૩૫ ધરાવે છે. તેઓને સી. ફોર્મ વિભાગ-૧૦, રાજકોટ કચેરી દ્વારા ઈસ્યુ કરેલ હતાં. જે ફોર્મ સી. ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક ૧/૨ તથા ૩ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના સી ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદ કરવાનું કારણ
૧	કિરણ ઈલેકટ્રોસીસ્ટમ, રાજકોટ, ટીન નં. ૨૪૦૯૦૨૦૦૯૩૫	૨૪૮૩૩૪૨૮૭ તથા ૨૪૭૭૧૪૨૩૮	૨ (બે)	ગુમ થવાથી

INDEX

આથી હું, એસ. એમ. સકસેના, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧૦, રાજકોટ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી ફોર્મ પાના નંબર ૨૪૮૩૩૪૨૮૭ તથા ૨૪૭૭૧૪૨૩૮ પાના-૨(બે) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

એસ. એમ. સકસેના,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧૦, રાજકોટ.

વંચાણમાં લીધું : મે. સ્ટુડીયો સીરામીક્સ નો. નંબર ૨૪૭૨૨૨૦૨૧૮૯ ની અરજી.

આદેશ

ક્રમાંક : સં.વા.વે.કમિ./વિ.-૭ સુરત/સી ફોર્મ રદ આદેશ/૨૦૧૪-૧૫/જા. ૪૮૭૩/૯૩.-ઉપરોક્ત વંચાણમાં લીધેલ વેપારીશ્રી મે. સ્ટુડીયો સીરામીકસ, નો. નં. ૨૪૨૨૨૨૦૨૧૮૯ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૭૨૨૨૦૨૧૮૯ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ ''સી'' ફોર્મ નંબર નીચે જણાવ્યા મુજબ કુલ-૧ મેળવેલ હતા, જે ''સી'' ફોર્મ વંચાણમાં લીધેલ ક્રમાંક (૧)ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના ''સી'' ફોર્મ રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	કચેરીનું નામ	વેપારીનું નામ	ફોર્મ રદ કરવાપાત્ર ધારાકીય ફોર્મ પાના નંબર	રદ કરવાપાત્ર ફોર્મ્સની સંખ્યા	રદ કરવાનું કારણ
૧	સહા.વાણિજિયકવેરા કમિશ્નરશ્રીની કચેરી, ઘટક-૭, સુરત	મે. સ્ટુડીયો સીરામીકસ, નોં. નં. ૨૪૨૨૨૨૦૨૧૮૯	૮૭૮૩૩૪૪	નંગ-૧	ખોટો ટીન નંબર

આથી હું, કે. ડી. દેસાઈ, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર, વિભાગ-૭, સુરત, કેન્દ્રિય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવેલ ''સી'' ફોર્મ પાના નંગ-૧ રદ કરવા ઠરાવું છું.

સુરત, ૧૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

કે. ડી. દેસાઈ,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૭, સુરત.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૧૫૫૯૭/૬૭/૯૬૩/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી રાજવિર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પારાવાડા, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૪ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/ઉ-૧૫૫૯૮/૬૯/૯૬૭/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી પ્રણામ ફળ/શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ચોલીયાણા, તાલુકો : કુતિયાણા, જિલ્લો : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૫ માહે માર્ચ, સને ૨૦૧૫.

એસ. બી. તન્ના,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN
A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 23rd APRIL, 2015/VAISHAKHA 03, 1937 No. 17

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	453-476	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	649-696
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read : *(1) Legal Department Resolution No. SCT/1089/4287/D (Pt. II) dtd. 25-06-1999.*

(2) Hon'ble High Court letter No. A. 2408/89, Dtd. 10-01-2000.

(3) An Office Order No. Judi./A.1/373/2000, dtd. 28-01-2000 of this Court.

(4) An Office Order No. Judi/161/2011, dtd. 19-01-2011 of this Court.

(5) This Office O.O. No. Adm./A.14/11341/2012, dated: 24-12-2012.

(6) District Court Office Order No. Adm./O.1/3428/2013, dated: 28-05-2013.

(7) Hon'ble High Court Notification No. A. 1201/2015(6), dated 03-02-2015.

(8) This Office Notification No. Judi./3442/2013, dated 29-05-2013.

(9) District Court Office Order No. Adm./O.1/3428/2013, dated: 28-05-2013.

(10) Hon'ble High Court Notification No. A. 1201/2015(6), dated 03-02-2015.

NOTIFICATION

No. Judi./2013/2015.-As Hon'ble The High Court has drawn attention to the Notification referred to above at Sr. No. 1 and has also directed to creat the Special Court in establishment of Surendranagar, to deal with the cases of Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, under the letter referred to above at Sr. No. 2.

Previously, I have nominated to the 2nd Additional District Judge & Addl. Sessions Judge, Surendranagar as Special Court to deal with the cases of Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, but, consequent upon the creation of the Court of 5th Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, the undersigned is pleased to nomination the Court of 5th Additional District Judge and Addl. Sessions Judge at Surendranagar to preside over such Special Court, to deal with the cases of Scheduled Castes & Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, with effect from 06-04-2015 B.O.H.

Surendranagar, 4th April, 2015.

Read : *(1) Hon'ble High Court of Gujarat Notification No. A. 2617/2000, dated: 31-01-2004.*

(2) Hon'ble High Court of Gujarat Notification No. A. 2617/2000, dated: 25-11-2009.

(3) Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/2010(78), dated: 17-08-2010.

(4) Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/2015(6), dated: 03-02-2015.

(5) This Office Notification No. Judi./3443/2013, dated 29-05-2013.

(6) District Court Office Order No. Adm./O.1/3428/2013, dated: 28-05-2013.

(7) Hon'ble High Court Notification No. A. 1201/2015(6), dated 03-02-2015.

NOTIFICATION

No. Judi./2014/2015.-As per the notification issued by Hon'ble High Court of Gujarat, referred to above in preamble, I have nominated the 2nd Additional Distict Judge & Additional Sessions Judge, Surendranagar, to exclusively deal with the cases involving Senior Citizens and cases involving sexual harassment of women on priority basis, but consequent upon the creation of the Court of 3rd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, the undersigned is please to modify the notification cited in the preamble at Sr. No. 5 and to nominate the 2nd Additional Distict Judge & Additional Sessions Judge, Surendranagar, to exclusively deal with the cases involving sexual harassment of women and the 3rd Additional Distict Judge & Additional Sessions Judge, Surendranagar, to exclusively deal with the cases involving Senior Citizens.

The 2nd Additional District Judge & Additional Sessions Judge, Surendranagar & 3rd Additional Distict Judge & Additional Sessions Judge, Surendranagar, will conduct the cases both Civil and Criminal by adjusting the daily board that the such type of cases may be taken up for hearing day to day basis.

They are also informed and instructed to concentrate and offering priority for making disposal of above cases which are assigned to them, as per the Hon'ble High Court of Gujarat Circular No. C. 2611/2001, dated 11-10-2001 and the direction issued by the Hon'ble Apex Court reported in AIR-2001, Supreme Court, Page No. 1403 in the State of U.P. v/s. Shambhunath Sing & Ors. by strictly follow the provisions of Section 309 of Criminal Procedure Code, 1973, on day to day basis.

They will conduct and to decide the cases according to law which is assigned to him

This notification shall take effect from 06-04-2015. B.O.H.

Surendranagar, 4 th April, 2015.

A. D. Mogal,
Principal District Judge,
Surendranagar.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું
જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)/૦૩/૧૫.-આગામી ડિસેમ્બર માસમાં કચ્છ જિલ્લામાં નીચે જણાવેલ મેળા/ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

ક્રમ	તારીખ	ઉત્સવ	સ્થળ
૧	૦૧-૦૪-૨૦૧૫	ધોરમનાથનો મેળો	નાની રાયણ, તા. માંડવી
૨	૦૨-૦૪-૨૦૧૫	મહાવીર જયંતિ	સમગ્ર કચ્છ જિલ્લો
૩	૦૩-૦૪-૨૦૧૫	ગુડ ફ્રાઈડે	સમગ્ર કચ્છ જિલ્લો
૪	૦૪-૦૪-૨૦૧૫	હનુમાન જયંતિ	સમગ્ર કચ્છ જિલ્લો
૫	૦૪-૦૪-૨૦૧૫	મમુશાપીરનો મેળો	નવી દુધઈ, તા. અંજાર
૬	૦૪-૦૪-૨૦૧૫	એકલમાતાનો મેળો	ભરૂડીયા, તા. ભચાઉ
૭	૦૫-૦૪-૨૦૧૫ થી ૦૬-૦૪-૨૦૧૫	ઈશ્માઈલશાપીરનો મેળો	તુણા, તા. ગાંધીધામ
૮	૦૭-૦૪-૨૦૧૫ થી ૦૮-૦૪-૨૦૧૫	મતીયાદેવનો મેળો	ગુડથર, તા. અબડાસા
૯	૦૮-૦૪-૨૦૧૫ થી ૦૯-૦૪-૨૦૧૫	ગેબીમતીયા દેવ દર્શન મેળો	ખિરસરા(વિંઝાણ), તા. અબડાસા
૧૦	૧૪-૦૪-૨૦૧૫	ડૉ. આંબેડકર જયંતિ	સમગ્ર કચ્છ જિલ્લામાં
૧૧	૧૭-૦૪-૨૦૧૫	ષીતળા માતાનો મેળો	સમગ્ર કચ્છ જિલ્લામાં
૧૨	૧૭-૦૪-૨૦૧૫ થી ૧૮-૦૪-૨૦૧૫	મામયાદેવ બગથરાનો મેળો	અંજાર
૧૩	૧૮-૦૪-૨૦૧૫ થી ૧૯-૦૪-૨૦૧૫	પીરશરાહે દિન ઉર્ફે બાખીરનો મેળો	ભદ્રાવાંઢ, નલીયા, તા. અબડાસા
૧૪	૨૦-૦૪-૨૦૧૫	પરશુરામ જયંતિ	સમગ્ર કચ્છ જિલ્લો
૧૫	૨૦-૦૪-૨૦૧૫	હાજીપીર મેળો	વરાડીયા, કોઠારા, તા. અબડાસા
૧૬	૨૧-૦૪-૨૦૧૫	ડુમરાપીરનો મેળો	ડુમરા, તા. અબડાસા
૧૭	૨૫-૦૪-૨૦૧૫	આશાપુરા માતાજીનો પટોત્સવ	રાતા તળાવ, નલીયા તા. અબડાસા

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૧-૦૪-૨૦૧૫ થી તા. ૩૦-૦૪-૨૦૧૫ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા કે તૈયાર કરાવવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી

INDEX

હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૩૦-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં.એમએજી/સી/૩૭(૩)/૧૩૩૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૧૨૫/૧૫, તા. ૨૭-૦૩-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) આ સમય દરમ્યાન ડો. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ આવનાર છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, **સંજય મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૭-૪-૨૦૧૫ ના રોજથી તા. ૨૦-૪-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૧, માહે એપ્રિલ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

સંજય મોદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

વિષય : લોકોની જાનની સલામતી માટે પીજીવીસીએલના ઈલેક્ટ્રીક પોલ/નેટવર્ક પરથી કેબલ ટી.વી. નેટવર્કના કેબલ દૂર કરવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/PGVCL/જા.ના/ઈ.નં.૧૩૧૮૬/૨૦૧૫.- ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર કેબલ પ્રસ્થાપિત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે વીજ અકસ્માતના બનાવો બનવા પામતા હોય છે.

સબબ, ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતા કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું, **એમ. એ. સૈયદ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર**, હુકમ કરુ છું કે, ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં.

આ જાહેરનામું તા. ૦૬-૦૪-૨૦૧૫ થી તા. ૦૪-૦૬-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.નાં સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા મામલતદારશ્રી, મનોરંજન કર, ભાવનગરને અધિકૃત કરવામાં આવે છે.’’

આ જાહેરનામું જાહેર વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૭-૦૩-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૨૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

એમ. એ. સૈયદ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી./જાહેરનામું/૯૦૭/૨૦૧૫.-ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ હતું. તેમજ અગાઉ તા. ૨૬-૧૧-૦૮ના રોજ પણ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલ હતી. જે બાબતે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો (બોમ્બ)રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો (બોમ્બ) રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ હતો. જેના કારણે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેંચનારા વેપારીઓ અને ખરીદનાર વ્યકિતની ઓળખ થઈ શકે અને ત્રાસવાદી કૃત્ય આચરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય તે માટે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતી અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓ/હુકમનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત પોતાના કબ્જામાં રાખવી.

(૨) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર

કે મોટર સાયકલનું વેચાણ કરે ત્યારે તેણે સાયકલ, સ્કુટર, કે મોટર સાયકલનું ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

(૩) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ ખરીદનારનું પુરુ નામ, સરનામુ સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર અવશ્ય લખવો. તથા વેચાણ બીલમાં સાયકલનો ફ્રેમ નંબર, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૪) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનોના વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૦-૦૪-૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૬-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૯૦૮/૨૦૧૫.-ભુતકાળમાં ગુજરાત રાજયમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ હતા. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ હતો. આવા બોમ્બ વિસ્ફોટો જયાં લોકોની વધુ સંખ્યામાં અવર-જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ હતા. જે બનાવો ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે, કોઈપણ વ્યકિત ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકી શકશે નહી તેમજ પ્રતિબંધીત કૃત્યમાં ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦-૦૪-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૬-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૬ માહે એપ્રિલ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ જાહેરનામુ

હુકમ

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૭૨૯/ ૨૦૧૫.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ ૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૦૭-૦૪-૨૦૧૫ થી તા. ૨૬-૦૪-૨૦૧૫ સુધી પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના અધિકારીઓ/કર્મચારીઓ તથા કમાન્ડોનું સને ૨૦૧૫ના વર્ષનું પ્રથમ તબક્કાની ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગે ખુલ્લા વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂં છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૭-૦૪-૨૦૧૫ થી તા. ૨૬-૦૪-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફ્લેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ની તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૦૬-૦૪-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૯૫૪/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભેના કારણો અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ હતી જેને અનુલક્ષીને હોસ્ટેલમાં રહેતા વિદ્યાથીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકોએ પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના હેતુસર હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ હેઠળ મને મળેલ સત્તાની રુએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૧૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય તે રીતે નાઈટ વીઝન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે અને આ સી.સી.ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) પેરા નં.-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા પેરા નં.-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ અધિકારી, મહેસુલી અધિકારી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૫-૦૪-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૬-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર

મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૦ માહે એપ્રિલ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન દફતર દ્વારા

જાહેરનામું

નં. : સીટીએસ/૫/લે.રે.કો.ક.-૧૨૬/કોઠારા, તા. અબડાસા/ ૨૦૧૫-.સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખઃ ૧૭-૧૦-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજ : કોઠારા, તાલુકેઃ અબડાસા, જિલ્લેઃ કચ્છ ના ગામમા ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૨૯ હે. ૮૬ આરે. ૬૦ ચો.મી.માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે.સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તારીખઃ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, શ્રીમતિ એસ.ડી. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ કોઠારા, તાલુકેઃ અબડાસા, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૨૯ હે. ૮૬ આરે. ૬૦ ચો.મી.નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. : સીટીએસ/૫/લે.રે.કો.ક.-૧૨૬/મેઘપર (બો), તા. અંજાર/ ૨૦૧૫-.સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખઃ ૧૭-૧૦-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ મેઘપર (બોરીચી), તાલુકેઃ અંજાર, જિલ્લેઃ કચ્છ ના ગામમા ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૬ હે. ૦૯ આરે. ૦૬ ચો.મી. માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે.સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તારીખઃ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, શ્રીમતિ એસ.ડી. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ મેઘપર (બોરીચી), તાલુકેઃ અંજાર, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૬ હે. ૦૯ આરે. ૦૬ ચો.મી.નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. : સીટીએસ/૫/લે.રે.કો.ક.-૧૨૬/રતનાલ, તા. અંજાર/ ૨૦૧૫-.સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખઃ ૧૭-૧૦-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ રતનાલ, તાલુકેઃ અંજાર, જિલ્લેઃ કચ્છ ના ગામમા ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૧૨ હે. ૬૧ આરે. ૬૧ ચો.મી.માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે.સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તારીખઃ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ

અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, શ્રીમતિ એસ.ડી. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ રતનાલ, તાલુકેઃ અંજાર, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૧૨ હે. ૬૧ આરે. ૬૧ ચો.મી.નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. : સીટીએસ/૫/લે.રે.કો.ક.-૧૨૬/વરસામેડી, તા. અંજાર/૨૦૧૫-.સરકારશ્રી મહેસુલ વિભાગના તારીખઃ ૧૭-૧૦-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ વરસામેડી, તાલુકેઃ અંજાર, જિલ્લેઃ કચ્છ ના ગામમા ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૧૩ હે. ૬૯ આરે. ૮૭ ચો.મી.માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૯૭ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે.સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તારીખઃ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમથી મને મળેલ અધિકારની રૂએ હું, શ્રીમતિ એસ.ડી. પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન દફતર, કચ્છ, મુ. ભુજ તે મોજેઃ વરસામેડી, તાલુકોઃ અંજાર, જિલ્લેઃ કચ્છના ગામતળ વિસ્તારના ક્ષેત્રફળ ૧૩ હે. ૬૯ આરે. ૮૭ ચો.મી.નો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

કચ્છ-ભુજ, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. : સીટીએસ/૫/લે.રે.કો.ક.-૧૨૬/શીણાય, તા. ગાંધીધામ/૨૦૧૫-.સરકારશ્રી મહેસુલ વિભાગના તારીખઃ ૧૭-૧૦-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજેઃ શીણાય, તાલુકેઃ ગાંધીધામ, જિલ્લેઃ કચ્છ ના ગામમા ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ ૧૨ હે. ૦૩ આરે. ૯૦ ચો.મી.માં સીટી સરવે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સરવે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજએ રજુ કરેલ છે અને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૯૭ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે.સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તારીખઃ ૨૮-૦૫-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે.

(5) *The Hon'ble High Court of Gujarat Notification No. A 1201/2014 [102], dated 07-11-2014.*
(6) *This Court Notification No. UHC/B/48/2014, dtd. 06-09-2014.*
(7) *This Court Notification No. UHC/B/12/2015, dated. 05-02-2015.*
(8) *This Court Notification No. UHC/B/15/2015, dated. 16-02-2015.*
(9) *Letter No. GSJA/91/2015, dated, 13-02-2015 of Gujarat State Judical Academy, Ahmedabad.*

NOTIFICATION

No. UHC/B/25/2015.-Consequent upon the notification cited in the preamble at Sr. No. 1, the undersigned is please to pass the following order for the purpose of providing speedy trial/inquiry of offences/matters arising out, under Atrocities Act with effect from 06-04-2015.

Mr. R. D. Patel, 6th Additional District Judge, Junagadh is nominated to try/inquiry the cases under Atrocities Act.

He is directed to preside over in the said Special Court in this District Headquarter for the purpose of providing speedy trial/inquiry of offences/matters arising out, under Atrocities Act.

Junagadh, 17th April, 2015.

T. M. Shaikh,
Principal District Judge,
Junagadh.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે

જાહેરનામું

નાં. એમએજી/સી/૯૪/૨૦૧૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરની કચેરી, રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, રાજકોટના પત્ર ક્રમાંક : જા. નં. કા. ઈ./રાધોમાવિ/રાજકોટ/કેમ્પ પોરબંદર-૧/૨૦૧૫, તા. ૯-૪-૨૦૧૫ થી નેશનલ હાઈવે (કોસ્ટલ) પર પોરબંદરથી સોમનાથ તરફ જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ (કોસ્ટલ) પર ચીકાસા ગામ પાસે ભાદર નદી પરનો પુલનો એક ગાળો અકસ્માતે પડતાં, વાહન વ્યવહાર ચીકાસા ગામથી પૂર્વ બાજુ થઈ ગરેજ, મૈયારી, અમીપુર, બગસરા, કડછ, મોચા થઈ જતા અને આજ રૂટ પર આવતા ભારે વાહનો (૬(છ) ટન ઉપરના)ને આ રસ્તા પર ભાદર નદી પરના ચીકાસા અને ગરેજ ગામ વચ્ચેના જુના બ્રીજ પરથી પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવવાની થઈ આવેલ દરખાસ્તના અનુસંધાને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ઈષ્ટ જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતે સદરહું ભાદર નદી પરના ચીકાસાની પૂર્વ બાજુ થઈ ગરેજ ગામની વચ્ચે આવેલા જુના બ્રીજ પર ભારે વાહનો (૬(છ) ટન ઉપરના)ને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સોમનાથ-વેરાવળ તરફથી આવતા ભારે વાહનો મોચા, કડછ, બગસરા, અમીપુર, મૈયારી અને ગરેજ ગામથી ચીકાસા થઈ અને પોરબંદર તરફ આવવા તથા તે રીતે પરત જવા માટેના બંને એન્ટ્રી પોઈન્ટ પર વૈકલ્પિક રસ્તાઓના સૂચના બોર્ડ પ્રસિધ્ધ કરવાનું તથા સ્પીડ બ્રેકર્સ રાખવાનું.

(૨) ગીર સોમનાથ જિલ્લાના ગડુ ગામ પાસેના પોરબંદર તરફના એન્ટ્રી પોઈન્ટ પર સાઈન બોર્ડ રાખવાનું તથાં પોરબંદર તરફથી જવાના એન્ટ્રી પોઈન્ટ ગામ ચીકાસા અને માધવપુર તરફથી આવવાના એન્ટ્રી પોઈન્ટ મોચા ગામે અન્ય સ્થાનિક વાહન વ્યવહારને અસર ન થાય તે રીતે જરૂરી બેરીકેડ તથા સાઈન બોર્ડ રાખવાનું.

ઉપરન મુજબની વિગતે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે. **આ જાહેરનામું તા. ૦૯-૦૪-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત)** અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૦૯-૦૪-૨૦૧૫ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૦૯ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૫૪/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારોની ઉજવણી થનાર હોય, હાલમાં પોરબંદર જિલ્લામાં ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ

પોલીસની કડક નીતિના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય જેથી લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજીક તત્વો દવારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૧૪-૦૪-૨૦૧૫ના રોજ કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૧૯-૦૪-૨૦૧૫ થી તા. ૧૮-૦૫-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૮-૦૪-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૧૫૪/૨૦૧૫/૨.-પોરબંદર જિલ્લામાં પોરબંદર નગરપાલિકાને કોર્પોરેશન બનાવવાના વિરોધમાં વેપારી આગેવાનો દ્વારા કાર્યક્રમો કરવાની શક્યતા છે, તેમજ વિજ પુરવઠો પુરતા પ્રમાણમાં મળવાની માંગણી સબબ ખેડુતો દ્વારા કાર્યક્રમો થનાર હોય તેમજ પાણીના પ્રશ્ને પોરબંદર જિલ્લામાં રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનો દ્વારા સભા-સરઘસ, ધરણા, દેખાવો, ઉપવાસ વિગેરે જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થવા, સભા, સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૪-૦૪-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે, તે જોતાં પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ, સરઘસ કાઢવું નહિ, તેવો મનાઈ હુકમ તા. ૧૯-૦૪-૨૦૧૪થી તા. ૧૮-૦૫-૨૦૧૫ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી

મળેલ અધિકારની રૂઈએ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૯-૦૪-૨૦૧૫ થી તા. ૧૮-૦૫-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.
૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.
૩. કોઈ વરઘોડો.
૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.
૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૮-૦૪-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૨૮૭૨ થી ૨૯૨૦/૨૦૧૫.- (૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ આગામી દિવસો દરમ્યાન બાબ સાહેબ આંબેડકર જયંતી તેમજ પરશુરા જયંતીના તહેવાર આવતા હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૮-૦૪-૧૫ થી તા. ૨૨-૦૪-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.
- (અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,
- (બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૮-૦૪-૨૦૧૫ થી તા. ૨૨-૦૪-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડસ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૦૭ માહે એપ્રિલ–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૭ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૨૮૦૧ થી ૨૮૭૧/૨૦૧૫.- અધિક્ષક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, અમરેલીના પત્ર નં. એમકો/ટેક-૨/ટીવી કેબલ/૨૩૭૬, તા. ૨૩-૦૩-૧૫ના પત્રથી અગાઉ અત્રેથી તા. ૦૧-૧૧-૧૪ થી તા. ૩૧-૧૨-૧૪ સુધી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ હતું પરંતુ આ ટુંકા સમય ગાળામાં ટીવી કેબલ દુર થઈ સકેલ નથી. જેથી ફરી એકવાર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. આથી અમરેલી શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર કેબલ પ્રસ્થાપિત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે વીજ અકસ્માતના બનાવો બનવા પામતા હોય છે.

સબબ, અમરેલી શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટીવી કેબલ ટી.વી. કેબલ ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતા કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે. અધિક્ષક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, અમરેલી તરફથી રજુ થયેલ ઉકત દરખાસ્તમાં જણાવેલ કારણો વ્યાજબી જણાતા હોય.

આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો, અમરેલી** હુકમ કરૂં છું કે, અમરેલી શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં.

આ જાહેરનામું તા. ૧૦-૦૪-૨૦૧૫ થી તા. ૦૯-૦૬-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

“જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે પી.જી.વી.સી.એલ.નાં સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા મામલતદારશ્રી-વ-નિયતને અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.”

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૭ એપ્રિલ-૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

અમરેલી, ૭ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૩૮૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.નામુ./સ.સ.બંધી/૯૪૩/૧૫, તા. ૦૯-૦૪-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) તા. ૨૦-૦૪-૨૦૧૫ ના રોજ પરશુરામ જયંતિ, તા. ૨૧-૦૪-૨૦૧૫ના રોજ અખાત્રીજ, તા. ૦૪-૦૫-૨૦૧૫ ના રોજ બુધ્ધપુર્ણીમા અને તા. ૦૧-૦૫-૨૦૧૫ ના રોજ ગુજરાત સ્થાપના દિનના તહેવારો આવનાર છે. તેમજ પિતૃમાસ ચાલુ હોય, તહેવારો સબબ ધાર્મીક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ ગ્રીષ્મ ઋતુ ચાલુ હોય, જેના કારણે વિજળી આવક જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૦-૦૪-૨૦૧૫ થી તા. ૧૯-૦૫-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષણ મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૬ મી માહે એપ્રિલ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૧૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૧૩૮૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલ.આઈ.બી./જાહેરનામું/હથિ.બંધી/જા.નાં./૯૪૪/૨૦૧૫, તા. ૦૯-૦૪-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) તા. ૨૦-૦૪-૨૦૧૫ ના રોજ પરશુરામ જયંતિ, તા. ૨૧-૦૪-૨૦૧૫ના રોજ અખાત્રીજ, તા. ૦૪-૦૫-૨૦૧૫ ના રોજ બુધ્ધપુર્ણીમા અને તા. ૦૧-૦૫-૨૦૧૫ ના રોજ ગુજરાત સ્થાપના દિનના તહેવારો આવનાર છે. તેમજ પિતૃમાસ ચાલુ હોય, તહેવારો સબબ ધાર્મીક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ ગ્રીષ્મ ઋતુ ચાલુ હોય, જેના કારણે વિજળી આવક જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૦-૦૪-૨૦૧૫ થી તા. ૧૮-૦૫-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ

સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તેવા વ્યક્તિ-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૧૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/પીટીસી/જા.ના./ઈ.નં.૧૫૯૪૧/૨૦૧૪.- ભાવનગર શહેરમાં આગામી તા. ૨૧-૦૪-૨૦૧૫ થી તા. ૦૧-૦૫-૨૦૧૫ દરમ્યાન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પી.ટી.સી. પ્રથમ વર્ષ પી.ટી.સી. બીજુ વર્ષ તથા પ્રી. પી.ટી.સી. પરીક્ષા એપ્રિલ-૨૦૧૫ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, **એમ. એ. ચૌહાણ (જે.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, પી.ટી.સી. પ્રથમ વર્ષ, પી.ટી.સી. બીજુ વર્ષ તથા પ્રી. પી.ટી.સી. પરીક્ષા એપ્રિલ-૨૦૧૫ની પરીક્ષાને અનુલક્ષીને આગામી તા. ૨૧-૦૪-૨૦૧૫ થી તા. ૦૧-૦૫-૨૦૧૫ના સુધી રોજ સવારના ૧૦-૩૦ કલાકથી બપોરના ૧૪-૩૦ કલાક સુધી સરકારી માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર ખાતેના પરીક્ષા કેન્દ્ર ઉપર નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ, તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૧૭-૦૪-૨૦૧૫ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

(૧) બેન્ક તથા એ.ટી.એમ. માં સીસી ટીવી કેમેરા લગાવવા બાબતઃ

નં. ડી.એમ./વશી/૫૯૨-૫૯૩/૨૦૧૫.-બોટાદ શહેર તથા જિલ્લામાં જુદી જુદી બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનો આવેલા છે. આ બેન્કોમાં રોજની મોટા પ્રમાણમાં નાણાકિય લેવડ-દેવડ થાય છે અને મોટી સંખ્યામાં માણસોની અવર-જવર થાય છે. જેના કારણે છેતરપીંડી, પૈસાની ઉઠાંતરી વગેરે ગુન્હાઓ બનવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ ઘણા કિસ્સાઓમાં બનાવટી નોટો બેન્કના ભરણામાં આવે છે. આવા તથા છેતરપીંડી અને પૈસાની ઉઠાંતરી જેવા ગુન્હાઓ પર વોચ રાખવા અને તેને બનતાં અટકાવવા ખૂબજ જરૂરી છે. જો આવા બનાવ બને તો આવા બનાવને અંજામ આપનાર ઈસમો સુધી પહોંચવા માટે અને તેની ઓળખ માટે બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં સી.સી.ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે.

(૨) પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા બાબતઃ

બોટાદ જિલ્લા તથા શહેરમાં આવેલ જુદાં-જુદાં પેટ્રોલપંપ પર રોજના મોટા પ્રમાણમાં માણસોની અવર-જવર રહેતી હોય છે. કેટલીક વાર લુંટ જેવા ગુનાઓ બનતાં હોય છે. તેમજ અમુક અસામાજિક તત્વો ગુનો કરતાં પહેલાં વાહનોમાં ફયુઆલ પુરાવવા આવતાં હોય છે. તેથી આવા તમામ પ્રકારના માણસો ઉપર વોચ રાખવા અને તેને તથા તેની સાથે લઈ આવેલ વાહનો ઓળખવા

ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વિઝન સાથેના સીસી ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે અને બોટાદ જિલ્લામાં લુંટ, ધાડ તેમજ પેટ્રોલપંપ ઉપર ફાયરીંગના બનાવો બનેલ છે. જેથી શહેર તથા જિલ્લામાં કાયદો અને વયવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા આંતરીક સુરક્ષાને ધ્યાને લઈને પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા જરૂરી જણાય છે.

આથી હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં આવેલ તમામ બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં તેમજ તમામ પેટ્રોલપંપો ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વીઝન સાથેના સી.સી. ટીવી કેમેરા લગાવવાના રહેશે.

આ હુકમ તા. ૦૮-૦૪-૨૦૧૫ થી ૦૬-૦૬-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૦૮-૦૪-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૬૬૦/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં આગામી અપ્રિલ-મે-૨૦૧૫ના માસ દરમ્યાન તા. ૧૪-૦૪-૨૦૧૫ આંબેડકર જયંતીનો તહેવાર તથા હાલની પરિસ્થિતિ અનુસાર કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં જાહેરમાં તીક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૦-૦૪-૨૦૧૫ થી તા. ૦૯-૦૫-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૦-૦૪-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

INDEX

જાહેરનામું

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

નં. ડી.એમ./વશી/૫૮૯ થી ૫૯૧/૨૦૧૫.- ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખપત્ર અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

અ.નં.	મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/ વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત.
૧	૨	૩	૪	૫	૬

(3) મકાન તથા ઔધોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન

INDEX

આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશનને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યક્તિનું નામ.	મકાન/એકમ ક્યારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે?	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ તથા સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/ સરનામું.
૧	૨	૩	૪	૫	૬

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

નં.	ગેસ્ટનું નામ, સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું, આર. એચ. ગઢવી (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો.....

(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈપણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ/ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૦૮-૦૪-૧૫ થી ૦૬-૦૬-૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૦૮-૦૪-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો, બોટાદ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : જે/એમએજી/ટયુશન કલાલીસ/પ્રતિબંધ/જા.નામું/ફા.નં.૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં સ્થળોએ વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતિ તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેરમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮-૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

સમયમર્યાદા :

આ હુકમ તા. ૦૯-૦૪-૨૦૧૫ થી તા. ૦૮-૦૬-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૦૮, માહે એપ્રિલ-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

હર્ષદ વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું : (૧) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૫, સુરતના જા. ૨૭૬૧, તા. ૧૦-૦૩-૨૦૧૫
(૨) મે. રાજશકિત વેલ્ડ પ્રોડકટસ પ્રા. લી. નો. નંબર ૨૪૨૨૨૪૦૦૦૬૯ ની અરજી.

આદેશ

ક્રમાંક : સં.વા.વે.કમિ./વિ.-૭ સુરત/સી ફોર્મ રદ આદેશ/૨૦૧૪-૧૫/જા. ૧૦૭/૧૨૬.-ઉપરોક્ત વંચાણમાં લીધેલ વેપારીશ્રી મે. રાજશકિત વેલ્ડ પ્રોડકટસ પ્રા. લી., નો. નંબર ૨૪૨૨૨૪૦૦૦૬૯ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૭૨૨૪૦૦૦૬૯ ધરાવે છે. તેઓને મેન્યુઅલ ઈશ્યુ કરવામાં આવેલ ''સી'' ફોર્મ નંબર નીચે જણાવ્યા મુજબ કુલ-૧ મેળવેલ હતા, જે ''સી'' ફોર્મ વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) તથા (૨)ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના ''સી'' ફોર્મ રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. રાજશકિત વેલ્ડ પ્રોડકટસ પ્રા. લી., નોં. નંબર ૨૪૨૨૨૪૦૦૦૬૯	૩૨૫૧૨૩૦	નંગ-૧	ખોવાઈ જવાથી

આથી હું, કે. ડી. દેસાઈ, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર, વિભાગ-૭, સુરત, કેન્દ્રિય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવેલ ''સી'' ફોર્મ પાના નંગ-૧ રદ કરવા ઠરાવું છું.

સુરત, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

કે. ડી. દેસાઈ,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૭, સુરત.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ-૧૦/વડોદરા/પત્રક/૨૦૧૪-૧૫/ જા. નં. ૨૪૨૭, તા. ૩૧-૦૩-૨૦૧૫.

(૨) વાણિજ્યિકવેરા અધિકારી-૧, ઘટક-૧, વડોદરના પત્ર ક્રમાંક : વા.વે.અધિ.(૧)/ઘટક-૧/વડદ/'સી' ફોર્મ/૨૦૧૪-૧૫/ જા. નં. ૧૩૨૬૯/૭૦, તા. ૨૬-૦૩-૨૦૧૫.

(૩) મે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા ટીન નો. નં.-૨૪૧૯૦૧૦૨૫૦૩, કેન્દ્રીય નો. નં.-૨૪૬૯૦૧૦૨૫૦૩ ની તા. ૨૫-૦૩-૨૦૧૫ ની અરજી.

જાહેરનામુ

ક્રમાંક : સં.વા.વે.ક./વવટ-૧/વિ-૫/વડદ/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૧૬૦/૧૮૫.-વાણિજ્યિકવેરા અધિકારી-૧, ઘટક-૧, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા ટીન નો. નં. ૨૪૧૯૦૧૦૨૫૦૩, કેન્દ્રીય નો. નં. ૨૪૬૯૦૧૦૨૫૦૩ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ પૈકી, ફોર્મ નંબર-૪૪૬૪૨૫૭, ૪૪૬૪૨૫૮ કુલ પાન-૦૨ અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા ક્રમાંક-(૩) અન્વયે સી ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાએ વંચાણે લીધા ક્રમાંક-(૧) દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તળ-૧૦, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વાણિજ્યિકવેરા અધિકારી-૧, ઘટક-૧, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૨) સંદર્ભે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના સી ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીશ્રીનું નામ	નો. નં.	રદ કરવના સી ફોર્મ નંબર	રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાંના
૧	મે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા.	ટીન નો. નં. ૨૪૧૯૦૧૦૨૫૦૩ કેન્દ્રીય નો. નં. ૨૪૬૯૦૧૦૨૫૦૩	૪૪૬૪૨૫૭ ૪૪૬૪૨૫૮	ખોવાઈ જવાથી	કુલ પાન-૦૨ (બે)

આથી હું, કે. એમ. પટેલ, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રિય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોક્ત ખોવાયેલ સી ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરું છું.

વડોદરા, ૦૬/૦૭ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

કે. એમ. પટેલ,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૫, વડોદરા.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૨૦૩/૧૪૬૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી હરીકૃષ્ણ કો.ઓપરેટીવ એગ્રીકલ્ચર માર્કેટીંગ એન્ડ સપ્લાય સોસાયટી લી., મુ. સા.કુંડલા સ્થળ : સા.કુંડલા, મુ. સા.કુંડલા, તાલુકો : સા.કુંડલા, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/એ.એમ.આર/"સા" ૨૩૭૦/૨૦૧૫, તા. ૦૮-૦૪-૨૦૧૫ થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૨૩૦/૧૪૭૭/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી બંસીધર કોટન જીનીંગ પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ કો.ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : ગમાપીપળીયા, મુ. ગમાપીપળીયા, તાલુકો : બાબરા, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/એ.એમ.આર/"ઉ"(પ્રો) ૧૨૮૯૬/૨૦૧૫, તા. ૦૮-૦૪-૨૦૧૫ થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૨૧૭/૧૪૭૬/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી સીતારામ કોટન જીનીંગ પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ કો.ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : ઈસાપર, મુ. ઈસાપર, તાલુકો : બાબરા, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/એ.એમ.આર/ "ઉ"(પ્રો) ૧૨૮૯૫/૨૦૧૫, તા. ૦૮-૦૪-૨૦૧૫ થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી-૪૪૦૭૩/૩૬૭/૧૫૯૩/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે શ્રી જય ગાત્રાળ મહિલા દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : લાઠોદ્રા, તાલુકો : માળીયા (હાટીના), જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/ઉ-૧૫૬૦૦/૭૧/૯૭૦/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી કાંધલી કૃપા ફળ/શાકભાજી ઉત્પાદક લી., મર્યાદિત સ્થળ : કડછ, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૨ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

એસ. બી. તન્ના,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૨૩૯/નં. આરજેટી : સે.દુ.-૪૨૭૬૬/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ગોમટા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ગોમટા, તાલુકો : ગોંડલ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૩ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૨૩૮/નં. આરજેટી : સે.દુ.-૪૨૭૬૫/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી કનેસરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કનેસરા, તાલુકો : જસદણ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૩ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૨૪૦/નં. આરજેટી : સે.દુ..-૪૨૭૬૭/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી પાટણવાવ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પાટણવાવ, તાલુકો : ધોરાજી, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૩ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

પ્રતિક ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા (હાઉસીંગ)

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૫૪/૧૮૮૮/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી રૈવતગીરી કો-ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., સ્થળ : પાલીતાણા, તાલુકો : પાલીતાણા, જિ. ભાવનગર, સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સા-૯૧૧૩/૨૦૧૫, તા. ૨૩-૦૩-૨૦૧૫.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૬૪/૨૨૯૨/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી રામદેવનગર કો-ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., સ્થળ : નારી, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સા-૯૧૧૪/૨૦૧૫, તા. ૨૬-૦૩-૨૦૧૫.

ભાવનગર, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૭૩/૨૬૦૬/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી વાઈબ્રન્ટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક મેમ્બર્સ સર્વીસ સોસાયટી લી., સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સા-૯૧૧૫/૨૦૧૫, તા. ૦૪-૦૪-૨૦૧૫.

ભાવનગર, ૦૪ માહે માર્ચ, સને ૨૦૧૫.

પી. બી. ખસીયા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
ભાવનગર.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૪૯૯ થી ૫૦૩/૨૦૧૫ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી શિવકૃપા જુથ પિયત સહકારી મંડળી લી., સ્થળ : બોડીયા, તાલુકો : લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/ખે/૧૦૨૫૩/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૫૧૪ થી ૫૧૮/૨૦૧૫ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી વણા બ્રાંચ માઈનોર-૧ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., સ્થળ : વણા, તાલુકો : લખતર, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/ખે/૧૦૨૫૪/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૫૧૯ થી ૫૨૩/૨૦૧૫ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી વણા માઈનોર-૧ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., સ્થળ : વણા, તાલુકો : લખતર, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/ખે/૧૦૨૫૫/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૫૦૯ થી ૫૧૩/૨૦૧૫ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી વણા માઈનોર-૨ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., સ્થળ : વણા, તાલુકો : લખતર, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/ખે/૧૦૨૫૬/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૫૦૪ થી ૫૦૮/૨૦૧૫ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી વણા માઈનોર-૩ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., સ્થળ : વણા, તાલુકો : લખતર, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/ખે/૧૦૨૫૭/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૪૯૪ થી ૪૯૮/૨૦૧૫ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી ચામુંડા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., સ્થળ : નગરા, તાલુકો : વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/સે/૪૧૭૭૭/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૫.

બી. એન. દવે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN
A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 07th MAY, 2015/VAISHAKHA 17, 1937 No. 19

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	493-508	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	737-776
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જાહેરનામું

નં. ડીએમ-૧/અખાત્રીજ/ઈ.નં. ૧૬૩૦૪/૨૦૧૫.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૨૦-૦૪-૨૦૧૫ તથા તા. ૨૧-૦૪-૨૦૧૫ ના રોજ અખાત્રીજનો જૈન સમાજનો મેળો યોજાનાર છે. જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહનવ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, એમ. એ. ચૌહાણ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી પાલીતાણા શહેરમાં **ફુવાર પાસેથી તળેટી સુધીનાં** જાહેર માર્ગ ઉપરની બન્ને બાજુએ વાહનો પાર્કીંગ ન કરવા તા. ૨૦-૦૪-૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ ક. થી તા. ૨૧-૦૪-૨૦૧૫ ના રોજ ૨૪-૦૦ ક. સુધી ''નો પાર્કીંગ ઝોન'' જાહેર કરૂં છું.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા ફરજ ઉપરના કોઈપણ અધિકારીશ્રી અધિકૃત રહેશે.''

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજરોજ તા. ૧૮-૦૪-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડીએમ-૧/અખાત્રીજ/ઈ.નં. ૧૬૩૦૮/૨૦૧૫.- પાલીતાણા શહેરમાં આગામી તા. ૨૦-૦૪-૨૦૧૫ તથા તા. ૨૧-૦૪-૨૦૧૫ ના રોજ અખાત્રીજનો જૈન સમાજનો મેળો યોજાનાર હોય જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહનવ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું એમ. એ. ચૌહાણ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી પાલીતાણા શહેરમાં નીચેના રસ્તાઓને તા : ૨૦-૦૪-૨૦૧૫ ના ૮-૦૦ ક. થી તા. ૨૧-૦૪-૨૦૧૫ના ૨૪-૦૦ ક. સુધી **''એકમાર્ગીય''** રસ્તો જાહેર કરૂં છું.

રસ્તાનું નામ :

(૧) ભાવનગરથી પાલિતાણા, ગારીયાધાર, ઘેટી, આદિપુર તરફ જતા વાહનોને ભાવનગર રોડ રેલ્વે ક્રોસીંગથી જમણી બાજુ જતા બાયપાસ રોડ થઈ, સરદારનગર ચોકડી થઈ, ગારીયાધાર રોડ, ત્રણ રસ્તા થઈ સિંધી કેમ્પ, મહાવીર પેટ્રોલ પંપ થઈને છેલ્લા ચકલા, પાલીતાણા હાઈસ્કુલ પાર્કીંગ મેદાન સુધી.

(૨) પાલીતાણા શહેરમાં પ્રવેશતા વાહનો માટે પાલીતાણા ભૈરવનાથ ચોકથી મહાવીર પેટ્રોલ પંપ, માનસિંહજી હોસ્પીટલ, છેલ્લા ચકલાથી પાલીતાણા હાઈસ્કુલ પાર્કીંગ મેદાન સુધી.

(૩) પાલીતાણા હાઈસ્કુલથી આરીસા ભવન સામે થઈ સાદડી ભવન ધર્મશાળા સામે થઈ ભીલવાડા વણકરવાસ, લાવારીશ બસસ્ટેન્ડ, ઓવર બ્રીજ ઉપરથી થઈ સીધા જ બજરંગદાસબાપા પોલીસ ચોકી થઈને બહાર જવાનું રહેશે.

(૪) પાલીતાણા હાઈસ્કુલથી છેલ્લા ચકલા સુધી કોઈ વાહન પાછું આવી શકશે નહીં કે પાર્ક કરશે નહિ.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા ફરજ ઉપરના કોઈપણ અધિકારીશ્રી અધિકૃત રહેશે.''

આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃધ્ધ, અશક્ત, યાત્રીકોને લાવવા/લઈ જવા માટે વાહનોના ઉપયોગની પરવાનગી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા આપી શકશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડકોન્સ્ટેબલ તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવાનું હું ફરમાવું છું.

INDEX

આજ તા. ૧૮-૦૪-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

ડી.એમ./વશી/૬૮૭/૨૦૧૫.-બોટાદ શહેરમાં સાળંગપુરથી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર અગાઉ ફકત પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. તેને ઘણો લાંબો સમય થયેલ હોઈ, અને અમલવારી પણ થયેલ ન હોઈ, આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ થી પ્રવેશ માટે જાહેર કરવા તથા તેવીજ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો હવેલી ચોકથી મોબાઈલ બજાર, મહિલા મંડળ રોડથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર ફકત પ્રવેશ જાહેર કરવો ખૂબજ જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ ઈન્સ્પેકટરશ્રી, બોટાદના તા. ૧૩-૦૪-૨૦૧૫ના પત્ર નં. જાવન નં. ૧૨૦૬/૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, આર. એચ. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) સાળંગપુર રોડથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) પાળીયાદ તરફથી સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, મહિલા મંડળ રોડ-કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) તેમજ હવેલી ચોકથી દિન-દયાળચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વહનો પાર્ક કરવાના રહેશે.

આ જાહેરનામું તા. ૧૮-૦૪-૨૦૧૫ થી તા. ૧૬-૦૬-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૮-૦૪-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૧૧૦૮/૨૦૧૫.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઇપ લાઇન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઈપલાઈન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો ધ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય.

(૨) તેમજ કેટલાક પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે. તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઈ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુર ઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનુ મારૂ માનવું છે.

પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓની ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર,** રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૫-૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) (ક) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપ લાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડ-ફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી પાણી ખેંચી શકશે નહીં.

(૨) કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

: વિસ્તાર :

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

: અપવાદ :

(૧) નર્મદા પાણીની પાઈપલાઈનના જાહેરનામામાંથી ઉપરોકત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૫ માહે એપ્રિલ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૧૦૬/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા સભાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય અને હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તેમજ પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા માટે તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના

INDEX

માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા તથા જમીનના વિવાદોમાં જઈ પોતાની પાસેના લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. અને આવા ઘણા ખરા હથિયારધારકો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેર વિસ્તારમાં આવી હથીયારોનો મુખ્યત્વે ઉપયોગ કરે છે. આવા લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુન્હાઓની કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તેવી પ્રવૃત્તિને અંકુશમાં લેવા માટે અમુક પ્રતિબંધ મુકવા ઉચીત અને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર,** રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજના સમય સિવાયના કોઈપણ સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારીના સમય

આ હુકમનો અમલ ૦૧-૦૫-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૦-૦૬-૨૦૧૫ના કલાક ૨૪/૦૦ સુધી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૫ માહે એપ્રિલ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૧૦૭/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં શહેર વિસ્તારમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય હાલની આતંકવાદી ગતિવિધી તથા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિને લક્ષમાં લેતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા પર તથા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર,** રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીના પીરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ ૦૧-૦૫-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૦-૦૬-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ પર હોય અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ, હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન ધ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૨૫ માહે એપ્રિલ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/પરમીટ/એ. સેકશન/૧૧૦૫/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર**, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ	મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે?	કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા	મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. બોમ્બે પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૧૧૦૪/૨૦૧૫.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા આચરવાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેથી અનુલક્ષીને જાહેર જનતાની જાન-માલની (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર,** રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમોએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અથવા મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/ મુકાદમોએ તે અંગેની જાણ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મો. નં. નંબર સહિત.	:	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:	
૩	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે.	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું	:	

મજુરનો તાજેતરનો ફોટો	મજુરના અંગુઠાનું નિશાન ....
	મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ....
	નામ ....

INDEX

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૧ માહે એપ્રિલ-૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. મુકતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., નોં.નં. ૨૪૦૭૩૩૦૨૬૬૮ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૪૮૭૫, તારીખઃ ૨૫-૦૨-૨૦૧૫.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ના પત્રાંક : જા. ૪૯૨૦/૨૧, તા. ૦૩-૦૩-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૧૩૧૪૫/૬૪.-વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. મુકતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૨૬૬૮ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૨૬૬૮ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૮૮૯૮૨૬૮, ૯૦૬૮૫૫૮ તથા ૯૦૬૮૫૬૨ નંગ-૩ (ત્રણ) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૩ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. મુકતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. ૨૪૦૭૩૩૦૨૬૬૮ ૨૪૫૭૩૩૦૨૬૬૮	વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ.	"C" Form No. : ૮૮૯૮૨૬૮, ૯૦૬૮૫૫૮ તથા ૯૦૬૮૫૬૨	૦૩ (ત્રણ) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૯ માહે માર્ચ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. એસ. આઈ. ઈન્ટરપેક નોં.નં. ૨૪૦૭૪૬૦૧૫૪૯ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૫), ઘટક-૧૧, અમદાવાદના પત્રાંક જા. ૧૬૩૨૨/૨૩, તારીખઃ ૧૬-૦૨-૨૦૧૫.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૪૨૨૩, તા. ૨૪-૦૨-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૧૩૦૦૩/૨૨.-વાણિજ્યિકવેરા અધિકારી-(૫), ઘટક-૧૧, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એસ. આઈ. ઈન્ટરપેક કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૪૬૦૧૫૪૯ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૪૬૦૧૫૪૯ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ “C” Form No. : ૦૦૫૯૨૪૩ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર “સી” ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. એસ. આઈ. ઈન્ટરપેક ૨૪૦૭૪૬૦૧૫૪૯ ૨૪૫૭૪૬૦૧૫૪૯	વા. વે. અધિકારી (૫), ઘટક-૧૧, અમદાવાદ.	“C” Form No. : ૦૦૫૯૨૪૩	૦૧ (એક) “C” Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ “સી” ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૨ માહે માર્ચ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. કોકીલા કોટન એક્ષ્પોર્ટ લી., નોં.નં. ૨૪૦૭૩૫૦૧૩૪૯ ની ‘સી’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૧), ઘટક-૦૯, અમદાવાદના પત્રાંક જા. ૮૬૨૫, તારીખઃ ૧૦-૧૨-૨૦૧૪.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૩૭૭૦, તા. ૧૭-૦૧-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૧૫૦૦૬/૨૫.-વાણિજ્યિકવેરા અધિકારી-(૧), ઘટક-૯, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. કોકીલા કોટન એક્ષ્પોર્ટ લી. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૫૦૧૩૪૯ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૫૦૧૩૪૯ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ “C” Form No. : ૮૩૨૩૧૨૫ નંગ-૧ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ‘સી’ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. કોકીલા કોટન એક્ષ્પોર્ટ લી. ૨૪૦૭૩૫૦૧૩૪૯ ૨૪૫૭૩૫૦૧૩૪૯	વા. વે. અધિકારી (૧), ઘટક-૯, અમદાવાદ.	“C” Form No. : ૮૩૨૩૧૨૫	૦૧ (એક) “C” Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ “સી” ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૩ માહે માર્ચ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. વીઈ કોમર્શીયલ વ્હીકલ લી., નોં.નં. ૨૪૦૭૩૮૦૩૭૬૪ ની ‘સી’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૯, અમદાવાદના પત્રાંક જા. ૧૧૯૫૭, તારીખઃ ૨૩-૦૩-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૫૧૯૨, તા. ૨૪-૦૩-૨૦૧૫.

INDEX

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૫૦૮/૨૭.-વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૯, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. વીઈ કોમર્શીયલ વ્હીકલ લી. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૮૦૩૭૬૪ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૮૦૩૭૬૪ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૮૪૯૧૭૨૯, ૮૮૯૩૬૦૩, ૯૩૬૫૫૮૮ તથા ૯૮૬૭૪૫૧ નંગ-૪ (ચાર) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૪ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. વીઈ કોમર્શીયલ વ્હીકલ લી. ૨૪૦૭૩૮૦૩૭૬૪ ૨૪૫૭૩૮૦૩૭૬૪	વા. વે. અધિકારી (૪), ઘટક-૯, અમદાવાદ.	"C" Form No. : ૮૪૯૧૭૨૯, ૮૮૯૩૬૦૩, ૯૩૬૫૫૮૮ તથા ૯૮૬૭૪૫૧	૦૪ (ચાર) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. ગુજરાત પાવરફીલ્ડ પ્રા.લી., નોં.નં. ૨૪૦૭૩૩૦૧૩૯૫ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૪૬૭૪, તારીખઃ ૦૬-૦૨-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૪૬૨૬/૨૭, તા. ૨૩-૦૨-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૧૭૦૪૬/૬૫.-વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. ગુજરાત પાવરફીલ્ડ પ્રા.લી. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૧૩૯૫ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૧૩૯૫ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૯૩૭૩૮૨૯ નંગ-૧ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૪ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. ગુજરાત પાવરફીલ્ડ પ્રા.લી., ૨૪૦૭૩૩૦૧૩૯૫ ૨૪૫૭૩૩૦૧૩૯૫	વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ.	"C" Form No. : ૯૩૭૩૮૨૯	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૧ માહે માર્ચ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. નિરમા લિમીટેડ નોં.નં. ૨૪૦૭૩૩૦૧૪૯૭ ની ‘સી’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૬૦૯૩, તારીખઃ ૨૦-૦૩-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૫૭૪૩/૪૪, તા. ૨૩-૦૩-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૨૧૬૪/૮૩.-વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. નિરમા લિમીટેડ કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૧૪૯૭ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૧૪૯૭ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ ‘‘C’’ Form No. : ૪૬૦૪૩૪૫, ૪૯૫૭૫૧૧ તથા ૫૨૪૭૦૨૯ નંગ-૩ (ત્રણ) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૩ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ‘સી’ ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. નિરમા લિમીટેડ, ૨૪૦૭૩૩૦૧૪૯૭ ૨૪૫૭૩૩૦૧૪૯૭	વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ.	‘‘C’’ Form No. : ૪૬૦૪૩૪૫, ૪૯૫૭૫૧૧ તથા ૫૨૪૭૦૨૯	૦૩ (ત્રણ) ‘‘C’’ Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ‘‘સી’’ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૧ માહે માર્ચ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ્સ લી., નોં.નં. ૨૪૦૭૩૩૦૧૫૬૨ ની ‘સી’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૪૭૧૮, તારીખઃ ૧૨-૦૨-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૪૬૨૪/૨૫, તા. ૨૩-૦૨-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૧૭૦૧૮/૩૭.-વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ્સ લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૧૫૬૨ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૧૫૬૨ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ ‘‘C’’ Form No. : ૮૩૧૮૦૫૬ તથા ૭૫૮૯૨૭૩ નંગ-૨ (બે) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના ‘‘C’’-Form પાના નંગ-૦૨ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ્સ લી., ૨૪૦૭૩૩૦૧૫૬૨ ૨૪૫૭૩૩૦૧૫૬૨	વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ.	‘‘C’’ Form No. : ૮૩૧૮૦૫૬ તથા ૭૫૮૯૨૭૩	૦૨ (બે) ‘‘C’’ Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ‘‘સી’’ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૭ માહે માર્ચ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. રાલીસ ઈન્ડીયા લિમીટેડ નોં.નં. ૨૪૦૭૩૩૦૨૦૧૪ ની 'એફ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૨૭૫૭, તારીખઃ ૨૧-૦૮-૨૦૧૪.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૨૬૩૭/૩૮, તા. ૧૯-૦૯-૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૧૨૦૮૫/૧૨૧૦૫.-વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. રાલીસ ઈન્ડીયા લિમીટેડ કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૨૦૧૪ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૨૦૧૪ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "F" Form No. : ૦૩૭૧૯૬૫, ૦૩૭૧૯૬૬ તથા ૦૩૭૧૯૬૭ (૩) કુલ ત્રણ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના "F" Form પાના નંગ-૦૩ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એફ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. રાલીસ ઈન્ડીયા લિમીટેડ ૨૪૦૭૩૩૦૨૦૧૪ ૨૪૫૭૩૩૦૨૦૧૪	વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ.	"F" Form No. : ૦૩૭૧૯૬૫, ૦૩૭૧૯૬૬ તથા ૦૩૭૧૯૬૭	૦૩ (ત્રણ) "F" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "એફ" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. એરો કોટેડ પ્રોડકટસ લી. નોં.નં. ૨૪૦૭૨૯૦૧૧૮૭ ની 'એફ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૧), ઘટક-૫, અમદાવાદના પત્રાંક જા. ૧૨૦૮૭/૮૯, તારીખઃ ૧૩-૦૨-૨૦૧૫.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૪૬૨૮/૨૯, તા. ૨૩-૦૨-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૧૧૩/૧૩૨.-વાણિજિયકવેરા અધિકારી-(૧), ઘટક-૫, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એરો કોટેડ પ્રોડકટસ લી. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૨૯૦૧૧૮૭ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૨૯૦૧૧૮૭ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "F" Form No. : ૦૪૮૨૧૧૪, ૦૪૯૧૫૬૧, ૦૪૯૧૫૬૨, ૦૪૯૧૫૬૩, ૦૪૯૧૫૬૪, ૦૪૯૧૫૬૫, ૦૪૯૧૫૬૬, ૦૪૯૧૫૬૭ તથા ૦૪૯૧૫૬૮ (૯) કુલ નંગ-નવ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના "F" Form પાના નંગ-૦૯ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એફ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. એરો કોટેડ પ્રોડકટસ લી. ૨૪૦૭૨૯૦૧૧૮૭ ૨૪૫૭૨૯૦૧૧૮૭	વા. વે. અધિકારી (૧), ઘટક-૫, અમદાવાદ.	"F" Form No. : ૦૪૮૨૧૧૪, ૦૪૯૧૫૬૧, ૦૪૯૧૫૬૨, ૦૪૯૧૫૬૩, ૦૪૯૧૫૬૪, ૦૪૯૧૫૬૫, ૦૪૯૧૫૬૬, ૦૪૯૧૫૬૭ તથા ૦૪૯૧૫૬૮	૯ (નવ) "F" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ''એફ'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. કજરિયા સિરામિકસ લી. નોં.નં. ૨૪૦૭૩૪૦૪૮૫૭ ની 'એફ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૮, અમદાવાદના પત્રાંક જા. ૭૭૫૨, તારીખઃ ૨૭-૦૩-૨૦૧૪.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૬૨/૬૩, તા. ૦૬-૦૪-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૪૭૮/૯૭.-વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૮, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. કજરિયા સિરામિકસ લી. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૪૦૪૮૫૭ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૪૦૪૮૫૭ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ ''F'' Form No. : ૦૪૩૩૪૩૯ કુલ નંગ-(૧) એક ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના ''F'' Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એફ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. કજરિયા સિરામિકસ લી. ૨૪૦૭૩૪૦૪૮૫૭ ૨૪૫૭૩૪૦૪૮૫૭	વા. વે. અધિકારી (૨), ઘટક-૮, અમદાવાદ.	''F'' Form No. : ૦૪૩૩૪૩૯	૦૧ (એક) ''F'' Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ''એફ'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. સમ્રાટ પ્લાયવુડ લી. નોં.નં. ૨૪૦૭૪૫૦૦૬૨૦ ની 'એફ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૧), ઘટક-૧૧, અમદાવાદના પત્રાંક જા. ૧૯૭૦૫, તારીખઃ ૨૬-૦૩-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૫૨૪૪, તા. ૨૬-૦૩-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૨૧૧૩૫/૫૪.-વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. સમ્રાટ પ્લાયવુડ લી. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૪૫૦૦૬૨૦ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૪૫૦૦૬૨૦ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ ''F'' Form No. : ૦૭૧૯૮૩૭, ૦૭૦૫૦૫૬, ૦૭૦૫૦૪૯ તથા ૦૭૦૫૦૫૧ (૪) કુલ ચાર ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના ''F'' Form પાના નંગ-૦૪ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એફ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. સમ્રાટ પ્લાયવુડ લી. ૨૪૦૭૪૫૦૦૬૨૦ ૨૪૫૭૪૫૦૦૬૨૦	વા. વે. અધિકારી (૧), ઘટક-૧૧, અમદાવાદ.	''F'' Form No. : ૦૭૧૯૮૩૭, ૦૭૦૫૦૫૬, ૦૭૦૫૦૪૯ તથા ૦૭૦૫૦૫૧	૦૪ (ચાર) ''F'' Form	ખોવાયેલ હોવાથી

INDEX

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ''એફ'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૨૬ માહે માર્ચ, સને ૨૦૧૫.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

વંચાણમાં લીધું :

(૧) મે. સિમેન્સ લિમીટેડ નોં.નં. ૨૪૦૭૩૪૦૩૨૨૩ સી.એસ.ટી.નં. ૨૪૫૭૩૪૦૩૨૨૩ ના કેસમાં 'સી' ફોર્મ રદ કરતું જાહેરનામું ક્રમાંકઃ સંવાવેકમિ/વિ-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા ૬૧૭૨/૯૧, તારીખઃ ૦૧-૦૧-૨૦૧૫.

સુધારા આદેશ

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૧૨૦૦૦/૧૨૦૨૦.-આથી વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાથી ''C'' Form No. : ૯૪૯૮૪૫૭ પાનું-૧ (એક) રદ કરતો આદેશ કરવામાં આવેલ છે. જે ''C'' Form No. : ૯૪૯૮૪૫૭ ને બદલે ''C'' Form No. : ૭૧૧૨૧૯૪ વંચાણે લેવો. આ સિવાય મૂળ આદેશમાં કોઈ ફેરફાર નથી.

અમદાવાદ, ૧૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૨૪૫/નં. આરજેટીઃસે.-૪૨૭૭૦/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી હરિકૃષ્ણ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૨૪૪/નં. આરજેટીઃસે.-૪૨૭૬૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી યંગસ્ટાર ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૨૪૩/નં. આરજેટીઃસે.-૪૨૭૬૮/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી મહર્ષિ વાલ્મિકી શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

પ્રતિક ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ક-૨/૦૩૨/૩૬૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ આથી જાહેર કરે છે કે, શ્રી આનંદમયી મહિલા ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લીમીટેડ, બોટાદ, સ્થળ : બોટાદ, તાલુકો : બોટાદ, જિલ્લો : બોટાદ, સને-૧૯૬૧નાં

INDEX

ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : સે.(શ).-૪૨૧૦૧/૨૦૧૫, તા. ૧૬-૦૪-૨૦૧૫.

બોટાદ, ૧૬ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

પી. બી. ખસિયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ઘખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૭-૧૧-૨૦૧૪ નો ફડચાનો અંતિમ આદેશ નં. : ફડચ/૧૮૫૯૫/ખ-૪/૫૫૫/૨૦૧૪.

(૪) ફડચા અધિકારી શ્રી ગુજરાત વિદ્યુત કર્મચારીઓની કો. ઓપ. હાઉ. સોસા. લી., મુ. કેશોદ, તા. કેશોદ, જિ. જુનાગઢની નોંધણી રદની તા. ૧૩-૦૪-૧૫ના રોજની દરખાસ્ત.

આદેશ

જા.નં.:ફડચ/ખ-૪/૧૩૩/૨૦૧૫.-આથી હું, ડી. કે. બજાણીયા, મદદ. જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી ગુજરાત વિદ્યુત કર્મચારીઓની કો. ઓપ. હાઉ. સોસા. લી., મુ. કેશોદ, તા. કેશોદ, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૪૪૦૯, તા. ૦૯-૦૬-૧૯૭૨ ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂં છું.

જુનાગઢ, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ડી. કે. બજાણીયા,
મદદ. જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/સીએચ., તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૭૪-૮૩/૧૫, તા. ૨૮-૦૧-૨૦૧૫.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/ખ-૪/૧૦૦૫/૨૧૧ થી ૨૨૨/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને મળેલ અધિકાર અને સતાની રૂએ, શ્રી મોતીનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. મોટી ખાવડી, તા. જામનગર, જિ. જામનગર જે નોંધણી નં. : ઘ-૭૪૪૦, તા. ૫-૫-૧૯૮૮ થી નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ઉકત વંચાણે લીધા ક્રમાંક-૩ થી કરવામાં આવેલ ફડચાના વચગાળાના આદેશને કાયમી કરતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ સંસ્થાના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો-૨)ની નિમણુંક કરૂ છું જેઓએ સંસ્થાના તમામ દફતર, માલ-મિલ્કતનો ચાર્જ સંભાળી ફડચાની તમામ કાર્યવાહી નિયત સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ., થી થયેલ સતા સોંપણી

(૨) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૫/૦૭, તા. ૧૨-૦૧-૨૦૦૭

(૩) ફડચા અધિકારીશ્રીની તા. ૦૬-૦૪-૧૫ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૪૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ

INDEX

હુકમ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૫૮ થી ૩૬૫/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, રાજકોટ, વંચાણે-(૧) વાળા જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી આર. કે. નગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. રાજકોટ (નોંધણી નંબર : ઘ-૬૫૨૦ તા. ૨૪-૦૮-૧૯૮૨)ની ફડચાની કાર્યવાહી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરું છું. તેમજ તે જ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરુ છું.

રાજકોટ, ૨૩ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 14th MAY, 2015/VAISHAKHA 24, 1937 No. 20

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	509-524	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	777-824
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૧૨૨૧-૩૭(૩)/૧૫.-ગુજકેટની પરીક્ષા તા. ૭-૫-૨૦૧૫ ના રોજ યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિથી લેવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરિક્ષાના તમામ કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યક્તિને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવા અંગે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગર તરફથી દરખાસ્ત મળેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે. તેથી હું, ડો. સી. એસ. ચૌધરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ ની પેટા કલમ–(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા. ૭-૫-૨૦૧૫ ના સવારના ૧૦:૦૦ કલાકથી બપોરના ૨:૦૦ કલાક સુધી પરિશષ્ટિમાં દર્શાવેલ પરિક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

પરિશિષ્ટ

૧	ભવન્સ એ.કે. દોશી વિદ્યાલય, જામનગર
૨	સજુબા ગર્લ્સ હાઈસ્કુલ, જામનગર
૩	ડી.એસ.ગોજીયા હાઈસ્કુલ, જામનગર
૪	નવાનગર હાઈસ્કુલ, જામનગર

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

૨. ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષકદળની વ્યક્તિને.

૩. લગ્નના વરઘોડાને.

૪. સ્મશાનયાત્રાને.

૫. પ્રમાણીત પરિક્ષાર્થીને.

૬. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૦૨ માહે મે–૨૦૧૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યું.

જામનગર, ૦૨ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૧૨૨૧-૧૪૪/૧૫.-ગુજકેટની પરીક્ષા તા. ૭-૫-૨૦૧૫ ના રોજ યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરિક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરિક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, ડો. સી. એસ. ચૌધરી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગુજકેટની પરીક્ષા માટે નક્કી કરાયેલા **પરિશિષ્ટ** મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૭-૫-૨૦૧૫ના સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૦૨-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા શિક્ષણ વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી.

INDEX

પરિશિષ્ટ

૧	ભવન્સ એ.કે. દોશી વિદ્યાલય, જામનગર
૨	સજુબા ગર્લ્સ હાઈસ્કુલ, જામનગર
૩	ડી.એસ.ગોજીયા હાઈસ્કુલ, જામનગર
૪	નવાનગર હાઈસ્કુલ, જામનગર

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૨ માહે મે–૨૦૧૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૦૨ માહે મે, સને ૨૦૧૫.

ડો. સી. એસ. ચૌધરી,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૪૬૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૨૭૦/૧૫, તા. ૧૨-૦૪-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત અને પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૨-૦૪-૨૦૧૫ના રોજથી તા. ૦૫-૦૫-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૮, માહે એપ્રિલ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૧૪૮૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૧૨૬૯/૨૦૧૫, તા. ૧૨-૦૪-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા

પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. જેથી સવિશેષ તકેદારી રાખવી આશ્યકતા હોય, જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૦૪-૨૦૧૫ થી તા. ૧૯-૦૫-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(3) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

12	સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ.	**15.35**	**15.45**	**15.60**	**15.80**

દેવભૂમિ દ્વારકા, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

આર. જે. માકડીયા,
કલેકટર, દેવભૂમિ દ્વારકા.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો સુધારા હુકમ

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તા. ૨-૫-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ ડીએમ/ડીસીએચ/૧૨૨૧-૧૪૪/૧૫.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરના તા. ૫-૫-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ ગુજકેટ-પરીક્ષા/૨૦૧૫-૧૬/૧૨૦૯૨.

સુધારા હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૫૦૫-૧૪૪/૧૫.-ગુજકેટની પરીક્ષા તા. ૭-૫-૨૦૧૫ના રોજ યોજાનાર છે. જે પરીક્ષા અન્વયે પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીનધારકોને તા. ૭-૫-૨૦૧૫ના સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૨-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા શિક્ષણ વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો ન કાઢવા માટે વંચાણ-૧ ના જાહેરનામાથી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. વંચાણ-૨ ના પત્રથી આ જાહેરનામામાં સ્ટ્રોંગ રૂમ તથા ઝોન કચેરી નવાનગર સરકારી હાઈસ્કુલ, સુપર માર્કેટ પાસે, જામનગરનો સમાવેશ કરવા દરખાસ્ત કરેલ છે. આથી વંચાણ-૧ના જાહેરનામા પરિશિષ્ટમાં નવાનગર સરકારી હાઈસ્કુલ, સુપર માર્કેટ પાસે, જામનગરનો સમાવેશ કરવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

મુળ જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશે.

આ સુધારા હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૫ માહે મે-૨૦૧૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

જામનગર, ૫ માહે મે, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું સુધારા જાહેરનામું

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તા. ૨-૫-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ ડીએમ/ડીસીએચ/૧૨૨૧-૩૭(૩)/૧૫.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરના તા. ૫-૫-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ ગુજકેટ-પરીક્ષા/૨૦૧૫-૧૬/૧૨૦૯૨.

સુધારા જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૫૦૫-૩૭(૩)/૧૫.-ગુજકેટની પરીક્ષા તા. ૭-૫-૨૦૧૫ના રોજ યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિથી લેવાય તે માટે તા. ૭-૫-૨૦૧૫ ના સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૨-૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી બોલાવવા, સરઘસ કાઢવા તથા એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. વંચાણ-૨ ના પત્રથી જાહેરનામામાં સ્ટ્રોંગ રૂમ તથા ઝોન કચેરી નવાનગર સરકારી હાઈસ્કુલ, સુપર માર્કેટ પાસે, જામનગરનો સમાવેશ કરવા દરખાસ્ત કરેલ છે. આથી વંચાણ-૧ના જાહેરનામાના પરિશિષ્ટમાં નવાનગર સરકારી હાઈસ્કુલ, સુપર માર્કેટ પાસે, જામનગરનો સમાવેશ કરવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

મુળ જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશે.

આ સુધારા જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૦૫ માહે મે-૨૦૧૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.

જામનગર, ૫ માહે મે, સને ૨૦૧૫.

(સહી) **અવાચ્ય,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૭૩૨/૨૦૧૫.-બોટાદ શહેરમાં આગામી તા. ૦૭-૦૫-૨૦૧૫ના રોજ દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજકેટની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં **હું, એસ. કે. પંડયા, (I.A.S), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૭-૦૫-૨૦૧૫ ના રોજ સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૧૪.૦૦ કલાક દરમિયાન, પરીક્ષાના દિવસે નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

બોટાદ શહેરના ગુજકેટ પરીક્ષા કેન્દ્રોની યાદી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	ગામ/શહેર
૧	શ્રી એલ.જે.શાહ ગર્લ્સ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૦૨-૦૫-૨૦૧૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૨ માહે મે, સને ૨૦૧૫.

એસ. કે. પંડયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૩૪૨૪ થી ૩૪૭૪/૨૦૧૫.-(૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) **તા. ૦૨-૦૫-૧૫ થી તા. ૧૬-૦૫-૨૦૧૫ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૨-૦૫-૨૦૧૫ થી તા. ૧૬-૦૫-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

INDEX

(૯) આજ તારીખ : ૦૧ માહે મે–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. નાચિ/પલસ/૩/વશી/૩૩૯૬ થી ૩૪૨૩/૨૦૧૫.-(૧) આગામી તારીખઃ ૦૭-૦૫-૨૦૧૫ નાં રોજ “GUJCET” ની પરીક્ષા યોજાનાર છે. ઉક્ત પરીક્ષા અમરેલી ખાતે (૧) કમાણી ફોરવર્ડ યુનીટ-૧, અમરેલી (૨) કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ, યુનીટ-૨, અમરેલી (૩) બી. એન. વિરાણી ઉ.મા. કન્યા સંકુલ, યુનિટ-૧, અમરેલી (૪) બી. એન. વિરાણી ઉ.મા. કન્યા સંકુલ, યુનિટ-૨, અમરેલી (૫) પાઠક હાઈસ્કુલ, અમરેલી, (૬) સેન્ટ મેરી હાઈસ્કુલ, અમરેલી (૭) દિપક હાઈસ્કુલ, અમરેલી ખાતે લેવાનાર છે. ઉક્ત પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજા અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૭-૦૫-૨૦૧૫ નાં રોજ સવારનાં ૧૧:૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક સુધી ઉકત હાઈસ્કુલોના પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર થી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં. તથા પરીક્ષાખંડમાં પરીક્ષાર્થી અને સુપરવાઈઝરશ્રીઓએ પોતાની પાસે મોબાઈલ ફોન કે ગેરરીતિ કરવામાં ઉપયોગી થાય તેવા ઉપકરણો લઈ જઈ શકશે નહિં. તેમજ તા. ૦૭-૦૫-૨૦૧૫ નાં રોજ સવારનાં ૧૧:૦૦ કલાકથી ૧૪:૦૦ કલાક સુધી અમરેલી શહેરનાં ઉક્ત સાત પરીક્ષા કેનદ્રોની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી ઝેરોક્ષ સેન્ટરો તથા ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તેમજ પ્રાઈવેટ ફેકસ મશીનો પણ બંધ રાખવા ફરમાવું છું.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તારીખઃ ૧ લી મે, ૨૦૧૫ નાં મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧ માહે મે, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

હુકમ

નં. ડીએમડી/ડીસીએચ/૫૦૫/૧૫.-ગુજરાત રાજ્ય સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા આયોજિત આયોજિત ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) ની પરીક્ષા તા. ૦૭-૦૫-૨૦૧૫ના રોજ યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, **ડી. કે. પારેખ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, મુ. ખંભાલીયા,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ઉકત પરિક્ષાના નક્કી થયેલ કેન્દ્ર **(શ્રી એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ,** પોરનાકા બહાર, ખંભાળીયા) ની આજુબાજુના **૧૫૦ મીટરના** વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા ઝેરોક્ષ અને કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને **તા. ૦૭-૦૫-૨૦૧૫ ના રોજ સવારના ૧૦-૦૦ થી ૧૪-૦૦ કલાક** સુધી તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ પરીક્ષા કેન્દ્રની પર કોઈએ મોબાઈલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશનના ઈલેકટ્રોનિકસ સાધનો ઉપકરણો સાથે પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિદ્વારકાએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૫ માહે મે–૨૦૧૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

દેવભૂમિદ્વારકા, ૫ માહે મે, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડીએમડી/ડીસીએચ/૫/૫/૨૦૧૫.-ગુજરાત રાજ્ય સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા આયોજિત ગુજરાત કોમન

એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) ની પરીક્ષા તા. ૦૭-૦૫-૨૦૧૫ના રોજ યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી હું, ડી. કે. પારેખ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિદ્વારકા, મુ. ખંભાળિયા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ (૩)થી મળેલ સત્તાન રૂએ ફરમાવું છું કે **તા. ૦૭-૦૫-૨૦૧૫ના રોજ સવારના ૧૦-૦૦ થી બપોરના ૧૪-૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્ર (શ્રી એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ, પોરનાકા બહાર, ખંભાળીયા)**ની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

અપવાદ

૧. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.
૨. ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષકદળની વ્યક્તિને.
૩. લગ્નના વરઘોડાને.
૪. સ્મશાનયાત્રાને.
૫. પ્રમાણીત પરિક્ષાર્થીને.
૬. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા તેમણે કરેલ અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૫ માહે મે–૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

દેવભૂમિ દ્વારકા, ૫ માહે મે, સને ૨૦૧૫.

ડી. કે. પારેખ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૧૬૧૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૨૩૪/૧૫, તા. ૨૪-૦૪-૨૦૧૫ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતો હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી આવા ગુન્હાઓની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળે નહી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર.જી.જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં

જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે, વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

આ જાહેરનામું તા. ૨૯-૦૪-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખં ૨૮ મી માહે એપ્રિલ, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૮ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/પરીક્ષા/ઈ.નં. ૧૭૫૯૧/૨૦૧૪.-લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ભાવનગર શહેરમાં લોક રક્ષક પરીક્ષા-૨૦૧૫ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, **એ. એમ. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર**, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૩-૦૫-૨૦૧૫ના રોજ સવારના ૧૧-૩૦ કલાકથી બપોરના ૧૩.૩૦ કલાક સુધી નીચેની અનુસૂચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ/સેલ્યુલર ફોન/કેલકયુલેટર લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/શાળાનું નામ
૧	સ્વામિનારાયણ માધ્યમિક શાળા, નિર્ભય સોસાયટી, ભાવનગર.
૨	સ્વામિનારાયણ માધ્યમિક શાળા, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર.

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/શાળાનું નામ
૩	શ્રી દોલત અનંત વળીયા હાઈસ્કુલ, શાસ્ત્રીનગર, ભાવનગર
૪	શ્રી વિધ્યાવિહાર હાઈસ્કુલ, દેસાઈનગર, ભાવનગર
૫	ક્રાઈસ્ટ સ્કુલ, ચીત્રા, ભાવનગર
૬	શ્રી નવોદય પબ્લીક સ્કુલ (સ્વસ્તીક), સીદસર રોડ, ભાવનગર
૭	શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ, સરદારનગર, ભાવનગર
૮	સંત કવરરામ સીંધી હાઈસ્કુલ, ઘોઘા જકાતનાકા, ભાવનગર
૯	શ્રી આર્યકુળ કન્યા વિ્યલય, ભરતનગર, ભાવનગર
૧૦	શાંતિલાલ શાહ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર
૧૧	શ્રી માજીરાજ ગર્લ્સ હાઈસ્કુ, હલુરીયા ચોક, ભાવનગર
૧૨	શ્રી મુકતા લક્ષ્મી ગર્લ્સ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર
૧૩	શ્રી બી.એમ. કોમર્સ હાઈસ્કુલ, ઘોઘા સર્કલ, ભાવનગર
૧૪	પ્રણવ બક્ષી હાઈસ્કુલ, શીશુ વિહાર સર્કલ, ભાવનગર
૧૫	અલ મહદી હાઈસ્કુલ, શીશુ વિહાર સર્કલ, ભાવનગર
૧૬	મહાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કુલ, ડોન ચોક, ભાવનગર
૧૭	શ્રી ધનેશકુમાર જે. મહેતા હાઈસ્કુલ, ગાંધીસ્મૃતિ પાસે, ભાવનગર
૧૮	શ્રી એમ.કે. જમોડ હાઈસ્કુલ, માજીરાજ વાડી માર્ગ, વડવા, ભાવનગર
૧૯	શેઠ ત્રિભોવનદાસ ભાણજી ગર્લ્સ હાઈસ્કુલ(ટી.બી.જૈન), ઘોઘા ગેટ, ભાવનગર
૨૦	સનાતન હાઈસ્કુલ, વડવા, ભાવનગર
૨૧	એકતા હાઈસ્કુલ, રામમંત્ર મંદિર પાસે, ભાવનગર
૨૨	બેબીલેન્ડ સેકન્ડરી સ્કુલ, રામમંત્ર મંદિર સામે, ભાવનગર
૨૩	શ્રી દક્ષિણામુર્તિ હાઈસ્કુલ, ગીજુભાઈલ માર્ગ, ભાવનગર
૨૪	શ્રી વિશુધ્ધાનંદ ઉચ્ચ માધ્યમિક શાળા, વિદ્યાનગર, ભાવનગર
૨૫	નંદકુંવરબા કન્યા વિદ્યાલય, નિલમબાગ, ભાવનગર
૨૬	સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, જેલ રોડ, ભાવનગર
૨૭	શ્રી કુમાર શાળા, નિલમબાગ,, ભાવનગર
૨૮	શ્રી ઝેડ.કે. મેંદપરા હાઈસ્કુલ, સરદાર પટેલ ઈન્સ., ભાવનગર
૨૯	શ્રી એલ.જી. કાકડીયા, કાળીયાબીડ, ભાવનગર
૩૦	જ્ઞાનમંજરી મા. તથા ઉ.મા.યુ.-૧, કાળીયાબીડ, ભાવનગર
૩૧	જ્ઞાનમંજરી મા. તથા ઉ.મા.યુ.-૨, કાળીયાબીડ, ભાવનગર
૩૨	વિદ્યાધીશ હાયર સ્કુલ, કાળીયાબીડ , ભાવનગર
૩૩	શ્રીમતિ એમ.એસ. લાખાણી કન્યા વિ્યલય, સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ, કાળીયાબીડ
૩૪	જ્ઞાનમંજરી હાઈસ્કુલ, કાળીયાબીડ, ભાવનગર
૩૫	શ્રી બી.એન.વીરમઈ હાઈસ્કુલ યુનિટ-૧, કાળીયાબીડ, ભાવનગર
૩૬	શ્રી બી.એન.વીરમઈ હાઈસ્કુલ યુનિટ-૨, કાળીયાબીડ, ભાવનગર
૩૭	કે.પી.એસ. હાઈસ્કુલ(સાયન્સ સ્ટ્રીમ), કાળીયાબીડ, ભાવનગર
૩૮	ફાતીમા કોન્વેન્ટ હાઈસ્કુલ, મેરૂબાગ, ભાવનગર
૩૯	સહજાનંદ વિદ્યાલય, ઘોઘા રોડ, અકવાડા, ભાવનગર
૪૦	સેન્ટ મેરી હાઈ સેકન્ડરી સ્કુલ, ગુજરાતી, મેરીબાગ, ભાવનગર
૪૧	સેન્ટ મેરી હાઈ સેકન્ડરી સ્કુલ, ઈંગ્લીશ, મેરીબાગ, ભાવનગર

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષાકેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કોન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૩૦-૦૪-૨૦૧૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૩૦ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં.ડી.એમ.-૧/ગુજકેટ/ઈ.નં. ૧૭૫૯૨/૨૦૧૫.-ભાવનગર શહેરમાં આગામી તા. ૦૭-૦૫-૨૦૧૫ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજકેટની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ

જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, **એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, ગુજકેટ-૨૦૧૫ની પરીક્ષાને અનુલક્ષીને આગામી તા. ૦૭-૦૫-૨૦૧૫ના રોજ સવારના ૧૦-૩૦ કલાકથી બપોરના ૧૪-૩૦ કલાક સુધી નીચેની અનુસૂચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

ક્રમ	કેન્દ્ર/શાળાનું નામ	શહેર/ગામ
૧	નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય	નિલમબાગ ચોક, ભાવનગર
૨	શ્રી વિશુધ્ધાનંદ વિદ્યામંદિર	વિદ્યાનગર, ભાવનગર
૩	શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદિર	પરીમલ ચોક, ભાવનગર
૪	શ્રી બી.એમ. કોમર્સ હાઈસ્કુલ	ઘોઘા સર્કલ, ભાવનગર
૫	શ્રી સ્વામિ નારાયણ ગૂરૂકુળ	સરદારનગર, ભાવનગર
૬	શ્રી ફાતિમા કોન્વેન્ટ હાઈસ્કુલ	મેરૂબાગ, ઘોઘા રોડ, ભાવનગર
૭	સેંટ ઝેવીયર્સ હાઈસ્કુલ	જેલ રોડ, ભાવનગર
૮	દોલત અનંત વળીયા હાઈસ્કુલ	શાસ્ત્રીનગર, ભાવનગર
૯	માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ	હલુરીયા ચોક, ભાવનગર

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૩૦-૦૪-૨૦૧૫ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૩૦ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૧૭૩૬૮/૨૦૧૫.-આગામી મે-જુન-૨૦૧૫નાં માસ દરમિયાન તા. ૨૯-૦૫-૨૦૧૫નાં રોજ ભીમ અગીયારસ, તા. ૩૧ ૦૫-૨૦૧૫નાં રોજ વડસાવિત્રી વ્રત પ્રારંભ તથા ૦૨-૦૬-૨૦૧૫નાં રોજ વડ સાવિત્રી વ્રત સમાપ્ત વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૫-૦૫-૨૦૧૫ થી તા. ૦૩-૦૬-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિ.

(ખ) કોઈ પણ જાહેર જગ્યામાં લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ

અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :-

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

‘‘જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.’’

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૯-૦૪-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/વશી-૨૭૨૫ થી ૨૮૨૪.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૪-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૩૧૫/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૩૦-૦૪-૨૦૧૫ થી તારીખ : ૧૩-૦૫-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડ, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી લાઠી, કુલ્લીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિ નો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી મામલતદાર અને એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/વશી-૨૮૨૫ થી ૨૯૨૪.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૪-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૩૧૬/૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૩૦-૦૪-૨૦૧૫ થી તારીખ : ૧૩-૦૫-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે તો, અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે એપ્રિલ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૫/વશી-૩૦૧૬ થી ૩૧૧૫.-હાલે રાજ્ય બહારની ગેંગ તથા અસામાજીક તત્વો દ્વારા રાજ્યમાં આવેલા સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ (સોની) દુકાનોમાં ધાડ/લુંટ કરવાનાં ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તેમજ સોનાના શો-રૂમ તથા જવેલર્સ (સોની) દુકાનોમાં ગ્રાહકો સોનાની ખરીદી કરી જતાં હોય ત્યારે તેમના પર હુમલો કરી સોનાની લુંટ કરવાના બનાવો બનતા હોય છે. જેથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ(સોની) દુકાનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા સી.સી.ટી.વી. કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે લગાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રીના તા. ૩૦-૦૪-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૩૨૦/૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

તેમજ અસામાજીક તત્વો દ્વારા દેશમાં અને રાજયમાં આવેલી જુદી જુદી બેંકોમાં ધાડ/લુંટ કરવાના અને એ.ટી.એમ.

મશીનો તોડી અથવા આખા એ.ટી.એમ. ઉઠાવી જવાની પ્રવુતીના ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તથા બેંકો માંથી ગ્રાહકો પૈસા ઉપાડી નીકળતા હોય છે. ત્યારે બેંકોમાં અને બેંકોની બહાર ખીસ્સા કપાવાના બનાવો બનતા હોય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રીના તા.૩૦-૦૪-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૩૧૯/૨૦૧૫ થી બેંકો અને એ.ટી.એમ. મશીનના ધાડ/લુંટ/ચોરી અંગેના ગુના બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા માટે સહાયક પુરાવા તરીકે સી.સી.ટીવી. કેમેરા લગાવવા તથા સીક્યુરીટી ગાર્ડ રાખવા અતિ આવશ્યક જણાતુ હોવાથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની બહાર તેમજ અંદરના ભાગે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા સી.સી.ટી.વી કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે ગોઠવવામાં તેમજ તમામ એ.ટી.એમ. મશીનોના કેબીનોમાં ફરજીયાત સીક્યુરીટી ગાર્ડ મુકવા અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જીલ્લા/શહેરમાં ચોરી, લુંટફાટ, અને આંતકવાદી બનવો બનતા અટકાવવા, જાહેર જનતાની તથા સરકારી જાનમાલ (મિલ્કત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જાળવવા જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ ઉપરોક્ત દરખાસ્ત અન્વયે અત્રેના જીલ્લામાં અમુક નિયંત્રણો / સુચનો અમલમાં મુકવાનું મને જરૂર જણાય છે.

વાસ્તે હું **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** મને મળેલ અધિકારની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી. આર.પી.સી.) સને ૧૯૭૩(૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા / શહેરમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સની (સોની) દુકાનો તથા તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા ઉચ્ચ ગુણવતાવાળા સી.સી.ટી.વી. કેમેરા અને તેમાં ૧૫ દિવસ સુધી રોકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં **તા. ૦૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ સુધી (બન્ને તારીખો સહિત)**ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાન પત્રો મારફત તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાંનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશેતો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૫/ વશી-૩૧૧૬ થી ૩૨૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તથા ભુતકાળમાં ત્રાસવાદીઓ/આતંકવાદીઓ/કટ્ટરવાદી સંગઠનો દ્વારા જયાં લોકોની વધુ સંખ્યામાં અવર-જવર રહેતી હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલમિલકતોને નુકશાન કરવામાં આવે છે. સામાન્ય રીતે આવા ગંભીર ગુન્હાઓ આચરતા તત્વો/પરપ્રાંતીય ગેંગના સભ્યો પડોશી રાજ્યના બોર્ડર ધરાવતા જિલ્લાઓમાંથી આવતા હોય છે અને હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગો પર આવેલ હોટલોમાં રોકાતા હોય છે તથા ગુનો કરતી વેળાએ વાહનોનો ઉપયોગ કરતા હોય છે તેમજ ગુનો કર્યા બાદ હાઈવે પરના કે જિલ્લાના મુખ્ય રોડ પર આવેલ પેટ્રોલપંપ ઉપર પોતાના વાહનોમાં પેટ્રોલ/ડીઝલ ભરાવે છે તથા ગુનો કરવા આવે ત્યારે કે પરત જતી વેળાએ હાઈવે ઉપર ચા-નાસ્તો કરવા કે જમવા માટે હોટલ પર રોકાતા હોય છે અને પોતાની ત્રાસવાદી/અસામાજીક પ્રવૃતિને અંજામ આપી હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગોએથી વાહનો લઈ ભાગી જતા હોય આ પ્રકારના ગંભીર અનડીટેકટેડ ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવાનું કામ મુશ્કેલ બને છે.

જેથી અત્રેના જિલ્લા/શહેરમાં થતી ધાડ, લુંટ અને ચોરીના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા, લોકોના જાનમાલની રક્ષા તેમજ તેમને સુરક્ષા પુરી પાડવા તથા ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે, ગુનો ડીટેકટ કરવામાં સરળતા રહે અને ગુનેગારોની વિરૂધ્ધમાં સબળ પુરાવો કોર્ટ સમક્ષ રજુ કરી શકાય તે હેતુથી અત્રેના જિલ્લા/ શહેરમાં આવેલ હાઈવે ઉપરના તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા અને રહેવા-જમવાની સગવડ હોય તેવી તમામ મોટી હોટલો તથા ગેસ્ટહાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ નીચે જણાવેલ પ્રમાણે રાખવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૦૪-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જા.પ્ર./૩૨૧/૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) જ્યારે કોઈ વ્યક્તિ હોટલ પર ચા-નાસ્તો કરવા કે જમવા માટે આવે ત્યારે ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે કેમેરા ગોઠવવા તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે

તથા હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) હાઈવે ઉપર આવેલ પેટ્રોલપંપના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) હાઈવે પર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોના નંબર દેખાય તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તે પ્રકારના ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા હોવા જોઈએ.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જિલ્લા/શહેરમાં ચોરી, લુંટફાટ અને આંતકવાદી બનાવો બનતા અટકાવવા, જાહેર જનતાની જાનમાલ (મિલકત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા અને જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ ઉપરોક્ત વિગતેની દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લામાં અમુક નિયંત્રણો/સુચનો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર**, મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ હોટલ/રેસ્ટોરંટો કે જ્યા ચા પાણી, નાસ્તા, ભોજન અને રહેણાંકની સુવિધા હોય, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા શોપીંગ મોલ/કોમ્પલેક્ષ, સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલ, સરકારી રેસ્ટ હાઉસ, જ્યાં મુસાફરોને રોકાવવાની સગવડ પુરી પાડવામાં આવતી હોય તે તમામ ધર્મશાળા/કલબો/મુસાફિરખાના/બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશનોમાં પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ એ પ્રકારે રાખવા કે જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે. તેમજ આ કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તેવી ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે મુજબની વ્યવસ્થાવાળા રાખવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/મકાન ભાડા જાહેરનામું/૨૦૧૪/વશી-૩૨૧૬ થી ૩૩૧૫.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી મોટી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચાડે છે અને આ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી/અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી તકેદારીના ભાગ રૂપે ભાડેથી મકાન આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર થોડા ઘણા અંશે નિયંત્રણ મુકવાનું હાલના સંજોગોમાં જરૂરી બની ગયેલ હોય પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૩૨૨/૨૦૧૫, તા. ૩૦-૦૪-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. હાલના સંજોગોમાં પોતાના મકાન ભાડે આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને ૧૯૭૩-૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચોરસ મીટર બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ	મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂા.	કોઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ સરનામા ફોટા સાથે આપવા	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત) ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪નું

જાહેરનામું

ક્રમાંક : મસજ-૩/ગુજકેટ પરીક્ષા/૨૦૧૫-વશી-૨૯૮૫ થી ૩૦૧૫.-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજકેટની પરીક્ષા મે-૨૦૧૫ના માસ દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા. ૦૭-૦૫-૨૦૧૫ નાં રોજ સમય : ૧૦-૦૦ થી ૧૪-૦૦ દરમિયાન લેવાનાર છે. આ પરીક્ષા માટે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ સુરેન્દ્રનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવેલ છે. આ નકકી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં કોઈ ખલેલ ન પડે તેમજ શાંત-સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તે માટે અને પરીક્ષાના સરળ સંચાલન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરેન્દ્રનગર તરફથી તા. ૨૮-૦૪-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ મશનિ./ગુજકેટ/જાહેરનામુ/૨૦૧૫/૧૫૫૪ થી બોર્ડની લેવાનાર પરીક્ષામાં ઉપયોગમાં લેવાનાર કેન્દ્રોમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષા સુચારૂરૂપથી પરીપુર્ણ થાય તે માટે પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા આ બાબતે પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

(૨) વાસ્તે હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ નીચેના પરિશિષ્ટમાં જણાવેલ સુરેન્દ્રનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ શાંતીથી પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રથી ચોતરફ ૨૦૦ (બસ્સો) મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ તથા પરીક્ષાનું સંચાલન કરનાર અધિકૃત અને બોર્ડનું ઓળખપત્ર ધરાવતી વ્યક્તિઓ તેમજ પરીક્ષા કેન્દ્ર ઉપર હાજર હોય તે વ્યક્તિઓ સિવાય અન્ય ઈસમોએ તા. ૦૭-૦૫-૨૦૧૫ ના રોજ સદરહું પરીક્ષા કેન્દ્રો ઉપર પ્રવેશવા પર મનાઈ ફરમાવુ છું. સાથોસાથ પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ (બસ્સો) મીટરનાં વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિના એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને વિક્ષેપ ન પડે તે હેતુથી પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ (બસ્સો) મીટરની ત્રિજ્યામાં યોજાનાર પરીક્ષાનાં દિવસ દરમ્યાન ઘોંઘાટ કરે તેવા વાહનો ઉપર તેમજ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારમાં વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) યોજાનાર પરીક્ષા દિવસ દરમિયાન પરીક્ષા શરૂ થયાનાં એક કલાક અગાઉથી અને પુરી થયા બાદ એક કલાક સુધીના સમય માટે આ સાથેના લાગુ પડતા પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનોની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય દરમ્યાન થતી ગેરરીતીઓ અટકાવવા સારૂ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ એક કિલોમીટરના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ/ફોટોકોપી મશીનોની દુકાનો પરીક્ષાના દિવસ દરમ્યાન ઉપર જણાવેલ સમય દરમ્યાન બંધ રાખવા ફરમાવવામાં આવે છે.

(૫) યોજાનાર પરીક્ષા દિવસ દરમિયાન પરીક્ષા શરૂ થયાનાં એક કલાક અગાઉથી અને પુરી થયા બાદ એક કલાક સુધીના સમય માટે આ સાથેના લાગુ પડતા પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ ફોન, ટેબલેટ તથા તમામ ઈલેકટ્રોનીક ઉપકરણો અધિકૃત અધિકારીશ્રીઓ સિવાય લઈ જવા ઉપર તથા કોઈપણ પ્રકારે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પરિશિષ્ટ

અ.નં.	તાલુકો	ગામ/શહેર	પરીક્ષા કેન્દ્રનું સ્થળ (સ્કુલ/હાઈસ્કુલનું નામ)
(૧)	(૨)	(૩)	(૪)
૧	વઢવાણ	સુરેન્દ્રનગર	શ્રી આર.પી.પી. ગર્લ્સ હાઈસ્કુલ, સી.જે. હોસ્પીટલ પાસે, સુરેન્દ્રનગર
૨	વઢવાણ	વઢવાણ	શ્રી આર.એ. પટેલ બોયઝ હાઈસ્કુલ, હોમ સાયન્સ કોલેજ પાસે, ૬૦ ફુટ રોડ, વઢવાણ
૩	વઢવાણ	વઢવાણ	શ્રી કે.પી. ગર્લ્સ હાઈસ્કુલ, હોમ સાયન્સ કોલેજ પાસે, ૬૦ ફુટ રોડ, વઢવાણ
૪	વઢવાણ	સુરેન્દ્રનગર	શ્રી દયામયી માતા હાઈસ્કુલ, પોલીસ હેડ કવાટર રોડ, ડેમ પાસે, સુરેન્દ્રનગર

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારોમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને, પોલીસ લાઉડસ્પીક વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરેશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧ માહે મે, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૧૮૧/૨૦૧૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, ગાંધીનગર તરફથી આગામી તા. ૭-૫-૨૦૧૫ ના રોજ કલાક ૧૦-૦૦ થી ૧૪-૦૦ સુધી નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવનાર છે.

ક્રમ	**પરીક્ષા કેન્દ્રનું નામ, સરનામું**	**સબંધીત પોલીસ સ્ટેશન**
1	ભુષણ માધ્યમિક શાળા, રણછોડનગર સોસા., રણછોડવાડી પાસે, કુવાડવા રોડ, રાજકોટ	બી. ડીવીજન પો.સ્ટે.
2	કડવીબાઈ વિરાણી કન્યા શાળા, ઢેબર રોડ	ભકિતનગર પો.સ્ટે.
3	એચ.એલ.ગાંધી વિદ્યાલય ‘‘યોગીધામ’’ ગુરૂકુળ, કાલાવડ રોડ, રાજકોટ (હ.લ. ગાંધી)	મા.નગર પો.સ્ટે.
4	સર્વોદય સાયન્સ સ્કુલ, ગોંડલ રોડ, પી.ડી.એમ. કોલેજ પાછળ, અંબાજી કડવા પ્લોટ, રાજકોટ	મા.નગર પો.સ્ટે.
5	શ્રી એ.વી. જસાણી વિદ્યામંદિર, ગોંડલ રોડ, પી.ડી.એમ. કોલેજ સામે, રાજકોટ	મા.નગર પો.સ્ટે.
6	પાઠક વિદ્યાલય, ૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, રાજકોટ	મા.નગર પો.સ્ટે.
7	મોદી હાઈસ્કુલ, ઈન્દ્રપ્રસ્થનગર, રેલ્વેના પાટા પાસે, રાજકોટ	મા.નગર પો.સ્ટે.
8	શ્રીમતિ એસ.કે. પાઠક વિદ્યાલય, ઈન્દ્રપ્રસ્થ નગર રેલ્વે પાટા પાસે, રાજકોટ	મા.નગર પો.સ્ટે.
9	સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, મવડી પ્લોટ, બેકબોન શોપીંગ હોલ પાસે, રાજકોટ	મા.નગર પો.સ્ટે.
10	કે.જે. કોટેચા ગર્લ્સ સ્કુલ, કોટેચા ચોક પાસે, કાલાવડ રોડ, રાજકોટ	મા.નગર પો.સ્ટે.
11	કલ્યાણ હાઈસ્કુલ, રૈયા રોડ, મઢી પાસે, રાજકોટ	ગાંધીગ્રામ પો.સ્ટે.
12	શ્રી જી.ટી. શેઠ વિદ્યાલય, કાલાવડ રોડ, રાજકોટ	ગાંધીગ્રામ પો.સ્ટે.
13	સેન્ટ મેરી સ્કુલ, કાલાવડ રોડ, રાજકોટ	ગાંધીગ્રામ પો.સ્ટે.

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	સબંધીત પોલીસ સ્ટેશન
14	મોદી હાઈસ્કુલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ચોકડી નજીક, રાજકોટ	ગાંધીગ્રામ પો.સ્ટે.
15	સાધુવાસવાણી સ્કુલ, યુનીવર્સીટી રોડ, સાધુવાસવાણી રોડ, રાજકોટ, યુનીટ-૧ અને યુનીટ-૨	ગાંધીગ્રામ પો.સ્ટે.
16	નિર્મલા કોન્વેન્ટ સ્કુલ, નિર્મલા કોન્વેનટ રોડ, કાલાવડ રોડ, રાજકોટ	ગાંધીગ્રામ પો.સ્ટે.
17	ડીવાઈન સ્કુલ, યુનીટ-૧,૨,૩ C/o. જી.કે. ધોળકીયા સ્કુલ, પંચાયત નગર પાસે, યુની. રોડ, રાજકોટ	ગાંધીગ્રામ પો.સ્ટે.

આમ ઉપર મુજબની વિગતે પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવનાર ગુજકેટ-૨૦૧૫ની પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થીઓ પરીક્ષા કોઈપણ પ્રકારની ખલેલ વિના શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે તેમજ બહારના તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહીં તે માટે તા. ૦૭-૦૫-૨૦૧૫ ના કલાક ૦૮-૦૦ થી કલ્કા ૧૫-૦૦ સુધી (૧) રાજકોટ શહેરના ઉપર જણાવેલ કેન્દ્રો (શાળાઓ) ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વાપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા (૨) શાળાઓમાં સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા (૩) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓએ એકત્રિત થવા અને શાળાઓમાં પ્રવેશ કરવા (૪) શાળાઓ ખાતે વાહન લઈ જવા (૫) ચારથી વધુ માણસોને ભેગા થવા (૬) વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લઈ જવા જે તમામ બાબતો ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૮૨ના નોટીફિકેશન નંબરઃ સીસી/૪૨૨/આર.આર.સી./૧૦૮૨/૧૦૮૦/૧૧ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૭-૦૫-૨૦૧૫ ના રોજ કલાક ૦૮-૦૦ થી કલાક ૧૫-૦૦ સુધી નીચેનાના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓ/કોલેજોને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ/કોલેજો (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થવા ઉપર.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા કે શાળાઓમાં સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા ઉપર.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવવા ઉપર અને શાળાઓમાં વાહનો લઈ જવા ઉપર.

(૪) શાળાઓની (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થવા ઉપર.

(૫) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)માં પરીક્ષાર્થીઓએ મોબાઈલ ફોન લાવવા ઉપર.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં

અપવાદ

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિતસમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં).

(૨) કોઈ લગ્નના વરઘોડાને,.

(૩) કોઈ સ્મશાનયાત્રાને,

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડના અધિકારી તથા જવાનોને,

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શીક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૬ માહે મે, સને ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૨૦૪/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ મોબાઈલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૯-૦૫-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૯ માહે મે, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૯૨૪૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : સીબી/૩/૧૮૩૬/૪૮૦૯/૧૫, તા. ૧૨-૦૫-૨૦૧૫ ના પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામ જતા રસ્તા નજીક સુધીના દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉત્તર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે પ્રવેશબંધી કરવા અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી વાર્ષિક ફાઈરીંગ પ્રેકટીસ તા. ૨૦-૦૫-૨૦૧૫ થી તા. ૨૦-૦૬-૨૦૧૫ સુધી સવારના ૬:૦૦ કલાક થી રાત્રીના ૧૯:૦૦ કલાક સુધી કરનાર હોય જેથી તે વિસ્તારમાં કોઈપણ ઈસમ કે માછીમારો વ્યકિતગત કે વહાણ, બોટ લઈને જવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત યોગ્ય જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર**, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૦-૦૫-૨૦૧૫ થી તા. ૨૦-૦૬-૨૦૧૫ સુધી સવારના ૬:૦૦ કલાકથી રાત્રીના ૧૯:૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉત્તર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૮-૦૫-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૮ માહે મે, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૭૯૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./મજુર/જાહેરનામું/૨૫૪/૨૦૧૫, તા. ૧૨-૦૫-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, અપહરણ, ચોરી, ઠગાઈ, વિશ્વાસઘાત તથા છેતરપીંડી જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામ ઔદ્યોગિક વસાહતની ફેકટરીઓ, ખેતી, હીરા ઉદ્યોગમાં તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે કામ કરતાં કારીગરો ઉપરોક્ત પ્રકારના ગંભીર ગુન્હા આચર્યા બાદ અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતાં હોય છે. તેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી જુનાગઢ જિલ્લામાં આશરો લેતા હોય છે. તેથી જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા મજુર/કારીગરોનું રજીસ્ટર/બાયોડેટાની સી.ડી. તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોક્ત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સો, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી તથા અન્ય ફેકટરી ઉદ્યોગ, વેપાર ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારી, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉક્ત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને દિન-૧૫માં મોકલી આપવું.**

ક્રમ	પેઢીના માલીક/ ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલીકના મોબાઈલ/ ફોન નંબર તથા ધંધાના ટેલીફોન નંબર	કામે રાખેલ કર્મચારી/ કારીગર/મજુર કે ભાગીયાનું પુરૂનામ, ઓળખચીન્હ, હાલનું પુરૂ સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર કે મજુર ભાગીયાના મુળ વતનનું પુરૂ સરનામુ તથા વતનના ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામુ તથા મોબાઈલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ તે સ્થાનીક રહીશનું પુરૂં નામ, સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના બે થી ત્રણ સગા-સબંધીના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહીતના) તથા ટેલીફોન, મોબાઈલ નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાનો ફોટોગ્રાફ	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તા. ૧૪-૦૫-૨૦૧૫થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૧૨ માહે મે, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૨ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૭૯૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./ઘર નોકર/જાહેરનામું/૨૫૫/૨૦૧૫, તા. ૧૨-૦૫-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં કેટલાક ઘરકુટંબો દ્વારા ઘરકામ માટે બહારના વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે રાખવામાં આવે છે. જેમાં કેટલાક ઘરઘાટીઓ ઘરમાં કિંમતી વસ્તુઓની ચોરી સ્ત્રી/બાળકો ઉપર અત્યાચાર અને મિલ્કત પડાવવા વૃધ્ધ ઘરમાલીકોની હત્યા, લુંટ, ચોરી વિ. મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ, શરીર સબંધી ગુન્હાઓ આચરતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. જેનાથી માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન થાય છે અને આવા ગુન્હા આચર્યા બાદ ઘરઘાટી અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતા હો છે. જેથી ગુન્હાઓ વણશોધાયેલ રહે છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા ઘરઘાટી (Domestic Help) ઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ વિગેરે માહિતી તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોકત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં જે ઘરકુટુંબો તરફથી આવી બહારની વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે ઘરકામ ઉપર રાખવામાં આવેલ છે તેની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉકત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનનો તુર્તજ મોકલી આપવી.**

ક્રમ	ઘર માલીકનું નામ/સરનામું, મોબાઇલ/ ટેલીફોન નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના મુળ વતનનું સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ને રાખ્યા તારીખ	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) અગાઉ જે્ થળે કામ કરતા હોય તે માલીકનું પૂરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) કોના રેફરન્સ, પરિચયથી કામે રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના બે થી ત્રણ સગા-સબંધિઓનું પુરૂ નામ, સરનામું (તેમના વતન સહિતના) તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નો ફોટો ગ્રાફસ	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તા. ૧૪-૦૫-૨૦૧૫થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૧૨ માહે મે, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૨ માહે મે, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૭૦૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૪૩૦/૧૫, તા. ૦૨-૦૫-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૭-૦૫-૨૦૧૫ના રોજથી તા. ૨૦-૦૫-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ

અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૫, માહે મે, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૫ માહે મે, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૧૭૭૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંકઃ સીબી-૩-એ/ફાયરીંગ/૧૮૯૧/૧૪, તા. ૦૬-૦૫-૨૦૧૫થી તેઓના તાબાના બિન હથીયાર લોક રક્ષક બેચ નં. ૭ ના તાલીમાર્થીઓનું ફાયરીંગ પ્રેક્ટીસ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના ''બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે આગામી તા. ૧૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૫-૨૦૧૫ સુધીની મુદત માટે (બન્ને દિવસો સહિત) જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **તા. ૧૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૫-૨૦૧૫ ના દિન-૨૦ માટે સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૮-૩૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.**

આજ તા. ૦૭, માહે મે, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૭ માહે મે, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૮૭૪/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.ના./સ.સ.બંધી/૧૦૯૩/૧૫, તા. ૦૭-૦૫-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) તા. ૨૯-૦૫-૨૦૧૫ ના રોજ હિંદુ લોકોના પવિત્ર તહેવાર ભીમ અગીયારસ આવનાર હોય, જે સબબ ધાર્મિક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ ગ્રીષ્મ ઋતુ ચાલુ હોય, જેના કારણે વિજળીની આવક-જાવક થતી હોય જે કારણોસર મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠાના પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૧-૦૫-૨૦૧૫ થી તા. ૧૯-૦૬-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૧ મી માહે મે, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૧ માહે મે, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૧૮૭૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જાહેરનામું/હથિ.બંધી/૧૦૯૫/૨૦૧૫, તા. ૧૭-૦૫-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય. (૩) હિંદુ લોકોનો ભીમ અગીયારસનો તહેવાર તા. ૨૯-૦૫-૨૦૧૫ ના રોજ આવનાર હોય, તહેવાર સબબ ધાર્મિક સ્થળોએ તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ ગ્રીષ્મ ઋતુ ચાલુ હોય, જેના કારણે વિજળીની આવક-જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, **કે. જે.ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૦૫-૨૦૧૫ થી તા. ૧૯-૦૬-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન

ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૧ માહે મે, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૨૧ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૮૭૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/સ.પ્ર.બં.જા./૧૦૯૬/૨૦૧૫, તા. ૧૭-૦૫-૨૦૧૫ થી ગીર-સોમનાથ જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં નાહવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાય છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમાં બહુજ મોટા વજનદાર ખડકાળ પત્થરો છે. જેથી સમુદ્રમાં નાહવા પડેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમાં આવતા મોજાઓ વાંકાચુકા તથા ઘાતક આવે છે.

હાલમાં આ સ્થળે નવી ચોપાટી બનાવવાનું કામ શરૂ થયેલ છે તથા મોટા પત્થરો સમુદ્રમાં ઉતારી રસ્તો બનાવેલ છે, જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પત્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમાં પડી જાય તેવી શક્યતાઓ રહે છે.

અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમાં પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમાં પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા ઘણા બનાવો નોંધાયેલ છે, તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડમાં આશરે ચાર કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમાં નાહવા માટે કે સમુદ્રમાં ઉંડા પાણીમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું સી.આર.પી.સી. એકટની કલમ-૧૪૪ તળે દિન-૬૦ નું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે આવેલ દરીયા કિનારે મોજામાં તણાઈ જવાથી, નાહવા પડતા ડુબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર-સોમનાથ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપમ વ્યક્તિએ સમુદ્રમાં નાહવા જવું નહીં કે સમુદ્રમાં ઉંડા પાણીમાં પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૧ મી માહે મે, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૧ માહે મે, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/બોર.જા/૧૦૯૪/૨૦૧૫, તા. ૧૭-૦૫-૨૦૧૫.

હુકમ

નં. એમએજી/સી/૧૮૭૩/૨૦૧૫.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો વિ. દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા નિષ્કાળજી સેવવામાં આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમા પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમા બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોકત બાબતેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમા મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમાં ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમા લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂ છું.

(૧) જે તે વિસ્તારમા બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાન હાનિ થાય નહી અથવા બોરવેલમા કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, મજબુત ભરતી દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમ છતા અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનુ પાલન કરવામા ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનુ યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરી પરિસ્થિતિમા હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોકત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૧મી માહે મે-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૧ માહે મે, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

વિષય : ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામ વાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી. ટી.વી. કેમેરા લગાવવા બાબત.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ.નં. ૧૯૫૫૮/૨૦૧૫.-ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અને આવા ગુન્હાઓ ભવિષ્યમાં

બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં ગયેલ સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો મોટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉક્ત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પ્લેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી કેમેરા હોવા જરૂરી જણાય છે.

આથી હું, **એમ. એ. ચૌહાણ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પ્લેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી કેમેરાઓ લગાવવાના રહેશે.

આ હુકમ તા. ૨૧-૦૫-૨૦૧૫ થી તા. ૧૯-૦૭-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૦-૦૫-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૨૦ માહે મે, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૨૦૫૮૫/૨૦૧૫.-ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ગુનાખોરીની પ્રવૃતિ અટકાવવા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું, એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખપત્ર અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

અ.નં.	મોબાઈલ/સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/ વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલિક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/ બેન્કની પાસબુક/પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત.
૧	૨	૩	૪	૫	૬

(૩) મકાન તથા ઔદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન અપાતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે અપાતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસ તંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે.	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ તથા સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું.
૧	૨	૩	૪	૫	૬

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ

વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

નં.	ગેસ્ટનું નામ, સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું, **એમ. એ. ચૌહાણ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભાવનગર શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેપારીઓ, સમગ્ર ભાવનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈપણ મકાન માલીક અગર તો આ માટે મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૨૫-૦૫-૨૦૧૫ થી ૨૩-૦૭-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૨૧-૦૫-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૨૧ માહે મે, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૮૧૪/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ મે-૨૦૧૫ તથા આગામી જુન-૨૦૧૫ ના માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૦-૦૫-૨૦૧૫ થી તા. ૦૮-૦૬-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરિક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકુતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :-

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૭-૦૫-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૭ માહે મે, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૧) મુજબ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./અન.અધિ.વ્યકિત પ્રવેશ/જાહેરનામું/૧૨૭૪/૨૦૧૫.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં, આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ મહાનગર પાલીકાની કચેરી

તથા મહાનગરપાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી જુદી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** મુંબઈ પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબની મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ મહાનગર પાલીકાની કચેરી તથા રાજકોટ મહાનગરપાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૬-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૨-૦૫-૨૦૧૫ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૨ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૨૭૮/૨૦૧૫.- રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મીક, સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલો, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ થાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે રાત્રીના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો પર પ્રતિબંધ મુકવા સારૂ હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/ સીઆરસી/ ૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો :

(૧) રાજકોટ શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર આતશબાજી કરવા ઉપર.

(૨) રાજકોટ શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યકતી ઉપર ફેંકવા ઉપર.

(૩) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ વાગ્યા સુધી ફટાકડા/દારૂખાનુ ફોડવા ઉપર.

(૪) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા/દારૂખાનું ફોડવા ઉપર

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૦૬-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૨-૦૫-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૨ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૨૭૬/૨૦૧૫.-રાજકોટ શહેરમાં આંતકવાદી તત્વો, રાષ્ટ્ર વિરોધી તત્વો, તથા અસામાજીક તત્વો પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતાં હોવાનું સામાન્ય બની જાય અને ઘણીવાર આવા ગેરકાનુની તત્વો રાજકોટ શહેર બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઈંધણ પુરાવવા માટે પેટ્રોલ પંપો ઉપર જાય છે આથી નાગરીકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગ રૂપે રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તા વાળા રેન્જના ગોઠવવાના રહેશે અને (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરામાં પેટ્રોલ પંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઈવર તથા બાજુની સીટ પર બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઈ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સી.સી.ટી.વી. ફુટેજમાં સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે તેમજ આ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડીંગ ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે.

(૫) પેટ્રોલ પંપ/ડીઝલ પંપો ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પુર્વક સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હિલચાલ સી.સી.ટી.વી. કેમેરામાં કવરેજ લઈ શકાય.

(૬) નવા શરૂ થતાં પેટ્રોલ પંપ/ડીઝલ પંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમય ગાળો :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૬-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૨ માહે મે-૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૨ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૨૭૩/૨૦૧૫.-રાજકોટ શહેરમાં શાંતી અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના માણસો લાયસન્સ વાળા હથીયારો જાહેર જગ્યામાં લઈ ફરે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથીયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા હથીયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બીનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથીયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે તેમજ જે સ્થળે આવા સીકયુરીટી ગાર્ડ ફરજ બજાવતા હોય ત્યારે ફરજ દરમ્યાન કારખાના માલીકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સબંધી ગંભીર ગુન્હાઓ આચરે છે. આવા પરપ્રાંતીય હથીયાર ધારક બનાવટી લાયસન્સથી હથીયારો મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુન્હાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેરની શાંતી અને સલામતી જાળવવા સારૂ, હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખાનગી સીકયુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તથા રાજકોટ શહેરની બહારના શહેર/જિલ્લાના સંચાલકોએ તેઓની કંપનીમાં બીનહથીયારી તથા હથીયારી પર પ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથીયારી ગાર્ડના હથીયાર લાયસન્સનું વેરીફીકેશનનું એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટિસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથીયારી ગાર્ડ તથા તેનું હથીયાર તથા લાયસન્સ જે તે સીકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલીકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નં. ૧ ની માહિતી નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે.

			સીકયુરીટી મેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
અ. નં.	વિગત		
૧	સીકયુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલીકનું સરનામું તથા ટેલીફોન નંબર	:	

૨	પરપ્રાંતીય સીકયુરીટી ગાર્ડ/હથીયારી/બીન હથીયારીના નામ તથા વતનનું સબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર	:	
૩	સીકયુરીટીગાર્ડ તથા હથીયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલી. નંબર	:	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:	
૬	હથીયાર તથા ગનમેનના લાયસન્સની વિગત તથા હથીયાર/ગનની વિગત		
૭	લાયસન્સ માન્ય 'એરીયા' તથા રીન્યુ તારીખ	:	

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૦૬-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

નં. : એમએજી/સી/વાહન લે-વેચ/૧૮૫૯/૨૦૧૫.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) નું વેચાણ કરનાર, આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના

પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/વાહન/લે-વેચ/૨૫૭/૧૫, તા. ૧૪-૫-૨૦૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. ઉકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદનુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની સ્થાનીક પોલીસ સ્ટેશનના સીક્કા કરાવી, અવશ્યકપણે નિભાવણી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે, કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી(જાત), ઉંમર, સરનામું, કોન્ટેક નંબર	વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આવા વેપારીએ દર મહીનાને અંતે આવા ખરીદ-વેચાણ કરેલ વાહનોની વિગતો એસ.ઓ.જી. શાખા, જુની પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, દિવાન ચોક, જુનાગઢ ખાતે અચુક રજુ કરવાની રહેશે.

આ હુકમની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૧૬, માહે મે, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૬ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. : એમએજી/સી/૧૮૬૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/બોટ ગુમ/જા.નામું/ ૧૫૫૪/ ૨૦૧૫, તા. ૧૪-૦૫-૨૦૧૫ થી અંતિત થતા દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ પોલીસ સ્ટેશનના તાબા હેઠળ વહાણ/બોટ દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ રહયુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્રવિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં

આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતોની જાણ સંબંધિત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જ્યારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ નીચે મુજબના પત્રકની વિગતો સહની સબંધિત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ ખલાસીઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૨-૦૫-૨૦૧૫ થી તા. ૨૦-૦૭-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૯ મી, માહે મે-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૯ માહે મે, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૧૮૫૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૧૪૬૧/૨૦૧૫, તા. ૧૪-૦૫-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. જેથી સવિશેષ તકેદારી રાખવી આશ્યકતા હોય, જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૦૫-૨૦૧૫ થી તા. ૧૮-૦૬-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

INDEX

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) **આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૬ મી, માહે મે, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૬ માહે મે, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૧૮૫૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૪૬૦/૧૫, તા. ૧૪-૦૫-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉક્ત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૨-૦૫-૨૦૧૫ના રોજથી તા. ૦૪-૦૬-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૬, માહે મે, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૬ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૯૦૦/૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ એસઓજી/શોપીંગ મોલ/જાહેરનામું/૨૭૧/૧૫, તા. ૧૬-૦૫-૨૦૧૫ થી સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮-૧૦-૨૦૧૩થી મળેલ સુચના અન્વયે જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ પર સુરક્ષા જાળવવાના હેતુસર શોપીંગ મોલના એન્ટ્રી ગેટ પર, એક્ઝીટ ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, વાહનો તથા તેમાં આવતી વ્યકિતઓનું ચેકીંગ કરવા ખાનગી સીકયુરીટી ગોઠવવા વિ. મુદ્દે વ્યવસ્થા કરવા સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત રજુ થયેલ છે.

લોકોની સુરક્ષા જાળવવા માટે રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલના માલીકે,

(૧) શોપીંગ મોલની એન્ટ્રી ગેઈટ તથા એકઝીટ ગેઈટ અને મોલના પાછળના વિસ્તારમાં આવેલ દરેક ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫ દિવસ સુધી રાખવો.

(૨) મોલની અંદર દાખલ થતાં તમામ પ્રકારના વાહનો તથા વાહનોમાં બેઠેલ પ્રત્યેક વ્યક્તિનું સંપુર્ણપણે ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવી.

(૩) મોલમાં આવતાં તમામ પ્રકારના માલ-સામાન (ગુડસ) નું ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરી, પ્રતિબંધિત માલ સામગ્રી, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી, તેની તકેદારી રાખવી.

(૪) મોલના માલીકે પોતાના ખર્ચે જુનાગઢ જિલ્લાના સીકયુરીટી એજન્સી ચલાવવા માટે લાયસન્સ ધરાવતી હોય, તેવી અધિકૃત સીકયુરીટીના તાલીમબધ્ધ સીકયુરીટી ૨૪ કલાક (રાઉન્ડ ધ કલોક) રાખવા વ્યવસ્થા કરવાની રહેશે. મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નેફર ડોગ મારફતે ઉભી કરવાની પણ મોલના માલીકે કાયમી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૫) મોલની માલીકી બદલાય તે વખતે થયેલ ફેરફારની આધાર પુરાવા સહ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તથા સબંધિત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવાનું ધોરણ રાખવું.

આ હુકમ તા. ૨૪-૦૫-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૦ મી, માહે મે, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૦ માહે મે, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૩(૧)બી હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/૧૮૯૮/રસ્તો/૧૫.-જુનાગઢ પાણી પુરવઠા યોજના હેઠળ હસ્નાપુર ડેમથી જુનાગઢ શહેર સુધી ગ્રેવીટી મેઈન પાઈપ લાઈન નાંખવાના કામ માટે જુનાગઢ શહેરના મજેવડી ગેઈટથી ગીરનાર દરવાજા તરફ જતો રસ્તો તથા ફીલ્ટ્રેશન પ્લાન્ટ થી ધારાગઢ દરવાજા તરફ જતો રસ્તો તા. ૨૦-૦૫-૨૦૧૫ ના રોજ સવારના ૫-૦૦ કલાકથી લઈ તા. ૨૨-૦૫-૨૦૧૫ ના રોજ સવારના ૫-૦૦ કલાક સુધી રસ્તો બંધ કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, જુનાગઢના પત્રક નં. એબી-૧/જુનાગઢ શહેર/હસ્નાપુર ડેમ/પાઈપ લાઈન/જાહેરનામું/૩૦૩૦, તા. ૧૮-૦૫-૨૦૧૫ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે અને તે દરખાસ્ત પરત્વે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાનાઅભિ/૧૫૦૧/૧૫, તા. ૧૯-૦૫-૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)બીની જોગવાઈ મુજબ જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે.

ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય હું, **આર.જી.જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૨૦-૦૫-૨૦૧૫ના રોજ કલાક ૦૫-૦૦ થી તા. ૨૨-૦૫-૨૦૧૫ ના કલાક ૦૫-૦૦ સુધી પાણી પુરવઠા યોજના હેઠળ હસ્નાપુર ડેમ ફેઈઝ-૧ હેઠળના કામ માટે મજેવડી ગેટથી ગીરનાર દરવાજા તરફ જતો રસ્તો તથા ફીલ્ટ્રેશન પ્લાન્ટથી ધારાગઢ તરફ જતો બંધ રાખવા હુકમ ફરમાવું છું.

આ જાહેરનામું આ કામમાં કાયદેસરની ફરજ બજાવનારને તથા કામમાં રોકાયેલા વાહનોને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ જાહેરનામું આજરોજ તા. ૧૯ માહે મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૯ માહે મે, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની
કલમ-૩૩ની (૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૧૯૨૮/૨૦૧૫.-નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંકઃ સીબી-૩-એ/ફાયરીંગ/૧૮૯૧/૧૪, તા. ૦૬-૦૫-૨૦૧૫ થી તેઓના તાબાના બિનહથીયારી લોક રક્ષક બેચ નં. ૭ ના તાલીમાર્થીઓનું ફાયરીંગ પ્રેકટીશ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે તા. ૧૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૫-૨૦૧૫ સુધીની મુદત માટે અત્રેથી તા. ૦૭-૦૫-૨૦૧૫, નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૧૭૭૩/૨૦૧૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરંતુ તેઓની કચેરી પત્ર નં. સીબી-૩-એ/જા.નામુ/૨૧૯૪/૧૫, તા. ૨૨-૦૫-૨૦૧૫ થી જણાવ્યા મુજબ તેઓની સંસ્થા/કચેરીનું ફાયરીંગ ગઈ તા. ૨૧-૦૫-૨૦૧૫ ના પુર્ણ થઈ ગયેલ છે. જેથી આ જાહેરનામું તા. ૨૨-૦૫-૨૦૧૫ થી અર્થહિન બને છે.

ઉપાચાર્યશ્રી, રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ)એ તેઓના પત્ર ક્રમાંક : સીબી-૧/ફાયરીંગ પ્રેકટીસ/૫૬૬/૧૨૪૩/૧૫, તા. ૨૦-૦૫-૨૦૧૫ તથા પત્ર ક્રમાંકઃ સીબી-૧/ફાયરીંગ પ્રેકટીસ/૫૬૬/૧૨૫૫/૧૫, તા. ૨૨-૦૫-૨૦૧૫ થી તેઓના સંસ્થા ખાતે તાલીમ લઈ રહેલ એસ.આર.પી. લોકરક્ષક બેચ નં. ૯૨ ના તાલીમાર્થીઓનું સીલેબસ પ્રમાણે ૩૦૩'' રાયફલ તેમજ અન્ય ઓટોમેટીક હથિયારોની ફાયરીંગ પ્રેકટીશ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે આગામી તા. ૨૫-૦૫-૨૦૧૫ થી તા. ૦૬-૦૬-૨૦૧૫ સુધીની મુદત માટે (બન્ને દિવસો સહિત) જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. ઉકત દરખાસ્ત સાથે નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના કચેરી હુકમ ક્રમાંકઃ સીબી-૩-એ/ફા.બ./૨૧૬૭/૧૫, તા. ૨૦-૦૫-૨૦૧૫ થી તેઓની સંસ્થા હસ્તકની બફેલ રેન્જ (ફાયરીંગ બટ) ફાળવ્યાના હુકમની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે જુનાગઢ ખાતે આવેલ પોલીસ તાલીમ મહાવિદ્યાલયના બફેલ ફાયરીંગ બટ ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૫-૦૫-૨૦૧૫ થી તા. ૦૬-૦૬-૨૦૧૫ના દિન-૧૩ માટે સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૮-૩૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આજ તા. ૨૨ માહે મે, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૨ માહે મે, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૧૯૩૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક એસઓજી/મોબાઈલ/લે-વેચ/ જાહેરનામું/૧૯૭/૨૦૧૫, તા. ૨૧-૦૫-૨૦૧૫ ના પત્રથી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતો હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગિર સોમનાથ જિલ્લા વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીરસોમનાથ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીરસોમનાથ વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે, વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના કે નવા મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઇલની ફોનની વિગત/કંપની મોડલ નં.	IMEI No.	મોબાઇલ કોની પાસેથી ખરીદ કરેલ છે? તેનું પુરુ નામ, સરનામું, મો. નં. સહિત	ID પ્રુફની વિગત

જુના કે નવા મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઇલ ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઇલ કોને વેચેલ છે? તેનું પુરુ નામ, સરનામું, મો.નં. સહિત	ID પ્રુફની વિગત

આ હુકમ બહાર પડયાની તારીખથી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ: ૨૬ મી માહે મે, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીરસોમનાથ, ૨૬ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. એમએજી/સી/૧૯૪૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/લેબર કોન્ટ્રા./જા.નામું/૧૯૮/૧૫, તા. ૨૧-૦૫-૨૦૧૫ના પત્રથી ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી. ફેકટરી, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાંથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાંધકામના કામોમા અન્ય રાજોયમાંથી મજુરો લાવી તેમનુ મજુરી કામમા ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. આ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનસંધાને મોટાભાગના કિસ્સાઓમા જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમા મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમા જતા રહેતા હોય, આવા ગુન્હા વણ શોધાયેલા રહે છે. આથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમા માહિતી જે તે પોલીસ સ્ટેશનમા પુરી પાડે તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ અદ્યગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લોવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટરો, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નીચે મુજબના નિયત ફોર્મમા માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મોબાઈલ નં.	:	
૨	મજુરનું નામ તથા ઉમર	:	
૩	મજુરનું હાલનું સરનામું તથા મો.નં.	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું/ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરના વતનના સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા જિલ્લા અને ટેલીફોન નં.	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નં.	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે?	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	ગીર સોમનાથ જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	ગીર સોમનાથ જિલ્લામા નજીકના સંબંધી હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નં.	:	

INDEX

૧૩	મજુરના ભાઈ/બહેનના નામ/સરનામા/મોબાઈલ નં.	:	
૧૪	મજુરના કાકા/માસાના નામ/સરનામા/મોબાઈલ નં.	:	
૧૫	હાલમા જયા રહે છે ત્યાં તેના ગામના કોણ છે? તેના નામ, સરનામા, મોબાઈલ નં.	:	

મજુરનો તાજેતરનો ફોટો :-

મજુરના અંગુઠાનું નિશાન : ....

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રકટરની સહી : ....

નામ : ....

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૨૬ મી, માહે મે-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૬ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૯૪૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/મકાનભાડા/જા.નામું/૧૯૫/૧૫, તા. ૨૧-૦૫-૨૦૧૫ ના પત્રથી ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગમાનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદીર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવાકે, ત્રિવેણી સંગમ, દહોત્સર્ગ, ગીતા મંદિર, તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે તથા જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ ગીર સોમનાથ જિલ્લાના આ ધાર્મિક સ્થળોએ મોટા પ્રમાણમાં શ્રધ્ધાળુઓ દર્શન માટે આવતા હોવાથી તેઓની સલામતી જાળવવી આવશ્યક છે. તેમજ ભુતકાળમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે, તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. તાજેતરમાં પોરબંદર વિસ્તારના અરબી સમુદ્રમાં ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા શંકાસ્પદ પાકિસ્તાની બોટનો પીછો કરવામાં આવતા બોટમાં સવાર ચાર ઈસમો દ્વારા બ્લાસ્ટ કરવામાં આવેલ અને બોટ સળગી ગયાનો બનાવ બનેલ છે. ગુપ્તચર એજન્સીઓ દ્વારા અવાર-નવાર આંતકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવારા તત્વો કોઈ મકાન માલીક/દુકાન માલીક/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર ગીર-સોમનાથ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાના માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ

રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનને નીચે મુજબની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિક/દુકાન માલીક/ઔદ્યોગીક એકમોની જગ્યાના માલીક/સંચાલકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું છે?	જે વ્યક્તિને મકાન/દુકાન/ ઔદ્યોગીક એકમ ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામા તથા મોબાઈલ નંબર	મકાન/દુકાન/ઔદ્યોગીક એકમના માલીક/સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ બહાર પડયા તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૬ મી, માહે મે-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૬ માહે મે, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૧૯૪૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/એસટીડીપીસીઓ/જાહેરનામું/૧૯૬/૨૦૧૫, તા. ૨૧-૦૫-૨૦૧૫ ના પત્રથી ગીરમોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જયોર્તિલીંગમાંનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તુલશીશ્યામ તથા જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનારની પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં માણસો દર્શનાર્થે આવતા હોય, જેથી લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એસ.સી.એલ. તથા કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી આવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજ્યમાં સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈલ કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી

કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ વધી રહેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. બનાવોની ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરિકો ધીમે-ધીમે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણું જ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટીડી./પી.સી.ઓ. ધારકો કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનું રજીસ્ટર રાખતા ન હોય ત્યાં બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીરસોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા નોટીફીકેશન હોવું અત્યંત જરૂરી છે. જેના પરિણામે સ્થાનિક એસ.ટીડી./પી.સી.ઓ ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીરસોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતી રજીસ્ટર રાખવા અંગેનુ દિન-૬૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીરસોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનું પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, ગીરસોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવી અને કોલ ડીટેઈલની નામ, સરનામાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૬ મી, માહે મે, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૬ માહે મે, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં.ડી.એમ.-૧/પરીક્ષા/ઈ.નં. ૨૧૧૬૮/૨૦૧૫.-જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા ભાવનગર શહેર તથા શિહોર, સોનગઢ તથા પાલીતાણા ખાતેના પરીક્ષા કેન્દ્રોમાં જુ. કલાર્ક (વહીવટ/હિસાબ), તલાટી કમ મંત્રી, મ.પ.હે.વર્કર અને ફી.હે.વર્કરની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, **એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૬-૦૬-૨૦૧૫ના રોજ સવારના ૧૦-૩૦ કલાકથી ૧૨-૦૦ કલાક સુધી તલાટી કમ મંત્રીના પરીક્ષા કેન્દ્રો ઉપર તથા તા. ૦૬-૦૬-૨૦૧૫ના રોજ કલાક ૧૪-૩૦ કલાકથી ૧૬-૦૦ સુધી મલ્ટી પરપઝ હેલ્થ વર્કરના પરીક્ષા કેન્દ્રો ઉપર તેમજ તા. ૦૭-૦૬-૨૦૧૫ના રોજ ૧૦-૩૦ કલાકથી ૧૨-૦૦ કલાક સુધી ફીમેલ વર્કરના પરીક્ષા કેન્દ્રો ઉપર તથા તા. ૦૭-૦૬-૨૦૧૫ના રોજ ૧૪-૩૦ કલાકથી ૧૬.૦૦ સુધી જુનીયર કલાર્કના પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ સેલ્યુલર ફોન/કેલ્ક્યુલેટર લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ભાવનગર શહેર તથા જિલ્લામાં ઉક્ત પરીક્ષાના તમામ કેન્દ્રો ઉપર લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૨૭-૦૫-૨૦૧૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૨૭ માહે મે, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૯૨૧ તથા ૯૨૮/૨૦૧૫.-આગામી તા. ૬-૬-૨૦૧૫ અને તા. ૦૭-૦૬-૨૦૧૫ના રોજ રવિવારનાં રોજ બોટાદ જિલ્લામાં જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતીની જાહેરાત ક્રમાંક ૧ થી ૪/૨૦૧૫ કલાર્ક, તલાટી કમ મંત્રી, મદદનીશ પુરૂષ હેલ્થ વર્કર અને મદદનીશ ફીમેલ હેલ્થ વર્કરની સીધી ભરતીની સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ તે અંગે ઉમેદવારોને અડચણ અને ત્રાસ દુર કરવાના હેતુથી ઝેરોક્ષ મશીનવાળા વેપારીઓ દ્વારા ઝેરોક્ષ મશીનનો ઉપયોગ ન થાય, પરીક્ષાર્થીઓને મોટા આવાજે લાઉડસ્પીકર વગાડવાના કે બન્ડવાજા વિગેરે ધ્વનીવર્ધક સાધનોના મોટા અવાજથી ખલેલ ન પહોંચે, પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન દ્વારા પરીક્ષા કેન્દ્રમાં ગેરરીતી ન આચરે, અનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રમાં દાખલ ન થાય અને પરીક્ષા કેન્દ્રની આજુબાજુ લોકોના ટોળા એકત્ર ન થાય અને સુલેહ શાંતી જળવાય રહે તે માટે ઝડપી ઉપાય યોજવા જાહેર હિતમાં હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

આગામી તા. ૦૬-૦૬-૨૦૧૫ તથા ૦૭-૦૬-૨૦૧૫ ના રોજ ૧૧.૦૦ ક. થી ૧૨.૦૦ કલાક તથા ૧૫.૦૦ કલાકથી ૧૬.૦૦ કલાક પરીક્ષાના સમય દરમ્યાન બોટા જિલ્લા ખાતે નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યાની આસપાસ આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓએ મોબાઈલ ફોન લઈ જવા પર, પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અનુસૂચિ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/શાળાનું નામ	સ્થળ
૧	આર.પી. કોરડીયા માધ્યમિક વિદ્યાલય, વિવેકાનંદ નગર, સેવા સદન પાછળ, સ્ટેશન રોડ, બોટાદ	બોટાદ
૨	શ્રી આર.સી.એ. શાહ બોયઝ હાઈસ્કુલ, હવેલી પાછળ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૩	શ્રી અક્ષર પુરૂષોત્તમ હાઈસ્કુલ, જીવનધારા હોસ્પિટલ પાછળ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૪	શ્રી વી.એમ.સાકરીયા મહિલા આર્ટસ કોલેજ, ગોકુલ મેડીકલ પાસે, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૫	શ્રી એલ.જે.શાહ ગર્લ્સ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૬	શ્રી સમાંતર સ્વાયત માધયિમિક શાળા (વિવેકાનંદ), તાલુકા સેવા સદન પાસે, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૭	શ્રી એમ.ડી. શાહ વિદ્યાલય, હિંમતભાઈ ગાંધી માર્ગ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૮	શ્રી પુનમચંદ વિઠલદાસ દોશી વિદ્યાલય, કવિરાજશ્રી બોટાદકર કોલેજ સામે, વિદ્યાભારતી કેમ્પસ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૯	કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ

૧૦	શ્રી આદર્શ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાલય, આદર્શ શૈક્ષણિક સંકુલ, હડદડ-બોટાદ રોડ, બોટાદ	બોટાદ
૧૧	શ્રી જે.એન.બગડીયા માધ્યમિક શાળા, નવા માર્કેટ યાર્ડ સામે, બોટાદ	બોટાદ
૧૨	શ્રી દક્ષિણા મુર્તિ વિદ્યા, તરઘરા પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૩	શ્રી સહજાનંદ હાઈસ્કુલ, સ્વામીનારાયણ ગુરૂકુળ, ગઢડા રોડ, બોટાદ	બોટાદ
૧૪	શ્રી સ્વામીનારાયણ શિક્ષાપત્રી હાઈસ્કુલ, મંગળપરા, ખોડીયારમાંની દેરી સામે, સંતરામ સ્કુલની પાસે, બોટાદ	બોટાદ
૧૫	શ્રી સમન્વય માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા, ભાંભણ, તાજપર રોડ, મારૂતિ આશ્રમ સામે, બોટાદ	બોટાદ

આ જાહેરનામું તા. ૬-૬-૨૦૧૫ અને તા. ૦૭-૦૬-૨૦૧૫ ના રોજ સવારના ૧૧.૦૦ ક. થી બપોરના ૧૨.૦૦ ક. સુધી તથા ૧૫.૦૦ કલાકથી ૧૬.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

ઉક્ત તારીખે અને સમયે સદરહું હુકમમાં અપાયેલી સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫ માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

હું આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા, : ૨૭-૦૫-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડ્યો.

બોટાદ, ૨૭ માહે મે, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૩૪૬૩ થી ૩૫૬૨.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૩-૦૫-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૩૬૪/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૧૬-૦૫-૨૦૧૫ થી તારીખ : ૩૦-૦૫-૨૦૧૫ સુધી (બંને તારીખ સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી/લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે મે, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/વશી-૩૫૬૩ થી ૩૬૬૨.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૩-૦૫-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૩૬૫/૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૧૬-૦૫-૨૦૧૫ થી તારીખ : ૩૦-૦૫-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે મે, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

વંચાણે લીધા : અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલ.બી-૨/ટ્રાફીક/લ.બસ જાહેરનામું/૨૦૨૪/૦૮, તા. ૨૫-૪-૨૦૦૮.

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફિક/લ.બસ જાહેરનામું/૧૨૦૩/૨૦૧૫.-હાલમાં રાજકોટ શહેરમાં વંચાણવાળું જાહેરનામું અમલમાં છે, પરંતુ વધતા જતાં ટ્રાફીકનાં કારણે જાહેરમાર્ગોમાં ટ્રાફીકની ગીચતા થાય છે અને શહેરમાં વધતી જતી ભારે વાહનોની અવર-જવરથી શહેરના રસ્તાઓ સાંકડા પડે છે અને રસ્તાઓ ઉપર ટ્રાફીક અડચણરૂપ થાય છે. હાલ રાજકોટ શહેરની વસ્તીમાં ઘણો વધારો થયેલ છે. સાથોસાથ નાના-મોટા વાહનોની સંખ્યામાં પણ ખુબજ વધારો થયેલ છે. હાલમાં લીમડા ચોક, એસ.બી.એસ. ચોક, મોટી ટાંકી ચોક, ફુલછાબ ચોક, તેમજ એસ. ટી. પાછળના ભાગે ટ્રાવેલ્સની ઓફીસો આવેલ છે અને આ વિસ્તાર ગીચ વીસ્તાર હોય રાત્રીના ૮-૦૦ થી ૮-૩૦ ના સમય દરમ્યાન રાજકોટના વેપાર ધંદાવાળા, દુકાનો-ઓફીસો બંધ કરીને જતા હોય જેના કારણે ટ્રાફિક સમસ્યા વધુ રહેતી હોય ટ્રાફીક વ્યવસ્થામાં ઘણી

મુશ્કેલીઓ પડે છે અને ગંભીર અકસ્માતો થાય છે. સને ૨૦૦૮માં જે જાહેરનામું અમલમાં આવેલ ત્યારે ગોંડલ ચોકડી, ગ્રીનલેન્ડ ચોકડી, માધાપર ચોકડી વિગેરે ચોકડીઓ શહેરની બહાર પડતી હતી જે હવે શહેરની અંદરના વિસ્તારમાં આવી ગયેલ છે અને આ તમામ ચોકડીઓ પર રાત્રીના મોડે સુધી સીટી બસ તેમજ બી.આર.ટી.એસ. બસની ટુંકા ટુંકા સમય ગાળામાં સેવાઓ ઉપલબ્ધ હોય જે ધ્યાને લઈ તથા આ સ્થળોએ રાજકોટ શહેર તરફથી અન્ય શહેર તરફ જતા પેસેન્જરોને પીક અપ કરવા ટ્રાફિકને અડચણ રૂપ ખાનગી લકઝરી બસો પાર્ક કરતા હોય જેથી હાલની પરસ્થિતીને ધ્યાને લઈ ટ્રાફીક સુચારૂ અને સલામત રીતે ચાલે તે હેતુસર રાજકોટ શહેરમાં મોટી પ્રાઈવેટ લકઝરી બસો (એચ.પી.વી. હેવી પેસન્જર વ્હીકલ) ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરીયાત જણાય છે. જેથી તા. ૧૭-૫-૨૦૧૫ ના રોજ સ્થાનિક વર્તમાનપત્ર દ્વારા યોજાયેલ ટ્રાફિક અવેરનેશ કાર્યક્રમ અંતર્ગત માનનીય મંત્રીશ્રી માર્ગ અને વાહનવ્યવહાર, ગુજરાત રાજ્ય, રાજકોટ મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, રાજકોટ જિલ્લા કલેકટરશ્રી તથા ૨૦૦ થી ૨૫૦ જેટલા શહેરના પ્રબુધ્ધ નાગરીકો દ્વારા પ્રવેશબંધીની સમયમર્યાદામાં વધારો કરવા અભિપ્રાય આપેલ હોય, જેથી નીચે જણાવ્યા મુજબની વિગતે સવારના કલાક ૮-૦૦ થી રાત્રીના ૮-૦૦ સુધી સમગ્ર રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રવેશબંધીનું જે જાહેરનામું અમલમાં હતુ તેમાં સમય મર્યાદામાં વધારો કરી સવારના કલાક ૮-૦૦ થી રાત્રીના ૯-૦૦ સુધી સમગ્ર રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રવેશબંધી જાહેર કરવાના કાયમી નિર્ણય ઉપર આવેલ છું.

હુકમ

સબબ, હું **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** મને મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) મુજબ મળેલ સતાની રૂએ ઉપરોક્ત વિગતે રાજકોટ શહેર મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રાઈવેટ લકઝરી બસો (હેવી પેસેન્જર વ્હીકલ બસ) ની અવરજવર કરવા ઉપર તા. ૨૫-૦૫-૨૦૧૫ થી સવારના ૮-૦૦ થી સાંજના ૯-૦૦ સુધી પ્રવેશબંધી જાહેર કરૂ છું.

અપવાદ :

નીચેના વિસ્તારમાં પ્રવેશબંધીમાંથી મુકિત રહેશે.

(૧) ૧૫૦ ફુટ રીંગ રોડ માધાપર બાયપાસથી ગોંડલ બાયપાસ ચોકડી સુધી.

(૨) કુવાડવા જુના જકાતનાકાથી ગ્રીનલેન્ડ ચોકડી, મોરબી જુના જકાતનાકાથી ગ્રીનલેન્ડ ચોકડી તેમજ ગોંડલ બાયપાસ રોડથી ગ્રીનલેન્ડ ચોકડી સુધી.

આ જાહેરનામું એસ. ટી. બસ તથા સીટી બસ તથા ફરજ પરની પોલીસની બસો સરકારી અર્ધસરકારી બસો, કોર્પોરેશનની માલીકીની બસો તથા શૈક્ષણીક અને સ્વાસ્થ્ય સંસ્થાની માલીકીની બસોને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ અને આઈ.પી.સી. ૧૮૮ અનુસાર બીન જામીનલાયક ગુન્હા માટે કામ ચલાવવામાં આવશે.

આજરોજ તા. ૨૫-૦૫-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

રાજકોટ, ૨૫ માહે મે, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક:રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૧૨૦૪/૨૦૧૫.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચોવચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનારા નાગરીકો સાથે વાહનચાલકો દ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં જે નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે જે સંજોગોમાં તે જ રોડ પર વાહનવ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિતપણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતા પ્રદુષણનો ભોગ બનતા હોય છે. જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/- રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતી અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

હુકમ

૩/-આથી હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ રસ્તોઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૦૧-૦૬-૨૦૧૫ થી ૩૧-૦૭-૨૦૧૫ સુધી એક માર્ગીય (વન-વે) જાહેર કરવા હુકમ કરૂ છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી ૦૭-૩૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડનો ફકત બહારના ભાગે આવેલ રોડ એકતરફી ‘‘ક્લોક વાઈઝ’’ જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઈટ આઈસ્ક્રીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સીનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એકતરફી રસ્તો ચાલુ રહેશે.

૨૬	શ્રીમતી એસ.જે.વરમોરા મહિલા કોલેજ	કડવા પાટીદાર બોડીંગ કેમ્પસ ગાંધી હોસ્પીટલ પાછળ, વઢવાણ સીટી	શ્રી ડી. એચ. પટેલ	૯૯૭૯૩૮૨૨૮૪

૧	૨	૩	૪	૫
૨૭	એમ.ટી.દોશી સાર્વ. હાઈસ્કુલ, વઢવાણ	લાખુપોળ પાસે, રેલ્વે સ્ટેશનરોડ વઢવાણ	આચાર્ય વિરેન્દ્રકુમાર શંકરલાલ	૯૪૨૭૬૬૩૮૦૭
૨૮	શ્રીમતી સદગુણા સી.યુ.શાહ હોમ સાયન્સ અને સી.યુ. શાહ આર્ટસ અને કોમર્સ મહીલા કોલેજ) વઢવાણ	કડવા પાડીદાર બોડીંગ પાસે, ગાંધી હોસ્પીટલ પાછળ, વઢવાણ સીટી	ડો. દક્ષાબેન એન. મહેતા	૯૮૨૫૧૮૩૨૦૮
૨૯	કે.પી. ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ	પાટીદાર ગર્લ્સ હાઈસ્કુલ લો કોલેજ પાસે ગાંધી હોસ્પીટલ પાછળ, વઢવાણ	વાછાણી રસીલાબેન એચ.	૯૪૨૮૩૨૯૦૯૫
૩૦	દાજીરાજ હાઈસ્કુલ, વઢવાણ	રાજ મહેલ રોડ, વઢવાણ	ભરતસિંહ ગોહીલ	૯૯૦૪૧૨૯૩૭૪
૩૧	સ્વામી વિવેકાનંદ વિદ્યાલય	ભકિત નંદન સર્કસ સ્વામી નારાયણ મંદિર પાસે ૮૦ ફુટનો રોડ, વઢવાણ	શ્રી દસલાણીયા જગદીશભાઈ આર.	૯૯૨૫૬૪૨૭૧૭
૩૨	સી.યુ.શાહ ઈંગ્લીસ હાઈસ્કુલ, વઢવાણ	દુધની ડેરી સામે, વઢવાણ	અજીતકુમાર એસ.	૯૮૭૯૫૬૦૩૮૫
૩૩	એમ.યુ.શેઠ ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ	રેલ્વે સ્ટેશન રોડ, દાજીપરા, વઢવાણ	કે.આર. ધારીયા પરમાર	૯૮૭૯૫૭૦૫૬૭
૩૪	શ્રી ગિતાંજલી વિદ્યાલય	શીયાણી પોલ પાસે, અમરધામ મંદિર પાસે, લીંબડી રોડ, વઢવાણ	કણઝરીયા સુરેશભાઈ એચ.	૯૯૨૪૧૭૭૪૨૬
૩૫	દર્શન વિદ્યાલય	સહજાનંદ પાર્ક નવા બીલ્ડીંગ પાસે પટેલ સોસાયટી પાસે, રતનપર	દુધરેજીયા બાવલભાઈ રતનશીભાઈ	૯૮૭૯૯૫૬૬૪૯
૩૬	શ્રીમતી સવિતાબેન વાડીલાલ વકિલ માધ્યમિક શાળા (સવાશાળા)	કોઝવે રોડ, નદિ કાઠે, જોરાવરનગર સુરેન્દ્રનગર	રમેશભાઈ પી. ચતુર	૯૨૨૮૨૭૧૧૭૫
૩૭	ડી.એન.ટી. હાઈસ્કુલ, સુરેન્દ્રનગર	રાઠોડની ચાલી પાસે, જોરાવરનગર, સુરેન્દ્રનગર	બ્રીજરાજસિંહ જે ઝાલા	૯૪૨૭૬૬૫૨૮૮
૩૮	પીજીએનએમએસ ગર્લ્સ હાઈ. સુરેન્દ્રનગર	દિવાનવાડી સામે જોરાવરનગર, સુરેન્દ્રનગર	શ્રી રીટાબેન તિલકરામ આચાર્ય	૯૪૦૮૭૫૦૧૭૦
૩૯	સેન્ટ હિલેરી હાઈસ્કુલ	હળવદ રોડ, ધ્રાંગધ્રા	રણજીતસિંહ કે. ગોહીલ	૯૪૨૭૨૦૩૨૦૧
૪૦	સર. અજિતસિંહ હાઈસ્કુલ,	પાર્ટ-૨ બસ સ્ટેનડ સામે ધ્રાંગધ્રા	વર્ષાબેન એસ. ગોસાઈ	૭૮૭૮૦૯૯૮૩૩
૪૧	બ્રહ્માનંદ વિદ્યાલય, ધ્રાંગધ્રા	હળવદ રોડ સંસ્કાર ધામ ગુરૂકુલ રોડ, ધ્રાંગધ્રા	સુરેશભાઈ સી. સતાપરા	૮૧૨૮૬૮૬૫૬૫
૪૨	શિખર પબ્લીક સ્કુલ, ધ્રાંગધ્રા	મેળાનાં મેદાન પાસે, શીતળા માતા રોડ, ધ્રાંગધ્રા	સંજયકુમાર હરીલાલ સેલારા	૯૪૨૭૦૪૬૮૯૮
૪૩	શેઠ એમ.એમ. વિદ્યાલય, ધ્રાંગધ્રા	સરકારી હોસ્પીટલ પાસે કલબ રોડ, ધ્રાંગધ્રા	હર્ષાબેન એન. ત્રિવેદી	૯૯૭૯૩૨૪૩૨૫
૪૪	એમ.ડી.એમ. કન્યા વિદ્યાલય	સરકારી હોસ્પીટલ પાસે કલબ રોડ, ધ્રાંગધ્રા	અમરીશ પી. ફુલતરીયા	૯૯૭૯૦૦૦૭૭૮
૪૫	શ્રેયસ માધ્યમિક શાળા, ધ્રાંગધ્રા	કોલેજ રોડ નરસિંહ પુરા, ધ્રાંગધ્રા	એચ.એસ. શુકલ.	૯૮૭૯૩૨૧૨૪૯
૪૬	સાધના વિદ્યાલય, ધ્રાંગધ્રા	હળવદ રોડ, ધ્રાંગધ્રા	પટેલ રાકેશભાઈ સી.	૭૩૮૩૯૮૬૮૧૦
૪૭	તપોવન વિદ્યાલય ધ્રાંગધ્રા	મયુરનગર હળવદ રોડ, ધ્રાંગધ્રા	વીપુલ ઘનશ્યામભાઈ દલસાણીયા	૯૪૨૮૩૨૭૧૬૨
૪૮	રચના માધ્યમિક શાળા, સુરેન્દ્રનગર	જે.પી. શેરી નં. ૧ નવા જંકશન પાસે, કરમણપરા, સુરેન્દ્રનગર	કીશોરભાઈ એચ. પટેલ	૭૩૮૩૫૮૨૨૯૫
૪૯	સંકલ્પ વિદ્યાલય	મોર્ડન કલાસીસની બાજુમાં, રત્નદીપ સોસાયટી, ૮૦ ફીટ રોડ, વઢવાણ	ભગવતી પ્રસાદ સી જાની	૯૮૨૪૧૮૦૦૨૯

સુરેન્દ્રનગર, ૯ માહે જુન, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

INDEX

પોલીસ કમિશ્નર દ્વારા

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૪૦૪/૨૦૧૫.-ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ હતા. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ હતો. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવરજવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ હતા. જે બનાવોને ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબરઃ જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબરઃ જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે, કોઈપણ વ્યકિત ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકી શકશે નહી તેમજ પ્રતિબંધીત કૃત્યમાં ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦-૦૬-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૮-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૫ માહે જુન, સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૫ માહે જુન, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૪૫૦/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભના કારણો અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ હતી જેને અનુલક્ષીને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકોએ પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના હેતુસર હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૧૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય તે રીતે નાઈટ વીઝન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે. અને આ સી.સી.ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) પેરા નં.-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા પેરા નં.-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ અધિકારી, મહેસુલી અધિકારી, એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૫-૦૬-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૮-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૦ માહે જુન-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૦ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

જાહેરનામું

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી-૧૦૫૩/૨૦૧૫.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૨૬-૦૬-૨૦૧૫ થી તા. ૨૭-૦૬-૨૦૧૫ સુધી કેન્દ્રીય ઔદ્યોગીક સુરક્ષા બળનાં અધિકારી/કર્મચારીઓના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ)થી મળેલ અધિકારની રૂએ હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર** આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૨૬-૦૬-૨૦૧૫ થી તા. ૨૭-૦૬-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહુ વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનીયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૧૨-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૧૨ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ જાહેરનામું

હુકમ

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી-૧૦૫૪/૨૦૧૫.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૧૫-૦૬-૨૦૧૫ થી તા. ૧૭-૦૬-૨૦૧૫ સુધી રા.અ.પો.દળ જુથ-૧૩ ઘંટેશ્વર (રાજકોટ)ની ‘‘એ’’ કંપનીના અધિકારી/જવાનોનું સને ૨૦૧૪ના વર્ષનાં બીજા તબક્કાની ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ)થી મળેલ અધિકારની રૂએ હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર** આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૧૫-૦૬-૨૦૧૫ થી તા. ૧૭-૦૬-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમની કલમ-૧૩૧ની તથા ભારતીય ફોજદારી અધિનીયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૧૨-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૧૨ માહે જુન, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર

મામલતદાર દ્વારા

જાહેરનામુ

નં. વહવ/વશી/૪૯૯/૦૪.-આથી હું, આર. એચ. ટુંડીયા, મામલતદાર જાફરાબાદ, જિલ્લો-અમરેલી, ગુજરાત રાજય, આથી હું આ અધિકારપત્ર આપી જાહેર કરૂ છું કે, આ કચેરીમાં સરકારી ડોકયુમેન્ટ જેવા કે શિક્ષણને લગતા પ્રમાણપત્રો, સરકારી કચેરીઓના હુકમો વિગેરેની ખરી નકલોમાં સહી કરવા માટે આ કચેરીના નાયબ મામલતદારશ્રી એ.ટી.વી.ટી. અને નાયબ મામલતદાર પુરવઠાને અધિકૃત કરૂ છું.

આજ તારીખઃ ૯ મી જુન-૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કાથી આ જાહેરનામુ બહાર પાડુ છું.

જાફરાબાદ, ૯ માહે જુન, સને ૨૦૧૫.

આર. એચ. ટુંડીયા,
મામલતદાર,
જાફરાબાદ.

મામલતદાર તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

બી.પી. એકટ ૧૯૫૧ ની કલમ-૮૫ મુજબનું

જાહેરનામુ

બીનવારસી કેસ નં. ૧/૨૦૧૫.-આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ સબ ઈન્સપેકટરશ્રી, વંથલી તરફથી તેમનાં સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૩/૧૫, ગુના પાવતી નં. ૩૩/૧૫, તા. ૧૪-૪-૧૫ તથા ૧-૫-૨૦૧૫ ના રીપોર્ટમાં જણાવ્યા મુજબનો મુદામાલ બીનવારસી હોવાથી બી.પી.એકટ કલમ-૮૪ મુજબ નિકાલ માટે આ કોર્ટમાં રજુ કરેલ છે.

સદરહું એકટ કલમ-૮૫(૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે બજાજ-M ૮૦ GJ11J ૫૮૭૯ નું મોટર સાઈકલનો જે કોઈ શખ્સ માલીક પોતાની માલીકી હોવાનો દાવો ધરાવતા હોય તેવા ઈસમો જાતે અથવા અધિકૃત વકીલ દ્વારા આધાર પુરાવા સહીત અમારી કચેરીએ અમારા રૂબરૂ આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસ સુધીમાં હાજર થઈ દાવો રજુ કરવો.

સદરહુ ૬ (છ) માસની મુદત દરમ્યાન કોઈ માલીક હાજર થશે નહી કે દાવો રજુ થશે નહી તો છ માસ પુરા થયેથી ઉકત મુદામાલની બી.પી.એકટ કલમ-૮૭ મુજબ જાહેર હરરાજી થી નિકાલ કરવામાં આવશે. જેની આથી સર્વેએ નોંધ લેવી.

આજરોજ તા. ૨૧-૦૫-૨૦૧૫ ના રોજ ખુલ્લી કોર્ટમાં મારી સહી તથા સીક્કા કરી જાહેરનામું બહાર પાડયું.

વંથલી, ૨૧ માહે મે, સને ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
વંથલી.

સંયુક્ત વાણિજિયક વેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

૧. મે. ધવલ એગ્રી એક્સપોર્ટ, રાજકોટ ટીન નં. ૨૪૦૯૧૪૦૦૩૯૪ ના એચ. ફોર્મ ગુમ થવા અંગેની તા. ની અરજી તા. ૨૬-૦૫-૧૫.

૨. સહાયક વાણિજિયકવેરા કમિશ્નર, યુનીટ-૯૩, રાજકોટના પત્ર નંબર : જા. ૧૮૬૦, તા. ૦૯-૦૬-૨૦૧૫.

આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૦/રાજ/વવટ-૧/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૨૬૧/૮૦.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૯૩, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. ધવલ એગ્રી એક્સપોર્ટ, રાજકોટ ટીન નં. ૨૪૦૯૧૪૦૦૩૯૪ના તથા કેન્દ્રીય નંબર : ૨૪૫૯૧૪૦૦૩૯૪ ધરાવે છે. તેઓને ફોર્મ એચ. ઈસ્યુ કરેલ હતાં. જે સી.-ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક ૧ તથા ૨ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના એચ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર એફ ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદનું કારણ
૧	ધવલ એગ્રી એક્સપોર્ટ, રાજકોટ ટીન નં. ૨૪૫૯૧૪૦૦૩૯૪	૦૩૩૫૩૨૧ (ફોર્મ એચ) રૂ. ૫૪,૮૪,૫૪૦ પીરીયડ તા. ૦૧-૦૭-૧૦ થી ૩૦-૦૯-૧૦	૧ (એક)	ખોવાઈ જવાથી

આથી હું, એસ. એમ. સકસેના, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ એચ. ફોર્મ પાના નંબર ૦૩૩૫૩૨૧ પાના-૧ (એક) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૧૦ માહે જુન, સને ૨૦૧૫.

વંચાણે લીધું :

૧. મે. એડવીક હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ રાજકોટ ટીન નં. ૨૪૦૯૧૧૦૧૫૦૬ના સી. ફોર્મ ગુમ થવા અંગેની તા. ની અરજી તા. ૧૩-૦૫-૧૫.

૨. વાણિજિયકવેરા અધિકારી-૩, યુનિટ-૯૩, રાજકોટના પત્ર ક્રમાંક : જા. ૧૨૩૧, તા. ૨૬-૦૫-૧૫.

આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૦/રાજ/વવટ-૧/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૨૨૧/૨૩૮.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૯૩, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. એડવીક હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ રાજકોટ ટીન નં. ૨૪૦૯૧૧૦૧૫૦૬ તથા કેન્દ્રીય નંબર : ૨૪૫૯૧૧૦૧૫૦૬ ધરાવે છે. તેઓને ફોર્મ સી. ઈસ્યુ કરેલ હતાં. જે સી.-ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક ૧ તથા ૨ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના સી ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદનું કારણ
૧	એડવીક હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ નોં. નં. ૨૪૫૯૧૧૦૧૫૦૬	સી. ફોર્મ નં. ૯૯૩૨૮૩૩ રૂ. ૨,૮૩,૮૧૫ તા. ૦૧-૦૧-૨૦૧૧ થી ૩૧-૦૩-૨૦૧૧	૧ (એક)	ખોવાઈ જવાથી

આથી હું, એસ. એમ. સકસેના, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી. ફોર્મ પાના નંબર ૯૯૩૨૮૩૩ પાના-૧ (એક) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૭ માહે મે, સને ૨૦૧૫.

વંચાણે લીધું :

૧. મે. અતુલ ઓટો લી. રાજકોટ ટીન નં. ૨૪૦૯૨૫૦૦૮૯૩ ના સી. ફોર્મ ગુમ થવા અંગેની તા. ની અરજી તા. ૨૧-૦૫-૧૫.

૨. વાણિજિયકવેરા અધિકારી-૫, યુનીટ-૯૩, રાજકોટના પત્ર ક્રમાંક : જા. ૧૦૩૯, તા. ૨૨-૦૫-૧૫.

INDEX

આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૦/રાજ/વવટ-૧/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૧૮૪/૨૦૨.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૯૩, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. અતુલ ઓટો લી. રાજકોટ ટીન નં. ૨૪૦૯૨૫૦૦૮૯૩ તથા કેન્દ્રીય નંબર ૨૪૫૯૨૫૦૦૮૯૩ ધરાવે છે. તેઓને ફોર્મ સી. ઈસ્યુ કરેલ હતાં. જે સી.-ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક ૧ તથા ૨ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના સી ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર એફ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કુલ પાના	રદનું કારણ
૧	અતુલ ઓટો લી. નોંધણી નં. ૨૪૫૯૨૫૦૦૮૯૩	સી. ફોર્મ નં. (૧) ૮૭૨૦૧૯૫ રૂા. ૯,૬૦,૩૧૭ તા. ૨૪-૦૮-૧૦ તા. ૧-૪-૧૦ થી ૩૦-૬-૧૦ સી ફોર્મ નં. (૨). ૮૯૯૯૭૫૨ રૂ. ૮,૮૩,૫૧૦ તા. ૨૪-૧૧-૧૦ તા. ૧-૭-૧૦ થી ૩૦-૯-૧૦ સી.ફોર્મ નં. (૩) ૯૨૭૮૬૩૦ રૂા. ૩,૮૨,૦૫૮ તા. ૦૬-૦૨-૧૧ તા. ૧-૧૦-૧૦ થી ૩૧-૧૨-૧૦	૩ (ત્રણ)	ખોવાઈ જવાથી

આથી હું, એસ. એમ. સકસેના, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી. ફોર્મ પાના નંબર ૮૭૨૦૧૯૫, ૮૯૯૯૭૫૨ તથા ૯૨૭૮૬૩૦ પાના-૩ (ત્રણ) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૭ માહે મે, સને ૨૦૧૫.

વંચાણે લીધું :

૧. મે. અમુલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. રાજકોટ ટીન નં. ૨૪૦૯૧૧૦૦૩૮૭ના સી. ફોર્મ ગુમ થવા અંગેની તા. ની અરજી તા. ૦૯-૦૩-૧૫.

૨. વાણિજિયકવેરા અધિકારી-૩, યુનિટ-૯૩, રાજકોટના પત્ર ક્રમાંક : જા. ૧૨૩૨, તા. ૨૬-૦૫-૧૫.

આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૦/રાજ/વવટ-૧/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૨૦૨/૨૨૦.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૯૩, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. અમુલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. રાજકોટ ટીન નં. ૨૪૦૯૧૧૦૦૩૮૭ તથા કેન્દ્રીય નંબર ૨૪૫૯૧૧૦૦૩૮૭ ધરાવે છે. તેઓને ફોર્મ સી. ઈસ્યુ કરેલ હતાં. જે સી.-ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક ૧ તથા ૨ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના સી ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદનું કારણ
૧	અમુલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. નોં. નં. ૨૪૫૯૧૧૦૦૩૮૭	સી. ફોર્મ નં. ૨૪ ૮૨૧૧૪૨૮ રૂા. ૧૨,૪૯,૫૦૦ તા. ૨૪-૦૪-૨૦૧૦ તા. ૦૧-૦૭-૨૦૦૯ થી ૩૦-૦૯-૨૦૦૯	૧ (એક)	ખોવાઈ જવાથી

આથી હું, એસ. એમ. સકસેના, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી. ફોર્મ પાના નંબર ૨૪ ૮૨૧૧૪૨૮ પાના-૧ (એક) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૭ માહે મે, સને ૨૦૧૫.

એસ. એમ. સકસેના,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧૦, રાજકોટ,

વંચાણમાં લીધું :

(૧) મે. ઈન્ડીયા મોટર પાર્ટસ એન્ડ એસેસરીઝ લી. નોં. નં. ૨૪૦૭૪૫૦૦૮૬૬ ની ‘સી’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૧), ઘટક-૧૧, અમદાવાદના પત્રાંક જા. ૨૧૦૩, તા. ૨૫-૦૫-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક જા. ૬૮૨, તા. ૦૧-૦૬-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૪-૧૫/જા. ૨૨૦૫/૨૪.-વાણિજ્યિકવેરા અધિકારી (૧), ઘટક-૧૧, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. ઈન્ડીયા મોટર પાર્ટસ એન્ડ એસેસરીઝ લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૪૫૦૦૮૬૬ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૪૫૦૦૮૬૬ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ “C” Form No. : ૮૨૧૫૭૯૭, ૯૨૧૫૪૮૧ તથા ૯૨૧૫૪૭૫ (ત્રણ) કુલ-૩ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૩ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ‘સી’ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. ઈન્ડીયા મોટર પાર્ટસ એન્ડ એસેસરીઝ લી. ૨૪૦૭૪૫૦૦૮૬૬ ૨૪૫૭૪૫૦૦૮૬૬	વા. વે. અધિકારી (૧), ઘટક-૧૧, અમદાવાદ.	“C” Form No : ૮૨૧૫૭૯૭, ૯૨૧૫૪૮૧ તથા ૯૨૧૫૪૭૫	૦૩ (ત્રણ) “C” Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ “સી” ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૫ માહે જુન, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. કેવીન કેર પ્રા. લી. નોં.નં. ૨૪૦૭૨૯૦૨૧૧૮ ની ‘એફ’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૫, અમદાવાદના પત્રાંક જા. ૨૭૩૨, તારીખ ૧૪-૦૫-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૯૭૨/૭૩, તા. ૨૫-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૧૯૮૬/૨૦૦૫-વાણિજ્યિકવેરા અધિકારી (૨), ઘટક-૫, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. કેવીન કેર પ્રા. લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૨૯૦૨૧૧૮ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૨૯૦૨૧૧૮ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ “F” Form No. : ૦૩૩૫૫૮૩ તથા ૦૩૩૫૫૮૪ નંગ-૨ (બે) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના “F” Form પાના નંગ-૦૨ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એફ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. કેવીન કેર પ્રા.લી. ૨૪૦૭૨૯૦૨૧૧૮ ૨૪૫૭૨૯૦૨૧૧૮	વા. વે. અધિકારી (૨), ઘટક-૫, અમદાવાદ.	“F” Form No : ૦૩૩૫૫૮૩ તથા ૦૩૩૫૫૮૪	૨ (બે) “F” Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ “એફ” ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧ માહે જુન, સને ૨૦૧૫.

INDEX

વંચાણમાં લીધું :

(૧) મે. નિરમા લિમીટેડ નોં. નં. ૨૪૦૭૩૩૦૧૪૯૭ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૧૧૦૨, તારીખ ૨૦-૦૫-૨૦૧૫.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક જા. ૧૦૦૭/૦૮, તા. ૩૦-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૨૦૨૭/૪૬.-વાણિજ્યિકવેરા અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. નિરમા લિમીટેડ કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૧૪૯૭ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૧૪૯૭ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૯૪૮૫૯૬૨ (એક) કુલ-૧ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. નિરમા લિમીટેડ ૨૪૦૭૩૩૦૧૪૯૭ ૨૪૫૭૩૩૦૧૪૯૭	વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ.	"C" Form No : ૯૪૮૫૯૬૨	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૨ માહે જુન, સને ૨૦૧૫.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૩૯/૨૭૫૪/સા-૮૧૫૯/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ક્રિપ્ટોન ક્રેડીટ કો.ઓપ. સોસાયટી લી., મર્યાદિત મુ. : જામનગર, તા. : જામનગર, જિલ્લોઃ જામનગર. સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૬ માહે જુન, સને ૨૦૧૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

૨. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

૩. શ્રી ભીખાભાઈ ચનાભાઈ ગજેરા, મુ. માખીયાળા, તા. જુનાગઢ, જિ. જુનાગઢની રજુઆત તા. ૨૪-૬-૧૪ તથા ૩૦-૩-૧૫

૪. અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ/ ખ-૪/૧૨૫/૧૫, તા. ૩૧-૦૩-૧૫.

૫. અત્રેની કચેરીના તા. ૨૨-૪-૧૫ નો પત્ર : ફડચ/ખ-૪/૧૪૯/૧૫, તા. ૨૨-૦૪-૧૫.

૬. અત્રેની કચેરીના તા. ૧૬-૫-૧૫ નો પત્ર : ફડચ/ખ-૪/૧૬૮/૧૫, તા. ૧૬-૦૫-૧૫.

INDEX

વચગાળાનો આદેશ

જા.નં./ફડચ/ખ-૪/૧૭૭/૧૫/૨૨૭૦/૧૫.-આથી હું, એ. એન. ભેટારીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી અધિકારીઓના અધિનીયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી બલરામ કોટન ખરીદ વેંચાણ સહકારી મંડળી લી., મુ. બંધાળા, તા. જુનાગઢ, જિ. જુનાગઢ કે જેના નોંધણી નંબર-૪૪૪૭, તા. ૨૦-૩-૨૦૧૦ થી નોંધાયેલ છે. તેને અધિનીયમની કલમ-૧૦૭(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું તથા અધિનિયમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂ છું. અને આ વચગાળાના હુકમ સામે હુકમ ઈસ્યુ કર્યાની તારીખથી દિવસ ૩૦ માં જરૂરી આધાર પૂરાવા સાથે રજુઆત કરવા હુકમ કરૂં છું.

જુનાગઢ, ૨ માહે જુન, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

૨. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

૩. શ્રી ભીખાભાઈ ચનાભાઈ ગજેરા, મુ. માખીયાળા, તા. જુનાગઢ, જિ. જુનાગઢની રજુઆત તા. ૨૪-૬-૧૪ તથા ૩૦-૩-૧૫

૪. અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ/ ખ-૪/૧૨૬/૧૫, તા. ૩૧-૦૩-૧૫.

૫. અત્રેની કચેરીનો મુદત આપતો તા. ૧૨-૦૪-૧૫ નો પત્ર.

૬. અત્રેની કચેરીના આખરી મુદત આપતો તા. ૧૬-૫-૧૫ નો પત્ર.

૭. પ્રમુખશ્રી માખીયાળા ફળ શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. માખીયાળાનો તા. ૨૫-૦૫-૧૫ ની લેખીત રજૂઆત.

વચગાળાનો આદેશ

જા.નં./ફડચ/ખ-૪/૧૭૬/૧૫/૨૨૭૧/૧૫.-આથી હું, એ. એન. ભેટારીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ ઉપરની આમુખની વિગત ધ્યાને લઈ તથા વંચાણે લીધેલ ક્રમ નં.-૨ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ આ જિલ્લાની શ્રી માખીયાળા ફળ શાકભજી ઉત્પાદક સહકારી મંડલી લી., મુ. માખીયાળા, તા. જુનાગઢ, જિ. જુનાગઢને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(સી)(૪)ની જોગવાઈ ધ્યાને લઈ આ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ કરૂ છુ. તથા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૮ની જોગવાઈ મુજબ આ મંડળીના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો)ની નિમણુંક કરી ઉકત કલમની જોગવાઈ મુજબ ઉકત મંડળીને આ હુકમ કર્યાની તારીખથી આ વચગાળાના આદેશ સામે દિવસ-૩૦માં જરૂરી રજુઆત કરવા હુકમ કરૂં છું.

જુનાગઢ, ૨ માહે જુન, સને ૨૦૧૫.

એ. એન. ભેટારીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીનાં અંતીમ હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/ફ/૧૮૨૫૪/ખ-૪/૬૦/૨૦૧૫, તા. ૨૯-૦૧-૨૦૧૫.

(૪) ફડચા અધિકારીશ્રી શ્રી રાજપરા (ચોક) દુધ ઉત્પા. સહ.મં.લી., મુ. રાજપરા (ચોક), તા. પાલીતાણા, જિ. ભાવનગર અને સહ. અધિ. ફ-નં.-૩ લગત કચેરીનો તા. ૧૩-૦૪-૨૦૧૫ નો અહેવાલ.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૩૨/૪૫૮૦/૨૦૧૫.-આથી હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) તથા વંચાણે લીધા ક્રમાંક નં. ૨ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ શ્રી રાજપરા (ચોક) દુધ ઉત્પા. સહ.મં.લી., મુ. રાજપરા (ચોક), તા. પાલીતાણા, જિ. ભાવનગરની કે જેનો નોંધણી નંબરઃ ૨૪૨૩, તા. ૨૨-૦૭-૧૯૮૯ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ–૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

ભાવનગર, ૯ માહે જુન, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/ક-૨/૦૧/૮૪/૫૬૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, જાહેર કરે છે કે, શ્રી ઉગામેડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઉગામેડી, તાલુકો : ગઢડા, જિલ્લોઃ બોટાદ, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સે.દૂ. -૪૨૦૮૨/૨૦૧૫, તા. ૧૦-૦૬-૨૦૧૫.

બોટાદ, ૧૦ માહે જુન, સને ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા (૨૦)(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૨૯/૧૩, તા. ૨૯-૦૭-૨૦૧૩.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૫-૦૫-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક:ફડચ/ગ-૨/૧૨૦/૨૦૧૫.-આથી હું, પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક-(૨)વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ શ્રી દેરડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દેરડી, તા. જેતપુર, જિ. રાજકોટ નોંધણી નંબર : સે.દુ.-૩૪૮૬૩, તા. ૨૭-૦૪-૨૦૦૪ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ–૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહું મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૧૦ માહે જુન, સને ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃનધણ/જ-૨/૩૧૫/૩૭૯૯/નં. આરજેટીઃસે.-૪૨૭૭૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ગ્લોબલ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૩૨૨/નં. આરજેટીઃસે.-૪૨૭૭૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વરદાન ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૮ માહે જુન, સને ૨૦૧૫.

પ્રતિક ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૪૫-૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ./તા. ૧-૧૨-૨૦૦૫.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૬૯/૨૦૧૫ તા. ૨૦-૦૧-૨૦૧૫

(૩) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનીયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૮૮/૨૭૬૧/૨૦૧૫.-શ્રી વિજય સામુદાયીક ખેતી સહકારી મંડળી લી., મુ. જનસાળી, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગર કે જેનો નોંધણી નં.-ખે-૪૧૬૯, તા. ૦૩-૦૬-૨૦૧૦ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને વંચાણે લીધેલ ક્રમ-૨ ના આદેશથી કાયદાની કલમ-૧૦૭

અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં યોગ્ય આધાર-પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ આજદિન સુધી મંડળી તરફથી કોઈ રજુઆત આવેલ ન હોઈ ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવે છે. તેમજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો નં. ૨) અત્રેની કચેરીની નિમણુંક કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૯ માહે જુન, સને ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઓદ્યોગીક) અને સંયુક્ત નિયામક (ટેક્ષટાઇલ) કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૯ (અ) તથા નિયમ-૧૦ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફિકેશન નં. :જીએચકેએચ/૬૨/ ૨૦૧૧/ એનએસબી/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૧૧

(૩) માજી પ્રમુખ/મંત્રી શ્રી રોહિદાસ ચર્મોદ્યોગ સ.મં. લી., મુ. ગોઢાવદર, તા. લીલીયા, જિ. અમરેલી.

હુકમ

જાન. જિઉકે/અમર/ચ/૪૨/૧૫.-હું, શ્રી જી. એલ. પટેલ, રજીસ્ટ્રાર, સરકારી મંડળીઓ (ઓદ્યોગીક) અને સંયુકત નિયામક (ટેક્ષટાઈલ) કુટિર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગર મને આમુખ-૨ ના વંચાણે લીધેલ અને મળેલ સત્તા મુજબ ગુજરાત સરકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૯(અ) ની સત્તાની રૂએ શ્રી રોહિદાસ ચર્મોદ્યોગ સ.મં. લી., મુ. ગોઢાવદર, તા. લીલીયા, જિ. અમરેલી જેનો નોંધણી નંબરઃ ઉ/૬૧૨૯ તા. ૧૨-૦૨-૧૯૮૬ થી નોંધાયેલ છે. તેને પુનઃજીવીત કરવા આથી નિચેની શરતોને આધિન રહીને હુકમ કરૂ છું.

(૧) મંડળીએ તેના ઉદેશો મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૨) દર ત્રણ માસે પ્રગતી અહેવાલ મોકલી આપવાનો રહેશે.

અમરેલી, ૧૧ માહે જુન, સને ૨૦૧૫.

જી. એલ. પટેલ,
રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ઔદ્યોગીક), અને
સંયુક્ત નિયામક (ટેક્ષ્ટાઈલ)
કુટિર અને ગ્રામોદ્યોગ,
ગાંધીનગર.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારીશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૨૦૧૧/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૯

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃફડચ/ગ-૨/૧૫૩૨/૨૦૧૧, તા. ૧૯-૧૧-૨૦૧૧

(૪) લીકવીડેટરશ્રી શ્રી અંબિકા કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી., ધ્રાંગધ્રાની તા. ૧૧-૩-૨૦૧૫ તેમજ તા. ૨૮-૪-૨૦૧૫ ની દરખાસ્ત

(૫) અત્રેની કચેરીના પ્રાથમિક જાહેરનામા ક્રમાંકઃ ફડચ/ગ-૨/ ૫૬૨/૨૦૧૫, તા. ૩૦-૪-૧૫

(૫) લીકવીડેટરશ્રી શ્રી અંબિકા કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી., ધ્રાંગધ્રાની તા. ૮-૬-૧૫ ની દરખાસ્ત

આદેશ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૧૨૨/૨૮૧૭/૨૦૧૫.-આથી હું, જે. ડી. નાયી, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ), ભુજ-કચ્છ, ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી અંબિકા કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી., ધ્રાંગધ્રા, તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર જેનો નોંધણી ક્રમાંકઃ ૨૫૬૮, તા. ૨૫-૦૯-૧૯૭૮ છે. જેને પુનઃજીવીત કરવામાં આવે છે અને આ મંડળીના નોંધાયેલા પેટા નિયમો તથા નોંધણી નંબર યથાવત ચાલુ રહેશે.

ભુજ-કચ્છ, ૧૧ માહે જુન, સને ૨૦૧૫.

જે. ડી. નાયી,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ

INDEX

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં અંતિમ હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/ફ-૧૮૨૨૫/ખ-૪/૪૬૯/૨૦૧૩, તા. ૦૫-૦૬-૨૦૧૩.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) તથા કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

(૩) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ના જી.એચ.કે.એચ./૬૨/૨૦૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૨૭/૪૫૬૨/૨૦૧૫.-શ્રી કમળેજ હરિજન કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. કમળેજ, તા. ભાવનગર, જિ. ભાવનગરનો વંચાણે લીધા ક્રમાંક નં.-૧ નાં હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

સદરહું મંડળીનો નોંધણી નંબર : ધ-૫૫૦૦, તા. ૨૮-૦૨-૧૯૮૯ થી નોંધાયેલ છે. આથી હું, પી. બી. ખસીયા, મદદનિશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ, ભાવનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ ૧૧૪(૨) તથા ૨૦(૧) તથા વંચાણે લીધા ક્રમાંક નં.-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ શ્રી કમળેજ હરિજન કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. કમળેજ, તા. ભાવનગર, જિ. ભાવનગરની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

ભાવનગર, ૮ માહે જુન, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં અંતિમ હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/ફ-૧૬૩૮૯/ખ-૪/૨૦૬/૨૦૦૬, તા. ૨૭-૦૪-૨૦૦૬.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) તથા કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

(૩) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ના જી.એચ.કે.એચ./૬૨/૨૦૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૨૬/૪૫૬૩/૨૦૧૫.-શ્રી સિધ્ધાચલ કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. ભાવનગર, તા. ભાવનગર, જિ. ભાવનગરનો વંચાણે લીધા ક્રમાંક નં.-૧ નાં હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

સદરહું મંડળીનો નોંધણી નંબર : ધ-૧૩૨૭૧, તા. ૦૮-૦૨-૧૯૯૫ થી નોંધાયેલ છે. આથી હું, પી. બી. ખસીયા, મદદનિશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ, ભાવનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ ૧૧૪(૨) તથા ૨૦(૧) તથા વંચાણે લીધા ક્રમાંક નં.-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ શ્રી સિધ્ધાચલ કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. ભાવનગર, તા. ભાવનગર, જિ. ભાવનગરની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

ભાવનગર, ૮ માહે જુન, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં અંતિમ હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/ફ-૧૮૨૧૮/ખ-૪/૨૬૨/૨૦૦૬, તા. ૦૫-૦૬-૨૦૦૬.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) તથા કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

(૩) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ના જી.એચ.કે.એચ./૬૨/૨૦૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૨૯/૪૫૬૧/૨૦૧૫.-શ્રી સુપ્રિમ કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. ભાવનગર, તા. ભાવનગર, જિ. ભાવનગરનો વંચાણે લીધા ક્રમાંક નં.-૧ નાં હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

સદરહું મંડળીનો નોંધણી નંબર : ધ-૧૦૬૬૪, તા. ૦૨-૦૨-૧૯૮૪ થી નોંધાયેલ છે. આથી હું, પી. બી. ખસીયા, મદદનિશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ, ભાવનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ ૧૧૪(૨) તથા ૨૦(૧) તથા વંચાણે લીધા ક્રમાંક નં.-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ શ્રી સુપ્રિમ કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. ભાવનગર, તા. ભાવનગર, જિ. ભાવનગરની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

ભાવનગર, ૮ માહે જુન, સને ૨૦૧૫.

પી. બી. ખસીયા,
મદદનિશ જિલ્લા રજીસ્ટ્રાર
(હાઉસીંગ) સહકારી મંડળીઓ,
ભાવનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 02nd JULY, 2015/ASHADHA 11, 1937 No. 27

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	747-770
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1075-1104
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read:

4. *Section-22 of Chapter-IV of the Gujarat Civil Courts Act, 2005.*
5. *Letter No. C.2103/06, dated 30.12.2005 read with letter No. C. 2103/91, dated 07.01.1994 of Hon'ble High Court of Gujarat, Ahmedabad.*
6. *Rules-50(l) & (2) of the Gujarat Civil Services (Leave) Rules, 2002.*

NOTIFICATION

No. UHC / 05 / 2015..-The following Judicial Officers working in the Subordinate Courts of this District were prevented from availing of Summer Vacation - 2015 commencing from 16.05.2015 to 14.06.2015 (Both days inclusive) for the period shown against their respective names under Rule-50(2) of Gujarat Civil Services (Leave) Rules 2002.

Sr. No.	Name & Designation of Judicial Officers	Period for which prevented	Days	Remarks
01	Mr. M.Y. Radhanpurwala, Judge, SCC, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
02	Ms. S.B. Mehta, Addl.Judge, SCC, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
03	Ms. R.A. Nagori, PSCJ, Rajkot.	16.05.15 to 02.06.15 08.06.15 to 14.06.15	25	—
04	Mr. S.D.Pandey, CJM, Rajkot.	16.05.15 to 27.05.15 07.06.15 to 14.06.15	20	—
05	Mr.T.R.Desai, 2nd ASCJ & ACJM,Rajkot.	16.05.15 to 14.06.15	30	—
06	Ms.K.S.Trivedi, 3rd ASCJ & ACJM,Rajkot.	16.05.15 to 14.06.15	30	—
07	Ms.Malti S. Soni, 4th ASCJ & ACJM,Rajkot.	16.05.15 to 14.06.15	30	—
08	Mr. E.M.Shaikh, 5th ASCJ & ACJM,Rajkot.	16.0515 to 14.06.15	30	—
09	Ms. B.S. Shah, 6th ASCJ & ACJM,Rajkot.	16.05.15 to 14.06.15	30	—
10	Ms. R.M. Asodiya, 7th ASCJ & ACJM,Rajkot.	16.05.15 to 14.06.15	30	~
11	Mr. P.P. Shah, 8th ASCJ & ACJM,Rajkot.	16.05.15 to 14.06.15	30	—
12	Mr. M.S. Baqui, 9th ASCJ & ACJM,Rajkot.	16.05.15 to 14.06.15	30	—

1	2	3	4	5
13	Mr. P.P. Purohit, 10th ASCJ & ACJM,Rajkot.	16.05.15 to 14.06.15	30	—
14	Mrs.A.R.Desai, 11th ASCJ & ACJM, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
15	Mrs.M.M.Soni, 12th ASCJ & ACJM, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
16	Mr. A.K.Bhatt, 13th ASCJ & ACJM, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
17	Mr. D.H. Khambhati, 14th ASCJ & ACJM, Rajkot.	16.0515 to 14.06.15	30	—
18	Mr. M.A. Shaikh, 15th ASCJ & ACJM, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
19	Mr.A.K.Shah, , PSCJ, Gondal.	16.05.15 to 14.06.15	30	—
20	Mr. S. R. Singh, ASCJ & ACJM, Gondal.	16.05.15 to 14.06.15	30	—
21	Mr. H.R.Shah, 2nd ASCJ & ACJM, Gondal	16.05.15 to 14.06.15	30	—
22	Mr. M.R.Nadpara, PSCJ, Dhoraji.	16.05.15 to 14.06.15	30	—
23	Mr. Z.A.Sindhi, PSCJ, Morbi.	16.05.15 to 14.06.15	30	—
24	Mr. C.K.Munshi, ASCJ & ACJM, Morbi.	16.05.15 to 14.06.15	30	—
25	Mr. P.H. Singh, 2nd ASCJ & ACJM, Morbi.	16.05.15 to 14.06.15	30	—
26	Mr. J.D. Solanki, ACJ, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
27	Ms. K.D. Parmar, 2nd ACJ, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
28	Mr. M.F. Pathan, 3rd (Ad-hoc) ACJ, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
29	Mr. A.A.Kheradawala, 4th (Ad-hoc) ACJ, Rajkot.	16.05.15 to 14.06.15	30	—
30	Mr. B.H.Ghasura, JMFC (Main), Rajkot.	16.05.15 to 14.06.15	30	—
31	Ms. R.A. Singh, JMFC (Traffic), Rajkot.	16.05.15 to 14.06.15	30	—
32	Mr. KD.Dwivedi, JMFC (Muni.), Rajkot.	16.05.15 to 14.06.15	30	—
33	Mr. R.D.Mehta, JMFC (Rly.), Rajkot.	16.05.15 to 14.06.15	30	—
34	Ms. R.V.Vaishya, ACJ & JMFC, Gondal.	16.05.15 to 14.06.15	30	—

1	2	3	4	5
35	Mr. M.B.Bhavsar PCJ & JMFC, Jetpur.	16.05.15 to 14.06.15	30	—
36	Ms. P.L.Das, ACJ & JMFC, Jetpur.	16.05.15 to 14.06.15	30	—
37	Mr. B.V.Vyas, 2nd ACJ & JMFC, Jetpur.	16.05.15 to 14.06.15	30	—
38	Mr. T.G.Shukla, 3rd ACJ & JMFC, Jetpur.	16.05.15 to 14.06.15	30	—
39	Mr. T.M.Shrimali, (Ad-hoc) ACJ, Dhoraji.	16.05.15 to 14.06.15	30	—
40	Mr. S.M.Govani, PCJ & JMFC, Upleta.	16.05.15 to 14.06.15	30	—
41	Mr. T.H.Punjabi, ACJ & JMFC, Upleta.	16.05.15 to 14.06.15	30	—
42	Mr. K.M.Pandit, PCJ & JMFC, Jasdan.	16.05.15 to 14.06.15	30	—
43	Mr. R.B.Pariyani, (Ad-hoc) ACJ, Jasdan.	16.05.15 to 14.06.15	30	—
44	Mr. P.R.Suthar, PCJ & JMFC, Wankaner.	16.05.15 to 14.06.15	30	—
45	Mr. M.D.Parmar, (Ad-hoc) ACJ, Wankaner.	16.05.15 to 14.06.15	30	—
46	Mr. J.V.Patel, ACJ & JMFC, Morbi.	16.05.15 to 14.06.15	30	—
47	Mr. J.G.Damodra, 2nd ACJ & JMFC, Morbi.	16.05.15 to 14.06.15	30	—
48	Mr. A.H.Dave, 3rd ACJ & JMFC, Morbi.	16.05.15 to 14.06.15	30	—
49	Mr. V.S.Gadhavi, PCJ & JMFC, Paddhari.	16.05.15 to 14.06.15	30	—
50	Mr. S. A.Pathan, PCJ & JMFC, Maliya-Miyana.	16.05.15 to 14.06.15	30	—
51	Mr. J.A.Patel, PCJ & JMFC, Kotda-Sangani.	16.05.15 to 14.06.15	30	—
52	Mr. M.N.Saiyed, PCJ & JMFC, Jam-Kandorna.	16.05.15 to 14.06.15	30	—
53	Mr. M.D.Brahmbhatt, PCJ & JMFC, Tankara.	16.05.15 to 14.06.15	30	—

Rajkot, 17th June, 2015.

A. M. Dave,
Principal District Judge,
Rajkot.

મુખ્ય જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધા :- ૧. ગુજરાત સિવિલ કોર્ટસ એક્ટ-૨૦૦૫ના પ્રકરણ-૪ની કલમ-૨૨.

૨. નામદાર ગુજરાત વડી અદાલત, અમદાવાદના પત્ર નંબર સી. ૨૧૦૩/૨૦૦૬, તા. ૩૦-૧૨-૦૫ સાથે વાંચતા પત્ર નંબર સી. ૨૧૦૩/૯૧, તા. ૦૭-૦૧-૧૯૯૧.

૩. ગુજરાત સિવિલ સર્વિસીસ (લીવ) રૂલ્સ-૨૦૦૨ ના નિયમ-૫૦(૧) અને (૨).

જાહેરનામું

નં. ઉહક/૦૫/૨૦૧૫.-આ જિલ્લાની તાબાની અદાલતોમાં ફરજ બજાવતા નીચે દર્શાવ્યા પ્રમાણેના જ્યુડીશ્યલ ઓફિસરશ્રીઓને તારીખ ૧૬-૦૫-૨૦૧૫ થી તારીખ ૧૪-૦૬-૨૦૧૫ (બન્ને દિવસો સહિત) સુધીના સમયના ઉનાળુ વેકેશન-૨૦૧૫ દરમ્યાન તેઓના નામ સામે જણાવેલ સમયગાળા માટે તેઓશ્રીને ગુજરાત સિવિલ સર્વિસ (રજા) નિયમો-૨૦૦૨ માં દર્શાવેલ નિયમ ૫૦(૨) માં કરેલ જોગવાઈ મુજબ વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ છે.

ક્રમ નં.	નામ અને હોદ્દો	વેકેશન ભોગવતા અટકાયત કરવામાં આવેલ સમય	દિવસો	વિશેષ નોંધ
૦૧	શ્રી એમ. વાય. રાધનપુરવાલા, જજ, સ્મોલ કોઝીઝ કોર્ટ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૦૨	કુ. એસ.બી. મહેતા, એડીશ્નલ જજ, સ્મોલ કોઝીઝ કોર્ટ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૦૩	કુ. આર. એ. નાગોરી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૦૨-૦૬-૧૫ ૦૮-૦૬-૧૫ થી ૧૪-૦૬-૧૫	૨૫	--
૦૪	શ્રી એસ. ડી. પાંડે, ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૨૭-૦૫-૧૫ ૦૭-૦૬-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૦૫	શ્રી ટી.આર. દેસાઈ, ૨જા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૦૬	કુ. કે. એસ. ત્રિવેદી, ૩જા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૦૭	કુ. માલતી એસ. સોની, ૪થા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૦૮	શ્રી ઈ. એમ. શેખ, ૫મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૦૯	કુ. બી. એસ. શાહ, ૬ઠ્ઠા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૦	કુ. આર. એમ. આસોડીયા, ૭મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૧	શ્રી પી. પી. શાહ, ૮મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૨	શ્રી એમ. એસ. બાકી, ૯મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૩	શ્રી પી. પી. પુરોહીત, ૧૦મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૪	શ્રીમતી એ. આર. દેસાઈ, ૧૧મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૫	શ્રીમતી એમ.એમ. સોની, ૧૨મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--

ક્રમ નં.	નામ અને હોદ્દો	વેકેશન ભોગવતા અટકાયત કરવામાં આવેલ સમય	દિવસો	વિશેષ નોંધ
૧૬	શ્રી એ. કે. ભટ્ટ, ૧૩મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૭	શ્રી ડી. એચ. ખંભાતી, ૧૪મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૮	શ્રી એમ. એ. શેખ, ૧૫મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૧૯	એ. કે. શાહ, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ગોંડલ	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૦	શ્રી એસ. આર. સીંગ, અધિક સીનીયર સીવીલ જજ, ગોંડલ	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૧	શ્રી એચ. આર. શાહ, ૨જા અધિક સીનીયર સીવીલ જજ, ગોંડલ	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૨	શ્રી એમ. આર. નાડપરા, પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ, ધોરાજી	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૩	શ્રી ઝેડ એ. સીંધી, પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ, મોરબી	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૪	શ્રી સી. કે. મુન્શી, અધિક સીનીયર સીવીલ જજ, મોરબી.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૫	શ્રી પી. એચ. સીંગ, ૨જા અધિક સીનીયર સીવીલ જજ, મોરબી.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૬	શ્રી જે. ડી. સોલંકી, અધિક સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૭	કુ. કે. ડી. પરમાર, ૨જા અધિક સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૮	શ્રી એમ. એફ. પઠાણ, ૩જા (એડ–હોક) અધિક સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૨૯	શ્રી એ. એ. ખેરાડાવાલા ૪થી (એડ–હોક) અધિક સીવીલ જજ, રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૦	શ્રી બી. એચ. ધાસુરા, જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, (મુખ્ય), રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૧	કુ. આર. એ. સીંગ, જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, (ટ્રાફીક), રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૨	શ્રી કે. ડી. દ્રીવેદી, જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, (મ્યુનીસીપલ), રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૩	શ્રી આર. ડી. મહેતા, જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, (રેલ્વે.), રાજકોટ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૪	શ્રી આર. વી. વૈશ્ય, અધિક સીવીલ જજ, ગોંડલ	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૫	શ્રી એમ. બી. ભાવસાર, પ્રિન્સીપલ સીવીલ જજ, જેતપુર.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૬	કુ. પી. એલ. દાસ, અધિક સીવીલ જજ, જેતપુર	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--

ક્રમ નં.	નામ અને હોદ્દો	વેકેશન ભોગવતા અટકાયત કરવામાં આવેલ સમય	દિવસો	વિશેષ નોંધ
૩૭	શ્રી બી. વી. વ્યાસ, ૨જા અધિક સીવીલ જજ, જેતપુર.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૮	શ્રી ટી. જી. શુકલા, ૩જા અધિક સીવીલ જજ, જેતપુર.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૩૯	શ્રી ટી.એમ. શ્રીમાળી, (એડ–હોક) અધિક સીવીલ જજ, ધોરાજી.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૦	શ્રી એસ. એમ. ગોવાણી, પ્રિન્સીપાલ સીવીલ જજ, ઉપલેટા.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૧	શ્રી ટી. એચ. પંજાબી, અધિક સીવીલ જજ, ઉપલેટા.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૨	શ્રી કે. એમ. પંડિત, પ્રિન્સીપાલ સીવીલ જજ, જસદણ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૩	શ્રી આર. બી. પારીયાણી, (એડ–હોક) અધિક સીવીલ જજ, જસદણ.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૪	શ્રી પી. આર. સુથાર, પ્રિન્સીપાલ સીવીલ જજ, વાંકાનેર.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૫	શ્રી એમ. ડી. પરમાર, (એડ–હોક) અધિક સીવીલ જજ, વાંકાનેર.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૬	શ્રી જે. વી. પટેલ, અધિક સીવીલ જજ, મોરબી.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૭	શ્રી જે. જી. દામોદ્રા, ૨જા અધિક સીવીલ જજ, મોરબી	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૮	શ્રી એ. એચ. દવે, ૩જા અધિક સીવીલ જજ, મોરબી	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૪૯	શ્રી વી. એસ. ગઢવી, ૩જા અધિક સીવીલ જજ, મોરબી	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૫૦	શ્રી એસ. એ. પઠાણ, પ્રિન્સીપાલ સીવીલ, જજ, માળીયા-મીયાણા.	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૫૧	શ્રી જે. એ. પટેલ, પ્રિન્સીપાલ સીવીલ, જજ, કોટડા-સાંગાણી	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૫૨	શ્રી એમ. એન. સૈયદ પ્રિન્સીપાલ સીવીલ, જજ, જામ-કંડોરણા	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--
૫૩	શ્રી એમ. ડી. બ્રહમભટ્ટ, પ્રિન્સીપાલ સીવીલ જજ, ટંકારા	૧૬-૦૫-૧૫ થી ૧૪-૦૬-૧૫	૩૦	--

રાજકોટ., ૧૭ માહે જુન, સને ૨૦૧૫.

એ. એમ. દવે,
મુખ્ય જિલ્લા ન્યાયાધીશ,
રાજકોટ.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/જીપીએસસી/૧૪૪/જાહેરનામું/૦૬/ ૨૦૧૫.- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર વર્ગ-૩ ની સીધી ભરતી અન્વયે પ્રાથમિક કસોટી આગામી તા. ૨૧-૦૬-૨૦૧૫ ના રોજ યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે.

જિલ્લામાં ગુજરાત જાહેર સેવા આયોગની પ્રાથમિક કસોટી ઉમેદવારો અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ કસોટી સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી, હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૨૧-૦૬-૨૦૧૫ના સવારે ૦૮-૦૦ કલાક થી તા. ૧૯-૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલા કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગ કંડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓને આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતઓ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

અનુસૂચિ

(૧) શેઠ વી.ડી. હાઈસ્કુલ, ભુજ

(૨) શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર.

(૩) શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ

(૪) માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ

(૫) જૈનાચાર્યશ્રી અજરામરજી હાઈસ્કુલ, ભુજ

(૬) આર. આર. લાલન કોલેજ, ભુજ

(૭) ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ

(૮) ઓલ્ફ્રેડ હાઈસ્કુલ, ભુજ

(૯) ધી મુસ્લિમ એજ્યુકેશન હાઈસ્કુલ, ભુજ

(૧૦) શ્રી મુકતજીવન સ્વામીબાપા મહિલા કોલેજ, ભુજ

(૧૧) જે.બી. ઠક્કર કોમર્સ કોલેજ, ભુજ

(૧૨) ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ, ભુજ

(૧૩) શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, મીરજાપર

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી.

તથા તમામ પરીક્ષા કેન્દ્રોની આસપાસ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૫-૩-૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૧૭ માહે જુન, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૮૬/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારોની ઉજવણી થનાર હોય, પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજીક તત્વો દવારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૧૪-૦૬-૨૦૧૫ના રોજ કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુક્ત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨૦-૦૬-૨૦૧૫ થી તા. ૧૯-૦૭-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૯-૦૬-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૯ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૧૭૬/૨૦૧૫.-Dy. Commandant, Gunnery Officer, ICGAE Porbandar, Near

Civil Aerodrome, Porbandar ના પત્ર ક્રમાંક : જીયુએન/૩૧૧, તા. ૧૭-૦૬-૨૦૧૫ ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૨૨-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ સવારના ૭.૦૦ થી બપોરના ૧૪-૦૦ કલાક સુધી ફાયરીંગ કરવાનું હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૨-૦૬-૨૦૧૫ તથા તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ સવારના ૭.૦૦ કલાકથી સાંજના ૧૪-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કિ. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૯-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૯ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૧૮૬/૨૦૧૫.-Dy. Commandant, Gunnery Officer, No. 1 Coast Guard Dist.(Guj) Porbandar ના પત્ર ક્રમાંક : જીયુએન/૩૧૧, તા. ૧૬-૦૬-૨૦૧૫ ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૨૪-૦૬-૨૦૧૫ ના રોજ સવારના ૭.૦૦ થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી ફાયરીંગ કરવાનું હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૪-૦૬-૨૦૧૫ ના રોજ સવારના ૭.૦૦ કલાકથી બપોરના ૧૭-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફર્લાગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફલાર્ગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૯-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૯ માહે જુન, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

હુકમ

નં. નાચિ/પલસ/૩/વશી/૪૪૯૭ થી ૪૫૧૭/૨૦૧૫.-(૧) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલીનાં પત્ર નં. મહેકમ/ભરત/પરક્ષ/વશી/૦૨/૧૫ નાં તા. ૧૮-૫-૧૫ તથા તા. ૨૭-૫-૧૫ નાં પત્રથી તલાટી કમ મંત્રી (કુલ-૫૬ પરીક્ષા કેન્દ્રો(મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરૂષ) (કુલ-૩ પરીક્ષા કેન્દ્રો)/ફીમેલ હેલ્થ વર્કર(સ્ત્રી) કુલ-૧ પરીક્ષા કેન્દ્ર)/જુ. કલાર્ક(હીસાબી) (કુલ-૨૪ પરીક્ષા કેન્દ્રો) ની તા. ૦૬-૦૬-૨૦૧૫ તથા ૦૭-૦૬-૨૦૧૫ના રોજ સમય ૧૧-૦૦ કલાક થી ૧૨-૦૦ કલાક તથા ૧૫-૦૦ કલાક થી ૧૬-૦૦ સુધી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું આયોજન કરવામા આવેલ છે જેમાં બહોળી સંખ્યામાં ઉમેદવારો પરીક્ષા આપનાર હોય અમરેલી શહેર, સાવરકુંડલા શહેર, બાબરા શહેર, લાઠી શહેરના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર આ પરીક્ષા યોજાનાર છે. આથી આ તમામ પરીક્ષાનાં કેન્દ્રોને પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. ઉક્ત સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ

જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજા અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૬-૦૬-૨૦૧૫ તથા તા. ૦૭-૦૬-૨૦૧૫ ના રોજ પરીક્ષાના સમયે ૧૧:૦૦ થી ૧૨:૦૦ તથા ૧૫:૦૦ થી ૧૬:૦૦ કલાક સુધી અમરેલી શહેર, સાવરકુંડલા શહેર, બાબરા શહેર, લાઠી શહેરના જુદા જુદા પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર થી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં. તથા પરીક્ષાખંડમાં પરીક્ષાર્થીઓ અને સુપરવાઈઝરશ્રીઓ પોતાની પાસે મોબાઈલ ફોન કે ગેરરીતિ કરવામાં ઉપયોગી થાય તેવા ઉપકરણો લઈ જઈ શકશે નહિં. તેમજ તા. ૦૬-૦૬-૨૦૧૫ તથા તા. ૦૭-૦૬-૨૦૧૫ ના રોજ ૧૦:૩૦ થી ૧૬:૦૦ કલાક સુધી ઉકત પરીક્ષા યોજાનાર છે તેવા અમરેલી શહેર, સાવરકુંડલા શહેર, બાબરા શહેર, લાઠી શહેરનાં તમામ વિસ્તારના ખાનગી ઝેરોક્ષ સેન્ટરો તથા ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તેમજ પ્રાઈવેટ ફેકસ મશીનો પણ બંધ રાખવા ફરમાવું છું.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તા. ૦૨ જુન, ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૫૩૦૫ થી ૫૩૩૨/૨૦૧૫.- (૧) આ કચેરીના મહેકમ શાખાના તા. ૧૧-૦૬-૧૫નાં પત્રથી સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદનાં પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અધિકારી-નાયબ મામલતદાર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાની જાહેરાત ક્રમાંકઃ ૫૧/૨૦૧૪-૧૫ ની જગ્યા પર ભરતી માટેની પ્રાથમીક કસોટી આગામી તા. ૨૧-૦૬-૧૫નાં રોજ ૧૨:૦૦ કલાક થી ૦૧-:૦૦ કલાક સુધી પરીક્ષા યોજાનાર છે. ઉકત પરીક્ષા અમરેલી ખાતે (૧) દિપક હાઈસ્કુલ, અમરેલી (૨) શ્રી એસ.ડી. કોટક લો કોલેજ, અમરેલી (૩) કે.કે. પારેખ મહેતા આર.પી. વિદ્યાલય સેન્ટ-એ, અમરેલી (૪) કે.કે. પારેખ મહેતા આર.પી. વિદ્યાલય સેન્ટ-બી, અમરેલી (૫) કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ સેન્ટર-એ, અમરેલી (૬) કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ સેન્ટર-બી, અમરેલી (૭) શ્રીમતી એસ. એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, અમરેલી (૮) કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજ સેન્ટર-એ, અમરેલી (૯) કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજ સેન્ટર-બી, અમરેલી (૧૦) ડો. જે.એન. મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી (૧૧) વિદ્યાસભા સ્કુલ સેન્ટર-એ, અમરેલી (૧૨) વિદ્યાસભા સ્કુલ સેન્ટર-બી, અમરેલી (૧૩) વિદ્યાસભા સ્કુલ સેન્ટર-સી, અમરેલી (૧૪) પાઠક સ્કુલ, અમરેલી (૧૫) શ્રી કે.બી. ઝાલાવડીયા માધ્યમીક અને ઉચ્ચ માધ્યમીક સ્કુલ, અમરેલી (૧૬) શ્રી તુન્ની વિદ્યામંદિર, અમરેલી (૧૭) શ્રી મુકેશ જાની બી.એડ. કોલેજ, અમરેલી (૧૮) શ્રી કે.કે. પારેખ કોમર્સ કોલેજ સેન્ટર-એ, અમરેલી (૧૯) શ્રી કે.કે. પારેખ કોમર્સ કોલેજ સેન્ટર-બી, અમરેલી (૨૦) વિવેક વિદ્યાલય, અમરેલી (૨૧) શ્રી ટી.પી. અને શ્રીમતી એમ. ટી. ગાંધી ગર્લ્સ હાઈ. અમરેલી (૨૨) માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલી (૨૩) શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ સેન્ટર-એ, અમરેલી (૨૪) શ્રી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ સેન્ટર-બી, અમરેલી (૨૫) સેન્ટ મેરી હાઈસ્કુલ, અમરેલી (૨૬) વિદ્યાસભા સ્કુલ સેન્ટર-ડી, અમરેલી ખાતે લેવાનાર છે. ઉક્ત પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજા અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૨૧-૦૬-૨૦૧૫નાં રોજ ૧૨:૦૦ કલાક થી ૦૧:૦૦ કલાક સુધી ઉકત ૨૬ (છવ્વીસ) પરીક્ષા કેન્દ્રોનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ચાર થી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં. તથા પરીક્ષાખંડમાં ઉમેદવારો અને સુપરવાઈઝરશ્રીઓ સેલ્યુલર/મોબાઈલ ફોન કે ગેરરીતિ કરવામાં ઉપયોગી થાય તેવા ઉપકરણો લઈ જઈ શકશે નહિં. તેમજ તા. ૨૧-૦૬-૨૦૧૫ નાં રોજ ૧૨:૦૦ કલાક થી ૦૧:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રનાં ૧૦૦ મીટર વિસ્તારનાં ખાનગી ઝેરોક્ષ સેન્ટરો તથા ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તેમજ પ્રાઈવેટ ફેકસ મશીનો પણ બંધ રાખવા ફરમાવું છું.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તા. ૧૨ જુન, ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૨ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૫૩૩૬ થી ૫૩૮૬/૨૦૧૫.-(૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે.ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૬-૦૬-૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિના કારણે લાકડી તથા લાઠી લઇને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૧૬-૦૬-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૧૫ માહે જુન–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૫ માહે જુન, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૨૧૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૭૪૭/૧૫, તા. ૧૫-૦૬-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૧-૦૬-૨૦૧૫ના રોજથી તા. ૦૪-૦૭-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૭, માહે જુન, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૭ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૨૨૧૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૧૭૪૬/૨૦૧૫, તા. ૧૫-૦૬-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) મુસ્લીમ સમુદાયનો સંભવિત રમઝાન ઈદનો તહેવાર આવનાર હોય, જેથી સવિશેષ તકેદારી રાખવી આશ્યકતા હોય, જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૦૬-૨૦૧૫ થી તા. ૧૯-૦૭-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ)

માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૭ મી, માહે જુન, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે જુન, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

જાહેરનામું

નં.ડી.એમ.-૧/GPSC પરીક્ષા/ઈ.નં. ૨૪૫૦૩/૨૦૧૫.- ગુજરાત સેવા આયોગ, અમદાવાદ દ્વારા ભાવનગર શહેર તથા ભાવનગર જિલ્લાના તાલુકા શિહોર તથા ઘોઘા ખાતેના પરીક્ષા કેન્દ્રોમાં નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર વર્ગ-૩ની જગ્યાઓ પર ભરતી માટે પ્રાથમિક કસોટીની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તા. ૨૧-૦૬-૨૦૧૫ના રોજ યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૨૧-૦૬-૨૦૧૫ના રોજ ૧૧-૩૦ કલ્કથી બપોરના ૧૨.૦૦ કલાક સુધીભાવનગર શહેર તથા ભાવનગર જિલ્લાના તાલુકા શિહોર તથા ઘોઘા ખાતેના પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ/સેલ્યુલર ફોન/કેલક્યુલેટર લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ભાવનગર શહેર તથા જિલ્લામાં ઉક્ત પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૧૯-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૧૯ માહે જુન, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૪૧૩૫ થી ૪૨૩૪.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૬-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૩૦/ ૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૧૭-૦૬-૨૦૧૫ થી તારીખ : ૩૦-૦૬-૨૦૧૫ સુધી (બંને તારીખ સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય

INDEX

વિસ્તારમાં સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિ નો ભંગ થાય અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/ વશી-૪૨૩૫ થી ૪૩૩૪.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૬-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૨૯/ ૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભાસરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૧૭-૦૬-૨૦૧૫ થી તારીખ : ૩૦-૦૬-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે તો, કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

જાહેરનામું

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેક્ટીસ/વશી./૧૧૦૦/૨૦૧૫.-રાજકોટ. જિલ્લાના રાજકોટ. તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ ૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૨૦-૦૬-૨૦૧૫ થી તા. ૨૫-૦૬-૨૦૧૫ તેમજ તા. ૨૮-૦૬-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ સુધી રા.અ.પો.દળ જુથ-૮ ગોંડલ (રાજકોટ.) ના અધિકારીઓ/જવાનોનું ફાયરીંગ પ્રેક્ટીસ માટે આ ફાયરીંગ બટનો આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગે ખુલ્લા વિસ્તારમાં ફાયરીંગ પ્રેક્ટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂં છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ. શહેર આથી આદેશ કરૂં છું કે, રાજકોટ. તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગૃપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૨૦-૦૬-૨૦૧૫ થી તા. ૨૫-૦૬-૨૦૧૫ તેમજ તા. ૨૮-૦૬-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૧૯-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ., ૧૯ માહે જુન, સને ૨૦૧૫.

કલમ-૩૩(૧)(બ) ધી ગુજરાત પોલીસ એક્ટટ ૧૯૫૧ હેઠળ

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/ટ્ર.ફ.ક./વાહન/ઓટોરીક્ષા/સુચના/ જાહેરનામુ/ ૧૨૩૦/૨૦૧૫.-રાજકોટ. શહેર ઔદ્યોગીક રીતે વિકસીત શહેર છે. જેથી શહેરમાં રેલ્વે તથા માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતાં જતાં મુસાફરો, ઓટો રીક્ષાઓનો બહોળો ઉપયોગ કરે છે. નજીકના ઈતિહાસમાં ઓટો રીક્ષામાં મુસાફરી કરતાં નાગરીકો સાથે છેતરપીંડી, ખીસ્સાકાતરૂ, મોબાઈલ ફોન, તથા અન્ય કિમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ધાડ મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

૨. ઉપરોકત પ્રકારના ગુન્હાઓ બનતા અટકાવવા, બનેલ બનાવને શોધી કાઢવા અને જાહેર જનતાની સલામતિ જળવાઈ રહે તે માટે ઓટોરીક્ષામાં મુસાફરી કરતાં મુસાફરોને ઓટોરીક્ષા નોંધણી નંબર, વાહન ચાલકનું નામ/સરનામું અને પોલીસ કંટ્રોલરૂમનો સંપર્ક નંબર સહેલાઈથી જોઈ શકે તે રીતેનું આયોજન કરવાના હેતુસર રાજકોટ. શહેરની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષાઓમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઈ શકે તે રીતે ચાલકની શીટની પાછળના ભાગે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર, વાહન ચાલકનું નામ સરનામું, સંપર્ક નંબર ફરજીયાત લખવા આદેશ કરૂં છું.

હુકમ

હું મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ. શહેર, કલમ ૩૩(૧)એ, થી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ મળેલ અધિકારની રૂએ રાજકોટ. શહેરમાં ઓટો રીક્ષા ફેરવી ધંધો કરતાં વાહન ચાલકનું નામ, સરનામા, તથા સંપર્ક નંબર, ડ્રાઈવરની સીટની પાછળના ભાગે ૬''×૮''(ઈંચ)ની માપના પતરા અથવા એકેલીક(પ્લાસ્ટીક)ના સફેદ કલરના બોર્ડ ઉપર લાલ રંગની બોર્ડર અને લાલ રંગના અક્ષરોમાં વાહન નંબર, વાહન ચાલકનું નામ, સરનામા, સંપર્ક નંબર તેમજ આપાત કાલીન સંપર્ક નંબર તેમજ પોલીસ કંટ્રોલ રૂમના નંબરો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ફરજીયાત લખવો, સદરહું હુકમનું ઉલંઘન કરનાર વિરૂધ્ધ કલમ ૧૮૮, ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૧ મુજબ ધોરણસર કાર્યવાહી કરવામાં આવશે.

૨. આ હુકમની જાહેરાત કમિશ્નરેટ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાંડી, લાઉડ સ્પીકર વાળા વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજરોજ તા. ૧૮-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કા કરી આપેલ છે.

રાજકોટ., ૧૮ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/પરીક્ષા/જાહેરનામું/૧૫૨૦/૨૦૧૫.-ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી આગામી તા. ૨૧-૦૬-૨૦૧૫ (રવિવાર)ના રોજ કલાક ૧૨-૦૦ થી ૧૩-૦૦ સુધી રાજકોટ. શહેરના જુદા જુદા પરીક્ષા કેન્દ્ર ખાતે નાયબ માતલતદાર/નાયબ સેકશન અધિકારીની જગ્યાઓ પર ભરતી માટેની સ્ક્રીનીંગ ટેસ્ટ (પ્રાથમિક કસોટી) નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવનાર છે.

પત્રક-અ તલાટી ક્રમ મંત્રી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું	સબંધીત પો. સ્ટે.
૧	૨	૩	૪
૧.	ધર્મેન્દ્રસિંહજી આટર્સ કોલેજ,	ડો. યાજ્ઞીક રોડ, રાજકોટ.	એ. ડીવી.
૨.	આઈ. પી. મીશન ગર્લ્સ હાઈસ્કુલ	મોચીબજાર કોર્ટની સામે, કેસરી હિંદ પુલ પાસે, રાજકોટ.	એ. ડીવી.
૩.	કરણસીંહજી સેકન્ડરી હાઈસ્કુલ અને હાઈસ્કુલ	સીટી ગેસ્ટ હાઉસ સામે, રાજકોટ.	એ. ડીવી.
૪.	એસ.વી.વિરાણી વિવિધલક્ષી હાઈસ્કુલ, સેન્ટર એ	ટાગોર માર્ગ, રાજકોટ.	એ.ડીવી.
૫.	મુરલીધર હાઈસ્કુલ	૧૧/વર્ધમાનનગર, પેલેસ રોડ, રાજકોટ.	એ. ડીવી.
૬.	સ્વ. એમ. જે. કુંડલીયા આર્ટસ એન્ડ કોમર્સ મહીલા કોલેજ	મનહર પ્લોટ, રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, રાજકોટ.	એ. ડીવી.
૭.	શ્રી રમેશભાઈ છાયા કન્યા વિદ્યાલય	જસાણી ભવન, મનહર પ્લોટ, રાષ્ટ્રીયશાળા કમ્પાઉન્ડ, રાજકોટ.	એ.ડીવી.
૮.	એ.વી. પારેખ ટેકનીકલ ઈન્સ્ટીટયુટ, સેન્ટર-બી	હેમુ ગઢવી હોલ સામે, ટાગોર માર્ગ, રાજકોટ.	એ.ડીવી.
૯.	જસાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ	વિદ્યાનગર ૧, રાષ્ટ્રીય શાળા પાછળ, છેલભાઈ દવે માર્ગ, રાજકોટ.	એ. ડીવી.
૧૦.	માસુમ વિદ્યાલય	આર. ટી. ઓ. સામે, પેડક રોડ, રાજકોટ.	બી. ડીવી.
૧૧.	મુરલીધર હાઈસ્કુલ	સંતકબીર રોડ, કનકનગર સોસાયટી મેઈન રોડ, રાજકોટ.	બી. ડીવી.
૧૨.	સંત જ્ઞાનેશ્વર વિદ્યાલય,	પેડક રોડ, પશુ દવાખાના પાસે, સેટેલાઈટ સર્કલ, રાજકોટ.	બી. ડીવી.
૧૩.	શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કુલ	સંતકબીર રોડ, બેડી પરા, રાજકોટ.	બી.ડીવી.
૧૪.	મારૂતી મધરલેન્ડ સ્કુલ	આર્યનગર મેઈન રોડ, પેડક રોડ, રાજકોટ.	બી.ડીવી.
૧૫.	પંચશીલ વિદ્યાલય	આર.ટી.ઓ. ઓફીસ સામે, પેડક રોડ, શકિત સોસાયટી, રાજકોટ.	બી. ડીવી.
૧૬.	ભુષણ માધ્યમિક શાળા	રણછોડનગર સોસાયટી, રણછોડદાસજી આશ્રમ પાસે, કુવાડવા રોડ, રાજકોટ.	બી. ડીવી.
૧૭.	ગર્વમેન્ટ પોલીટેકનીક સેન્ટર-એ	આજીડેમ પાસે, રાજકોટ.	થોરાળા
૧૮.	ગર્વમેન્ટ પોલીટેકનીક સેન્ટર-બી	આજીડેમ પાસે, રાજકોટ.	થોરાળા
૧૯.	બી.કે. મોદી ગર્વમેન્ટ ફાર્મસી કોલેજ	આજીડેમ પાસે, રાજકોટ.	થોરાળા
૨૦.	સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય	ઢેબરભાઈ રોડ, રાજકોટ.	ભકિતનગર
૨૧.	પી.એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કૂલ	ભકિતનગર સર્કલ, ૮૦ ફૂટ રોડ, ધારેસ્વર મંદીર રોડ, રાજકોટ.	ભકિતનગર
૨૨.	શ્રી કસ્તુરબા હાઈસ્કૂલ	૯, માસ્તર સોસાયટી, રાજકોટ.	ભકિતનગર
૨૩.	શ્રી સત્યપ્રકાશ વિદ્યાપીઠ	તીરૂપતિ બાલાજી પાર્ક, કોઠારીયા બાયપાસ રીંગ રોડ, ગોંડલ ચોકડી પાસે, રાજકોટ.	ભકિતનગર
૨૪.	શ્રી કૈલાશ વિદ્યાલય	કોઠારીયા રોડ, કેદારનાથ સોસાયટી, રાજકોટ.	ભકિતનગર
૨૫.	સર્વોદય કોલેજ	પી. ડી. એમ. કેમ્પસમાં, ગોંડલ રોડ, માલવીયાનગર મેઈન રોડ, રાજકોટ.	મા. નગર
૨૬.	એ.વી. જસાણી વિદ્યા મંદિર ઈંગ્લીશ મીડીયમ	પી. ડી. એમ. કેમ્પસમાં, ગોંડલ રોડ, રાજકોટ.	મા. નગર
૨૭.	આત્મીય ઈન્સીટયુટ ઓફ ટેકનોલોજી અને સાયન્સ સેન્ટર-એ,બી,સી,ડી	યોગીધામ ગુરૂકુળ, કાલાવડ રોડ, રાજકોટ.	મા.નગર
૨૮.	મારૂતી વિદ્યાલય	કાલાવાડ રોડ, સેન્ટમેરી સામે, રાજકોટ.	મા.નગર
૨૯.	એમ.જી. એન્ડ એસ.જી. બારદાનવાલા કન્યા વિદ્યાલય	એસ્ટ્રોન સોસા., અમીન માર્ગ, રાજકોટ.	મા. નગર
૩૦.	શ્રી રણછોડ વિદ્યાલય	મવડી મેઈન રોડ, વિશ્વેશ્વર મંદિર સામે, રાજકોટ.	મા.નગર
૩૧.	શ્રી સરદાર પટેલ વિદ્યા મંદિર	સરદાર નગર મેઈન રોડ, ૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી પ્લોટ, રાજકોટ.	મા. નગર
૩૨.	શ્રી માતૃમંદિર ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કૂલ	કાલાવડ રોડ, ડો. જયમલ પરમાર માર્ગ, વોકાર્ડ હોસ્પિટલ સામેની શેરી, રાજકોટ.	મા.નગર
૩૩.	શ્રી હ. લ. ગાંધી વિદ્યાલય, સેન્ટર-એ અને સેન્ટર-બી	કાલાવડ રોડ, યોગીધામ, પાણીના ટાંકા પાસે, રાજકોટ.	મા. નગર

૧	૨	૩	૪
૩૪.	ક્રિષ્ના હાયર સેકન્ડરી સ્કૂલ	ઈન્દ્રપ્રસ્થનગર, ભકિતનગર, રેલ્વે લાઈન પાસે, રાજકોટ.	મા. નગર
૩૫.	કે. જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ	કાલાવડ રોડ, કોટેચા ચોક પાસે, રાજકોટ.	મા. નગર
૩૬.	સનસાઈન ગૃપ ઓફ ઈન્સ્ટીટયુટ	રંગોલી પાર્ક પાછળ, કાલાવડ રોડ, રાજકોટ.	મા.નગર
૩૭.	પાઠક સ્કૂલ, યુનીટ-એ અને યુનીટ-બી	બાલાજી હોલ પાસે, સરદાર પટેલ પાર્ક, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાનામવા સર્કલ પાસે, રાજકોટ.	મા.નગર
૩૮.	શ્રી મહાત્માગાંધી માધ્યમિક સ્કુલ	નાનામવા રોડ, અજમેરા શાસ્ત્રીનગર સામે, દિપવન પાર્ક ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.	મા. નગર
૩૯.	પતંજલી સ્કુલ	મવડી પ્લોટ એરીયા, અલ્કા સોસાયટી પાસે, શેરી નં. ૩, સરદારનગર મેઈન રોડ, રાજકોટ.	મા.નગર
૪૦.	તપોવન હાઈસ્કુલ	૧૫૦ ફુટ રીંગ રોડ, ગોંડલ અને મવડી ચોકડી વચ્ચે, રાજકોટ.	મા.નગર
૪૧.	સૌરાષ્ટ્ર હાઈસ્કુલ	નાલંદા સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ.	મા. નગર
૪૨.	ભરાડ વિદ્યા મંદિર	ઈન્દ્રપ્રસ્થનગર-૧, હેમુ ગઢવી હોલ પાછળ, ગૌતમનગર મેઈન રોડ, રાજકોટ.	મા. નગર
૪૩.	ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ	કાલાવડ રોડ, કણકોટ ગામ પાસે, રાજકોટ.	મા.નગર
૪૪.	શ્રીમતિ એમ.ટી. ધમસાણીયા કોલેજ	કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ.	મા.નગર
૪૫.	શ્રીમતિ આર.આર. પટેલ કોલેજ	ટોપલેન્ડ વિદ્યાભવન એસ્ટ્રોન સોસાયટી, અમીન માર્ગ, ત્રીશા બંગલો પાસે, રાજકોટ.	મા.નગર
૪૬.	પી.વી. મોદી હાઈસ્કુલ, સેન્ટર-એ	બિલ્ડીંગ નં.-૧, ઈન્દ્રપ્રસ્થનગર મેઈન રોડ, રેલ્વે લાઈન સામે, રાજકોટ.	મા.નગર
૪૭.	પી. ડી. માલવીયા કોલેજ ઓફ કોમર્સ	ગોંડલ રોડ, રાજકોટ.	મા.નગર
૪૮.	એ. એસ. ચૌધરી હાઈસ્કુલ	કસ્તુરબા રોડ, રાજકોટ.	પ્ર.નગર
૪૯.	ગીતાંજલી કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ કોમર્સ	મોટી ટાંકી ચોક, શાસ્ત્રી મેદાન પાસે, સુચક રોડ, રેડક્રોસ, રાજકોટ.	પ્ર.નગર
૫૦.	સ્વ. એમ.જે. કુંડલીયા ઈંગ્લીશ મીડીયમ મહીલા કોમર્સ અને બી.બી.એ. કોલેજ	ચૌધરી હાઈસ્કુલ કેમ્પસ, ઉમેશ કોમ્પ્લેક્ષ પાછળ, કસ્તુરબા રોડ, રાજકોટ.	પ્ર.નગર
૫૧.	શ્રીમતિ જે. જે. કુંડલીયા આર્ટસ અને કોમર્સ કોલેજ	સુચક રોડ, શાસ્ત્રી મેદાન સામે, લીમડા ચોક પાસે, રાજકોટ.	પ્ર. નગર
૫૨.	શ્રી લાલબહાદુર શાસ્ત્રી બોયઝ વિદ્યાલય	શાસ્ત્રી મેદાન સામે, શાસ્ત્રી ભવન, રાજકોટ.	પ્ર. નગર
૫૩.	શ્રી સદગુરૂ મહીલા હોમ સાયન્સ કોલેજ	ચૌધરી હાઈસ્કુલ કમ્પાઉન્ડ, જૈન દેરાસર સામે, કસ્તુરબા રોડ, રાજકોટ.	પ્ર.નગર
૫૪.	માતૃશ્રી અમથીબા વિદ્યાલય	ગાંધીગ્રામ, શેરી નં. ૪, રૈયા રોડ, રાજકોટ.	ગાંધીગ્રામ
૫૫.	ડીવાઈન હાઈસ્કુલ (સેન્ટર-એ-બી-સી)	C/o. શ્રી જી. કે. ધોળકીયા સ્કુલ પંચાયત નગર ચોક પાસે, યુની રોડ, રાજકોટ.	ગાંધીગ્રામ
૫૬.	સેન્ટ મેરીઝ સ્કૂલ	કાલાવડ રોડ, વોકાર્ડ હોસ્પીટલ પાસે, રાજકોટ.	ગાંધીગ્રામ
૫૭.	જી.કે. ધોળકીયા સ્કુલ	યુની. રોડ, પંચાયત નગર બસ સ્ટોપ પાસે, રાજકોટ.	ગાંધીગ્રામ
૫૮.	કલ્યાણ હાઈસ્કુલ (સેન્ટર-એ અને સેન્ટર-બી)	રૈયા રોડ, હનુમાન મઢી પાસે, રાજકોટ.	ગાંધીગ્રામ
૫૯.	જે. કે. ગર્લ્સ હાઈસ્કુલ	૧૫૦ ફૂટ રીંગ રોડ, રૈયા ટેલી. એકસચેન્જ પાસે, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૦.	સાધુ વાસવાણી સ્કુલ ફોર ગર્લ્સ	સાધુ વાસવાણી માર્ગ, પેટ્રોલ પંપ પાસે, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૧.	ગીતાંજલી કોલેજ ઓફ આઈ.ટી. એન્ડ મેનેજમેન્ટ	સાધુ વાસવાણી રોડ, અજન્તા પાર્ક પાસે, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૨.	ઈનોવેટીવ સ્કુલ	મીલાપનગર શેરી નં. ૫, સર્વેશ્વર મહાદેવ મંદિર સામે, યુની. રોડ, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૩.	શ્રી જી. ટી. શેઠ હાઈસ્કુલ	કે. કે. વી. હોલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૪.	શ્રીમતિ કણસાગરા મહીલા કોલેજ સેન્ટર-એ અને સેન્ટર-બી	કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૫.	કન્વેશ્નલ સેન્ટર બિલ્ડીંગ-૧ સેન્ટર-જે	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કોમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૬.	કન્વેશ્નલ સેન્ટર બિલ્ડીંગ-૨ સેન્ટર-કે	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કોમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૭.	ડીપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમીકસ, સેન્ટર-સી	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૮.	ડીપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી સેન્ટર-એ	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૬૯.	ડીપાર્ટમેન્ટ ઓફ માસ્ટર ઓફ સોશ્યલ વર્ક, સેન્ટર-ઈ	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૭૦.	ડીપાર્ટમેન્ટ ઓફ હિન્દી એન્ડ જર્નાલીઝમ, સેન્ટર-ડી	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૭૧.	ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, સેન્ટર-બી	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૭૨.	ડીપાર્ટમેન્ટ ઓફ બાયોટેક સેન્ટર, સેન્ટર-એફ	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૭૩.	ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી સેન્ટર-જી	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૭૪.	ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીકસ, સેન્ટર-એચ	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૭૫.	એકેડેમીક સેન્ટર, સેન્ટર-આઈ	સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ.	ગાંધીગ્રામ
૭૬.	ભરાડ વિશ્વ વિદ્યાપીઠ, સેન્ટર-એ અને સેન્ટર-બી	કસ્તુરબાધામ (ત્રંબા) તા.જી. રાજકોટ.	રાજકોટ તાલુકા

INDEX

ઉપરોકત સ્ક્રીનીંગ ટેસ્ટ (પ્રાથમિક કસોટી) શાંત, મુકત વાતાવરણમાં અને ન્યાયી રીતે યોજાય અને કાયદો અને વ્યવસ્થા તથા ટ્રાફીક નિયમન જળવાઈ રહે અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બનવા પામે નહી, પરીક્ષાર્થીઓ કોઈપણ પ્રકારની ખલેલ વિના શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે, તેમજ બહારના તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા. ૨૧-૦૬-૨૦૧૫ના કલાક ૦૮-૦૦ થી કલાક ૧૪-૦૦ સુધી (૧) રાજકોટ. શહેરના ઉપર જણાવેલ કેન્દ્રો (શાળાઓ)નાં કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજ્યામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા (૨) શાળાઓમાં સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા (૩) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રીજ્યામાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓએ એકત્રિત થવા અને શાળાઓમાં પ્રવેશ કરવા (૪) શાળાઓ ખાતે વાહન લઈ જવા (૫) ચારથી વધુ માણસોને ભેગા થવા (૬) વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લઈ જવા જે તમામ બાબતો ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ. શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબરઃ સીસી/૪૨૨/આર.આર.સી./૧૦૮૨/૧૦૮૦/૧૧ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં રાજકોટ. શહેરના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નર)ને એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૨૧-૦૬-૨૦૧૫ના કલાક ૦૮-૦૦ થી ૧૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) રાજકોટ. શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થવા ઉપર.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા કે શાળાઓમાં સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા ઉપર.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવવા ઉપર અને શાળાઓમાં વાહનો લઈ જવા ઉપર.

(૪) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓના ભેગા થવા ઉપર.

(૫) શાળા (પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓએ મોબાઈલ ફોન લાવવા ઉપર.

વિસ્તાર

રાજકોટ. શહેર પોલીસ કમિશ્નરેટની ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રનો વિસ્તારમાં

અપવાદ

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિતસમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં.).

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) કોઈ સ્મશાનયાત્રાને.

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડના અધિકારી તથા જવાનોને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૮ માહે જુન-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ., ૧૮ માહે જુન, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ. શહેર, રાજકોટ.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

(૧) મે. પ્રભુદાસ નારણદાસ & બ્રધર્સ, પોરબંદર ટીન નં. ૨૪૧૧૦૧૦૦૪૦૩ (વર્ષ-૧૦-૧૧) ગુમ થયેલ સી. ફોર્મ કેન્સલ કરવા બાબતની તા. ૨૪-૧૨-૨૦૧૪ની અરજી.

(૨) વાણિજ્યકવેરા અધિકારી-૧, યુનીટ-૮૬, પોરબંદરના પત્ર નં. જા-૫૩૬૯/૭૦ની તા. ૧૬-૦૩-૨૦૧૫.

(૩) સહાયક વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, યુનીટ-૮૬, પોરબંદરના પત્ર જા-૫૩૫૯, તા. ૧૩-૦૩-૨૦૧૫.

(૪) નાકશ્રી, વ.-૨૧, જુનાગઢના પત્ર જા.-૧૧૯૯/૧૨૦૦, તા. ૧૮-૦૩-૧૫ અન્વયે.

આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૧/રાજ/વવટ/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૯૩૩/૯૫૪.-વાણિજિયકવેરા અધિકારીશ્રી-(૧), સહાયક વાઈમજિયકવેરા કમિશ્નરશ્રીની કચેરી, યુનીટ-૮૬, પોરબંદરના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. પ્રભુદાસ નારણદાસ & બ્રધર્સ, પોરબંદર ટીન નં. ૨૪૧૧૦૧૦૦૪૦૩ (વર્ષ-૧૦-૧૧) કેન્દ્રીય નંબર ૨૪૬૧૦૧૦૦૪૦૩ ધરાવે છે. તેઓને ફોર્મ સી. ફોર્મ ઓન લાઈન જનરેટ સં.વા.વે.કમી. વિભાગ-૧૦, રાજકોટ.ની કચેરી દ્વારા ઈસ્યુ કરેલ હતાં. જે ''સી'' ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ તથા ૪ ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદનું કારણ
૧	પ્રભુદાસ નારણદાસ & બ્રધર્સ, પોરબંદર ટીન નં. ૨૪૬૧૦૧૦૦૪૦૩	૫૬૪૭૮૧૨ તથા ૪૦૦૪૬૬૭	૨ (બે)	ગુમ થયેલ હોવાથી કેન્સલ થાય છે

આથી હું, સી. આર. લાડુમોર, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧૧, રાજકોટ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી. ફોર્મ પાના નંબર ૫૬૪૭૮૧૨ તથા ૪૦૦૪૬૬૭ પાના-૨ (બે) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ., ૧૭ માહે જુન, સને ૨૦૧૫.

સી. આર. લાડુમોર,
સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧૧, રાજકોટ.,

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/ઉ.-૧૬૩૫૩/૨૫૪૪/૪૭૬/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી શીવ ફળ અને શાક ઉત્પા. અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ચીત્રી, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૨ માહે જુન, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૨૩૪/૪૬૯૭/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી વરતેજ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : વરતેજ, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૨૩/૨૦૧૫, તા. ૧૬-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૨૪૩/૪૬૯૮/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ખાંભા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ખાંભા, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૨૪/૨૦૧૫, તા. ૧૬-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૨૫૨/૪૬૯૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી મોટી માંડવાળી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : મોટી માંડવાળી, તાલુકો : તળાજા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૨૫/૨૦૧૫, તા. ૧૬-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૨૬૧/૪૭૦૦/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સોસિયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : સોસિયા, તાલુકો : તળાજા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૨૬/૨૦૧૫, તા. ૧૬-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૨૭૦/૪૭૦૧/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ઘેટી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ઘેટી, તાલુકો : પાલીતાણા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૨૭/૨૦૧૫, તા. ૧૬-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૮ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૨૭૯/૪૭૦૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સરતાનપર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : સરતાનપર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૨૮/૨૦૧૫, તા. ૧૬-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૮ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૨૮૮/૪૭૦૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી વરલ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : વરલ, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૨૯/૨૦૧૫, તા. ૧૮-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૮ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૨૯૭/૪૭૦૪/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી વાવડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : વાવડી, તાલુકો : તળાજા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૩૦/૨૦૧૫, તા. ૧૮-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૮ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૩૦૬/૪૭૦૫/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી વાટલીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : વાટલીયા, તાલુકો : તળાજા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૩૧/૨૦૧૫, તા. ૧૮-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૧૮ માહે જુન, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) તથા કલમ-૨૦ (૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીનાં અંતીમ હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/ફ/૧૬૪૭૨/ખ-૪/૩૬૪ થી ૩૭૧/૨૦૧૧, તા. ૧૫-૦૩-૨૦૧૧.

(૪) ફડચા અધિકારીશ્રી શ્રી ટીમાણા-બોરલા મજુર બાંધકામ સહ.મં.લી., મુ. ટીમાણા, તા. તળાજા, જિ.ભાવનગર અને સહ. અધિ. ફનં.-૩ લગત કચેરીનો તા. ૨૯-૦૪-૨૦૧૫ નો અહેવાલ.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૬૧/૪૭૬૨/૨૦૧૫.-આથી હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) તથા ૨૦(૧) તથા વંચાણે લીધે ક્રમાંક નં-૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી ટીમાણા-બોરલા મજુર બાંધકામ સહ.મં.લી., મુ. ટીમાણા, તા. તળાજા, જિ. ભાવનગરની કે જેનો નોંધણી નંબરઃ ઉ-૪૮૬૧, તા. ૦૫-૦૯-૧૯૮૧ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ–૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

ભાવનગર, ૧૮ માહે જુન, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૨/૧૪/૨૦૧૫, તા. ૧૬-૦૫-૨૦૧૫થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

જા.નં. : ફડચ/૦૧/ખ-૨/ફ૧૮૮૬૫/૨૪/૬૧૯/૨૦૧૫.-આથી હું, પી. બી. ખસીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧)ની જોગવાઈ તથા ક્રમ (૨)નાં જાહેરનામાથી મળેલ સત્તાની રૂઈએ શ્રી અમર પિયત સહકારી મંડળી લી., મુ. પીપળીયા, તા. બોટાદ, જિ. બોટાદ કે જેનો નોંધણી ક્રમાંક ખે ૬૦૬૨, તા. ૨૪-૦૧-૨૦૦૫ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩)નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી ભાવનગર ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી., ભાવનગરની નિમણુંક કરૂં છું.

બોટાદ, ૧૬ માહે જુન, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૨/૧૩/૨૦૧૫, તા. ૦૮-૦૪-૨૦૧૫થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

જા.નં. : ફડચ/૦૧/ખ-૨/ફ-૧૮૮૬૪/૨૨/૨૦૧૫.-આથી હું, પી. બી. ખસીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧)ની જોગવાઈ તથા ક્રમ (૨)નાં જાહેરનામાથી મળેલ સત્તાની રૂઈએ શ્રી રાણપુર નગર પંચાયત કર્મચારીઓની ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. રાણપુર, તા. રાણપુર, જિ. બોટાદ કે જેનો નોંધણી નંબર-૨૩૭૪૫, તા. ૨૦-૦૭-૧૯૫૫ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩)નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂ છું તથા ફડચા અધિકારી તરીકે શ્રી શ્રી ફડચા અધિકારી લગત કચેરીની નિમણુંક કરૂં છું.

બોટાદ, ૧૦ માહે જુન, સને ૨૦૧૫.

પી. બી. ખસીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૩૨૫/નં. આરજેટીઃસે.-૪૨૭૭૪/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ., આથી જાહેર કરે છે કે, શ્રી કૈલાશ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ., તાલુકો : રાજકોટ., જિલ્લોઃ રાજકોટ., સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ., ૯ માહે જુન, સને ૨૦૧૫.

પ્રતિક ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૪-૦૪-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : ફડચ/ગ-૨/૫૦૯/૨૦૧૫.

વચગાળાનો આદેશ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૨૧૨/૩૦૦૩/૨૦૧૫.-આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી ભૃગુપુર ફળ અને શાકભાજી ઉત્પાદન અને વેચાણ સહકારી મંડળી લી., મુ. ભૃગુપુર, તા. ચુડા, જિ. સુરેન્દ્રનગરને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને કલમ-૧૦૮ અન્વયે મંડળીના

ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચો નંબર-૨ ની નિમણૂંક કરું છું.

સદરહું આદેશ અન્વયે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં રજુઆતના સમર્થનમાં જરૂરી હોય તેવા આધાર-પુરાવા સાથે યોગ્ય રજુઆત કરવી. અન્યથા સદરહું આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવશે જેની નોંધ લેવી.

સુરેન્દ્રનગર, ૧૯ માહે જુન, સને ૨૦૧૫.

ડી. વી. ગઢવી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઔદ્યોગિક) અને સંયુકત નિયામક (ટેક્ષટાઈલ), કુટિર અને ગ્રામોદ્યોગ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : જિ.ઉ.કે/જામ/ખાદી/૧૧૨/૧૩૧૨૯/ઉ. ૬૩૩૬/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, સમર્થ સેનેટરી માર્ટ ઔદ્યોગિક સ્વચ્છતા બજાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ખંભાળીયા, તાલુકો : ખંભાળીયા, જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા, ૧૧ માહે જુન, સને ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ
(ઔદ્યોગિક) અને સંયુકત નિયામક
(ટેક્ષટાઈલ), કુટિર અને ગ્રામોદ્યોગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-ભં-૬૮૦૫/જિપં/સહકાર/૩૨/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી જય વછરાજ ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ : ગોસા, તા.જિ.પોરબંદર

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૧૭ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-ઉ-૧૩૧૪૦/જિપં/સહકાર/૩૦/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ગજાનંદ વણકર ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. મોચા, તા.જિ. પોરબંદર

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૧૭ માહે જુન, સને ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ
જિલ્લા પંચાયત, પોરબંદર.

Printed at the Government Press, Rajkot Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 09th JULY, 2015/ASHADHA 18, 1937 No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	771-796
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1105-1152
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/સાઈકલ/મોપેડ/જાહેરનામું/૦૩/૦૬/૨૦૧૫.-દેશમાં બનતા ગુનાઓમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ જેવા હુમલાઓમાં સાયકલનો ઉપયોગ કરવામાં આવેલ હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે. આ પ્રકારના હુમલાઓમાં સાયકલ, સ્કુટર, ટીફીન કે પાઈપનો ઉપયોગ થતો હોય છે. જેથી નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે સાથેની વિગત દર્શાવે તે જાહેર જનતાના હિતમાં છે.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

> જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા-જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલિસે તેની પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/સીમકાર્ડ/જાહેરનામું/૦૪/૦૬/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડના ઉપયોગ થાય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા પર કોઈ ચોકકસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના થતા દસ્તાવેજોની પણ યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. સ્થાનિક પોલિસ તરફથી અવારનવાર મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીલરો, ફેરીયાઓને ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના કોઈ દસ્તાવેજી આધારો પોતા પાસે રાખતા નથી કે કયા દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી તેઓ પાસે રહેતી નથી.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ

સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર રીટેલરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

(૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયન્સસ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/સીસીટીવી કેમેરા/જાહેરનામું/૦૫/૦૬/૨૦૧૫.-તાજેતરના કિસ્સાઓમાં ભારાસર ગામે બેંક લુંટ તેમજ ભુજ ખાતે એ.ટી.એમ. મશીનની ઉઠાંતરીના બનાવો બનેલ છે. આ બનાવોની તપાસ દરમ્યાન એવી હકીકત ધ્યાને આવેલ છે કે સદર બેંકમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ પરંતુ તે ચાલુ હાલતમાં ન હોતાં કોઈ મદદ મળી શકેલ નહી.

કચ્છ જિલ્લો ઔદ્યોગિક રીતે અતિઝડપથી વિકાસ પામતો જિલ્લો છે. અને કચ્છમાં ઉદ્યોગોમાં બહારના રાજ્યોમાંથી કામદારો પુષ્કળ સંખ્યામાં આવતા હોય છે. કચ્છ જિલ્લામાં એન.આર.આઈ. લોકો પણ મોટી સંખ્યામાં રહે છે અને તેઓની થાપણો પણ બેંકોમાં રહે છે. જિલ્લામાં આવેલ બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, ટોલનાકા, સિનેમાઘરો, હોટલો, શોપીંગ સેન્ટરો, તેમજ જ્વેલર્સની દુકાનો વિગેરેમાં રોજબરોજ નાણાની લેવડદેવડ થતી હોય છે પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં કોઈ સિકયોરીટી ગાર્ડસ રાખતા હોય તેવું જણાઈ આવેલ નથી. જેથી આવા સંજોગોમાં લેભાગુ તત્વો લુંટ જેવા બનાવને અંજામ આપી શકે તેવી પુરીપુરી શકયતાઓ રહેલી છે. જેથી ભવિષ્યમાં આવા બેંક લુંટ કે અન્ય કોઈ બનાવો ન બને અને બને તો તે અંગે આવેલ તમામ ઈસમોની હરકત જાણી શકાય તે હેતુસર નીચે મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૫૧ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ રાષ્ટ્રીય, ખાનગી તેમજ સહકારી બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, જ્વેલર્સની દુકાનો, શોપીંગ સેન્ટરો, હોટલો, ટોલનાકાઓ તેમજ સિનેમાઘરોએ સીસીટીવી કેમેરા કેશીયરની કેબીન ઉપર, મેઈન દરવાજા ઉપર તથા ટ્રેઝરી ઉપર લગાવવા. તેમજ તેનું તેનો ડેટા એક માસ સુધી સાચવી રાખવો. તેમજ સદરહું ડેટા પોલિસ અધિકારી તરફથી માંગણી કર્યે આપવાનો રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/ટ્રાન્સપોર્ટ ડ્રાયવર/જાહેરનામું/૦૬/૦૬/૨૦૧૫.-કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યોગિક એકમોને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો વિકાસ થયેલ છે. જેના અનુસંધાને ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે ડ્રાયવરો અને કલીનરોને કામે રાખતા હોય છે. જેને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે. જિલ્લામાં કાર્યરત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ગુપ્તચર એજન્સીઓ તરફથી આવતા ઈનપુટ મુજબ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જિલ્લા બહારના લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલિસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર ડ્રાયવરો/કલીનરોને કામે રાખતા પહેલા તેઓના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો સંબંધીત પોલિસ સ્ટેશનમાં આપે તે સુનિશ્ચિત કરવું ખુબજ જરૂરી જણાય છે.

જેથી, હું, **એમ.એસ.પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો બાબતે નીચે મુજબની કાર્યપદ્ધિતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ટ્રન્સપોર્ટ ઓપરેટરોએ કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની સબંધીત પોલિસ સ્ટેશનમાં ડીટેઈલ બાયોડેટા સહિત નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ ડ્રાયવરો/કલીનરો કામગીરી કરી શકશે નહીં.

(૨) કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો પૈકી કોઈ છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર માસે જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૪) કોઈપણ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની નોંધણી કરાવ્યા સિવાય કામે રાખી શકશે નહીં.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/મજુર નોંધણી/જાહેરનામું/૦૮/૦૬/૨૦૧૫.-કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યાગિક એકમોમાં રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે મજુરો કોન્ટ્રાકટરો દ્વારા પુરા પાડવામાં આવતા હોય છે અને તે મજુરોને કારણે અને ઔદ્યોગિક એકમોને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે અને તપાસમાં જિલ્લા બહારના આવા લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લુંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલીસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો તરફથી જે લેબર કોન્ટ્રાકટરો પાસેથી મજુરો મેળવવામાં આવે છે. તેઓને

કામે રાખતા પહેલા તેઓ બાબતે નામ, સરનામા સહિતની જરૂરી વિગતો રખાય, તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોએ લેબર કોન્ટ્રાકટર પાસેથી મેળવેલ મજુરો બાબતે નીચે મુજબની કાર્ય પધ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ઔદ્યોગિક એકમો લેબર કોન્ટ્રાકટરોએ પ્રથમ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ અથવા ભુજ (જેનો વિસ્તાર લાગુ પડે તે પ્રમાણે) પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ લેબર કોન્ટ્રાકટઓ, મજુર પુરા પાડવાની કામગીરી કરી શકશે નહી. આ તારીખ પછી લેબર કોન્ટ્રાકટરોએ મજુર પુરા પાડતા પહેલાં સબંધિત મદદનીશ મજુર કમિશ્નરશ્રી, પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે.

(૨) નોંધણી મેળવેલ લેબર કોન્ટ્રાકટરોએ જુદા જુદા ઔદ્યોગિક એકમોને પુરા પાડેલ મજુરોની યાદી મદદનીશ કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ તથા પૂર્વ કચ્છ ગાંધીધામને દર માસે પુરી પાડવાની રહેશે. તેમાં મજુરોના નામ, પાકા સરનામા તથા ફોટા સાથે ઉંમર સહિતની વિગતો આપવાની રહેશે. પુરા પાડેલ મજુરોની ઓળખ સાબિત કરવા માટે ફોટા સાથેના ઓળખપત્રોની નકલ લેબર કોન્ટ્રાકટરે પોતાની કચેરીમાં રાખવાની રહેશે. અને માંગણી થયે રજુ કરવાની રહેશે.

(૩) કામે રાખેલ મજુરો પૈકી મજુરો છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર ત્રણ માસે મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને દર માસે પુરી પાડવાની રહેશે.

(૪) ઔદ્યોગિક એકમોએ રોકેલ લેબર કોન્ટ્રાકટરોની માહિતી દર માસે જે તે પોલીસ સ્ટેશનને તથા મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામને આપવાની રહેશે.

(૫) લેબર કોન્ટ્રાકટરોએ કામે રાખેલ મજુરોની સંપુર્ણ વિગત તથા ફોટા સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ભુજ/ગાંધીધામ પાસેથી સહી, સિક્કા કરવેલ હોવું જોઈશે. જિલ્લા/રાજય બહારથી પુરા પાડેલ મજુરોનું જે તે જિલ્લા/રાજ્યનું પુરૂં સરનામું ફોટો સહિત રજીસ્ટરમાં પુરાવાના આધારે નોંધવું જોઈશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને મજુરો પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયની લેબર કોન્ટ્રાકટરોથી મજુરો મેળવી શકશે નહી.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાનીજાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/ઘાસચારા વેચાણ/જાહેરનામું/૦૯/૦૬/૨૦૧૫.-કચ્છ જિલ્લામાં રસ્તા પર કે સરકારી જમીનો અને ખાનગી પ્લોટ પર અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અનધિકૃત રીતે ઘાસચારો વેંચવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. આ વ્યકિતઓ દ્વારા એક જગ્યાએ ઢોરો એકત્ર કરી ગ્રાહકોને ઘાસચારો વેંચી એકત્ર કરેલ ઢોરોને આપવામાં આવે છે. આ એકત્ર થયેલ ઢોરો ઘણીવાર નિરંકુશ થઈ અન્ય નાગરીકોને ઈજા પહોંચાડે છે તેમજ જાહેર જનતાને નુકશાન કરે છે. જેથી જાહેર જનતાની સુરક્ષાના હિતમાં જાહેરમાં સરકારી તથા ખાનગી જમીનો પર અનધિકૃત રીતે ઘાસચારો વેંચવા પર પ્રતિબંધ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની તમામ નગરપાલિકાઓની હદમાં અધિકૃત કરેલ સ્થળો સિવાયના કોઈપણ સ્થળ પર ઘાસચારાનો વેપાર કરી શકાશે નહીં.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/મજુર પ્રાથમિક સુવિધા/જાહેરનામું/૧૦/૦૬/૨૦૧૫.-તાજેતરમાં ગુજરાત રાજ્યમાં બાંધકામ હેઠળના ઈમારતમાં મહિલા મજુરો ઉપર બળાત્કારના બનાવ બનેલા છે. જે ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે બળાત્કારના ભોગ બનનાર મહિલાઓ અને મજબરોને સંબંધિત મજુર ઠેકેદાર દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હતી. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજૂરો અને તેમના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બને તેવી સંભાવના રહે છે.

કચ્છ જિલ્લામાં ભુકંપ પછી મોટી સંખ્યામાં ઔદ્યોગીક એકમોના આગમનથી પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. જેઓને પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ કોન્ટ્રાકટરો દ્વારા મળે તે જોવું ઈચ્છનીય છે.

જેથી, હું, **એમ.એસ.પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મજૂરોને લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગીક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/બોર-કુવા/જાહેરનામું/૧૧/૦૬/૨૦૧૫.-ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના ઘણા કિસ્સાઓ બનેલ છે. કેટલાક કિસ્સાઓમાં બાળકોના મૃત્યુ થવા પામેલ છે. આવા ખુલ્લા બોર-કુવા સંબંધે સાવચેતીના પગલાં લેવા માટે નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ ગાઈડલાઈન આપેલી છે. ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલાં લેવા જરૂરી છે.

જેથી, હું, **એમ.એસ.પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બાદ બોર વેલ/ટયુબ વેલના માલિક/ઉપયોગકર્તા/ડ્રીલીંગ એજન્સીએ નીચે મુજબના હુકમોનું પાલન કરવાનું રહેશે.

1. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલાં જગ્યાના માલિકે સ્થાનિક સત્તામંડળ તથા સ્થાનિક પોલિસને ૧૫ દિવસ પહેલાં જાણ કરવાની રહેશે.
2. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સત્તામંડળ પાસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
3. બોલ વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે નીચે જણાવેલ વિગતો સાથેનું સલામતી સૂચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે.
   - 3.1. બોર વેલ/ટયુબ વેલના બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રીલીંગ એજન્સીનું નામ તથા પૂરૂં સરનામું.
   - 3.2. બોર વેલ/ટયુબ વેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલિકનું નામ તથા પૂરૂ સરનામું
4. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા યોગ્ય વાડ/અંતરાયો રાખવાના રહેશે.
5. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ (૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સિમેન્ટ કોંક્રીટવાળું પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.

6. સ્ટીલ પ્લેટ વેલ્ડીંગ કરી અથવા નટ બોલ્ટ સાથે મજબુત પ્લેટ ફીટ કરી બોર વેલ/ટયુબવેલનું કેપીંગ કરવાનું રહેશે.
7. પંપ સમારકામ અથવા અન્ય કોઈ સમારકામ દરમ્યાન બોર વેલ/ટયુબ વેલ ખુલ્લા છોડી શકાશે નહીં.
8. બાંધકામ/સમારકામ પૂર્ણ થયા બાદ ખાડા/ચેનલમાં માટી ભરવાની રહેશે.
9. બીન ઉપયોગી અથવા ત્યજી દેવાયેલ બોર વેલ/ટયુબ વેલ અંગે સ્થાનિક સત્તામંડળ પાસેથી એક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને માટી/રેતી/કાંકરા વિગેરે દ્વારા નીચેથી ગ્રાઉન્ડ લેવલ સુધી ભરી દેવાના રહેશે.
10. ડ્રીલીંગ પૂર્ણ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ ડ્રીલીંગ શરૂ કર્યા પહેલાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં લાવવાનું રહેશે.
11. જે બોર વેલ/ટયુબ વેલ હાલ બીન ઉપયોગી હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેને નટ-બોલ્ટ સાથે બોરકેપ લગાવી ઢાંકી દેવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગીક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/હોટલ ગેસ્ટહાઉસ/જાહેરનામું/૦૭/૦૬/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટ હાઉસ/હોટલ/લોજ/ધર્મશાળામાં રોકાણ કરતા હોય છે અને શહેરના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે નીચેના પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ માલિકોએ અને ધર્મશાળા સંચાલકોએ નીચે જણાવેલ કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ/ધર્મશાળામાં રહેવા આવનાર દરેક મુસાફર દ્વારા તેમના પોતાના સ્વહસ્તાક્ષરમાં જ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	નામ	ઉંમર	નાગરીકત્વ	મો.નં.	સરનામું	ફોટો આઈડી પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

મુલાકાતનું કારણ	આવ્યા તારીખ/સમય	રૂમ નં.	હોટલ છોડયા તારીખ/સમય	બીલ નં. તારીખ	સહી
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતેથી પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવી પડશે, ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટલમાં પ્રવેશ આપવામાં આવશે તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન વગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે. તે એક માસ સુધી સાચવવાનું રહેશે.

(૫) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ પાર્કિંગની જગ્યાએ સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન અને વાહન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે એક માસ સુધી સાચવી રાખવું પડશે.

(૬) મુસાફરના ફોટા ઓળખકાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી અથવા કોમ્પ્યુટરમાં સેવ રાખવાના રહેશે.

(૭) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી નહીં.

(૮) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ ધાબાના માલીક, મેનેજર તથા તમામ કર્મચારીઓના નામ, સરનામાં, ફોન નંબર, ફોટો સહિતની તમામ વિગત દર્શાવતી લેખીત માહિતી સંબંધીત પોલિસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૯) વિદેશી નાગરીકો/મુલાકાતી/ગેસ્ટ હોય તો તેમના પાસપોર્ટની સંપૂર્ણ વિગત રજીસ્ટરમાં નોંધવી તેમજ સી ફોર્મ ભરાવી એલ.આઈ.બી., એસ.પી. કચેરીએ જાણ કરવી.

(૧૦) હોટલ/ગેસ્ટ હાઉસમાં ઈન્ટરનેટ-વાઈફાઈ સિસ્ટમ કાર્યરત હોય તો તેની વિગતો રજીસ્ટર બનાવી સાચવી રાખવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફ હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી, મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિકકો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

નાં. મેજી/પોલ/મકાન ભાડા/જાહેરનામું/૦૧/૦૬/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈ મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. ભુકંપ બાદ કચ્છ જિલ્લામાં રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે. જેના પરિણામે બહારથી મોટા પ્રમાણમાં લોકો વસવાટ કરવા આવતા હોય છે. લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને થતું જોખમ તથા જાહેર સુલેહશાંતિ જાળવવા માટે ભાડેથી અપાતા મકાનો માટે ની મુજબની વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે અને મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવા જરૂર જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકાશે નહીં, ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે જણાવેલ જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

INDEX

અ.નં.	મકાન માલીકનું નામ, ભાડે આપેલ મકાનની વિગત, વિસ્તારનું નામ મકાનનું બાંધકામ ક્ષેત્રફળ	મકાન ભાડે આપવા અધિકૃતતા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું, સંપર્ક નંબર સહિત	મકાન ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા, સંપર્ક નંબર સહિત	મકાન માલીક અને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સંપર્ક નંબર સહિત
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવા તથા પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : મેજી/પોલ/જુના મોબાઈલ/જાહેરનામું/૦૨/૦૬/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી શકવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચવા સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે. અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે. જેથી જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂં નામ, સરનામું, નોંધવું જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ,** કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારનીની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓને નીચે જણાવેલ મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને માંગણી કર્યેથી રજુ કરવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નં.	મોબાઈલ ફોનની વિગત	IMEI નંબર	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ તથા સરનામાની વિગત	આઈડી પ્રુફની વિગત અસલ પરથી ખરાઈ કરીને મેળવવી
૧	૨	૩	૪	૫

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓની દુકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમથી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૧૫ થી તા. ૨૩-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૨૩-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુન, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ ભુજ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૪૮૪૨ થી ૪૯૨૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૭-૦૫-૨૦૧૫ના પત્ર નં. એસઓજી/જાહેરનામું/મોબાઈલ-સીમકાર્ડ/૩૦૬/૧૫ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબજ જ જરૂરી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	મોબાઇલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત

જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	મોબાઇલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત

નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	સીમ કાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત	સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી

આ હુકમ તા. ૦૨-૦૬-૨૦૧૫ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨ જુન સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨ માહે જુન, સને-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૪૭૬૧ થી ૪૮૪૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૭-૦૫-૨૦૧૫ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/વાહન લે-વેચ/૩૦૯/૧૫ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થયા/થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે. લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

અનું નંબર	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ-જાત-ઉંમર-સરનામું- કોન્ટેક નંબર	વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

ઉપર મુજબનું રજીસ્ટ્રર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૨-૦૬-૨૦૧૫ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨ જુન સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨ માહે જુન, સને-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામુ

નં. નાચિ/પલસ/વશી/૪૬૮૦ થી ૪૭૬૦/૨૦૧૫.- પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૭-૦૫-૨૦૧૫નાં પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/સી.સી.ટી.વી./૩૧૨/૧૫ થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેકટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયાં મોટી રકમની અથવા કિમતી ચીજવસ્તુ લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડ-દેવડ અને હેરાફરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતાં પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશદ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કીંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે, તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રોકોડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૨-૦૬-૨૦૧૫ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨ જુન સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨ માહે જુન, સને-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૪૫૧૮ થી ૪૫૯૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૭-૦૫-૨૦૧૫નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/મકાન ભાડુઆત/૩૧૧/૨૦૧૫ ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યો માંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડું કેટલું છે ?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨-૦૬-૨૦૧૫ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨ જુન સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨ માહે જુન, સને-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૪૯૨૩ થી ૫૦૦૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૭-૦૫-૨૦૧૫નાં પત્ર જા. નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/STD-PCO/૩૦૬/૨૦૧૫ થી આંતકવાદ અને ત્રાસવાદના કૃત્યો ના બનાવો ભુતકાળમાં બનવા પામેલ છે. રાજ્યમાં ભુતકાળમાં બનેલ આવા ગુનાઓમાં આંતકવાદી/ત્રાસવાદી દ્વારા STD-PCO નો ઉપયોગ પણ થયેલ છે. તેમજ આંતકવાદી સંસ્થા સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ ધરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં જઈને ફોન દ્વારા ધમકી આપવા, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિય સતામણી કરવાના બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુનાના મુળ સુધી પહોંચી શકાતુ નથી જેના કારણે આંતકીઓ તેના પ્લાનને અંજામ આપવામાં સફળ રહે છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું એક રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.)-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી.પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

અનુ. નંબર	STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર	STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર	ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઈ.ડી. પ્રુફની વિગત નંબર સાથે.	જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૨-૦૬-૨૦૧૫ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોકત કોલમવાઈઝ રજીસ્ટરો સંબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

શિક્ષા :

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

આજ તા. ૨ જુન સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨ માહે જુન, સને-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૫૦૦૪ થી ૫૦૮૪/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૭-૦૫-૨૦૧૫નાં પત્ર જા.નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ/મજુર-કારીગર/૩૦૭/૧૫ થી આંતકવાદીઓ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને સુલેહશાંતીનો ભંગ કરે તેવી પુરી શકયતાઓ રહેલી છે. આવી આતંકવાદી પ્રવૃતિથી માત્ર ને માત્ર માનવ જીન્દગીની ખુવારી થાય છે અને તેમા બિલકુલ નિર્દોષ લોકો પોતાના જાન માલ ગુમાવે છે. અને જાહેર તેમજ લોકોની સંપતીને મોટુ નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય, અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજસ્ટિર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગીક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે. તથા દરમાસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

ક્રમ	મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઈલ નંબર	મજુર/કારીગરનું વતનનું પુરૂં સરનામું, નજીકના પો.સ્ટે.ની વિગત	તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યાં કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે.	કોની ઓળખાણથી પોતાને ત્યા કામે રાખેલ છે. તેનું પુરૂં નામ સરનામું તથા મોબાઈલ નંબર	મજુર/કારીગરના આઈ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઈલ બનાવી રાખવું)	મજુર/કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તા. ૨-૦૬-૨૦૧૫ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨ જુન સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨ માહે જુન, સને-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૪૫૯૯ થી ૪૬૭૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૭-૦૫-૨૦૧૫નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/હોટેલ માલિક/૩૦૮/૧૫ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, જે. **કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ/લોજ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અ.નં.	હોટલ માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઇલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઇલ	લાયસન્સ નંબર	આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર	લાયસન્સ કઇ તારીખથી કઇ તારીખ સુધી રીન્યુ થયેલ છે.	આવેલ પેસન્જરનું પુરૂં નામ, ઉ.વ., ધંધો અને મોબાઇલ નંબર, પુરૂં સરનામું	પ્રવાસી/મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર MAKE	રજુ કરેલ ઓળખ કાર્ડની સંપૂર્ણ વિગત	કઇ તારીખથી આવેલ છે. તારીખ/સમય	કઇ તારીખે જવાના છે. તારીખ/સમય	કયાં હેતુ માટે આવેલ છે.	આવેલ પેસેન્જરની સહી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

આ હુકમ તા. ૨-૦૬-૨૦૧૫ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

બોમ્બે પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨ જુન સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨ માહે જુન, સને-૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૨૧૯૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./હથિ.બંધી/જા.ના./૩૦૧૪/૨૦૧૫, તા. ૧૩-૦૬-૨૦૧૫ થી (૧) વેરાવળ, પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) તા. ૧૭-૦૬-૨૦૧૫ થી હિન્દુ માસનો અધિક પુરષોતમ માસ શરૂ થનાર હોય, એક માસ દરમ્યાન વિવિધ રીતે રોજેરોજ ઉજવણી થતી હોય, તેમજ તા. ૧૮-૦૬-૨૦૧૫ થી રમજાન માસ શરૂ થનાર હોય, તેમજ તા. ૧૮-૦૭-૨૦૧૫ ના રોજ મુસ્લીમ સમુદાયના પવિત્ર તહેવાર રમજાન ઈદના તહેવાર સબબ ધાર્મિક સ્થળ, જાહેર સ્થળ વિગેરે સ્થળોએ મોટી સંખ્યામા લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) આગામી સમયમા ચોમાસુ સીઝન ચાલુ થનાર હોય, જેના કારણે વિજળીની આવક જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ, જિલ્લા વિસ્તારમાં તા. ૨૨-૦૬-૨૦૧૫ થી તા. ૨૦-૦૭-૨૦૧૫ સુધી બંન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૦ માહે જુન, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૨૦ માહે જુન, સને ૨૦૧૫.

INDEX

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૨૦૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.નામુ./સ.સ.બંધી/૩૦૧૫/૧૫, તા. ૧૩-૦૬-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય, નાના સરખા બનાવથી અફવાના કારણે હિન્દુ મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) તા. ૧૭-૦૬-૨૦૧૫ થી હિન્દુ માસનો અધિક પુરષોતમ માસ શરૂ થનાર હોય, એક માસ દરમ્યાન વિવિધ રીતે રોજેરોજ ઉજવણી થતી હોય, તેમજ તા. ૧૮-૦૬-૨૦૧૫ થી રમજાન માસ શરૂ થનાર હોય, તેમજ તા. ૧૮-૦૭-૨૦૧૫ ના રોજ મુસ્લીમ સમુદાયના પવિત્ર તહેવાર રમજાન ઈદના તહેવાર સબબ ધાર્મિક સ્થળ, જાહેર સ્થળ વિગેરે સ્થળોએ મોટી સંખ્યામા લોકો એકઠા થતા હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ તહેવાર નિમીતે યોજાનાર વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) આગામી સમયમા ચોમાસુ સીઝન ચાલુ થનાર હોય, જેના કારણે વિજળીની આવક જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક ૨૨ની કલમ ૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૨-૦૫-૨૦૧૫ થી તા. ૨૦-૦૭-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૦ મી માહે જુન, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૦ માહે જુન, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૧૫૯૯/૨૦૧૫.-ભૂતકાળમાં વલસાડ જિલ્લામાં મજુરોની વસાહતના કુદરતી હાજતે ગયેલ મહીલા પર ગેંગરેપનો બનાવ બનેલ હોય આવો બનાવ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બનવા પામે નહીં અને શહેર વિસ્તારમાં નવા બંધાતા મકાનોમાં, કોમ્પ્લેક્ષમાં, ઔદ્યોગીક એકમોમાં, જુદી જુદી ટેલીકોમ કંપનીઓમાં તથા ખેતી વિષયક કામ કરતાં મજુરો વિગેરે કામકાજમાં રોકાયેલ મજુરોને રહેવા સબંધી તમામ સગવડો (સુવિધા)ઓ ઉપલબ્ધ થાય તે માટેની કાર્યવાહી અંગે તથા મજુરોની સલામતિ અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવણી હેતુસર થોડા નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.)

૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ફેકસ મેસેજ નંબરઃ એસ.વી.-૧/કે.વી./૧૦૨૦૧૪/૧૨૨૬૦, તા. ૧૮-૦૬-૨૦૧૪ તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જ-૧/કા.×વ્ય./ટે-૧/૫૨ચ/૧૯/૧૭૭૮/૨૦૧૪, તા. ૨૦-૦૬-૨૦૧૪થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષ/મકાનો/રોડ રસ્તાઓ/ગટ્ટર યોજનાઓ વિગેરે, ઔદ્યોગીક એકમો તથા જુદી જુદી ટેલીકોમ કંપની દ્વારા કંપનીઓના કામો તથા ખેડૂતોના ખેતી વિષયક કામોમાં સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા કોઈપણ મજુરોને મજુરી કામ માટે રાખવામાં આવે ત્યારે આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા જે મજુરોને કામકાજ માટે રાખેલ હોય તે મજુરોના કામકાજના સ્થળો ખાતે રહેવા સબંધી/ટોયલેટ/બાથરૂમ/પાણી/સાફ-સફાઈ વિગેરે આવશ્યક સુવિધા પુરી પાડવાની રહેશે અને આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા આ મજુરો માટે શું શું આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરેલ છે? તેની માહિતી કામકાજના વિસ્તારના સબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૦માં લેખીતમાં પુરી પાડવાની રહેશે. આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૬ માહે જુન, સને ૨૦૧૫ ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૬૦૦/૨૦૧૫.-ભુતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આંતકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહીત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલા તેમજ ભુતકાળના બનાવો જેવા કે સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા મુંબઈ અને દિલ્હી ખાતે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તાજેતરમાં હૈદ્રાબાદ તથા બેંગ્લોર બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા અને હાલના પ્રર્વતમાન સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરની સલામતિ માટે કેટલાક પગલા લેવા જરૂરી છે.

રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડની કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ તથા જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પાડતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા

પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી મોલમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે. મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીસેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

અમલવારીનો સમય

આ હુકમનો અમલ તા. ૦૧-૦૭-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૬ માહે જુન-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૬૦૨/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા સભાઓ, રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં

આવતાં હોય અને હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તેમજ પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા તથા જમીનના વિવાદોમાં જઈ પોતાની પાસેના લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો ધારકો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેર વિસ્તારમાં આવી હથીયારોનો મુખ્યત્વે ઉપયોગ કરે છે. આવા લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુન્હાઓની કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તેવી પ્રવૃત્તિને અંકુશમાં લેવા માટે અમુક પ્રતિબંધ મુકવા ઉચીત અને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા/લટકાવવાની/પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજના સમય સિવાયના કોઈપણ સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારીના સમય

આ હુકમનો અમલ ૦૧-૦૭-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૧-૦૮-૨૦૧૫ના કલાક ૨૪/૦૦ સુધી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરીમાં હોય અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીશ્રીઓએ આવી કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૬ માહે જુન-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૧૬૦૩/૨૦૧૫.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઈપલાઈન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઈપલાઈન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને

અસામાજિક તત્વો દ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય.

(૨) તેમજ કેટલાક પ્રાઈવેટ સિક્યુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિક્યુરીટીવાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઇ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિક્યુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુરઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનું મારૂ માનવું છે.

પ્રાઈવેટ સિક્યુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓની ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિક્યુરીટીવાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એકઝી. મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૭-૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) (ક) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપલાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી પાણી ખેંચી શકશે નહીં.

(૨) કોઈપણ ખાનગી સિક્યુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

: વિસ્તાર :

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

: અપવાદ :

(૧) નર્મદા પાણીની પાઇપલાઇનના જાહેરનામામાંથી ઉપરોકત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૬ માહે જુન-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૬૦૪/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં શહેર વિસ્તારમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય હાલની આતંકવાદી ગતિવિધી તથા રાષ્ટ્રવિરોધી

પ્રવૃતિને લક્ષમાં લેતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા પર તથા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીના પીરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ ૦૧-૦૭-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૧-૦૮-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ પર હોય અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને અને સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન ધ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૬ માહે જુન-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/પરમીટ/એ. સેકશન/૧૬૦૧/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી-અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત	મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ	મકાન/ઔધોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે?	કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ, સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા	મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે જુન-૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૧૬૦૫/૨૦૧૫.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો બને છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા આચરવા વાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં જુદી જુદી ઔધોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરીકામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેને અનુલક્ષીને જાહેર જનતાની જાન-માલની (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમોએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અથવા મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે પોતાનું મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર-મુકાદમે તે અંગેની જાણ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મો. નં. નંબર સહિત.	:	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:	
૩	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	

૬	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે.	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું	:	

મજુરનો તાજેતરનો ફોટો	મજુરના અંગુઠાનું નિશાન ....
	મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ....
	નામ ....

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે જુન-૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૪૮૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી કૃષિ કોટન જીનીંગ પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ કો. ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : સા. કુંડલા, મુ. સા. કુંડલા, તાલુકો : સા. કુંડલા, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/એ.એમ.આર/ ''ઉ''(પ્રો)/૧૨૮૯૭/૨૦૧૫, તા. ૨૬-૦૬-૨૦૧૫ થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૨૮૦/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી નાગલપરા (ગણેશપર) મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાગલપરા (ગણેશપર), તાલુકો-ભચાઉ, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર : કેટીએચ ''સે''(દુ) ૪૨૯૮૮, તા. ૨૨-૦૬-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૨ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૨૭૫/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી કલ્યાણપર (ખડીર) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કલ્યાણપર

(ખડીર), તાલુકો-ભચાઉ, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર : કેટીએચ “સે”(દુ) ૪૨૯૮૭, તા. ૨૨-૦૬-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૨ માહે જુન, સને ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/૪૮૭/સા-૯૨૫૮/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી માધવ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : માણાવદર, તાલુકો : માણાવદર, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૩૩૫/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી રામપુર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : જુના રામપુર, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ. ૪૪૪૩૩/૨૦૧૫, તા. ૨૪-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૨૪ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૩૨૬/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી રાજપરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : રાજપરા, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ. ૪૪૪૩૨/૨૦૧૫, તા. ૨૪-૦૬-૨૦૧૫.

ભાવનગર, ૨૪ માહે જુન, સને ૨૦૧૫.

ડૉ. એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૩૫૪/સે.-૪૨૭૭૫/૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સંકટમોચન શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૪ માહે જુન, સને ૨૦૧૫.

પ્રતિક ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 16th JULY, 2015/ASHADHA 25, 1937 No. 29

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	797-824
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1153-1200
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read : *Hon'ble High Court Letter No. A. 1204/2012, Dated : 09-05-2012 (Discontinuance of Vacation concession)*

OFFICE ORDER

No. B-10(1)/7970/647/2015.-During the Summer Vacation from 16-05-2015 to 14-06-2015, the following Judicial Officers working in this District were prevented from enjoying summer vacation for the period shown against their names in Col.No.4 and they were availed the vacation leave for the period shown in Col. No. 5. The Registrar and Nazir of the concerned court are hereby directed to necessary entry be made in the service book of concerned Judicial Officer.

Sr. No.	Name of the Judicial Officers	Designation	Period for which prevented from enjoying vacation		Period for which vacation enjoyed		Remark
1	2	3	4		5		6
			From	To	From	To	
01.	Mr. A. S. Gadhavi	Principal Senior Civil Judge, Bhavnagar	---	---	16-05-2015	14-06-2015	
02.	Mr.S.P.Rahatekar	2nd.Addl.Senior Civil Judge & ACJM, Bhavnagar	16-05-2015 31-05-2015 07-06-2015 14-06-2015	28-05-2015 04-06-2015 12-06-2015	29-05-2015 05-06-2015 13-06-2015	30-05-2015 06-06-2015 ---	
03.	Mr. H. V. Joshi	3rd.Addl.Senior Civil Judge & ACJM, Bhavnagar camp at Mahuva	16.05.2015	14.06.2015	---	---	
04.	Mr. N. P. Radia	4th.Addl.Senior Civil Judge & ACJM, Bhavnagar	16.05.2015 08.06.2015	03.06.2015 14.06.2015	04.06.2015	07.06.2015	
05.	Mr. R.V. Oza	5th.Addl.Senior Civil Judge & ACJM, Bhavnagar	16.05.2015 01.06.2015	22.05.2015 14.06.2015	23.05.2015	31.05.2015	
06.	Miss J. R. Dodiya	6th.Addl.Senior Civil Judge & ACJM, Bhavnagar	16.05.2015 12.06.2015	06.06.2015 14.06.2015	07.06.2015	11.06.2015	
07.	Mr. J. L. Patel	7th.Addl.Senior Civil Judge & ACJM, Bhavnagar	16.05.2015	14.06.2015	---	---	
08.	Miss. H. D.Pandit	8th.Addl.Senior Civil Judge & ACJM, Bhavnagar.	16.05.2015 25.05.2015 30.05.2015	22.05.2015 28.05.2015 14.06.2015	23.05.2015 29.05.2015	24.05.2015	

1	2	3	4		5		6
09.	Mr. D. K.Soni	9th.Addl.Senior Civil Judge & ACJM, Bhavnagar	16.05.2015 09.06.2015	05.06.2015 14.06.2015	06.06.2015	08.06.2015	
10.	Mr. M. S. Dave	10th. Addl. Senior Civil Judge & ACJM, Bhavnagar	16-05-2015	14-06-1015	---	---	
11.	Mr. J. J. Bhatt	11th. Addl. Senior Civil Judge & ACJM, Bhavnagar	16-05-2015 08-06-2015	30-05-2015 14-06-2015	31-05-2015	07-06-2015	
12.	Mr. A. N. Dave	12th. Addl. Senior Civil Judge & ACJM, Bhavnagar	16-05-2015 07-06-2015	31-05-2015 14-06-2015	01-06-2015	06-06-2015	
13.	Mr. R. K. Modh	13th. Addl. Senior Civil Judge & ACJM, Bhavnagar	16-05-2015	14-06-2015	---	---	
14.	Mr. A. N. Vora	14th. Addl. Senior Civil Judge & ACJM, Bhavnagar	16-05-2015 28-05-2015 07-06-2015	17-05-2015 04-06-2015 14-06-2015	18-05-2015 05-06-2015	27-05-2015 06-06-2015	
15.	Mr. M. K. Kher	15th. Addl. Senior Civil Judge & ACJM, Bhavnagar	16-05-2015	14-06-2015	---	---	
16.	Mr. J. D. Sindhi	16th. Addl. Senior Civil Judge & ACJM, Bhavnagar	16-05-2015 31-05-2015	28-05-2015 14-06-2015	29-05-2015	30-05-2015	
17.	Mr. A. R. Ghori	Addl. Civil Judge & JMFC, Bhavnagar	16-05-2015 05-06-2015	01-06-2015 14-06-2015	02-06-2015	04-06-2015	
18.	Mr. K. R. Rathod	2nd. Addl. CIvil Judge & JMFC, Bhavnagar	16-05-2015 22-05-2015	--- 14-06-2015	17-05-2015	21-05-2015	
19.	Mr. K.C. Vaghela	3rd. Addl. Civil Judge & JMFC, Bhavnagar	16-05-2015 22-05-2015	--- 14-06-2015	17-05-2015	21-05-2015	
20.	Mr. N. R. Vyas	Principal Civil Judge & JMFC, Ghogha	16-05-2015	14-06-2015	---	---	
21.	Mr. A. D. Acharya	Principal Civil Judge & JMFC, Sihor	16-05-2015	14-06-2015	---	---	
22.	Mr. P. M. Shah	Principal Civil Judge & JMFC, Vallabhipur	16-05-2015	14-06-2015	---	---	
23.	Mr. J. B. Ghasura	Principal Civil Judge & JMFC, Umrala	16-05-2015	14-06-2015	---	---	
24.	Mrs. R. S. Shah	Principal Civil Judge & JMFC, Botad	16-05-2015	14-06-2015	---	---	
25.	Mr. B. J. Patel	Principal Civil Judge & JMFC, Botad	16-05-2015 25-05-2015	21-05-2015 14-06-2015	22-05-2015	24-05-2015	
26.	Mr. V. B. Barot	Principal Civil Judge & JMFC, Palitana	16-05-2015	14-06-2015	---	---	
27.	Mr. G. P. Sodhaparmar	Principal Civil Judge & JMFC, Gariadhar	16-05-2015	17-05-2015	---	---	relieved the charge on 17-05-2015 AOH
28.	Mr. P. J. Kayastha	Principal Civil Judge & JMFC, Gariadhar	18-05-2015	14-06-2015	---	---	taken over the charge on 18-05-2015 BOH

1	2	3	4		5		6
29.	Mr. J. K. Khant	Principal Civil Judge & JMFC, Talaja	16-05-2015 11-06-2015	05-06-2015 14-06-2015	06-06-2015	10-06-2015	
30.	Mr. B. N. Shrivastav	Addl. Civil Judge & JMFC, Talaja	16-05-2015 23-05-2015 10-06-2015	--- 06-06-2015 14-06-2015	17-05-2015 07-06-2015	22-05-2015 09-06-2015	
31.	Mr. K. C. Joshi	Principal Civil Judge & JMFC, Mahuva	16-05-2015	14-06-2015	---	---	
32.	Mr. N. A. Brahmbhatt	Addl. Civil Judge & JMFC, Mahuva	16-05-2015	14-06-2015	---	---	

Bhavnagar, 25/29th June, 2015.

R. K. Desai
Principal District Judge,
Bhavnagar.

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. મેજી/પોલ/સીઆરપીસી/૧૪૪/જાહેરનામું/૭/૨૦૧૫.- કચ્છ જિલ્લાના જુદા જુદા બંદરેથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે. સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ વિગેરેની આગાહીઓ સંબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોંચાડવી શકય હોતી નથી. તેમજ માહે મે માસથી દરિયો તોફાની થઈ જાય છે. મે-૧૯૯૯ માં ત્રાટકેલા વાવાઝોડાથી અન્ય જિલ્લાઓના માછીમારોની મોટી ખુવારી થયેલ હતી. તેમની લાશો કચ્છ જિલ્લાના દરિયાકાંઠે મળી આવેલ હતી. માછીમારોને માછીમારી માટે મે મહીનાથી દરિયામાં જવુ વિશેષ જોખમમુકત હોય છે. મત્સ્યોદ્યોગ ખાતું તથા પોર્ટ ઓફીસરશ્રી દ્વારા આવા માછીમારોને મે માસથી સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી. તેમ છતાં અન અધિકૃત રીતે કોઈ માછીમાર, માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવઝોડા, વરસાદ જેવા પરિબળોથી સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં માછીમારોના જાનનું જોખમ ઉભુ થાય તેવો પુરતો સંભવ છે. જેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા અનિવાર્ય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, **એમ. એસ. પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** આથી ફરમાવું છું કે, કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રીક એરિયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યકિતએ તા. ૦૫-૦૭-૨૦૧૫ થી તા. ૧૫-૦૮-૨૦૧૫ નાં સમય દરમ્યાન માછીમારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રીક એરિયામાં જવું નહીં. અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહીં

આ હુકમ નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને.

૨. લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળોની બોટો.

આ જાહેરનામાં હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નાં ક્રમાંક ૪૫) ની કલમ ૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

આ જાહેરનામાંની વર્તમાન પત્રો મારફતે બહોળી પ્રસિધ્ધી કરવી.

આ જાહેરનામું તા. ૦૩-૦૭-૨૦૧૫ થી તા. ૧૫–૦૮-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૦૨-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૦૨ માહે જુલાઈ સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/જાહેરનામું/૨૬૬/૨૦૧૫.-Dy. Commandant, Gunnery Officer, No. 1 Coast Guard Dist. (Guj) Porbandar ના પત્ર ક્રમાંક : જીયુએન/૩૧૧, તા. ૨૫-૦૬-૨૦૧૫ ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી

તા. ૨૯-૦૬-૨૦૧૫ ના રોજ સવારના ૮-૦૦ થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી ફાયરીંગ કરવાનું હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉકત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ,** આઈ.એ.એસ., **જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર**, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૯-૦૬-૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉત્તર ભાગે-૩ ફલાર્ગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી.મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૨૬-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-3 અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૫૭૪૧ થી ૫૭૯૧/૨૦૧૫.-(૧) હાલમાં રમઝાન માસ શરૂ હોય પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે.ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૩-૦૭-૧૫ થી તા. ૧૭-૦૭-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૩-૦૭-૨૦૧૫ થી તા. ૧૭-૦૭-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજિસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇ પણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તા. ૨ જુલાઈ–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)/૦૭/૧૫.-ચાલુ માસમાં કચ્છ જિલ્લામાં નીચે જણાવેલ મેળા/ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

ક્રમ	તારીખ	ઉત્સવ	સ્થળ
૧	૦૧-૦૭-૧૫ થી ૩૧-૦૭-૧૫	અધિક અષાઢ માસ તથા રમજાન માસની ઉજવણી	સમગ્ર કચ્છ જિલ્લો
૨	૧૮-૦૭-૨૦૧૫	રમજાન ઈદ	સમગ્ર કચ્છ જિલ્લો
૩	૧૮-૦૭-૨૦૧૫	અષાઢી બીજ	સમગ્ર કચ્છ જિલ્લો
૪	૨૯-૦૭-૨૦૧૫	જયાપાર્વતી વ્રત જાગરણ	સમગ્ર કચ્છ જિલ્લો
૫	૩૧-૦૭-૨૦૧૫	ગુરૂ પૂર્ણિમા	સમગ્ર કચ્છ જિલ્લો

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૪-૦૭-૨૦૧૫ થી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા કે તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૨-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૦૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૨૪૮૪૧/૧૫.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે તા. ૦૭-૦૭-૨૦૧૫ ના રોજ દિન-૦૧ માટે આસીસ્ટન્ટ કમાન્ડન્ટશ્રી, સી.આઈ.એસ.એફ.યુનિટ, ભાવનગર દ્વારા કવાર્ટર ફાયરીંગનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨-૧૯-૫૩ આરે માં આવેલ છે તે સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/ ૧૪૩૧/૨૦૧૫, તા. ૧૭-૦૬-૨૦૧૫થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારીની રૂઈએ હું, **એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,**

ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર જિલ્લાના ભાવનગર, આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨, શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨-૧૯-૫૩ આરે માં આવેલ છે તે સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૦૭-૦૭-૨૦૧૫નાં રોજ કોઈપણ શખ્સે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૯-૦૬-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૯ માહે જુન, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૧૩૫/૨૦૧૫.-અધિક્ષક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., બોટાદના તા. ૧૮-૦૬-૨૦૧૫ના પત્ર નં. બીટીસીઓ/ટેક-૧/અકસ્માત/૨૩૮૦ થી બટાદ જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ નેટવર્ક ઉપર કેબલ ટીવી ઓપરેટરોના કેબલ તેમજ અન્ય સંચાર માધ્યમના વાયરો કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવેલા હોય, જેના કારણે વિજ અકસ્માતના બનાવો બનવા પામતાં હોય છે. આથી આ અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સબબ, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતાં કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ જિલ્લો, બોટાદ,** હુકમ કરૂં છું કે, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા દૂર કરવામાં આવેલ ટીવી કેબલ પી.જી.વી.સી.એલ.ના નેટવર્ક પર પુનઃ પ્રસ્થાપિત કરવા નહીં.

આ જાહેરનામું તા. ૨૬-૦૬-૨૦૧૫ થી તા. ૨૪-૦૮-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.ના સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા જે તે તાલુકાના મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૬-૦૬-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૨૬ માહે જુન, સને ૨૦૧૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૧૭૩/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ જુલાઈ-૨૦૧૫ તથા આગામી ઓગષ્ટ-૨૦૧૫ ના માસ દરમ્યાન તા. ૧૮-૭-૨૦૧૫ના રોજ અષાઢી બીજ નિમિત્તે રથયાત્રા તથા મુસ્લીમ બિરાદરોનો પવિત્ર તહેવાર રમજાન ઈદ તથા મુસ્લીમ બિરાદરોનો પવિત્ર માસ રમજાન શરૂ હોય, તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૦૭-૨૦૧૫ થી તા. ૦૭-૦૮-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૧-૦૭-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામું

(૧) બેન્ક તથા એ.ટી.એમ. માં સીસી ટીવી કેમેરા લગાવવા બાબત.

નં. ડી.એમ./વશી/૧૧૬૮-૧૧૬૯/૨૦૧૫.-બોટાદ શહેર તથા જિલ્લામાં જુદી જુદી બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનો આવેલા છે. આ બેન્કોમાં રોજની મોટા પ્રમાણમાં નાણાકિય લેવડ-દેવડ થાય છે અને મોટી સંખ્યામાં માણસોની અવર-જવર થાય છે. જેના કારણે છેતરપીંડી, પૈસાની ઉઠાંતરી વગેરે ગુન્હાઓ બનવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ ઘણા કિસ્સાઓમાં બનાવટી નોટો બેન્કના ભરણામાં આવે છે. આવા તથા છેતરપીંડી અને પૈસાની ઉઠાંતરી જેવા ગુન્હાઓ પર વોચ રાખવા અને તેને બનતાં અટકાવવા ખૂબજ જરૂરી છે. જો આવા બનાવ બને તો આવા બનાવને અંજામ આપનાર ઈસમો સુધી પહોંચવા માટે અને તેની ઓળખ માટે બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં સી.સી. ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે.

(૨) પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા બાબત.

બોટાદ જિલ્લા તથા શહેરમાં આવેલ જુદાં-જુદાં પેટ્રોલપંપ પર રોજના મોટા પ્રમાણમાં માણસોની અવર-જવર રહેતી હોય છે. કેટલીક વાર લુંટ જેવા ગુનાઓ બનતાં હોય છે. તેમજ અમુક અસામાજિક તત્વો ગુનો કરતાં પહેલાં વાહનોમાં ફયુઅલ પુરાવવા આવતાં હોય છે. તેથી આવા તમામ પ્રકારના માણસો ઉપર વોચ રાખવા અને તેને તથા તેની સાથે લઈ આવેલ વાહનો ઓળખવા ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વિઝન સાથેના સીસી ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે અને બોટાદ જિલ્લામાં લુંટ, ધાડ તેમજ પેટ્રોલપંપ ઉપર ફાયરીંગના બનાવો બનેલ છે. જેથી શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા આંતરીક સુરક્ષાને ધ્યાને લઈને પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા જરૂરી જણાય છે.

આથી હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં આવેલ તમામ બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં તેમજ તમામ પેટ્રોલપંપો ઉપર ઈન્ટરનેટ કનેકટીવ તથા આઈ.પી. નાઈટ વીઝન સાથેના સી.સી. ટીવી કેમેરા લગાવવાના રહેશે.

આ હુકમ તા. ૦૨-૦૭-૨૦૧૫ થી ૩૦-૦૮-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૦૨-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૦૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામું

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

નં. ડી.એમ./વશી/૧૧૬૪-૧૧૬૭/૨૦૧૫.- ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	મોબાઇલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઇલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઇલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેંચનારના આઇડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

.....બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઇલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત.
૧	૨	૩	૪	૫	૬

(૩) મકાન તથા ઓદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ

INDEX

આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશનને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે.	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ તથા સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/ સરનામું.
૧	૨	૩	૪	૫	૬

(૪) **હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

નં.	ગેસ્ટનું નામ, સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

ઉક્ત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉક્ત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું **આર. એચ. ગઢવી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,**

બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો...

(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી, કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કે તેમના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૦૨-૦૭-૧૫ થી ૩૦-૦૮-૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૦૨-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૦૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો, બોટાદ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪નું

જાહેરનામું

ક્રમાંક : મસજ/૩/એસ.એસ.સી./એચ.એસ.સી./પૂરક પરીક્ષા/જુલાઈ-૨૦૧૫/વશી-૪૯૪૪ થી ૪૯૭૪.-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે જુલાઈ-૨૦૧૫ના માસ દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ (એસ.એસ.સી./એચ.એસ.સી.)ની પૂરક પરીક્ષા તા. ૦૮-૦૭-૨૦૧૫ થી તા. ૧૧-૦૭-૨૦૧૫ સુધી પ્રથમ સેશનમાં સવારના ૧૦-૦૦ થી ૧૩-૩૫ કલાક તથા બપોરના ૧૫-૦૦ થી ૧૮-૩૫ કલાક દરમ્યાન લેવાનાર છે. તેમજ એચ.એસ.સી. ની પરીક્ષા સવારના ૧૦-૩૦ થી ૨-૦૦ કલાક દરમ્યાન તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા બપોરે ૦૩-૦૦ થી ૬-૩૦ કલાક દરમ્યાન લેવાનાર છે. તેમજ સામાન્ય પ્રવાહ ની પરીક્ષા બપોરના ૦૩-૦૦ થી ૬-૧૫ કલાક દરમ્યાન લેવાનાર હોય આ પરીક્ષા માટે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ સુરેન્દ્રનગર જિલ્લાના કુલ-૦૮ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવેલ છે. આ નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓને પરીક્ષા આપવામાં કોઈ ખલેલ ન પડે તેમજ શાંત-સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તે માટે અને પરીક્ષાના સરળ સંચાલન માટે જિલ્લા શિક્ષાધિકારીશ્રી, સુરેન્દ્રનગર તરફથી તા. ૦૩-૦૭-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ મ.શિ.નિ./૨૦૧૫-૨૦૧૬/૫૦૫૫-૬૫ થી જુલાઈ-૨૦૧૫ માં બોર્ડની લેવાનાર પૂરક પરીક્ષામાં ઉપયોગમાં લેવાનાર કેન્દ્રોમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષા સુચારૂરૂપથી પરીપુર્ણ થાય તે માટે પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા આ બાબતે પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

(૨) વાસ્તે હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ફોજદારી, કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારીની રૂએ નીચેના પરિશિષ્ટમાં જણાવેલ સુરેન્દ્રનગર જિલ્લાના કુલ-૦૮ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ શાંતીથી પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રથી ચોરતફ ૨૦૦ (બસ્સો) મીટરના

વિસ્તારમાં પરીક્ષાર્થીઓ તથા પરીક્ષાનું સંચાલન કરનાર અધિકૃત અને બોર્ડનું ઓળખપત્ર ધરાવતી વ્યક્તિઓ તેમજ પરીક્ષા કેન્દ્ર ઉપર હાજર હોય તે વ્યક્તિઓ સિવાય અન્ય ઈસમોએ તા. ૦૮-૦૭-૨૦૧૫ થી તા. ૧૧-૦૭-૨૦૧૫ સુધીનાં દિવસો દરમ્યાન યોજાનાર પરીક્ષા દિવસોએ સદરહું પરીક્ષા કેન્દ્રો ઉપર પ્રવેશવા પર મનાઈ ફરમાવુ છું. સાથોસાથ પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ (બસ્સો) મીટરનાં વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિના એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલા પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને વિક્ષેપ ન પડે તે હેતુથી પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ (બસ્સો) મીટરની ત્રિજ્યામાં તા. ૦૮-૦૭-૨૦૧૫ થી તા. ૧૧-૦૭-૨૦૧૫ સુધીના દિવસો દરમ્યાન સવારના ૦૯-૦૦ કલાક થી ૧૯-૦૦ કલાક સુધી ઘોંઘાટ કરે તેવા વાહનો ઉપર તેમજ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારમાં વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) તેમજ ઉકત દિવસો દરમ્યાન સવારના ૦૯-૦૦ કલાક થી ૧૯-૦૦ કલાક સુધીના સમય માટે આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનોની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય દરમ્યાન થતી ગેરરીતીઓ અટકાવવા સારૂ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ એક કિલોમીટરના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનોની દુકાનો પરીક્ષાના દિવસો દરમ્યાન ઉપર જણાવેલ સમય દરમ્યાન બંધ રાખવા માટેનો પણ આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પરિશિષ્ટ

અ. નં.	તાલુકો	શહેર		પરીક્ષા કેન્દ્રનું સ્થળ
૧	૨	૩		૪
(૧)	વઢવાણ	સુરેન્દ્રનગર કેન્દ્ર	૧.	આર. પી. પી. ગર્લ્સ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર
		જોરાવરનગર કેન્દ્ર	૨.	શ્રી શેઠ એન. ટી. એમ. હાઈસ્કુલ, સુરેન્દ્રનગર
			૩.	શ્રી સંસ્કુતિ સ્કુલ ઓફ થોટ્સ સુરેન્દ્રનગર (યુરો કિડ્સ)
			૪.	શ્રી સવા શાળા, કોઝ વે પાસે, જોરાવરનગર
			૫.	શ્રી એસ. એન. વિદ્યાલય, ૬૦ ફીટ રોડ, સુરેન્દ્રનગર
			૬.	શ્રી એન. ડી. આર. હાઈસ્કુલ, દાળમીલ રોડ, સુરેન્દ્રનગર
			૭.	શ્રી આર. કે. પટેલ બોઈઝ હાઈસ્કુલ, ૬૦ ફીટ રોડ, સુરેન્દ્રનગર
			૮.	શ્રી કે. પી. ગર્લ્સ હાઈસ્કુલ, ૬૦ ફીટ રોડ, સુરેન્દ્રનગર

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર તથા વઢવાણના શહેરી તથા ગ્રામ્ય તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને, પોલીસ લાઈડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરશે, કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/મકાન ભાડા જાહેરનામું/૨૦૧૫/વશી-૪૬૪૪ થી ૪૭૪૩.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી મોટી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચાડે છે અને આ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી/અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી તકેદારીના ભાગ રૂપે ભાડે થી મકાન આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત ઉપર થોડા ઘણાં અંશે નિયંત્રણ મુકવાનું હાલના સંજોગોમાં જરૂરી બની ગયેલ હોય પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૪૭૦/૨૦૧૫, તા. ૨૯-૦૬-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. હાલના સંજોગોમાં પોતાના મકાન ભાડે આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે હું, **હિતેષ કોયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને ૧૯૭૩-૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચોરસ મીટર બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ	મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂા.	કોઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ સરનામા ફોટા સાથે આપવા	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૪-૦૭-૨૦૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત) ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૪૩૪૪ થી ૪૪૪૩.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૯-૦૬-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૬૭/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૪-૦૭-૨૦૧૫ થી તારીખ : ૧૫-૦૭-૨૦૧૫ સુધી (બંને તારીખ સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરચિ નો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩-વશી/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૫/વશી-૪૮૪૪ થી ૪૯૪૩.-ગુપ્તચર સંસ્થાના વખતો- વખતના અહેવાલો તથા ભુતકાળમાં ત્રાસવાદીઓ/આતંકવાદીઓ/ કટ્ટરવાદી સંગઠનો દ્વારા જયાં લોકોની વધુ સંખ્યામાં અવર- જવર રહેતી હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલમિલકતોને નુકશાન કરવામાં આવે છે. સામાન્ય રીતે આવા ગંભીર ગુન્હા આચરતા તત્વો/પરપ્રાંતીય ગેંગના સભ્યો પડોશી રાજ્યના બોર્ડર ધરાવતા જિલ્લાઓમાંથી આવતા હોય છે અને હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગો પર આવેલ હોટલોમાં રોકાતા હોય છે તથા ગુનો કરતી વેળાએ વાહનોનો ઉપયોગ કરતા હોય છે તેમજ ગુનો કર્યા બાદ હાઈવે પરના કે જિલ્લાના મુખ્ય રોડ પર આવેલ પેટ્રોલપંપ ઉપર પોતાના વાહનોમાં પેટ્રોલ/ડીઝલ ભરાવે છે તથા ગુનો કરવા આવે ત્યારે કે પરત જતી વેળાએ હાઈવે ઉપર ચા-નાસ્તો કરવા કે જમવા માટે હોટલ પર રોકાતા હોય છે અને પોતાની ત્રાસવાદી/અસામાજીક પ્રવૃતિને અંજામ આપી હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગોએથી વાહનો લઈ ભાગી જતા હોય આ પ્રકારના ગંભીર અનડીટેકટેડ ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવાનું કામ મુશ્કેલ બને છે.

જેથી અત્રેના જિલ્લા/શહેરમાં થતી ધાડ, લુંટ અને ચોરીના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા, લોકોના જાનમાલની રક્ષા તેમજ તેમને સુરક્ષા પુરી પાડવા તથા ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે, ગુનો ડીટેકટ કરવામાં સરળતા રહે અને ગુનેગારોની વિરૂધ્ધમાં સબળ પુરાવો કોર્ટ સમક્ષ રજુ કરી શકાય તે હેતુથી અત્રેના જિલ્લા/શહેરમાં આવેલ હાઈવે ઉપરના તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા અને રહેવા-જમવાની સગવડ હોય તેવી તમામ મોટી હોટલો તથા ગેસ્ટહાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ નીચે જણાવેલ પ્રમાણે રાખવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૯-૦૬-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જા.પ્ર./૪૬૯/૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) જ્યારે કોઈ વ્યક્તિ હોટલ પર ચા-નાસ્તો કરવા કે જમવા માટે આવે ત્યારે ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે કેમેરા ગોઠવવા તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તથા હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) હાઈવે પર આવેલ પેટ્રોલપંપના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) હાઈવે પર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોના નંબર દેખાય તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તે પ્રકારના ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા હોવા જોઈએ.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જિલ્લા/શહેરમાં ચોરી, લુટફાટ અને આંતકવાદી બનાવો બનતા અટકાવવા, જાહેર જનતાની જાનમાલ (મિલકત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા અને જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ ઉપરોક્ત વિગતની દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લામાં અમુક નિયંત્રણો/સુચનો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ હોટલ/રેસ્ટોરંટો કે જ્યા ચા પાણી, નાસ્તા, ભોજન અને રહેણાંકની સુવિધા હોય, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા શોપીંગ મોલ/કોમ્પલેક્ષ, સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલ, સરકારી રેસ્ટ હાઉસ, જ્યાં મુસાફરોને રોકાવવાની સગવડ પુરી પાડવામાં આવતી હોય તે તમામ ધર્મશાળા/કલબો/મુસાફિરખાના/બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશનોમાં પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ એ પ્રકારે રાખવા કે જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે. તેમજ આ કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તેવી ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે મુજબની વ્યવસ્થાવાળા રાખવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૪-૦૭-૨૦૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશેતો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૫/વશી-૪૫૪૪ થી ૪૬૪૩.-હાલે રાજ્ય બહારની ગેંગ તથા અસામાજીક તત્વો દ્વારા રાજ્યમાં આવેલા સોનાના શો-રૂમ તથા જ્વેર્લસ (સોની) દુકાનોમાં ધાડ/લુંટ કરવાનાં ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તેમજ સોનાના શો-રૂમ તથા જ્વેર્લસ (સોની) દુકાનોમાં ગ્રાહકો સોનાની ખરીદી કરીને જતાં હોય ત્યારે તેમના પર હુમલો કરી સોનાની લુંટ કરવાના બનાવો બનતા હોય છે. જેથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેર્લસ(સોની) દુકાનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા સી.સી.ટી.વી. કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે લગાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રીના તા. ૨૯-૦૬-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૪૭૨/૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

તેમજ અસામાજીક તત્વો દ્વારા દેશમાં અને રાજ્યમાં આવેલી જુદી જુદી બેંકોમાં ધાડ/લુંટ કરવાના અને એ.ટી.એમ. મશીનો તોડી અથવા આખા એ.ટી.એમ. ઉઠાવી જવાની પ્રવુતીના ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તથા બેંકો માંથી ગ્રાહક પૈસા ઉપાડી નીકળતા હોય છે. ત્યારે બેંકોમાં અને બેંકોની બહાર ખીસ્સા કાપવા બનાવો બનતા હોય છે. જેથી પોલીસ અધિકક્ષકશ્રીના તા.૨૯-૦૬-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૪૭૧/૨૦૧૫ થી બેંકો અને એ.ટી.એમ. મશીનના ધાડ/લુંટ/ચોરી અંગેના ગુના બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા માટે સહાયક પુરાવા તરીકે સી.સી.ટીવી. કેમેરા લગાવવા તથા સીક્યુરીટી ગાર્ડ રાખવા અતિ આવશ્યક જણાતુ હોવાથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની બહાર તેમજ અંદરના ભાગે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા સી.સી.ટી.વી કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે ગોઠવવામાં તેમજ તમામ એ.ટી.એમ. મશીનોના કેબીનોમાં ફરજીયાત સીક્યુરીટી ગાર્ડ મુકવા અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જીલ્લા/શહેરમાં ચોરી, લુંટફાટ, અને આંતકવાદી બનવો બનતા અટકાવવા, જાહેર જનતાની તથા સરકારી જાનમાલ (મિલ્કત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જાળવવા જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિકક્ષકશ્રી, સુરેન્દ્રમગર તરફથી કરવામાં આવેલી ઉપરોક્ત દરખાસ્ત અન્વયે અત્રેના જીલ્લામાં અમુક નિયંત્રણો / સુચનો અમલમાં મુંકવાનું મને જરૂર જણાય છે.

વાસ્તે હું **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** મને મળેલ અધિકારની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી. આર.પી.સી.) સને ૧૯૭૩)૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા / શહેરમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેર્લસ (સોની) દુકાનો થથા તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યકિતઓ સ્પષ્ટ રીતો દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા ઉચ્ચ ગુણવતાવાળા સી.સી.ટી.વી. કેમેરા અને તેમાં ૧૫ દિવસ સુધી રોકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થા વાળા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં **તા. ૦૪-૦૭-૨૦૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ સુધી (બન્ને તારીખો**

સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાન પત્રો મારફત તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાંનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશેતો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/ વશી-૪૪૪૪ થી ૪૫૪૩.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૯-૦૬-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૬૭/ ૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૦૭-૨૦૧૫ થી તા. ૧૫-૦૭-૨૦૧૫ સુધીની (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય વાંચી શકાય. તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

જાહેરનામુ

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૧૮૭/ ૨૦૧૫.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ માં આવેલ બફેલ રેન્જ ખાતે તા. ૦૬-૦૭-૨૦૧૫ થી તા. ૧૦-૦૭-૨૦૧૫ સુધી એસ.આર.પી. ગૃપ-૧૩-ઘંટેશ્વરના અધિકારી તથા જવાનોનું વર્ષ-૨૦૧૫ના પ્રથમ તબક્કાની ફાયરીંગ પ્રેકટીસ હોય, ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટની આજુ બાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગે ખુલ્લા વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે નીચે મુજબ હુકમ કરવો જરૂરી હોવાનું અમોને જરૂરી જણાય છે.

જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. કેમ્પ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૬-૦૭-૨૦૧૫ થી તા. ૧૦-૦૭-૨૦૧૫ સુધી જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાય આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ની તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૪-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

નાયબ નિયામક, જમીન દફતર, રાજકોટ દ્વારા

સંદર્ભ :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૨/૨૦૦૪/૨૮૦૫/હ, તા. ૨૯-૧૧-૨૦૦૪.

(૨) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : કેવી/૬૮/૧૯૯૮/આરએમએન/૮૦૯૫/૩૧૨૦/પી, તા. ૧૭-૦૬-૧૯૯૮.

(૩) શ્રી કલેકટર સાહેબ, રાજકોટના હુકમ ક્રમાંક : લેન્ડ બિનખેતી/સિટી સરવે/વશી/૨૪૨, તા. ૨૬-૦૪-૧૯૭૮.

(૪) શ્રી કલેકટર સાહેબ, રાજકોટના પુરવણી જાહેરનામા ક્રમાંક : લેન્ડ બિનખેતી/ફાઈલ નંબર/વશી/૧૩૫૩, તા. ૧૫-૧૦-૧૯૮૮.

(૫) શ્રી કલેકટર સાહેબ, રાજકોટના પુરવણી જાહેરનામા ક્રમાંક : લેન્ડ બિનખેતી/ફા. નં.-૧૧૨૦/વશી/૪૦૯/૦૬, તા. ૨૦-૦૪-૨૦૦૬.

(૬) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીનદફતર નિયામક સાહેબ (ગુજરાત રાજ્ય) ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસવી.૫/લે.રે. ૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૭) સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટશ્રી, નં. ૩ રાજકોટના પત્ર ક્રમાંક : સીટીએસ/મવડી/એલ.આર.સી.કલમ-૧૨૬/જાહેરનામુ/૨૦૧૫, તા. ૩૧-૦૩-૨૦૧૫.

જાહેરનામુ

ક્રમાંક : શમક-૧૬/મવડી/૨૦૧૫.-સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટશ્રી નં.-૩ રાજકોટના વંચાણ-૭ વાળા પત્રથી રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના મવડી ગામના સિટી સરવે વિસ્તારની બહારનો વિસ્તાર-વધારાના વિસ્તારનો વિકાસ થતાં, બિનખેતી થતાં વધારાના આ વિસ્તારમાં સિટી સરવે દાખલ કરવા બિનખેતી સરવે નંબરોની યાદી દર્શાવતુ પત્રક તૈયાર કરી અત્રેને દરખાસ્ત કરવામાં આવેલ છે. વંચાણ-૨ વાળા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૧૭-૦૬-૧૯૯૮ ના જાહેરનામાથી સદરહુ વિસ્તાર મહાનગરપાલિકા વિસ્તારમાં ભેળવવામાં આવેલ છે. જેથી હાલ સદરહુ વિસ્તાર રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવેશ થયેલ છે. વંચાણ-૧ વાળા સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક : સીટીએસ/૧૨/૨૦૦૪/૨૮૦૫/હ, તા. ૨૯-૧૧-૨૦૦૪ થી સદરહુ વિસ્તાર સિટી સરવે દાખલ કરવાની મંજુરી મળેલ છે. જે અન્વયે શ્રી કલેકટર સાહેબ, રાજકોટના વંચાણ-૨-૩-૪ ના વખતોવખતના જાહેરનામા અન્વયે મવડી સિટી સરવે વિસ્તારનું લે. રે. કો. ક. ૧૨૬ નું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ અને સિટી સરવેની હદ નક્કી કરવામાં આવેલ છે. વંચાણ-૧ વાળા શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (ગુજરાત રાજ્ય) ગાંધીનગરના પરિપત્રથી જમીન મહેસુલ અધિનિયમ કલમ ૧૨૬ અન્વયે મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટશ્રી નં. ૩ રાજકોટ તરફથી આવેલ ખેતીના રેવન્યુ સરવે નંબરનું પત્રક-અ અનુ. નં. ૧ થી ૪૦૨, બિનખેતીના રે. સ. નં. નું પત્રક-બ ક્રમ નં. ૧ થી ૩૦, સરકારશ્રીની જમીનનું પત્રક-ક ક્રમ નં. ૧ થી ૨૬ તથા સિટી સરવે વિસ્તારની જુની હદ તથા વધારાના વિસ્તારની હદ દર્શાવતા નકશાની વિગતે આવેલ દરખાસ્ત ધ્યાને લઈ સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમાંક-૧ ની મંજુરી ધ્યાને લઈ પ્રકરણે આવેલ રફ સ્કેચ મુજબના મોજે-મવડી તા. રાજકોટ જિ. રાજકોટના વધારાના વિસ્તારમાં સિટી સરવે દાખલ કરવા સિટી લીમીટમાં વધારો કરવા હુકમ કરવામાં આવે છે.

સબબ, ઉપરોકત વિગતે સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટશ્રી નં. ૩ રાજકોટની દરખાસ્ત ધ્યાને લઈને મોજે-મવડી તા. રાજકોટ જિ. રાજકોટ ના વધારાના વિસ્તારમાં સિટી સરવે દાખલ કરવા માટે આથી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૨૬ હેઠળનું સિટી લીમીટ વધારવાનું અને વધારાનો વિસ્તાર સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવાનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

બિડાણ : પરિશિષ્ટ-અ

પરિશિષ્ટ-અ

મોજે : મવડી, તાલુકો-રાજકોટ, જિલ્લો-રાજકોટના સિટી સરવેના વધારાના વિસ્તારમાં સમાવેશ થતા વિસ્તારનું પત્રક

અનુ. નંબર	વિગત	ક્ષેત્રફળ ચો. મી.	રીમાર્કસ
૧	ખેતીની જમીન	૫૧૭૭૧૯૪-૦૦	
૨	બિનખેતીની જમીન	૩૨૪૯૮૪-૦૦	
૩	સરકારી જમીન	૨૦૨૦૬૭-૦૦	
	કુલ જમીન...	૫૭૦૪૨૪૫-૦૦	

રાજકોટ, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

સંદર્ભ :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩/૨૦૧૪૧૪૫૯/હ, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : કેવી/૩/૨૦૧૫/આરએમએન/૯૦૨૦૧૪/૬૨૧૦/પી, તા. ૦૩-૦૧-૨૦૧૫.

(૩) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીનદફતર નિયામક સાહેબ (ગુજરાત રાજ્ય) ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસવી.૫/લે.રે. ૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : શમક/૧૬/વાવડી/૨૦૧૫, તા. ૨૩-૦૩-૨૦૧૫.

(૫) સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટશ્રી, નં. ૩ રાજકોટના પત્ર ક્રમાંક : સીટીએસ/વાવડી/એલ.આર.સી.કલમ-૧૨૬/જાહેરનામુ/૨૦૧૫, તા. ૧૦-૦૬-૨૦૧૫.

જાહેરનામુ

ક્રમાંક : શમક-૧૬/વાવડી/૨૦૧૫.-સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટશ્રી નં.-૩ રાજકોટના વંચાણ-૫ વાળા પત્રથી રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના વાવડી ગામના સિટી સરવે વિસ્તારની બહારનો વિસ્તાર-વધારાના વિસ્તારનો વિકાસ થતાં, બિનખેતી થતાં વધારાના આ વિસ્તારમાં સિટી સરવે દાખલ કરવા બિનખેતી સરવે નંબરોની યાદી દર્શાવતુ પત્રક તૈયાર કરી અત્રેને દરખાસ્ત કરવામાં આવેલ છે. વંચાણ-૨ વાળા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૦૧-૨૦૧૫ ના જાહેરનામાથી સદરહુ વિસ્તાર મહાનગરપાલિકા વિસ્તારમાં ભેળવવામાં આવેલ છે. જેથી હાલ સદરહુ વિસ્તાર રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવેશ થયેલ છે. વંચાણ-૧ વાળા સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક : સીટીએસ/૧૨/૨૦૦૪/૨૮૦૫/હ, તા. ૨૯-૧૧-૨૦૦૪ થી સદરહુ વિસ્તાર સિટી સરવે દાખલ કરવાની મંજુરી મળેલ છે. જે અન્વયે અત્રેની કચેરીના વંચાણ-૪ વાળા તા. ૨૩-૦૩-૨૦૧૫ના જાહેરનામા અન્વયે વાવડી સિટી સરવે વિસ્તારનું લે. રે. કો. ક. ૧૨૬ નું જાહેરનામુ બહાર પડાવામાં આવેલ અને સિટી સરવેની હદ નક્કી કરવામાં આવેલ છે. વંચાણ-૧ વાળા શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (ગુજરાત રાજ્ય) ગાંધીનગરના પરિપત્રથી જમીન મહેસુલ અધિનિયમ કલમ ૧૨૬ અન્વયે મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટશ્રી નં. ૩ રાજકોટ તરફથી આવેલ ખેતીના રેવન્યુ સરવે નંબરનું પત્રક-અ અનુ. નં. ૧ થી ૩૦૧, બિનખેતીના રે. સ. નં. નું પત્રક-બ ક્રમ નં. ૧ થી ૧૧૦, સરકારશ્રીની જમીનનું પત્રક-ક ક્રમ નં. ૧ થી ૩૯ તથા પત્રક-ડ ક્રમ નં. ૧ થી ૧૮ સિટી સરવે વિસ્તારની જુની હદ તથા વધારાના વિસ્તારની હદ દર્શાવતા નકશાની વિગતે આવેલ દરખાસ્ત ધ્યાને લઈ સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમાંક : ૧ ની મંજુરી ધ્યાને લઈ પ્રકરણે આવેલ રફ સ્કેચ મુજબના મોજે-વાવડી તા. રાજકોટ જિ. રાજકોટના વધારાના વિસ્તારમાં સિટી સરવે દાખલ કરવા સિટી લીમીટમાં વધારો કરવા હુકમ કરવામાં આવે છે.

સબબ, ઉપરોક્ત વિગતે સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટશ્રી નં. ૩ રાજકોટની દરખાસ્ત ધ્યાને લઈને મોજે-વાવડી તા. રાજકોટ જિ. રાજકોટના વધારાના વિસ્તારમાં સિટી સરવે દાખલ કરવા માટે આથી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૨૬ હેઠળનું સિટી લીમીટ વધારવાનું અને વધારાનો વિસ્તાર સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવાનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

પરિશિષ્ટ-અ

મોજે : વાવડી, તાલુકો-રાજકોટ, જિલ્લો-રાજકોટના સિટી સરવેના વધારાના વિસ્તારમાં સમાવેશ થતા વિસ્તારનું પત્રક

અનુ. નંબર	વિગત	ક્ષેત્રફળ ચો. મી.	રીમાર્કસ
૧	ખેતીની જમીન	૩૦૬૭૬૪૭-૦૦	
૨	બિનખેતી જમીન	૧૭૮૬૭૭૮-૦૦	
૩	સરકારી જમીન	૬૩૯૦૬૩-૦૦	
૪	ગ્રામ પંચાયત હસ્તકની જમીન (હાલ રાજકોટ મહાનગરપાલીકા)	૯૭૪૧૩૩-૦૦	
	કુલ...	૬૪૬૭૬૨૧-૦૦	

રાજકોટ, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

કે. એસ. ઝાલા,
નાયબ નિયામક જમીન દફતર,
રાજકોટ વિભાગ, રાજકોટ.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ-૧૦/વડોદરા/ડુપ્લીકેટ સી ફોર્મ/૨૦૧૫-૧૬/જા.નં. ૪૨૨, તા. ૧૮-૦૬-૨૦૧૫.

(૨) વાણિજ્યિક વેરા અધિકારી-૧ ઘટક-૧, વડોદરાના પત્ર ક્રમાંક : વા.વે.અધિ.(૧)/ઘટક-૧/વડોદરા/ડુપ્લીકેટ 'સી' ફોર્મ/૨૦૧૪-૧૫/જા.નં.-૨૦૫૮ તા. ૨૭-૦૫-૨૦૧૫.

(૩) મે. દક્ષિણ ગુજરાત ઉર્જા વિજ કંપની લી., નાના વરાછા રોડ, કપોદરા ચાર રસ્તા, સુરત-૩૯૫૦૦૬ ટીન નો. નં.-૨૪૧૯૦૧૦૨૪૮૭, કેન્દ્રીય નો. નં.-૨૪૬૯૦૧૦૨૪૮૭ ની તા. ૨૧-૦૫-૨૦૧૫ ની અરજી.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ-૧/વિ-૫/વડદ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૨૫૭૨/૯૭.-વાણિજ્યિક વેરા અધિકારી-૧, ઘટક-૧, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. દક્ષિણ ગુજરાત ઉર્જા વિજ કંપની લી., નાના વરાછા રોડ, કપોદરા ચાર રસ્તા, સુરત-૩૯૫૦૦૬ ટીન નો. નં. ૨૪૧૯૦૧૦૨૪૮૭, કેન્દ્રીય નો. નં.-૨૪૬૯૦૧૦૨૪૮૭ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ પૈકી ફોર્મ નંબર :

૬૧૧૧૪૧૧, ૬૧૧૧૪૧૨ કુલ પાન-૦૨ અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા ક્રમાંક-(૩) અન્વયે સી ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાએ વંચાણે લીધા ક્રમાંક-(૧) દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, વર્તળ-૧૦ વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વાણિજ્યિક વેરા અધિકારી-૧, ઘટક-૧, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૨) સંદર્ભે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના સી ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ	નોં. નં.	રદ કરવાના સી ફોર્મ નંબર	રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
૧	મે. દક્ષિણ ગુજરાત ઉર્જા વિજ કંપની લી., નાના વરાછા રોડ, કપોદરા ચાર રસ્તા, સુરત-૩૯૫૦૦૬	ટીન નોં. નં. ૨૪૧૯૦૧૦૨૪૮૭ કેન્દ્રીય નોં. નં. ૨૪૬૯૦૧૦૨૪૮૭	૬૧૧૧૪૧૧ ૬૧૧૧૪૧૨	ખોવાઈ જવાથી	કુલ પાન-૦૨ (બે)

આથી હું, કે. એમ. પટેલ, સંયુકત વાણિજિયક વેરા કમિશનર, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત ખોવાયેલ સી ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૨૯/૩૦ માહે જુન, સને ૨૦૧૫.

કે. એમ. પટેલ,
સંયુકત વાણિજિયક વેરા કમિશ્નર,
વિભાગ-૫, વડોદરા.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ડીએમ/ડીસીએચ/વશી/૨૫૧/૧૫.-દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા બંદરોએથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે, સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શકય હોતી નથી. તેમજ માહે મે માસથી દરીયો તોફાની થઈ જાય છે. મે-૧૯૯૯ ત્રાટકેલા વાવાઝોડાને કારણે મોટી જાનહાનિ થયેલ હતી. માછીમારોને સામાન્ય રીતે મે માસથી સમુદ્રમાં માછીમારી માટે જવુ વિશેષ જોખમયુકત છે. મત્સ્યોદ્યોગ ખાતુ તથા પોર્ટ ઓફિસરશ્રી દ્વારા આવા માછીમારોને મે માસથી સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી, તેમ છતાં અનઅધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનું જોખમ ઉભું થાય તેવો પુરતો સંભવ છે. જેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા અનિવાર્ય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, **રાજેન્દ્ર વી. સરવૈયા, G.A.S., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** આથી ફરમાવું છું કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારના દરીયા કાંઠેથી કે ક્રિક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યકિતઓએ તા. ૦૩-૦૭-૨૦૧૫ થી તા. ૧૫-૦૮-૨૦૧૫ ના સમય દરમ્યાન માછીમારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રિક એરિયામાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

અપવાદ :

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને

૨. લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટો.

૩. ઓખાથી બેટ દ્વારકા વચ્ચે અવર-જવર માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા અધિકૃત કરેલ પેસેન્જર બોટો.

આ જાહેરનામાં હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં (૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ અન્વયે સજાને પાત્ર થશે.

આજ તા. ૦૩-૦૭-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

રાજેન્દ્ર વી. સરવૈયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૪૬૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૮૬૮/૧૫, તા. ૨૯-૦૬-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે (૪) આ સમય દરમિયાન તા. ૧૮-૭-૨૦૧૫ ના રોજ હિન્દુ સમુદાયનો અષાઢી બીજ (રથયાત્રા) તથા મુસ્લીમ સમુદાયનો રમઝાન ઈદ તહેવારો ઉજવવામાં આવનાર છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉક્ત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૬-૦૭-૨૦૧૫ના રોજથી તા. ૧૯-૦૭-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૪, માહે : જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૨૪૬૭/૨૦૧૫.-કમાન્ડીંગ ઓફીસરશ્રી, ૮-ગુજરાત, બટાલીયન એન.સી.સી., જુનાગઢના પત્ર નં. કેમ્પ/૮/બીએન/૨૦૧૫, તા. ૨-૭-૨૦૧૫ થી તેઓને એન.સી. કેમ્પ માટે ફાયરીંગ પ્રેકટીશ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે આગામી તા. ૩-૭-૨૦૧૫ થી તા. ૯-૭-૨૦૧૫, તા. ૧૧-૭-૨૦૧૫ થી તા. ૧૮-૭-૨૦૧૫ તથા તા. ૨૨-૭-૨૦૧૫ થી તા. ૨૯-૭-૨૦૧૫ સુધીની મુદત માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **તા. ૩-૭-૨૦૧૫ થી તા. ૯-૭-૨૦૧૫, તા. ૧૧-૭-૨૦૧૫ થી તા. ૧૮-૭-૨૦૧૫ તથા તા. ૨૨-૭-૨૦૧૫ થી તા. ૨૯-૭-૨૦૧૫ ના દિન-૨૩ માટે સવારે ૦૭-૦૦ થી બપોરના ૧૩-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.**

આજ તા. ૦૨, માહે જુલાઈ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

INDEX

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. : એમએજી/સી/૨૪૬૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૩૫૮/૧૫, તા. ૨-૭-૨૦૧૫ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતાં હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાઓના મુળ સુધી પહોંચવામાં આવે ત્યારે એવું જાણવા મળે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી આવા ગુન્હાઓની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ ખરીદતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરુ નામ, સરનામુ નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે/વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલની ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

આ હુકમની તારીખથી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૪ મી માહે જુલાઈ, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

(RJT.)-I-3

INDEX

જાહેરનામું

નં.ડી.એમ.-૧/પુરકપરીક્ષા/ઈ.નં. ૨૬૬૨૧/૧૫.-ભાવનગર શહેરમાં તથા જિલ્લામાં આગામી તા. ૦૮-૦૭-૨૦૧૫ થી તા. ૧૧-૦૭-૨૦૧૫ સુધી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ)ની પૂરક પરીક્ષા જુલાઈ-૨૦૧૫ લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, **એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૮-૦૭-૨૦૧૫ થી તા. ૧૧-૦૭-૨૦૧૫ સુધી પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક તથા બપોરના ૧૫-૦૦ કલાક સાંજના ૧૮-૩૦ કલાક દરમ્યાન ભાવનગર શહેર તથા જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેક્સનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૦૩-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૨૬૫૧૨/૨૦૧૫.-આગામી જુલાઈ-ઓગસ્ટ-૨૦૧૫નાં માસ દરમિયાન તા. ૦૯-૦૭-૨૦૧૫નાં રોજ (મુ.) શહદતે એ હજરત અલી, તા. ૧૦-૦૭-૨૦૧૫નાં રોજ માતૃ રક્ષાદિન, તા. ૧૨-૦૭-૨૦૧૫નાં રોજ કમલા એકાદશી, તા. ૧૫-૦૭-૨૦૧૫નાં રોજ (મુ.) શબે એકદ અન્વાધાન, તા. ૧૬-૦૭-૨૦૧૫નાં રોજ પુરૂષોતમ માસ સમાપ્ત તા. ૧૭-૦૭-૨૦૧૫નાં રોજ કચ્છી હાલારી નવું વર્ષ પ્રારંભ, તા. ૧૮-૦૭-૨૦૧૫નાં રોજ અષાઢી બીજ (ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા), તા. ૧૯-૦૭-૨૦૧૫નાં રોજ (મુ.) રમજાન ઈદ (દરિયાઈ રોજ નવું વર્ષ પ્રારંભ), તા. ૨૦-૦૭-૨૦૧૫નાં રોજ વિનાયક ચોથ, તા. ૨૯-૦૭-૨૦૧૫નાં રોજ જયા પાર્વતી વ્રત પ્રારંભ, તા. ૩૧-૦૭-૨૦૧૫નાં રોજ ગુરૂપૂર્ણિમાં તથા તા. ૦૧-૦૮-૨૦૧૫નાં રોજ જયા પાર્વતી વ્રત જાગરણ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૬-૦૭-૨૦૧૫ થી તા. ૦૪-૦૮-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિં.

(ખ) કોઈ પણ જાહેર જગ્યામાં લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર

કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહિ.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબની દંડની પણ સજા થશે.

‘‘જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.’’

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૩-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા સીકકો માર્યો.

ભાવનગર, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/રથયાત્રા/ઈ.નં. ૨૫૫૦૩/૨૦૧૫.- ભાવનગર શહેરમાં આગામી તા. ૧૮-૦૭-૨૦૧૫ને અષાઢી બીજના રોજ પરંપરાગત રીતે શ્રી જગન્નાથજીની રથયાત્રાનું આયોજન થનાર છે, જેમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા તા. ૧૮-૦૭-૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાકથી સુભાષનગર, ભગવાનેશ્વર મહાદેવજી મંદીરેથી નીકળી ભાવનગર શહેરનાં લોકોની વધુ અવર-જવરવાળા ગીચ વિસ્તારોમાંથી પસાર થનાર હોવાથી રથયાત્રાના રૂટ ઉપર ટ્રાફીકનું નિયમન કરવું અનિવાર્ય જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩(૧)(બી)થી મને મળેલ અધિકારની રૂઈએ હું, **એમ.એ.ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના નીચે દર્શાવેલ રસ્તાઓની બંન્ને બાજુએ તા. ૧૮-૦૭-૨૦૧૫ના રોજ સવારે ૭-૦૦ કલાકથી ૨૪-૦૦ કલાક સુધી કોઈપણ પ્રકારના વાહન (દ્વિચક્રી વાહનો સહિત) સાથે અવર જવર કરવી નહિ.

રસ્તાઓ :

(૧) ગંગાજળીયા તળાવથી ઘોઘાગેઈટ
(૨) ઘોઘાગેઈટ થી હેરીસ રોડ
(૩) હેરીસરોડ થી ખારગેઈટ
(૪) ખારગેઈટ થી ખારાકુવા
(૫) ખારાકુવા થી મામાકોઠા
(૬) મામાકોઠા થી ડૉ. શ્રી ગજ્જરનો ચોક થઈને હલુરીયા ચોક.

આ જાહેરનામાંથી પોલીસ, મહેસુલખાતુ, પી.જી.વી.સી.એલ., ફાયરબ્રીગેડ, એમ્બયુલન્સ તથા આવશ્યક સેવાના અંગેના વાહનો તથા રથયાત્રામાં નિયમાનુંસાર નોંધાયેલ સામેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

સદરહું જાહેરનામાનો ભંગ/ઉલ્લઘંન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થઈ શકે છે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૦૩-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/રથયાત્રા/ઈ.નં. ૨૬૫૦૪/૨૦૧૫.- ભાવનગર શહેરમાં આગામી તા. ૧૮-૦૭-૨૦૧૫ને અષાઢી બીજના રોજ પરંપરાગત રીતે શ્રી જગન્નાથજીની રથયાત્રાનું આયોજન થનાર છે, જેમાં શ્રી જગન્નાથજીની રથયાત્રા તા. ૧૮-૦૭-૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાકથી સુભાષનગર, ભગવાનેશ્વર મહાદેવજી મંદીરેથી નીકળી ભાવનગર શહેરનાં લોકોની વધુ અવર-જવરવાળા ગીચ વિસ્તારોમાંથી પસાર થનાર હોવાથી રથયાત્રાના રૂટ ઉપર ટ્રાફીકનું નિયમન કરવું અનિવાર્ય જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩(૧)(બી)થી મને મળેલ અધિકારની રૂઈએ હું, **એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર**, તા. ૧૮-૦૭-૨૦૧૫ના રોજ સવારના ૫-૦૦ કલાકથી ૯-૦૦ કલાક સુધી નીચે દર્શાવેલ રસ્તાઓ ઉપર ટ્રાફિકનું ડાયવર્ઝન કરવા આથી ફરમાવું છું.

રસ્તાનું નામ :

(૧) ભાવનગર એરપોર્ટથી પટેલ પાર્ક તરફ જતા વાહનોને શિવાજી સર્કલ તરફ ડાઈવર્ટ કરવા.
(૨) પટેલ પાર્ક એરપોર્ટ તરફ જતા વાહનોને લાલબહાદુર શાસ્ત્રી સર્કલથી જમણી સાઈડ ઘોઘા રોડ પો. સ્ટે. તરફ આવતા રોડ તથા ડાબી સાઈડ આનંદનગર તરફ જતા રોડ બાજુ વાહનો ડાઈવર્ટ કરવા.

આ જાહેરનામાંથી પોલીસ, મહેસુલખાતુ, પી.જી.વી.સી.એલ., ફાયરબ્રીગેડ, એમ્બયુલન્સ તથા આવશ્યક સેવાના અંગેના વાહનો તથા રથયાત્રામાં નિયમાનુંસાર નોંધાયેલ સામેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

સદરહું જાહેરનામાનો ભંગ/ઉલ્લઘંન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થઈ શકે છે.

“જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.”

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૦૩-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક :એસ.બી./ગણેશ ઉત્સવ/જાહેરનામું/૧૬૯૪/૨૦૧૫.- રાજકોટ શહેરમાં ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમીતે તા. ૧૭-૦૯-૨૦૧૫ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને સ્થાપના થયેલ ગણેશજીની મુર્તીઓના વિસર્જન સરઘસો કાઢી મુર્તીઓ પાણીમાં વિસર્જન કરી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે જેમાં અમુક ભાવીકો દ્વારા આ સ્થાપના કરવામાં આવેલ ગણેજીની મુર્તિઓ સ્થાપના કર્યાના પાંચમા દિવસે એટલે કે તા. ૨૧-૦૯-૨૦૧૫ના રોજ, અમુક ભાવીકો સાતમા દિવસે એટલે કે તા. ૨૩-૯-૨૦૧૫ના રોજ, અમુક ભાવીકો નવમા દિવસે એટલે કે તા. ૨૫-૯-૨૦૧૫ના રોજ અને મોટાભાગના ભાવીકો અગીયરમા દિવસે એટલે કે તા. ૨૭-૯-૨૦૧૫ના રોજ મુર્તિઓના વિસર્જન સરઘસરૂપે નીકળી ગણેશજીની મુર્તિઓનું નદી કે તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. આ મહોત્સવ અગાઉ મુર્તિકારો તરફથી મુર્તિઓના કદ બાબતે ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે અને વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન સરઘસનું ટ્રાફીક સરળતાથી ચાલુ રહે, કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય, તેમજ મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાય નહી તેમજ ધાર્મિક લાગણી દુભાય નહી તદઉપરાંત મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી પણ દુભાય નહી તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવામાં ન આવે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલારૂપે તેમજ પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ ખાતાના પત્ર નંબર : ENV-10-2010-1004E, તા. ૧૨-૦૭-૨૦૧૧ની સુચનાથી નામદાર ગુજરાત તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલારૂપે નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર તા. ૦૯-૦૭-૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ મુકવા આથી હુકમ કરૂં છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શ્રી ગણેશજીની માટીની મુર્તિ બેઠક સહીતની “૯” ફુટ કરતાં વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર. (માટીની મુર્તિઓનું વિસર્જન દરીયા, નદી, તળાવ, સહીતના કુદરતી જળ સ્ત્રોતમાં કરવાનું રહેશે.)
(૨) શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મુર્તિ અને ફાયબરની મુર્તિ બેઠક સહિતની “૫” ફુટ કરતાં વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપવા, તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા અને દરિયા, નદી, તળાવ સહિતના કુદરતી જળ સ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર. (પી.ઓ.પી.ની મુર્તિનું આર.એમ.સી. દ્વારા કુત્રિમ રીતે બનાવેલ તળાવમાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) ઓવારા વાઈઝ ઈસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મુર્તિઓનું વિસર્જન કરવા ઉપર.

(૪) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા વેંચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા ઉપર.

(૫) શ્રી ગણેશજીની મુર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વધેલી તથા ખંડીત મુર્તિઓને બીનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેંચવા ઉપર.

(૭) ગણેશ વિસર્જન પુર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતાં વધુ દિવસ સુધી રાખવા ઉપર.

(૮) ફાયબરની મુર્તિ વિસર્જનના દિવસે અથવા ત્યારબાદ સરઘસ રૂપે બહાર કાઢવા ઉપર.

(૯) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૦૯-૦૭-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૮-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૦૮ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૪/૧૭૫૬/૨૦૧૫.-તાજેતરની ત્રાસવાદી તેમજ રાષ્ટ્ર વિરોધી અને ગુન્હાહીત પ્રવૃતિઓ નિયંત્રણમાં મુકી શકાય અને કોઈ ગુન્હો બને તો ગુન્હેગારોના મુળ સુધી પહોંચી યોગ્ય નશ્યત કરી શકાય તે માટે શકમંદોની હીલચાલ ઉપર નજર રાખી શકાય તે હેતુસર રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલ તમામ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ગ્રાહકો કે પ્રવાસીઓ રાત્રી રોકાણ કરે ત્યારે નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીકો/સંચાલકોને હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડબલ્યુ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યોની અમલવારી કરવા ફરમાવું છું.

કૃત્યો :-

(૧) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં રોકાણ કરનાર પ્રવાસી/યાત્રીકો તેમજ તેઓની સાથેના તમામ વ્યક્તિઓના પુરા નામ, રહેઠાણનું કાયમી સરનામું, ઉંમર, ફોન નંબર, મોબાઈલ નંબર, રજીસ્ટરમાં લખવાના રહેશે તથા યાત્રીક/પ્રવાસી/શિક્ષીત હોય તો રજીસ્ટરમાં નોંધ યાત્રીકો પ્રવાસીઓના હસ્તાક્ષરમાં કરાવવાની રહેશે. આ રજીસ્ટરમાં ઉત્તારાની નકલ બીજા દિવસે સવારે કલાક ૧૧-૦૦ સુધીમાં સબંધીત પોલીસ સબંધીત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે.

(૨) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં એકથી વધારે પ્રવાસીઓ/યાત્રકો એકજ કુટુંબના સભ્યો હોય તો તે કુટુંબમાં સમાવિષ્ટ પૈકી કોઈપણ એક પુખ્તવયના યાત્રીક/પ્રવાસીનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધાર કાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખકાર્ડની નકલ મેળવવાની રહેશે અને જો એકથી વધારે પ્રવાસીઓ/યાત્રીકોના જુથમાં આવેલ હોય, અને દરેક વ્યકિત કોઈ આંતરીક સબંધ ધરાવતાં ન હોય, ફકત જુથમાં જ આવેલ હોય તો દરેક વ્યકિતનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધારકાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખકાર્ડની નકલ મેળવવાની રહેશે અને તેની વિગતો હોટલ/ગેસ્ટ હાઉસમાં રજીસ્ટરમાં લખવાની રહેશે.

(૩) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં કલાકથી બે કલાક જેટલા ટુંકા ગાળા માટે તેમજ વિનામુલ્યે રોકાણની સુવિધા પુરી પાડવામાં આવે તો પણ રોકાણ કરનાર ગ્રાહકોની વિગતો સંપુર્ણ મેળવ્યા બાદ જ ઉત્તારો આપવાનો રહેશે.

INDEX

(૪) યાત્રીક/પ્રવાસીએ રજુ કરેલ તેમના ફોટા ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીક/સંચાલકે મેળવી ઓછામાં ઓછા ૬ માસ સુધી રેકોર્ડમાં જાળવાની રહેશે. જો કોઈ કેસમાં તપાસનીશ એજન્સી તરફથી આવું રેકર્ડ વધારે સમય માટે જાળવવામાં આવે તો સબંધીત એજન્સી જણાવે ત્યાં સુધી જાળવવાનું રહેશે.

(૫) નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલકિ/સંચાલકશ્રીએ નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ઉતરનાર વિદેશી નાગરીકોની વિગતો ઓળખકાર્ડના પુરાવા સાથે દર માસની ૧૫મી તારીખ અંતિત માહીતી દર માસની ૧૭મી તારીખ સુધીમાં અને બાકીના ૧૫ દિવસ એટલે કે, તા. ૩૦ની અંતિત માહિતી બીજા માસની બીજી તારીખ સુધીમાં સબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે. સંબંધીત પોલીસ સ્ટેશનને આવી માહિતી એકત્ર કરી દર માસની ૦૫ મી તારીખ સુધામાં અત્રેની પાસપોર્ટ શાખામાં મોકલી આપવાની રહેશે.

(૬) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં પ્રવેશનાર તથા રોકાણ કરનારની પ્રવેશ કરતાં અને જતી વખતે ફિલ્મ ઉતારી શકે તે રીતેના નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બાર્ડીંગ હાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા શકય તેટલા ફીટ કરવાના રહેશે તથા તેનું રેકોર્ડીંગ એક માસ સુધી જાળવવાનું રહેશે અને તપાસનીશ એજન્સી માંગે ત્યારે રેકોર્ડીંગની કોપી વિના વિલંબે પુરી પાડવાની રહેશે.

(૭) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં આવતા ગ્રાહકો જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને મેઈક પણ લખવા તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવી.

આ જાહેરનામું તા. ૧૫-૦૭-૨૦૧૫ થી તા. ૧૪-૦૯-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ નીચે બીન જામીન લાયક ગુના હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૧૪ માહે જુલાઈ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૭૫૫/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેવું લેનાર/વેચનાર વ્યકિત જણાવે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સિમકાર્ડ, હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તેને મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો? તે જાણવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનીયમ (સી.આર.પી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેંચ કરનાર વેપારીઓએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું પુરેપુરૂ નામ, સરનામું, અને મોબાઈલ નંબર સાથેની વિગત રજીસ્ટરમાં કાયમી ધોરણે રાખવાની રહેશે અને મોબાઈલ વેંચાનારના રહેણાંકના તથા ફોટો આઈ.ડી.ના પુરાવા મેળવવાના રહેશે. જ્યારે જુના મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું પુરેપુરૂ નામ, અને મોબાઈલ લેનારએ પોતાનું રહેણાંકના સરનામાનું પ્રુફ તથા ફોટો આઈ.ડી. પ્રુફ આપવાનું રહેશે અને તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ગ્રાહક પાસેથી ખરીદતી વખતે તથા જુના મોબાઈલ ગ્રાહકને વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું પુરૂ નામ સરનામું તથા મોબાઈલ નંબરની વિગત	ID પ્રુફની વિગત

આ હુકમ તા. ૧૫-૦૭-૨૦૧૫ થી તા. ૧૪-૦૯-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૧૪ માહે જુલાઈ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે જુલાઈ, સને-૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

સંયુકત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું : અત્રેના આદેશ ક્રમાંક : સંકરા/વિ-૧૧/રાજ/વવટ/ધા. ફોર્મ રદ આદેશ/જા-૯૩૩/૯૫૪, તા. ૧૭-૦૬-૨૦૧૫ અન્વયે.

સુધારા આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૧/રાજ/વવટ/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૧૦૪૫/૬૬.-વંચાણે લીધેલ અત્રેની કચેરીના ઉપર મુજબના આદેશમાં નીચે મુજબની વિગતે સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર ફોર્મની રકમ	રદ કરવાપાત્ર ‘‘સી’’ ફોર્મ નંબર	રદ કરવાપાત્ર ફોર્મની સંખ્યા	રદનું કારણ
૧	મે. પ્રભુદાસ નારણદાસ & બ્રધર્સ, પોરબંદર ટીન નં. ૨૪૬૧૦૧૦૦૪૦૩	રૂ. ૫૬૪૭૮૧૨ તથા રૂ. ૪૦૦૪૬૬૭	નંબર : ૯૨૮૪૦૯૧ નંબર : ૯૬૪૪૫૦૫	૨ (બે)	ગુમ થયેલ હોવાથી કેન્સલ થાય છે

આથી હું, સી. આર. લાડુમોર, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૧૧, રાજકોટ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના નિયમ-૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સુધારા આદેશ મુજબ સી ફોર્મની રકમ રૂ. ૫૬૪૭૮૧૨ તથા રૂ. ૪૦૦૪૬૬૭, આ રકમ ફોર્મ નંબર : ૯૨૮૪૦૯૧, તથા ફોર્મ નંબર : ૯૬૪૪૫૦૫ પાના-૨(બે) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

સી. આર. લાડુમોર,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧૧, રાજકોટ.

વંચાણે લીધું :

(૧) મે. આર્ક વર્ટીકલ પ્રોસેસ, રાજકોટ ટીન નં. ૨૪૦૯૧૮૦૫૨૧૧ ના સી ફોર્મ ગુમ થવા અંગેની તા. ની અરજી તા. ૧૮-૦૫-૧૫.

(૨) વાણિજિયકવેરા અધિકારી-૩, યુનિટ-૯૪, રાજકોટના પત્ર ક્રમાંક : જા. ૩૨૭૩, તા. ૧૮-૦૬-૧૫.

આદેશ

ક્રમાંક : સંકરા/વિ.-૧૦/રાજ/વવટ-૧/ફોર્મ ૨દ/૨૦૧૫-૧૬/જા. ૨૮૮/૩૦૭.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નર, યુનિટ-૯૪, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. આર્ક વર્ટીકલ પ્રોસેસ, રાજકોટ ટીન નં. ૨૪૦૯૧૮૦૫૨૧૧ તથા કેન્દ્રીય નંબર ૨૪૫૯૧૮૦૫૨૧૧ ધરાવે છે. તેઓને ફોર્મ સી. અત્રેથી મેન્યુલ ઈસ્યુ કરેલ હતાં. જે સી.-ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક ૧ તથા ૨ ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના સી ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. આર્ક વર્ટીકલ પ્રોસેસ ટીન નં. ૨૪૦૯૧૮૦૫૨૧૧	સી ફોર્મ નં. ૨૪૯૨૭૩૦૮૫ તા. ૦૨-૦૨-૨૦૧૧	૧ (એક)	ખોવાઈ જવાથી

આથી હું, એસ. એમ. સકસેના, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧૦, રાજકોટ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી ફોર્મ પાના નંબર ૨૪૯૨૭૩૦૮૫ પાના-૧(એક) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૦૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

એસ. એમ. સકસેના,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી,
વિભાગ-૧૦, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ગ/૪૩૫/૧૨૫૩/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ-દેવભુમિ, દ્વારકા આથી જાહેર કરે છે કે, શ્રી દેવભૂમિ દ્વારકા જિલ્લા સહકારી સંઘ લી., મર્યાદિત સ્થળ : જામ-ખંભાળીયા, તાલુકો : જામ-ખંભાળીયા, જિલ્લો : દેવભુમિદ્વારકા, સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે. જેનો નોંધણી નંબર ક્રમાંક : નધણ/ડીબીડી/સા. ૮૯૯૯, સને ૨૦૧૫ છે. તા. ૨૩-૬-૨૦૧૫.

દેવભુમિદ્વારકા, ૩૦ માહે જુન, સને ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
દેવભુમિ-દ્વારકા.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ઘ/૮૮૩/૮૩૮/૧૫૯૧૯/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી બોરવાવ ફળ અને શાકભાજી ઉત્પાદક અને પ્રોસેસીંગ સ. મં. લી., મર્યાદિત સ્થળ : બોરવાવ, તાલુકો : તાલાલા, જિલ્લો : ગીર સોમનાથ-વેરાવળ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વેરાવળ, ૦૮ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ, વેરાવળ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 30th JULY, 2015/ASHADHA 08, 1937 No. 31

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	841-860
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1241-1288
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૬૬૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૯૭૦/૧૫, તા. ૧૩-૦૭-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૧-૦૭-૨૦૧૫ના રોજથી તા. ૦૩-૦૮-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૪, માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૨૬૬૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૧૯૬૯/૨૦૧૫, તા. ૧૩-૦૭-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલનાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિશાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આગામી તા. ૧૫-૦૮-૨૦૧૫ ના રોજ સ્વાતંત્ર્ય પર્વ ઉજવવામાં આવનાર હોય, જેથી સવિશેષ તકેદારી રાખવી આશ્યક હોય, જેથી જુનાગઢ

જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨નીકલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૦૭-૨૦૧૫ થી તા. ૧૮-૦૮-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૪ મી, માહે-જુલાઈ, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૨૬૦૯/૨૦૧૫.- આસીસ્ટન્ટ કમાંન્ડન્ટશ્રી, સી.આઈ.એસ.એફ. યુનીટ, દિવ એરપોર્ટએ તેઓના ફેકસ પત્ર નં. PR-11028/CISF/ASG (DIU)/ARC/QM/2014-1782, તા. ૦૭-૦૭-૨૦૧૫ થી સી.આઈ.એસ.એફ. સ્ટાફ, દિવના ફાયરીંગ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે ફાયરીંગ પ્રેકટીસ માટે આગામી તા. ૧૯-૦૭-૨૦૧૫ થી તા. ૨૧-૦૭-૨૦૧૫ સુધી દિવસ-૩ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. આ સંદર્ભે નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર નં. સીબી-૩/એ/ફા.બ./૨૮૨૮/૧૫, તા. ૬-૭-૨૦૧૫ થી ઉક્ત ફાયરીંગ બટની તેઓને ફાળવણી કરેલ છે. તે પત્રની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવરજવર ભયજનક જણાતાં હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૯-૦૭-૨૦૧૫ થી તા. ૨૧-૦૭-૨૦૧૫ દરમ્યાન સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૯-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આજ તા. ૧૦, માહે જુલાઈ, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૦, માહે જુલાઈ, સને ૨૦૧૫.

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૪૩(૧) અન્વયે

જાહેરનામું

નં. : એમએજી/સી/પરબમેળો/૨૬૬૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરબમેળો/જા.નામુ/૧૯૪૬/૧૫, તા. ૦૯-૦૭-૨૦૧૫ થી જુનાગઢ જિલ્લામાં ભેંસાણ તાલુકામાં આવેલ પરબની જગ્યાના નામે ઓળખાતી પરબની જગ્યામાં તારીખ : ૧૫-૦૭-૨૦૧૫ થી તારીખ : ૧૮-૦૭-૨૦૧૫ સુધી અષાઢી બીજનો મેળો ભરાવાનો છે. આ મેળામાં ઘણાં માણસો આવવા સંભવ હોય, જેથી ઉક્ત સમય દરમ્યાન લોકોનાં જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપીરોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલાં લેવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ આંક-૨૨ની કલમ ૪૩(૧) હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. ઉપરોકત આવેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોવાથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ આંક-૨૨ની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તા. ૧૫-૦૭-૨૦૧૫ થી તા. ૧૮-૦૭-૨૦૧૫ સુધી ઉપરોકત વિસ્તારમાં નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

(૧) પીવાના પાણી પરત્વે માણસોને પીવાના પાણી ઉપયોગમાં ન આવે તેવા કોઈ કૃત્યો કરવા નહી.

(૨) જાહેર આરોગ્યને નુકશાન થાય તેવા ખાદ્યપદાર્થો ખુલ્લા રાખી વેચાણ કરવુ નહી.

(૩) જાહેર આરોગ્ય ખાતાનાં કર્મચારીઓ તરફથી મળતી સુચના વિરૂધ્ધ ગંદકી કરવી નહી.

(૪) રકતપીત જેવા ચેપી રોગચાળા ધરાવતા શખ્સને દાખલ થવા દેવા નહી.

ઉપરોકત બાબતે દેખરેખ રાખવા અને જાહેર આરોગ્ય અંગે પગલા લેવા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જુનાગઢ તથા તેઓશ્રીએ નિયુકત કરેલા કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ : ૧૪, માહે જુલાઈ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૨૬૬૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/બોટગુમ/જા.નામું/૧૯૫૯/૨૦૧૫, તા. ૧૨-૦૭-૨૦૧૫ થી અંતિત થતા દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ પોલીસ સ્ટેશનના તાબા હેઠળ વહાણ/બોટ દરીયામાં માછીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માછીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૈશાદ ઈશા થૈમ તથા જુસબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનું સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ રહયુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ સંબંધિત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માછીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ નીચે મુજબના પત્રકની વિગતો સહની સંબંધીત તમામ સરકારી એજન્સીને જાણ કરવી ફરજીયાત છે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૨-૦૫-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૪ મી, માહે જુલાઈ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/વાહન લે-વેચ/૨૬૪૪/૨૦૧૫.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ. ઓ. જી./જાહેરનામું/વાહન/લે-વેચ/૩૭૭/૧૫, તા. ૧૩-૦૭-૨૦૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. ઉકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, આથી હું, **આર. જી જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

INDEX

તદનુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની અવશ્યકપણે નિભાવણી કરવાની છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે/ કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી(જાત), ઉંમર, સરનામું, કોન્ટેકટ નંબર	વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આવા વેપારીએ દર મહીનાને અંતે આવા ખરીદ-વેચાણ કરેલ વાહનોની વિગતો એસ.ઓ.જી. શાખા, જુની પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, દિવાન ચોક, જુનાગઢ ખાતે અચુક રજુ કરવાની રહેશે.

આ હુકમ તા. ૧૬-૦૭-૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૧૪, માહે જુલાઈ, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૬૪૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./ઘર નોકર/જાહેરનામું/૩૭૮/૨૦૧૫, તા. ૧૩-૦૭-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં કેટલાક ઘરકુટંબો દ્વારા ઘરકામ માટે બહારના વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે રાખવામાં આવે છે. જેમાં કેટલાક ઘરઘાટીઓ ઘરમાં કિંમતી વસ્તુઓની ચોરી સ્ત્રી/બાળકો ઉપર અત્યાચાર અને મિલ્કત પડાવવા વૃધ્ધ ઘરમાલીકોની હત્યા, લુંટ, ચોરી વિ. મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ, શરીર સબંધી ગુન્હાઓ આચરતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. જેનાથી માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન થાય છે અને આવા ગુન્હા આચર્યા બાદ ઘરઘાટી અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતા હોય છે. જેથી ગુન્હાઓ વણશોધાયેલ રહે છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા ઘરઘાટી (Domestic Help) ઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ વિગેરે માહિતી તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોકત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, **આર.જી.જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં જે ઘરકુટુંબો તરફથી આવી બહારની વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે ઘરકામ ઉપર રાખવામાં આવેલ છે તેની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉકત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનનો તુર્તજ મોકલી આપવી.**

ક્રમ	ઘર માલીકનું નામ/સરનામું, મોબાઇલ/ટેલીફોન નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના મુળ વતનનું સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ને રાખ્યા તારીખ	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પૂરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) કોના રેફરન્સ, પરિચયથી કામે રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના બે થી ત્રણ સગા સબંધિઓનું પુરૂ નામ, સરનામું (તેમના વતન સહિતના) તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નો ફોટો ગ્રાફસ	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૧૪ માહે જુલાઈ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૬૪૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./મજુર/જાહેરનામું/૩૭૯/૨૦૧૫, તા. ૧૩-૦૭-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, અપહરણ, ચોરી, ઠગાઈ, વિશ્વાસઘાત તથા છેતરપીંડી જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામ ઔદ્યોગિક વસાહતની ફેકટરીઓ, ખેતી, હીરા ઉદ્યોગમાં તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે કામ કરતાં કારીગરો ઉપરોક્ત પ્રકારના ગંભીર ગુન્હા આચર્યા બાદ અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતાં હોય છે. તેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી જુનાગઢ જિલ્લામાં આશરો લેતા હોય છે. તેથી જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા મજુર/કારીગરોનું રજીસ્ટર/બાયોડેટાની સી.ડી. તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોક્ત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સો, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી તથા અન્ય ફેકટરી ઉદ્યોગ, વેપાર ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારી, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉક્ત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને દિન-૧૫માં મોકલી આપવું.**

ક્રમ	પેઢીના માલીક/ ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલીકના મોબાઇલ/ ફોન નંબર તથા ધંધાના ટેલીફોન નંબર	કામે રાખેલ કર્મચારી/ કારીગર/મજુર કે ભાગીયાનું પુરૂનામ, ઓળખચીન્હ, હાલનું સરનામું તથા મોબાઇલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર કે મજુર ભાગીયાના મુળ વતનનું પુરૂ સરનામું તથા વતનના ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામું તથા મોબાઇલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ તે સ્થાનીક રહીશનું પુરૂં નામ, સરનામું મોબાઇલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના બે થી ત્રણ સગા-સબંધીના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહીતના) તથા ટેલીફોન, મોબાઇલ નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાનો ફોટોગ્રાફ	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૨૫૬૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/બોટ-વહાણ-ગુમ/જા.નામું/૨૫૭/૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫ ના પત્રથી ગીર સોમનાથ જિલ્લાની દક્ષિણે વિશાળ અરબી સમુદ્ર આવેલ છે અને આ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર દરીયા કિનારે આવેલ છે. તેમજ વેરાવળ બંદર તથા નવા બંદર ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે તેમજ મોટાભાગની વસતી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી રહે. બન્ને મોટા સાયલા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આમ, આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તેમાં આતંકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની ''કુબેર'' નામની બોટનું અપહરણ કરી આતંકી હુમલાને અંજામ આપેલ હોવાનું જણાયેલ છે. જેથી વાતાવરણીય કારણોસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈ કારણોસર વહાણ/બોટ ગુમ થયા અંગેની તથા વહાણ/બોટ સાથેનો સંપર્ક ન થતો હોવા અંગેની જાણ કરવા અંગેની પ્રથા/નિયમો હોવા રાષ્ટ્રીય સુરક્ષાની બાબતે જરૂરી છે. તેમજ આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામા જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત ચાર દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય, ત્યારે સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કર્યા સીવાય બોટ દરીયાની અંદર ન જાય તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત બોટ દરીયામાં લઈ જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત ચાર દિવસ સુધી સંપર્ક સાધવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય તેવા સંજોગોમાં નીચે મુજબના પત્રકની વિગતો સહની માહિતી સાથે નજીકના પોલીસ સ્ટેશન અને સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ ખલાસીનઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ બહાર પાડયાની તારીખ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. મુંબઈ પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૧૭ મી, માહે જુલાઈ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૨૫૬૦/વાહન લે-વેચ/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જાહેરનામું/ વાહન/લે-વેચ/૨૫૮/૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/ મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીષ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર સોમનાથ જિલ્લો, વેરાવળ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદાનુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની અવશ્યકપણે નિભાવણી કરવાની છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે, કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી (જાત), ઉંમર, સરનામું, કોન્ટેકટ નંબર	વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૧૭-૦૭-૨૦૧૫થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તારીખઃ ૧૭ મી માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૫૬૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લાના પત્ર ક્રમાંકઃ એસઓજી/એટીએમ/ચોકીયાત/જાહેરનામું/૨૫૫/૨૦૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫ ના પત્રથી જણાવેલ વિગતે ગુજરાત રાજ્યમાં હાલમા વડોદરા, અમદાવાદ, કચ્છ જિલ્લાઓમાં રાષ્ટ્ર વિરોધી તત્વો, લુટારાઓ, ધાડપાડુઓની ગેંગો દ્વારા એટીએમ મશીનોની ચોરી કરી જવાના બનાવો બનવા પામેલ છે. જે ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોના જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારને પકડવાનું ઘણુજ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હા આચરતાં ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એ.ટી.એમ. ઉપર ચોકીયાતો ન હોય તેમજ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા ન હોય તેવા એ.ટી.એમ. મશીનો ચોરી કરી લઈ ગયેલાના બનાવો બનવા પામેલ છે. જેથી એ.ટી.એમ.માં મશીનમાં રહેલ નાણાની સલામતી માટે તથા નાગરીકોમાં સુરક્ષાની ભાવના ઉભી થાય તે માટે એ.ટી.એમ. મશીન ઉપર ચોકીયાત રાખવા અત્યંત જરૂરી છે. લોકોની જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે.

લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક રાઉન્ડ ધ કલોક ૩-શીફટમાં ચોકીયાતો મુકવા તથા એ.ટી.એમ.માં સી.સી. ટી.વી. (નાઈટ વીઝન વીથ હાઈડેફીનોનશ) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કેમેરા રાખવા સંબંધેનું જાહેરનામું સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે દિન-૬૦ માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના એ.ટી.એમ. મશીનમાં રહેલ નાણાની સલામતી જળવાઈ રહે, લોકોમાં સલામતી જળવાઈ રહે, આવા ગુન્હાનું પ્રમાણ ઘટે, જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ**, ફોજદારી કાર્યરીતિ

અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોએ તેમના એ.ટી.એમ. ચેમ્બરની અંદરના ભાગે તથા એ.ટી.એમ.ના બહારના ભાગે પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૩૦-દિવસ સુધી રાખવો.

(૨) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ.ની બહારના ભાગે ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ગાડીમાં ડ્રાયવર તેમજ તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે વાહન અને વ્યક્તિની ઓળખ થઈ શકે તે મુજબ પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક ૩ શીફટમાં ચોકીદારો રાખવા.

(૪) સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ-ડેફીનેશનના) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ પુરતી સંખ્યામા રાખવા અને વ્યકિત કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે અને રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા સારી કવોલીટીના અને ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે ગોઠવવાના રહેશે.

આ હુકમતા. ૧૭-૦૭-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૭ મી, માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીરસોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૨૫૬૪/૧૫.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એસઓજી/પે.પંપ./સીસીટીવી/ જાહેરનામું/૨૫૬/૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫ ના પત્રથી ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર, તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમાં ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જીલ્લામાં સુત્રાપાડામાં જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલ છે. જે ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતની હાની કરવામાં આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતી કરતી ગેંગ રાજય/શહેર હાઈવે પરના પેટ્રોલપંપ પર લુંટ, ધાડના ગુન્હાઓ આચરતા હોય છે.

આવા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તે માટે અને ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેર પરના તમામ પેટ્રોલપંપો ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની જાન માલની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેર પરના તમામ પેટ્રોલપંપો ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ સાથે પેટ્રોલપંપો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૩૦-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ ૧૭-૦૭-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૭ માહે જુલાઈ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૨૫૫૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/હોટલ/સીસીટીવી/જાહેરનામું/૨૫૯/૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫ ના પત્રથી ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દહોત્સર્ગ/ગીતા મંદિર/તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢમાં શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમાં ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જીલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઓદ્યોગિક એકમો આવેલ છે. જે ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે. જેથી પર્યટકોની સુરક્ષા જાળવવી એ તંત્રની ફરજ બને છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતહાની કરવામાં આવેલ છે. તેમજ લુંટ, ઘાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજ્ય/શહેરની હાઈવેની હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફરખાના, રિસોર્ટ વિગેરેના રોકાણ માટે ઉપયોગ કરતા હોય છે અને આવા સ્થળોએ રોકાઈને પોતાના ગુન્હાને અંજામ આપતા હોય છે.

આવા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તે માટે શહેર, ગ્રામ્ય, હાઈવે રોડ ઉપર આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફરખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુના કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી,** કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરમાં આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફરખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીઓની દુકાનો વિગેરે સ્થળો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરો ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૩૦-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ તા. ૧૭-૦૭-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૭ મી માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૫૫૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/સ.પ્ર.બં.જા./૪૦૦૦/૨૦૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગીર-સોમનાથ જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં નાહવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાય છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમાં બહુજ મોટા વજનદાર ખડકાળ પત્થરો છે. જેથી સમુદ્રમાં નાહવા પડેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમાં આવતા મોજાઓ વાંકાચુકા તથા ઘાતક આવે છે.

હાલમાં આ સ્થળે નવી ચોપાટી બનાવવાનું કામ શરૂ થયેલ છે તથા મોટા પત્થરો સમુદ્રમાં ઉતારી રસ્તો બનાવેલ છે, જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પત્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમાં પડી જાય તેવી શક્યતાઓ રહે છે.

અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમાં પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમાં પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા ઘણા બનાવો નોંધાયેલ છે, તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદિરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડમાં આશરે ચાર કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમાં નાહવા માટે કે સમુદ્રમાં ઉંડા પાણીમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું સી.આર.પી.સી. એકટની કલમ-૧૪૪ તળે તા. ૨૨-૦૭-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધીનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્તની વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે આવેલ દરીયા કિનારે મોજામાં તણાઈ જવાથી, નાહવા પડતા ડુબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર-સોમનાથ વેરાવળ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિએ સમુદ્રમાં નાહવા જવું નહીં કે સમુદ્રમાં ઉંડા પાણીમાં પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમ તા. ૨૨-૦૭-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ: ૧૭ મી માહે જુલાઈ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

વંચાણે લીધા :

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં.સી/એલઆઈબી/બોર.જા/૪૦૦૧/૨૦૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫.

હુકમ

નં. એમએજી/સી/૨૫૫૧/૨૦૧૫.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો વિ. દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા નિષ્કાળજી સેવવામાં આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમા પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમા બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોકત બાબતેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમા મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમાં ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમા લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂ છું.

(૧) જે તે વિસ્તારમા બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાન હાનિ થાય નહી અથવા બોરવેલમા કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, મજબુત ભરતી દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમ છતા અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનુ પાલન કરવામા ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનુ યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરી પરિસ્થિતિમા હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોકત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આજ તારીખ : ૧૭ મી માહે જુલાઈ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૫૫૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.ના./સ.સ.બંધી/૪૦૦૩/૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) તા. ૩૧-૦૭-૨૦૧૫ ના રોજ હિંદુ મહિલાઓનુ મોળાકાતનુ જાગરણ, તા. ૦૨-૦૮-૨૦૧૫ ના રોજ જયાપાર્વતીનું જાગરણ, તા. ૧૪-૦૮-૨૦૧૫ ના રોજ દિવાસાનુ જાગરણ તેમજ હિંદુ લોકોનો શ્રાવણ માસ તા. ૧૫-૦૮-૨૦૧૫ થી શરૂ શરૂ થતો હોય અને આ માસમા ધાર્મિક તહેવાર સબબ, ધાર્મિક સ્થળ, જાહેર સ્થળ વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ ૧૫ મી ઓગસ્ટના રાષ્ટ્રીય તહેવારની ઉજવણી થનાર હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ વર્ષા ઋતુ ચાલુ હોય, જેના કારણે વિજળી આવક-જાવક થતી હોય મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા અને પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૨-૦૭-૨૦૧૫ થી તા. ૨૦-૦૮-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૭ મી માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૨૫૫૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલ.આઈ.બી./જાહેરનામું/ હ.બંધી/૪૦૦૨/૨૦૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫ થી (૧) વેરાવળ, પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) તા. ૩૧-૦૭-૨૦૧૫ ના રોજ હિંદુ મહિલાઓનું મોળાકતનું જાગરણ, તા. ૦૨-૦૮-૨૦૧૫ ના રોજ જયાપાર્વતીનું જાગરણ, તા. ૧૪-૦૮-૨૦૧૫ ના રોજ દિવાસાનું જાગરણ તેમજ હિંદુ લોકોનો શ્રાવણ માસ તા. ૧૫-૦૮-૨૦૧૫ થી શરૂ શરૂ થતો હોય અને આ માસમાં ધાર્મિક તહેવાર સબબ, ધાર્મિક સ્થળ, જાહેર સ્થળ વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ ૧૫ મી ઓગસ્ટના રાષ્ટ્રીય તહેવારની ઉજવણી થનાર હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ વર્ષા ઋતુ ચાલુ હોય, જેના કારણે વિજળીની આવક-જાવક થતી હોય અને મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠા પ્રશ્ને ખેડુતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, કે. જે.ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લાના વિસ્તારમાં તા. ૨૨-૦૭-૨૦૧૫ થી તા. ૨૦-૦૮-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

ડી.એમ./વશી/૧૨૯૪/૨૦૧૫.-બોટાદ શહેરમાં સાળીંગપુરથી પાળીયાદ તરફ જવાના માર્ગે જે સાળીંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર અગાઉ ફકત પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. તેને ઘણો લાંબો સમય થયેલ હોઈ, આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવા તથા તેવીજ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો હવેલી ચોકથી મોબાઈલ બજાર કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ જાહેર કરવો ખૂબજ જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, બોટાદના તા. ૦૬-૦૭-૨૦૧૫ના પત્ર નં. જાવક નં. ૨૨૯૯/૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, આર. એચ. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) સાળીંગપુર રોડથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, મહિલા મંડળ રોડ-કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) તેમજ હવેલી ચોકથી દિન-દયાળચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વહનો પાર્ક કરવાના રહેશે.

આ જાહેરનામું તા. ૧૬-૦૭-૨૦૧૫ થી તા. ૧૩-૦૯-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬-૦૭-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૬ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૮૦૭/૨૦૧૫.-આતંકવાદીઓ તરફથી આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા તથા ખુન/ધાડ/લુંટ જેવા જધન્ય અપરાધ આચરવા માટે, ગુન્હો કરતા પહેલા કે આંતકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા એકત્ર થવા અને આંતકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઈ જવા માટે અને ગુન્હેગારો સાથે સંપર્ક જાળવી રાખવામાં સંદેશાવ્યવહાર માટે પોતાની પાસે વ્યકિતગત ફોન હવા છતાં ટેલીફોન કોઈન બોક્ષ તેમજ પબ્લીક S.T.D. P.C.O. બુથ પરથી કોલ કરવા માટે ઉપયોગ કરે છે. લેન્ડ લાઈન તથા મોબાઈલ વ્યકિતગત ધોરણે સુવીધા ધરાવતાં હોવા છતાં ગુન્હો આચરવા માટે જ કોઈન કનેકશન બોક્ષ ટેલીફોન કે S.T.D. P.C.O. નો ઉપયોગ કરી

ખુન, અપહરણ, લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુન્હો આચર્યે રાખે છે અને જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે અને જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આજ પ્રકારના કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. સુવીધા ધરાવતાં પબ્લીક બુથ પરથી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Colls) કરી ભીડ-ભાડવાળી જગ્યાઓએ જેવી કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ધાર્મીક સ્થળો, મોલ, મલ્ટીપ્લેક્ષ, જાહેર સરકારી ઓફીસો, એકમો, બેંકો વિગેરે જ્યાં જાહેર જનતા મોટા પ્રમાણમાં અવરજવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતિની લાગણી ઊભી કરી ઘણીવાર આવા હોકસ કોલ્સને લીધે સ્ટેમ્પેડ (ભાગદોડ) થવાની અને મોટી જાનહાની થવાની શકયતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા S.T.D./I.S.D. P.C.O. અને કોઈન બોક્ષ પરથી કોલર (ફોન કરનાર વ્યકિત)ની ઓળખ છુપાવી શકાતી હોય સભ્ય સમાજના સ્ત્રી-પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓ મુખ્યત્વે કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. પર (કોલ કરનાર) કોલરની ઓળખ માટે કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે બનતા હોવાનું જણાઈ આવેલ છે. આવા હોકસ કોલની તપાસ કોઈન બોક્ષ કે S.T.D./I.S.D. P.C.O. સુધી જઈને અટકી જતી હોય છે અને ગુન્હેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતિની ભાવના ઉત્પન કરે છે.

જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિને અંજામ આપનારા ઈસમો અને અસામાજીક તત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી તથા જાહેર માલ-મિલ્કતને મોટું નુકશાન થતું અટકાવવા તકેદારીના પગલા રૂપે S.T.D./I.S.D. P.C.O. તથા કોઈન બોક્ષ ધારકો તથા સર્વીસ પ્રોવાઈડરો ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું ઈસ્ટ જણાય છે.

હુકમ

વાસ્તે હું મોહન ઝા, (I.P.S.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કોઈન કલેકશન બોક્ષ STD,/I.S.D. P.C.O. ધારકો તથા સર્વીસ પ્રોવાઈડર્સ (૧) ભારત સંચાર નિગમ લી. (૨) રીલાયન્સ કોમ્યુનીકેશન લી. (૩) ભારતી એરટેલ લી., (૪) ટાટા ટેલી સર્વીસ લી., (૫) આઈડીયા સેલ્યુલર લીમીટેડ (૬) વોડાફોન (૭) એરસેલ (૮) વીડીયોકોન (૯) યુનીનોર જેવી સેલ્યુલર કંપનીઓ તથા અન્ય કોઈપણ સેલ્યુલર કંપની ફેંન્ચાઈઝીથી S.T.D./I.S.D. P.C.O. અને COIN BOXની સુવીધા પુરી પાડતી હોય તે કંપનીઓ તરફથી કોઈન બોક્ષ S.T.D./ I.S.D. P.C.O. ઉપર ફોન કરવા આવનાર વ્યકિતની (કોલરની) ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) S.T.D./I.S.D. P.C.O. ધારકે તથા ફેન્ચાઈસી હોલ્ડરે કોલર વ્યકિતનું રજીસ્ટર નીભાવવાનું રહેશે. જેમાં કોલરનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખવાનો રહેશે અને તેણે કરેલ કોલના નંબર લખવાના રહેશે.

(૨) કોલર વ્યકિતના ફોટો, આઈ.ડી. પ્રુફ જેવા કે ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ લઈને વેરીફાઈ કરીને કોલરનું નામ રજીસ્ટરે નોંધ કર્યા બાદ જ કોલ કરવા દેવાનો રહેશે અને આ રજીસ્ટર એક વર્ષ સુધી સાચવી રાખવાનું રહેશે અને તપાસનાં કામે પોલીસ તરફથી માંગવામાં આવેથી ઉપલબ્ધ કરવાનું રહેશે.

(૩) સર્વીસ, પ્રોવાઈડર્સએ S.T.D./I.S.D. P.C.O. બુથ અને કોઈન બોક્ષ પર કોલ કરનાર વ્યકિતનો ચહેરો CCTV વેબકેમેરાથી સ્પષ્ટપણે સંપૂર્ણ કવરેજ થાય તે માટે નાઈટ વિઝન તથા હાઈ રીઝોલ્યુશનવાળા CCTV વેબ કેમેરાની સગવડ ઉપલબ્ધ કરવાની રહેશે અને CCTV વેબ ફુટેજ એક માસ સુધી જાળવી રાખવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૨૧-૦૭-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૧૭, જુલાઈ-૨૦૧૫ના રોજ મારી સહી અને સીકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

INDEX

સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. લીંક ડીઝીટલ સિસ્ટમ પ્રા.લી. નોં.નં. ૨૪૦૭૩૬૦૨૨૭૪ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયક વેરા અધિકારી-(૩), ઘટક-૫, અમદાવાદના પત્રાંક જા. ૩૧૭૫, તારીખ ૩૦-૦૫-૨૦૧૫.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નર શ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૧૨૬૦/૬૧, તા. ૦૫-૦૬-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૩૧૩૩/૩૨૦૨.-વાણિજિયક વેરા અધિકારી-(૩), ઘટક-૫, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. લીંક ડીઝીટલ સિસ્ટમ પ્રા.લી. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૬૦૨૨૭૪ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૬૦૨૨૭૪ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૮૩૩૧૧૩૨ (એક) કુલ-૧ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. લીંક ડીઝીટલ સિસ્ટમ પ્રા.લી. ૨૪૦૭૩૬૦૨૨૭૪ ૨૪૫૭૩૬૦૨૨૭૪	વા. વે. અધિકારી (૩), ઘટક-૫, અમદાવાદ.	"C" Form No : ૮૩૩૧૧૩૨	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. ઉમા મોટર્સ નોં.નં. ૨૪૦૭૪૨૦૪૭૦૨ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૩), ઘટક-૭, અમદાવાદના પત્રાંક જા. ૧૫૮૯/૯૦, તારીખ ૧૦-૦૬-૨૦૧૫.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૧૩૫૩/૫૪, તા. ૧૦-૦૬-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૨૦૪૮/૬૭.-વાણિજિયક વેરા અધિકારી (૩), ઘટક-૭, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. ઉમા મોટર્સ કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૪૨૦૪૭૦૨ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૪૨૦૪૭૦૨ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૯૪૯૫૨૬૦ (એક) કુલ-૧ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. ઉમા મોટર્સ ૨૪૦૭૪૨૦૪૭૦૨ ૨૪૫૭૪૨૦૪૭૦૨	વા. વે. અધિકારી (૩), ઘટક-૭, અમદાવાદ.	"C" Form No : ૯૪૯૫૨૬૦	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. સીએટ લીમીટેડ નોં.નં. ૨૪૦૭૩૩૦૦૬૨૬ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૩), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૭૫૪, તારીખ ૦૧-૦૫-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નર શ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૧૩૫૫/૫૬, તા. ૧૦-૦૬-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૨૩૦૭/૨૬.-વાણિજ્યિકવેરા અધિકારી (૩), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. સીએટ લીમીટેડ કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૦૬૨૬ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં.નં. ૨૪૫૭૩૩૦૦૬૨૬ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૯૫૦૩૫૨૨ (એક) કુલ-૧ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C-Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. સીએટ લીમીટેડ ૨૪૦૭૩૩૦૦૬૨૬ ૨૪૫૭૩૩૦૦૬૨૬	વા. વે. અધિકારી (૩), ઘટક-૬, અમદાવાદ.	"C" Form No : ૯૫૦૩૫૨૨	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજ્યિક વેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૨, વડોદરાના પત્રક્રમાંક : નાવાવેક/વ-૧૨/વડદ/ડુપ્લીકેટ "સી" ફોર્મ્સ/૨૦૧૫-૧૬/ જા.નં.-૧૦૦૩, તા. ૨૫-૦૬-૨૦૧૫.

(૨) વાણિજ્યિક વેરા અધિકારી-૨, ઘટક-૭, વડોદરાના પત્ર ક્રમાંક : વા.વે.અ(૨)/ઘટક-૭/'સી' ફોર્મ/૨૪૧૯૬૯૨૪૦૦૫૨૩/ ૨૦૧૫-૧૬/જા.નં.-૧૪૩૫/૩૬, તા. ૩૦-૦૪-૨૦૧૫.

(૩) મે. રેક્ષટોન ઈન્ડ્સ્ટ્રીઝ લી., પ્લોટ ન. ૫, જીઆઈ.ડી.સી, પોર રમણ ગામડી પોર, વડોદરા ટીન નો.નં.-૨૪૧૯૨૪૦૦૫૨૩, કેન્દ્રીય નોં.નં.-૨૪૬૯૨૪૦૦૫૨૩ની તા. ૦૯-૦૧-૨૦૧૫ ની અરજી.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ-૧/વિ-૫/વડદ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૩૧૭૫/૯૮.-વાણિજ્યિક વેરા અધિકારી-૨, ઘટક-૭, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. રેક્ષટોન ઈન્ડ્સ્ટ્રીઝ લી., પ્લોટ ન. ૫, જીઆઈ.ડી.સી, પોર રમણ ગામડી પોર, વડોદરા ટીન નો.નં.-૨૪૧૯૨૪૦૦૫૨૩, કેન્દ્રીય નોં.નં.-૨૪૬૯૨૪૦૦૫૨૩ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ પૈકી, ફોર્મ નંબર ૨૪૮૯૩૭૫૮૪, ૨૪૮૧૪૬૮૦૦ અને ૨૪૮૩૭૦૮૨૭ કુલ પાન-૦૩ અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા ક્રમાંક-(૩) અન્વયે સી ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યિક વેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૨, વડોદરાએ વંચાણે લીધા ક્રમાંક-(૧) દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૨, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વાણિજ્યિક વેરા અધિકારી-૨, ઘટક-૭, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૨) સંદર્ભે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના સી ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીશ્રીનું નામ	નોં. નં.	રદ કરવાના સી ફોર્મ નંબર	રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
૧	મે. રેક્ષટોન ઈન્ડ્સ્ટ્રીઝ લી., પ્લોટ ન. ૫, જીઆઈ.ડી.સી, પોર રમણ ગામડી પોર, વડોદરા	ટીન નો. નં. ૨૪૧૯૨૪૦૦૫૨૩, કેન્દ્રીય નોં.નં.- ૨૪૬૯૨૪૦૦૫૨૩	૨૪૮૯૩૭૫૮૪, ૨૪૮૧૪૬૮૦૦ અને ૨૪૮૩૭૦૮૨૭	ખોવાઈ જવાથી	કુલ પાન-૦૩ (ત્રણ)

આથી હું, કે. એમ. પટેલ, સંયુકત વાણિજિયક વેરા કમિશ્નર, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત ખોવાયેલ સી ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૦૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

કે. એમ. પટેલ,
સંયુકત વાણિજિયક વેરા કમિશ્નર,
વિભાગ-૫, વડોદરા.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃનધણ/૦૧/ક-૨/૦૧૪૨/૭૯૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી અમર કોટન સેલ્સ જીનીંગપ્રેસીં. એન્ડ પ્રોસે. કો. ઓ. સો. લીમીટેડ, રતનપર, સ્થળ : રતનપર, તાલુકો : - જિલ્લોઃ બોટાદ, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.ઃ ઉ.(મ).-૧૫૯૦૫/૨૦૧૫, તા. ૧૫-૦૭-૨૦૧૫.

બોટાદ, ૧૫, માહે જુલાઈ, સને ૨૦૧૫.

પી. બી. ખસિયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ઘ-૨/૪૬૨/૨૦૦૪, તા. ૨૦-૦૬-૨૦૦૪.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૫-૦૫-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક:ફડચ/ગ-૨/૧૫૫/૨૦૧૫.-આથી હું, પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ અમોને વંચાણે લીધા આંક-(૨) વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની શ્રી વાસાવડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાસાવડ, તા. ગોંડલ, જિ. રાજકોટ, નોંધણી નંબરઃ સેદુ-૨૦૨૪૮, તા. ૨૫-૦૬-૧૯૮૪ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહું મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

તેમજ સદરહું ફડચા મંડળીના મજી મંત્રી તથા વ્યવસ્થાપક કમિટી સભ્યો સામે નામદાર કોર્ટમાં કેસ ચાલુ હોય, આ કેસ અંગે અંદિમ નિર્ણય ન થાય ત્યાં સુધી આજ કાયદાની **કલમ-૧૧૫** હેઠળ ફડચા અધિકારીશ્રી, (ફડચો-૨) કચેરીમાં,રાજકોટની **ટ્રસ્ટી પ્રતિનિધિ** તરીકે નિમણુંક કરૂં છું. જેઓએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની જોગવાઈઓ અને ખાતાની વખતો વખતની સ્થાયી સુચનાઓ, હુકમો અને પરિપત્રો અનુસાર કામગીરી કરવાની રહેશે.

રાજકોટ, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 06th AUGUST, 2015/SRAVANA 15, 1937 No. 32

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	861-880
PART - I - A	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II	
Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1289-1328
PART - III	
Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read : 1. *Letter No. A. 1204/2012 dated: 09-05-2012 of Hon'ble High Court.*

NOTIFICATION

No. Adm/H.4/4333/2015.-The following Judicial Officers working in the SURENDRANAGAR DISTRICT, where prevented from availaing of the whole or part of the ANNUAL VACATION-2015 of 30 days, observed from 16-05-2015 to 14-06-2015 (Both days inclusive) as per Rule-50 of Gujarat Civil Services (Leave)-2002 for the period as shown against their respective names in Col No. 3.

Sr. No.	**Name of Judicial Officers and Designation**	**Period of which Prevented**			**Remarks**
		From	To	Days	
01	02	03			04
01.	Mr. P. G. Soni Principal Senior Civil Judge, Surendranagar	16-05-2015 07-06-2015	31-05-2015 14-06-2015	24	
02.	Ms. H.M. Pavar, Chief Judicial Magistrate, Surendranagar	23-05-2015 11-06-2015	03-06-2015 14-06-2015	16	
03.	Mr. D.S. Shrivastava Additional Senior Civil Judge, Surendrenagar.	16-05-2015	14-06-2015	30	
04.	Mr. D.K. Nathani Additional Civil Judge, Surendrenagar.	16-05-2015	14-06-2015	30	
05.	Mr. N. B. Patel, 2nd Additional Civil Judge, Surendranagar	16-05-2015	14-06-2015	30	
06.	Mr. B. K. Gosai, Principal Senior Civil Judge, Dhrangadhra	16-05-2015	14-06-2015	30	
07.	Mr. V. P. Agrawal, Additional Senior Civil Judge, Dhrangadhra	16-05-2015	14-06-2015	30	
08.	Mr. B. B. Jadav, 2nd Additional Civil Judge, Dhrangadhra	16-05-2015 31-05-2015	24-05-2015 14-06-2015	24	
09.	Mr. S. D. Tripathi, Additional Civil Judge, Dhrangadhra	16-05-2015	14-06-2015	30	
10.	Mr. N. R. Solanki 2nd Additional Civil Judge, Dhrangadhra	16-05-2015	14-06-2015	30	
11.	Mr. A.S. Panda, Principal Senior Civil Judge, Limbdi	16-05-2015	14-06-2015	30	
12.	Mr. M. G. Shah, Additional Civil Judge, Limbadi.	16-05-2015	14-06-2015	30	
13.	Mr. D. M. Rathod, Principal Civil, Muli	16-05-2015	14-06-2015	30	
14.	Mr. B. G. Patel, Principal Civil Judge, Sayla	16-05-2015	14-06-2015	30	
15.	Mr. S. S. Pathan, Additional Civil Judge, Sayla	16-05-2015	14-06-2015	30	
16.	Ms. J. S. Sutariya, Principal Civil Judge, Chotila	16-05-2015 05-06-2015	28-05-2015 14-06-2015	23	

01	02	03			04
17.	Mr. K. L. Nadia, (Ad-hoc) Additional Civil Judge, Chotila	16-05-2015	14-06-2015	30	
18.	Ms. J. V. Shah, Principal Civil, Judge, Wadhwan	16-05-2015	14-06-2015	30	
19.	Ms. V. S. Bajaj, Additional Civil Judge, Wadhwan	16-05-2015	14-06-2015	30	
20.	Mr. J. J. Joshi, Principal Civil Judge, Patdi	16-05-2015	14-06-2015	30	
21.	Mr. R. B. Solanki, Principal Civil Judge, Halvad	16-05-2015	14-06-2015	30	
22.	Mr. B. V. Vasava, Additional Civil Judge, Halvad	16-05-2015	14-06-2015	30	
23.	Ms. J. V. Parmar, Principal Civil Judge, Lakhtar	16-05-2015	14-06-2015	30	
24..	Mr. R. J. Parmar, Principal Civil Judge, Chuda	16-05-2015	14-06-2015	30	

Surendranagar, 23rd July, 2015.

D. A. Joshi,
Principal District Judge,
Surendranagar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/ટીઈટી/૧૪૪/જાહેરનામું/૭/૧૫.-ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આગામી તા. ૨૬-૦૭-૨૦૧૫ ના રોજ શિક્ષક યોગ્યતા કસોટી (T.E.T.-II) ની પરીક્ષા યોજનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે.

જિલ્લામાં શિક્ષણ યોગ્યતા કસોટીની પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબના જિલ્લાના સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૨૬-૦૭-૨૦૧૫ના સવારે ૦૬-૦૦ કલાક થી ૧૫-૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગના કંડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓને આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતએ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

અનુસુચિ :

(૧) ઓલફ્રેડ હાઈસ્કુલ, હમીરસર તળાવ પાસે, ભુજ
(૨) ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, એસ.ટી. બસ સ્ટેશન સામે, ભુજ
(૩) વી.ડી. હાઈસ્કુલ, ઈન્દ્રાબાઈ પાર્ક સામે, ભુજ
(૪) જૈનાચાર્ય અજરામરજી હાઈસ્કુલ, કે.ડી.સી.સી. બેંક સામે, હોસ્પીટલ રોડ, ભુજ
(૫) માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ
(૬) સ્વામિનરાયણ કન્યા વિદ્યાલય, ભુજ-માંડવી હાઈવે, મિરઝાપર-ભુજ
(૭) કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યાલય, જુની એસ.ટી. કોલોની પાછળ, ભુજ

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. તથા તમામ પરીક્ષા કેન્દ્રોની આસપાસ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૨૩-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૨૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૨૨૦૩-૧૪૪/૨૦૧૫.-આગામી તા. ૨૬-૦૭-૨૦૧૫ ના રોજ ટેટ-૨ ની પરીક્ષા યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરિક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરિક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ માધ્યમીક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરિક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, આર. જે. માકડિયા આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર શહેરમાં સદરહું પરીક્ષા માટે નક્કી કરાયેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૨૬-૦૭-૨૦૧૫ સવારના ૯-૩૦ થી ૧૮-૩૫ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા શિક્ષણ વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી.

પરિશિષ્ટ

૧. સત્ય સાંઈ વિદ્યાલય
૨. એલ.જી. હરીયા હાઈસ્કુલ
૩. શાસ્ત્રી ત્રંબકરામ હાઈસ્કુલ
૪. સજુબા ગર્લ્સ હાઈસ્કુલ
૫. ડી.એસ.ગોજીયા વિદ્યાલય
૬. સોઢા રસીલાબા વિદ્યાલય
૭. ક્રિષ્ના સ્કુલ

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૪ માહે જુલાઈ–૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

INDEX

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૨૨૦૩–૩૭(૩)/૨૦૧૫.-આગામી તા. ૨૬-૦૭-૨૦૧૫ ના રોજ ટેટ-૨ ની પરીક્ષા યોજાનાર છે. છે. આ પરીક્ષાઓ શાંતિથી લેવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યક્તિને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવા અંગે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગર તરફથી દરખાસ્ત મળેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે. તેથી હું, આર. જે. માકડિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ ની પેટા કલમ–(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા. ૨૬-૦૭-૨૦૧૫ ના રોજ પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં સવારના ૦૯-૩૦ થી ૧૮-૩૫ કલાક સુધી ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

પરિશિષ્ટ

૧. સત્ય સાંઈ વિદ્યાલય
૨. એલ.જી. હરીયા હાઈસ્કુલ
૩. શાસ્ત્રી ત્રંબકરામ હાઈસ્કુલ
૪. સજુબા ગર્લ્સ હાઈસ્કુલ
૫. ડી.એસ.ગોજીયા વિદ્યાલય
૬. સોઢા રસીલાબા વિદ્યાલય
૭. ક્રિષ્ના સ્કુલ

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારીની નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.
(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષકદળની વ્યક્તિને.
(૩) લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રાને.
(૫) પ્રમાણીત પરિક્ષાર્થીને.
(૬) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરે બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૨૪ માહે જુલાઈ–૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. જે. માકડિયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જામનગર.

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(ખ) અન્વયેનું આખરી જાહેરનામું

આખરી જાહેરનામું

નં. એમએજી/સી/૩૪૪૫/૨૦૧૫.-ગીર સોમનાથ જિલ્લાની ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ કરવા માટે જિલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન તા. ૨૨-૦૧-૨૦૧૫ ના રોજ કરવામા આવેલ. જે બેઠકમા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ચિફ ઓફીસરશ્રી, વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા, વેરાવળ અને ચિફ ઓફીસરશ્રી, નગરપાલિકા, ઉના તરફથી રજુ થયેલ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. જેમા વેરાવળ શહેરના ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે રજુ થયેલ પ્રશ્નો અને સુચનો અન્વયે ચર્ચા વિચારણા કરતા નીચેની વિગતે અમલવારી કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવતા આ કચેરીના હુકમ નં. એમએજી/સી/૪૪૫/૨૦૧૫, તા. ૦૭-૦૨-૨૦૧૫ થી નીચેની વિગતેની બાબતો ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ ફરમાવવા વિચારણા કરવા અંગેનું પ્રાથમિક જાહેરનામુ બહાર પાડવામા આવેલ છે. આ જાહેરનામુ દૈનિક વર્તમાનપત્રો અને જાહેર જગ્યાઓ ઉપર પ્રસિધ્ધ કરવામા આવેલ છે. જે જાહેરનામુ પ્રસિધ્ધ થયાના દિવસ-૩૦ (ત્રીસ) ની સમય મર્યાદામા વાંધા/સુચનો મંગાવવામા આવેલ છે.

(૧) વેરાવળ શહેરમાં વેરાવળ ગાંધી રોડ શાક માર્કેટથી પાટણ દરવાજા સુધી સવારના ૦૯-૦૦ થી ૧૪-૦૦ તથા ૧૭-૦૦ થી ૨૦-૦૦ કલાક સુધી એક માર્ગીય રસ્તો કરવો. જેમા ટ્રાફિક શાક માર્કેટથી પાટણ દરવાજા તરફ જઈ શકે, પરંતુ પાટણ દરવાજાથી શાક માર્કેટ સુધી ''નો એન્ટ્રી'' જાહેર કરવી.

(૨) વેરાવળ શહેરમા સટ્ટાબજાર બેન્ક ચોકી ત્રણ રસ્તાથી ચાર ચોક સુધી (બપોરે ૧૩-૦૦ થી ૧૬-૦૦ સીવાય) ભારે વાહનો અને છકડો રીક્ષાની ''નો એન્ટ્રી'' તથા ટુ વ્હીલર વાહન માટે એકી તારીખે તથા બેકી તારીખે અનુક્રમે ઉતર તથા દક્ષિણ દિશામા ટુ વ્હીલર પાર્કિંગ માટે વ્યવસ્થા રખાવવી.

(૩) વેરાવળ શહેરમા સુભાષ રોડ, સ્વામીનારાયણ મંદિરથી ગાંધીરોડના રસ્તા સુધી કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ કલાક સુધી તમામ પ્રકારના વાહનોને પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવવો.

(૪) રામભરોસા ચોકથી ટાવરચોક સુધી રસ્તાની બન્ને સાઈડમાં સવારના ૦૯-૦૦ થી ૧૩-૦૦ કલાક સુધી તથા સાંજે ૧૭-૦૦ થી ૨૦-૦૦ સુધી તમામ પ્રકારના ટુ વ્હીલર, થ્રી વ્હીલર કે ફોર વ્હીલર તેમજ ભારે વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો.

(૫) વેરાવળ શહેરમા તાલાલા રોડ ઉપર આવેલ મોટી હવેલીથી અને ભીડીયા સર્કલથી તેમજ જુનાગઢ રોડ ઉપર આવેલ દેવકા નદીના પુલથી વેરાવળ શહેર વિસ્તારમાથી પસાર થતા હાઈ-વે પર સવારના ૦૯-૦૦ થી ૧૩-૦૦ કલાક તથા સાંજના ૧૬-૦૦ થી ૨૧-૦૦ કલાક દરમ્યાન ભારે વાહનો પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવવો.

(૬) વેરાવળ શહેરમા રાજેન્દ્રભુવન રોડ ઉપર નગરપાલિકાની કચેરીથી મામલતદાર કચેરી સુધી આ રસ્તાની બન્ને બાજુએ સરકારી દવાખાનુ, સ્કુલ, જ્યુડીશ્યલ કોર્ટ તથા સરકારી કચેરીઓ આવેલ હોય, આ વિસ્તારને સાઈલેન્સ ઝોન જાહેર કરવો.

ઉપરોકત વિગતે પ્રતિબંધ ફરમાવતુ અત્રેથી બહાર પાડવામા આવેલ પ્રાથમિક જાહેરનામુ દૈનિક વર્તમાનપત્રો અને જાહેર જગ્યાઓ ઉપર પ્રસિધ્ધ કરવામા આવેલ છે. જે જાહેરનામુ પ્રસિધ્ધ થયાના દિવસ-૩૦(ત્રીસ) ની સમય મર્યાદામાં વાંધા/સુચનો મંગાવવામાં આવેલ છે. તેમજ નિયત સમયમર્યાદામા વાંધા/સુચનો રજુ કરનારને અત્રેના રૂબરૂ સાંભળવામા આવેલ છે. તેમજ તેઓના વાંધા/સુચનો પરત્વે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ પાસેથી રીમાર્કસ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામા/અહેવાલ/૨૦૧૨/૨૦૧૫, તા. ૧૯-૦૫-૨૦૧૫ થી પ્રાથમિક જાહેરનામાના મુદ્દા નં. ૧,૨,૩,૪ અને ૬ સબંધે પ્રતિબંધ યથાવત રાખવા અને મુદ્દા નં.-૫ મા આંશિક ફેરફાર કરી વેરાવળ બાયપાસથી તાલાલા બાયપાસ ચોકડી અને તાલાલ રોડ ઉપર આવેલ મોટી હવેલીથી ભીડીયા સર્કલ સુધીનો રસ્તો પહોળો હોય અને ભીડભાડવાળા રસ્તો ન હોય તેમજ પ્રતિબંધ હટાવવામા આવે તો ભારતીય ખાદ્યનિગમની રજુઆત વ્યાજબી હોય અને અનાજ બગડવાનો પ્રશ્ન તેમજ ટ્રાન્સપોર્ટીંગનો પ્રશ્ન હલ થઈ શકે તેમ હોય આ પ્રતિબંધ હટાવવા અંગેના અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ છે.

તા.૦૨-૦૭-૨૦૧૫ ના રોજ યોજવામાં આવેલ જિલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિની બેઠકના ઉપરોકત જાહેરનામા મુદ્દા નં.-૫ મા વેરાવળ શહેરમા તાલાલા રોડ ઉપર આવેલ મોટી હવેલીથી ભીડીયા સર્કલ સુધીનો રસ્તો સવારના ૦૯-૦૦ થી ૧૩-૦૦ કલાક તથા સાંજના ૧૬-૦૦ થી ૨૧-૦૦ કલાક દરમ્યાન ભારે વાહનો પસાર થવા મૂકવા ધારેલ પ્રતિબંધની અમલવારી મોકુફ રાખવા ભારતીય ખાદ્ય નિગમ તથા અન્ય વ્યકિતઓ તરફથી થયેલ રજુઆત માન્ય રાખવા બેઠકમાં નક્કી કરવામા આવેલ છે અને તે સીવાય વેરાવળ શહેરમા ટ્રાફિકના નિયમન અંગેનુ આ કચેરી તરફથી તા. ૦૭-૦૨-૨૦૧૫ ના રોજ પ્રસિધ્ધ કરવામા આવેલ પ્રાથમિક જાહેરનામુ આખરી કરવા સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ છે.

વેરાવળ શહેરમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ઉપરોકત વિગતેની અમલવારી કરવાનુ સર્વાનુમતે ગીર સોમનાથ જિલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિની બેઠકમા નક્કી કરવામા આવેલ વિગતો ઉચીત જણાતી હોય, તેની અમલવારી અર્થે ઉપરોકત જાહેરનામુ આખરી કરવાનું અમને વ્યાજબી જણાય છે.

સબબ, હું, અજયકુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો-વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(ખ) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમા ટ્રાફિકના નિયમન માટે નીચે મુજબ કાયમી ધોરણે પ્રતિબંધ ફરમાવું છું.

(૧) વેરાવળ શહેરમાં વેરાવળ ગાંધી રોડ શાક માર્કેટથી પાટણ દરવાજા સુધી સવારના ૦૯-૦૦ થી ૧૪-૦૦ તથા ૧૭-૦૦ થી ૨૦-૦૦ કલાક સુધી એક માર્ગીય રસ્તો કરવો. જેમા ટ્રાફિક શાક માર્કેટથી પાટણ દરવાજા તરફ જઈ શકે, પરંતુ પાટણ દરવાજાથી શાક માર્કેટ સુધી ‘‘નો એન્ટ્રી’’ જાહેર કરૂં છું.

(૨) વેરાવળ શહેરમા સટ્ટાબજાર બેન્ક ચોકી ત્રણ રસ્તાથી ચાર ચોક સુધી (બપોરે ૧૩-૦૦ થી ૧૬-૦૦ સીવાય) ભારે વાહનો અને છકડો રીક્ષાની ‘‘નો એન્ટ્રી’’ તથા ટુ વ્હીલર વાહન માટે એકી તારીખે તથા બેકી તારીખે અનુક્રમે ઉતર તથા દક્ષિણ દિશામા ટુ વ્હીલર પાર્કિંગ માટે વ્યવસ્થા રખાવવી.

(૩) વેરાવળ શહેરમા સુભાષ રોડ, સ્વામીનારાયણ મંદિરથી ગાંધીરોડના રસ્તા સુધી કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ કલાક સુધી તમામ પ્રકારના વાહનોને પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) રામભરોસા ચોકથી ટાવરચોક સુધી રસ્તાની બન્ને સાઈડમાં સવારના ૦૯-૦૦ થી ૧૩-૦૦ કલાક સુધી તથા સાંજે ૧૭-૦૦ થી ૨૦-૦૦ સુધી તમામ પ્રકારના ટુ વ્હીલર, થ્રી વ્હીલર કે ફોર વ્હીલર તેમજ ભારે વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૫) વેરાવળ-જુનાગઢ રોડ ઉપર આવેલ દેવકા નદીના પુલથી વેરાવળ શહેર વિસ્તારમાથી પસાર થતા હાઈ-વે ઉપર સવારના ૦૯-૦૦ થી ૧૩-૦૦ કલાક તથા સાંજના ૧૬-૦૦ થી ૨૧-૦૦ કલાક દરમ્યાન ભારે વાહનો પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૬) વેરાવળ શહેરમા રાજેન્દ્રભુવન રોડ ઉપર નગરપાલિકાની કચેરીથી મામલતદાર કચેરી સુધી આ રસ્તાની બન્ને બાજુએ સરકારી દવાખાનુ, સ્કુલ, જ્યુડીશ્યલ કોર્ટ તથા સરકારી કચેરીઓ આવેલ હોય, આ વિસ્તારને સાઈલેન્સ ઝોન જાહેર કરૂં છું.

આ જાહેરનામુ તુર્તજ અમલમા આવશે. તેમા ફેરફાર કરવામા ન આવે કે રદ કરવામા ન આવે કે જાહેરનામાનો અમલ મોકુફ રાખવામા ન આવે ત્યાં સુધી તે અમલમા રહેશે તેમજ ઉપરોકત સ્થળો ઉપર જરૂરી સાઈન બોર્ડ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પરામર્શમા રહીને ચિફ ઓફીસરશ્રી, વેરાવળ-પાટણ સંયુકત નગરપાલીકા, વેરાવળએ લગાવવાના રહેશે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લાંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મા જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આ આખરી જાહેરનામું આજ તા. ૧૭ માહે જુલાઈ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર સોમનાથ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

અજયકુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં.ડી.એમ./વશી/૧૨૨૧/૨૦૧૫.-બોટાદ શહેરમાં આગામી તા. ૦૮-૦૭-૨૦૧૫ થી તા. ૧૧-૦૭-૨૦૧૫ દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એસ.એસ.સી./એચ.એસ.સી.ની પૂરક પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, એસ. કે. પંડયા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૮-૦૭-૨૦૧૫ થી તા. ૧૧-૦૭-૨૦૧૫ સુધી પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૧૦.૩૦ કલાકથી બપોરના ૧૪.૦૦ કલાક સુધી તેમજ બપોરના ૧૫.૦૦ કલાકથી બપોરના ૧૮.૩૦ કલાક સુધી નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ :

પરીક્ષા કેન્દ્રોની યાદી

ક્રમ	કેન્દ્રનું નામ	ગામ/શહેર
૧	શ્રી એમ.ડી.શાહ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૨	શ્રીમતિ પી.વી. દોશી વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૩	શ્રી આર.પી. કોરડીયા માધ્યમિક શાળા, સ્ટેશન રોડ, બોટાદ	બોટાદ
૪	શ્રીમતિ એલ.જે.શાહ ગર્લ્સ હાઈસ્કુલ, બોટાદ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૫	શ્રી સમાંતર સ્વાયત માધ્યમિક વિદ્યાલય, બોટાદ, વિવેકાનંદ શૈક્ષણિક સંકુલ, પાળીયાદ રોડ,	બોટાદ

સદરહું જાહેરનામાનો ઉલ્લંધન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૦૬ માહે જુલાઈ, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામુ પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૬ માહે જુલાઈ, સને ૨૦૧૫.

એસ. કે. પંડયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો, બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમડી/ડીસીએચ/૨૪૦૭/૨૦૧૫.-દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળીયા ખાતે તા. ૨૬-૦૭-૨૦૧૫ના રોજ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક અભિયોગ્યતા કસોટી (ટેટ-૨) પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તમામ પરીક્ષાના કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યકિતને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવા અંગે જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા કંટ્રોલિંગ એન્ડ કો-ઓર્ડીનેટર, ટેટ-૨ પરીક્ષા જુલાઈ-૨૦૧૫, દેવભૂમિ દ્વારકા ખંભાળીયા તરફથી દરખાસ્ત મળે છે. જે સૂચના અન્વયે હું, રાજેન્દ્ર વી. સરવૈયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિદ્વારકા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા. ૨૬-૦૭-૨૦૧૫ ના રોજ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૨૬-૦૭-૨૦૧૫ ના રોજ સવારના ૧૦-૦૦ થી ૩-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશનના ઈલેકટ્રોનીક સાધનો સાથે પ્રવેશ કરવો નહી.

પરિશિષ્ટ-૧

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક અભિયોગ્યતા કસોટી (ટેટ-૨) પરીક્ષા યોજવા માટે નિયત કરાયેલ પરીક્ષા કેન્દ્રોની યાદી	
ક્રમ	**પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ/સરનામું**
૧	એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ, યુનિટ-૧ તથા ૨ બંગલાવાડી, ખંભાળીયા
૨	આદર્શ વિદ્યાલય, પોરનાકા, ખંભાળીયા

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચે જણાવેલ કિસ્સામાં લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.
(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યક્તિને.
(૩) લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રાને.
(૫) પ્રમાણીત પરિક્ષાર્થીને.
(૬) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાળીયા અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ હુકમનો ભંગ કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૨૪ માહે જુલાઈ–૨૦૧૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું

દેવભૂમિ દ્વારકા, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૫.

રાજેન્દ્ર વી. સરવૈયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા,
મુ. ખંભાળીયા.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

સુધારા હુકમ

નં. એમએજી/સી/૨૬૬૫/૨૦૧૫.-આ કચેરીનાં સરખાં ક્રમાંકવાળા તા. ૧૪-૭-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં તા. ૨૨-૫-૨૦૧૫ થી તા. ૧૯-૯-૨૦૧૫ દર્શાવેલ છે તેને બદલે તા. ૨૨-૭-૨૦૧૫ થી ૧૯-૯-૨૦૧૫ સુધી વાંચવા પુરતો આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

આ કચેરીના મુળ તા. ૧૪-૦૭-૨૦૧૫ ના સરખા ક્રમાંકના જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશે.

આજ તારીખ : ૧૭-મી, જુલાઈ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૭૬૭/૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ એસઓજી/શોપીંગ મોલ/જાહેરનામું/૩૮૪/૧૫, તા. ૧૬-૦૭-૨૦૧૫ થી સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮-૧૦-૨૦૧૩થી મળેલ સુચના અન્વયે જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ પર સુરક્ષા જાળવવાના હેતુસર શોપીંગ મોલના એન્ટ્રી ગેટ પર, એકઝીટ ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, વાહનો તથા તેમાં આવતી વ્યકિતઓનું ચેકીંગ કરવા ખાનગી સીકયુરીટી ગોઠવવા વિ. મુદે વ્યવસ્થા કરવા સી.આર.પી.સી.-૧૯૭૩ની

કલમ-૧૪૪ તળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત રજુ થયેલ છે.

લોકોની સુરક્ષા જાળવવા માટે રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલના માલીકે,

(૧) શોપીંગ મોલની એન્ટ્રી ગેઈટ તથા એકઝીટ ગેઈટ અને મોલના પાછળના વિસ્તારમાં આવેલ દરેક ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫ દિવસ સુધી રાખવો.

(૨) મોલની અંદર દાખલ થતાં તમામ પ્રકારના વાહનો તથા વાહનોમાં બેઠેલ પ્રત્યેક વ્યક્તિનું સંપુર્ણપણે ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવી.

(૩) મોલમાં આવતાં તમામ પ્રકારના માલ-સામાન (ગુડસ)નું ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરી, પ્રતિબંધિત માલ સામગ્રી, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી, તેની તકેદારી રાખવી.

(૪) મોલના માલીકે પોતાના ખર્ચે જુનાગઢ જિલ્લાના સીકયુરીટી એજન્સી ચલાવવા માટે લાયસન્સ ધરાવતી હોય, તેવી અધિકૃત સીકયુરીટીના તાલીમબધ્ધ સીકયુરીટી ૨૪ કલાક (રાઉન્ડ ધ કલોક) રાખવા વ્યવસ્થા કરવાની રહેશે. મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નેફર ડોગ મારફતે ઉભી કરવાની પણ મોલના માલીકે કાયમી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૫) મોલની માલીકી બદલાય તે વખતે થયેલ ફેરફારની આધાર પુરાવા સહ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તથા સબંધિત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવાનું ધોરણ રાખવું.

આ હુકમ તા. ૨૪-૦૭-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૦ મી, માહે જુલાઈ, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૭૬૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/જા.નામુ/મકાન/૩૮૩/૨૦૧૫, તા. ૧૬-૦૭-૨૦૧૫ ના પત્રથી ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે, તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ઘણા ધાર્મિક સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત

ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામુ તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૨-૦૭-૨૦૧૫ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૦ માહે જુલાઈ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૩૮૧-૧૩૯૬/૨૦૧૫.-આગામી તા. ૨૬-૦૭-૨૦૧૫ રોજ બોટાદ શહેર ખાતે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત TET-2 ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, આર. એચ. ગઢવી, જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૨૬-૦૭-૨૦૧૫ના રોજ સવારના ૧૧.૦૦ કલાકથી બપોરના ૧૩.૦૦ કલાક દરમિયાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

TET-2 પરીક્ષા કેન્દ્રોની યાદી

ક્રમ	કેન્દ્રનું નામ	ગામ/શહેર
૧	શ્રી આર.પી. કોરડીયા માધ્યમિક શાળા, સ્ટેશન રોડ, પથિકાશ્રમ પાસે, બોટાદ	બોટાદ
૨	શ્રીમતિ એલ.જે. ગર્લ્સ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૩	સમાંતર સ્વાયત્ત માધ્યમિક વિદ્યાલય, વિવેકાનંદ શૈક્ષણિક સંકુલ, બોટાદ	બોટાદ
૪	આર.સી.એ. બોયઝ હાઈસ્કુલ, હવેલી પાછળ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૫	અક્ષર પુરૂષોતમ હાઈસ્કુલ, પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, જીવનધારા પાછળ, બોટાદ	બોટાદ
૬	સહજાનંદ ગુરૂકુળ હાઈસ્કુલ, ગઢડા રોડ, બોટાદ	બોટાદ

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૨૧-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ વાહનો માટેના રૂટમાં હંગામી ધોરણે ફેરફાર કરવા અંગેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/ટ્રાફીક ડાયવર્ટ જાહેરનામુ/૦૭/૨૦૧૫-વશી-૫૦૩૦ થી ૫૦૬૦.-આગામી તા. ૧૬-૦૭-૨૦૧૫ ના રોજ ગુજરાત રાજ્યનાં માન.મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ પધારનાર હોય અને તેઓ શ્રી ખમીસાણા હેલીપેડ ખાતે ઉતરાણ કરી એમ.પી.શાહ આર્ટ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર ખાતે પાણીની પાઈપ લાઈનના ખાત મુર્હત/તકતી અનાવરણ જેવા વિવિધ કાર્યક્રમમાં પધારનાર છે. માન.મુખ્યમંત્રીશ્રી ખમીસાણા હેલીપેડથી રોડ રસ્તે થી ઉપરોકત કાર્યક્રમમાં આવનાર હોય, જેથી સુરક્ષા વ્યવસ્થા બંદોબસ્ત દરમિયાન ટ્રાફીક નિયમન જળવાઈ રહે તે માટે સુરેન્દ્રનગર શહેર વિસ્તારમાં તા. ૧૬-૦૭-૨૦૧૫ ના રોજ સવારનાં ૦૬-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક સુધી નીચે જણાવેલ રૂટ મુજબ ટ્રાફિક પસાર કરવા/ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૪-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૫૪૫/૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે વ્યવસ્થાના હેતુ માટે તથા નીચે જણાવેલ રૂટ મુજબ ટ્રાફિક સરળતાથી પસાર થાય, ટ્રાફિકની કોઈ સમસ્યા ન સર્જાય, જાહેર જનતાની જાનમાલની સલામતી જાળવવા, અકસ્માત નિવારવા, રાહદારીનું નિયમન થઈ શકે અને તમામ પ્રકારના વાહનવ્યવહારને કોઈ મુશ્કેલી પડે નહી તે માટે નીચે જણાવેલ રૂટ મુજબના રસ્તેથી તમામ પ્રકારના વાહનવ્યવહારને પસાર કરવો મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર શહેર વિસ્તારમાં તા. ૧૬-૦૭-૨૦૧૫ ના રોજ સવારનાં ૦૬-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક સુધી તમામ પ્રકારના વાહનવ્યવહારને નીચે જણાવેલ રૂટ મુજબ પસાર થવા હંગામી ધોરણે ફેરફાર કરવા ફરમાવું છું.

(૧) મુળી રોડ તરફથી આવતી તમામ બસો જોરાવરનગર પોલીસ સ્ટેશન રોડ થી જોરાવરનગર રેલ્વે અંડરબ્રિજ થી જમણી તરફ લાતી પ્લોટમાં થઈ ગણપતી રેલ્વે ફાટક તરફથી દુધની ડેરી થઈ ઉપાસના સર્કલ થઈ એસ.ટી. બસ સ્ટેન્ડે પહોંચે તે રીતે. તેમજ મુળી-રાજકોટ તરફ જતી તમામ એસ.ટી. બસો એસ.ટી. સ્ટેન્ડ થી ઉપાસના સર્કલ થઈ દુધની ડેરી થઈ રેલ્વે ફાટક પાસેથી લાતી પ્લોટમાં થઈ જોરાવરનગર રેલ્વે અંડર બ્રિજ થઈ જોરાવરનગર પોલીસ સ્ટેશન રોડ તરફ જાય તે રીતે જશે.

(૨) ધ્રાંગધ્રા રોડ તરફ થી આવતી તમામ બસો ધ્રાંગધ્રા રોડ બહુચર રોડ થી ૮૦ ફુટ રોડ થઈ ભકિતનંદન સર્કલ થઈ ઉપાસના સર્કલ થઈ એસ.ટી.બસ સ્ટેન્ડે પહોચે તે રીતે તેમજ ધ્રાંગધ્રા તરફ જતી બસો ઉપાસના સર્કલ થઈ ભકિતનંદન સર્કલ થઈ ૮૦ ફુટ રોડ થઈ બહુચર હોટલ થઈ ધ્રાંગધ્રા રોડ તરફ જાય તે રીતે જશે.

(૩) અમદાવાદ, લીંબડી, વઢવાણ રોડ તરફથી આવતી જતી એસ.ટી બસો બસ સ્ટેન્ડ થી ઉપરોકત સી.નં. ૧ તથા ૨ માં જણાવ્યા મુજબના રૂટ ઉપર ડ્રાઈર્વજન થાય તે રીતે જશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો

દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૧૬-૦૭-૨૦૧૫ ના રોજ સવારનાં ૦૬-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજશ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૫૦૬૧ થી ૫૧૬૦.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ આગામી તા. ૧૮-૦૭-૨૦૧૫ ના રોજ રથયાત્રાના દિવસે મુસ્લીમ સમુદાયના રમજાન ઈદના તહેવારની ઉજવણી થાય તેવી શકયતા છે. હિન્દુ મુસ્લીમ તહેવાર એકજ દિવસે ઉજવનાર હોય તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૫૪૮/ ૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. : ૧૭-૦૭-૨૦૧૫ થી તારીખ : ૩૧-૦૭-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્ય કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી/લાઠી, કુંડીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો ધારણ કરવાની એકઠા કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરૂચિ નો ભંગ થાય અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/વશી-૫૧૬૧ થી ૫૨૬૦.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ આગામી તા. ૧૮-૦૭-૨૦૧૫ના રોજ રથયાત્રાના દિવસે મુસ્લીમ સમુદાયના રમજાન ઈદના તહેવારની ઉજવણી થાય તેવી શકયતા છે. હિન્દુ મુસ્લીમ તહેવાર એકજ દિવસે ઉજવનાર હોય તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૭-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૫૪૭/૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભાસરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. : ૧૭-૦૬-૨૦૧૫ થી તા. : ૩૦-૦૭-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪નું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/ભંગાર લે-વેચ જા.નામુ/૬/૨૦૧૫/વં-૫૩૨૪ થી ૫૪૨૩/૨૦૧૫.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલમાં ચોરીઓના ગુના અવાર-નવાર બનાવ બનતા હોય છે. જે બનાવોમાં ઘણા કિસ્સામાં ચોરી કરનાર ઈસમો ચોરેલી ચીજ વસ્તુઓ ભંગાર લે-વેચ કરતા વેપારીઓને સસ્તા ભાવે વેચી દેતા હોય છે અને પોલીસ તપાસ દરમ્યાન ભંગાર લે-વેચનો ધંધો કરતા વેપારીઓ સંપર્ક કરતા ભંગાર લે-વેચ કરતા વેપારીઓ પાસે ભંગાર વહેચવા આવેલ કે ખરીદ કરનારની કોઈ વિગત મળતી નથી કે તેઓ દ્વારા ભંગાર વહેચવા આવેલ કે ખરીદ કરવા આવેલનું કોઈ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી જેથી ચોરી કરનાર ગુનેગારોને સુધી પોલીસ સહેલાયથી પહોચી શકતી નથી જેથી આવા ભંગાર લે-વેચ કરતા વેપારીઓએ ભંગાર વેચવા આવનાર તેમજ ખરીદ કરવા આવનાર વ્યકતીના નામ સરનામા તથા આઈ.ડી. પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતુ રજીસ્ટર રાખવુ જરૂરી છે. જેથી પોલીસ વિભાગને જરૂર પડે ત્યારે સંપુર્ણ વિગત મળી રહે અને આરોપી સુધી સહેલાયથી પહોચી શકાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૫-૨૦૧૫ ના પત્રક્રમાંકઃ એલઆઈબી/જા.પ્ર./૩૭૯/૧૫ થી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાય રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું ફરમાવવુ મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચેના કોલમ મુજબનુ રજીસ્ટર નિભાવવા હુકમ કરૂ છુ.

રજીસ્ટરમાં નીચે જણાવેલ કોલમ મુજબની માહિતી રાખવી

અ.નં.	તારીખ	ભંગારનો પ્રકાર/વર્ણન તથા અન્ય વિગત	ભંગાર જેની પાસેથી ખરીદેલ હોય તેનું નામ, સરનામુ, એક આઇ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો	ભંગાર જેને વેચેલ હોય તેનુ નામ, સરનામુ, એક આઇ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારોમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને, પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪નું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/પરપ્રાંતિય મજુરો જા.નામુ/૦૬/૨૦૧૫-વશી-૫૪૨૪ થી ૫૫૨૩.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલના સંજોગોમાં શહેર વિસ્તાર તેમજ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં નવા બંધાતા ટાઉનશિપો, મકાનોમાં, ઔદ્યોગીક કંપનીઓમાં, ટેલીફોન કંપનીઓ દ્વારા કામકાજમાં તથા ગેસ લાઈન, ઓઈલ લાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરી કામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, ફેક્ટરીઓમાં તથા ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજુર કે ભાગીયા તરીકે કામ કરતા મજુરો વધારે ભાગે પર પ્રાંતિય હોય છે. જેઓ મજુરીના બહાના હેઠળ વિસ્તાર અંગે માહિતગાર થઈ ચોરી, સૂંટ, ધાડ, વિગેરે મિલ્કત સંબધી ગુનાઓ કરી પોતાના વતન ચાલી જતા હોય છે. આવા ગુનાની તપાસમાં તપાસ કરનાર પોલીસને જેને ત્યા મજુર કે કર્મચારી તરીકે કામ કરતા હોય તેની માહિતી મળી શકતી નથી જેથી પોલીસને ગુનેગારને પકડવામાં ઘણી મુશ્કેલી પડે છે. તેમજ આતંકવાદી સંગઠનો આવા મજુરોનો સંપર્ક કરી વાયટલ ઈન્સ્ટોલેશન તથા ભીડભાડવાળા વિસ્તારોને સહેલાઈથી સર્વે કરાવી શકે છે. તેમજ આવા પરપ્રાંતિય મજુરો ફેકટરી કે કારખાનામાં કામ કરતા હોય તેવી જગ્યાએ મજુરોના યુનિયનના બહાના હેઠળ ઘણા નકસલ વાદી સંગઠનો તેઓની પ્રવૃતિઓને વેગ આપતા હોય છે. જેથી આવા પ્રાતિય મજુરો જેના ત્યા કામ કરતા હોય તેવા માલીકો ખેડુતો કે પેઢીના મેનેજરોએ તેમજ જેના કોન્ટ્રાકટમાં કામ કરતા હોય તેવા કોન્ટ્રાકટરોએ આવા પરપ્રાંતિય મજુરોની સંપુર્ણ હકિકતો, તાજેરતનો ફોટો, આઈ.ડી.પ્રુફ સાથેની નીયત ફોર્મ મુજબની સંબધીત પોલીસ સ્ટેશનમાં પહોચાડવી જોઈએ તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૩-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જા.પ્ર./૨૨૬/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નુ જાહેરનામું ફરમાવવુ મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચેના કોલમ મુજબનુ મજુરોની વિગતવાર માહિતી દર્શાવતુ પત્રક નિભાવવા હુકમ કરૂ છુ.

મજુરો અંગે વિગતવારની માહિતી દર્શાવતુ પત્રક

૧	લેબર કોન્ટ્રાકટર/જે ને ત્યાં મજુરી કરૂ છે તેનુ પુરૂ નામ, સરનામુ, મો.નં. સહિત.	
૨	મજુરનું નામ તથા ઉ.વ. ફોટા સાથે	

૩	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	
૪	મજુરનું મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જિલ્લો	
૫	હાલનું મજુરીનું સ્થળ/કંપની નામ, સરનામું	
૬	મજુરનુ વતનનું સ્થાનીક પો.સ્ટે.નું નામ તથા ટોલીફોન નંબર	
૭	મજુરના વતનનાં આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર	
૮	કયારથી મજુરી કામ માટે રાખેલ છે.	
૯.	મજુર કઈ તારીખે કયાંથી આ વિસ્તારમાં આવેલ છે.	
૧૦	આ વિસ્તારમાં મજદુરના નજીકના સંબધી કોઈ હોય તો તેનુ નામ, સરનામું	
૧૧	મજુરનુ ઓળખ માટેનું	

મજુરના અંગુઠાનું નિશાન	મજુરનો તાજેતરનો ફોટો અહી લગાવો

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી

(પુરા નામ સાથે)

મજુરની સહિ ....

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈપણ ઈસમ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪નું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/જુના મોબાઈલ લે-વેચ જા.નામુ/૨૦૧૫-વશી-૫૫૨૦ થી ૫૬૨૩.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલના સંજોગોમાં જોરાવરનગર, વઢવાણ, ધ્રાંગધ્રા, લીંબડી, ચોટીલા, થાનગઢ, પાટડી વગેરે શહેરોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ધાડ, લુટ, અપહરણ, ધાક-ધમકી, ખડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃતિ વગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બીભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુનો કરવાના ઈરાદે જુના મોબાઈલ ખરીદી કરી ગુનાઓ આચરવામાં આવે છે.

આવા ગુનાઓની પોલીસ તપાસ દરમ્યાન આવા નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે ત્યારે આવા જુના મોબાઈલની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માસણ પાસેથી ખરીદેલાનું અથવા તો અજાણ્યા માણસોને વેચેલાનુ જાણવા મળે છે અને મુળ આરોપી સુધી પહોચી શકાતુ નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેલાનુ જણાવે છે અને મોબાઈલ દુકાનદારે ખરીદી કરતી વખતે મોબાઈલ ફોન વેચવા આવનારની કોઈ માહિતી મળતી નથી. જેથી આવા જુના મોબાઈલ ફોન ખરીદનાર તથા વેચનાર વેપારીઓએ જુના મોબાઈલ ખરીદનાર વ્યકિતની સંપુર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈનસ્ટ્રુમેન્ટની સંપૂર્ણ માહિતીનું રજીસ્ટાર નિભાવવું ખુબજ જરૂરી છે તેમજ ગુનો કરનાર આરોપી સુધી સહેલાઈથી પહોચી શકાય તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૫-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ એલ.આઈ.બી./જા.પ્ર./૩૮૦/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામું ફરમાવવું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચેના કોલમ મુજબનું રજીસ્ટર નિભાવવા હુકમ કરૂ છુ.

રજીસ્ટરમાં નીચે જણાવેલ કોલમ મુજબની માહિતી રાખવી -

(૧) જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	આ મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	મોબાઈલ વેચનારનું નામ, સરનામા તથા કોન્ટેક નંબરની વિગત	ID પ્રુફની વિગત	મોબાઈલ વેચનારનો તાજેતરનો ફોટો

(૨) જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	આ મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	મોબાઈલ વેચનારનું નામ, સરનામા તથા કોન્ટેક નંબરની વિગત	ID પ્રુફની વિગત	મોબાઈલ વેચનારનો તાજેતરનો ફોટો

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને, પોલીસે લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નં. સકક/ગ-૩/૪૫૬/૨૦૧૧, તા. ૨૮-૦૬-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની તથા કલમ ૨૦(૧)ની જોગવાઈ.

(૩) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં. જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.

(૪) સહકારી અધિકારી (ફડચા) કચેરીની તા. ૧૩-૦૭-૧૫ ની દરખાસ્ત.

હુકમ

(૧) જાવક નં. : ફડચ/ગ-૩/૭૨૩/૨૦૧૫.-શ્રી ગુરૂકૃપા મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. અમરેલી, તાલુકોઃ અમરેલી, જિલ્લોઃ અમરેલીને વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

(૨) સદરહું મંડળીનો નોંધણી નંબરઃ ૧૦૧૫, સને : ૧૯૮૨ થી નોંધાયેલ છે.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી ગુરૂકૃપા મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. અમરેલી, તાલુકોઃ અમરેલી, જિલ્લોઃ અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૨૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નં. સકક/ગ-૩/૧૦૮ થી ૧૧૪/૨૦૧૫, તા. ૦૮-૦૧-૨૦૧૫.
(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની તથા કલમ ૨૦(૧)ની જોગવાઈ.
(૩) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં.જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.
(૪) સહકારી અધિકારી (ફડચા) કચેરીની તા. ૧૮-૦૬-૧૫ ની દરખાસ્ત.

હુકમ

(૧) જાવક નં. : ફડચ/ગ-૩/૭૧૫/૨૦૧૫.-શ્રી રામદુત દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઠાંસા, તાલુકોઃ લાઠી, જિલ્લોઃ અમરેલીને વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

(૨) સદરહું મંડળીનો નોંધણી નંબરઃ ૩૫૬૦૧, સને : ૨૦૦૫ થી નોંધાયેલ છે.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી રામદુત દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઠાંસા, તાલુકોઃ લાઠી, જિલ્લોઃ અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૨૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નં. સકક/ગ-૩/૧૩૩ થી ૧૪૧/૨૦૧૫, તા. ૨૦-૦૧-૨૦૧૫.
(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની તથા કલમ ૨૦(૧)ની જોગવાઈ.
(૩) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં.જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.
(૪) સહકારી અધિકારી (ફડચા) કચેરીની તા. ૧૩-૦૭-૧૫ ની દરખાસ્ત.

હુકમ

(૧) જાવક નં. : ફડચ/ગ-૩/૭૩૦/૨૦૧૫.-શ્રી દોલતી તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દોલતી, તાલુકોઃ સાવરકુંડલા, જિલ્લોઃ અમરેલીને વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

(૨) સદરહું મંડળીનો નોંધણી નંબરઃ ૧૯૦૩૩, સને : ૧૯૯૧ થી નોંધાયેલ છે.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી દોલતી તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દોલતી, તાલુકોઃ સાવરકુંડલા, જિલ્લોઃ અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૨૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

(સહી) **અવાચ્ય,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૪૭/૨૪૨૫/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી દોલતપર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દોલતપર, તાલુકો : લખપત, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૨૯૯૦, તા. ૧૦-૦૭-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૧૦/૧૬ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૪૧/૨૪૨૦/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી જવાહરનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જવાહરનગર, તાલુકો : ભુજ, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૨૯૯૧, તા. ૧૦-૦૭-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૧૦/૧૬ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૩૫/૨૪૧૭/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી મસ્કા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. મસ્કા, તાલુકો :

માંડવી, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ "સે"(દુ) ૪૨૯૮૯, તા. ૦૭-૦૭-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૭/૧૬ માહે જુલાઈ, સને ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૫૧૨/૫૫૮૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કલ્યાણ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., સ્થળ : સિહોર, તાલુકો : સિહોર, જિલ્લો : ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે. ૪૪૪૪૨/૨૦૧૫, તા. ૨૨-૦૭-૨૦૧૫.

ભાવનગર, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૫૦૩/૫૫૦૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી લંગાળા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ: લંગાળા, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર/સે.દૂ. ૪૪૪૪૧/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

ભાવનગર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૪૮૫/૫૫૦૪/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પીપરડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ: પીપરડી, તાલુકો : સિહોર, જિલ્લો: ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર/સે.દૂ. ૪૪૪૩૯/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

ભાવનગર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૪૯૪/૫૫૦૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કાળેલા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ: કાળેલા, તાલુકો : મહુવા, જિલ્લો: ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર/સે.દૂ. ૪૪૪૪૦/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

ભાવનગર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૪૭૬/૫૫૦૫/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કરદેજ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ: કરદેજ, તાલુકો : ભાવનગર, જિલ્લો: ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર/સે.દૂ. ૪૪૪૩૮/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

ભાવનગર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૪૬૭/૫૫૦૬/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી અખેગઢ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ: અખેગઢ, તાલુકો : મહુવા, જિલ્લો: ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર/સે.દૂ. ૪૪૪૩૭/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

ભાવનગર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૪૫૮/૫૫૦૭/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કરજાળા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળઃ કરજાળા, તાલુકો : ભાવનગર, જિલ્લોઃ ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર/સે.દૂ. ૪૪૪૩૬/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

ભાવનગર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં અંતીમ હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૩૬૫/૨૦૧૫, તા. ૨૬-૦૫-૨૦૧૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૪) ઉકત વચગાળા આદેશ અન્વયે મંડળી તરફથી તા. : ૨૫-૦૬-૨૦૧૫ થી અત્રેને મળેલ રજુઆત.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૮૧/ખ-૪/૫૪૯/૫૫૦૮/૨૦૧૫.-હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી દેવલી ગ્રુપ માલધારી ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુઃ દેવલી, તાઃ તળાજા, જિ. ભાવનગરનો નોંધણી નં.: ૫૦૦૭, તા. ૧૩-૦૫-૨૦૦૧ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેંક લી., ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ નાં જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ. તા. ૨૧-૦૭-૨૦૧૧ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીનાં અંતીમ હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૩૨૬/૨૦૧૫, તા. ૧૫-૦૫-૨૦૧૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૪) અત્રેની તા. ૧૫-૦૫-૨૦૧૫ ના વચગાળા આદેશ અન્વયે મંડળી તરફથી તા. : ૧૦-૦૬-૨૦૧૫ નાં પત્રથી કરવામાં આવેલ લેખીતમાં રજુઆત.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૮૨/ખ-૪/૫૫૦/૫૫૦૯/૨૦૧૫.-હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી કળસાર સેવા સહકારી મંડળી લી., મુઃ કળસાર, તાઃ મહુવા, જિ. ભાવનગર કે જેનો નોંધણી નં.: ૧૨૬૧૬, તા. ૧૨-૦૨-૧૯૭૫ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપું છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેંક લી., ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ડૉ. એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (જિલ્લા પંચાયત) દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ-૧/નધણ/૧૩/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા, આથી જાહેર કરે છે શ્રી સહયોગ ગોપાલક વિવિધ કાર્યલક્ષી સહકારી મંડળી લી., મુ. : ગઢકા, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભૂમિ દ્વારકા, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંક : નધણ/ડીબીડી/સે. ૪૪૩૫૮/સને ૨૦૧૫.

દેવભૂમિ દ્વારકા, ૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ-૧/નધણ/૧૨/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, દેવભૂમિ, દ્વારકા, આથી જાહેર કરે છે શ્રી બાણેશ્વર ગોપાલક સહકારી મંડળી લી., મુ. : ગાગા, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભૂમિ દ્વારકા, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંક : નધણ/ડીબીડી/સે. ૪૪૩૬૦/સને ૨૦૧૫.

દેવભૂમિ દ્વારકા, ૩ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ-૧/નધણ/૧૫૪/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, દેવભૂમિ, દ્વારકા, આથી જાહેર કરે છે શ્રી સહયોગ ગોપાલક સહકારી મંડળી લી., મુ. : ધંધુસર, તાલુકો : ખંભાલીયા, જિલ્લો : દેવભૂમિ દ્વારકા, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંક : નધણ/ડીબીડી/સે. ૪૪૩૪૫/સને ૨૦૧૫.

દેવભૂમિ દ્વારકા, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ-૧/નધણ/૧૫૫/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, દેવભૂમિ, દ્વારકા, આથી જાહેર કરે છે શ્રી લક્ષ્મી ગોપાલક સહકારી મંડળી લી., મુ. : સોનારડી, તાલુકો : ખંભાલીયા, જિલ્લો : દેવભૂમિ દ્વારકા સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંક : નધણ/ડીબીડી/સે. ૪૪૩૫૭/સને ૨૦૧૫.

દેવભૂમિ દ્વારકા, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ડી. જે. મજીઠીયા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૫૦૪ થી ૫૦૮/૨૦૧૫થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી હરીકૃષ્ણ કૃષિ ઉત્પાદન અને વેચાણ સહકારી મંડળી લી., સ્થળ : રામગઢ, તાલુકો : ધ્રાંગધ્રા, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/સે/૪૧૭૭૮/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૧૦ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૪૯૪ થી ૪૯૮/૨૦૧૫થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી કેશરીયા બ્રાંચ માઈનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., સ્થળ : કેશરીયા, તાલુકો : લખતર, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/ખે/૧૦૨૫૮/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૧૦ માહે જુન, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૪૯૪થી ૪૯૮/૨૦૧૫થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી જય સોમનાથ સિંચાઈ સહકારી મંડળી લી., સ્થળ : વસ્તડી, તાલુકો : વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/ખે/૧૦૨૫૯/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૧૦ માહે જુન, સને ૨૦૧૫.

બી. એન. દવે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN
A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 13th AUGUST, 2015/SRAVANA 22, 1937 No. 33

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	881-904	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1329-1368
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Prinicipal District Judge

Read : *Hon'ble High Court letter No. A-2405/2013, date: 29-07-15*

NOTIFICATION

No. B-4/9960/2015.-In pursuance to the direction issued by Hon'ble High Court vide letter cited in the preamble, the undersigned is pleased to directed. The 8th Additional District Judge, Bhavnagar is directed to hold his sitting at Mahuva for disposal of Civil and Criminal Cases arising from Mahuva Revenue Sub Division comprising of Mahuva and Talaja Talukas.

Such sitting shall be continued as per the district court Notification No. 408/2015 dated 12-05-2015, such sitting shall be for 29 days in each month, commencing from 1st of each month.

So far as the month of February is concerned the sittings at Mahuva, if the month of February is of 28 days, the period shall commence from 1st Feb to 27th February, and if the month of February is of 29 days, the period shall commence from 1st February to 28th February.

Bhavnagar, 29th July, 2015.

Read : (01) *Legal Department Resolution No. CCA/102014/1113/D (Part-5), Dated: 27th April, 2015.*

(02) *Legal Department Notification No. GK/20/2015/CCA/102014/113-D (Part-5) dated: 29th July, 2015.*

(03) *Hon'ble High Court Notification No. A-1201/2015 (75) dated 29th July, 2015.*

NOTIFICATION

No. BHU/9962/2015.-Consequent upon the notifications referred above, issued by the Legal Department, it is notified for general information to all concerned, that on account of establishment of full time Court of the Additional District Court at Mahuva in the District Bhavnagar the address of the Court is as under; with effect from 01-08-2015.

Name of the Court	:	Additional District Court, Mahuva
Address	:	Additional District Court Building, Opp. Gandhi Baug, Mahuva District : Bhavnagar.
Phone No.	:	02844-225256 (Office)
Fax No.	:	02844-225256

Bhavnagar, 1st August, 2015.

R. K. Desai,
Principal District Judge,
Bhavnagar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૩૦૭/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારોની ઉજવણી થનાર હોય, પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૧૭-૦૭-૨૦૧૫ના રોજ કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૩૧-૦૭-૨૦૧૫ થી

તા. ૨૮-૦૮-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૩૦-૦૭-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

નં. : ડી.એમ.-૧/પત્થર-ઈંટ/ઈ.નં. ૨૮૪૩૯/૨૦૧૫.- આગામી તા. ૧૮-૦૭-૨૦૧૫ના રોજ અષાઢી બીજ નિમિતે ભાવનગર શહેરમાં ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા નિકળનાર છે. જે સમગ્ર ભાવનગર શહેરમાંથી પસાર થાય છે અને તેમાં ખુબજ મોટા પ્રમાણમાં ધર્મપ્રેમી જનતા જોડાય છે તથા પવિત્ર રમજાન માસ ચાલુ છે અને આ દિવસોમાં ઈદનો તહેવાર પણ છે.

ભાવનગર જિલ્લામાં અલગ અલગ જ્ઞાતિઓના માણસો વસવાટ કરે છે અને જયારે તેઓ વચ્ચે જ્ઞાતિ વિગ્રહ થવા પામે છે ત્યારે વિગ્રહનો લાભ લઈ અમુક ગુન્હાહીત માનસ ધરાવતા અસામાજિક તત્વો પાતાના રહેણાંકના મકાનમાં ખાસ કરીને અગાસીમાં પત્થર, ઈંટ, બોથડ પદાર્થ, સોડાબોટલ વિગેરેનો જથ્થો અગાઉથી બદઈરાદાપુર્વક રાખે છે અને આ જથ્થાનો વિગ્રહ સમયે દુરૂપયોગ કરી જાહેર જનતા, મિલ્કત તથા સુરક્ષા બંદોબસ્તમાં રહેલ પોલીસ, એસઆરપી, હોમગાર્ડ વિગેરે ફોર્સના અધિકારી/ કર્મચારીઓને ટાર્ગેટ બનાવી તેના ઉપર હુમલો કરી ખુબજ ગંભીર ઈજાઓ પહોંચાડતા હોય છે અને જાહેર મિલ્કતને પણ મોટા પ્રમાણમાં નુકશાન પહોંચાડતા હોય છે.

તાજેતરમાં ભાવનગર શહેરના સાંઢીયાવાડ વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન પોલીસ સ્ટાફ સાથે સ્થાનિક રહીશોનો ઝઘડો થતા અમુક ગુન્હાહીત માનસ ધરાવતા અસામાજિક તત્વોએ પોતાના રહેણાંકના મકાનમાં ખાસ કરીને અગાસી પરથી પોલીસ સ્ટાફ પર પથ્થરમારાનો બનાવ બનેલ છે. આમ રહેણાંકના મકાન કે અન્ય કોઈ ઈમારતની અગાસી પર પત્થર, ઈંટ, બોથડ પદાર્થ, સોડા બોટલનો જથ્થો રાખવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

સબબ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે મને મળેલ અધિકારની રૂઈએ હું બંછાનિધિ પાની, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ભાવનગર શહેરમાં રહેણાંકના મકાન કે અન્ય કોઈ ઈમારતની અગાસી કે ધાબા પર પત્થર, ઈંટ, બોથડ પદાર્થ, સોડા બોટલનો જથ્થો રાખવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૧૫-૦૭-૨૦૧૫ થી તા. ૨૦-૦૭-૨૦૧૫ સુધી (બંને દિવસો સાથે) દિવસ-૬ માટે અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ ૬ માસ સુધીની સાદી કેદ અથવા ૧૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

‘‘જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ પોલીસ સબ ઈન્સ્પેકટર (PSI) તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.’’

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને, શેરી મહોલ્લામાં માઈકથી જાહેરાત કરી તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૭-૦૭-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામુ

નં. : ડી.એમ.-૧/જાહેરનામું/ઈ.નં. ૧૭૪૧૧/૨૦૧૫.- પાલીતાણા શહેર જૈન ધર્મનું પવિત્ર સ્થળ છે અને મોટા પ્રમાણમાં યાત્રાળુઓનો ધસારો રહેતો હોય પાલીતાણા શહેરની મુખ્ય બજારો સાંકડી છે અને પાલીતાણાની વસ્તી પણ વધારે હોય જેને કારણે ટ્રાફીકમાં પણ ખુબ જ મોટા પ્રમાણમાં વધારો થયેલ હોય અને પાલીતાણાની રાજાશાહી સમયની બજારો સાંકડી પડે છે. જેથી તેના પર યોગ્ય રીતે ટ્રાફીક સમસ્યાનો હલ આવે તે માટે પાલીતાણા શહેર વિસ્તારમાં ટ્રાફિકનું નિયમન કરવાની જરૂર જણાય છે. સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) તથા કલમ-૩૩(૧)(સી) નીચે મને મળેલ અધિકારની રૂઈએ હું, બંછાનિધિ પાની, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર નીચેની વિગતે પ્રવેશબંધી તથા પાર્કીંગની વ્યવસ્થા જાહેર કરૂ છું.

(૧) પાલીતાણા શહેરના ભૈરવનાથ ચોકથી માડંવી ચોક સુધી દરરોજ ૮-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક સુધી તથા ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ‘‘ભારે વાહન પ્રવેશ બંધી’’ ફરમાવું છું.

(૨) પાલીતાણા શહેરના રસ્તાઓ (૧) બજરંગદાસ પોલીસ ચોકી થી આંબેડકર ચોક (૨) ભૈરવનાથ ચોકથી માંડવી ચોક (૩) માંડવી ચોકથી છેલ્લા ચકલા (સી.પી.આઈ ઓફીસ) (૪) છેલ્લા ચકલાથી ફુવારા સુધી (૫) ફુવારાથી તળેટી સુધી (૬) ભૈરવનાથ ચોકથી પરીમલ પુલ પાસે થઈ માનસીંહજી હોસ્પીટલ સુધી એકી તારીખે (એટલે કે તા. ૧,૩,૫....) રસ્તાની ડાબી બાજુએ અને બેકી તારીખે (એટલે કે ૨, ૪, ૬....) રસ્તાની જમણી બાજુ વાહન પાર્ક કરવાના રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલસિ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

‘‘જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને અધિકાર રહેશે.’’

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૩૧-૦૭-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૩૦૦૮૭/૨૦૧૫.-ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું **બંછાનિધિ પાની, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર** નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખપત્ર અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

અ.નં.	મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૧) મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ અંગેના રજિસ્ટર/રેકર્ડ સાચવવાની મુદત ૧ વર્ષની રહેશે.

(૨) કોમ્પ્યુટરાઈઝ રજિસ્ટર નિભાવી શકાશે પરતું તેનું નિયમિત બેકઅપ લેવાનું રહેશે.

(૩) મોબાઈલ-સીમકાર્ડની લે-વેચ થયેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા તથા આઈ.ડી. પ્રુફ લે-વેચ સમયે જ મેળવવાના રહેશે અને તેની અલાયદી ફાઈલ રાખવી જે ચેકીંગ સમયે બતાવવાની રહેશે અને મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ કર્યાની તારીખથી દિન-૧૫માં રજિસ્ટરમાં સંપૂર્ણ નોંધ કરી અદ્યતન રાખવાનું રહેશે.

(૪) શોપીંગ મોલમાં મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે.

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની
૧	૨	૩	૪	૫	૬

(3) મકાન તથા ઓધોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસ તંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે?	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું.
૧	૨	૩	૪	૫	૬

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

નં.	ગેસ્ટનું નામ, સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

INDEX

(૧) સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

(૫) પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત :-

ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અન આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો માટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના પેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા હોવા જરૂરી જણાતા હોય, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમશીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરાઓ લગાવવાના રહેશે.

સદરહું જાહેરનામું તા. ૩૦-૦૭-૨૦૧૫ થી ૨૭-૦૯-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ અગેનું રેકર્ડ/માહિતી પોલીસ અધીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી દ્વારા સુચના મળયે રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૨૮-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૧૫.

બંછાનિધિ પાની,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

INDEX

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૬૭૧૦ થી ૬૭૬૦/૨૦૧૫.-(૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે.ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૮-૦૭-૧૫ થી તા. ૦૧-૦૮-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,
(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઇને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૧૮-૦૭-૨૦૧૫ થી તા. ૦૧-૦૮-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૧૬ મી માહે જુલાઈ–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૬ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૨૯૦૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ સીબી-૨/બી/૧૨૦૭/૨૦૧૫, તા. ૨૯-૦૭-૨૦૧૫ થી ગતિશીલ ગુજરાત (ફેઝ-૩) અંતર્ગત મહીલાઓને રાઈફલની તાલીમ તથા ૦.૨૨ રાઈફલનું ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે આગામી તા. ૦૧-૦૮-૨૦૧૫ થી તા. ૦૫-૦૮-૨૦૧૫ સુધીની મુદત માટે (બન્ને દિવસો સહિત) જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **તા. ૦૧-૦૮-૨૦૧૫ થી તા. ૦૫-૦૮-૨૦૧૫ ના દિન-૦૫ માટે સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.**

આજ તા. ૨૯, માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૯ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ

INDEX

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)બી અન્વયે

જાહેરનામું

ક્રમાંકઃ એમએજી/સી/૨૬૮૫/૨૦૧૫.-ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રી અનંદીબેન પટેલ દ્વારા ''ગતિશીલ ગુજરાત'' (ફેઝ-૩)ની જાહેરાત તા. ૦૧-૦૪-૨૦૧૫ થી કરવામા આવેલ છે. જે અંતર્ગત ગુજરાત પોલીસ દ્વારા સમગ્ર રાજયમા જિલ્લા/શહેરના પોલીસ મુખ્ય મથકોએ સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે મહિલા સશકિતકરણના ભાગ રૂપે મહિલાઓને ૦.૨૨ રાયફલ શુટીંગની તાલીમ આપવાનુ આયોજન કરવામા આવેલ છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામા મહિલાઓ ભાગ લઈ રાયફલની પ્રાથમીક જાણકારી મેળવે તથા ૦.૨૨ રાયફલથી શુટીંગ કરે તે પ્રકારનું આયોજન જિલ્લા/શહેરના પોલીસ મુખ્ય મથકે ગોઠવવા માટેની સુચના થઈ આવેલ હોય, જે અનુસંધાને આ જિલ્લામા પણ મહિલાઓ માટે ૦.૨૨ રાયફલ શુટીંગનું નીચે જણાવેલ તારીખે અને સ્થળે આયોજન કરવામા આવેલ છે. જેમા ૫૦૦ મહિલાઓને ૦.૨૨ રાઈફલ શુટીંગની તાલીમ આપવા અંગેનુ આયોજન તા. ૦૧-૦૮-૨૦૧૫ અને ૦૨-૦૮-૨૦૧૫ ના રોજ વેરાવળ ખાતે ઝાલેશ્વર મંદિરના પાછળના ભાગે, ખુલ્લામાં હંગામી ફાઈરીંગ બટ બનાવવાનુ આયોજન કરેલ છે.

ઉપરોકત ફાયરીંગ રેંજ(બટ) વિસ્તારમા કોઈ અનિચ્છનિય બનાવ બનવા ન પામે તે માટે નીચે જણાવેલ તારીખ દરમ્યાન નીચે જણાવેલ ફાયરીંગ રેંજ(બટ) ના આજુબાજુના ૧(એક) કિ.મી. વિસ્તારમા રાહદારીઓને તેમજ વાહનોને પ્રવેશબંધી ફરમાવતુ જાહેરનામું સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (બી) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામુ/ફાઈરીંગ/૪૦૬૨/૧૫, તા. ૨૭-૦૭-૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે.

ફાયરીંગની તારીખ :- ૦૧-૦૮-૨૦૧૫ થી તા. ૦૨-૦૮-૨૦૧૫

ફાયરીંગનું સ્થળ : ઝાલેશ્વર રામાપીર મંદિરના પાછળના ભાગે, ખુલ્લા વિસ્તારમાં, વેરાવળ

ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત તારીખે અને સ્થળે આજુબાજુના ૧(એક) કિ.મી. વિસ્તારમા રાહદારીઓને તેમજ વાહનોને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર આઈ.પી.સી. કલમ-૧૮૮ હેઠળ કોગ્નીઝેબલ અને સજાપાત્ર ગુન્હાને પાત્ર બને છે.

આજ તા. ૨૯ માહે જુલાઈ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર સોમનાથ, ૨૯ માહે જુલાઈ, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં. ડીએમ-૧/ઉર્ષ જા.નં./ઈ.ન. ૨૯૬૮૦/૨૦૧૫.-ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ખરકડી ગામે બાલમશા પીરની દરગાહ ખાતે દર વર્ષે રમઝાન ઈદ પછી ઉર્ષનો મેળો ભરાય છે. આ વર્ષે પણ તા.: ૨૬-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૭-૨૦૧૫ સુધી ખરકડી મુકામે ઉર્ષ ઉજવવામાં આવનાર છે, જેમાં આજુબાજુના ગામડાઓ તેમજ બીજા જિલ્લાઓમાંથી પણ હિન્દુ/મુસ્લીમ સમાજના માણસો મોટા પ્રમાણમાં એકઠા થનાર છે. આ ઉર્ષના દિવસો દરમ્યાન ઢોરોની કતલ થતી હોવાથી લોકોની ધાર્મીક લાગણી દુભાવાથી કોમી રમખાણો સર્જાવાની સ્થિતી ઉભી થવાનાં કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવી મુશ્કેલ થતાં લોકોના જાનમાલની સલામતી જોખમાય તેવી શક્યતા રહે છે.

સબબ, આથી હું, એમ. એ. ચૌહાણ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ–૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ઘોઘા તાલુકાના ખરકડી ગામ અને તેની આજુબાજુના ૮ કી.મી. વિસ્તારમાં તા. ૨૬-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૭-૨૦૧૫, દિવસ–૩ સુધી કોઈએ જાહેર કે ખાનગી માલીકીની જગ્યામાં પશુની કતલ કરવી નહીં. તેમજ રસ્તા પરથી પસાર થતા લોકોને ધૃણા ઉત્પન્ન થાય, કંટાળો આવે તેવી રીતે કોઈપણ જાનવરનું મડદું, ચામડુ સાફ કરવું નહીં.

સદરહું હુકમનો ચુસ્તપણે અમલ કરવો અને કોઈપણ દ્વારા આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ–૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ ઉપરના કોઈપણ અધિકારીશ્રી અધિકૃત રહેશે.''

આજ તા. ૨૪-૦૭-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૧.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૪૭૧ થી ૮૫/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે મહિલા સશકિતકરણના ભાગરૂપે મહિલાઓને ૦.૨૨ રાઈફલ શુટીંગની તાલીમ આપવાનું આયોજન મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી દરમ્યાન તા. ૦૧-૦૮-૨૦૧૫ થી તા. ૦૨-૦૮-૨૦૧૫ ના દિવસો દરમ્યાન મહિલાઓને રાઈફલ શુટીંગ કરાવવાનું હોય અને બોટાદ જિલ્લામાં કોઈ સરકારી કે ખાનગી માલિકીની રાઈફલ શુટીંગ/ફાયરીંગ બર્ટ/રેન્જ ઉપલબ્ધ ન હોવાથી બોટાદ ખાતે ખસ રોડ પર આવેલા બોટાદ જિલ્લા પોલીસ હસ્તકના સ.નં. ૮૮૯ પૈકી ૧ માં પરેડ ગ્રાઉન્ડ આવેલ છે. જે પરેડ ગ્રાઉન્ડ ફરતી પાકી દીવાલનું ચણતર છે તથા આ ગ્રાઉન્ડની પુર્વ તરફની દિવાલને અડીને કલેકટર કચેરીનું ૨૦૦ મીટરથી વધારે લંબાઈનું ગ્રાઉન્ડ આવેલ છે જેની ફરતે પણ કમ્પાઉન્ડ વોલ કરેલ છે. તેમજ બાજુમાં સ.નં.. ૮૮૯ની પડતર જમીન આવેલ છે. ત્યાં કોઈ માનવ વસવાટ આવેલ નથી. જેથી બોટાદ જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં કુલ-૫૦૦ મહિલાઓને ૦.૨૨ રાઈફલનું શુટીંગ કરાવવાનું હોવાથી સમગ્ર શુટીંગ કાર્યક્રમ દરમ્યાન તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૦૩-૦૮-૨૦૧૫ ના દિવસોમાં સવારના ૭-૦૦ કલાકથી ૧૩-૦૦ કલાક તથા ૧૪-૦૦ કલાકથી ૨૦-૦૦ કલાક સુધી ઉપરોકત સરવે નંબર ૮૮૯ પૈકી ૧ વાળી જમીનની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈ મનુષ્ય, માલ-ઢોર સાથે પ્રવેશ ન કરે તે સારૂ પ્રવેશબંધી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૨૮-૦૭-૨૦૧૫ ના પત્ર નં. રજી/સુરક્ષ./ફાયરીંગ/જાહેરનામુ/૨૬૪/૧૫ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારની રૂઈએ હું, આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ આથી ફરમાવું છું કે, બોટાદ ખાતે ખસ રોડ પર આવેલા બોટાદ જિલ્લા પોલીસ હસ્તકના સ.નં. ૮૮૯ પૈકી ૧ માં પરેડ ગ્રાઉન્ડ આવેલ તે સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૦૩-૦૮-૨૦૧૫ સુધીના દિવસ-૪ સુધી સવારના ૭:૦૦ કલાકથી બપોરના ૧૩:૦૦ કલાક તેમજ ૧૪:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી કોઈ શખ્શે જવું નહીં તેમજ માલ-ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં કે લઈ જવા નહીં.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૯-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૨૯ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : જે/એમએજી/ટયુશન કલાસીસ/પ્રતિબંધ/જા.નામું/ ફા.નં. ૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં સ્થળોએ વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. ભવિષ્યમાં રાજકોટ જિલ્લા ગ્રામ્ય

વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતિ તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેર હીતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭:૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮:૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

સમયમર્યાદા

આ હુકમ તા. ૦૯-૦૮-૨૦૧૫ થી તા. ૦૮-૦૯-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૩૦, માહે જુલાઈ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હટુકમ કર્યો.

રાજકોટ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

હર્ષદ વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૫૬૨૮ થી ૫૭૨૭.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૫૮૭/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૨-૦૮-૨૦૧૫ થી તારીખ : ૧૫-૦૮-૨૦૧૫ સુધી (બંન્ને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી, લાઠી, કુંડલ્લીવાળી લાકડી તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની એકઠા કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

INDEX

(૫) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ટા કરવાની નહી, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી એ અથવા તેઓએ કે જેને શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/ વશી-૫૭૨૮થી ૫૮૨૭.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૦૭-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૫૮૬/ ૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૨-૦૮-૨૦૧૫ થી તારીખ : ૧૫-૦૮-૨૦૧૫ સુધીની (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૯૦૩/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં લુંટ, ધાડ, ખુન, તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં કામ કરતાં ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમના શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરે જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ, હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે રાખેલા હોય તેની માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં માકનો/બંગાલઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે તેની માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નં. ૧ અને ૨ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

મકાન માલીકનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ	નોકરી ઉપર રાખેલ નોકર/વોચમેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

અ. નં.	વિગત		
૧	મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા મોબાઈલ નંબર	:	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ તથા ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું તથા મો. નં.	:	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું તથા મોબાઈલ નંબર	:	
૪	નોકરને નોકરી પર રાખ્યાની તારીખ	:	
૫	કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામું તથા મોબાઈલ નંબર	:	
૬	નોકરના બે થી ત્રણ સગા સબંધીના નામ તથા સરનામા અને મોબાઈલ નંબર		
૭	વોચમેન હથીયાર ધરાવતાં હોય તો તેના હથીયાર લાયસન્સની વિગત તથા માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:	

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૦૮-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૭ જુલાઈ-૨૦૧૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૮૯૮/૨૦૧૫.-રાજકોટ શહેરમાં શાંતી અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના માણસો લાયસન્સ વાળા હથીયારો જાહેર જગ્યામાં લઈ ફરે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથીયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા હથીયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બીનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથીયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે તેમજ જે સ્થળે આવા સીકયુરીટી ગાર્ડ ફરજ બજાવતા હોય ત્યારે ફરજ દરમ્યાન કારખાના માલીકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સબંધી ગંભીર ગુન્હાઓ આચરે છે. આવા પરપ્રાંતીય હથીયાર ધારક બનાવટી લાયસન્સથી હથીયારો મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુન્હાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેરની શાંતી અને સલામતી જાળવવા સારૂ, હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/ સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખાનગી સીકયુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તથા રાજકોટ શહેરની બહારના શહેર/જિલ્લાના સંચાલકોએ તેઓની કંપનીમાં બીનહથીયારી તથા હથીયારી પર પ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથીયારી ગાર્ડના હથીયાર લાયસન્સનું વેરીફીકેશનનું એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીશ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથીયારી ગાર્ડ તથા તેનું હથીયાર તથા લાયસન્સ જે તે સીકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલીકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નં. ૧ ની માહિતી નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે.

			સીક્યુરીટી મેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
અ. નં.	**વિગત**		
૧	સીકયુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલીકનું સરનામું તથા ટેલીફોન નંબર	:	

૨	પરપ્રાંતીય સીકયુરીટી ગાર્ડ/હથીયારી/બીન હથીયારીના નામ તથા વતનનું સબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર	:	
૩	સીકયુરીટીગાર્ડ તથા હથીયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા ટેલી. નંબર	:	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:	
૬	હથીયાર તથા ગનમેનના લાયસન્સની વિગત તથા હથીયાર/ગનની વિગત		
૭	લાયસન્સ માન્ય ‘એરીયા’ તથા રીન્યુ તારીખ	:	

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૦૮-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૭-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૯૦૧/૨૦૧૫.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમ વાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું

તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વની પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનીની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ (DB(A)Leq	
		સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી	રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી
એ.	ઔદ્યોગીક	૭૫	૭૦
બી.	વાણીજ્ય	૬૫	૫૫
સી.	રહેણાંક	૫૫	૪૫
ડી.	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીના ફટાકડા ફુટવાના કારણે નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વની પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેપંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧-૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળોનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્ર જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે, જ તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બાહર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૮-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈઓ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવાતો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી, તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેકબુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

નોંધ :- ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦/૦૦ ના જગ્યાએ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવાની મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. આ જાહેરનામા હુકમના ભંગ બદલ ઈ.પી. કો. કલમ-૧૮૮ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

શીક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૭-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

INDEX

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./અન.અધિ.વ્યકિત પ્રવેશ/જાહેરનામું/૧૮૮૯/૨૦૧૫.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગર પાલીકાની કચેરી તથા રાજકોટ મહાનગરપાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી જુદી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલા બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવત્તિઓ કરી ઉલ્ટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, મુંબઈ પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબની મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિનદયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ મહાનગર પાલીકાની કચેરી તથા રાજકોટ મહાનગરપાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહનવ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૮-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૭-૦૭-૨૦૧૫ના રોજ મેં મારી સહી તથા સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૯૦૨/૨૦૧૫.-રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજ્ય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મીક, સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલો, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ થાય છે અને ટ્રાફીક ચક્કાજામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને

ઈજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે, જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે રાત્રીના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો પર પ્રતિબંધ મુકવા સારૂ હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/ સીઆરસી/ ૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો :

(૧) રાજકોટ શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર પ્રતિબંધ.

(૨) રાજકોટ શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યકિત ઉપર ફેંકવા ઉપર પ્રતિબંધ.

(૩) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ વાગ્યા સુધી ફટાકડા/દારૂખાનુ ફોડવા ઉપર.

(૪) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા/દારૂખાનું ફોડવા ઉપર.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૧-૦૮-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૭-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૯૦૦/૨૦૧૫.-રાજકોટ શહેરમાં આંતકવાદી તત્વો, રાષ્ટ્ર વિરોધી તત્વો તથા અસામાજીક તત્વો પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતાં હોવાનું સામાન્ય બની જાય અને ઘણીવાર આવા ગેરકાનુની તત્વો રાજકોટ શહેર બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઈંધણ પુરાવવા માટે પેટ્રોલ પંપો ઉપર જાય છે. આથી નાગરીકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગ રૂપે રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશદ્વારો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા રેન્જના ગોઠવવાના રહેશે અને (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરામાં પેટ્રોલ પંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઈવર તથા બાજુની સીટ પર બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઈ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સી.સી.ટી.વી. કુટેજમાં સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે તેમજ આ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડીંગ ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે.

(૫) પેટ્રોલ પંપ/ડીઝલ પંપો ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તારપુર્વક સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હિલચાલ સી.સી.ટી.વી. કેમેરામાં કવરેજ લઈ શકાય.

(૬) નવા શરૂ થતાં પેટ્રોલ પંપ/ડીઝલ પંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમયગાળો :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૮-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૭ માહે જુલાઈ-૨૦૧૪ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૨૭૧/૨૦૧૫.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૦૪-૦૮-૨૦૧૫ થી તા. ૦૫-૦૮-૨૦૧૫ સુધી સેનાપતિશ્રી, ગ્રુપ-૮ ગોંડલના અધિકારી/કર્મચારીઓના સને-૨૦૧૫નાં પ્રથમ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગે ખુલ્લા વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂં છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ)થી મળેલ અધિકારની રૂએ હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૪-૦૮-૨૦૧૫ થી તા. ૦૫-૦૮-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગમાર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ની તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૨૯-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૨૯ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૨૭૫/૨૦૧૫.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩માં આવેલ બફેલ રેન્જમાં તા. ૦૧-૦૮-૨૦૧૫ દિન-૧ માટે સુરક્ષા સેતુ સોસાયટી, રાજકોટ શહેર અંતર્ગત મહીલા શશકિતકરણના ભાગરૂપે મહીલાઓને ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના

INDEX

ભાગનો ખુલ્લા વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂં છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૧-૦૮-૨૦૧૫ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગમાર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ની તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૩૦-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૭૦/૨૪૯૧/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી બાગ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બાગ, તાલુકોઃ-માંડવી, જિલ્લો-ભુજ-કચ્છ, સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ "સે"(દુ) ૪૨૯૯૨, તા. ૩૦-૦૭-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ. તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ.

(૩) આ કચેરીનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૫૦૭/૨૦૦૯, તારીખ : ૦૭-૧૦-૧૦.

(૪) ફડચા અધિકારી, શ્રી અબડાસા મહિલા બચત-ધિરાણ સ.મં.લી., મુ. નલીયા, તા. અબડાસા-કચ્છ ની તા. ૧૮-૦૬-૨૦૧૫ વાળી મંડળી પુનઃજીવિત કરવાની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૯૦/૨૦૧૫.-આથી હું, એ. કે. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, ઉપરોક્ત વંચાણ ક્રમ : (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકાર અને વંચાણ ક્રમ : (૨) ની જોગવાઈઓને ધ્યાને રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(બી) અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી અબડાસા મહિલા બચત-ધિરાણ સ.મં.લી., મુ. નલીયા, તા. અબડાસા-કચ્છને ઉપરોક્ત વંચાણ ક્રમ (૪)વાળા પત્રથી રજુ થયેલ પુનઃજીવીત કરવા અંગેની દરખાસ્ત અન્વયે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ : ૧૯૬૧ની કલમ : ૧૯(૧) અન્વયે સદરહું મંડળીને નીચેની શરતોને આધિન પુનઃજીવીત કરવા હુકમ કરવામાં આવે છે.

(૧) સદરહું સંસ્થાના નોંધણી નંબરઃ સે-૩૧૭૩૨, તારીખઃ ૨૯-૦૬-૨૦૦૨ તથા મંડળીનું નામ તથા પેટાનિયમ અગાઉ થયેલ નોંધણી પ્રમાણે યથાવત રહેશે.

(૨) સંસ્થાને આર્થિક રીતે સધ્ધર કરવાના પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

(૩) સંસ્થાને સહકારી કાયદા-કાનુન અને પેટાનિયમોના ઉદ્દેશો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૪) મંડળી ઉપર જે કોઈ સરકારી લેણું બાકી હશે તે તરત ભરપાઈ કરવાનું રહેશે.

(૫) સંસ્થાએ નિયમિત વાર્ષિક સાધારણ સભા તથા વ્યવસ્થાપક કમિટિની બેઠક બોલાવવાની રહેશે.

(૬) મંડળીએ દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવાનું રહેશે.

ભુજ-કચ્છ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/ઉ.-૧૬૩૫૪/૬૫૦૫/૫૪૩/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ખેડુત ઘઉં ઉત્પા. અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાયપુર, તાલુકો : વંથલી, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૦૧/૧૪૬/૮૪૪/૨૦૧૫.-આથી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી આદર્શ ગ્રાહક સહકારી ભંડાર લીમીટેડ, મર્યાદિત સ્થળ : રાણપુર, તાલુકો : રાણપુર જિલ્લોઃ બોટાદ, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: ભં/૬૯૮૨/૨૦૧૫, તા. ૨૯-૦૭-૨૦૧૫.

બોટાદ, ૨૯ માહે જુલાઈ, સને ૨૦૧૫.

પી. બી. ખસીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૪૫-૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ./તા. ૧-૧૨-૨૦૦૫.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૨૧૨/૨૦૧૫, તા. ૧૯-૦૬-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૩/૪૩૦૫/૨૦૧૫.-શ્રી ભૃગુપુર ફળ અને શાકભાજી ઉત્પાદન અને વેચાણ સહકારી મંડળી લી., મુ. ભૃગુપુર, તા. ચુડા, જિ. સુરેન્દ્રનગર કે જેનો નોંધણી નંબર-૩૭૧૯, તા. ૦૪-૦૫-૧૯૯૫ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને વંચાણે લીધેલ ક્રમ-૨ ના આદેશથી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં યોગ્ય આધાર-પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ આજદિન સુધી મંડળી તરફથી કોઈ રજુઆત આવેલ ન હોઈ ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવે છે. તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો નં. ૨) અત્રેની કચેરીની નિમણુંક કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ડી. વી. ગઢવી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં તા. ૨૧-૭-૧૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૩૦૧૧/સીએચ. થી થયેલ સત્તા સોંપણી.

(૩) કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૫૨૨/૨૦૦૬, તા. ૨૮-૧૧-૨૦૦૬.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૧-૦૫-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૫૫૬/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, રાજકોટ, વંચાણે-(૨) વાળા જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ

શ્રી કલ્યાણ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. ઉપલેટા, જિ. રાજકોટ (નોંધણી નંબરઃ ધ-૩૭૪૭, તા. ૩૧-૦૩-૧૯૭૧) ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૨૨ માહે જુન/જુલાઈ, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, રાજકોટ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : જી.પં./સહકાર/નધણ/જેએનડી/સેવા/૪૪૨૩૦/૧૫.- આથી જાહેર કરે છે કે, શ્રી વડાલ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વડાલ, તાલુકોઃ જુનાગઢ, જિલ્લોઃ જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : જી.પં./સહકાર/નધણ/જેએનડી/સેવા/૪૪૨૩૧/૧૫.- આથી જાહેર કરે છે કે, શ્રી વાસુદેવ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : શીલ, તાલુકોઃ માંગરોળ, જિલ્લોઃ જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : જી.પં./સહકાર/નધણ/જેએનડી/સેવા/૪૪૨૩૨/૧૫.- આથી જાહેર કરે છે કે, શ્રી ઓસા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઓસા, તાલુકોઃ માંગરોળ, જિલ્લોઃ જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

બી. એમ. પટેલ,
મદદનિશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, જુનાગઢ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 20th AUGUST, 2015/SARVANA 29, 1937 No. 34

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	905-928	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1369-1408
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

NOTIFICATION

No. UHC/05/B./32/841/2015.-The following are the results of the Departmental Examination held on 6th and 7th July, 2015, in the District Court, Amreli.

(1) Higher Standard Departmental Examination-2015

The following candidates are declared successful in the Higher Standard Departmental Examination-2015, held on 6th and 7th July, 2015, and their names are arranged on merit.

(1) Mr. U. M. Davera
(2) Mr. V. R. Gosai
(3) Mr. R. C. Chavda
(4) Mr. B. V. Parmar

(2) Lower Standard Departmental Examination-2015

The following candidates are declared successful in the Lower Standard Departmental Examination-2014, held on 6th and 7th July, 2015.

(1) Mr. M. K. Mundhava
(2) Mr. M.A.V. Bloch
(3) Mr. A. M. Vyas
(4) Mr. S. P. Maniyar
(5) Mr. M. K. Rathod
(6) Mr. H. B. Solanki
(7) Mr. A. R. Narela
(8) Mr. J. C. Solanki
(9) Mr. C. D. Muliyana
(10) Mr. S. J. Pandya
(11) Ms. C. P. Vadher
(12) Mr. M. J. Dhadhal
(13) Mr. A. K. Makwana
(14) Mr. H. D. Vasavada
(15) Mr. J. V. Renuka
(16) Mr. H. K. Dasani
(17) Ms. K. B. Pandya
(18) Mr. P. V. Chandarana
(19) Mr. P. J. Dave
(20) Mr. A. R. Vaghela

Amreli, 06th August, 2015.

S/d- **V. C. Barot,**
Principal District Judge,
Amreli.

NOTIFICATION

No. UHC./06/2015.-**Out of the Candidates working as Assistants in this District, who have appeared in the** Higher Standard Departmental Examination & Lower Standard Departmental Examination-2015, **held on 6th and 7th July, 2015 and below mentioned Candidates are declared successful in the Higher Standard/Lower Standard Departmental Examination-2015.**

The names of successful Candidates in the **Higher Standard Departmental Examination** shown at **Sr. No. 01 to 02** are declared passed in the general category and their names are shown alphabetically, as under :-

Higher Standard Departmental Examination-2015

Sr. No.	Name of Examinee	At Present working on which Establishment.
01	Ms. D. S. Chauhan	J.M.F.C. (Traffic) Court, Rajkot.
02	Mr. Y. H. Thakor	Principal Senior Civil Judge Court, Morbi

The names of successful Candidates in the **Lower Standard Departmental Examination** shown at **Sr. No. 01 to 10** are according to their merits

and rest of the 02 candidates declared as passed in the general category and their names are shown alphabetically, as under :-

Sr. No.	Name of Examinee	At Present working on which Establishment.
01	Mr. J. M. Parmar	District Court, Rajkot
02	Mr. A. K. Parmar	District Court, Rajkot
03	Mr. A. B. Rana	Principal Civil Judge, Court, Maliya (M.)
04	Mr. V. P. Bavaliya	Chief Judicial Magistrate Court, Rajkot
05	Mr. P. H. Patadiya	Chief Judicial Magistrate Court, Rajkot
06	Mr. S. B. Garchar	Additional District Judge Court, Dhoraji
07	Mr. M. H. Mehta	District Court, Rajkot
08	Mr. H. R. Makani	Principal Civil Judge Dourt, Jasdan
09	Mr. M. B. Israni	Chief Judicial Magistrate Court, Rajkot.
10	Mr. A. S. Vala	District Court, Rajkot
11	Mr. D. H. Koli	J.M.F.C. (Main), Court, Rajkot
12	Ms. N. S. Sandhvani	District Court, Rajkot

Rajkot, 5th August, 2015.

A. M. Dave,
Principal District Judge,
Rajkot.

મુખ્ય જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

નં. ઉહક/૦૬/૨૦૧૫.-તારીખઃ ૦૬ અને ૦૭ જુલાઈ, ૨૦૧૫નાં રોજ લેવાયેલ ઉચ્ચતર શ્રેણીની ખાતાકિય પરીક્ષા અને નિમ્ન શ્રેણી ખાતાકિય પરીક્ષામાં બેઠેલા, આ જિલ્લામાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતાં ઉમેદવારો પૈકી નીચેના પરીક્ષાર્થીઓને ઉચ્ચતર શ્રેણી/નિમ્ન શ્રેણીની ખાતાકિય પરીક્ષા-૨૦૧૫ માં સફળ જાહેર કરવામાં આવેલ છે.

ઉચ્ચતર શ્રેણીની ખાતાકિય પરીક્ષામાં સફળ થયેલ ૦૨ ઉમેદવારો સામાન્ય શ્રેણીમાં સફળ જાહેર કરવામાં આવેલ છે.

ઉચ્ચતર શ્રેણીની ખાતાકિય પરીક્ષા-૨૦૧૫

ક્રમ નં.	કર્મચારીનું નામ	ફરજવાળી કચેરી
૧	કું. ડી. એસ. ચૌહાણ	જ્યુ.મેજી.ફ.ક. (ટ્રાફીક) કોર્ટ, રાજકોટ.
૨	શ્રી વાય. એચ. ઠાકોર	પ્રિન્સી.સીની. સીવીલ જજ કોર્ટ, મોરબી

તેમજ નિમ્ન શ્રેણીની ખાતાકિય પરીક્ષામાં સફળ થયેલ ૧૨ ઉમેદવારો પૈકી ક્રમાંક ૦૧ થી ૧૦ ઉપરના ઉમેદવારોના નામ તેમણે પ્રાપ્ત કરેલ ગુણ પ્રમાણે ગોઠવવામાં આવેલ છે. જયારે બાકીના ૦૨ ઉમેદવારોનાં નામ, સામાન્ય શ્રેણીમાં સફળ જાહેર કરવામાં આવેલ છે.

ક્રમ નં.	કર્મચારીનું નામ	ફરજવાળી કચેરી
૧	શ્રી જે. એમ. પરમાર	ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજકોટ.
૨	શ્રી એ. કે. પરમાર	ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજકોટ.
૩	શ્રી એ. બી. રાણા	પ્રિન્સીપાલ સીવીલ જજ કોર્ટ, માળીયા (મી.).
૪	શ્રી વી. પી. બાવળીયા	ચીફ જયુડી. મેજી. કોર્ટ, રાજકોટ.
૫	શ્રી પી. એચ પાટડીયા	ચીફ જયુડી. મેજી. કોર્ટ, રાજકોટ.
૬	શ્રી એસ. બી. ગરચર	પાંચમાં એડી. ડિસ્ટ્રીકર્ટ કોર્ટ, ધોરાજી.
૭	શ્રી એમ. એચ. મહેતા	ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજકોટ.
૮	શ્રી એચ. આર. મકાણી	પ્રિન્સીપાલ સીવીલ જજ કોર્ટ, જસદણ.
૯	શ્રી એમ. બી. ઈશરાણી	ચીફ જયુડી. મેજી. કોર્ટ, રાજકોટ.
૧૦	શ્રી એ. એસ. વાળા	ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજકોટ.
૧૧	શ્રી ડી. એચ. કોલી	જયુડી. મેજી. ફ.ક. (મેઈન) કોર્ટ, રાજકોટ.
૧૨	કુ. એન. એસ. સંઘવાણી	ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજકોટ.

રાજકોટ ૫ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

એ. એમ. દવે,
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
રાજકોટ.

મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ મુજબનું પ્રાથમિક જાહેરનામું

સુધારા પ્રાથમિક જાહેરનામું

નં. મેજી/પોલ/ભુજશહેર/જાહેરનામું-૩૩(૧)/૦૮/૨૦૦૫.- અત્રેના વંચાણ વાળા જાહેરનામાથી ભુજ શહેરમાં ભારે માલવાહક વાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવેલ છે તેમજ સદરહુ વાહનોને રીંગરોડ પર ડાયવર્ટ કરવામાં આવેલ છે. આ જાહેરનામામાંથી લિગ્નાઈટની ટ્રકો સિવાયની અન્ય માલ સામાન ભરેલ ટ્રક અથવા તો ખાલી ટ્રકને રાત્રિના ૧૦:૦૦ થી સવારના ૦૬:૦૦ કલાક સુધી મુકિત આપવામાં આવેલ છે. પરંતુ હાલમાં કચ્છ જિલ્લામાં મોટા ઔદ્યોગિક એકમો તથા મોટા પોર્ટ આવેલ હોઈ બહારના રાજ્યોમાંથી મોટા ભારે માલવાહક વાહનો ભુજ શહેરમાંથી ઉપરોકત સમય દરમ્યાન પસાર થતા હોય છે. જેને

કારણે રાત્રિના સમયે ભુજ શહેરની જાહેર જનતાને ભય, હરકત, અગવડ તેમજ વાહનના ઘોંઘાટથી આમ પ્રજાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

જેથી હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અત્રેના વંચાણ વાળા જાહેરનામામાં લિગ્નાઈટ સિવાયની ટ્રકોને રાત્રિના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬-૦૦ કલાક સુધી ભુજ શહેરમાં પ્રવેશબંધીમાંથી જે મુકિત આપવામાં આવેલ છે તે રદ કરવું જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) થી મને મળેલ અધિકારની રૂએ વંચાણ વાળા જાહેરનામામાં લિગ્નાઈટ સિવાયની ટ્રકોને રાત્રિના ૧૦-૦૦ કલાકથી સવારના ૦૬-૦૦ કલાક સુધી ભુજ શહેરમાં પ્રવેશબંધી પર જે મુકિત આપવામાં આવેલ છે તે ‘‘રદ’’ કરવા ધારૂં છું.

આ હુકમ સામે કોઈ શખ્સને વાંધો કે સુચન હોય તો તેઓએ પોતાના વાંધાઓ કે સૂચનો આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ત્યારબાદ આવેલ વાંધા કે સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં અને આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

આજરોજ તારીખઃ ૩૦-૦૭-૨૦૧૫ નાં રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યો.

કચ્છ-ભુજ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/SSC/૧૪૪/જાહેરનામું/૮/૧૫.-સ્ટાફ સિલેકશન કમીશન દ્વારા તા. ૦૯-૦૮-૨૦૧૫ તથા તા. ૧૬-૦૮-૨૦૧૫ના રોજ કમ્બાઈન્ડ ગ્રેજ્યુએટ લેવલની પરીક્ષા યોજનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવી જરૂરી છે.

જિલ્લામાં કમ્બાઈન્ડ ગ્રેજ્યુએટ લેવલની પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાઓનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી, હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબના જિલ્લાના સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૦૯-૦૮-૨૦૧૫ તથા તા. ૧૬-૦૮-૨૦૧૫ના સવારે ૦૬-૦૦ કલાક થી ૧૯-૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલા કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગના કન્ડકટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓને આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતએ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

અનુસુચિ

આલ્ફ્રેડ હાઈસ્કુલ, હમીરસર તળાવ પાસે, ભુજ.

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. તથા તમામ પરીક્ષા કેન્દ્રોની આસપાસ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૦૫-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૫ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૩૦૪૫૩/૨૦૧૫.-આગામી ઓગસ્ટ/સપ્ટેમ્બર-૨૦૧૫નાં માસ દરમિયાન તા. ૧૨-૦૮-૨૦૧૫નાં રોજથી એવરત-જીવરત વ્રતનો પ્રારંભ, તા. ૧૪-૦૮-૨૦૧૫નાં રોજ દિવાસાનું જાગરણ, તા. ૧૫-૦૮-૨૦૧૫નાં રોજ સ્વાતંત્ર્ય દિન (શ્રાવણ માસ પ્રારંભ) તા. ૧૮-૦૮-૨૦૧૫નાં રોજ પારસીનું નવુ વર્ષ (પતેતી), તા. ૨૯-૦૮-૨૦૧૫નાં રોજ રક્ષાબંધન, તા. ૦૨-૦૯-૨૦૧૫નાં રોજ નાગ પંચમી વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહિ, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, બંછાનિધિ પાની, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૪-૦૮-૨૦૧૫ થી તા. ૦૨-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિ.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહિ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસુચિ :-

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૩૧-૦૭-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

બંછાનિધિ પાની,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૧૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : સીબી/૪/૫૦૯૮/૮૦૬૨/૧૫, તા. ૨૪-૦૭-૨૦૧૫ના પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામ જતા રસ્તા નજીક સુધીના દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે પ્રવેશ બંધી કરવા અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કિ.મી. સુધી વાર્ષિક ફાઈરીંગ પ્રેકટીસ તા. ૦૧-૦૮-૨૦૧૫ થી તા. ૦૨-૦૮-૨૦૧૫ સુધી સવારના ૭.૦૦ કલાકથી રાત્રીના ૧૯-૦૦ કલાક સુધી કરનાર હોય જેથી તે વિસ્તારમાં કોઈ પણ ઈસમ કે માછીમારો વ્યકિતગત કે વહાણ, બોટ લઈને જવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત યોગ્ય જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૦૧-૦૮-૨૦૧૫ થી તા. ૦૨-૦૮-૨૦૧૫ સુધી સવારના ૭.૦૦ કલાક થી રાત્રીના ૧૯-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફલાર્ગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી-જાહેરનામું-૧૮-૧-૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : સીબી/૪/૮૩૫૨/૧૫, તા. ૦૧-૦૮-૨૦૧૫ ના પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર શહેરમાં મહિલાઓને ૦.૨૨ રાયફલની જાણકારી, તાલીમ તથા શુટીંગ આપવાનં આયોજન કરવામાં આવેલ હોય પોલીસ હેડકવાર્ટર પોરબંદરના પરેડ ગ્રાઉન્ડ ખાતે ફાયરીંગ પ્રેકટીસ તા. ૦૩-૦૮-૨૦૧૫ થી તા. ૦૪-૦૮-૨૦૧૫ સુધી સવારના ૭-૦૦ કલાક થી રાત્રીના ૧૯-૦૦ કલાક સુધી કરનાર હોય જેથી આ વિસ્તારમાં પશ્ચિમ ભાગે-૩ ફર્લાગ ઉત્તર અને દક્ષિણ ભાગે-૩ ફલાર્ગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને પ્રવેશબંધી કરવા આ વિસ્તારને પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત યોગ્ય જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૦૩-૦૮-૨૦૧૫ થી ૦૪-૦૮-૨૦૧૫ સુધી સવારના ૭-૦૦ કલાક થી રાત્રીના ૧૯-૦૦ કલાક સુધી પોરબંદર શહેર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેના ફાયરીંગ બટ વિસ્તારમાં પશ્ચિમ ભાગે-૩ ફર્લાગ ઉત્તર અને દક્ષિણ ભાગે-૩ ફલાર્ગમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૭૫૬૨ થી ૭૬૩૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૮-૦૭-૨૦૧૫નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/હોટેલ માલિક/૩૯૬/૧૫નાં પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યો માંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ/લોજ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અ.નં.	હોટલ માલીકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ	લાયસન્સ નંબર	આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર	લાયસન્સ કઇ તારીખથી કઇ તારીખ સુધી રીન્યુ થયેલ છે.	આવેલ પેસન્જરનું પુરૂં નામ, ઉ.વ., ધંધો અને મોબાઈલ નંબર, પુરૂં સરનામુ	પ્રવાસી/ મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર	રજુ કરેલ ઓળખ કાર્ડની સંપૂર્ણ વિગત	કઇ તારીખથી આવેલ છે. તારીખ/ સમય	કઇ તારીખે જવાના છે. તારીખ/ સમય	કયાં હેતુ માટે આવેલ છે.	આવેલ પેસેન્જરની સહી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

આ હુકમ તા. ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૩૧ મી જુલાઈ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૭૧૯૭ થી ૭૨૬૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૮-૦૭-૨૦૧૫નાં પત્ર જા. નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/STD-PCO/૪૦૦/૨૦૧૫ થી આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો ભુતકાળમાં બનવા પામેલ છે. રાજ્યમાં ભુતકાળમાં બનેલ આવા ગુનાઓમા આતંકવાદી/ત્રાસવાદીઓ દ્વારા STD-PCO નો ઉપયોગ પણ થયેલ છે. તેમજ આંતકવાદી સંસ્થા/સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ તેમજ ધરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી., પી.સી.ઓ.માં જઈને ફોન દ્વારા ધમકી આપવી, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિય સતામણી કરવી જેવા બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી., પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી., પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુના મુળ સુધી પહોંચી શકાતુ નથી જેના કારણે આતંકીઓ તેના પ્લાનને અંજામ આપવામાં સફળ રહે છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી./પી.સી.ઓ.માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું એક રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી., પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી., પી.સી.ઓ.માંથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

અનુ. નંબર	STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર	STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર	ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઈ.ડી. પ્રુફની વિગત નંબર સાથે.	જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોકત કોલમવાઈઝ રજીસ્ટરો સંબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

શિક્ષા :

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

આજ તા. ૩૧ મી જુલાઈ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૭૧૨૬ થી ૭૧૯૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૮-૦૭-૨૦૧૫નાં પત્ર જા.નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ/મજુર-કારીગર/૪૦૧/૧૫ થી આંતકવાદીઓ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને સુલેહ શાંતીનો ભંગ કરે છે તેવી પુરી શકયતાઓ રહેલી છે. આવી અંતકવાદી પ્રવૃતિથી માત્ર ને માત્ર માનવ જીન્દગીની ખુવારી થાય છે અને તેમા બિલકુલ નિર્દોષ લોકો પોતાના જાનમાલ ગુમાવે છે. અને

જાહેર તેમજ લોકોની સંપતીને મોટુ નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે, કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજસ્ટિર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગીક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રકરૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

ક્રમ	મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઈલ નંબર	મજુર/કારીગરનું વતનનું પુરૂં સરનામું, નજીકના પો.સ્ટે.ની વિગત	તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યાં કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે.	કોની ઓળખાણથી પોતાને ત્યા કામે રાખેલ છે. તેનું પુરૂં નામ સરનામું તથા મોબાઈલ નંબર	મજુર/કારીગરના આઈ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઈલ બનાવી રાખવું)	મજુર/કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તા. ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

આજ, તા. ૩૧ મી જુલાઈ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૭૨૬૮ થી ૭૩૩૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૮-૦૭-૨૦૧૫ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/વાહન લે-વેચ/૩૯૮/૧૫ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થયા/થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

INDEX

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

અનું નંબર	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ-જાત-ઉંમર-સરનામું- કોન્ટેક નંબર	વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

ઉપર મુજબનું રજીસ્ટ્રર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૧ મી જુલાઈ, સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૭૩૩૯ થી ૭૪૦૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૮-૦૭-૨૦૧૫નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/મકાન ભાડુઆત/૩૯૫/૨૦૧૫ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઈ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઈ

સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડું કેટલું છે ?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૧ મી જુલાઈ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૭૪૯૧ થી ૭૫૬૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૮-૦૭-૨૦૧૫ના પત્ર નં. એસઓજી/જાહેરનામું/મોબાઈલ-સીમકાર્ડ/૩૯૯/૨૦૧૫ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબજ જરૂરી જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ

કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

ક્રમ	મોબાઈલની વિગત/કંપનીનું નામ	IMEI નામ	મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

ક્રમ	મોબાઈલની વિગત/કંપનીનું નામ	IMEI નામ	મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત

નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

ક્રમ	સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	સીમ કાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત	સીમકાર્ડ ખરીદનારના આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી

આ હુકમ તા. ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૧ માહે ઓગસ્ટ, સને-૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે ઓગસ્ટ, સને-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામુ

નં. નાચિ/પલસ/૩/વશી/૭૪૧૦ થી ૭૪૯૦/૨૦૧૫.- પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૮-૦૭-૨૦૧૫નાં પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/સી.સી.ટી.વી./૩૯૭/૧૫ થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેકટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયાં મોટી રકમની અથવા કિમતી ચીજવસ્તુ લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડદેવડ અને હેરાફરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે

તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતાં પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશદ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કીંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે, તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રોકોડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૨૦-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૧ મી જુલાઈ સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૭૬૩૩ થી ૭૬૮૩/૨૦૧૫.- (૧) હાલમાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે.ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૩૭ની પેટા કલમ—૧ તથા કલમ—૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૨-૦૮-૧૫ થી તા. ૧૬-૦૮-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૧૬-૦૮-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૩૧ મી જુલાઈ–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૦૭/૧૫.-આગામી માસમાં કચ્છ જિલ્લામાં નીચે જણાવેલ મેળા/ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

ક્રમ	તારીખ	ઉત્સવ	સ્થળ
૧	૨-૮-૧૫ થી ૩૧-૮-૧૫	સ્વામિનારાયણ મંદિર, હિંડોળા ઉત્સવ	ભુજ, માંડવી, નખત્રાણા, દયાપર
૨	૧૫-૮-૧૫	સ્વાતંત્ર્ય દિવસ	સમગ્ર કચ્છ જિલ્લો
૩	૧૫-૮-૧૫ થી ૩૧-૮-૧૫	પવિત્ર શ્રાવણ માસની ઉજવણી	સમગ્ર કચ્છ જિલ્લો
૪	૧૭-૮-૧૫	ગણેશ ચતુર્થી	સમગ્ર કચ્છ જિલ્લો
૫	૧૮-૮-૧૫	પતેતી	સમગ્ર કચ્છ જિલ્લો
૬	૨૯-૮-૧૫	રક્ષાબંધન	સમગ્ર કચ્છ જિલ્લો

આથી હું, ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૨-૦૮-૨૦૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા કે તૈયાર કરાવવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૩૧-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨) ની કલમ-૩૭(૧) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૨૯૩૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૧૦૭/૧૫, તા. ૨૯-૦૭-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેયની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) આગામી તા. ૧૫-૦૮-૨૦૧૫ ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી થનાર છે જેથી પ્રવર્તમાન સંજોગોમા સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૦૫-૦૮-૨૦૧૫ ના રોજથી તા. ૧૮-૦૮-૨૦૧૫ (બન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૩૧, માહે જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૨૭૫૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એસઓજી/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૩૦૬/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫ ના પત્રથી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાઓના મુળ સુધી પહોંચવામાં આવે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે. જેથી આવા ગુન્હાની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળે નહી જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી

સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લા વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીરસોમનાથ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે, વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના કે નવા મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની વિગત/કંપની/મોડલ નં.	IMEI No.	મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે? તેનું પુરૂ નામ, સરનામુ, મો.નં. સહિત	ID પ્રુફની વિગત

જુના કે નવા મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની વિગત/કંપની/મોડલ નં.	IMEI No.	મોબાઈલ કોને વેચેલ છે? તેનું પુરૂ નામ, સરનામુ, મો.નં. સહિત	ID પ્રુફની વિગત

આ હુકમ બહાર પડયાની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૦૫ મી, માહે ઓગષ્ટ, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૫ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૭૬૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એસએજી/મકાનભાડા/જા.નામું/૩૦૮/૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫ ના પત્રથી ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ માનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવાકે, ત્રિવેણી સંગમ, દહોત્સર્ગ, ગીતા મંદિર, તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે તથા જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ ગીર સોમનાથ જિલ્લાના આ ધાર્મિક સ્થળોએ મોટા પ્રમાણમાં શ્રધ્ધાળુઓ દર્શન માટે આવતા હોવાથી તેઓની સલામતી જાળવવી આવશ્યક છે. તેમજ ભુતકાળમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો

INDEX

મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. તાજેતરમાં પોરબંદર વિસ્તારના અરબી સમુદ્રમાં ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા શંકાસ્પદ પાકિસ્તાની બોટનો પીછો કરવામાં આવતા બોટમા સવાર ચાર ઈસમો દ્વારા બ્લાસ્ટ કરવામાં આવેલ અને બોટ સળગી ગયાનો બનાવ બનેલ છે. ગુપ્તચર એજન્સીઓ દ્વારા અવાર-નવાર આંતકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવારા તત્વો કોઈ મકાન માલીક/દુકાન માલીક/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર ગીર-સોમનાથ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાના માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નીચે મુજબની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિક/દુકાન માલીક/ઔધોગીક એકમોની જગ્યાના માલીક/સંચાલકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઔધોગીક એકમની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન/દુકાન/ઔધોગીક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	મકાન/દુકાન/ઔધોગીક એકમ કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે?	જે વ્યક્તિને મકાન/દુકાન/ ઔધોગીક એકમ ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું, ટોલીફોન/મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન/દુકાન/ઔધોગીક એકમ ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામા તથા મોબાઈલ નંબર	મકાન/દુકાન/ઔધોગીક એકમના માલીક/સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ બહાર પડયા તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૫ મી, માહે ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૫ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૨૭૬૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/લેબર કોન્ટ્રા./જા.નામું/૩૦૯/૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫ના પત્રથી ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી.એલ. ફેકટરી, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાંથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાંધકામના કામોમાં અન્ય રાજ્યોમાંથી મજુરો લાવી તેમનું મજુરી કામમાં ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. આ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનસંધાને મોટાભાગના કિસ્સાઓમાં જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાંથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમાં મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમાં જતા રહેતા હોય, આવા ગુન્હા વણશોધાયેલા રહે છે. આથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમાં માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં પુરી પાડે તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ અધ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટર, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નીચે મુજબના નિયત ફોર્મમાં માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મોબાઈલ નં.	:	
૨	મજુરનું નામ તથા ઉંમર	:	
૩	મજુરનું હાલનું સરનામું તથા મો.નં.	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું/ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરના વતનના સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા જિલ્લો અને ટેલીફોન નં.	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નં.	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે?	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	ગીર સોમનાથ જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	ગીર સોમનાથ જિલ્લામાં નજીકના સંબંધી હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નં.	:	
૧૩	મજુરના ભાઈ/બહેનના નામ/સરનામા/મોબાઈલ નં.	:	
૧૪	મજુરના કાકા/માસાના નામ/સરનામા/મોબાઈલ નં.	:	

INDEX

૧૫	હાલમાં જયા રહે છે ત્યાં તેના ગામના કોણ છે? તેના નામ, સરનામા, મોબાઈલ નં.	:	

મજુરનો તાજેતરનો ફોટો :-

મજુરના અંગુઠાનું નિશાન : ....

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રકટરની સહી : ....

નામ : ....

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૫ મી, માહે ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૫ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૨૭૬૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/એસટીડીપીસીઓ/જાહેરનામું/૩૦૭/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫ ના પત્રથી ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જયોર્તિલીંગમાનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તુલશીશ્યામ તથા જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનાર પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં માણસો દર્શનાર્થે આવતા હોય, જેથી લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ. તથા કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી આવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજ્યમાં સ્થાનિક એસ.ટી.ડી.,પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈલ કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ વધી રહેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. બનાવોની ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરિકો ધીમે-ધીમે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણું જ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકો કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનું રજીસ્ટર રાખતા ન હોય ત્યાં બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીરસોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા નોટીફીકેશન હોવું અત્યંત જરૂરી છે. જેના પરિણામે સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીરસોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈટેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતી રજીસ્ટર રાખવા અંગેનુ દિન-૬૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીરસોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનું પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, ગીરસોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તાર આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવી અને કોલ ડીટેઈલની નામ, સરનામાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ: ૦૫મી, માહે ઓગસ્ટ, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૫ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૩૦૮૬૨/૨૦૧૫.-ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ બટ ખાતે મહિલા સશકિતકરણ અંતર્ગત તા. ૦૧-૦૮-૨૦૧૫ થી તા. ૦૨-૦૮-૨૦૧૫ (બંન્ને દિવસો સહિત) મહિલાઓ માટે ૦.૨૨ બોર રાઈફલ શુટીંગ તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ ફાયરીંગ બટના સ્થળની પેરાફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલારૂપે જાહેરનામું બહાર પાડવા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૧૦૦/નાપો/સુસેસો/૧૮૫/૧૫, તા. ૨૯-૦૭-૨૦૧૫થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારીની રૂઈએ હું, **એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી ફરમાવું છું કે, ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ ફાયરીંગ બટના સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૦૧-૦૮-૨૦૧૫ થી તા. ૦૨-૦૮-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) કોઈપણ શખ્શે જવુ નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૩૧-૦૭-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૩૦૮૬૨/૨૦૧૫.- ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ બટ ખાતે મહિલા સશકિતકરણ અંતર્ગત તા. ૦૩-૦૮-૨૦૧૫ થી તા. ૦૪-૦૮-૨૦૧૫ (બંન્ને દિવસો સહિત) મહિલાઓ માટે ૦.૨૨ બોર રાઈફલ શુટીંગ તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ બટના સ્થળની પેરાફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલારૂપે જરૂરી જાહેરનામું બહાર પાડવા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની પત્ર નં. ૧૦૦/નાપોએ/મુમ/૨૦૧૫, તા. ૦૧-૦૮-૨૦૧૫થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારીની રૂઈએ હું, એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના સીદસર મુકામે એન.સી.સી.ના ફાયરીંગ ફાયરીંગ બટના સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૦૩-૦૮-૨૦૧૫ થી તા. ૦૪-૦૮-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) કોઈપણ શખ્શે જવુ નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૦૩-૦૮-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ વાહનો માટેના રૂટમાં હંગામી ધોરણે ફેરફાર કરવા અંગેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/ટ્રાફીક ડાયવર્ટ જાહેરનામુ/૦૮/૨૦૧૫.-ગુજરાત રાજ્યનાં માન.મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સંભવીત તા. ૦૫-૦૮-૨૦૧૫ના રોજ આનંદભુવન, વઢવાણ ખાતેના કાર્યક્રમમાં પધારનાર હોય તથા તેઓશ્રી Z+ પ્રોટેકટીવ સુરક્ષા કવચ ધરાવતા હોય, જેથી ટ્રાફીકને અડચણરૂપ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર તા. ૦૫-૦૮-૨૦૧૫ના રોજ કલાક ૧૨-૦૦ થી ૧૮-૦૦ વાગ્યા સુધી ગેબનશા સર્કલથી ઉપાસના સર્કલ રૂટ પર ચાલતી એસ.ટી.બસો તથા ભારે વાહનો ગેબનશા સર્કલથી ધોળીપોળ, ઘરશાળા રોડ, ગણતપતી ફાટક થઈ ઉપાસના સર્કલ થઈ જાય તે મુજબનું ડાયવર્ઝન આપવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૩-૦૮-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૫૯૯/૧૫થી દરખાસ્ત થઈ આવેલ છે.

તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે વ્યવસ્થાના હેતુ માટે તથા નીચે જણાવેલ રૂટ મુજબ ટ્રાફિક સરળતાથી પસાર થાય, ટ્રાફિકની કોઈ સમસ્યા ન સર્જાય, જાહેર જનતાની જાનમાલની સલામતી જાળવવા, અકસ્માત નિવારવા, રાહદારીનું નિયમન થઈ શકે અને તમામ પ્રકારના વાહનવ્યવહારને કોઈ મુશ્કેલી પડે નહી તે માટે ગેબનશા સર્કલથી ઉપાસના સર્કલ રૂટ પર ચાલતી એસ.ટી.બસો તથા ભારે વાહનો ગેબનશા સર્કલથી ધોળીપોળ, ઘરશાળા રોડ, ગણપતી ફાટક થઈ ઉપાસના સર્કલ થઈ જાય તે મુજબ વાહનવ્યવહારને પસાર કરવો મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, હિતેષ કોયા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર શહેર વિસ્તારમાં તા. ૦૫-૦૮-૨૦૧૫ના રોજ ૧૨-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી ગેબનશા સર્કલથી ઉપાસના સર્કલ રૂટ પર ચાલતી એસ.ટી.બસો તથા ભારે વાહનો ગેબનશા સર્કલથી ધોળીપોળ, ઘરશાળા રોડ, ગણપતી ફાટક થઈ ઉપાસના સર્કલ થઈ જાય તે મુજબ વાહનવ્યવહારને પસાર થવા હંગામી ધોરણે ફેરફાર કરવા ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૦૫-૦૮-૨૦૧૫ ના રોજ ૧૨-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી./જાહેરનામું/૨૦૦૧/૨૦૧૫.-ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ-મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ હતું. તેમજ અગાઉ તા. ૨૬-૧૧-૦૮ના રોજ પણ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ આંતકવાદી હુમલાના બનાવો બનેલ હતા. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલ હતી. જે બાબતે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો (બોમ્બ) રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ હતો. જેના કારણે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેંચનારા વેપારીઓ અને ખરીદનાર વ્યકિતની ઓળખ થઈ શકે અને ત્રાસવાદી કૃત્ય આચરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય તે માટે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, સુલેહ શાંતી, સલામતી અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું/હુકમનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત પોતાના કબ્જામાં રાખવી.

(૨) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું વેચાણ કરે ત્યારે તેણે સાયકલ, સ્કુટર, કે મોટર સાયકલનું ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનું રહેશે.

(૩) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ ખરીદનારનું પુરુ નામ, સરનામું સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો તથા વેચાણ બીલમાં સાયકલનો ફ્રેમ નંબર, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૪) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનોના વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૦-૦૮-૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૧૦-૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૬ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૦૦૨/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભેના કારણો અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ હતી જેને અનુલક્ષીને હોસ્ટેલમાં રહેતા વિદ્યાથીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકો પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના હેતુસર હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૧૪ આથી હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય

INDEX

તે રીતે નાઈટ વીઝન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે અને આ સી.સી.ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) પેરા નં.-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા પેરા નં.-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ અધિકારી, મહેસુલી અધિકારી, એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૫-૦૮-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૧૦-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૬ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૦૦૦/૨૦૧૫.-ભુતકાળમાં ગુજરાત રાજયમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ હતા. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ હતા. આવા બોમ્બ વિસ્ફોટો જયાં લોકોની વધુ સંખ્યામાં અવર-જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ હતા. જે બનાવોને ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૧૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે, કોઈપણ વ્યકિત ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકી શકશે નહી તેમજ પ્રતિબંધીત કૃત્યમાં ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦-૦૮-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૧૦-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૬ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૬૨૪/૫૯૬૮/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ઉગલવાણ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ઉગલવાણ, તાલુકો : જેસર, જિ. ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૪૩/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫.

ભાવનગર, ૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૬૬૯/૫૯૭૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી નેસડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : નેસડા, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૪૮/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫.

ભાવનગર, ૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૬૩૩/૫૯૬૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પીપરાળી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પીપરાળી, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૪૪/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫.

ભાવનગર, ૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૬૫૧/૫૯૭૧/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી નાની બાબરીયાત મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : નાની બાબરીયાત, તાલુકો : તળાજા, જિ. ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૪૬/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫.

ભાવનગર, ૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૬૪૨/૫૯૭૦/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી આંગણકા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : આંગણકા, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૪૫/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫.

ભાવનગર, ૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૬૬૦/૫૯૭૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી લોંગડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : લોંદડી, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૪૭/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫.

ભાવનગર, ૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૬૭૮/૫૯૭૪/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી રોહિસા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : રોહિસા, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૪૯/૨૦૧૫, તા. ૦૪-૦૮-૨૦૧૫.

ભાવનગર, ૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ડૉ. એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 27th AUGUST, 2015/BHADRA 05, 1937 No. 35

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	**PART - I - B**	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	929-938	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1409-1456
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

NOTIFICATION

No. B/414/2015.-The following candidates are declared Successful in the Higher & Lower Standard Departmental Examination held on 6th and 7th July, 2015, in Jamnagar District.

Thei names are arranged in order of merits.

Higher Standard Departmental Examination

No candidate is declared successful

Lower Standard Departmental Examination

1. Mr. N. J. Gosai
2. Ms. C. C. Gondalia
3. Mr. A. M. Madhak
4. Mr. M. D. Vaghera
5. Ms. K. J. Sanchala
6. Mr. S. M. Patel
7. Mr. Y. B. Vala
8. Mr. Y. A. Gundigara
9. Ms. T. J. Bhatt
10. Mr. K. P. Vaghela
11. Mr. S. A. Dudherejiya
12. Mr. M. B. Raval
13. Ms. M. D. Zala
14. Mr. F. C. Gamara
15. Mr. S. H. Solanki

Jamnagar, 10th August, 2015.

NOTIFICATION

No. B/415/2015.-As the following Junior Clerks working in this District have obtained 50% or more than 50% of the total marks in the Papers in Higher & Lower Standard Departmental Examination of Judicial Department held on 6th and 7th July, 2015, shown against their name, they are exempted from appering in the said papers again as per sub-paragaph 13 of the paragraph 569 of Chapter XXVII of the Civil Manual, Volume I, 1960 :-

	Name of the Candidate	Papers from which he/ she is exempted
	Higher Standard Departmental Examination	
1.	Mr. K. N. Anjaria	I, II, III & Oral
2.	Mrs. K. N. Vaidhya	I & III
3.	Mr. N. A. Sonagara	I, II & III
	Lower Standard Departmental Examination	
1.	Mr. A. K. Rathod	Type
2.	Mr. A. R. Vora	II, III & Type
3.	Mr. B. P. Parmar	Type
4.	Mr. B. R. Chavda	Type
5.	Mr. B. V. Nakum	II & Type
6.	Ms. C. J. Sariya	III & Type
7.	Mr. C. M. Patel	II & III
8.	Mr. D. R. Suva	III & Type
9.	Ms. E. V. Somaiya	Type
10.	Mr. H. D. Parmar	Type
11.	Mr. H. H. Chudasama	Type
12.	Mr. H. H. Pindariya	II
13.	Ms. H. S. Chudasama	II & III
14.	Mr. J. F. Babi	II
15.	Mr. J. G. Gondalia	III
16.	Mr. J. M. Chaudhary	II, III & Type
17.	Mr. J. S. Dattani	III & Type
18.	Mr. K. A. Udani	Type
19.	Mr. K. B. Amlani	II, III & Type
20.	Mr. K. H. Bhatt	Type
21.	Mr. K. K. Kanjariya	II & Type
22.	Mr. K. K. Karotara	II
23.	Mr. K. M. Kandoliya	Type
24.	Mr. K. R. Kundariya	Type
25.	Mr. M. H. Chhaiya	Type
26.	Mr. M. H. Kureshi	Type
27.	Mr. M. N. Makwana	Type
28.	Mr. M. N. Sinha	Type
29.	Mr. M. P. Vala	Type
30.	Mr. M. R. Gohel	Type
31.	Ms. N. B. Lamba	II & Type
32.	Mr. N. L. Tanna	II, III & Type
33.	Mr. N. M. Kanet	III
34.	Mr. N. S. Jadeja	Type
35.	Mr. N. Z. Pathan	Type

36.	Mr. P. D. Gadhavi	Type
37.	Mr. P. G. Chudasama	Type
38.	Mr. P. K. Vala	Type
39.	Mr. P. M. Vasoya	II & Type
40.	Mr. R. M. Kanpara	Type
41.	Ms. R. M. Bhatt	Type
42.	Mr. S. M. Gagiya	III
43.	Mr. S. V. Sherasiya	Type
44.	Mr. T. G. Sonagara	Type
45.	Mr. U. B. Mori	Type
46.	Mr. V. A. Kapadiya	Type
47.	Mr. V. L. Pandit	Type
48.	Mr. V. S. Khungala	Type
49.	Mr. O. N. Chudasama	Type

Jamnagar, 10th August, 2015.

R. M. Sareen,
Principal District Judge,
Jamnagar.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) હેઠળ કાઢેલ

હુકમ

નાં. એમએજી/સી/૨૮૦૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર નં. સી/એલઆઈબી/શ્રાવણ/જા.ના./૫૦૦૭/૨૦૧૫, તા. ૦૮-૦૮-૨૦૧૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આગામી તા. ૧૫-૦૮-૨૦૧૫ થી તા. ૧૩-૦૯-૨૦૧૫ સુધી હિન્દુ સમુદાયનો પવિત્ર ધાર્મિક માસ શ્રાવણ માસ આવનાર છે. આ શ્રાવણ માસ દરમ્યાન સોમનાથ મંદિર ખાતે ખાસ કરીને શહેર, તાલુકા, જિલ્લા વિસ્તારમાથી કાયમી માટે દર્શનાર્થે આવનારા લોકોની સંખ્યામાં વધારો થઈ રહયો છે. ઉપરાંત રાજયમાં તથા દેશમાં બાર જયોર્તિલીંગ પૈકી શ્રી સોમનાથ મંદિર મુકામે પ્રથમ જયોર્તિલીંગ શિવ મંદિર હોવાના કારણે પુરા શ્રાવણ માસ દરમ્યાન યાત્રાળુઓનો ખુબ મોટા પ્રમાણમા ઘસારો રહે છે. સાથે-સાથે વાહનનો ટ્રાફિક પણ ખુબ જ થાય છે. જેથી ટ્રાફિક નિયમન કરવુ ખુબ મુશ્કેલ પડે છે અને અવાર-નવાર અવ્યવસ્થા સર્જાય છે. જે પ્રશ્નોનુ નિરાકરણ માટે નીચે જણાવેલ વિગતેના રસ્તાઓ તા. ૧૫-૦૮-૨૦૧૫ થી તા. ૧૩-૦૯-૨૦૧૫ સુધી વન-વે થવા માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) સફારી બાયપાસ તરફથી તમામ પ્રકારના વાહનો એક માર્ગીય રીતે વેણેશ્વરના રસ્તે થઈ ગૌરીકુંડ પાસેના પાર્કિંગ સ્થળે પાર્ક કરવા.

(૨) ગૌરીકુંડ પાસેના પાર્કિંગમા પાર્ક થયેલા વાહનો પરત જતી વખતે ગુડલક સર્કલ થઈ બહાર જઈ શકશે. આ રીતે આવક-જાવક બન્ને વન-વે રસ્તાઓ રહેશે.

(૩) એસ.ટી. બસ હાલના ચાલુ રસ્તા પ્રમાણે ગુડલક સર્કલથી પ્રભાસ પાટણ એસ.ટી. બસ સ્ટેન્ડ સુધી તેમજ ટુ વ્હીલર ગુડલક સર્કલથી વેણેશ્વર ખાતે થયેલ પાર્કીંગ સ્થળ સુધી જઈ શકશે.

ઉપરોકત વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે આગામી શ્રાવણ માસ દરમ્યાન યાત્રાળુઓની સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ બનવા ન પામે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબ જાહેરનામુ બહાર પાડવુ આવશ્યક જણાય છે.

સબબ, હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) હેઠલ મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત ક્રમં નં.-૧ થી ૩ ની વિગતે પ્રતિબંધ ફરમાવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તા. ૧૫-૦૮-૨૦૧૫ થી તા. ૧૩-૦૯-૨૦૧૫ સુધી અમલમા રહેશે.

આ હુકમ ફરજ ઉપરના સરકારી વાહનો, એસ.ટી.બસો, મેડીકલ ટીમના વાહનો તથા ટુ વ્હીલરને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મા જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખઃ ૧૨ મી, માહે ઓગસ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૨ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં.ડી.એમ.-૧/પરીક્ષા/ઈ.નં. ૩૨૭૧૩/૨૦૧૫.-જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા ભાવનગર શહેર તથા શિહોર તથા પાલીતાણા ખાતેના પરીક્ષા કેન્દ્રોમાં તલાટી કમ મંત્રીની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની

કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૧૬-૦૮-૨૦૧૫ના રોજ ૧૫-૦૦ કલાકથી ૧૬.૩૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ/સેલ્યુલર ફોન/કેલક્યુલેટર લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ભાવનગર શહેર તથા જિલ્લામાં ઉકત પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૧૧-૦૮-૨૦૧૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૧૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

નં.ડીએમ/વશી/૧૬૧૪/૨૦૧૫.-આગામી તા. ૧૬-૦૮-૨૦૧૫ના રોજ બોટાદ શહેર ખાતે જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતી દ્વારા તલાટી કમ મંત્રીની સીધી ભરતીની લેખિત સ્પર્ધાત્મક પુનઃ પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ તે અંગે ઉમેદવારોને અડચણ અને ત્રાસ દુર કરવાના હેતુથી ઝેરોક્ષ મશીનવાળા વેપારીઓ દ્વારા ઝેરોક્ષ મશીનનો ઉપયોગ ન થાય, પરીક્ષાર્થીઓને મોટા આવાજે લાઉડ સ્પીકર વગાડવાના કે બેન્ડવાજા વિગેરે ધ્વની વર્ધક સાધનોના મોટા અવાજથી ખલેલ ન પહોંચે, પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન દ્વારા પરીક્ષા કેન્દ્રમાં ગેરરીતી ન આચરે, અનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રમાં દાખલ ન થાય અને પરીક્ષા કેન્દ્રની આજુબાજુ લોકોના ટોળા એકત્ર ન થાય અને સુલેહ શાંતી જળવાય રહે તે માટે ઝડપી ઉપાય યોજવા જાહેર હિતમાં હું, આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

આગામી તા. ૧૬-૦૮-૨૦૧૫ ના રોજ ૧૫.૩૦ ક. થી ૧૬.૩૦ કલાક પરીક્ષાના સમય દરમ્યાન બોટાદ જિલ્લા ખાતે નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યાની આસપાસ આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓએ મોબાઈલ ફોન લઈ જવા પર, પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અન અધિકૃત વ્યક્તિએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અનુસૂચિ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/શાળાનું નામ	સ્થળ
૧	આર.પી. કોરડીયા માધ્યમિક વિદ્યાલ, વિવેકાનંદ નગર, સેવા સદન પાછળ, સ્ટેશન રોડ, બોટાદ	બોટાદ
૨	શ્રી આર.સી.એ. શાહ બોયઝ હાઈસ્કુલ, હવેલી પાછળ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૩	શ્રી અક્ષર પુરૂષોત્તમ હાઈસ્કુલ, જીવનધારા હોસ્પિટલ પાછળ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૪	શ્રી વી.એમ.સાકરીયા મહિલા આર્ટસ કોલેજ, ગોકુલ મેડીકલ પાસે, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૫	શ્રીમતિ એલ.જે.શાહ ગર્લ્સ હાઈસ્કુલ, ગોકુલ મેડીકલ પાસે, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૬	શ્રી સમાંતર સ્વાયત માધ્યમિક શાળા (વિવેકાનંદ) તાલુકા સેવા સદન પાસે, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૭	શ્રી એમ.ડી. શાહ વિદ્યાલય, હિંમતભાઈ ગાંધી માર્ગ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૮	શ્રી પુનમચંદ વિઠલદાસ દોશી વિદ્યાલય, કવિશ્રી બોટાદકર કોલેજ સામે, વિદ્યાભારતી કેમ્પસ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/શાળાનું નામ	સ્થળ
૯	કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૦	શ્રી આદર્શ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાલય, આદર્શ શૈક્ષણિક સંકુલ, હડદડ-બોટાદ રોડ, બોટાદ	બોટાદ
૧૧	શ્રી જે.એન.બગડીયા માધ્યમિક શાળા, નવા માર્કેટ યાર્ડ સામે, બોટાદ	બોટાદ
૧૨	શ્રી દક્ષિણા મુર્તિ વિદ્યાલય, તરઘરા પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૧૩	શ્રી સહજાનંદ હાઈસ્કુલ, સ્વામીનારાયણ ગુરૂકુળ, ગઢડા રોડ, બોટાદ	બોટાદ
૧૪	શ્રી સ્વામીનારાયણ શિક્ષાપત્રી હાઈસ્કુલ, મંગળપરા, ખોડીયારમાંની દેરી સામે, સંતરામ સ્કુલની પાસે, બોટાદ	બોટાદ
૧૫	શ્રી સમન્વય માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા, ભાંભણ, તાજપર રોડ, મારૂતિ આશ્રમ સામે, બોટાદ	બોટાદ

આ જાહેરનામું તા. ૧૬-૦૮-૨૦૧૫ ના રોજ બપોરના ૧૫.૩૦ કલાક થી બપોરના ૧૬.૩૦ કલાક સુધી અમલમાં રહેશે.

ઉક્ત તારીખે અને સમયે સદરહું હુકમમાં અપાયેલી સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫ માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

હું આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા, : ૧૨-૦૮-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડ્યો.

બોટાદ, ૧૨ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૫૦૫ થી ૨૨/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ ઓગષ્ટ/૨૦૧૫ તથા આગામી માસ સપ્ટેમ્બર-૨૦૧૫ દરમ્યાન તા. ૧૫-૦૮-૨૦૧૫ના રોજ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી તથા હીન્દુ ધર્મનો પવિત્ર શ્રાવણમાસ તથા તા. ૨૯-૦૮-૨૦૧૫ના રોજ રક્ષાબંધનની ઉજવણી દરમ્યાન તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૮-૦૮-૨૦૧૫ થી તા. ૦૬-૦૯-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકુતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ)
નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :-

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

‘‘જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.’’

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૪-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/ઓટો રીક્ષા જા.નામું/૨૦૧૫/વશી-૫૯૩૦ થી ૬૦૨૯.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલના સંજોગોમાં જોરાવરનગર, વઢવાણ, ધ્રાંગધ્રા, લીંબડી, ચોટીલા, થાનગઢ, પાટડી વગેરે શહેરોમાં ટ્રાફિક દિન-પ્રતિદિન વધતો જતો હોઈ તેમજ સુરેન્દ્રનગર શહેરમાં આજુબાજુના ગામડા તથા શહેરમાંથી લોકો પોતાના વાહનો જેવા કે ટુ-વ્હીલર તેમજ ફોર વ્હીલર લઈને વેપાર ધંધા અર્થે તેમજ જીવન જરૂરીયાત ચીજ વસ્તુ ખરીદવા આવતા હોય છે. તેમજ શહેરમાં ગામડાના તેમજ શહેરના લોકો ઓટો રીક્ષા તેમજ ડીઝલ રીક્ષામાં બેસી શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં મુસાફરી કરતા હોય છે. જે ઓટો રીક્ષા ચાલકો શહેરમાં તેમજ ગાંમડાઓમાં પણ પોતાની રીક્ષાઓ લઈને જતા હોય છે. સુરેન્દ્રનગર જિલ્લામાં દિન-પ્રતિદીન લુટ, હત્યા, ચોરી, ધાડ જેવા ગુન્હાઓ બનતા હોય છે અને ગુન્હેગારો ઓટોરીક્ષામાં પણ આવી ગુન્હાહીત પ્રવૃતી કરતા હોય છે અને લુટારાઓ રિક્ષામાં મુસાફરના સ્વાગમાં બેસી જાય છે અને જયારે નવો કોઈ મુસાફર આવે ત્યારે તેને ચાકુની અણીયે લુંટી લઈ માર મારી અંતરીયાળ વિસ્તારમાં ફેકી દેવામાં આવે છે. આવા સૌથી વધારે કિસ્સા રેલ્વે સ્ટેશન, એસ.ટી. સ્ટેન્ડ તેમજ પીકપ બસ સ્ટેન્ડની આસપાસ બનતા હોય છે. જેથી રીક્ષાઓમાં રીક્ષા ચાલકનું નામ, માલીકનું નામ, સરનામું, મોબાઈલ નંબર હોતા નથી જેથી રીક્ષામાં ગુન્હાહીત કૃત્ય કરવાવાળાને મોકળુ મેદાન મળી જાય છે. જે રીક્ષામાં બનતા લુંટના કિસ્સામાંઓ ડામવા રીક્ષામાં રીક્ષા ચાલકની પાછળના ભાગે રીક્ષામાં બેઠેલ મુસાફર વાંચી શકે તે રીતે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર, રીક્ષા ચાલકનું નામ-સરનામું તથા મોબાઈલ નંબર, માલીકનું નામ-સરનામું તથા મોબાઈલ નંબર, જિલ્લા પોલીસ કંટ્રોલ ફોન નંબર લખેલ પ્લેટ લગાવવામાં તેમજ રીક્ષામાં બેઠેલ મુસાફર નિર્ભય રીતે મુસાફરી કરી શકે અને પોતે જે રીક્ષામાં બેઠેલ છે તેની ઓળખ પોલીસે કરી લીધેલ છે તેવી તેને ખાત્રી થાય તે માટે રીક્ષાઓમાં થતી ગુન્હાહીત પ્રવૃતી ડામવા માટે ઉપરોકત જણાવ્યા મુજબની રીક્ષા ચાલકની પાછળ લખાણવાળી પ્લેટ લગાવવા રીક્ષા ચાલક/માલીકે ચુસ્ત અમલ કરવો તેમજ જિલ્લાની હાલની કાયદો અને વયવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૦-૦૫-૨૦૧૫ના પત્ર ક્રમાંક : ૫૭૨/ગનશ/૨૦૬૩/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામું ફરમાવવું મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ : ૦૬-૦૭-૨૦૧૫ થી તારીખ : ૦૫-૦૯-૨૦૧૫ સુધી (બંન્ને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારોમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને, પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો, ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૬ માહે જુલાઈ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/જુના વાહન ખરીદ-વેચાણ જા.નામુ/૨૦૧૫/વશી-૫૮૩૦ થી ૫૯૨૯.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલના સંજોગોમાં જોરાવરનગર, વઢવાણ, ધ્રાંગધ્રા, લીંબડી, ચોટીલા, થાનગઢ, પાટડી વગેરે શહેરોમાં જુના વાહન ખરીદ-વેચાણ કરવામાં આવે છે. તેમજ દેશભરમાં અલગ-અલગ જગ્યાએ થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં જુના સાઈકલ કે સ્કુટરનો ઉપયોગ થયેલ છે. તેમજ ચોરી ધાડ, લુંટ, અપહરણ વિગેરે ગુનાઓમાં જુના વાહનનો ઉપયોગ થતો હોય છે અને ગુનો કર્યા બાદ આવા વાહનો બીનવારસી મુકી દેવામાં આવે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં ચોરેલા વાહનો દલાલો મારફતે સસ્તા ભાવે વેચી દેવામાં આવે છે અને તપાસ દરમ્યાન વાહનો લે-વેચના ધંધો કરતા દલાલો મારફતે વેચાયેલ હોવાનું અને ખરીદનારની કોઈ વિગતો મળતી નથી જેથી આવા ગુનેગારો સુધી પોલીસ સહેલાઈથી પહોંચી શકતી નથી જેથી આવા જુના ટુવ્હીલર, ફોર વ્હીલર, સાયકલ વિગેરે વાહનોનો વેચાણ કરતા તેમજ ખરીદી કરતા દલાલોએ વાહન વેચવા આવનાર તેમજ ખરીદી કરવા આવનાર વ્યકિતના નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ તેમજ મોબાઈલ નંબરની માહિતી તેમજ ખરીદેલ તથા વેચેલ વાહનના એન્જીન ચેચીસ નંબર તથા રજીસ્ટેશન નંબર સાથેની સંપુર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર રાખવુ જરૂરી છે. જેથી પોલીસ વિભાગને જરૂર પડે ત્યારે સંપુર્ણ વિગત મળી રહે અને આરોપી સુધી સહેલાઈથી પહોંચી શકાય. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૩-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલ.આઈ.બી./જા.પ્ર/૨૨૪/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામુ ફરમાવવું મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચેના કોલમ મુજબનું રજીસ્ટર નિભાવવા હુકમ કરૂં છું.

-રજીસ્ટરમાં નીચે જણાવેલ કોલમ મુજબની માહિતી રાખવી-

અ.નં.	તારીખ	વાહનનો પ્રકાર/વર્ણન/રજી નં./ ચેચીસ નં. વિ.ની વિગત	વાહન જેની પાસેથી ખરીદેલ હોય તેનું નામ, સરનામું, એક આઈ.ડી.પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો	વાહન જેને વેચેલ હોય તેનું નામ, સરનામું એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો

આ જાહેરનામુ સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારોમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસે લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો, ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૭ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

INDEX

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૪૧૮/૨૫૮૫/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી રામપર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રામપર, તાલુકોઃ-માંડવી, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૨૯૯૪, તા. ૦૬-૦૮-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૬ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૪૨૪/૨૫૯૯/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી આશાપુરા મહિલા ખીરસરા (કો) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખીરસરા, તાલુકોઃ-અબડાસા, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૨૯૯૭, તા. ૦૬-૦૮-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૬ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૭૮/૨૬૨૪/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી રામપર-વેકરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વેકરા, તાલુકોઃ- માંડવી, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૨૯૯૩, તા. ૩૦-૦૭-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૩૦/૧૭ માહે જુલાઈ/ઓગષ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૪૪૬/૨૬૦૮/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી ગણેશ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રતીયા, તાલુકોઃ-ભુજ, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૩૦૦૦, તા. ૧૩-૦૮-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૧૩ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૪૩૮/૨૬૧૯/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી ઉદય કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મુ. ગાંધીધામ, તાલુકોઃ- ગાંધીધામ, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૨૯૯૯, તા. ૧૨-૦૮-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૧૨/૧૭ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

જાવક/નંબર/ગ/૫૧૭/૧૩૮૨/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દેવભુમિ, દ્વારકા, આથી જાહેર કરે છે કે, શ્રી બાલવી ખેત ઉત્પાદન ખરીદ વેચાણ સહકારી મંડળી લી., સ્થળઃ વાચ્છું, તાલુકોઃ ઓખા મંડળ, જિલ્લોઃ દેવભુમિ દ્વારકા સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર-ક્રમાંકઃ નધણ/ડીબીડી/સા. ૯૦૦૦, સને ૨૦૧૫ છે.

દેવભુમિદ્વારકા, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
દેવભુમિ-દ્વારકા.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/ ૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

INDEX

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંક : ફડચ/ખ-૪/૨૦૭/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા.નં./ફડચ/ખ-૪/૨૨૩/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી જય કિશાન ફળ અને શાકભાજી ઉત્પા. સ.મં.લી., મુ. મેંદરડા, તા. મેંદરડા, જિલ્લોઃ જુનાગઢ કે જેના નોંધણી નં. ૧૨૯૭૬ અને તા. ૨૪-૦૭-૨૦૦૮ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂ છું તથા અધિનિયમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂ છું.

નોંધ :

આ વચગાળાના હુકમ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો આ હુકમની તારીખથી ૧ માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં કોઈ વાંધા કે રજુઆત નહીં આવે તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/ ૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંક : ફડચ/ખ-૪/૨૦૮/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા.નં./ફડચ/ખ-૪/૨૨૪/૨૦૧૪.-આથી હું ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી કેવદ્રા દુધ ઉત્પા. સ.મં.લી., મુ. કેવદ્રા, તા. કેશોદ, જિલ્લોઃ જુનાગઢ કે જેના નોંધણી નં. ૨૨૫૬૫ અને તા. ૦૮-૦૮-૧૯૯૭ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂ છું તથા અધિનિયમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂ છું.

નોંધ :

આ વચગાળાના હુકમ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો આ હુકમની તારીખથી ૧ માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં કોઈ વાંધા કે રજુઆત નહીં આવે તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/ ૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંક : ફડચ/ખ-૪/૨૦૫/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા.નં./ફડચ/ખ-૪/૨૨૫/૨૦૧૪.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી મેસવાણ દુધ ઉત્પા. સ.મં.લી., મુ. મેસવાણ, તા. કેશોદ, જિલ્લોઃ જુનાગઢ કે જેના નોંધણી નં. ૧૮૭૫૩ અને તા. ૨૭-૦૨-૧૯૮૧ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂ છું તથા અધિનિયમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂ છું.

નોંધ :

આ વચગાળાના હુકમ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો આ હુકમની તારીખથી ૧માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં કોઈ વાંધા કે રજુઆત નહીં આવે તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/ઉ.-૧૬૩૫૫/૬૧૦/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી મુરલીધર ફળ અને શાક ઉત્પા. અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ભાટગામ, તાલુકો : માંગરોળ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૩ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/ઉ-૧૫૬૦૨/ઝ/૮૯/૧૫૮૨/ ૨૦૧૫.- આથી જાહેર કરે છે કે, શ્રી ખોડીયાર મહિલા ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પાલખડા, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૫ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/ઉ-૧૫૬૦૩/ઝ/૯૧/૧૫૮૪/૨૦૧૫.- આથી જાહેર કરે છે કે, શ્રી જય ખોડીયાર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સિંધપુર, તાલુકો : કુતિયાણા, જિલ્લો : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૫ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

એસ. બી. તન્ના,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૫૪૫/નં. આરજેટીઃસે.દુ-૪૨૭૭૬/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી મેખાટીંબી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મેખાટીંબી, તાલુકો : ઉપલેટા, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૫૪૬/નં. આરજેટીઃ સે.દુ-૪૨૭૭૭/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સાલપીપળીયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સાલપીપળીયા, તાલુકો : પડધરી, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૫૪૭/નં. આરજેટીઃસે.દુ-૪૨૭૭૮/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી બેટી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : બેટી, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/જ-૨/૫૪૮/નં. આરજેટીઃસે.દુ-૪૨૭૭૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી માલીયાસણ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : માલીયાસણ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 03rd SEPTEMBER, 2015/BHADRA 12, 1937 No. 36

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

	Pages		Pages
PART - I Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	939-958	**PART - I - B** (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1457-1496
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

NOTIFICATION

No. U.HC/64/B.7(1)/4131/of 2015.

I

Higher Standard Departmental Examination :

PART-I : The successful candidates who appeared in the examination in all papers and successful to pass the examination as per merits :

(1)	Mrs. P. R. Rajgor, Assistant, Principal Senior Civil Court, Bhuj.
(2)	Ms. R. B. Bhatt, Assistant, 7th (Ad-hoc) Additional District Court, Bhuj.
(3)	Mrs. K. T. Dave, Assistant, 5th (Ad-hoc) Additional Civil Court, Bhuj.
(4)	Mr. P. K. Jani, Assistant, Additional Civil Court, Bhuj.
(5)	Mr. H. B. Zala, Assistant, 8th (Ad-hoc) Additional District Court, Gandhidham
(6)	Mr. P. N. Joshi, Assistant, Chief Judicial Magistrate Court, Bhuj.

PART-II : Successful candidates who have retained the previous exemption :

(1)	Ms. T. M. Bhatt, Assistant, Principal Senior Civil Court, Anjar.
(2)	Mr. A. D. Bhise, Assistant, Additional Civil Court, Gandhidham.
(3)	Mr. V. B. Chauhan, Assistant, Principal Senor Civil Court, Anjar.
(4)	Mr. P. M. Chavda, Assistant, Additional Civil Court, Gandhidham.
(5)	Mr. R. K. Rajgor, Assistant, District Court, Bhuj.
(6)	Ms. R. R. Siddi, Assistant, Principal Senor Civil Court, Bhuj.
(7)	Mr. P. J. Thacker, Assistant, District Court, Bhuj.
(8)	Mr. A. L. Thaker, Assistant, 4th Additional Senior Civil Court, Gandhidham

II

Lower Standard Departmental Examination :

PART-I : There is no candidates who appeared in the examination in all papers and successful to pass the examination as per merits.

(1)	Mr. J. D. Rana, Assistant, Chief Judicial Magistrate Court, Bhuj.
(2)	Ms. P. V. Dhila, Assistant, Principal Civil Court, Bhachau.
(3)	Ms. N. H. Gadhavi, the then Assistant At present working on the establishment of UGVCL, Talod, Dist. S.K.
(4)	Mr. C. P. Rathod, Assistant, District Court, Bhuj.
(5)	Mr. N. J. Sarvaiya, Assistant, District Court, Bhuj.
(6)	Mr. S. R. Garchar, Assistant, 5th (Ad-hoc) Addi. Civil Court, Bhuj.
(7)	Mrs. S. V. Chaudhari,Assistant, District Court, Bhuj.
(8)	Ms. B. M. Rajgor, Assistant, Principal Civil Court, Mandvi.
(9)	Mr. A. D. Rana, Assistant, Principal Civil Court, Naliya.
(10)	Mr. R. M. Akhani, Assistant, 2nd Additional Senior Civil Court, Bhuj.
(11)	Mr. C. R. Sodham, Assistant, Addi. Dist. Govt. Pleader's Office, Gandhidham.
(12)	Mr. D. M. Boksha, Assistant, Principal Civil Court, Nakhatrana..
(13)	Mr. J.S. Rathod, Assistant, Dist. Govt. Pleader's Office, Bhuj.
(14)	Mr. S. N. Yadav, Assistant, Chief Judicial Magistrate Court, Bhuj.
(15)	Mr. A.D. Vaghela, Assistant, Principal Civil Court, Bhachau.
(16)	Mr. M.G. Karmata, the then Assistant, 2nd Addi. Civil Court, Gandhidham. At present: Assistant, 4th Additional District Court, Morbi, Dist. Rajkot.
(17)	Mr. H.P. Khambhara, Assistant, (Ad-hoc) Addi. Civil Court, Bhachau.
(18)	Mr. H. B. Dodiya, Assistant, (Ad-hoc) Addi. Civil Court, Mundra.
(19)	Mr. M. K. Ghasiya, Assistant, Principal Civil Court, Rahpar.

(20)	Mr. B.A. Makwana, Assistant, Principal Civil Court, Dayapar.
(21)	Mr. M. H. Chauhan Assistant, District Court, Bhuj.
(22)	Mr. V. D. Maheshwari, Assistant, Principal Senior Civil Court, Gandhidham.
(23)	Mr. K. D. Rajgor, Assistant, 2nd (Ad-hoc) Addi. Civil Court, Gandhidham.
(24)	Mr. V. R. Garchar, Assistant, 3rd Addi. District Court, Bhuj.
(25)	Mr. H. P. Kelaiya, Assistant, Principal Senior Civil Court, Gandhidham.
(26)	Ms. S. N. Pathan, Assistant, Principal Civil Court, Mandvi.
(27)	Mr. C. V. Makwana, Assistant, Principal Civil Court, Bhachau.
(28)	Mr. S. J. Vaghela, Assistant, Additional District Court, Gandhidham.
(29)	Mr. D. A. Dabhi, Assistant, 6th Addi. District Court, Gandhidham.
(30)	Mr. K. K. Koshia, Assistant, Dist. Govt. Pleader's Office, Bhuj.
(31)	Mr. M. A. Malek, Assistant, 3rd Addi. District Court, Anjar.

PART-II : Successful candates who have retained the previous exemption :

(1)	Mr. P. I. Bhil, Assistant, (Ad-hoc) Additional Civil Court, Mundra.
(2)	Mr. J. V. Gadhavi, Assistant, 4th Additional Senior Civil Court, Bhuj.
(3)	Mr. A. B. Katta, Assistant, Additional Civil Court, Bhuj.
(4)	Ms. C. B. Lakhtariya, Assistant, Principal Senior Civil Court, Anjar.
(5)	Mr. J. V. Mandli, Assistant, Additional Senior Civil Court, Anjar.
(6)	Mr. K. P. Solanki, Assistant, Additional Civil Court, Anjar.

III

The following candidates who appeared in the Higher Standard Departmental Examination-2015 and failed to pass the examination but exempted from appearing in any papers.

Sr.No.	Name of Employee	Paper No.
(1)	Mr. R. M. Bhatt, Assitant, 2nd Additional Civil Court, Bhuj.	I & III
(2)	Mr. V. P. Chauhan, Assitant, Principal Senior Civil Court, Anjar.	III
(3)	Mr. N. D. Chavda, Assistant, District Court, Bhuj.	I & III
(4)	Mr. M.T. Dave, Assistant, Principal Civil Court, Mundra	III & IV
(5)	Mr. V.J. Jani, Assistant, Additional District Court, Gandhidham.	I & Oral Test
(6)	Ms. D.J. Kadiya, Assistant, Principal Civil Court, Mundra.	I, III & IV
(7)	Mrs. Z. T. Parmar, Assistant, District Court, Bhuj.	I
(8)	Mrs. C. I. Rana, Assistant, Addi. District Court, Gandhidham	III
(9)	Mr. S. M. Shaikh, Assistant, Principal Civil Court, Mundra	I & III
(10)	Mr. N. N. Shukla, Assistant, 3rd Additional Civil Court, Bhuj	III
(11)	Mr. D. R. Solanki, Assistant, 4th Addi. Dist. Court, Gandhidham	I, II & III
(12)	Mr. P. D. Trivedi, Assistant, 4th Addi. Dist. Court, Gandhidham	III & Oral Test
(13)	Mr. P. K. Vaidya, Assistant, Chief Judicial Magistrate Court, Bhuj	III & IV

IV

The following candidates who appeared in the Lower Standard Departmental Examination-2015 and failed to pass the examination but he is exempted from appearing in the papers shown against their names :

(1)	Mr. R.D. Acharya, Assitant, Principal Civil Court, Nakhatrana	I & Type Test
(2)	Mr. M. N. Bhatti, Assistant, 3rd Addi. Sr. Civil Court, Gandhidham	Type Test
(3)	Mr. S.L. Chavda, Assistant, T.L.S.C., Anjar	Type Test
(4)	Mr. P. D. Dabhi, Assistant, District Court, Bhuj.	I, II & III
(5)	Mr. J. K. Parikh, Assistant, Pri. Senior Civil Court, Gandhidham.	II & III
(6)	Mr. J. D. Solanki, Assistant, T.L.S.C., Gandhidham.	II & Type Test
(7)	Mr. M. K. Zala, Assistant, Addi. Dist. Govt. Pleader's Office, Anjar.	I

Entries regarding passing the respective examination be made in the Service Book of the concerned incumbents.

Kachchh-Bhuj, 18th August, 2015.

M. R. Mengdey,
Principal District Judge,
Kachchh-Bhuj.

Read :

1. Notification No. GK/22/2015/CCA/102014/1112/D, (Part-16), dated : 05-08-2015 of Legal Department, Gandhinagar.
2. Notification No. A. 0705/2013(I)[79] dated : 05-08-2015 of Hon'ble High Court.

NOTIFICATION

No. Adm/4975/2015.-Consequent upon establishment of a new full time Court of **Principal Civil Judge & Judicial Magistrate First Class, Thangadh,** Surendranagar District vide above referred Notifications of Legal Department, Gandhinagar, preamble at Sr. No. 1 and Notification of Hon'ble High Court, preamble at Sr. 2, it is notified for General to all concerned that the full time Court of Principal Civil Judge, Thangadh, Surendranagar District has started functioning w.e.f. 09-08-2015. The Address and Telephone Numbers of the said Court are as under :

Address and Phone Number :

Principal Civil Court,
Pathikashram Building,
Railway Station Road,
Thangadh, Ta: Thangadh. Dist.-Surendranagar,
Phone and Fax (O) : 02751 220334 (D)
02751 220234

Surendranagar, 20th August, 2015.

D. A. Joshi,
Principal District Judge,
Surendranagar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૨૩૬૨/૧૫.-રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ટેટ-૧ની પરીક્ષા તા. ૨૩-૦૮-૨૦૧૫ના રોજ યોજવામાં આવનાર છે. આ પરીક્ષા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યક્તિને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવાનું વ્યાજબી જણાય છે. તેથી હું, **આર. જે. માકડિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ ની પેટા કલમ–(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા. ૨૩-૦૮-૨૦૧૫ ના રોજ પરિશષ્ટિ–૧ માં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં સવારના ૧૦-૩૦ થી ૧૨-૩૦ કલાક સુધી ચાર કે તેથી વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

પરિશિષ્ટ–૧

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ
૧	સજુબા હાઈસ્કુલ, જામનગર
૨	સેન્ટ ઝેવિયર્સ, જામનગર
૩	પી.વી. મોદી સ્કુલ, જામનગર

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારની નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.
(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યક્તિને.
(૩) લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રાને.
(૫) પ્રમાણીત પરિક્ષાર્થીને.
(૬) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગરે બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૨૦ માહે ઓગષ્ટ–૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૨૦ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયેનો

હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૨૩૩૦/૧૪૪/૧૫.-જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ, જિલ્લા પંચાયત, જામનગર દ્વારા તલાટી-કમ-મંત્રી સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તા. ૨૩-૦૮-૨૦૧૫ના રોજ યોજવામાં આવનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે.

આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરિક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, **આર. જે. માકડિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા **પરિશિષ્ટ** મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૨૩-૦૮-૨૦૧૫ના રોજ બપોરના ૩:૦૦ થી ૪:૩૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી, તેમજ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન સાથે પ્રવેશ કરવો નહી.

પરિશિષ્ટ-૧

જામનગર (શહેર)

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ
1	સોઢા રસીલાબા કન્યા વિદ્યાલય, જામનગર
2	શાસ્ત્રી ત્ર્યંબકરામ હાઈસ્કુલ, જામનગર
3	શ્રી બ્રિલીયન્ટ સ્કુલ, જામનગર
4	શ્રી એમ. પી. શાહ કોમર્સ કોલેજ, જામનગર
5	આર.આર. શાહ હાઈસ્કુલ, જામનગર
6	ડી.સી.સી. હાઈસ્કુલ, જામનગર
7	ડી.એસ. ગોજીયા વિદ્યાલય, જામનગર
8	સરદાર પટેલ હાઈસ્કુલ, જામનગર
9	શારદા મંદિર હાઈસ્કુલ, જામનગર
10	સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, જામનગર
11	સેન્ટ ફ્રાન્સીસ હાઈસ્કુલ, જામનગર
12	સત્યસાંઈ હાઈસ્કુલ યુનિટ-૧ થી ૫, જામનગર
13	સેન્ટ આન્સ હાઈસ્કુલ, જામનગર
14	ગવર્મેન્ટ પોલીટેકનિક કોલેજ, જામનગર
15	શ્રી વી.એમ. મહેતા કોલેજ (પંચવટી કોલેજ), જામનગર
16	એ. કે. દોશી વિદ્યાલય, જામનગર
17	એ. કે. દોશી મહિલા કોલેજ, જામનગર
18	સેન્ટ મેરી સ્કુલ, જામનગર
19	સજુબા ગર્લ્સ હાઈસ્કુલ યુનિટ-૧ તથા ૨, જામનગર
20	વિભાજી સરકારી હાઈસ્કુલ, જામનગર
21	નવાનગર સરકારી હાઈસ્કુલ, જામનગર
22	સનસાઈન હાઈસ્કુલ, વાલકેશ્વર નગરી, જામનગર
23	હાલારી વિશા ઓશવાળ, જામનગર
24	જે.કે.સોની કન્યા વિદ્યલય યુનિટ-૧ તથા ૨, જામનગર
25	એસ.ડી. ગોરીયા હાઈસ્કુલ, જામનગર
26	એલ.જી. હરીયા હાઈસ્કુલ, યુનિટ-૧, ૨ અને ૩, જામનગર
27	સોઢા ઉમેદસિંહ હાઈસ્કુલ, જામનગર
28	એસ.બી. શર્મા પબ્લિક સ્કુલ, જામનગર
29	ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર(આઈટીઆઈ), જામનગર
30	એ. બી. વિરાણી કન્યા વિદ્યાલય, જામનગર
31	પ્રણામી હાઈસ્કુલ, જામનગર
32	ઓધવદીપ હાઈસ્કુલ, જામનગર
33	શ્રી પી.વી. મોદી હાઈસ્કુલ, યુનિટ-૧ અને ૨, જામનગર
34	રાજપુત કન્યા વિદ્યાલય, જામનગર
35	પ્રાઈમ ઉચ્ચતર મા.શાળા, જામનગર
36	તક્ષશીલા વિદ્યાલય, જામનગર
37	નેશનલ હાઈસ્કુલ, જામનગર
38	શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલય, (આર્યસમાજ), જામનગર
39	રતનબાઈ કન્યા વિદ્યાલય, જામનગર
40	વૃજભુષણ લાલજી મહારાજ વિદ્યાલય
41	શ્રી જી.ડી. શાહ હાઈસ્કુલ, જામનગર
42	નંદન વિદ્યાલય, જામનગર
43	સનસાઈન હાઈસ્કુલ, રણજિતસાગર રોડ, જામનગર
44	કાલિંદી સેકન્ડરી હાઈસ્કુલ, જામનગર
45	કે.બી. માંઢુ, જામનગર
46	ઓશવાળ હાઈસ્કુલ, જામનગર
47	જૈન કન્યા વિદ્યાલય, જામનગર
48	શાંતિનિકેતન વિદ્યાલય, જામનગર
49	સેન્ટ ગેગોરીયસ હાઈસ્કુલ, જામનગર
50	શ્રી ક્રિષ્ના સાયન્સ સ્કુલ, જામનગર
51	ગુ.સા. મહેતા કન્યા વિદ્યાલય, જામનગર
52	ધ પટેલ એકેડેમી, જામનગર
53	શ્રી જી.એચ. ગોસરાણી (હરીયા કોલેજ), જામનગર

ધ્રોલ તાલુકો

1	એમ.ડી. મહેતા ગર્લ્સ હાઈસ્કુલ
2	જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૧ અને ૨, ધ્રોલ
3	જ્ઞાનદીપ માધ્યમિક શાળા, ધ્રોલ
4	ગણેશ વિદ્યાલય, યુનિટ-૧ અને ૨, ધ્રોલ
5	બી.એમ. પટેલ વિદ્યાલય, વાંકીયા, તા. ધ્રોલ
6	હરધ્રોલ સરકારી હાઈસ્કુલ, ધ્રોલ

કાલાવડ તાલુકો

1	હિરપરા કન્યા વિદ્યાલય યુનિટ-૧ અને ૨, કાલાવડ
2	દિવ્યજયોત વિદ્યાલય, કાલાવડ
3	વિવેકાનંદ વિદ્યાલય, કાલાવડ
4	મ્યુનિસીપલ હાઈસ્કુલ, કાલાવડ
5	મુકતાબેન કન્યા વિદ્યાલય, કાલાવડ

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૨૦ માહે ઓગસ્ટ–૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૨૦ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

આર. જે. માકડિયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જામનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૮૧૩૩ થી ૧૮૮૩/૨૦૧૫.- (૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૭-૦૮-૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૧૭-૦૮-૨૦૧૫ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૧૪ મી ઓગષ્ટ–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૮૫૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.ના./સ.સ.બંધી/૫૦૪૪/૧૫, તા. ૧૪-૦૮-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ મુસ્લીમ

વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવન ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી ઈચ્છનીય છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) હાલમાં હિન્દુ સમાજનો પવિત્ર શ્રાવણ માસ ચાલુ હોય,જે દરમ્યાન રક્ષાબંધન, બોળચોથ, નાગપાંચમ, શીતળા સાતમ તેમજ જન્માષ્ટમી જેવા તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક તહેવાર સબબ ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વગેરે સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદીર ખાતે આ તહેવાર દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય, જેથી કોઈ બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ વર્ષા ૠૃતુ ચાલુ હોય, જેના કારણે વિજળીની આવક-જાવક થતી હોય જે કારણોસર મોલને પાણી પાવા સારૂ વિજ પુરવઠાના પ્રશ્ને ખેડુતો દ્વારા, તેમજ પાટીદાર સમાજ દ્વારા આંદોલનની ચળવળ ચાલુ હોય આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદેસર ટોળાના રૂપમા લાઈન શો યોજાતા હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યકતા છે. જેથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૨-૦૮-૨૦૧૫ થી તા. ૨૦-૦૯-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૦ મી માહે ઓગસ્ટ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૦ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૨૮૫૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલ.આઈ.બી./હથિ.બંધી/૫૦૪૫/૨૦૧૫, તા. ૧૪-૦૮-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય, નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે પ્રથમ જયોર્તિર્લીંગ સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય. (૩) હાલમાં હિન્દુ લોકોનો ધાર્મિક શ્રાવણ માસ ચાલુ હોય, અને આ માસમાં રક્ષાબંધન, બોળચોથ, નાગપાંચમ, શીતળા સાતમ તેમજ જન્માષ્ટમી જેવા તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક તહેવાર સબબ ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વગેરે સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદીર ખાતે આ તહેવાર દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૨-૦૮-૨૦૧૫ થી તા. ૨૦-૦૯-૨૦૧૫ સુધી બંન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા તેમજ દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તેવા વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૦ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૨૦ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં.ડી.એમ./વશી/૧૬૭૨/૨૦૧૫.-આગામી તા. ૨૩-૦૮-૨૦૧૫ રોજ બોટાદ શહેર ખાતે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત TET-1 ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, ભરતસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૨૩-૦૮-૨૦૧૫ ના રોજ સવારના ૧૧.૦૦ કલાકથી બપોરના ૧૨.૩૦ કલાક દરમિયાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

TET-1 પરીક્ષા કેન્દ્રોની યાદી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	ગામ/શહેર
૧	આર.સી.એ. બોયઝ હાઈસ્કુલ, હવેલી પાછળ, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૨	શ્રી એમ.ડી. શાહ વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ
૩	પી. વી. દોશી વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ	બોટાદ

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૧૯-૦૮-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ભરતસિંહ ચુડાસમા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૬૦૩૩ થી ૬૧૩૨.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૩-૦૮-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૬૩૮/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૨૧-૦૮-૨૦૧૫ થી તારીખ : ૩૧-૦૮-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી/લાઠી, કુંલ્લીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની એકઠા કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિ નો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/વશી-૬૧૩૩ થી ૬૨૩૨.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૩-૦૮-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૬૩૭/૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૨૧-૦૮-૨૦૧૫ થી તારીખ : ૩૧-૦૮-૨૦૧૫ સુધીની (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

ક્રમાંક : વિશા/૨૨૮૭/મોબાઈલ/૧૦૦/૨૦૧૫.-ગઈ તા. ૨૫-૦૮-૨૦૧૫ના રોજ અમદાવાદ શહેરમાં પાટીદાર અનામત અનુસંધાને સભાનું આયોજન કરવામાં આવેલ તે સભા તેમજ રેલી અન્વયે પડેલ પ્રત્યાઘાતો અનુસંધાને રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થીત થયેલ છે. આ પરિસ્થિતીમાં સોશીયલ મીડીયાનું અસામાજીક તત્વો દ્વારા દુર ઉપયોગ કરી અફવાનો પ્રવાહ ચાલુ કરેલ છે. જેને અટકાવવું કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ તેમજ રાજકોટના શહેરજનોની જાહેર સલામતી માટે ખુબ જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નંબર-૨)ની કલમ-૧૪૦ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

કૃત્યો

રાજકોટ શહેર વિસ્તારમાં મોબાઈલમાં ઈન્ટરનેટ આપતી કંપનીઓએ તા. ૨૬-૦૮-૨૦૧૫ ના રોજ કલાક ૧૪-૦૦ થી તા. ૨૮-૮-૧૫ ના કલાક ૨૪-૦૦ દરમ્યાન તમામ સર્વીસ મોબાઈલ પ્રોવાઈડરો દ્વારા ૨જી, ૩જી, ઈન્ટરનેટ સર્વીસ (લેન્ડલાઈન બ્રોડબેન્ડ સીવાય) બંધ કરવાની રહેશે. તેમજ મોબાઈલ ફોન પર ગ્રુપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ. ની સુવીધા પણ ગ્રાહકોને પુરી પાડી શકશે નહી. આ હુકમ

તા. ૨૬-૦૮-૧૫ ના કલાક ૧૪-૦૦ થી તા. ૨૮-૮-૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શીક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસીધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૬-૦૮-૧૫ ના રોજ મારી સહી અને સિકકા કરી આપ્યા.

રાજકોટ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૨૨૪૯/૨૦૧૫.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઇપ લાઇન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઈપલાઇન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઇ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઇપલાઇન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો ધ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય.

(૨) તેમજ કેટલાક પ્રાઈવેટ સિક્યુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે. તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિક્યુરીટી-વાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઇ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મ ધારી પ્રાઇવેટ સિક્યુરીટી વાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુર ઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનુ મારૂ માનવું છે.

પ્રાઇવેટ સિક્યુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓની ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઇવેટ સિક્યુરીટી- વાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એકઝી. મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૯-૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૧૫ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૨) (ક) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપ લાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડ-ફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી

INDEX

લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી ખેંચી શકશે નહીં.

(૩) કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

: વિસ્તાર :

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

: અપવાદ :

(૧) નર્મદા પાણીની પાઈપલાઈનના જાહેરનામામાંથી ઉપરોકત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૪ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૨૫૪/૨૦૧૫.-ભુતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આંતકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહીત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલા તેમજ ભુતકાળના બનાવો જેવા કે સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા મુંબઈ અને દિલ્હી ખાતે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તાજેતરમાં હૈદ્રાબાદ તથા બેંગ્લોર બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો, તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા અને હાલના પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરની સલામતિ માટે કેટલાક પગલા લેવા જરૂરી છે.

રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડની કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ તથા જયા બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પાડતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી મોલમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે. મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

અમલવારીનો સમય

આ હુકમનો અમલ તા. ૦૧-૦૯-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૪ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૨૫૦/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં શહેર વિસ્તારમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય હાલની આતંકવાદી ગતિવિધી તથા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિને લક્ષમાં લેતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા પર તથા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર,** ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

પ્રતિબંધિત કૃત્યોં

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીના પીરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ ૦૧-૦૯-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૧-૧૦-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૨૪ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૨૫૧/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા સભાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય અને હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ પોતાની પાસેના લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેર વિસ્તારમાં આવી હથીયારોનો મુખ્યત્વે ઉપયોગ કરે છે. આવા લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુન્હાઓની કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તેવી પ્રવૃત્તિને અંકુશમાં લેવા માટે અમુક પ્રતિબંધ મુકવા ઉચીત અને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજના સમય સિવાયના કોઈપણ સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારીના સમય

આ હુકમનો અમલ ૦૧-૦૯-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૧-૧૦-૨૦૧૫ના કલાક ૨૪/૦૦ સુધી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરીમાં હોય અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ આવવા લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૪ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૨૨૫૫/૨૦૧૫.-તાજેતરમાં વલસાડ જિલ્લામાં મજુરોની વસાહતના કુદરતી હાજતે ગયેલ મહીલા પર ગેંગરેપનો બનાવ બનેલ હોય આવો બનાવ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બનવા પામે નહીં અને શહેર વિસ્તારમાં નવા બંધાતા મકાનોમાં, કોમ્પ્લેક્ષમાં, ઔદ્યોગીક એકમોમાં, જુદી જુદી ટેલીકોમ કંપનીઓમાં તથા ખેતી વિષયક કામ કરતાં મજુરો વિગેરે કામકાજમાં રોકાયેલ મજુરોને રહેવા સબંધી તમામ સગવડો (સુવિધા)ઓ ઉપલબ્ધ થાય તે માટેની કાર્યવાહી અંગે તથા મજુરોની સલામતિ અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવણી હેતુસર થોડા નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ફેકસ મેસેજ નંબરઃ એસ.વી.-૧/કે.વી./૧૦૨૦૧૪/૧૨૨૬૦, તા. ૧૮-૦૬-૨૦૧૪ તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૧/કા.×વ્ય/ટે-૧/પરચ/૧૯/૧૭૭૮/૨૦૧૪, તા. ૨૦-૦૬-૨૦૧૪થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષ/મકાનો/રોડ રસ્તાઓ/ગટ્ટર યોજનાઓ વિગેરે, ઔદ્યોગીક એકમો તથા જુદી જુદી ટેલીકોમ કંપની દ્વારા કંપનીઓના કામો તથા ખેડુતોના ખેતી વિષયક કામોમાં સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા કોઈપણ મજુરોને મજુરી કામ માટે રાખવામાં આવે ત્યારે આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા જે મજુરોને કામકાજ માટે રાખેલ હોય તે મજુરોના કામકાજના સ્થળો ખાતે રહેવા સબંધી/ટોયલેટ/બાથરૂમ/પાણી/સાફ-સફાઈ વિગેરે આવશ્યક સુવિધા પુરી પાડવાની રહેશે અને આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા આ મજુરો માટે શું શું આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરેલ છે? તેની માહિતી કામકાજના વિસ્તારના સબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૦માં લેખીતમાં પુરી પાડવાની રહેશે. આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૧૫ થી તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫ ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૨૨૫૩/૨૦૧૫.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો બને છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા આચરવાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરીકામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આંતકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેને અનુલક્ષીને જાહેર જનતાની જાન-માલની (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમોએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અથવા મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને પહોંચાડી જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે પોતાનું મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમોએ તે અંગેની જાણ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મો. નં. નંબર સહિત.	:	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:	
૩	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે.	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું	:	

મજુરનો તાજેતરનો ફોટો	મજુરના અંગુઠાનું નિશાન ....
	મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ....
	નામ ....

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૧૫ થી તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૪ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

INDEX

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/પરમીટ/એ. સેકશન/૨૨૫૨/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરીસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત, ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ	મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે, તેનું માસીક ભાડુ કેટલું છે?	કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૧૫ થી તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. બોમ્બે પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

(RJT.)-I-5

INDEX

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ખ-૧/૪૫૬ થી ૪૫૯/૧૫, તા. ૧૬-૦૭-૧૫.

અંતિમ આદેશ

જાનાં.:ફડચ/ક-૪/૫૨૨ થી ૫૩૦/૧૭૮૨૪/૧૫.-આથી હું, એ. કે. ભટ્ટ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, અમોને ઉકત વંચાણે લીધાં-(૨) પરના જાહેરનામાંથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ, તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી સજુબા હાઈસ્કુલના કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લી. મુ.જાનગર, તા. જામનગર, જિ. જામનગર, નોંધણી નંબરઃ ૩૧૬૦, તા. ૦૪-૦૩-૧૯૯૯ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ઉકત વંચાણે લીધા આંક-૩ થી કરવામાં આવેલ ફડચાના વચગાળાના આદેશને કાયમી કરતો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફ) કચેરીમાંની નિમણુંક કરૂં છું. નિયુકત ફડચા અધિકારીએ તાત્કાલીક ચાર્જ સંભાળીને ફડચાની તમામ કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૨૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

(૧) શ્રી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કાયદાની કલમ-૮૧ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ, ગ્રામ વિકાસ અને સહકાર વિભાગ ગાંધીનગરના હુકમ નં.: ઘખ/૪૫/એનએસબી/૧૨/૩૦૦૧૧/છ, તા. ૨૧ ૦૭-૨૦૧૧.

(૩) શ્રી જિલ્લા પુરવઠા અધિકારી જુનાગઢનો તા. ૩૦-૦૩-૨૦૧૫ નો પત્ર તથા ઓડીટર, સ.મં., કેશોદનો તા. ૦૧-૦૪-૨૦૧૩ થી તા. ૩૧-૦૩-૧૪ ના સમયનો ઓડીટ રીપોર્ટ.

(૪) ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક ૨૦૧૫ ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૫) અત્રેની કચેરીના તા. ૧૧-૦૫-૨૦૧૫ ના સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે કારણદર્શક નોટિસ.

(૬) શ્રીચંદવાણા સેવા સ.મં.લી., ચંદવાણા ની તા. ૨૫-૦૫-૧૫ ના પ્રમુખશ્રી તથા વ્યવસ્થાપક કમિટી સભ્યોની લેખિત રજૂઆત.

હુકમ

ક્રમાંક:સવન/ખ.૨/૪૨૬/૧૫.-હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, અમોને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે પ્રાપ્ત અધિકારની રૂએ શ્રી ચંદવાણા સેવા સહકારી મંડળી લી., ચંદવાણા, તા. માંગરોળ, જિ. જુનાગઢ, જેનો નોંધણી નંબર-૮૨૧૮, તા. ૩૦-૦૬-૧૯૬૮ નોંધાયેલ છે. જેમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૮૧ (૧)(બ)ની જોગવાઈઓ ધ્યાને લઈ સદરહુ સંસ્થાની હાલની વ્યવસ્થાપક સમિતિને દુર કરી તેની જગ્યાએ શ્રી જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી., જુનાગઢને વહીવટદાર તરીકે આ મંડળીના ચાર્જ સંભાળ્યાની તારીખથી ૬ માસની મુદત માટે હુકમ કરૂ છું તથા આ મંડળીના દુર કરાયેલ વ્ય. કમિટી સભ્યોને આ મંડળીના વ્ય.કમિટી સભ્યો બનવા માટે આ હુકમની તારીખથી ૬ વર્ષની મુદત સુધી ગેરલાયક જાહેર કરૂં છું.

જુનાગઢ, ૨૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૧૭૨૦/૬૩૦૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પીપળીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પીપળીયા, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૫૦/૨૦૧૫, તા. ૧૩-૦૮-૨૦૧૫.

ભાવનગર, ૧૩ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ડૉ. એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

૩.	ડોડીયા જે. બી.	આસીસ્ટન્ટ	એડિશનલ સિવીલ કોર્ટ, વઢવાણ
૪.	શ્રી હણ ડી. આર.	આસીસ્ટન્ટ	ચીફ જયુ. મેજી. કોર્ટ, સુરેન્દ્રનગર
૫.	શ્રી હેરમા એ. ડી.	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, લખતર
૬.	શ્રી જાદવ બી. એમ.	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, પાટડી
૭.	શ્રી જાદવ પી. એન.	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, વઢવાણ
૮.	શ્રી ખાચર જે. ડી.	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, સુરેન્દ્રનગર
૯.	કુ. કોઠારી પી. યુ.	આસીસ્ટન્ટ	પ્રિન્સી. સીની. સિવિલ કોર્ટ, સુરેન્દ્રનગર
૧૦.	શ્રી મકવાણા એન. બી.	આસીસ્ટન્ટ	સીકસથ એડી. ડિસ્ટ્રી. કોર્ટ, લીંબડી
૧૧.	શ્રી મકવાણા પી. ડી.	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, સુરેન્દ્રનગર
૧૨.	શ્રી મકવાણા એસ. એમ.	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, ચુડા
૧૩.	શ્રી પનાલીયા વી. વી.	આસીસ્ટન્ટ	પ્રિન્સી. સીની. સિવિલ કોર્ટ, સુરેન્દ્રનગર
૧૪.	શ્રી પરમાર એચ. પી.	આસીસ્ટન્ટ	પ્રિન્સી. સીની. સિવિલ કોર્ટ, ધ્રાંગધ્રા

અનુ. નં.	નામ	હોદ્દો	કોર્ટ
૧૫.	શ્રી પરમાર જે. વી.	આસીસ્ટન્ટ	સીકસથ એડી. ડિસ્ટ્રી. કોર્ટ, લીંબડી
૧૬.	શ્રી પરમાર વી. સી.	આસીસ્ટન્ટ	એડીશ્નલ સિવીલ કોર્ટ, મુળી
૧૭.	પરમાર વી. આર.	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, મુળી
૧૮.	શ્રી પાટડીયા જે. એમ.	આસીસ્ટન્ટ	સીકસથ એડી. ડિસ્ટ્રી. કોર્ટ, લીંબડી
૧૯.	શ્રી પ્રજાપતિ એમ. પી.	આસીસ્ટન્ટ	એડીશ્નલ સિવિલ કોર્ટ, સાયલા
૨૦.	શ્રી રબારી એ. એસ.	આસીસ્ટન્ટ	એડીશ્નલ સિનીયર સિવિલ કોર્ટ, ધ્રાંગધ્રા
૨૧.	શ્રી રાણા બી. જે.	આસીસ્ટન્ટ	એડીશ્નલ સિવિલ કોર્ટ, સુરેન્દ્રનગર
૨૨.	શ્રી રાઠોડ જે. એન.	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, સુરેન્દ્રનગર
૨૩.	શ્રી રોજાસરા ડી. આર.	આસીસ્ટન્ટ	પ્રિન્સી. સીની. સિવિલ કોર્ટ, લીંબડી
૨૪.	શ્રી સતાણી એસ. વી.	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, સુરેન્દ્રનગર
૨૫.	શ્રી વસવેલીયા એસ. ડી.	આસીસ્ટન્ટ	સીકસથ એડી. ડિસ્ટ્રી. કોર્ટ, લીંબડી
૨૬.	શ્રી વ્યાસ ડી. જે.	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, સુરેન્દ્રનગર
૨૭.	શ્રી યાદવ બી. ડી.	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર, ૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ડી. એ. જોષી,
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
સુરેન્દ્રનગર.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/અનામત આંદોલન/૮/૨૦૧૫(૩).-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/૪૪૯/૧૫, તા. ૨૮-૦૮-૨૦૧૫ ના રોજ અમદાવાદ શહેરમાં પાટીદાર અનામત અનુસંધાને આયોજીત સભા તેમજ રેલીમાં કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. જેના પ્રત્યાઘાતો જુનાગઢ જિલ્લામાં પણ પડેલ છે. આવી પરિસ્થિતિમાં સોશ્યલ મીડીયાનું અસામાજીક તત્વો દ્વારા દુરઉપયોગ કરી અફવાનો પ્રવાહ ચાલુ કરેલ હોય જેને અટકાવવા કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તેમજ જુનાગઢ જિલ્લાની આમ પ્રજાની જાહેર સલામતી માટે ખુબજ જરૂરી છે. જેથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં મોબાઈલમાં ઈન્ટરનેટ સેવા આપતી કંપનીઓએ તા. ૨૭-૦૮-૨૦૧૫ ના ક. ૧૨-૦૦ થી તા. ૨૮-૦૮-૨૦૧૫ ના ક. ૧૨-૦૦ દરમ્યાન તમામ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરો દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ (લેન્ડ લાઈન, બ્રોડ બેન્ડ સિવાય) સેવા બંધ કરવા તેમજ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસની સુવિધા મોબાઈલ સેવા આપતી કંપનીએ ગ્રાહકોને પુરી પાડી શકે નહી એ રીતેનુ જાહેરનામું આ કચેરીના ક્રમાંકઃ એમએજી/સી/અનામત આંદોલન/૮/૨૦૧૫(૨) તા. ૨૬-૦૮-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદરહુ જાહેરનામાની મુદત તા. ૨૮-૦૮-૨૦૧૫ ના ક. ૧૨-૦૦ વાગ્યે પુરી થયેલ હોય પરંતુ હાલની જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોતા ફરીથી તા. ૨૯-૦૮-૨૦૧૫ ના કલાક ૦૦-૦૧ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ સુધીનુ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામુ બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે બાબતે વિચારણા કરતા પ્રસ્તુત સમય અવધિ વધારવાનું મને વ્યાજબી જણાય છે.

સબબ હું, **આલોક કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છુ કે, સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૯-૦૮-૨૦૧૫ ના કલાક ૦૦-૦૧ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ દરમ્યાન તમામ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરો દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ સર્વિસ (લેન્ડ લાઈન, બ્રોડબેન્ડ સિવાય) બંધ કરવાની રહેશે તેમજ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ.ની સુવિધા પણ ગ્રાહકોને પુરી પાડી શકે નહી

આ હુકમ જુનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં તા. ૨૯-૦૮-૨૦૧૫ ના કલાક ૦૦-૦૧- થી તા. ૩૧-૦૮-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ફોજદારી ગુન્હો છે. જેથી કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી. તમામને વ્યકિતગત રીતે નોટિસ બજવણી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમા સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા સારૂ હું ફરમાવું છું.

આજ તારીખઃ ૨૮ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

આલોક કુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનુ

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૯૭૧(૧)/૨૦૧૫.-આગામી તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૬-૦૯-૨૦૧૫ દરમિયાન દ્વારકા શહેર ખાતે જન્માષ્ટમીનાં તહેવારની ભવ્ય ઉજવણી થનાર છે. આ ઉત્સવ દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દ્વારકા શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારના સ્થળોને ‘‘પાર્કિંગ ઝોન’’ તથા ‘‘નો પાર્કિંગ ઝોન’’ તરીકે જાહેર કરવા અંગેની દરખાસ્ત મળેલી છે. ટ્રાફીક જામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ જાહેરનામું બહાર પાડવુ વ્યાજબી અને ઉચિત જણાયેલ છે.

સબબ, હું, **એચ. કે. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) હેઠળ મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, તા. ૦૪-૦૫-૦૬ સપ્ટેમ્બર-૨૦૧૫ ના દિવસો દરમ્યાન દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-‘અ’ મુજબના વિસ્તારો કોઈપણ પ્રકારના વાહનો માટે ‘‘નો પાર્કિંગ ઝોન’’ તરીકે રહેશે અને પરિશિષ્ટ-‘બ’ મુજબના વિસ્તારો ‘‘પાર્કિંગ ઝોન’’ તરીકે ઉપયોગમાં લેવાના રહેશે.

પરિશિષ્ટ–અ

‘‘નો પાર્કિંગ ઝોન’’

ક્રમ	નો પાર્કિંગ મેઈન પોઈન્ટ	નો પાર્કિંગ વિસ્તાર	ત્રિજ્યા મીટરમાં
૧	પુર્વ દરવાજા	પુર્વ દરવાજા થી જોધાભા માણેક ચોક પુર્વ દરવાજા થી ભથાણ ચોક સુધી	૫૦
૨	જોધાભા માણેક ચોક	જોધાભા માણેક ચોકથી શિવરાજસિંહ રોડ ઈસ્કોન ગેઈટ સુધી	૧૦૦
૩	ત્રણબતી ચોક	ત્રણબતી ચોકથી મહાજન બજાર ચાર રસ્તા ત્રણ બતી ચોકથી ભદ્રકાળી રોડ સુધી	૫૦
૪	હોમગાર્ડ ચોક	હોમગાર્ડ ચોક થી ત્રણબતી ચોક હોમગાર્ડ ચોક થી શાક માર્કેટ સુધી	૫૦
૫	શાકમાર્કેટ ચોક	શાકમાર્કેટ ચોકની આજુબાજુના વિસ્તાર	૫૦
૬	એસ.ટી. ડેપો	એસ.ટી. ડેપોના આજુબાજુના વિસ્તાર	૧૦૦

પરિશિષ્ટ–બ

‘‘પાર્કિંગ ઝોન’’

ક્રમ	પાર્કિંગ પોઈન્ટ	પાર્કિંગ વિસ્તાર	વાહનની વિગત
૧	રીલાયન્સ એપ્રોચ રોડ	ગુજરાત ટુરીઝમ નિર્મિત ન્યુ પાર્કીંગ	ફોર વ્હીલ, થ્રી વ્હીલ, હેવી વ્હીલ
૨	સર્કીટ હાઉસ પાછળ	સર્કીટ હાઉસ પાછળનું ખુલ્લુ મેદાન એસ.ટી. ડેપો	
૩	શારદા પીઠ કોલેજ	શારદા પીઠ કોલેજનું ખુલ્લુ મેદાન એસ.ટી. ડેપો	
૪	રાજપુત સમાજ સામે	રાજપુત સમાજ સામે ગોમતીઘાટ ખુલ્લુ મેદીન	

INDEX

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી આપાયેલ વાહનો અને કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં. આવા વાહનોને ફરજ પરના પોલીસ અધિકારીએ યોગ્ય જગ્યાએ પાર્કિંગ કરાવવાના રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૦૦ માહે સપ્ટેમ્બર-૨૦૧૫ ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યું.

દેવભૂમિ દ્વારકા, ૦૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

એચ. કે. પટેલ
જિલ્લા મેજિસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૨૮/૨૦૧૫.-આગામી દિવસમાં જન્માષ્ટમીનો તહોર આવે છે. જે અન્વયે આગામી દિવસોમાં પોરબંદર ચોપાટી ગ્રાઉન્ડ ખાતે જન્માષ્ટમી લોકમેળાનું તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ દિન-૬ સુધી થનાર હોય જે અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુવ્યવસ્થિત રીતે ટ્રાફીક નિયમન થાય અને કોઈ દુર્ઘટના ન સજાર્ય તે માટે નીચે જણાવેલ વિગતેના રસ્તાઓમાં તેમના નામ સામે જણાવેલ વાહનોને જણાવેલ સમયગાળા માટે અવર-વજર કરવા ઉપર પ્રતિબંધ લાદતું એકમાર્ગીય રસ્તાઓ જાહેર કરતુ અને મેળા માટે આવતા વાહનો માટે પાર્કીંગની જગ્યા જાહેર કરતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી//જન્માષ્ટમી/જાના/૫૮૯/૨૦૧૫, તા. ૨૨-૦૮-૨૦૧૫ થી તથા જન્માષ્ટમીના દિવસે જુના પોરબંદરની પગપાળા પ્રદક્ષિણા કરવાની (કોટ ફરવાની) ધાર્મિક પરંપરા છે અને દર જન્માષ્ટમીના દિવસે મોટી સંખ્યામાં વૃધ્ધો, સહિતના શ્રધ્ધાળુઓ પગપાળા કોટ ફરે છે. આગામી તા. ૦૫-૦૯-૨૦૧૫ ના રોજ જન્માષ્ટમીના દિવસે પોરબંદર તથા આજુબાજુના વિસ્તારના મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દ્વારા કોટ ફરવામાં આવશે. આજકાલ આધુનિક યુગમાં લોકો પાસે વાહનોની સગવડ હોવાથી ઘણા લોકો વાહનોદ્વરા કોટ ફરે છે. જેથી પગપાળા ચાલતા શ્રધ્ધાળુઓને અડચણરૂપ થાય તેમજ અકસ્માત પણ થઈ શકે, ભૂતકાળમાં આજ દિવસે વાહન અકસ્માત થતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીને ખલેલ પહોંચેલ. તાજેતરમાં પોલીસ ઈન્સ્પેકટરશ્રી, કિર્તીમંદિર તથા પો.સ.ઈ.શ્રી ટ્રાફીક શાખાને પોરબંદર સમસ્ત ખારવા જ્ઞાતિના વણોટ તથા અન્ય આગેવાનો તથા શાંતિ સમિતિના સભ્યો સાથે મીટીંગ રાખતા તેમા પણ આ મુદો મહત્વનો રહેલ હોય આ બાબતે ટ્રાફીકનું નિયમન કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જન્માષ્ટમી/કોટ/જાના/૬૪૬/૨૦૧૫, તા. ૩૧-૦૯-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત બંને દરખાસ્તો અન્વયે ટ્રાફીક નિયમન માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઈષ્ટ જણાય છે.

સબબ, હું **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** આથી હું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતે ટ્રાફીક નિયમન પ્રતિબંધ ફરમાવું છું.

વાહન અવર-જવર પ્રતિબંધ				
ક્રમ	રસ્તાનું નામ	કયા પ્રકારના વાહનો માટે		તારીખ
૧.	જુના ફુવારા થી રીલાયન્સ ફુવારા સુધી	૧.	રીક્ષા (થ્રી વ્હીલર તમામ)	તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૭.૦૦ થી રાતના ૧.૦૦ સુધી
		૨.	લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર)	
૨.	પોલીસ હેડકવાર્ટરના મેઈન ગેઈટ થી એસ.ટી. સર્કલ સુધી	૧.	રીક્ષા (થ્રી વ્હીલર તમામ)	તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૭.૦૦ થી રાતના ૧.૦૦ સુધી
		૨.	લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર)	
૩.	ચોપાટી મેળા મેદાનમાં પ્રવેસવાના તમામ ગેઈટ થી અંદર લઈ જવા કે બહાર લઈ જવાની મનાઈ કરવી.	તમામ પ્રકારના વાહનો		તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૨.૦૦ થી ૨૪.૦૦ સુધી

૪.	એસ.ટી. સર્કલથી રીલાયન્સ ફુવારા-ઓશીયોનિક હોટ-કનકાઈ મંદિર સુધી	તમામ પ્રકારના વાહનો		તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૨.૦૦ થી ૨૪.૦૦ સુધી
એકમાર્ગીય રસ્તાઓ જાહેર કરવા				
૧.	કમલાબાગ થી જુના ફુવારા તરફ સુધી ફરત પ્રવેશ માટે વન-વે	૧.	રીક્ષા (થ્રી વ્હીલર તમામ)	તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૭.૦૦ થી રાતના ૧.૦૦ સુધી
		૨.	લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો)	
૨.	રેલ્વે સ્ટેશન પોલીસ ચોકીથી રામગેસ્ટ હાઉસ તરફ સુધી ફરત પ્રવેશ માટે વન-વે	૧.	રીક્ષા (થ્રી વ્હીલર તમામ)	તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૭.૦૦ થી રાતના ૧.૦૦ સુધી
		૨.	લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો)	
૩.	ઈન્દ્રેશ્વર મંદિરથી ચોપાટી દાદુના જીમ સુધી ફકત પ્રવેશ માટે વન-વે	૧.	રીક્ષા (થ્રી વ્હીલર તમામ)	તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૭.૦૦ થી રાતના ૧.૦૦ સુધી
		૨.	લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો)	
૪.	દાદુના જીમથી એસ.ટી. ડેપોની પાછળ ભંગાર બજારવાળો રસ્તો તરફ સુધી ફકત પ્રવેશ માટે વન-વે	૧.	રીક્ષા (થ્રી વ્હીલર તમામ)	તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૭.૦૦ થી રાતના ૧.૦૦ સુધી
		૨.	લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો)	
૫.	જુના ફુવારાથી નવા ફુવારા તરફ સુધીનો રસ્તો ફકત પ્રવેશ આવવા માટે વન-વે	૧.	રીક્ષા (થ્રી વ્હીલર તમામ)	તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ (દિવસ-૬) સુધી કલાક ૧૭.૦૦ થી રાતના ૧.૦૦ સુધી
		૨.	લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો)	
પાર્કીંગ વ્યવસ્થા				
૧.	જયુબેલીના પુલ તરફથી આવતા ત્રીવ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ	પુર્ણીમા લોજ પાસેથી જુની કોર્ટ કમ્પાઉન્ડના દક્ષિણ તરફના ગેઈટથી પ્રવેશ કરી અને કોર્ટ કમ્પાઉન્ડમાં પાર્ક કરશે અને ત્યારથી વાહન ઉતર તરફના ગેઈટથી બહાર કાઢી રામ જરૂખા વાળા રસ્તે થઈ હીશ ટોકીઝ પાસેથી બહાર જશે.		
૨.	માધવપુર તરફથી આવતા વાહનો ત્રીવ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ	વીર ભનુની ખાંભીથી જુરીબાગ કૈલાશ ગેરેજ થઈ કનકાઈ મંદિરે અને ત્યાંથી વસંતજી ખેરાજ સ્કુલ પાસેના રસ્તેથી ચોપાટી ખોડીયાર મંદિર પાસેના પાર્કીંગમાં વાહનો પાર્ક કરશે અને ત્યાંથી વાહનો લઈ તેમજ આજ રસ્તે નવા ફુવારા જી.ઈ.બી.કોલોની વીરભનુની ખાંભીથ બહાર જશે અને હેવી વ્હીલર ટ્રક જેવા વાહનો બિરલા રોડ કામદાર કલ્યાણ કેન્દ્રની પાછળ પાર્ક થશે.		
૩.	કર્લીના પુલ તરફથી આવતા વાહનો થ્રીવ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ	કમલાબાગ સર્કલથી બિરલા હોલ પાસેથી ધોબીઘાટ થનગનાટ ગરબી વાળા મેદાનમાં વાહન પાર્ક કરશે અને ત્યાંથી વાહનો લઈ જુના ફુવારા રેલ્વે સ્ટેશન પોલીસ ચોકીથી અથવા નવા ફુવારા વિરભનુની ખાંભીથી બહાર નિકળશે.		
જન્માષ્ટમીના કોટ ફરવાના દિવસે તા. ૦૫-૦૯-૨૦૧૫ ના રોજ નીચે મુજબના સ્થળે એકમાર્ગીય રસ્તો જાહેર કરવા				
૧.	પોરબંદર દરિયા કાંઠે ગોવિંદ ટીટીના ઘરથી બંદર રોડ પોલીસ ચોકી સુધી માત્ર પ્રવેશ (બંદર રોડ પોલીસ ચોકીથી ગોવિંદ ટીટીના ઘર સુધી)	૧.	ટુ વ્હીલર તમામ	તા. ૦૫-૦૯-૨૦૧૫ ના કલાક ૧૦.૦૦ થી ૧૬.૦૦ સુધી
		૨.	થ્રી વ્હીલર તમામ	
		૩.	લાઈટ મોટર વ્હીકલ	

આ મેળાના આયોજનમાં સંકળાયેલ ફરજ પરના અને કારપાસ વાળા વાહનો, સરકારી/અર્ધસરકારી વાહનો, બિમાર/અશકત/અપંગ માણસોને લઈ જતા વાહનોને આ જાહેરનામાનો પ્રતિબંધ લાગુ પડશે નહી.

એસ.ટી.ની બસો જે કર્લીના પુલ તરફથી આવતી તથા જયુબેલીના પુલ તરફથી આવતી તમામ બસો રાણીબાગ હેડપોસ્ટ ઓફીસ થઈ એસ.ટી. ડેપએ આવશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૦૨-૦૯-૨૦૧૫ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો

હુકમ

નં. એમએજી/સી/૧૪૪/૨૦૮/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં લાઈમસ્ટોન ખનીજ વિપુલ પ્રમાણમાં મળી આવે છે. આ લાઈમસ્ટોનને ગૌણ ખનીજ તરીકે ઉત્પાદન કરવા બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનીજની કવોરી લીઝો મંજૂર કરવામાં આવેલ છે. મંજૂર કરેલ વિસ્તારમાંથી સુવ્યવસ્થિત ખોદકામ અને ખનીજનો યોગ્ય ઉપયોગ થાય તે અત્યંત જરૂરી છે. બિલ્ડીંગ લાઈમસ્ટોનની લીઝ ધરાવતા વિસ્તારોમાં બિનઅધિકૃત રીતે ખોદકામ ન થાય અને કુદરતી સંપતિ જળવાઈ રહે તે માટે બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનીજના લીઝ ધારકો તથા લીઝ વિસ્તારમાં નિયંત્રણ લાવવું અત્યંત જરૂરી જણાય છે.

સબબ, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** આથી પોરબંદર જિલ્લાની હદ વિસ્તારમાં બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનીજ ધરાવતા વિસ્તારમાં મંજૂર કરવામાં આવેલ કવોરી લીઝોમાં વધુમાં વધુ ૫(પાંચ) કટીંગ મશીનનો ઉપયોગ કરવાનો રહેશે કવોરી લીઝમાં ૫(પાંચ)થી વધુ કટીંગ મશીનો રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. ખનીજના ઉત્ખનનમાં ઉપયોગમાં લેવાતી મશીનરી જેવી કે જેસીબી, હીટાચી કે લોડર જેવાનો ઉપયોગ કરતા હોય તે પટ્ટેદારો અથવા મશીનરીના માલિકોએ ભુસ્તરશાસ્ત્રીશ્રી, ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ, જિલ્લા સેવા સદન-૧, પોરબંદરની કચેરીમાં નોંધણી કરાવવાની રહેશે. નોંધણી કરાવ્યા સિવાય આવા યંત્રો તેમજ ઉપરમાં જણાવેલ ૫(પાંચ) કટીંગ મશીનો સિવાયના કોઈ યંત્રો/મશીનો ખાણ વિસ્તારમાં આવેલ હશે તેવી વાહન સહિતની તમામ મશીનરી રાજયસાત થયેલ ગણાશે અને આમ થયે આવી રાજયસાત થયેલ મશીનરી બાબતે કોઈ માલિકી હકકનો દાવો થઈ શકશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩-૦૯-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી હૂકમ બહાર પાડવામાં આવ્યો.

પોરબંદર, ૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ. જા./ઈ. નં. ૩૫૨૫૮/૨૦૧૫.-આગામી સપ્ટેમ્બર/ઓક્ટોબર-૨૦૧૫નાં માસ દરમિયાન તા. ૦૪-૦૯-૨૦૧૫નાં રોજ શિતળા સાતમ, તા. ૦૫-૦૯-૨૦૧૫નાં રોજ જન્માષ્ટમી, તા. ૧૩-૦૯-૨૦૧૫નાં રોજ ભાદરવી અમાસ (કોળીયાક મેળો), તા. ૧૪-૦૯-૨૦૧૫નાં રોજ રામદેવપીરની નવરાત્રી શરૂ, તા. ૧૭-૦૯-૨૦૧૫નાં રોજ ગણેશ ઉત્સવ શરૂ, સંવત્સરી જૈન સમાજ, તા. ૧૮-૦૯-૨૦૧૫નાં રોજ ઋષિ પાંચમ (કોળીયાક મેળો), તા. ૨૨-૦૯-૨૦૧૫નાં રોજ રામદેવપીરની નવરાત્રી પુરી, તા. ૨૭-૦૯-૨૦૧૫નાં રોજ ગણેશ ઉત્સવ પુરો, તા. ૦૨-૧૦-૨૦૧૫નાં રોજ ગાંધી જયંતિ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **બંછાનિધિ પાની, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૨-૧૦-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિં.

(ખ) કોઈ પણ જાહેર જગ્યામાં શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :-

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૧-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામુ

નં. : ડી.એમ.-૧/સોશીયલ મીડીયા પ્રતીબંધ/૨૦૧૫.- તાજેતરમાં ગુજરાત રાજયમાં પાટીદાર અનામત આંદોલન સંદર્ભે તા. ૨૫-૦૮-૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ રેલી બાદ સમગ્ર ગુજરાત રાજયમાં નાની-મોટી હિંસાના બનાવો બનવા પામેલ છે. જેના કારણે સદરહુ બાબતે ફેસબુક, ટવીટર, વોટસએપ સહિતના તમામ સોશીયલ મીડીયામાં ગેરમાર્ગે દોરનારી અફવાઓ ફેલાવવામાં આવે છે. આ અફવાઓના કારણે શહેર તથા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર વિપરીત અસર પડવાની શકયતાના કારણે અત્રેના સરખા ક્રમાંકના તા. ૨૬-૦૮-૨૦૧૫ના જાહેરનામાંથી તા. ૨૬-૦૮-૨૦૧૫ થી તા. ૨૭-૦૮-૨૦૧૫ સુધી ભાવનગર શહેર તથા જિલ્લામાં ફેસબુક, ટવીટર, વોટસએપ સહિતના તમામ સોશીયલ મીડીયાના ઉપયોગ તથા આ અંગેની સેવાઓ પુરી પાડવા (સર્વિસ પ્રોવાઈડર) પર પ્રતિબંધ ફરમાવેલ હતો, જે લંબાવવો જરૂરી જણાય છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે મને મળેલ અધિકારની રૂઈએ હું **બંછાનિધિ પાની, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** આથી ભાવનગર શહેર તથા જિલ્લામાં ફેસબુક, ટવીટર, વોટસએપ સહિતના તમામ સોશ્યલ મીડીયાના ઉપયોગ તથા આ અંગેની સેવાઓ પુરી પાડવા (સર્વિસ પ્રોવાઈડર) પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૩૦-૦૮-૨૦૧૫ના રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ ૬ માસ સુધીની સાદી કેદ અથવા ૧૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ પોલીસ સબ ઈન્સ્પેકટર તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને, શેરી મહોલ્લામાં માઈકથી જાહેરાત કરી તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૮-૦૮-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૨૮ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

જાહેરનામુ

નં. : ડી.એમ.-૧/સોશીયલ મીડીયા પ્રતીબંધ/૨૦૧૫.-ગત તા. ૨૫-૦૮-૨૦૧૫ના રોજ અમદાવાદ શહેરમાં પાટીદાર અન્મતના અનુસંધાને આયોજીત સભા તથા રેલીમાં કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ જેના પ્રત્યાઘાતો સમગ્ર રાજયમાં તથા ભાવનગર જિલ્લામાં પણ પડેલ છે. આગામી જન્માષ્ટમી તથા ગણેશ ઉત્સવના તહેવારો દરમ્યાન અસામાજિક તત્વો દ્વારા આવી પરિસ્થિતીમાં સોશ્યલ મીડીયાનો દુરઉપયોગ કરી અફવાઓનો પ્રવાહ ચાલુ કરે તેવી સંભાવના હોય, જેને અટકાવવા કાયદો અને વ્યવસ્થાની દષ્ટિએ સમગ્ર ભાવનગરની આમ પ્રજાની સલામતી ખુબ જ જરૂરી છે. જેથી કોઈપણ વ્યકિત દ્વારા સોશ્યલ મીડીયાના માધ્યમનો દુરઉપયોગ કરી વોટએપ, ફેસબુક, ટવીટર, ઈમો, હાઈક, ઈન્સ્ટાગ્રામ, જીઓચેટ તથા ટેલીગ્રામ વિગેરે જેવી કોઈપણ એપ્લીકેશનના માધ્યમથી ખોટી અફવાઓ તથા ઉશ્કેરણીજનક એસ.એમ.એસ. ઉશ્કેરણીજનક મેસેજો, ફોટા,

ઓડીયો તથા વિડીયો વ્યક્તિગત કે ગૃપ દ્વારા વાઈરલ કરી શાંતિ ડહોળાઈ તેવા પ્રયાસો થઈ શકે તેમ છે. આથી ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી સુદ્રઢ બનાવવા સારૂ આવી પ્રવૃત્તિ/ બનાવો પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે મને મળેલ અધિકારની રૂઈએ હું, **બંછાનિધિ પાની, કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી ભાવનગર શહેર તથા જિલ્લામાં કોઈપણ વ્યક્તિ દ્વારા સોશ્યલ મીડીયાના માધ્યમનો દુરઉપયોગ કરી વોટએપ, ફેસબુક, ટવીટર, ઈમો, હાઈક, ઈન્સ્ટાગ્રામ, જીઓચેટ તથા ટેલીગ્રામ વિગેરે જેવી કોઈપણ એપ્લીકેશનના માધ્યમથી ખોટી અફવાઓ તથા ઉશ્કેરણીજનક એસ.એમ.એસ., ઉશ્કેરણીજનક મેસેજ, ફોટા, ઓડીયો તથા વિડીયો વ્યકિતગત કે ગૃપમાં વાઈરલ કરી શાંતિ ડહોળાઈ તેવા પ્રયાસો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૨-૧૦-૨૦૧૫ સુધી દિવસ-૩૦ (ત્રીસ) માટે અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ ૬ માસ સુધીની સાદી કેદ અથવા ૧૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ પોલીસ સબ ઈન્સ્પેકટર તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને, શેરી મહોલ્લામાં માઈકથી જાહેરાત કરી તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૩-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો માર્યો.

ભાવનગર, ૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડીએમ-૨/વશી-૩૪૯૭૨/૨૦૧૫.-સરકારશ્રીના ગૃહવિભાગ, ગાંધીનગરએ તા. ૨૬-૦૮-૨૦૧૫ના ફેકસ પત્ર નં. હથપ/૧૦૨૦૧૫/૭૩૩/મ થી હાલની રાજયની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાને લેતા શસ્ત્ર અધિનિયમ તળે મંજુર કરવામાં આવેલ વ્યક્તિગત હથિયાર પરવાનાઓ હેઠળના તમામ હથિયારો બીજી સૂચના ન મળે ત્યાં સુધી જે તે પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક જમા કરાવવા સૂચના આપેલ છે.

સબબ, ઉકત હકીકતને ધ્યાને લઈ રાજયમાં ચાલતા અનામત આંદોલનને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂઈએ હું, **બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** ભાવનગર શહેર/જિલ્લામાં રહેતા પરવાનેદારોએ તેમની પાસેના દરેક પ્રકારના હથિયારો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૨માં નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા તથા સંબંધિત તમામ પોલીસ સ્ટેશનોએ તેમના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં રહેતા અને હથિયાર પરવાનો ધરાવતા તમામ પરવાનેદારો દ્વારા તેમના હથિયારો જમા કરાવવામાં આવે તે માટેના પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

આ જાહેરનામાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(૧) ભાવનગર શહેર/જિલ્લામાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેન્ક/કોર્પોરેશન/ટ્રસ્ટ સહિત)ના રાજય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સનને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

(૨) માન્યતા ધરાવતી સીકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોર્મશીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી સીકયુરીટી ગાર્ડને તથા સ્વરક્ષણ માટેનો હથિયાર પરવાનો ધરાવતા સીકયુરીટી ગાર્ડ કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોર્મશીયલ બેન્કોમાં સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હોય તેવા સીકયુરીટી ગાર્ડને તેમના હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. આવા સીકયુરીટી ગાર્ડે તેઓ જે તે બેન્કમાં સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તથા જે તે સંબંધિત બેન્કના મેનેજરશ્રીએ આવા સીકયુરીટી ગાર્ડની વિગતવારની માહિતીની જાણ લાગુ પડતા નજીકના પોલીસ સ્ટેશનને કરવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશનએ આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

(૩) કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના અધિકારી/કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે તેમને લાગુ પડશે નહી.

(૪) હથિયાર પરવાનેદારોએ તેમના પરવાનાવાળા હથિયારો લાગુ પડતા નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે.

(૫) આ જાહેરનામાનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે તથા

જાહેરનામાનો ભંગ કરનાર સામે ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

(૬) આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તથા જાહેર નોટિસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવાની રહેશે.

આજ તા. ૩ માહે સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર,૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

બંછાનિધિ પાની,
કલેકટર અને
જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર.

જાહેરનામુ

નં. : ડી.એમ.-૧/સોશીયલ મીડીયા પ્રતીબંધ/૨૦૧૫.- તાજેતરમાં ગુજરાત રાજયમાં પાટીદાર અનામત આંદોલન સંદર્ભે તા. ૨૫-૦૮-૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ રેલી બાદ સમગ્ર ગુજરાત રાજયમાં નાની-મોટી હિંસાના બનાવો બનવા પામેલ છે. જેના કારણે સદરહુ બાબતે ફેસબુક, ટવીટર, વોટસએપ સહિતના તમામ સોશીયલ મીડીયામાં ગેરમાર્ગ દોરનારી અફવાઓ ફેલાવવામાં આવે છે. આ અફવાઓના કારણે શહેર તથા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર વિપરીત અસર પડી શકે છે. આમ તાજેતરની પરિસ્થિતિ ધ્યાને લઈ સોશીયલ મીડીયા દ્વારા ફેલાતી અફવાઓ અટકાવવા માટે ફેસબુક, ટવીટર, વોટસએપ, ઈનસ્ટાગ્રામ સહિતના તમામ સોશ્યલ મીડીયાઓ પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે મને મળેલ અધિકારની રૂઈએ હું **પંકજ ઠાકર, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** આથી બોટાદ શહેર તથા જિલ્લામાં ફેસબુક, ટવીટર, વોટસએપ સહિતના તમામ સોશ્યલ મીડીયાના ઉપયોગ તથા આ અંગેની સેવાઓ પુરી પાડવા (સર્વિસ પ્રોવાઈડર) પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૨૬-૦૮-૨૦૧૫ થી જ્યા સુધી બીજો હુકમ ન થાય ત્યા સુધી અમલમા રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ ૬ માસ સુધીની સાદી કેદ અથવા ૧૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

“જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ પોલીસ સબ ઈન્સ્પેકટર તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.”

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને, શેરી મહોલ્લામાં માઈકથી જાહેરાત કરી તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૬-૦૮-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો માર્યો.

બોટાદ, ૨૬ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

જાહેરનામુ

નં. : ડીએમ/વશી/૧૭૩૦/૨૦૧૫.-સમગ્ર બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સોશીયલ મીડીયા જેવા કે ઈન્ટરનેટ, ફેસબુક, ટવીટર, વોટસએપ મેસેન્જરનો દુરુપયોગ ન થાય તથા સુલેહ શાંતી અને જાહેર જનતાના જાનમાલની સલામતી જળવાય તે સારૂ નિયંત્રણો મુકવા જરૂરી જણાતાં અત્રેથી તા. ૨૬-૦૮-૨૦૧૫ના રોજ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ સમગ્ર બોટાદ જિલ્લામાં ઈન્ટરનેટની સેવાઓ પુરી પાડતાં સર્વિસ પ્રોવાઈટરોને તાત્કાલિક અસરથી ઈન્ટરનેટની સેવાઓ તેમજ સોશીયલ મીડીયા જેવા કે, ફેસબુક, ટવીટર, વોટસએપ મેસેન્જર બંધ કરવા હુકમ કરવામાં આવેલ.

હાલમાં જાહેર શાંતી અને સલામતી તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પુર્વવત થયેલ હોય, અત્રેથી મુકવામાં આવેલ સોશીયલ મીડીયા, ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાનું જરૂરી જણાય છે. આથી તા. ૨૬-૦૮-૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક: ડીએમ/વશી/૧૭૧૫/૨૦૧૫ થી બોટાદ જિલ્લામાં મુકવામાં આવેલ સોશીયલ મીડીયા અને ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવા આથી હુકમ કરવામાં આવે છે.

બોટાદ, ૩૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

પંકજ ઠાકર,
કલેકટર અને
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. નાચિ/પલસ/૩/વશી/૭૯૩૬ થી ૭૯૬૦/૨૦૧૫.-(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલીના પત્ર નં. મહેકમ/૨/તકમ/ભરત/વશી/૦૮/૧૫ નાં તા. ૦૬-૦૮-૧૫ ના પત્ર થી તલાટી કમ મંત્રી-વર્ગ-૩ નીસ્પર્ધાત્મકલેખિત પરીક્ષા અમરેલી શહેર,સાવરકુંડલા શહેર, બાબરા શહેર, લાઠી શહેરના જુદા જુદા ૫૬ પરીક્ષા

કેન્દ્રો ઉપર તા. ૧૬-૦૮-૧૫નાં રોજ સમય બપોરે ૦૩-૩૦ કલાક થી ૦૪-૩૦ કલાક સુધી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાનાર છે. જેમાં બહોળી સંખ્યામાં ઉમેદવારો પરીક્ષા આપનાર હોય અમરેલી શહેર, સાવરકુંડલા શહેર, બાબરા શહેર, લાઠી શહેરના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર આ પરીક્ષા યોજાનાર છે આથી આ તમામ પરીક્ષાનાં કેન્દ્રોને પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. ઉકત સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા માટે પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજા અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૬-૦૮-૧૫નાં રોજ પરીક્ષાના સમયે ૦૩-૩૦ થી ૦૪-૩૦ કલાક સુધી અમરેલી શહેર, સાવરકુંડલા શહેર, બાબરા શહેર, લાઠી શહેરના જુદા જુદા કુલ-૫૬ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર થી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં. તથા પરીક્ષાખંડમાં પરીક્ષાર્થીઓ અને સુપરવાઈઝરશ્રીઓ પોતાની પાસે મોબાઈલ ફોન કે ગેરરીતિ કરવામાં ઉપયોગી થાય તેવા ઉપકરણો લઈ જઈ શકશે નહિં. તેમજ તા. ૧૬-૦૮-૨૦૧૫ નાં રોજ ૦૩-૩૦ થી ૦૪-૩૦ કલાક સુધી ઉકત પરીક્ષા યોજાનાર છે તેવા અમરેલી શહેર, સાવરકુંડલા શહેર, બાબરા શહેર, લાઠી શહેરનાં તમામ વિસ્તારના ખાનગી ઝેરોક્ષ સેન્ટરો તથા ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તેમજ પ્રાઈવેટ ફેકસ મશીનો પણ બંધ રાખવા ફરમાવું છું.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૧૨ ઓગષ્ટ-૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/અનામત આંદોલન/૮/૨૦૧૫(૧).-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/૪૪૪/૧૫, તા. ૨૬-૦૭-૨૦૧૫થી જણાવેલ વિગતે અમદાવાદ શહેરમાં પાટીદાર અનામત અનુસંધાને આયોજીત સભા તેમજ રેલીમાં કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. જેના પ્રત્યાઘાતો જુનાગઢ જિલ્લામાં પણ પડેલ છે. આવી પરિસ્થિતિમાં સોશ્યલ મીડીયાનું અસામાજીક તત્વો દ્વારા દુરઉપયોગ કરી અફવાનો પ્રવાહ ચાલુ કરેલ હોય જેને અટકાવવા કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તેમજ જુનાગઢ જિલ્લાની આમ પ્રજાની જાહેર સલામતી માટે તા. ૨૬-૦૮-૨૦૧૫ ના કલાક ૫-૦૦ થી તા. ૨૭-૦૮-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ દરમ્યાન જુનાગઢ જિલ્લા વિસ્તારમાં મોબાઈલમાં ઈન્ટરનેટ સેવા આપતી કંપનીઓ દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ (લેન્ડ લાઈન, બ્રોડ બેન્ડ સિવાય) સેવા બંધ કરવા તેમજ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસની સુવિધા મોબાઈલ સેવા આપતી કંપનીએ ગ્રાહકોને પુરી પાડી શકે નહી તે મતલબનુ જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે.

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન લોકોમાં સોશ્યલ મીડીયા તથા ઈન્ટરનેટ મારફત અફવાઓ ફેલાવતા સંદેશાઓ અટકાવવા, લોકોને ગેરમાર્ગે દોરતા ગ્રુપ એસ.એમ.એસ., એમ.એમ.એસનો દુરઉપયોગ અટકાવવા, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ દરખાસ્ત મને વ્યાજબી જણાયેલ છે.

સબબ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છુ કે, સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૬-૦૮-૨૦૧૫ ના કલાક ૦૫-૦૦ થી તા. ૨૭-૦૮-૧૫ ના રોજ કલાક ૧૨-૦૦ દરમ્યાન તમામ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ સર્વિસ (લેન્ડ લાઈન, બ્રોડબેન્ડ સિવાય) બંધ કરવાની રહેશે તેમજ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ.ની સુવિધા પણ ગ્રાહકોને પુરી પાડી શકશે નહી.

આ હુકમ જુનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં તા. ૨૬-૦૮-૨૦૧૫ કલાક ૦૫.૦૦ થી તા. ૨૭-૦૮-૨૦૧૫ કલાક ૧૨.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ફોજદારી ગુન્હો છે. જેથી કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી. તમામને વ્યકિતગત રીતે નોટિસ બજવણી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમા સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા સારૂ હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૬ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/અનામત આંદોલન/૮/૨૦૧૫(૨).-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/૪૪૭/૧૫, તા. ૨૬-૦૮-૧૫ થી જણાવેલ વિગતે તા. ૨૫-૦૮-૨૦૧૫ ના રોજ અમદાવાદ શહેરમાં પાટીદાર અનામત અનુસંધાને આયોજીત સભા તેમજ રેલીમાં કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. જેના પ્રત્યાઘાતો જુનાગઢ જિલ્લામાં પણ પડેલ છે. આવી પરિસ્થિતિમાં સોશ્યલ મીડીયાનું અસામાજીક તત્વો દ્વારા દુરઉપયોગ કરી અફવાનો પ્રવાહ ચાલુ કરેલ હોય જેને અટકાવવા કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તેમજ જુનાગઢ જિલ્લાની આમ પ્રજાની જાહેર સલામતી માટે ખુબજ જરૂરી છે. જેથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં મોબાઈલમાં ઈન્ટરનેટ સેવા આપતી કંપનીઓએ તા. ૨૬-૦૮-૨૦૧૫ ના કલાક ૦૫-૦૦ થી તા. ૨૭-૦૮-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ દરમ્યાન તમામ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરો દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ (લેન્ડ લાઈન, બ્રોડ બેન્ડ સિવાય) સેવા બંધ કરવા તેમજ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસની સુવિધા મોબાઈલ સેવા આપતી કંપનીએ ગ્રાહકોને પુરી પાડી શકે નહી તે રીતેનુ જાહેરનામું આ કચેરીના ક્રમાંકઃ એમએજી/સી/અનામત આંદોલન/૮/૨૦૧૫(૧) તા. ૨૬-૦૮-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદરહુ જાહેરનામાની મુદત તા. ૨૭-૦૮-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ વાગ્યે પુરી થતી હોય પરંતુ હાલની જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોતા ફરીથી તા. ૨૭-૦૮-૧૫ ના કલાક ૧૨-૦૦ થી તા. ૨૮-૦૮-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ સુધીનુ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામુ બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે બાબતે વિચારણા કરતા પ્રસ્તુત સમય અવધિ વધારવાનું મને વ્યાજબી જણાય છે.

સબબ હું, **આર. જી. જાડેજા, જી..એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છુ કે, સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૭-૦૮-૨૦૧૫ ના કલાક ૧૨-૦ થી તા. ૨૮-૦૮-૧૫ ના રોજ કલાક ૧૨-૦૦ દરમ્યાન તમામ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરો દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ સર્વિસ (લેન્ડ લાઈન, બ્રોડબેન્ડ સિવાય) બંધ કરવાની રહેશે તેમજ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ.ની સુવિધા પણ ગ્રાહકોને પુરી પાડી શકશે નહી.

આ હુકમ જુનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૦૮-૨૦૧૫ કલાક ૧૨.૦૦ થી તા. ૨૮-૦૮-૨૦૧૫ કલાક ૧૨.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ફોજદારી ગુન્હો છે. જેથી કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી. તમામને વ્યકિતગત રીતે નોટિસ બજવણી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમા સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા સારૂ હું ફરમાવું છું.

આજ તારીખઃ ૨૬ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૩૩૬૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૩૩૨/૧૫, તા. ૨૪-૦૮-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) તા. ૧૫-૦૮-૨૦૧૫ થી શ્રાવણ માસ શરૂ થનાર છે તથા અનામત આંદોલન પણ વેગ પકડતુ જણાય છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૦૯-૨૦૧૫ના રોજથી તા. ૧૭-૦૯-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૭, માહે ઓગષ્ટ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૭ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/અનામત આંદોલન/૮/૨૦૧૫.-રાજય સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૫-૦૮-૧૫ના ફેકસપત્રથી થયેલ સુચના અનુસાર રાજયમાં ચાલતા હાલના પાટીદાર અનામત આંદોલન દરમ્યાન રાજયભરમાં હીંસાના બનાવો બનાવા પામેલ છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વણસી છે. હાલની રાજયની પરિસ્થિતિને ધ્યાને લેતા રાજય સરકારશ્રી દ્વારા સી.આર.પી.સી. ૧૪૪ તળે અત્રેને મળેલ અધિકારની રૂઈએ અફવાઓ ફેલાતી અટકાવવા વોટસ એપ, ફેસબુક, ટવીટર જેવી સોશ્યલ મીડીયા સહીત તમામ સોશ્યલ મીડીયા પર બાન મુકવા જાહેરનામુ બહાર પાડવા સુચના આપેલ છે.

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન લોકોમાં સોશ્યલ મીડીયા મારફત અફવાઓ ફેલાવતા સંદેશાઓ અટકાવવા, લોકોને ગેરમાર્ગે દોરતા વાંધાજનક મેસેજ (ટુંકા સંદેશ સેવા) નો દુરૂપયોગ અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અફવાઓના કારણે લોકોમાં ગભરાટનું વાતાવરણ ફેલાય નહી પ્રજાની સુલેહ શાંતિનો ભંગ થાય નહી તે હેતુસર તેમજ અફવાઓને કારણે રોજીંદા જીવન-વ્યવહાર ઉપર પણ તેની વ્યાપક ખોટી અસરો ફેલાય છે અને સામુહિક માનસીક તંગદીલી પેદા થતી હોય છે. સબબ આવી શકયતાઓનું તાત્કાલીક અસરકારક નિવારણ કરવુ અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ છે.

સબબ હું, **આર. જી. જાડેજા, જી..એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વોટસ એપ, ફેસબુક, ટવીટર સહીતની તમામ સોશ્યલ મીડીયાના સર્વિસ પ્રોવાઈડરએ તેમજ ઉપભોકતાઓ દ્વારા આ સેવાઓ મારફત અફવાઓ ફેલાવતા મેસેજો પ્રસારવા પર સંપૂર્ણ પણે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમ જુનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં તા. ૨૬-૦૮-૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૧૫ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ફોજદારી ગુન્હો છે. જેથી કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી. તમામને વ્યકિતગત રીતે નોટિસ બજવણી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમા સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા સારૂ હું ફરમાવું છું.

આજ તારીખઃ ૨૬ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની (૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૩૪૧૩/૨૦૧૫.-નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંકઃ સીબી-૩-એ/ફાયરીંગ/૩૫૦૧/૧૫, તા. ૨૬-૮-૨૦૧૫ થી તેઓના તાબાના ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓનું વાર્ષિક દ્વિતીય ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના ‘‘બફેલ રેન્જ ફાયરીંગ બટ’’ ખાતે ફાયરીંગ પ્રેકટીસ માટે આગામી તા. ૦૭-૦૯-૨૦૧૫ થી તા. ૧૫-૦૯-૨૦૧૫ સુધીની મુદત માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **તા. ૦૭-૦૯-૨૦૧૫ થી તા. ૧૫-૦૯-૨૦૧૫ ના દિન-૦૯ માટે સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૮-૩૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.**

આજ તા. ૩૧, માહે ઓગસ્ટ, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. : એમએજી/સી/૩૪૨૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૪૪૮/૧૫, તા. ૨૮-૦૮-૨૦૧૫ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતાં હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાઓના મુળ સુધી પહોંચવામાં આવે ત્યારે એવું જાણવા મળે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી આવા ગુન્હાઓની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળે નહી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ ખરીદતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે, વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

આ જાહેરનામું તા. ૦૩-૦૯-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૩૧ મી, માહે ઓગસ્ટ, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૩૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/અનામત આંદોલન/૦૮/૨૦૧૫.-રાજય સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૫-૦૮-૧૫ના ફેકસ પત્રથી થયેલ સુચના અનુસાર રાજયમાં ચાલતા હાલના પાટીદાર અનામત આંદોલન દરમ્યાન રાજયભરમાં હિંસાના બનાવો બનાવા પામેલ છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વણસી છે. હાલની રાજયની પરિસ્થિતિને ધ્યાને લેતા રાજય સરકારશ્રી દ્વારા સી.આર.પી.સી.-૧૪૪ તળે અત્રેને મળેલ અધિકારની રૂઈએ અફવાઓ ફેલાતી અટકાવવા વોટસ એપ, ફેસબુક, ટવીટર જેવી સોશ્યલ મીડીયા સહીત તમામ સોશ્યલ મીડીયા પર બાન મુકવા જાહેરનામુ બહાર પાડવા સુચના આપેલ છે.

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન લોકોમાં સોશ્યલ મીડીયા મારફત અફવાઓ ફેલાવતા સંદેશાઓ અટકાવવા, લોકોને ગેરમાર્ગે દોરતા વાંધાજનક મેસેજ (ટુંકા સંદેશ સેવા) નો દુરૂપયોગ અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને અફવાઓના કારણે લોકોમાં ગભરાટનું વાતાવરણ ફેલાય નહી તેમજ પ્રજાની સુલેહ શાંતિનો ભંગ થાય નહી તે હેતુસર તેમજ અફવાઓના કારણે રોજીંદા જીવન-વ્યવહાર ઉપર પણ તેની વ્યાપક ખોટી અસરોના કારણે માનસીક તંગદીલી પેદા થતી હોય છે. સબબ, આવી શકયતાઓની તાત્કાલીક અસરકારક નિવારણ કરવુ અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ હોય અત્રેના જિલ્લામાં વોટસ એપ, ફેસબુક, ટવીટર સહિતની તમામ સોશ્યલ મીડીયા સર્વિસ પ્રોવાઈડરએ તેમજ ઉપભોકતાઓ દ્વારા આ સેવાઓ મારફત અફવાઓ ફેલાવતા મેસેજો પ્રસારવા ઉપર આ કચેરીના સરખા ક્રમાંક વાળા તા. ૨૬-૦૮-૨૦૧૫ ના હુકમથી તા. ૨૬-૦૮-૨૦૧૫ ના રોજ સવારના કલાક ૦૬-૦૦ થી તા. ૨૭-૦૮-૨૦૧૫ ના રોજ સવારના કલાક ૦૬:૦૦ સુધી સંપુર્ણપણે પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવેલ છે. તેમજ આ કચેરીના સરખા ક્રમાંકવાળા તા. ૨૭-૦૮-૨૦૧૫ ના હુકમથી ઉપરોક્ત પ્રતિબંધ તા. ૨૯-૦૮-૨૦૧૫ ના રોજ સવારના ૦૬-૦૦ કલાક સુધી લંબાવવામાં આવેલ છે. રાજયની હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા ઉપરોકત પ્રતિબંધ વધારે લંબાવવો આવશ્યક છે.

સબબ હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ગીર સોમનાથ જિલ્લા વિસ્તારમાં વોટસ એપ, ફેસબુક, ટવીટર સહિતની તમામ સોશ્યલ મીડીયા સર્વિસ પ્રોવાઈડએ તેમજ ઉપભોકતાઓ દ્વારા આ સેવાઓ મારફત અફવાઓ ફેલાવાતા મેસજો પ્રસારવા ઉપર સંપુર્ણપણે પ્રતિબંધ ફરમાવા આ કચેરીના સરખા ક્રમાંક વાળા તા. ૨૬-૦૮-૨૦૧૫ ના હુકમથી બહાર પાડવામા જાહેરનામાની મુદત તા. ૩૧-૦૮-૨૦૧૫ ના રોજ ૧૧:૦૦ કલાક સુધી વધારવા આદેશ કરૂં છું.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં તા. ૩૧-૦૮-૨૦૧૫ ના રોજ કલાક ૧૧:૦૦ સુધી અમલમાં રહેશે. તેમજ સદર બાબતે જરૂર જણાયેથી આ જાહેરનામાનો હુકમ વધુ મુદત સુધી લંબાવવાની પ્રક્રિયા કરવામા આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુન્હો છે. જેથી કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી. તમામને વ્યકિતગત રીતે નોટિસ બજવણી શકય ન હોય, આથી એકતરફી હુકમ કરૂ છું.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમા સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા સારૂ ફરમાવું છું.

આજ તારીખઃ ૨૯ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૩૦૩૬/૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/જાહેરનામુ/૩૪૬/૨૦૧૫, તા. ૦૧-૦૯-૨૦૧૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગઈ તા. ૨૫-૦૮-૨૦૧૫ ના રોજ અમદાવાદ શહેર ખાતે પાટીદાર અનામત આંદોલનના અનુસંધાને મહાસભાનુ તેમજ રેલીનુ આયોજન થયેલ. તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ. જેના કારણે સમગ્ર ગુજરાત રાજયમા પ્રત્યાઘાતો પડેલ. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લઈ આગામી જન્માષ્ટમી તથા ગણેશ ઉત્સવ અને બકરી ઈદ જેવા તહેવારો દરમ્યાન સમગ્ર જિલ્લામા શાંતિ અને સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા આવી પરિસ્થિતિમા સોશ્યલ મીડીયાનો દુર-ઉપયોગ કરી અફવાઓનો પ્રવાહ ચાલુ કરે તેવી સંભાવના હોય, જેને અટકાવવા કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તેમજ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાની આમ જનતાની જાહેર સલામતી માટે ખુબ જ આવશ્યક છે. જેથી કોઈપણ વ્યકિત દ્વારા સોશ્યલ મીડીયાના માધ્યમનો દુર ઉપયોગ કરી ખોટી અફવાઓ તથા ઉશ્કેરણીજનક એસ.એમ.એસ., વોટસઅપ, ફેસબુક, ઈમો, હાઈક, ઈન્ટાગ્રામ, જીઓચેટ તથા ટેલીગ્રામ વિગેરે જેવી કોઈપણ એપ્લીકેશનના માધ્યમથી ઉશ્કેરણીજનક મેસેજો, ફોટા, ઓડીયો તેમજ વિડીયો વ્યક્તિગત તેમજ ગૃપમા વાઈરલ કરી શાંતિ ડહોળાય તેવા પ્રયાસો થવાની સંભાવના હોય, આવી પ્રવૃતિ અટકાવવા સારૂ પ્રતિબંધો ફરમાવવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

રાજયની હાલની પરિસ્થિતિ જોતા અત્રેના જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને લોકોની સલામતી જળવાઈ રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે.

સબબ હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ગીર સોમનાથ જિલ્લા વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કોઈપણ વ્યકિતએ સોશ્યલ મીડીયાના માધ્યમનો દુર ઉપયોગ કરી ખોટી અફવાઓ તથા ઉશ્કેરણીજનક એસ.એમ.એસ., વોટસઅપ, ફેસબુક, ઈમો, હાઈક, ઈન્ટાગ્રામ, જીઓ ચેટ તથા ટેલીગ્રામ વિગેરે જેવી કોઈપણ એપ્લીકેશનના માધ્યમથી ઉશ્કેરણીજનક મેસેજીસ, ફોટાઓ, ઓડીયો તેમજ વિડીયો વ્યકિતગત તેમજ ગૃપમા પ્રસારવા ઉપર સંપુર્ણપણે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમા બહાર પડયા તારીખથી દિન-૩૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ કોગ્નીઝેબલ અને સજા પાત્ર ગુન્હો છે. જેથી કોઈપણ ઈસમ આ હુકમનો ઉલ્લંઘન કરશે નહી. તમામને વ્યકિતગત રીતે નોટિસ બજવણી શકય ન હોય, આથી એકતરફી હુકમ કરૂ છું.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમા સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા સારૂ ફરમાવું છું.

આજ તારીખઃ ૦૨ માહે સપ્ટેમબર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીરસોમનાથ જિલ્લો,
વેરાવળ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

જાહેરનામું

નં. : જે/એમએજી/ટયુશન કલાસીસ/પ્રતિબંધ/જા.નામું/ફા.નં.૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં સ્થળોએ વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. ભવિષ્યમાં રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતિ તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેરમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮-૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

સમયમર્યાદા :

આ હુકમ તા. ૦૯-૦૯-૨૦૧૫ થી તા. ૦૮-૧૧-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૦૭, માહે સપ્ટેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

હર્ષદ વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩-વશી/સીસીટીવી કેમારા જા.નામુ/૨૦૧૫/ વશી.-આગામી જન્માષ્ટમીના તહેવારોને અનુલક્ષીને આગામી તા. ૩-૯-૨૦૧૫ થી તા. ૯-૯-૨૦૧૫ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમા વઢવાણ, ધ્રાંગ્રા, ચુડા, લીંબડી તથા સાયલા ખાતે મોટા લોકમેળાઓ ભરાય છે. આતંકવાદીઓ દ્વારા ભીડભાડ વાળી જગ્યાઓને ટારગેટ બનાવવામાં આવે છે. લોક મેળાઓમા ઘણી મોટી સંખ્યામા માણસો આવતા હોય છે. તેમજ ગુપ્તચર સંસ્થાઓ તરફ થી મળેલ ઈનપુટને ધ્યાને લેતા આતંકવાદીઓ પોતાના ઈરાદાઓ પાર પાડવા આવા ભીડ ભાડવાળી જગ્યાઓને ટારગેટ બનાવતા હોય છે. સદર બાબતને ધ્યાને રાખતા સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમા યોજાનાર તમામ મેળાઓમા મેળા આયોજકો દ્વારા મેળાના બહારના ભાગે રોડ ઉપર તથા મેળાના અંદરના ભાગે આવતા જતા તમામ વ્યકિતઓ સ્પષ્ટ રીતે દેખાય તે પ્રમાણે જરૂરીયાત મુજબના હાઈડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી. ટી.વી. કેમેરા ઓછામા ઓછુ એક અઠવાડીયુ રેકોર્ડીંગ સ્ટોરેજ રહે તેવા કેમેરા લગાવવા પોલીસ અધીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૮-૮-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ એલ.આઈ.બી./જન્માષ્ટમી/ ૬૫૪/૧૫ થી અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ ઉપરોકત વિગતેની દરખાસ્ત અન્વયે અત્રેના સુચનો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **એસ. એમ. ખટાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને. ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે આગામી તા. ૩-૯-૨૦૧૫ થી તા. ૯-૯-૨૦૧૫ દરમ્યાન સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમા યોજાનાર તમામ મેળાઓમા મેળા આયોજકો દ્વારા મેળાના બહારના ભાગે રોડ ઉપર તથા મેળાના અંદરના ભાગે આવતા જતા તમામ વ્યકિતઓ સ્પષ્ટ રીતે દેખાય તે પ્રમાણે જરૂરીયાત મુજબના હાઈડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા ઓછામા ઓછુ એક અઠવાડીયુ રેકોર્ડીંગ સ્ટોરેજ રહે તેવા કેમેરા લગાવવા આદેશ કરૂં છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩-૯-૨૦૧૫ થી તા. ૯-૯-૨૦૧૫ સુધી (બંન્ને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩૧ માહે ઓગસ્ટ સને. ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ વાહનો માટે રસ્તો ટેમ્પરરી બંધ કરવા અંગેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/ધ્રાંગધ્રા મેળો/યાંત્રીક વાહનો પ્રતીબંધ જા.ના./૨૦૧૫.-પવિત્ર શ્રાવણ માસમા શીતળા સાતમ તથા ગોકુલાષ્ટમીના ધાર્મીક તહેવારો દરમ્યાન ધ્રાંગધ્રામાં શ્રી સોમનાથ મંદિર પાસે ફલકુ નદીના સામા કાંઠે તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ સુધી (દિન-૪) યોજાનાર મેળા નિમિતે ચીફ ઓફીસરશ્રી, ધ્રાંગધ્રા નગરપાલિકા દ્વારા તા. ૧૧-૦૮-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ સામા-વહી-વશી-૬૨/૨૦૧૫થી થઈ આવેલ દરખાસ્ત મુજબ મેળામા ટ્રાફિક અને નાગરીકોનો ધસારો રહેતો હોવાથી અકસ્માત થવાની સંભાવના રહે છે, તેમજ શીતળા માતાજીના મંદિર તરફના ઢાળવાળા અને સાંકડો રસ્તાના કારણે ટ્રાફિકની સમસ્યા રહેતી હોવાથી (૧) ગાંધીબાગ પાસેથી સોમનાથ મંદીર તરફ જવાનો કોઝવે સુધી તથા (૨) રેલ્વે ક્રોસિંગની ઉત્તર બાજુએ શીતળા માતાજીના મંદીર સુધીનો તમામ રસ્તો તમામ પ્રકારના યાંત્રિક વાહનો માટે સવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રિના ૧૦-૦૦ વાગ્યા સુધી સદંતર બંધ રાખવા હુકમ ફરમાવવા જણાવેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા તા. ૧૮-૦૮-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જન્માષ્ટમી/૬૫૩/૧૫થી રસ્તાઓ બંધ રાખવા હકારાત્મક અભીપ્રાય આપવામા આવેલ છે.

તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અન વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે, ટ્રાફિક સરળતાથી પસાર થાય, ટ્રાફિકની કોઈ સમસ્યા ન સર્જાય, જાહેર જનતાની જાનમાલની સલામતી જાળવવા, અકસ્માત નિવારવા, રાહદારીનું નિયમન થઈ શકે તે માટે નીચે જણાવેલ રસ્તા પર તમામ પ્રકારના યાંત્રિક વાહનોના યાતા યાત પર તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ સુધી (દિન-૪) સવારના ૬-૦૦ કલાકથી રાત્રિના ૧૦-૦૦ વાગ્યા સુધી પ્રતીબંધ મુકવો મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **એસ. એમ. ખટાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ખાતે શ્રી સોમનાથ મંદિર પાસે ફલકુ નદીના સામા કાંઠે તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ સુધી (દિન-૪) યોજનાર મેળા નિમિતે નીચે જણાવેલ રસ્તા પર તમામ પ્રકારના યાંત્રિક વાહનો સવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રિના ૧૦-૦૦ વાગ્યા સુધી લાવવા તથા લઈ જવા પર પ્રતીબંધ ફરમાવું છું.

૧. ગાંધીબાગ પાસેથી સોમનાથ મંદિર તરફ જવાનો કોઝવે સુધી
૨. રેલ્વે ક્રોસીંગની ઉત્તર બાજુએ શીતળા માતાજીના મંદિર સુધીના તમામ રસ્તાઓ

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ સુધી (દિન-૪) અમલમાં રહેશે. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમ સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ મુજબ ટ્રાફીક ડાયવર્ટ કરવા અંગેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/સુ.નગર મેળો/યાંત્રીક વાહનો પ્રતીબંધ જા.ના./૨૦૧૫.-આગામી તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ સુધી સુરેન્દ્રનગર શહેરમાં મેળાના મેદાનમાં લોકમેળાનું આયોજન કરવામાં આવનાર હોય. આ લોકમેળામાં શહેર તથા આજુબાજુના ગામનાં લોકો મોટી સંખ્યામાં ચાલીને તેમજ વાહનો લઈને મેળો માણવા આવતા હોય છે. મેળામાં આવવા માટેના મુખ્ય રસ્તાઓ વાદીપરા ચોકથી એન.ટી.એમ. હાઈસ્કુલ ચોક અને એન.ટી.એમ. હાઈસ્કુલ ચોકથી મલહાર ચોક અને મલહાર ચોકથી વાદીપરા ચોકવાળા રસ્તા પર જનમેદનીની વધુ અવર-જવર થતી હોય છે. જે રસ્તાઓ ઉપરથી એસ.ટી.બસો તથા ભારે વાહનો પણ પસાર થતા હોય છે. જેથી લોકમેળા દરમ્યાન માણસોને વાહનથી તકલીફ ઉભી થતી હોય છે અને ટ્રાફીકની સમસ્યા પણ સર્જાય તેમ હોય જેથી લોકમેળા દરમ્યાન આવી તકલીફો ઉભી ન થાય અને કાયદો વ્યવસ્થા બરોબર જળવાઈ રહે તે હેતુથી તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ના કલાક ૦૮-૦૦ થી ૨૩-૦૦ સુધી એસ.ટી.બસો નીચે જણાવેલ રૂટ પર ચલાવવા અંગેનું જાહેરનામુ પ્રસીધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી સુરેન્દ્રનગર દ્વારા તા. ૨૪-૦૮-૨૦૧૫ના પત્ર નં. એલઆઈબી/મેળા/જાહેરનામુ/૬૬૭/૧૫થી દરખાસ્ત થઈ આવેલ છે.

તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે, ટ્રાફિક સરળતાથી પસાર થાય, ટ્રાફિકની કોઈ સમસ્યા ન સર્જાય, જાહેર જનતાની જાનમાલની સલામતી જાળવવા, અકસ્માત નિવારવા, રાહદારીનું નિયમન થઈ શકે તે માટે નીચે જણાવેલ રસ્તા પર તમામ પ્રકારના યાંત્રિક વાહનોના યાતા યાત પર તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ના કલાક ૦૮-૦૦ થી ૨૩-૦૦ સુધી પ્રતીબંધ મુકવા મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **એસ. એમ. ખટાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગરના મેળા નિમિતે નીચે જણાવેલ રસ્તા પર તમામ પ્રકારના યાંત્રિક વાહનો તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ના કલાક ૦૮-૦૦ થી ૨૩-૦૦ વાગ્યા સુધી લાવવા તથા લઈ જવા પર પ્રતીબંધ ફરમાવું છું.

૧. ધ્રાંગધ્રા, પાટડી તરફ જતી એસ.ટી. બસો એસ.ટી. ડેપોથી નીકળી ડો. આંબાડકર ચોક, કોઝવે સ્મશાન રોડ, હેન્ડલુમ ચોક, બોસ્ટન ગેસ્ટ હાઉસ, જુના જંકસન રોડ, કે.સી.આઈ. કારખાના થઈ જુના જંકશન ચાર રસ્તા થઈ બહુચર હોટલ ત્રણ રસ્તા થઈને જવાનું રહેશે.

(૨) ધ્રાંગધ્રા, પાટડી તરફથી આવતી એસ.ટી. બસો બહુચર હોટ, જુના જંકશન ૮૦ ફુટ રોડ ફાટક અંદર થઈ એસ.પી. સ્કુલ, અલ્ટ્રા વિઝન સુકલ થઈ બ્રહ્મકુમારી સર્કલ (વઢવાણ જકાતનાકા) થી વળી જુના નારી કેન્દ્ર રોડ, અલ્કાપુરી ચોક થઈ જીવન જયોત હોસ્પીટલ (પોલીસ ચોકી) થઈને એસ.ટી. ડેપોએ જવાનુ રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામું તા.૦૩-૦૯-૨૦૧૫ થી તા.૦૭-૦૯-૨૦૧૫ સુધી (પાંચ દિવસો) સુધી અમલમાં રહેશે. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

એસ. એમ. ખટાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેર નોટિસ

નં. રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/વન-વે/૧૬૧૯/૨૦૧૫.- ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવેલ લેખીત સુચનો તથા સાંધ્ય દૈનિક દ્વારા યોજાયેલ પરીચર્ચા દરમ્યાન શહેરના અમુક રસ્તાઓ એકમાર્ગીય કરવા સુચનો કરવામાં આવેલ જે અંગે જાતેથી સ્થળ તપાસ કરતા નીચે મુજબના રસ્તાઓ પર સરળતાથી અને સુચારૂ રીતે ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને ટ્રાફિક સમસ્યાનો હલ થઈ શકે તે માટે એકમાર્ગીય કરવાની જરૂરીયાત જણાતી હોય જેથી નીચે જણાવેલ રસ્તાઓ તમામ પ્રકારના વાહનો માટે જાહેર હિતમાં એકમાર્ગીય જાહેર કરવા અંગેનું પ્રાયોગીક ધોરણે જાહેરનામુ પ્રસિધ્ધ કરવું હીતાવહ જણાય છે.

(૧) **મહાકાળી મંદિર રોડ :-**

મહિલા કોલેજ ચોકથી મહાકીળી મંદિર થઈ ડો. યાજ્ઞીક રોડ તરફ જવા માટેના વાહનો ફકત પ્રવેશ કરી શકશે. ડો. યાજ્ઞીક રોડ તરફથી મહાકાળી મંદિર થઈ મહિલા કોલેજ ચોક તરફ જવા માટે વાહનોને પ્રતિબંધ રહેશે.

આ રોડ ઉપર આવતી પેટા શેરીઓમાંથી પસાર થતા વાહનો ફકત ડો. યાજ્ઞીક રોડ તરફ જઈ શકશે મહિલા કોલેજ ચોક તરફ જઈ શકશે નહી.

(૨) **ન્યુ જાગનાથ-૨૦ મેઈન રોડ :-**

ડો. યાજ્ઞીક રોડથી વાયા ન્યુ જાગનાથ-૨૦ ટાગોર માર્ગ તરફ જતા વાહનો ફકત પ્રવેશ કરી શકશે, ટાગોર માર્ગ તરફથી ડો. યાજ્ઞીક રોડ તરફ આવતા વાહનો માટે પ્રતિબંધ રહેશે.

આ રોડ ઉપર આવતી પેટા શેરીઓમાંથી પસાર થતા વાહનો ફકત ટાગોર માર્ગ તરફ જઈ શકશે, ડો. યાજ્ઞીક રોડ તરફ આવતા વાહનો માટે પ્રતિબંધ રહેશે.

(૩) **સરદારનગર મેઈન રોડ :-**

ડો. યાજ્ઞીક રોડથી સરદારનગર મેઈન રોડ ભગવાન મહાવીર ચોક (એસ્ટ્રોન ચોક) માર્ગ તરફ જતા વાહનો ફકત પ્રવેશ કરી શકશે. ભગવાન મહાવીર ચોક (એસ્ટ્રોન ચોક) થી ડો. યાજ્ઞીક રોડ તરફ જવા માટે વાહનો ઉપર પ્રતિબંધ રહેશે.

(૪) **ડો. હોમી દસ્તુર માર્ગ :-**

ટાગોર માર્ગ (ડો. હોમી દસ્તુર રોડ) ‘‘પ્રેરણા’’ મકાનથી ડો. યાજ્ઞીક રોડ સુધી જવા માટેના વાહનો ફકત પ્રવેશ કરી શકશે.

આ રોડ ઉપર આવતી પેટા શેરીઓમાંથી પસાર થતા વાહનો ફકત ડો. યાજ્ઞીક રોડ તરફ જઈ શકશે અને ટાગોર રોડ તરફ જઈ શકશે નહી.

(૫) **વિવેકાનંદ રોડ :-**

વિરાણી ચોકથી નરશી મહેતા ગાર્ડન, રામકૃષ્ણનગર શેરી નં. ૬ તરફ જવા માટેનો વાહનો ફકત પ્રવેશ કરી શકશે. નરશી મહેતા ગાર્ડનથી વિરાણી ચોક તરફ જવા માટે વાહનો ઉપર પ્રતિબંધ રહેશે.

આ રોડ ઉપર આવતી પેટા શેરીઓમાંથી પસાર થતા વાહનો ફકત નરશી મહેતા ગાર્ડન, રામકૃષ્ણનગર શેરી નં. ૬ તરફ જ જઈ શકશે, વિરાણી ચોક તરફ જઈ શકશે નહી.

તેમજ નરશી મહેતા ગાર્ડન, રામકૃષ્ણનગર શેરી નં. ૧૦ થી ટાગોર રોડ તરફ જતો રસ્તો બન્ને બાજુ ખુલ્લો રહેશે.

(૬) વિદ્યાનગર મેઈન રોડ :-

ટાગોર રોડ વિરાણી ચોકથી વિદ્યાનગર મેઈન રોડ, જલારામ આર્કેડ, ડો. દિપા કણસાગરા ડેન્ટલ હોસ્પીટલથી, શ્રીરામ ઔષધાલય, રાષ્ટ્રીયશાળા તરફ જવા માટેનો વાહનો ફકત પ્રવેશ કરી શકશે અને રાષ્ટ્રીયશાળાથી વાયા શ્રીરામ ઔષધાલય, જલારામ આર્કેડ, ટાગોર રોડ, ડો. દિપા કણસાગરાની હોસ્પીટલ તેમજ વિરાણી ચોક તરફ જતા વાહનો પર પ્રતિબંધ રહેશે.

આ રોડ ઉપર આવતી પેટા શેરીઓમાંથી પસાર થતા વાહનો ટાગોર રોડથી રાષ્ટ્રીયશાળા તરફ જઈ શકશે અને રાષ્ટ્રીયશાળા તરફથી ટાગોર રોડ તરફ જતા વાહનો પર પ્રતિબંધ રહેશે.

(૭) મંગળા રોડ :-

ગોંડલ રોડ લોધાવાડ ચોક થઈ મંગળા રોડ થઈ ટાગોર રોડ તરફ જતા વાહનો ફકત પ્રવેશ કરી શકશે અને ટાગોર રોડ તરફથી મંગળા રોડ, લોધાવાડ ચોક તરફ જવા માટે વાહનો પર પ્રતિબંધ રહેશે.

આ રોડ ઉપર આવતી પેટા શેરીઓમાંથી પસાર થતા વાહનો ગોંડલ રોડ, લોધાવાડ ચોકથી શરૂ થતો મંગળા રોડથી સરદારનગર શેરી નં. ૪, મહાવીર પ્લાઈવુડ, ટાગોર રોડ તરફ વાહનો જઈ શકશે અને ટાગોર રોડ મહાવીર પ્લાઈવુડથી મંગળા રોડ, લોધાવાડ ચોક, ગોંડલ રોડ તરફ આવતા વાહનો પર પ્રતિબંધ રહેશે.

સબબ **મોહન ઝા, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટ,** મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની લમ-૩૩(૧)બી થી મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત પેરામાં જણાવેલ વિગતેનાં રોડને તેમાં જણાવ્યા મુજબ તમામ વાહનો માટે વન-વે (એક માર્ગીય) જાહેર કરવા ઈચ્છુ છું.

ઉપરોકત વિગતે જાહેર કરેલ એકમાર્ગીય રોડનો અમલ આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માટે પ્રાયોગીક ધેરણે અમલ કરવાનો રહેશે અને આ રીતે ઉપરોકત રોડને વન-વે (એકમાર્ગીય) જાહેર કરવા સંબંધમાં કોઈએ વાંધા અગર સુચનો રજુ કરવા હોય, તો તેમણે તેમનાં વાંધા અગર સુચનો લેખિત સ્વરૂપમાં આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં નીચે સહિ કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી મળેલ વાંધા અગર સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિં.

ઉકત મુદત દરમ્યાન મળેલ વાંધા અગર સુચનો લક્ષમાં લીધા બાદ તથા આ રીતે પ્રાયોગીક ધોરણે એકમાર્ગીય જાહેર કરવામાં આવેલ છે, તેની અમલવારી કર્યા બાદ આ સમયગાળાનાં અનુભવ બાદ જ વિશેષ સમય કે કાયમી સમય માટે એકમાર્ગીય જાહેર કરવાનાં આખરી હુકમો બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી.૧૫૦૩/ ૨૦૧૫.-રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૦૭-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ સુધી સી.આઈ.એસ.એફ. યુનિટ એસ.એમ. પી.એલ./આઈ.ઓસી., રાજકોટના અધિકારી/કર્મચારીઓના ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂં છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, **મોહન ઝા, પોલીસ કમિશનર, રાજકોટ શહેર,** આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૭-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૦૯-૨૦૧૫ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૦૪-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. રાજ/સીપી/એલ.બી.-૨/ટ્રાફીક/જા.ના/૧૬૧૮/૨૦૧૫.-આગામી તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ સુધી રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતિક લોકમેળાનું આયોજન કરવામાં આવેલ હોય અને આ લોકમેળામાં રાજકોટ શહેર તથા આજુબાજુના ગામડાઓમાંથી ખુબ જ પ્રમાણમાં આમ જનતા લોકમેળો માણવા માટે આવતી હોય અને વાહનોનું પ્રમાણ ખુબ જ રહેતું હોય જેથી લોકમેળામાં આવતી આમ જનતા લોકમેળામાં સરળ રીતે હરીફરી શકે અને સુચારૂ તથા સલામત વાહનવ્યવહાર ચાલુ રહે અને અકસ્માતના બનાવો ન બને તે માટે વાહનવ્વહારના સરળ ટ્રાફીક નિયમન માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાનું હિતાવહ જણાય છે.

(A)

(૧) રેસકોર્ષ રીંગ રોડ ફરતો તમામ વાહનો માટે (ટ્રક, મેટાડોર, બસ, કાર, રીક્ષા, મોટર સાયકલ, સાયકલ) વિગેરે વાહનો માટે ''નો પાર્કીંગ'' જાહેર કરવામાં આવે છે.

(૨) રેસકોર્ષ રીંગ રોડ ફરતે લારી-ગલ્લા, પાથરણા અને રેકડીઓ રાખવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(૩) કલાક ૦૯-૦૦ થી મેળો પુર્ણ થાય ત્યાં સુધી રેસકોર્ષ રીંગ રોડ પર વાહન ૧૦ કી.મી.ની ઝડપે જ ચલાવવાનું રહેશે.

(૪) ચાણકય બિલ્ડીંગ ચોકથી ફુલછાબ ચોકથી ભીલવાસ ચોક સુધી તમામ વાહનો માટે ''નો પાર્કીંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે.

(૫) ચાણકય બીલ્ડીંગ ચોકથી બહુમાળી ભવન ચોક થઈ જિલ્લા પંચાયત ચોક સુધી તથા પોલીસ હેડ કવાટર સર્કલથી જુની એન. સી.સી. ઓફીસ ચોકથી કિશાનપરા સર્કલ સુધી બન્ને બાજુ આવવા-જવા માટે તમામ પ્રકારની પેસેન્જર ઓટો રીક્ષા તથા અતુલ ઓટો રીક્ષા પર મનાઈ ફરમાવવામાં આવે છે. જેના વિકલ્પે પેસેન્જર ઓટો રીક્ષા તથા અતુલ રીક્ષા ચાણકય બિલ્ડીંગ ચોકથી ફુલછાબ ચોક થઈ જિલ્લા પંચાયત ચોક થઈ કિશાનપરા ચોકથી આમ્રપાલી રૈયા રોડ તથા મહિલા કોલેજ ચોક તરફ આવ-જા કરી શકશે.

(૬) કોઈપણ ભારે વાહન લોકમેળા દરમ્યાન રેસકોર્ષ રીંગ રોડ ઉપર પ્રવેશી શકશે નહી અને બાયપાસથી જ વાહન આવ-જા કરશે.

(B)

તેમજ સદરહું લોકમેળા દરમ્યાન તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ સુધી મેળામાં આવતી આમ જનતાના ખાનગી વાહનો તેમજ ઓટો રીક્ષાઓ અને એસ.ટી. બસોને પાર્કીંગ કરવા માટે નીચે મુજબના સ્થળોએ પાર્કીંગ વ્યવસ્થા કરવામાં આવેલ હોય તે મુજબના જે તે સ્થળોએ તે જ પ્રકારના વાહનો પાર્કીંગ કરવાના રહેશે.

ક્રમ	પાર્કીંગ સ્થળ	વાહનના પ્રકાર	વિગત
૧.	નહેરૂ ઉદ્યાન, બહુમાળી ભવન સામે, પ્રવેશ બહુમાળી ચોકથી	કાર, મોટર સાયકલ, સાયકલ	ફ્રી પાર્કીંગ
૨.	એરપોર્ટ ફાટકથી આમ્રપાલી ફાટક પુર્વ બાજુનો ભાગ રેલ્વે પાટા સામે	બસ, કાર, મો.સા./સાયકલ	ફ્રી પાર્કીંગ
૩.	બાલભવન સ્નાનાગાર તરફ જતા રસ્તાનો ઉભો પટ્ટો તથા ઈન્ડોર સ્ટેડીયમ સામેનો ઉભો પટ્ટો	મોટર સાયકલ તથા સાયકલ	ફ્રી પાર્કીંગ
૪.	ચાણકય બિલ્ડીંગ ચોકથી શ્રોફ રોડ પર બન્ને બાજુના રસ્તાના સાઈડે એકની પાછળ એક ૩૦+૩૦ રીક્ષા માટે	ઓટો રીક્ષા/અતુલ રીક્ષા	ફ્રી પાર્કીંગ
૫.	કિશાનપરા ચોક એ.જી. ઓફીસની દિવાલ પાસે ૧૫-રીક્ષા	ઓટો અતુલ રીક્ષા	ફ્રી પાર્કીંગ
૬.	કિશાનપરા ચોકમાં ગણેશ ઉત્સવ થાય છે તે જગ્યા	ટુ-વ્હીલર માટે	ફ્રી પાર્કીંગ
૭.	આયકર વાટીકા સામે ખુલ્લી જગ્યા પાસે રિલાયન્સના ગ્રાઉન્ડમાં	કાર, મો.સા./સાયકલ	ફ્રી પાર્કીંગ
૮.	ચૌધરી હાઈસ્કુલ ગ્રાઉન્ડ	ટુ-વ્હીલર તથા ફોર-વ્હીલર માટે	ફ્રી પાર્કીંગ
૯.	હોમગાર્ડ ઓફીસર કોલોની બહુમાળી ભવન સામે	ફકત સરકારી વાહનો માટે	--

૨/- આથી હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તા. ૦૩-૦૯-૨૦૧૫ થી તા. ૦૭-૦૯-૨૦૧૫ સુધી દરરોજ સવારના કલાક ૮:૦૦ થી રાત્રીના કલાક ૧:૦૦ વાગ્યા સુધી ઉપર દર્શાવેલ પેરા-A માં અનુક્રમ નંબર ૧ થી ૬ માં જણાવ્યા મુજબનો ચુસ્તપણે અમલ કરવા તથા પેરા-B માં જણાવ્યા મુજબના જે તે સ્થળોએ તે જ પ્રકારના વાહનો પાર્કીંગ કરવા હુકમ કરૂ છું.

૩/- આ જાહેરનામું પગપાળા ચાલનારાઓને લાગુ પડશે નહી તેમજ પોલીસ વાહન, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડના ફાયર ફાઈટર વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહી. આકસ્મીક જરૂરીયાતના સંજોગોમાં મદદનીશ પોલીસ કમિશ્નર, ટ્રાફીક શાખા, રાજકોટ શહેરની લેખીત મંજુરી લઈ જે તે વિસ્તારમાં વસનારા નાગરીક તેમજ મહાનગરપાલિકાના વાહનો અવરજવર કરી શકશે.

૪/- આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ અનુસાર કામ ચલાવી શકાશે.

આજરોજ તા. ૦૨-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે પ્રસિધ્ધ કર્યું.

રાજકોટ, ૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. એરો ડીજીટલ પ્રા.લી., નોં.નં. ૨૪૦૭૩૭૦૧૬૬૬ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૫), ઘટક-૯, અમદાવાદના પત્રાંક જા. ૪૫૬૧/૬૨, તા. ૦૧-૦૭-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૧૫૬૧, તા. ૦૮-૦૭-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૩૭૨૮/૪૭.-વાણિજ્યિકવેરા અધિકારી-(૫), ઘટક-૯, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એરો ડીજીટલ પ્રા.લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૭૦૧૬૬૬ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૭૦૧૬૬૬ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૭૧૮૫૦૩૬ (એક) કુલ-૧ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C Form પાના નંગ-૦૧ (એક) ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	એરો ડીજીટલ પ્રા.લી., ૨૪૦૭૩૭૦૧૬૬૬ ૨૪૫૭૩૭૦૧૬૬૬	વા. વે. અધિકારી (૫), ઘટક-૯, અમદાવાદ.	"C" Form No : ૭૧૮૫૦૩૬	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. નિશાન માર્કેટીંગ, નોં.નં. ૨૪૦૭૩૪૦૪૨૩૭ ની 'એફ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૮, અમદાવાદના પત્રાંક જા. ૧૫૫૪/૫૫, તા. ૨૫-૦૬-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૨૬૪૨/૪૩, તા. ૨૮-૦૭-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૩૫૯૨/૩૬૧૧.-વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૮, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. નિશાન માર્કેટીંગ, કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૪૦૪૨૩૭

તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૪૦૪૨૩૭ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "F" Form No. : ૦૫૮૪૧૦૧ તથા ૦૫૮૪૧૦૨ (બે) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના F Form પાના નંગ-૦૨ (બે) ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. નિશાન માર્કેટીંગ, ૨૪૦૭૩૪૦૪૨૩૭ ૨૪૫૭૩૪૦૪૨૩૭	વા. વે. અધિકારી (૨), ઘટક-૮, અમદાવાદ.	"F" Form No : ૦૫૮૪૧૦૧ તથા ૦૫૮૪૧૦૨	૦૨ (બે) "F" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "એફ" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. એબીસી કોટસ્પીન પ્રા.લિ., નોં.નં. ૨૪૦૭૩૪૦૫૦૩૭ ની 'એચ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૮, અમદાવાદના પત્રાંક જા. ૩૩૧૯/૨૦, તા. ૨૧-૦૭-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૨૬૪૪/૪૫, તા. ૨૪-૦૭-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૩૮૬૪/૮૩.-વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૮, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એબીસી કોટસ્પીન પ્રા.લિ., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૪૦૫૦૩૭ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૪૦૫૦૩૭ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "H" Form No. : ૦૩૪૪૦૭૭ કુલ નંગ-૧ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના H Form પાના નંગ-૦૧ (એક) ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	એબીસી કોટસ્પીન પ્રા.લિ., ૨૪૦૭૩૪૦૫૦૩૭ ૨૪૫૭૩૪૦૫૦૩૭	વા. વે. અધિકારી (૨), ઘટક-૮, અમદાવાદ.	"H" Form No : ૦૩૪૪૦૭૭	૦૧ (એક) "H" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "એચ" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૫૮૩/૩૪૭૬/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી ક્રિષ્ના ક્રેડીટ કો.ઓપરેટીવ સહકારી મંડળી લીમીટેડ, સ્થળ : લીલીયામોટા, મુ. લીલીયામોટા, તાલુકો : લીલીયામોટા, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/એ.એમ.આર./‘‘સે’’(શ)/૩૯૫૭૦/૨૦૧૫, તા. ૩૧-૦૮-૨૦૧૫ થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૩૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૧-૧૨-૨૦૦૭નો ફડચાનો અંતિમ આદેશ નં.: ફડચ/૧૭૨૩૩/ખ-૪/૨૦૫૩/૨૦૦૭.

(૩) ફડચા અધિકારી શ્રી શીલ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. શીલ, તા. માંગરોળ, જિ. જુનાગઢની નોંધણી રદની તા. ૩૧-૦૭-૧૫ ના રોજની દરખાસ્ત.

આદેશ

જા.નં.:ફડચ/ખ-૪/૧૪૮/૩૭૮૮/૧૫.-આથી હું ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી શીલ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. શીલ, તા. માંગરોળ, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૧૮૭૨૯ અને તા. ૨૭-૦૪-૧૯૮૨ ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂં છું.

જુનાગઢ, ૩૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો તા. ૦૮-૦૩-૨૦૦૬નો ફડચાનો અંતિમ આદેશ નં.: ફડચ/૧૬૬૭૬/ખ-૪/૨૯૦/૨૦૦૬.

(૩) ફડચા અધિકારી શ્રી સકરાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સકરાણા, તા. માંગરોળ, જિ. જુનાગઢની નોંધણી રદની તા. ૨૦-૦૮-૧૫ ના રોજની દરખાસ્ત.

આદેશ

જા.નં.:ફડચ/ખ-૪/૧૪૭/૩૭૮૯/૧૫.-આથી હું ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી સકરાણા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સકરાણા, તા. માંગરોળ, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૨૫૨૯૬ અને તા. ૨૧-૦૩-૧૯૯૨ ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂં છું.

જુનાગઢ, ૩૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ તથા (૨૦) (૧) હેઠળની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૩૦૧૧/સીએચ. થી થયેલ સત્તા સોંપણી.

(૩) કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦૩/૨૦૦૮, તા. ૩૧-૦૩-૨૦૦૮.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૧-૦૭-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૬૬૬/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી

મંડળીઓ, રાજકોટ, વંચાણે-(૨) વાળા જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી પંચવટી કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. નવાગઢ, તા. જેતપુર, જિ. રોજકોટ (નોંધણી નં. ઘ-૮૩૭૩, તા. ૨૩-૦૮-૧૯૮૮) ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેજ તેમજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ તથા (૨૦) (૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૩૦૧૧/સીએચ. થી થયેલ સત્તા સોંપણી.

(૩) કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૮૧૭ થી ૮૨૬/૨૦૧૪, તા. ૨૫-૧૧-૨૦૧૪.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૩-૦૭-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૬૫૬/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, રાજકોટ, વંચાણે-(૨) વાળા જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી પાતાળગંગા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ (નોંધણી નં. ઘ-૧૨૪૬૫, તા. ૨૭-૧૦-૧૯૯૮) ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, રાજકોટ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (જિલ્લા પંચાયત) દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/સેવા/૪૨૦૨૩/૨૦૧૫.-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.- શ્રી **ભીયાળ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : ભીયાળ, તાલુકો : જુનાગઢ,** જિલ્લો : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ ૯ (૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોકત મંડળીના પેટાનિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતા આ મંડળીના નામમાં **શ્રી ભીયાળ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ભીયાળ, તા. જુનાગઢ**નો સુધારો કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/સેવા/૪૨૦૨૪/૨૦૧૫.-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.- શ્રી **વાલાસીમડી ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : વાલાસીમડી, તાલુકો : જુનાગઢ,** જિલ્લો : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ ૯ (૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોકત મંડળીના પેટાનિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતા આ મંડળીના નામમાં **શ્રી વાલાસીમડી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. : વાલાસીમડી, તાલુકો : જુનાગઢ**નો સુધારો કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/સેવા/૪૨૦૨૫/૨૦૧૫.-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.- શ્રી **નવા પીપળીયા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : નવા પીપળીયા, તાલુકો : જુનાગઢ,** જિલ્લો : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ ૯ (૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોકત મંડળીના પેટાનિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતા આ મંડળીના નામમાં **શ્રી નવા પીપળીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. : નવા પીપળીયા, તાલુકો : જુનાગઢ**નો સુધારો કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/સેવા/૪૨૦૨૬/૨૦૧૫.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.- શ્રી **ઉમરાળા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : ઉમરાળા, તાલુકો : જુનાગઢ**, જિલ્લો : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ ૯ (૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોક્ત મંડળીના પેટાનિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતા આ મંડળીના નામમાં **શ્રી ઉમરાળા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. : ઉમરાળા, તાલુકો : જુનાગઢ**નો સુધારો કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/સેવા/૪૪૨૨૫/૨૦૧૫.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.-શ્રી **સેમરાળા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : સેમરાળા, તાલુકો : જુનાગઢ**, જિલ્લો : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ ૯ (૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોક્ત મંડળીના પેટાનિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતા આ મંડળીના નામમાં **શ્રી સેમરાળા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. : સેમરાળા, તાલુકો : જુનાગઢ**નો સુધારો કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/સેવા/૪૪૨૨૬/૨૦૧૫.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.-શ્રી **નાના મોટા અવતડીયા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : નાના મોટા અવતડીયા, તાલુકો : જુનાગઢ**, જિલ્લો : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ ૯ (૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોક્ત મંડળીના પેટાનિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતા આ મંડળીના નામમાં **શ્રી નાના મોટા અવતડીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. : નાના મોટા અવતડીયા, તાલુકો : જુનાગઢ**નો સુધારો કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/સેવા/૪૪૨૨૮/૨૦૧૫.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.-શ્રી **તોરણીયા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : તોરણીયા, તાલુકો : જુનાગઢ**, જિલ્લો : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ ૯ (૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોક્ત મંડળીના પેટાનિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતા આ મંડળીના નામમાં **શ્રી તોરણીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. : તોરણીયા, તાલુકો : જુનાગઢ**નો સુધારો કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/સેવા/૪૦૭૮૭/૨૦૧૫.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.-શ્રી **લીમધ્રા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : લીમધ્રા, તાલુકો : વિસાવદર**, જિલ્લો : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ ૯ (૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોક્ત મંડળીના પેટાનિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતા આ મંડળીના નામમાં **શ્રી લીમધ્રા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. : લીમધ્રા, તાલુકો : વિસાવદર**નો સુધારો કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૫.

બી. એમ. પટેલ,
મદદનિશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, જુનાગઢ.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૩૦૧/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વૈભવ જળસિંચન સહકારી મંડળી લી., મુ. : વેગડી, તા. : ધોરાજી, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજેટીઃ ખે-૧૦૦૨૦ છે.

રાજકોટ, ૧૯ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/ /૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જય ગુરૂદેવ ઉદવહન સિંચાઈ સહકારી મંડળી લી., મુ. : વાડાસડા, તા. : જેતપુર, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજેટીઃખે-૧૦૦૨૧ છે.

રાજકોટ, ૧૯ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૩૧૩/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી શ્રીનાથજી જળસિંચન સહકારી મંડળી લી., મુ. : રાયડી, તા. : જામકંડોરણા, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજેટીઃ ખે-૧૦૦૨૨ છે.

રાજકોટ, ૧૯ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૩૧૯/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી કેપ્ટન જળસિંચન સહકારી મંડળી લી., મુ. : રાયડી, તા. : જામકંડોરણા, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજેટીઃ ખે-૧૦૦૨૩ છે.

રાજકોટ, ૧૯ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૩૨૪/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી માધવ જળસિંચન સહકારી મંડળી લી., મુ. : રાયડી, તા. : જામકંડોરણા, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજેટીઃ ખે-૧૦૦૨૪ છે.

રાજકોટ, ૧૯ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૩૩૦/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જયકિસાન ઉદવહન સિંચાઈ સહકારી મંડળી લી., મુ. : મોટારામપર, તા. : પડધરી, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજેટીઃખે-૧૦૦૨૫ છે.

રાજકોટ, ૧૯ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૩૯૬/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), મોરબી, આથી જાહેર કરે છે કે, શ્રી ધરતી કૃષિ ઉત્પાદન અને વેંચાણ સહકારી મંડળી લી., મુ. : નવામાલણીયાદ, તા. : હળવદ, જિલ્લોઃ મોરબી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ એમઆરબી ઉ-૧૬૪૩૯ છે.

રાજકોટ, ૧૦ માહે જુલાઈ, સને ૨૦૧૫.

એસ. જે. હાલારી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN
A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 24th SEPTEMBER, 2015/ASHVINA 02, 1937 No. 39

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	Pages 999-1024	**PART - I - B** (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Pages Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1569-1608
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૮૪૩૬-૫૦/૨૦૧૫.-નાયબ સચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૬-૦૮-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ હથપ/૧૦૨૦૧૫/૭૩૩-મ, થી હાલની રાજયની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા, આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ વ્યકિતગત હથિયાર પરવાના હેઠળના તમામ હથિયારો બીજી સુચના ન મળે ત્યાં સુધી જે તે પોલીસ સ્ટેશન કે અધિકૃત આર્મ્સ ડીલર્સ સમક્ષ દિન-૨ માં જમાં કરાવવા કાર્યવાહી કરવા જણાવેલ છે.

આમ, ઉકત વિગતે જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, લોકોની સલામતિ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર અમરેલી જિલ્લાના હથિયાર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં કેટલાક પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

જેથી હું, **એચ.આર. સુથાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

''અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારનાં તમામ વ્યકિતગત હથિયાર પરવાના ધારકોએ (સ્વરક્ષણ તથા પાકરક્ષણ) તેમના પરવાના તળેના હથિયાર દિન-૨ માં તાત્કાલીક અસરથી નજીકના પોલીસ સ્ટેશનમાં કે અધિકૃત ડીલર્સ સમક્ષ અત્રેથી બીજી સુચના ન મળે ત્યાં સુધી જમાં કરાવવા.''

હાલની પરિસ્થિતિને ધ્યાને લેતા, યોગ્ય સમયમાં નોટિસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શકય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરૂં છું.

સદરહું આદેશ, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ તથા સંસ્થાકીય હથિયાર લાયસન્સ ધારકોને લાગુ પડશે નહીં.

આ આદેશનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ : ૨૭મી ઓગષ્ટ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૭ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

એચ. આર. સુથાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

નાં. મેજી/પોલ/મકાન ભાડા/જાહેરનામું/૦૧/૦૮/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈ મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. ભુકંપ બાદ કચ્છ જિલ્લામાં રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે. જેના પરિણામે બહારથી મોટા પ્રમાણમાં લોકો વસવાટ કરવા આવતા હોય છે. લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને થતું જોખમ તથા જાહેર સુલેહશાંતિ જાળવવા માટે ભાડેથી અપાતા મકાનો માટે નીચે મુજબની વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે અને મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવા જરૂર જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકાશે નહીં, ભાડે આપેલ

મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે જણાવેલ જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ, ભાડે આપેલ મકાનની વિગત, વિસ્તારનું નામ મકાનનું બાંધકામ ક્ષેત્રફળ	મકાન ભાડે આપવા અધિકૃતતા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, સંપર્ક નંબર સહિત	મકાન ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા, સંપર્ક નંબર સહિત	મકાન માલીક અને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સંપર્ક નંબર સહિત
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવા તથા પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : મેજી/પોલ/જાહેરનામું/૦૨/૦૮/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી શકવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચવા સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે. અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે. જેથી જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂં નામ, સરનામું, નોંધવું જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારનીની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓને નીચે જણાવેલ મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને માંગણી કર્યેથી રજુ કરવાનું રહેશે.

જુના મોબાઇલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અનુ. નં.	મોબાઇલ ફોનની વિગત	IMEI નંબર	મોબાઇલ વેચનાર/ખરીદનારનું નામ તથા સરનામાની વિગત	આઇડી પ્રુફની વિગત અસલ પરથી ખરાઇ કરીને મેળવવી
૧	૨	૩	૪	૫

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓની દુકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમથી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/હોટલ ગેસ્ટહાઉસ/જાહેરનામું/૦૭/૦૮/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટ હાઉસ/હોટલ/લોજ/ધર્મશાળામાં રોકાણ કરતા હોય છે અને શહેરના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે નીચેના પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ માલિકોએ અને ધર્મશાળા સંચાલકોએ નીચે જણાવેલ કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ/ધર્મશાળામાં રહેવા આવનાર દરેક મુસાફર દ્વારા તેમના પોતાના સ્વહસ્તાક્ષરમાં જ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	નામ	ઉંમર	નાગરીકત્વ	મો.નં.	સરનામું	ફોટો આઈડી પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

મુલાકાતનું કારણ	આવ્યા તારીખ/સમય	રૂમ નં.	હોટલ છોડયા તારીખ/સમય	બીલ નં. તારીખ	સહી
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતેથી પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવી પડશે, ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટલમાં પ્રવેશ આપવામાં આવશે તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન વગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે. તે એક માસ સુધી સાચવવાનું રહેશે.

(૫) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ પાર્કિંગની જગ્યાએ સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન અને વાહન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે એક માસ સુધી સાચવી રાખવું પડશે.

(૬) મુસાફરના ફોટા ઓળખકાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી અથવા કોમ્પ્યુટરમાં સેવ રાખવાના રહેશે.

(૭) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી નહીં.

(૮) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ ધાબાના માલીક, મેનેજર તથા તમામ કર્મચારીઓના નામ, સરનામાં, ફોન નંબર, ફોટો સહિતની તમામ વિગત દર્શાવતી લેખીત માહિતી સંબંધીત પોલિસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૯) વિદેશી નાગરીકો/મુલાકાતી/ગેસ્ટ હોય તો તેમના પાસપોર્ટની સંપૂર્ણ વિગત રજીસ્ટરમાં નોંધવી તેમજ સી ફોર્મ ભરાવી એલ.આઈ.બી. એસ.પી. કચેરીએ જાણ કરવી.

(૧૦) હોટલ/ગેસ્ટ હાઉસમાં ઈન્ટરનેટ-વાઈફાઈ સિસ્ટમ કાર્યરત હોય તો તેની વિગતો રજીસ્ટર બનાવી સાચવી રાખવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફ હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી, મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિકકો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

નં. મેજી/પોલ/સાયકલ/મોપેડ/જાહેરનામું/૦૩/૦૮/૨૦૧૫.-દેશમાં બનતા ગુનાઓમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ જેવા હુમલાઓમાં સાયકલનો ઉપયોગ કરવામાં આવેલ હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે. આ પ્રકારના હુમલાઓમાં સાયકલ, સ્કુટર, ટીફીન કે પાઈપનો ઉપયોગ થતો હોય છે. જેથી નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે સાથેની વિગત દર્શાવે તે જાહેર જનતાના હિતમાં છે.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

> જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા-જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/

INDEX

બાઈક લે-વેચ કરતા વેપારીશ્રીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૧-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

નં. મેજી/પોલ/સીમકાર્ડ/જાહેરનામું/૦૪/૦૮/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડના ઉપયોગ થાય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા પર કોઈ ચોકકસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના થતા દસ્તાવેજોની પણ યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. સ્થાનિક પોલિસ તરફથી અવારનવાર મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીલરો, ફેરીયાઓને ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના કોઈ દસ્તાવેજી આધારો પોતા પાસે રાખતા નથી કે કયા દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી તેઓ પાસે રહેતી નથી.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર રીટેલરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

(૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયન્સસ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

INDEX

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

નાં. મેજી/પોલ/સીસીટીવી કેમેરા/જાહેરનામું/૦૫/૦૮/૨૦૧૫.-તાજેતરના કિસ્સાઓમાં ભારાસર ગામે બેંક લુંટ તેમજ ભુજ ખાતે એ.ટી.એમ. મશીનની ઉઠાંતરીના બનાવો બનેલ છે. આ બનાવોની તપાસ દરમ્યાન એવી હકીકત ધ્યાને આવેલ છે કે સદર બેંકમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ પરંતુ તે ચાલુ હાલતમાં ન હોતાં કોઈ મદદ મળી શકેલ નહીં.

કચ્છ જિલ્લો ઔદ્યોગિક રીતે અતિઝડપથી વિકાસ પામતો જિલ્લો છે. અને કચ્છમાં ઉદ્યોગોમાં બહારના રાજ્યોમાંથી કામદારો પુષ્કળ સંખ્યામાં આવતા હોય છે. કચ્છ જિલ્લામાં એન.આર.આઈ. લોકો પણ મોટી સંખ્યામાં રહે છે અને તેઓની થાપણો પણ બેંકોમાં રહે છે. જિલ્લામાં આવેલ બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, ટોલનાકા, સિનેમાઘરો, હોટલો, શોપીંગ સેન્ટરો, તેમજ જ્વેલર્સની દુકાનો વિગેરેમાં રોજબરોજ નાણાની લેવડદેવડ થતી હોય છે પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં કોઈ સિકયોરીટી ગાર્ડસ રાખતા હોય તેવું જણાઈ આવેલ નથી. જેથી આવા સંજોગોમાં લેભાગુ તત્વો લુંટ જેવા બનાવને અંજામ આપી શકે તેવી પુરીપુરી શકયતાઓ રહેલી છે. જેથી ભવિષ્યમાં આવા બેંક લુંટ કે અન્ય કોઈ બનાવો ન બને અને બને તો તે અંગે આવેલ તમામ ઈસમોની હરકત જાણી શકાય તે હેતુસર નીચે મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૫૧ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ રાષ્ટ્રીય, ખાનગી તેમજ સહકારી બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, જ્વેલર્સની દુકાનો, શોપીંગ સેન્ટરો, હોટલો, ટોલનાકાઓ તેમજ સિનેમાઘરોએ સીસીટીવી કેમેરા કેશીયરની કેબીન ઉપર, મેઈન દરવાજા ઉપર તથા ટ્રેઝરી ઉપર લગાવવા. તેમજ તેનું તેનો ડેટા એક માસ સુધી સાચવી રાખવો. તેમજ સદરહું ડેટા પોલિસ અધિકારી તરફથી માંગણી કર્યે આપવાનો રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

ના. મેજી/પોલ/ટ્રાન્સપોર્ટ ડ્રાયવર/જાહેરનામું/૦૬/૦૮/૨૦૧૫.-કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યોગિક એકમોને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો વિકાસ થયેલ છે. જેના અનુસંધાને ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે ડ્રાયવરો અને કલીનરોને કામે રાખતા હોય છે. જેને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે. જિલ્લામાં કાર્યરત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ગુપ્તચર એજન્સીઓ તરફથી આવતા ઈનપુટ મુજબ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જિલ્લા બહારના લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલિસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર ડ્રાયવરો/કલીનરોને કામે રાખતા પહેલા તેઓના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો સંબંધીત પોલિસ સ્ટેશનમાં આપે તે સુનિશ્ચિત કરવું ખુબજ જરૂરી જણાય છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો બાબતે નીચે મુજબની કાર્યપધ્ધિતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ટ્રન્સપોર્ટ ઓપરેટરોએ કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની સબંધીત પોલિસ સ્ટેશનમાં ડીટેઈલ બાયોડેટા સહિત નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણનોંધાયેલ ડ્રાયવરો/કલીનરો કામગીરી કરી શકશે નહીં.

(૨) કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો પૈકી કોઈ છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર માસે જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૪) કોઈપણ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની નોંધણી કરાવ્યા સિવાય કામે રાખી શકશે નહીં.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

નં. મેજી/પોલ/મજુર નોંધણી/જાહેરનામું/૦૮/૦૮/૨૦૧૫.-કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યાગિક એકમોમાં રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે મજુરો કોન્ટ્રાકટરો દ્વારા પુરા પાડવામાં આવતા હોય છે અને તે મજુરોને કારણે અને ઔદ્યોગિક એકમોને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે અને તપાસમાં જિલ્લા બહારના આવા લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લુંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલીસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો

INDEX

તરફથી જે લેબર કોન્ટ્રાકટરો પાસેથી મજુરો મેળવવામાં આવે છે. તેઓને કામે રાખતા પહેલા તેઓ બાબતે નામ, સરનામા સહિતની જરૂરી વિગતો રખાય, તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોએ લેબર કોન્ટ્રાકટર પાસેથી મેળવેલ મજુરો બાબતે નીચે મુજબની કાર્ય પધ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ઔદ્યોગિક એકમો લેબર કોન્ટ્રાકટરોએ પ્રથમ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ અથવા ભુજ (જેનો વિસ્તાર લાગુ પડે તે પ્રમાણે) પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ લેબર કોન્ટ્રાકટરો, મજુર પુરા પાડવાની કામગીરી કરી શકશે નહી. આ તારીખ પછી લેબર કોન્ટ્રાકટરોએ મજુર પુરા પાડતા પહેલાં સબંધિત મદદનીશ મજુર કમિશ્નરશ્રી, પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે.

(૨) નોંધણી મેળવેલ લેબર કોન્ટ્રાકટરોએ જુદા જુદા ઔદ્યોગિક એકમોને પુરા પાડેલ મજુરોની યાદી મદદનીશ કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા પોલીસ અધિક્ષકશ્રી, કચ્છ-ભુજને દર માસે પુરી પાડવાની રહેશે. તેમાં મજુરોના નામ, પાકા સરનામા તથા ફોટો સાથે ઉંમર સહિતની વિગતો આપવાની રહેશે. પુરા પાડેલ મજુરોની ઓળખ સાબિત કરવા માટે ફોટા સાથેના ઓળખપત્રોની નકલ લેબર કોન્ટ્રાકટરે પોતાની કચેરીમાં રાખવાની રહેશે . અને માંગણી થયે રજુ કરવાની રહેશે.

(૩) કામે રાખેલ મજુરો પૈકી મજુરો છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર ત્રણ માસે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને દર માસે પુરી પાડવાની રહેશે.

(૪) ઔદ્યોગિક એકમોએ રોકેલ લેબર કોન્ટ્રાકટરોની માહિતી દર માસે જે તે પોલીસ સ્ટેશનને તથા મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામને આપવાની રહેશે.

(૫) લેબર કોન્ટ્રાકટરોએ કામે રાખેલ મજુરોની સંપુર્ણ વિગત તથા ફોટા સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ભુજ/ગાંધીધામ પાસેથી સહી, સિક્કા કરવેલ હોવું જોઈશે. જિલ્લા/રાજય બહારથી પુરા પાડેલ મજુરોનું જે તે જિલ્લા/રાજ્યનું પુરૂં સરનામું ફોટો સહિત રજીસ્ટરમાં પુરાવાના આધારે નોંધવું જોઈશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને મજુરો પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયની લેબર કોન્ટ્રાકટરોથી મજુરો મેળવી શકશે નહી.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

નં. મેજી/પોલ/ઘાસચારા વેચાણ/જાહેરનામું/૦૯/૦૮/ ૨૦૧૫.-કચ્છ જિલ્લામાં રસ્તા પર કે સરકારી જમીનો અને ખાનગી પ્લોટ પર અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અનધિકૃત રીતે ઘાસચારો વેંચવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. આ વ્યકિતઓ દ્વારા એક જગ્યાએ ઢોરો એકત્ર કરી ગ્રાહકોને ઘાસચારો વેંચી એકત્ર કરેલ ઢોરોને આપવામાં આવે છે. આ એકત્ર થયેલ ઢોરો ઘણીવાર નિરંકુશ થઈ રસ્તેથી પસાર થતા નાગરીકોને ઈજા પહોંચાડે છે તેમજ જાહેર જનતાને નુકશાન કરે છે. જેથી જાહેર જનતાની સુરક્ષાના હિતમાં જાહેરમાં સરકારી તથા ખાનગી જમીનો પર અનધિકૃત રીતે ઘાસચારો વેંચવા પર પ્રતિબંધ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ નગરપાલિકાઓની હદમાં અધિકૃત કરેલ સ્થળો સિવાયના કોઈપણ સ્થળ પર ઘાસચારાનો વેપાર કરી શકાશે નહીં.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/બોર-કુવા/જાહેરનામું/૧૧/૦૮/૨૦૧૫.-ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના ઘણા કિસ્સાઓ બનેલ છે. કેટલાક કિસ્સાઓમાં બાળકોના મૃત્યુ થવા પામેલ છે. આવા ખુલ્લા બોર-કુવા સંબંધે સાવચેતીના પગલાં લેવા માટે નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ ગાઈડલાઈન આપેલી છે. ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલાં લેવા જરૂરી છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બાદ બોર વેલ/ટયુબ વેલના માલિક/ઉપયોગ કર્તા/ડ્રીલીંગ એજન્સીએ નીચે મુજબના હુકમોનું પાલન કરવાનું રહેશે.

1. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલાં જગ્યાના માલિકે સ્થાનિક સત્તામંડળ તથા સ્થાનિક પોલિસને ૧૫ દિવસ પહેલાં જાણ કરવાની રહેશે.
2. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સત્તામંડળ પાસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
3. બોલ વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે નીચે જણાવેલ વિગતો સાથેનું સલામતી સૂચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે.
   - 3.1. બોર વેલ/ટયુબ વેલના બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રીલીંગ એજન્સીનું નામ તથા પૂરૂ સરનામું.
   - 3.2. બોર વેલ/ટયુબ વેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલિકનું નામ તથા પૂરૂ સરનામું
4. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા યોગ્ય વાડ/અંતરાયો રાખવાના રહેશે.
5. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ (૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સિમેન્ટ કોંક્રીટવાળું પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.
6. સ્ટીલ પ્લેટ વેલ્ડીંગ કરી અથવા નટ બોલ્ટ સાથે મજબુત પ્લેટ ફીટ કરી બોર વેલ/ટયુબ વેલનું કેપીંગ કરવાનું રહેશે.
7. પંપ સમારકામ અથવા અન્ય કોઈ સમારકામ દરમ્યાન બોર વેલ/ટયુબ વેલ ખુલ્લા છોડી શકાશે નહીં.
8. બાંધકામ/સમારકામ પૂર્ણ થયા બાદ ખાડા/ચેનલમાં માટી ભરવાની રહેશે.

9. બીન ઉપયોગી અથવા ત્યજી દેવાયેલ બોર વેલ/ટયુબ વેલ અંગે સ્થાનિક સત્તામંડળ પાસેથી એક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને માટી/રેતી/કાંકરા વિગેરે દ્વારા નીચેથી ગ્રાઉન્ડ લેવલ સુધી ભરી દેવાના રહેશે.

10. ડ્રીલીંગ પૂર્ણ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ ડ્રીલીંગ શરૂ કર્યા પહેલાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં લાવવાનું રહેશે.

11. જે બોર વેલ/ટયુબ વેલ હાલ બીન ઉપયોગી હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેને નટ-બોલ્ટ સાથે બોરકેપ લગાવી ઢાંકી દેવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગીક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/મજુર પ્રાથમિક સુવિધા/જાહેરનામું/૧૦/૦૮/૨૦૧૫.-તાજેતરમાં ગુજરાત રાજ્યમાં બાંધકામ હેઠળના ઈમારતમાં મહિલા મજૂરો ઉપર બળાત્કારના બનાવ બનેલા છે. જે ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે બળાત્કારના ભોગ બનનાર મહિલાઓ અને મજૂરોને સંબંધિત મજૂર ઠેકેદાર દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હતી. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજૂરો અને તેમના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બને તેવી સંભાવના રહે છે.

કચ્છ જિલ્લામાં ભુકંપ પછી મોટી સંખ્યામાં ઔદ્યોગીક એકમોના આગમનથી પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. જેઓને પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ કોન્ટ્રાકટરો દ્વારા મળે તે જોવું ઈચ્છનીય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસૂલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મજૂરોને લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૦૮-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૧-૦૮-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ ભુજ.

INDEX

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૧૯/૨૦૧૫.-CASO & આસીસ્ટન્ટ કમાન્ડન્ટ, સી.આઈ.એસ.એફ. યુનિટ, એ.એસ.જી. પોરબંદરના પત્ર ક્રમાંક : પીઆર/૧૭૦૧૯/સીઆઈએસએફ/એએસજી/પીબીઆર/કયુએમ/એઆરસી/સપ્ટે/૨૦૧૫/૧૦૪૭, તા. ૧૭-૦૮-૨૦૧૫ ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૧૪-૦૯-૨૦૧૫, તા. ૧૫-૦૯-૨૦૧૫ તથા તા. ૧૬-૦૯-૨૦૧૫ ના રોજ સવારના ૭.૦૦ કલાકથી બપોરના ૧૩.૦૦ કલાક સુધી ફાયરીંગ કરવાનું હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૧૪-૦૯-૨૦૧૫, તા. ૧૫-૦૯-૨૦૧૫ તથા તા. ૧૬-૦૯-૨૦૧૫ ના રોજ સુધી સવારના ૭-૦૦ કલાક થી બપોરના ૧૩-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે–૧ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ ઉત્તર ભાગે–૩ ફર્લાગ, દક્ષિણ ભાગે–૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫(પાંચ) કિ.મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યકિતગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૭-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૮૫૨૯ થી ૮૫૭૯/૨૦૧૫.-(૧) આગામી દિવસો દરમ્યાન જન્માષ્ટમીનાં તહેવાર આવતો હોય તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા પેટા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૧-૦૯-૧૫ થી તા. ૧૫-૦૯-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૧-૦૯-૨૦૧૫ થી તા. ૧૫-૦૯-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૨૮ મી ઓગષ્ટ–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૮૨૫૪ થી ૮૨૬૦/૨૦૧૫.-(૧) જિલ્લા શિક્ષણાઅધિકારીશ્રી, અમરેલીનાં તારીખ : ૧૭-૦૮-૨૦૧૫ નાં પત્રથી જિલ્લા મથકે પ્રાથમિક શિક્ષકો માટેની યોગ્યતા કસોટી (TAT-1) ની પરિક્ષા આગામી તા. ૨૩-૦૮-૨૦૧૫નાં રોજ ૧૧–૦૦ કલાકથી ૧૨–૩૦ કલાક સુધી પરીક્ષા યોજાનાર છે. ઉક્ત પરીક્ષા અમરેલી ખાતે (૧) કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ, યુનીટ-૧, સરદાર સર્કલ, અમરેલી (૨) કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ, યુનીટ-૨, સરદાર સર્કલ, અમરેલી (૩) દિપક હાઈસ્કુલ, ચિતલ રોડ, ગાયત્રી મંદિર પાસે, અમરેલી (૪) કે.કે પારેખ કોમર્સ કોલેજ, યુનિટ-૧, કોલેજ સર્કલ પાસે, લાઠી રોડ, અમરેલી, (૫) કે.કે પારેખ કોમર્સ કોલેજ, યુનિટ-૨, (૬) સેન્ટમેરી હાઈસ્કુલ, લાઠી રોડ, અમરેલી (૭) ઓકસફોર્ટ સ્કુલ, લાઠી રોડ, અમરેલી (૮) પાઠક હાઈસ્કુલ, હનુમાનપરા, અમરેલી (૯) બી.એન. વિરાણી, હાઈસ્કુલ, યુનિટ-૧, ચક્કર રોડ, (સંકુલ), અમરેલી ખાતે લેવાનાર છે. ઉક્ત પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજા અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૨૩-૦૮-૨૦૧૫નાં રોજ સવારનાં ૧૧:૦૦ કલાક થી ૧૨:૩૦ કલાક સુધી ઉક્ત ૯ (નવ) પરીક્ષા કેન્દ્રનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ચાર થી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં. તથા પરીક્ષાખંડમાં ઉમેદવારો અને સુપરવાઈઝરશ્રીઓ સેલ્યુલર/મોબાઈલ ફોન કે ગેરરીતિ કરવામાં ઉપયોગી થાય તેવા ઉપકરણો લઈ જઈ શકશે નહિં. તેમજ તા. ૨૩-૦૮-૨૦૧૫નાં રોજ ૧૧:૦૦ કલાક થી ૧૨:૩૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રનાં ૧૦૦ મીટર વિસ્તારનાં ખાનગી ઝેરોક્ષ સેન્ટરો તથા ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તેમજ પ્રાઈવેટ ફેકસ મશીનો પણ બંધ રાખવા ફરમાવું છું.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તારીખઃ ૧૯ મી ઓગષ્ટ-૨૦૧૫ નાં મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૮૪૮૬ થી ૮૫૧૩/૨૦૧૫.-(૧) ગઈ તા. ૨૫-૦૮-૨૦૧૫ ના રોજ પાટીદાર અનામત આંદોલન સંદર્ભે અમદાવાદ ખાતે યોજાયેલ રેલી/સભા સંદર્ભે બનેલ બનાવો તેમજ આજરોજ પાટીદાર અનામત આંદોલન દ્વારા ગુજરાત બંધનું આપવામાં આવેલ એલાન સંદર્ભે સોશ્યલ મીડીયા જેવા કે ફેસબુક, ટવીટર, વોટસઅપ દ્વારા અફવા ફેલાવવા તેમજ લોકોમાં ભયનું વાતાવરણ ફેલાવવા ઉપયોગ થઈ શકે તેવી પુરેપુરી શકયતા હોય, જેથી જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ રહે તે માટે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવા માટે ફેસબુક, ટવીટર, વોટસઅપ સહીતના તમામ સોશ્યલ મીડીયા ઉપયોગ પર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધીત પગલા લેવાના પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૮-૦૮-૨૦૧૫ ના સવારે ૦૮-૦૦ કલાક થી તા. ૨૯-૦૮-૨૦૧૫ ના સવારે ૦૮-૦૦ કલાક સુધી ફેસબુક, ટવીટર, વોટસઅપ સહીતના તમામ સોશ્યલ મીડીયાનો ઈન્ટરનેટ સહિત તમામ ઈલેકટ્રોનીસ પ્રસાર-પ્રચાર માધ્યમો પ્રસારણ કરવા પરપતિબંધ ફરમાવું છું. તેમજ આ બાબતેની ઈન્ટરનેટ સેવાઓ આપતી કંપનીઓ જેવી કે બી.એસ.એન.એલ., વોડાફોન, રીલાયન્સ, યુનીનોર, આઈડીયા વિગેરે એ આ બાબતેની જરૂરી અમલવારી કરવાની રહેશે.

INDEX

(૩) સરકારી ઈન્ટરનેટ/ઈન્ટ્રાનેટ સર્વિસ પ્રોવાઈડર જી-સ્વાન, એન.આઈ.સી., રાજય અથવા કેન્દ્ર સરકારના ઉપયોગ હેતુ લેન ઈત્યાદીને આ જોગવાઈ લાગુ પડશે નહિ.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તારીખ : ૨૭ મી ઓગષ્ટ-૨૦૧૫ નાં મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૭ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૮૪૩૩/૨૦૧૫.-(૧) ગઈ તા. ૨૫-૦૮-૨૦૧૫ ના રોજ પાટીદાર અનામત આંદોલન સંદર્ભે અમદાવાદ ખાતે યોજાયેલ રેલી/સભા સંદર્ભે બનેલ બનાવો તેમજ આજરોજ પાટીદાર અનામત આંદોલન દ્વારા ગુજરાત બંધનું આપવામાં આવેલ એલાન સંદર્ભે સોશ્યલ મીડીયા જેવા કે ફેસબુક, ટવીટર, વોટસઅપ દ્વારા અફવા ફેલાવવા તેમજ લોકોમાં ભયનું વાતાવરણ ફેલાવવા ઉપયોગ થઈ શકે તેવી પુરેપુરી શકયતા હોય, જેથી જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ રહે તે માટે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવા માટે ફેસબુક, ટવીટર, વોટસઅપ સહીતના તમામ સોશ્યલ મીડીયા ઉપયોગ પર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધીત પગલા લેવાના પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૦૮-૨૦૧૫ ના સવારે ૦૮-૦૦ કલાક થી તા. ૨૮-૦૮-૨૦૧૫ ના સવારે ૦૮-૦૦ કલાક સુધી ફેસબુક, ટવીટર, વોટસઅપ સહીતના તમામ સોશ્યલ મીડીયાનો ઈન્ટરનેટ સહિત તમામ ઈલેકટ્રોનીસ પ્રસાર-પ્રચાર માધ્યમો પ્રસારણ કરવા પ્રતિબંધ ફરમાવું છું. તેમજ આ બાબતેની ઈન્ટરનેટ સેવાઓ આપતી કંપનીઓ જેવી કે બી.એસ.એન.એલ., વોડાફોન, રીલાયન્સ, યુનીનોર, આઈડીયા વિગેરે એ આ બાબતેની જરૂરી અમલવારી કરવાની રહેશે.

(૩) સરકારી ઈન્ટરનેટ/ઈન્ટ્રાનેટ સર્વિસ પ્રોવાઈડર જી-સ્વાન, એન.આઈ.સી., રાજય અથવા કેન્દ્ર સરકારના ઉપયોગ હેતુ લેન ઈત્યાદીને આ જોગવાઈ લાગુ પડશે નહિ.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તારીખઃ ૨૭ મી ઓગષ્ટ-૨૦૧૫ નાં મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૭ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૮૭૨૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૦૨-૦૯-૨૦૧૫ના પત્ર નં. જા.નં. એસઓજી/સોશ્યલ મીડીયા/૪૩૪, થી રજુ થયેલ દરખાસ્ત મુજબ હાલ સોશ્યલ મીડીયાનાં ઝડપી સંદેશા વ્યવહારમાં ફસબુક, વોટસઅપનો બહોળો ઉપયોગ થઈ રહેલ છે. જેમાં અમુક અસામાજીક તત્વો દ્વારા દુરપયોગ કરવામાં આવતો હોય છે અને ઘણા કિસ્સાઓમાં ખોટા મેસેજો પ્રસિધ્ધ કરી વ્યકિગત લાગણી દુભાવવાનાં પ્રયાસો અથવા તો કોઈ ચોક્કસ ધર્મ, કોમ, જ્ઞાતિ લગત ખોટા મેસેજોનો ફેલાવો કરી સમગ્ર સમાજ, દેશની એકતા અને અખંડીતતા પર ખતરો ઉભા થવાની શકયતા નકારી શકાય નહી. તેમજ તાજેતરમાં પાટીદાર આંદોલનમાં ફેસબુક, વોટસઅપમાં અમુક બેજવાબદાર માણસો દ્વારા ખોટા અને આધાર વિહિન મેસેજ પ્રસિધ્ધ કરતા સમગ્ર ગુજરાતમાં તોફાનો ફાટી નિકળેલ અને તેનાં કારણે સરકારી તથા ખાનગી મિલકતોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થવા પામેલ અને મોટી જાનહાનિ પણ થયેલ અને વર્ગ-વિગ્રહ ફાટી નિકળવાની દહેશત ઉપસ્થિત થયેલ તેમજ દેવી-દેવતાઓનાં ફોટાઓ કે ધાર્મિક લખાણો વિકૃત રીતે પ્રસિધ્ધ કરી સોશ્યલ મીડીયા દ્વારા બહોળો ફેલાવો થતાં લોકોની લાગણી દુભાય તેવું વાતાવરણ સર્જાતા કોમી અથડામણ થવાની દહેશતને નકારી શકાય નહિ. જેથી આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે સામાજીક એકતા અને કોમી એખલાસ માટે ખુબ જ જરૂરી હોઈ, આવા અસામાજીક અને બેજવાબદાર લોકો પર નિયંત્રણ રાખવા અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફેસબુક, વોટસઅપ, ટવીટર કે અન્ય કોઈપણ સોશ્યલ મીડીયા દ્વારા કોઈ ધર્મ, જ્ઞાતિ-જાતિ કે કોઈ વ્યકિતની લાગણી દુભાય તેવા ઉશ્કેરણીજનક એસ.એમ.એસ./મેસેજ પોસ્ટ નહી કરવા સુચના આપતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખસ્ત રજુ થયેલ છે.

પ્રવર્તમાન સંજોગોમાં સોશ્યલ મીડીયા જેવા ફેસબુક, વોટસઅપ, ટવીટરનો અમુક અસામાજીક તત્વો દ્વારા ધર્મ, જ્ઞાતિ-જાતિ કે કોઈ વ્યકિતની લાગણી દુભાય તેવા ઉશ્કેરણીજનક એસ.એમ.એસ.મેસેજ/ફોટા/વીડીયો કલીપ પોસ્ટ/અપલોડ કરીને દુરપયોગ થઈ રહયો હોઈ, જેના કારણે લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવું વાતાવરણ સર્જાતા કોમી અથડામણ થવાની દહેશતને

નકારી શકાય નહી જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

જેથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત અથવા સંસ્થા અથવા ગ્રુપે સોશ્યલ મીડીયા જેવા કે ફેસબુક, વોટસઅપ, ટવીટર કે અન્ય ઈન્ટરનેટ કનેકટીવીટી ધરાવતા ઈલેકટ્રોનીકસ પ્રચાર-પ્રસારના માધ્યમ પર ધર્મ અથવા જ્ઞાતિ-જાતિ અથવા કોઈપણ વ્યકિત કે સંપ્રદાયની લાગણી દુભાય કે જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા ઉશ્કેરણીજનક એસ.એમ.એસ., મેસેજ, ફોટા, વીડીયો કલીપ, ચિત્રો, ટીકા-ટીપ્પણ પોસ્ટ કે અપલોડ કરવા નહિ કે તેનો ફેલાવો કે પ્રચાર-પ્રસાર કરવો નહી.

આ હુકમ તા. ૦૪-૦૯-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૪ થી સપ્ટેમ્બર, સને ૨૦૧૫ નાં મારી સહી તથા કચેરીના સિક્કા જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૦૯/૧૫.- સપ્ટેમ્બર-૨૦૧૫ માસમાં કચ્છ જિલ્લામાં શ્રાવણ માસની ઉજવણી સાતમ આઠમના મેળા, જન્માષ્ટમી, સવંતસરી, બકરી ઈદ જેવા ધાર્મિક તહેવારોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦-૦૯-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા કે તૈયાર કરાવવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૧-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧ માહે સપ્ટેમબર, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૫૭૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./મજુર/જાહેરનામું/૪૭૦/૨૦૧૫, તા. ૦૮-૦૯-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, અપહરણ, ચોરી, ઠગાઈ, વિશ્વાસઘાત તથા છેતરપીંડી જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામ ઔદ્યોગિક વસાહતની ફેકટરીઓ, ખેતી, હીરા ઉદ્યોગમાં તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે કામ કરતાં કારીગરો ઉપરોક્ત પ્રકારના ગંભીર ગુન્હા આચર્યા બાદ અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતાં હોય છે. તેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી જુનાગઢ જિલ્લામાં આશરો લેતા હોય છે. તેથી જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા મજુર/કારીગરોનું રજીસ્ટર/બાયોડેટાની સી.ડી. તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોક્ત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સો, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી તથા અન્ય ફેકટરી ઉદ્યોગ, વેપાર ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારી, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉક્ત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને દિન-૧૫માં મોકલી આપવું.**

ક્રમ	પેઢીના માલીક/ ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલીકના મોબાઈલ/ ફોન નંબર તથા ધંધાના ટેલીફોન નંબર	કામે રાખેલ કર્મચારી/ કારીગર/મજુર કે ભાગીયાનું પુરૂ નામ, ઓળખચીન્હ, હાલનું પુરૂ સરનામું તથા મોબાઈલ, ફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના મુળ વતનનું પુરૂ સરનામું તથા વતનના ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ તે સ્થાનીક રહીશનું પુરૂં નામ, સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના બે થી ત્રણ સગા-સબંધીના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહીતના) તથા ટેલીફોન, મોબાઈલ નંબર	કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમની તા. ૧૩-૦૯-૨૦૧૫ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૦૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

INDEX

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૫૭૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./ઘર નોકર/જાહેરનામું/૪૭૧/૨૦૧૫, તા. ૧૮-૦૯-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં કેટલાક ઘરકુટંબો દ્વારા ઘરકામ માટે બહારના વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે રાખવામાં આવે છે. જેમાં કેટલાક ઘરઘાટીઓ ઘરમાં કિંમતી વસ્તુઓની ચોરી સ્ત્રી/બાળકો ઉપર અત્યાચાર અને મિલ્કત પડાવવા વૃધ્ધ ઘરમાલીકોની હત્યા, લુંટ, ચોરી વિ. મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ, શરીર સબંધી ગુન્હાઓ આચરતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. જેનાથી માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન થાય છે અને આવા ગુન્હા આચર્યા બાદ ઘરઘાટી અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતા હોય છે. જેથી ગુન્હાઓ વણશોધાયેલ રહે છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા ઘરઘાટી (Domestic Help) ઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ વિગેરે માહિતી તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોકત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં જે ઘરકુટુંબો તરફથી આવી બહારની વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે ઘરકામ ઉપર રાખવામાં આવેલ છે તેની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉકત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનનો તુર્તજ મોકલી આપવી.**

ક્રમ	ઘર માલીકનું નામ/સરનામું, મોબાઇલ/ટેલીફોન નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના મુળ વતનનું સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ને રાખ્યા તારીખ	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પૂરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) કોના રેફરન્સ, પરિચયથી કામે રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના બે થી ત્રણ સબંધિઓનું પુરૂ નામ, સરનામું (તેમના વતન સહિતના) તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નો ફોટો ગ્રાફસ	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમની તા. ૧૩-૦૯-૨૦૧૫ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૦૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ ૩૩ની પેટાકલમ-(૧) (બી) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/દામો.કુંડ/૩૫૭૯/૨૦૧૫.-જુનાગઢ શહેર ખાતે ભવનાથ તળેટી મુકામે દામોદરકુંડ ખાતે પરંપરાગત રીતે પિતૃતર્પણ અર્થે ભાદરવી અમાસમાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ એકત્રીત થનાર હોય, તા. ૧૨-૦૯-૨૦૧૫ ના કલાક ૨૦-૦૦ થી તા. ૧૩-૦૯-૨૦૧૫ કલાક ૧૫-૦૦ સુધી ટ્રાફીકની સમસ્યા નિવારવા તથા ગત શીવરાત્રી વખતે તા. ૧૯-૦૨-૧૨ના રોજ પાજનાકા પાસે યાત્રાળુઓની ભીડ થતાં વાહનો રોકાઈ ગયેલ હોય, અકસ્માતનો બનાવ બનેલ તેવો અકસ્માત થતો અટકાવવાના હેતુ માટે સ્મશાનથી દામોદરકુંડ તરફ જતો રસ્તો તમામ ફોર વ્હીલ વાહનો માટે ઉકત સમયગાળા દરમ્યાન પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું ગુજરાત પોલીસ એકટની કલમ-૩૩(૧) હેઠળ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી./એલઆઈબી/ભાદરવી અમાસ/૨૪૫૧/૧૫, તા. ૦૮-૦૯-૨૦૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોકત વિગતે લોકોની સલામતી અને સગવડતા માટે ટ્રાફિકનું નિયમન કરવાનુ ઈષ્ટ જણાતાં, હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સ્મશાન થી દામોદરકુંડ તરફ જતો રસ્તો તા. ૧૨-૦૯-૨૦૧૫ ના કલાક ૨૦-૦૦ થી તા. ૧૨-૦૯-૨૦૧૫ કલાક ૧૫-૦૦ સુધીની મુદત માટે તમામ ફોરવ્હીલ વાહનોના વાહનોના વહન માટે પ્રતિબંધ ફરમાવું છું. જેમાં સરકારી વાહન તથા ફાયર ફાઈટર, એમ્બ્યુલન્સના વાહનોને મુકિત રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૦૯-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

જાહેરનામું

નં. : ડી.એમ.-૧/ભાદરવી/ઈ. નં. ૩૫૬૫૨/૨૦૧૫.-ભાવનગર તાલુકાના કોળીયાક ગામ પાસે આવેલ નિષ્કલંક મહાદેવજીના મંદીરે આગામી ભાદરવી અમાસ નિમિતે તા. : ૧૨-૦૯-૨૦૧૫ તથા તા. ૧૩-૦૯-૨૦૧૫ના બે દિવસ દરમ્યાન પરંપરાગત લોકમેળો ભરાનાર છે. જેમાં મોટી સંખ્યામાં યાત્રળુઓ વાહન દ્વારા આવતા હોય છે અને આ સ્થળે જવા માટે એકજ રસ્તો હોઈ, જેથી આ મેળા દરમ્યાન ટ્રાફીક નિયમન જળવાઈ રહે અને વાહન વ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માતો નિવારી શકાય તે માટે ટ્રાફીકનું નિયમન કરવાનું જરૂરી જણાય છે. આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **એમ એ. ચૌહાણ, જી..એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી આ મેળા દરમ્યાન નીચેની અનુસૂચિમાં દર્શાવેલ રસ્તાને આગામી તા. ૧૨-૦૯-૨૦૧૫ તથા તા. ૧૩-૦૯-૨૦૧૫ સુધી બે દિવસ માટે ટ્રાફીક નિયમન સારૂં નીચે મુજબ હુકમ કરૂં છું. આ જાહેરનામું તમામ પ્રકારના વાહનોને પણ લાગુ પડશે.

અનુસૂચિ :-

(૧) મેળામાં સરકારી ફરજ પર ન હોય તેવા તમામ વાહનો ગુંદી ગામ પાસે તેમના પેસેન્જરો ઉતારી દઈ ત્યાંથી હોઈદડ ગામ જવાના રસ્તા પર તેમના વાહનો પાર્કીંગ કરવા લઈ જવાના રહેશે.

(૨) મેળામાં સરકારી ફરજ પર હોય તેવા તમામ વાહનોએ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરી (એલ.આઈ.બી. શાખા) માંથી કાર પાસ (વાહન પ્રવેશ પાસ) તા. ૧૧-૦૯-૨૦૧૫ના ૧૩.૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે.

આ જાહેરનામાના ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું, ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામા અન્વયે મહેસુલ તંત્રના, પોલીસ તંત્રના, જિલ્લા પંચાયતના, માર્ગ અને મકાન વિભાગના, આરોગ્ય તંત્રના, પોર્ટ વિભાગના, એસ.ટી. કોર્પોરેશન, પી.જી.વી.સી.એલ. તથા માહિતી વિભાગના વાહનોને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

મેં આજ તા. ૦૯-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો માર્યો.

ભાવનગર, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. : ડી.એમ.-૧/ભાદરવી/ઈ.નં. ૩૫૬૫૪/૨૦૧૫.- ભાવનગર તાલુકાના કોળીયાક ગામ પાસે આવેલ નિષ્કલંક મહાદેવજીના મંદીરે આગામી ભાદરવી અમાસનો મેળો ભરાય છે. આ મેળામાં મોટી સંખ્યામાં લોકો ફુલ (અસ્થિ) પધરાવવા તથા દરિયામાં સ્નાન કરવા માટે આવતા હોય છે. આ દરિયામાં નિષ્કલંક મહાદેવનાં ઓટા પાસે જમણી બાજુમાં પાણીમાં ગંભરી વમળ હોય છે. જેને લીધે સને ૧૯૭૭માં ૧૭ માણસો ડુબી ગયેલ હોવાની દુર્ઘટના બનેલ છે.

સબબ, જામનામલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, એમ એ. ચૌહાણ, જી..એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી ફરમાવું છું કે, આગામી તા. ૧૨-૦૯-૨૦૧૫ તથા તા. ૧૩-૦૯-૨૦૧૫, આ બન્ને દિવસોએ કોળીયાક, તા.જિ. ભાવનગરના નિષ્કલંક મહાદેવના દરિયામાં દરિયાનું પાણી નિષ્કલંક મહાદેવના ઓટાથી ઉતરીને આગળ જતુ ન રહે ત્યાં સુધી દરિયામાં સ્નાન કરવા જવું નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને સદર અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે. આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું, ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

મેં આજ તા. ૦૯-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો માર્યો.

ભાવનગર, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

વંચાણે લીધા :

અગ્રસચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા. ૨૫-૦૬-૨૦૧૫ના પત્ર નં. સીડબલ્યુએ/૧૩૨૦૧૫/૪૨૮૬૪૫/મ. ૩

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૧૨૫૬/૨૦૧૫.-અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્રથી વલસાડ જિલ્લાના વાપી ખાતે બાંધકામો હેઠળના ઈમારતમાં સુતેલ ૨-મહિલા મજુરો ઉપર બનેલ બળાત્કારના ગુનાની તપાસ દરમ્યાન જાણવા મળેલ વિગત મુજબ બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓ અને અન્ય મજુરોને સબંધિત મજુર ઠેકેદર (Labour Contractor) દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધાઓ સાથેના રહેણાંક ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હતાં. જે વિગત ધ્યાને લઈ આપવામાં આવેલ સુચના મુજબ માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો, નાબાલીક બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઈ રહે તે માટે અત્રેના જિલ્લામાં માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલીક બાળકોને સંબધિત મજુર ઠેકેદાર દ્વારા પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમીક સુવીધા સાથેના રહેણાંક ફરજીયાત ઉપલબ્ધ કરવા માટે સબંધિત કાયદા તળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ છે.

રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જિલ્લામાં માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલીક બાળકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે સંબધિત મજુર ઠેકેદાર દ્વારા પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમીક સુવીધા સાથેના રહેણાંક ફરજીયાત ઉપલબ્ધ કરવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટેના પુરતા કારણો છે.

હુકમ

આથી હું, આર. એચ. ગઢવી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, જિ. બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, બોટાદ જિલ્લાની હદવિસ્તારમાં આવેલ તમામ માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણો વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરોને અને નાબાલીક બાળકોને સંબધિત મજુર ઠેકેદાર/કોન્ટ્રાકટર/માલીક દ્વારા પાણી, વિજળી, શૌચાલય વિગેરે જેવી પ્રાથમીક સુવીધા સાથેના રહેણાંક ફરજીયાતપણે ઉપલબ્ધ કરવવાના રહેશે. આ હુકમ તા. ૨૮-૦૮-૨૦૧૫ થી તા. ૨૬-૧૦-૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૮મી ઓગષ્ટ-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

બોટાદ, ૨૮ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૮૨૬ થી ૧૮૫૯/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ સપ્ટેમ્બર-૨૦૧૫ તથા આગામી ઓકટોબર-૨૦૧૫ના માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૭-૦૯-૨૦૧૫ થી તા. ૦૬-૧૦-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારિરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકુતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :-

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૩-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૭૫૪/૨૦૧૫.-તાજેતરમાં ગુજરાત રાજયમાં પાટીદાર અનામત આંદોલન સંદર્ભે સમગ્ર ગુજરાતમાં નાની-મોટી હિંસાના બનાવો બનેલ છે. જેના કારણે સદરહું બાબતે ફેસબુક, ટવીટર, વોટસએપ સહિતના સોશીયલ મિડિયામાં ગેર માર્ગે દોરનારી અફવાઓ ફેલાવવામાં આવે છે. વધુમાં તાજેતરમાં જન્માષ્ટમીના તહેવારની તથા ઈદના તહેવારની ઉજવણી થનાર હોય, અફવાના કારણે બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થીતિ પર વિપરીત અસર પડી શકે તેમ છે. આથી સમગ્ર બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે ઉકત સોશીયલ મીડીયા પર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, **આર. એચ. ગઢવી, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ–૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર બોટાદ જિલ્લામાં નીચે મુજબ અમલવારી કરવા સારૂ જાહેરનામું બહાર પાડું છું.

સમગ્ર બોટાદ જિલ્લામાં ફેસબુક, ટવીટર, ઈન્સ્ટાગ્રામ, વોટસએપ તથા અન્ય સોશીયલ મિડિયા દ્વારા ઉશ્કેરણીજનક અથવા જાહેર શાંતી જોખમાય તે પ્રકારના ફોટાઓ, ઓડીયો અથવા વિડિયોની આપલે કરવા પર તેમજ અફવાઓ ફેલાવવા પર તેમજ પ્રવર્તમાન કાયદાનો ભંગ થતો હોય તે પ્રકારના ફોટાઓ, ઓડીયો અથવા વિડિયોની સોશીયલ મિડિયા દ્વારા આપ-લે કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું તા.૦૨-૦૯-૨૦૧૫ થી તા.૦૧-૧૦-૨૦૧૫ (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોનસ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામુ જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૨-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામુ બહાર પાડેલ છે.

બોટાદ, ૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

ક્રમાંક : વિશા/૨૫૭૭/મોબાઈલ/૧૦૦/૨૦૧૫.-આજરોજ તા. ૧૯-૦૯-૧૫ના રોજ પાટીદાર અનામતના મુદ્દે સુરત શહેર ખાતે એકતા રેલીના કાર્યક્રમ દરમ્યાન હાર્દીક પટેલ સાથે પાટીદારના કાર્યકરોને ડીટેઈન કરવામાં આવેલ જેને અનુલક્ષીને રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થીત ન થાય અને આ પરિસ્થીતીમાં સોશીયલ મીડીયાનું અસામાજીક તત્વો દ્વારા દુર ઉપયોગ કરી અફવાનો પ્રવાહ ચાલુ ન કરે તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ તેમજ રાજકોટના શહેરજનોની જાહેર સલામતી માટે ખુબ જરૂરી જણાય છે.

વાસ્તે હું **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩, (૧૯૭૪ના નંબર-૨)ની કલમ-૧૪૦ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

કૃત્યો

રાજકોટ શહેર વિસ્તારમાં મોબાઈલમાં ઈન્ટરનેટ આપતી કંપનીઓએ તા. ૧૯-૦૯-૧૫ના રોજ કલાક ૦૦-૦૦ થી તા. ૨૬-૦૯-૧૫ના કલાક ૨૪-૦૦ સુધી તમામ સર્વીસ મોબાઈલ પ્રોવાઈડરો દ્વારા ૨જી, ૩જી, ઈન્ટરનેટ સર્વીસ (લેન્ડલાઈન બ્રોડબેન્ડ સીવાય) બંધ કરવાની રહેશે. તેમજ મોબાઈલ ફોન પર ગ્રુપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ.ની સુવીધા પણ ગ્રાહકોને પુરી પાડી શકશે નહી. આ હુકમ તા. ૧૯-૦૯-૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૬-૦૯-૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શીક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલો ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૯-૦૯-૧૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

રાજકોટ, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯(ખ) તથા નિયમ-૧૦ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં. : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૧૧.

(૩) મેનેજરશ્રી, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મુ. અમરેલી, તા./જિ. અમરેલીની તા. ૦૩-૧૨-૨૦૧૪ની દરખાસ્ત.

હુકમ

જાવક નં. : સકક/ગ-૩/૮૬૦ થી ૮૬૭/૨૦૧૫.-આથી હું, એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની

કલમ-૧૯ (ખ)ની સત્તાની રૂએ શ્રી જાફરાબાદ મત્સ્ય ઉદ્યોગ મચ્છી ખરીદ/વેચાણ સેવા સહકારી મંડળી લી., મુ. જાફરાબાદ, તા. જાફરાબાદ, જિ. અમરેલી, જેનો નોંધણી નંબર : ઉ-૬૭૧, તા. ૧૨-૦૩-૧૯૯૨ થી નોંધાયેલ છે. તેની પુનઃરચના કરવાનો આથી હુકમ કરૂં છું.

મંડળીએ તેના ઉદ્દેશો મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે.

અમરેલી, ૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

નોંધણીનું પ્રમાણપત્ર

આથી હું, કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદ્નુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની અવશ્યકપણે નિભાવણી કરવાની છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે, કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી (જાત), ઉંમર, સરનામું, કોન્ટેકટ નંબર	વાહનનો નંબર/ પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૨૧-૦૯-૨૦૧૫થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તારીખઃ ૨૧ મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીરસોમનાથ જિલ્લો,
વેરાવળ.

INDEX

જાહેરનામું

નં. : ડી.એમ.-૨/પ્રિન્ટીંગ-છાપકામ/૨૦૧૫.-તાજેતરમાં ગુજરાત રાજયમાં ચાલતા પાટીદાર અનામત આંદોલન સંદર્ભેની જુદીજુદી રેલીઓ તથા તેને લગતા આનુષાંગિક કાર્યક્રમોને ધ્યાને લેતા ચોપાનીયા, ભીંતપત્રો, બેનર, હોર્ડિંગ્સ, હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર તથા છાપકામની કોઈપણ બાબત દ્વારા ગેરકાયદે અપરાધ, પૂર્વગ્રહ, વર્ગવીગ્રહને પ્રોત્સાહિત કરતી અફવાઓ ફેલાવવામાં આવે તેવી શકયતાઓ રહેલી છે. જેનાથી શહેર-જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર વિપરીત અસર પડવાની શકયતા હોવાને કારણે આ પ્રકારના ચોપાનીયા, ભીંતપત્રો, બેનર, હોર્ડિંગ્સ, હેન્ડબોલ, પ્લેકાર્ડ, પોસ્ટર તથા છાપકામની કોઈપણ બાબતેના ઉપયોગ તથા આ અંગેની છાપકામ તથા આ આઈટમો બનાવનાર પ્રિન્ટીંગ પ્રેસ તથા આનુષાંગિક કામ કરતી એજન્સીઓ/પેઢીઓ પર નિયંત્રણ રાખવું આવશ્યક છે.

સબબ, મુબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) (એફ) તળે મને મળેલ અધિકારની રૂઈએ હું, એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર આથી ભાવનગર શહેર તથા જિલ્લામાં ગેરકાયદે અપરાધ, પૂર્વગ્રહ વર્ગવિર્ગહને પ્રોત્સાહિત કરતી ચોપાનીયા, ભીંતપત્રો, બેનર, હોર્ડિંગ્સ, હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર તથા છાપકામની કોઈપણ બાબતેના ઉપયોગ તથા આ અંગેની છાપકામ તથા આ આઈટમો બનાવનાર એજન્સીઓ જેવીકે, પ્રિન્ટીંગ પ્રેસ તથા આનુષાંગિક કામ કરતી એજન્સીઓ/પેઢીઓ દ્વારા કરવામાં આવતા આ પ્રકારના છાપકામ/બનાવટ પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચોપાનીયા, ભીંતપત્રો, બેનર, હોર્ડિંગ્સ, હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં. અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહી.

(૨) છાપકામની કોઈપણ બાબતમાં ગેરકાયદે, અપરાધ, પૂર્વગ્રહ કે વર્ગવિગ્રહ ઉભો કરતા અથવા લીંગ, ધર્મ, જાતિ, જ્ઞાતિ, સમાજ અથવા ભાષા અથવા સામાવાળાના ચારિત્ર ઉપર જીવલેણ હુમલા જેવી વાંધાજનક બાબતો હોવી જોઈએ નહી અને વ્યકિતગત અસરકારક આક્ષેપો થઈ શકે તેવું લખાણ કે ચિત્રો કે નિશાન ન હોવું જોઈએ.

આ જાહેરનામું તા. ૧૯-૦૯-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ પોલીસ સબ ઈન્સ્પેકટર તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને, શેરી મહોલ્લામાં માઈકથી જાહેરાત કરી તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૯-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/તરણેતરમેળો/૨૦૧૫/વશી-૬.- સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વર્ષે ત્રિનેત્રેશ્વર મહાદેવનાં મંદિરે લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે આવો લોકમેળો તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન યોજાનાર છે. લોકમેળા દરમ્યાન મંદિરમાં મહાદેવની જગ્યામાં આવેલ કુંડમાં ન્હાવા માટે તથા મહાદેવના મંદિરમાં દર્શન કરવા માટે બહોળો જનસમુદાય એકઠો થાય છે. મંદિરની ચારેય દિવાલોના વિસ્તારમાં મંદિર તથા કુંડ આવેલ છે. સ્ત્રીઓ પણ આ મેળામાં મોટી સંખ્યામાં આવતી હોય છે. તેથી લોકોની સલામતીની દ્રષ્ટિએ કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : એલઆઈબી/તરણેતર/૭૨૧/૧૫, તા. ૦૭-૦૯-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ડબલ્યુ)(૩) અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાનાં થાનગઢ તાલુકાનાં તરણેતર ગામે ત્રિનેત્રેશ્વર મહાદેવનાં મંદિરે ભરાનાર લોકમેળા દરમ્યાન તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધી દિવસ-૪ (ચાર) માટે નીચે મુજબનાં નિયંત્રણો મુકવા આથી ફરમાવું છું.

ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરનાં ચોગાનમાં દાખલ થતાં ફરતી દિવાલમાં પુર્વ તરફ જે દ્વાર છે તે ફક્ત સ્ત્રીઓને આવવા જવા માટે ઉપયોગ કરવો અને દક્ષિણ તરફનો જે દ્વાર છ તે ફક્ત પુરૂષોના આવવા જવા માટે ઉપયોગ કરવો. આ મંદિરની આજુબાજુ જાળી આવેલ છે, ઉત્તર-દક્ષિણ અને પુર્વ તરફ એમ દરવાજા છે. જેથી દક્ષિણના દરવાજેથી પુરૂષો તથા ઉત્તરના દરવાજેથી ફકત સ્ત્રીઓ જ દાખલ થાય. તેમજ પુર્વ તરફના દરવાજેથી બહાર નિકળવા માટે સ્ત્રી-પુરૂષોએ સામાન્ય ઉપયોગ કરવો. જાળીવાળા ભાગમાં ઉત્તર-દક્ષિણ દિશાઓના દ્વારેથી ફરજ ઉપરના પોલીસ અધિકારીઓ તથા માણસોએ આ સ્ત્રી-પુરૂષોને વારાફરતી મર્યાદિત સંખ્યામાં દાખલ થવા દેશે અને પુર્વ તરફના દ્વારેથી બહાર નીકળવા દેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની

નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

ઉપરોક્ત જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. : ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ મુજબ તરણેતર મેળામા વાહન પ્રવેશબંધી તથા નોપાર્કિંગ અંગે જાહેરનામું બહાર પાડવા બાબત.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/તરણેતર મેળો/૨૦૧૫/વશી-૨.- સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વર્ષે લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન આવો લોકમેળો યોજાનાર છે. આ લોકમેળો માણવા માટે ગુજરાતભરમાંથી તેમજ અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં જનમેદની વાહનો મારફતે આવતી હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર પ્રવાસીઓની સુરક્ષા-સલામતી અને અનુકૂળતા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંકઃ એલ.આઈ.બી./મેળા/જાહેરનામું/૭૨૩/૧૫, તા. ૦૭-૦૯-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ઉપરની હકીકતે જાહેર જનતાની જાનમાલ, સલામતી જાળવવા તથા અકસ્માત નિવારવા અને રાહદારીઓનું નિયમન કરવા કાર્યવાહી કરવી મને જરૂરી જણાતાં હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દિવસ-૪ (ચાર) માટે નીચે જણાવેલ વિગતે વાહનોના પ્રવેશવા તથા પાર્કિંગ કરવા ઉપર નિયંત્રણ મુકવાનું આથી ફરમાવું છું.

(૧) થાન થી તરણેતર રોડ ઉપર તથા સરા-તરણેતર રોડ ઉપર અને સમગ્ર મેળાના સ્થળે પાર્કીંગ માટે ફાળવેલ ન હોય તેવા સ્થળે વાહન પાર્ક કરી શકાશે નહીં.

(૨) થાન થી તરણેતર જતા વાહનો જિલ્લા પંચાયતના ગેસ્ટ હાઉસના ચાર રસ્તા નજીક ડાબી તેમજ જમણી સાઈડ વાહન પાર્કીંગ કરે તેમજ સરા થી તરણેતર આવતા વાહનો તરણેતર ગામના વળાંક પાસે રોડની બન્ને સાઈડે વાહન પાર્કિંગ કરે તે હેતુસર પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે.

(૩) થાનગઢ થી તરણેતર જતા વાહનો જિલ્લા પંચાયતના ગેસ્ટ હાઉસના ચાર રસ્તેથી આગળ મેળામાં પ્રવેશ કરી શકશે નહી તથા સરા તરફથી આવતા વાહનો તરણેતર ગામના ત્રણ રસ્તેથી આગળ મેળામાં પ્રવેશ કરી શકશે નહી.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

ઉપરોકત જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/તરણેતર મેળો/૨૦૧૫/વશી-૫.- સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામે દર વર્ષે લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે તા. ૧૬-૦૯-૨૦૧૫થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન આવો લોકમેળો યોજાનાર છે. આ લોકમેળો માણવા માટે ગુજરાતભરમાંથી તેમજ અન્ય રાજ્યોમાંથી ટુ વ્હીલર, થ્રી વ્હીલર તથા ભારે વાહનો તથા કાર (નાની ગાડી)માં મોટી સંખ્યામાં પેસેન્જરો મેળો માણવા માટે આવતા હોય છે. જેથી સદરહું સ્થળે પેસેન્જરો અને વાહનોની અવરજવર મોટા પ્રમાણમાં રહે છે. પરીણામે મેળામાં અકસ્માત થવાના સંભવ હોઈ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./તરણેતર/૭૧૮/૧૫, તા. ૦૭-૦૯-૨૦૧૫થી વાહનો શાંતિથી પસાર થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી ટ્રાફિક નિયમનને નિયંત્રણમાં રાખવા માટે વાહનોની સ્પીડ લીમીટ અંગે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ઉપરની હકીકતે જાહેર જનતાની જાનમાલ, સલામતી જાળવવા તથા અકસ્માત નિવારવા અને રાહદારીઓનું નિયમન કરવા કાર્યવાહી કરવી મને જરૂરી જણાતાં મોટર વ્હીકલ એક્ટ-૧૯૩૯ની કલમ-૧૭ની પેટા કલમ-૨ અન્વયે ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જી.જી.૮૦-૭૬-એમવીઆર-૧૦૦૬-૧૦૩૪-ઈ.૨, તા. ૨૯-૦૪-૧૯૮૦ થી મને મળેલ અધિકારની રૂએ હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા**

મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, આ જાહેરનામાંથી ફરમાવું છું કે, થાનગઢ તાલુકાના ગામ તરણેતરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ લોકમેળો યોજાનાર છે. તેના કારણે મોટા પ્રમાણમાં જનમેદની એકઠી થાય છે. જેથી થાનગઢ-તરણેતર રોડ ઉપર વાહનોની અવરજવર મોટા પ્રમાણમાં થતી હોઈ તા. ૧૬-૦૯-૨૦૧૫થી તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધી દિવસ-૪ (ચાર) દરમ્યાન નીચેના રૂટ ઉપર મોટા વાહનોની ઝડપ કલાકના ૧૫ કિ.મી. થી વધુ રાખવી નહીં તેમજ નાના વાહનોની ઝડપ ૨૦ કિ.મી.થી વધુ રાખવી નહીં.

(૧) ચોટીલા થી તરણેતર સુધી

(૨) મુળી થી થાનગઢ સુધી

(૩) સરા થી તરણેતર સુધી

આ જાહેરનામું ફરજ પરના પોલીસ, હોમગાર્ડઝ તથા સરકારી કર્મચારીઓને લાગુ પડશે નહીં. તેમજ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખઃ ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : મજસ/તરણેતર મેળો-૨૦૧૫/વશી-૧.-સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વર્ષે ભાતીગળ લોકમેળો ભરાય છે. ચાલુ વર્ષે આગામી તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન તરણેતરનો ભાતીગળ લોકમેળો યોજાનાર છે. તરણેતરનાં લોકમેળાનું આયોજન તરણેતરના સ.નં. ૧૦૭, ૧૦૯ની જમીનમાં થાય છે. આ લોકમેળામાં મેળો માણવા આવનાર લોકો પોતાના વાહન સાથે મેળામાં અંદરના ભાગ સુધી પ્રવેશી જતાં હોય છે. જેના કારણે સરળતાથી વ્યવસ્થા જાળવી શકાતી નથી અને ટ્રાફીક વ્યવસ્થા જાળવવામાં મુશ્કેલીઓ ઉદભવે છે અને અકસ્માત થવાનો સંભવ રહેતો હોઈ કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં સરળતાં રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૭-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી-તરણેતર/૭૨૬/૧૫ થી તાત્કાલીક અસરથી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧(બી) થી મળેલ અધિકારની રૂએ હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** તા. ૧૬-૦૯-૨૦૧૫થી તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધી દિવસ-૪ (ચાર) માટે નીચે જણાવેલ વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

તરણેતર લોકમેળામા વાહન ચાલકો સલામતીવાળી જગ્યાએ વાહનો પાર્ક કરે તે માટે પાર્કીંગ પ્લોટ ધારકોએ ૪ × ૪ ફુટના પાર્કિંગ બોર્ડ તમામને દેખાય તે રીતે લગાડવાના રહેશે તથા વાહન માલીકને વાહનપાર્ક કર્યા બદલની સહીવાળી છપાવેલી અલગ-અલગ વાહન દીઠ વાહન પાર્કિંગ ચાર્જની વ્યાજબી સમાન ધોરણેની રકમ તથા વાહન રજીસ્ટ્રેશન દર્શાવેલી પાકી પહોચ આપવાની રહેશે અને પહોચ મુજબનુ જ ભાડુ લેવાનુ રહેશે તથા વાહન ધારકે પાર્કિંગ કરેલ વાહનની પાર્કિંગ સમય દરમ્યાનની સલામતીની તમામ જવાબદારી પાર્કિંગ પ્લોટ ધારકની રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ મુજબ તરણેતર મેળામા વાહન પ્રવેશબંધી તથા નોપાર્કિંગ અંગે જાહેરનામું બહાર પાડવા બાબત.

જાહેરનામું

ક્રમાંક : મજસ/તરણેતર મેળો-૨૦૧૫/વશી-૩.-સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વર્ષે ભાતીગળ લોકમેળો ભરાય છે. ચાલુ વર્ષે આગામી તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન આવો લોકમેળો યોજાનાર છે. લોકમેળાનું આયોજન તરણેતરના સ.નં. ૧૦૭, ૧૦૯ થતું હોઈ આ લોકમેળો માણવા માટે ગુજરાત ભરમાંથી તેમજ અન્ય રાજયોમાંથી મોટી સંખ્યામાં જનમેદની વાહનો મારફતે આવતી હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર મેળો માણવા આવનાર લોકો પોતાના વાહન સાથે તરણેતર ગામના સ.ન. ૧૦૭ તથા ૧૦૯ મા પ્રવેશ ન કરે તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંકઃ એલ.આઈ.બી./મેળા/જાહેરનામુ/૭૧૭/૧૫ તા. ૦૭-૦૯-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ઉપરની હકીકતે જાહેર જનતાની જાનમાલ, સલામતી જાળવવા તથા અકસ્માત નિવારવા અને રાહદારીઓનું નિયમન કરવા કાર્યવાહી કરવી મને જરૂરી જણાતાં હું, હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ મને મળેલ સત્તાી રૂએ તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દિવસ-૪(ચાર) માટે નીચે જણાવેલ વિગતે વાહનોના પ્રવેશવા તથા પાર્કિંગ કરવા ઉપર નિયંત્રણ મુકવાનું આથી ફરમાવું છું.

તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે સ.નં. ૧૦૭ તથા ૧૦૯ મા કોઈ પણ જાતના વાહન સાથે પ્રવેશ કરી શકશે નહી.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

ઉપરોક્ત જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ તરણેતર મેળા સબબ વાહનોને આવવા-જવા માટે ડાયવર્ઝન અંગેનું જાહેરનામુ.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/તરણેતરમેળો/૨૦૧૫/વશી-૪.- સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વર્ષે ભાતીગળ લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે પણ તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ ના દિવસો દરમ્યાન આ લોકમેળો યોજાનાર છે. આ લોકમેળો માણવા ગુજરાતભરમાંથી તથા અન્ય રાજ્યોમાંથી વાહનો મારફત મોટી સંખ્યામાં જનમેદની આવતી હોઈ ટ્રાફીક વ્યવસ્થા જાળવવામાં મુશ્કેલી પડતી હોઈ તથા વારંવાર ટ્રાફીક સમસ્યા સર્જાતી હોઈ જાહેર જનતાને હાલાકી તથા હાડમારી ભોગવવી પડતી હોઈ તથા સુરેન્દ્રનગર-મુળી થઈ તરણેતર આવતાં વાહનો થાનગઢ ટાઉનમાંથી પસાર થઈ તરણેતર જતાં હોય છે જેના કારણે થાનગઢ ટાઉનમાં જેનાં કારણે થાનગઢ ટાઉનમાં ટ્રાફીકની સમસ્યા ઉભી થાય છે. જેના કારણે અકસ્માત થવાની શક્યતાઓ રહેતી હોઈ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૭-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/તરણેતર/૭૧૬/૨૦૧૫ થી સુરેન્દ્રનગર-મુળી થઈ તરણેતર આવતાં વાહનો થાનગઢ આવવાનાં બદલે વગડીયા ફાટક (મેલડીમાંના મંદિર)થી ભવાનીગઢ ત્રણ રસ્તાથી ખાખરાથળથી કાનપર થઈ તરણેતર તરફ જાય તે માટે ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ઉપરની હકીકતે જાહેર જનતાની જાનમાલની સલામતી તથા ટ્રાફીકના કારણે થતાં અકસ્માત નિવારવા સાર્વજનિક લોકમેળામાં આવતાં વાહનોનું નિયમન કરવાનું જરૂરી જણાતાં હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તારીખ : ૧૬-૦૯-૨૦૧૫ થી તારીખ : ૧૯-૦૯-૨૦૧૫ દિવસ-૪ (ચાર) માટે નીચેના રસ્તા ઉપરથી વાહનને જવા-આવવા માટે ફરમાવું છું.

૧. સુરેન્દ્રનગર-મુળી થઈ તરણેતર તરફ જતા વાહનોએ વગડીયા ફાટક (મેલડીમાંના મંદિર)થી ભવાનીગઢ ત્રણ રસ્તાથી ખાખરાથળથી કાનપર થઈ તરણેતર જવાનું રહેશે.

૨. સાથોસાથ તરણેતર થઈ સુરેન્દ્રનગર-મુળી તરફ જતાં વાહનોએ કાનપરથી ખાખરાથળ ત્રણ રસ્તાથી ભવાનીગઢથી વગડીયા (મેલડીમાંના મંદિર) થઈ સુરેન્દ્રનગર-મુળી તરફ જવાનું રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ મુજબ તરણેતર મેળામા જવાના માર્ગને વન-વે જાહેર કરવા બાબતેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/તરણેતરમેળો/૨૦૧૫/વશી-૭.- સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વર્ષે લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે પણ તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન આવો લોકમેળો યોજાનાર છે. આ

લોકમેળો માણવા માટે ગુજરાતભરમાંથી તેમજ અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં જનમેદની વાહનો મારફતે આવતી હોવાથી આ મેળામા ઘણી મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહેતી હોય ટ્રાફિક વ્યવસ્થામાં ઘણી મુશ્કેલી ઉભી થતી હોય છે અને વારંવાર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે અને આ કારણે અકસ્માત થવાનો સંભવ રહે છે તથા પ્રજાને ખુબજ હાડમારી ભોગવવી પડે છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંકઃ એલ.આઈ.બી./તરણેતર/૭૧૯/૧૫, તા. ૦૭-૦૯-૨૦૧૫ થી તરણેતર મેળામા જવાના માર્ગને વનવે જાહેર કરવા અંગે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ઉપરની હકીકતે જાહેર જનતાની જાનમાલની સલામતી જાળવવા તથા અકસ્માત નિવારવા અને રાહદારીઓનું નિયમન કરવા કાર્યવાહી કરવી મને જરુરી જણાતાં હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળથી મને મળેલ સત્તાની રૂએ તારીખઃ ૧૬-૦૯-૨૦૧૫ થી તારીખઃ ૧૯-૦૯-૨૦૧૫ દિવસ-૪ (ચાર) માટે નીચેના રસ્તાઓમાં વાહનને જવા-આવવા માટે નિયંત્રણ મુકવાનું આથી ફરમાવું છું.

(૧) થાનગઢ ધોળેશ્વર ફાટકથી જી.આઈ.ડી.સી. પાસેથી મારૂતી સિરામીકથી કંડોરણીયા સિરામીકથી તરણેતર રોડથી કાનપરના પાટીયાથી તરણેતર મેળામાં જવા માર્ગ વન-વે રાખવામાં આવશે.

(૨) તરણેતર મેળામાંથી ચાણકાવીડમાંથી કોરસ સિરામીક (નવાગામ)થી થીનગઢના અનસુયા કાંટા પાસેથી પરત થાય તેવી રીતે પસાર થવાનું રહેશે.

ઉપરોકત નવાગામની સીમમાનો ચાણકાવીડમાંથી પસાર થતો રસ્તો ભારે વાહનો પસાર થાય તેવો રીપેરીંગ કરવા માટે ઉકત રસ્તો જેના કાર્યક્ષેત્રમાં આવતો હોય તે પંચાયત અથવા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ચોટીલા એ ત્વરીત અસરથી કાર્યવાહી કરવાની રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ તરણેતરના લોકમેળા અંતર્ગત થાનગઢ ટાઉનમાંથી પસાર થતાં વાહનો બંધ કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/તરણેતર મેળો-૨૦૧૩/વશી-૮.- સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વરસે ભાતીગળ લોકમેળો યોજાય છે. ચાલુ વરસે આગામી તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન લોકમેળો યોજાનાર છે. આ લોકમેળો માણવા માટે ગુજરાત રાજ્ય તથા અન્ય રાજ્યમાંથી મોટી સંખ્યામાં જનમેદની વાહનો દ્વારા વાયા થાનગઢ થઈ તરણેતર જાય છે.

થાનગઢ ટાઉનમાંથી થાનગઢની પ્રજા તેમજ આજુબાજુના ગામડાઓની ગ્રામીણ પ્રજા અંદરના ગામના રસ્તાઓ મારફત જતી હોવાની જુના રસ્તા ખુબજ સાંકડા હોવાથી ટુ વ્હીલર્સ વાહનો જો જુની બજારમાંથી પસાર થતાં હોઈ વારંવાર ટ્રાફીકના ઘણાં જ પ્રશ્નો ઉપસ્થિત થવાનાં કારણે જાહેર જનતાને ખુબજ હાડમારી ભોગવવી પડે તેવી શકયતા નકારી શકાય તેમ ન હોઈ પ્રજાને ખુબ જ હાડમારી ભોગવવી પડે તેમ હોય પરિણામે મેળામાં અકસ્માત થવાનો સંભવ રહે છે. જેથી તરણેતર મેળામાં થાનગઢ ટાઉનમાંથી ભારે વાહનો પસાર ન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૭-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/તરણેતર/૭૨૦/૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. જેથી તરણેતર મેળામાં વાહનો દ્વારા આવતી જનમેદનીના વાહનોની ટ્રાફીક વ્યવસ્થાનું સરળતાથી સંચાલન થઈ શકે તેવા શુભ આશયથી નીચેની વિગતે પ્રતિબંધ મુકવાનું મને જરૂરી અને યોગ્ય જણાય છે.

સબબ, ઉપરની હકીકતે જાહેર જનતાની જાનમાલની સલામતી જાળવવા તથા અકસ્માત નિવારવા સાર્વજનિક લોકમેળામાં જવા-આવવા માટે ટ્રાફીક તથા રાહદારીનું નિયમન કરવા તથા બંદોબસ્ત કરવાનું મને જરૂરી જણાતાં હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ અધિકારની રૂએ તારીખ : ૧૬-૦૯-૨૦૧૫ થી તારીખ : ૧૯-૦૯-૨૦૧૫ સુધીના દિવસ-૪ (ચાર) માટે નીચેના રસ્તાઓ પુરતાં ભારે વાહનની અવરજવર સદંતર બંધ રાખવા આથી ફરમાવું છું.

(૧) થાનગઢથી ચોટીલા રોડ માટે ઓકટ્રોય નાકાથી શરૂ કરી અંબિકા ટીમ્બરથી વાસુકી પોટરીથી નગરપાલિકા, આઝાદ ચોક, રેલ્વે ફાટક, જોગાશ્રમ, કાનભાઈ જલુના મકાન (તરણેતર જવાના ત્રણ રસ્તા) સુધી ચાર વ્હીલ ભારે વાહનોને પ્રવેશ ન કરવા.

(૨) થાનગઢ-વગડીયા રોડ ચાર રસ્તાથી પરશુરામ પોટરી, આંબેડકર ચોક (અંદરની ફાટક) સુધીના રસ્તાનું ચાર વ્હીલના ભારે વાહનોને પ્રવેશ ન કરવા આદેશ કરૂં છું.

(૩) થાનગઢ-વગડીયા ચાર રસ્તાથી રેલ્વે સ્ટેશન તરફ થઈને આંબેડકર ચોક સુધીમના રસ્તા પર ભારે વાહનોએ પ્રવેશ ન કરવા. આ સિવાય ભારે વાહનો માટે થાન-ચોટીલા રોડ, ઓકટ્રોય નાકાથી પોલીસ સ્ટેશન પાસેથી ધોળેશ્વર ફાટકથી મારૂતી સીરામીક નવાગામ બાયપાસ પાસેથી જવાની વ્યવસ્થા પોલીસ તથા કા.પા.ઈ.શ્રી મા.મ. પંચાયત દ્વારા કરવાની રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ મુજબ તરણેતરના મેળા સબબ વાહનોને આવવા-જવા માટે ડાયવર્ઝન અંગેનું જાહેરનામું.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/તરણેતર મેળો-૨૦૧૫/વશી-૧૦.- સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વર્ષે ભાતીગળ લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે આગામી તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન આ લોકમેળો યોજાનાર છે. આ લોકમેળો માણવા માટે ગુજરાત રાજ્યમાંથી તેમજ અન્ય રાજ્યોમાંથી વાહનો મારફતે મોટી સંખ્યામાં જનમેદની આવતી હોવાથી ટ્રાફીક વ્યવસ્થાની જાળવણીમાં ઘણી મુશ્કેલી ઉભી થતી હોઈ, મેળામાં અકસ્માત થવાની શક્યતાઓ રહેતી હોઈ જાહેર જનતાને ખુબ જ હાડમારી અને પરેશાની ભોગવવી પડતી હોઈ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૭-૦૯-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/તરણેતર/૭૨૪/૧૫ થી દરખાસ્તમાં જણાવેલ નીચે મુજબના રસ્તાઓ ઉપર આવતાં વાહનોની અવર-જવર ઉપર નિયંત્રણ રહે તે માટે ડાયવર્ઝનનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત અન્વયે ટ્રાફીક વ્યવસ્થાની જાળવણી, અકસ્માત થતાં નિવારવા અને જાહેર જનતાના જાનમાલને થતું નુકશાન નિવારવા અને સલામતી જાળવવા સાર્વજનિક લોકમેળામાં આવતા રાહદારીઓ તથા વાહનોનું નિયમન કરવાનું જરૂરી જણાતાં હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધી દિવસ-૪ (ચાર) માટે નીચેના રસ્તાઓ ઉપરથી તમામ પ્રકારના વાહનને આવવા-જવા ફરમાવું છું.

(૧) તરણેતર મેળામાં આવવા માટે ચોટીલાથી પ્રથમ ઓકટ્રોય નાકા થઈ હાઈસ્કુલના ખુણા પાસે થઈ બાયપાસ થઈ સુર્યાચોક પાસે થઈ તરણેતર જવાનાં કાયમી રોડ ઉપરથી જશે.

(૨) ધ્રાંગધ્રા, સરા, હળવદ તરફથી તરણેતર આવવા માટે તરણેતર પહેલાંના ધ્રાંગધ્રાના બનાવેલ બસ સ્ટેન્ડ સુધી જ આવશે. મેળા તરફ આવતાં માર્ગ તરફ આગળ વધશે નહીં.

(૩) ચોટીલા, થાન તરફથી ધ્રાંગધ્રા-સરા-હળવદ તરફ જવા આવવા માટે તરણેતર મેળાનો માર્ગ ક્રોસ કરવાનો ન હોવાથી થાનગઢ બાયપાસ થઈને અનસુયા વે-બ્રીજ કાંટાથી ડાબી બાજુ વળી નવાગામ, વિજળીયા ગામ થઈને જમણી બાજુ તરણેતર જવાના રોડથી સરા, ધ્રાંગધ્રા જવા વરમાધાર તરફ વળી જવાનું રહેશે. તે જ રીતે સરા, ધાંગધ્રા તરફથી આવવા માટે વરમાધારથી વિજળીયાના બોર્ડથી જમણી બાજુ વળી વિજળીયા, નવાગામ થઈ થાન તરફ આવવાનું રહેશે.

(૪) તરણેતર મેળામાં આવેલ વાહનો તરણેતરથી થાન, ચોટીલા તરફ પરત આવવા માટે તરણેતરથી થાન આવવા માટેના પાકા રોડથી રોંગ સાઈડ બાજુમાં વીડમાં (રોડની બાજુમાં) બનાવેલ નવા કાચા રોડ ઉપર કાનપર બોર્ડ સુધી સમાંતર રહેશે. ત્યાંથી (કાનપર બોર્ડથી) નીચેના ભાગે જમણી બાજુ નવાગામ જવાનો જુના ગાડા માર્ગ જે નવાગામ પહેલાં રોડને મળતાં રોડથી ડાબી બાજુ અનસુયા વે-બ્રીજ કાંટા વાળી બાયપાસ થઈ થાનગઢ, ચોટીલા, મુળી તરફ જશે.

જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરવા અને તમામ રસ્તાઓ ઉપર વાહન ચાલકો સહેલાઈથી વાંચી શકે તેવા મોટા દરેક અલગ અલગ સુચિ બોર્ડ તૈયાર કરી રોડ ઉપર રાખવા માટે, ઉક્ત રસ્તાઓ જેના હવાલામાં આવતાં હોય તે પંચાયત અગર ઉકત રસ્તા માર્ગ અને મકાન વિભાગ રાજ્યના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ચોટીલાએ ત્વરીત કાર્યવાહી કરવાની રહેશે અને રસ્તાઓ જરૂરિયાત પ્રમાણે રીપેરીંગ કરાવવાનાં રહેશે.

INDEX

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ નીચે શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : મજસ/તરણેતર મેળો-૨૦૧૫/વશી-૯.-સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે દર વરસે ભાતીગળ લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે આગામી તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન તરણેતરનો લોકમેળો યોજાનાર છે. આ લોકમેળામાં મેળો માણવા માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. થાનગઢ તથા મુળી તાલુકા વિસ્તારમાં જુદા-જુદા સમુદાયો વચ્ચેના વૈમનસ્યને ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં સરળતાં રહે તે માટે આ લોકમેળામાં રમત-ગમતની હરીફાઈઓમાં તલવારબાજી કે લાકડીઓના દાવ જેવી રમતની હરીફાઈઓ રાખવામા ન આવે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૭-૦૯-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/તરણેતર/૭૨૫/૧૫ થી તાત્કાલીક અસરથી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ થી મળેલ અધિકારની રૂએ હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધી દિવસ-૪ (ચાર) માટે નીચે જણાવેલ વિગતે આદેશ ફરમાવું છું;

તા. ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૦૯-૨૦૧૫ દરમ્યાન યોજાનાર તરણેતરના લોકમેળામા રમત-ગમતની હરીફાઈઓમાં તલવારબાજી કે લાકડીઓના દાવ જેવી રમતની હરીફાઈઓ નહી રાખવા આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી.- તા. ૦૩-૦૯-૨૦૧૫ થી જન્માષ્ટમી લોકમેળા યોજાનાર હોય તથા સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ કરીને થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચોટીલા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૨-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૭૦૦/૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **એસ. એમ. ખટાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૪-૦૯-૨૦૧૫ થી તારીખ : ૧૮-૦૯-૨૦૧૫ સુધી (બંને તારીખ સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાની અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો-પત્રકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/વશી.-તા. ૦૩-૦૯-૨૦૧૫ થી જન્માષ્ટમી લોકમેળા યોજાનાર હોય તથા સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ કરીને થાન, ધ્રાંગધ્રા, સાયલા મુળી તથા ચોટીલા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૨-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૭૦૧/૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવા તેમજ સભાસરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **એસ. એમ. ખટાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૪-૦૯-૨૦૧૫ થી તારીખ : ૧૮-૦૯-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા, સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

એસ. એમ. ખટાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. એમએજી/બીનવારસી/૦૯/૨૦૧૫.-બિનવારસી કેસ નં. ૦૯/૨૦૧૫ મુજબ બોમ્બે એકટ મુજબની કલમ-૮૨ અન્વયે કેશોદ પોલીસ સ્ટેશન તરફથી નીચે જણાવેલ વાહન બિનવારસી મુદામાલ હોય યોગ્ય વ્યવસ્થા માટે આ કોર્ટના હવાલે કરેલ છે. જેથી આમ જનતાને આ જાહેરનામાંથી જાણ કરવામાં આવે છે કે, નીચે જણાવેલ વિગતેના વાહનની કોઈ માલીકી હકક ધરાવતા હોય તો તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર આ કોર્ટ સમક્ષ હાજર થઈ આ વાહન પોતાનું હોવાનું સાબીત કરી લઈ જવી.

સદરહું મુદત દરમ્યાન કોઈ માલીક હાજર નહી થાય તો તે વાહન ઉપર કોઈનો હકક દાવો રહેશે નહી જેની દરેકે નંધ લેવી.

ક્રમ	હિનવારસી મુદામાલની વિગત	અંદાજીત રકમ
૧.	જુનુ કટાઈ ગયેલ હીરોહોન્ડા (સીડી-૧૦૦) એન્જીન કે ચેસીસ નંબર ઘસાયેલ છે. જે દેખાતા નથી.	રૂા. ૧૫૦૦/-

ભાવનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

આર. પી. નંદાણીયા,
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કેશોદ.

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૬૦૭/૨૦૧૫.-રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૨૩-૦૯-૨૦૧૫ થી તા. ૨૪-૦૯-૨૦૧૫ સુધી સી.આઈ.એસ.એફ યુનિટ એ.એસ.જી. એરપોર્ટ, રાજકોટના અધિકારી/કર્મચારીઓના ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)થી મળેલ અધિકારની રૂએ હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૨૩-૦૯-૨૦૧૫ થી તા. ૨૪-૦૯-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૧૮-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૧૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૬૨૭/૩૫૯૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી સ્વસ્તિક નાગરીક શરાફી સહકારી મંડળી લીમીટેડ, સ્થળ : બગસરા, મુ. બગસરા, તાલુકો : બગસરા, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/ એ.એમ.આર/ ''સે''(શ)/૩૯૫૭૧/૨૦૧૫, તા. ૧૧-૦૯-૨૦૧૫ થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

એચ. પી. પટેલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

INDEX

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૬-૧૦-૨૦૦૨ નો ફડચાનો અંતિમ આદેશ નં.: ફડચ/૧૪૧૦૪/ખ-૪/૧૮૫૨/૨૦૦૨.

(૩) ફડચા અધિકારી શ્રી સર્વોદય મરઘા ઉછેર સહકારી મંડળી લી., મુ. સીતાણા, તા. માણાવદર, જિ. જુનાગઢની નોંધણી રદની તા. ૦૩-૦૯-૧૫ ના રોજની દરખાસ્ત.

આદેશ

જા.નં.:ફડચ/ખ-૪/૧૬૩/૪૧૬૧/૧૫.-આથી હું ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી સર્વોદય મરઘા ઉછેર સહકારી મંડળી લી., મુ. સીતાણા, તા. માણાવદર, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૮૯૯૭ અને તા. ૧૭-૧૦-૧૯૮૨ ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂં છું.

જુનાગઢ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંક : ફડચ/ ખ-૪/૨૦૬/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા. નં./ફડચ/ખ-૪/૧૬૧/૪૧૫૨/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી બરડીયા દુધ ઉત્પા. સ.મં.લી., મુ. બરડીયા તા. વિસાવદર, જિ. : જુનાગઢ કે જેના નોંધણી નં. ૨૨૫૧૪ છે અને તા. ૩૧-૦૩-૧૯૮૭ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂ છું તથા અધિનિયમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂ છું.

નોંધ :

આ વચગાળાના હુકમ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો આ હુકમની તારીખથી ૧માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં કોઈ વાંધા કે રજુઆત નહીં આવે તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંક : ફડચ/ ખ-૪/૨૧૦/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા. નં./ફડચ/ખ-૪/૧૫૫/૪૧૩૦/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી ભાટીયા દુધ ઉત્પા. સ.મં.લી., મુ. ભાટીયા, તા. વંથલી, જિ. : જુનાગઢ કે જેનો નોંધણી નં. ૨૩૭૪૪ છે અને તા. ૦૫-૦૮-૧૯૮૯ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂ છું તથા અધિનિયમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂ છું.

નોંધ :

આ વચગાળાના હુકમ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો આ હુકમની તારીખથી ૧માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં કોઈ વાંધા કે રજુઆત નહીં આવે તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંક : ફડચ/ ખ-૪/૨૦૯/૨૦૧૫, તા. ૨૧-૦૭-૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા. નં./ફડચ/ખ-૪/૧૫૬/૪૧૩૧/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી સમઢીયાળા દુધ ઉત્પા. સ.મં.લી., મુ. સમઢીયાળા, તા. મેંદરડા, જિ. : જુનાગઢ કે જેનો નોંધણી નં. ૨૬૩૬૬ છે અને તા. ૧૬-૦૨-૧૯૯૩ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂ છું તથા અધિનિયમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂ છું.

નોંધ :

આ વચગાળાના હુકમ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો આ હુકમની તારીખથી ૧માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં કોઈ વાંધા કે રજુઆત નહીં આવે તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંક : ફડચ/ ખ-૪/૧૬૨/૨૦૧૫, તા. ૧૧-૦૫-૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા. નં./ફડચ/ખ-૪/૧૫૭/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી ખુશ્બુ મજુર બાંધકામ સ.મં.લી., મુ. માણેકવાડા, તા. કેશોદ, જિ. : જુનાગઢ કે જેનો નોંધણી નં. ૧૨૦૨૯ છે અને તા. ૦૫-૧૧-૨૦૦૧ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂ છું તથા અધિનિયમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂ છું.

નોંધ :

આ વચગાળાના હુકમ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો આ હુકમની તારીખથી ૧માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં કોઈ વાંધા કે રજુઆત નહીં આવે તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૧-૦૮-૨૦૧૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં.: ફડચ/ખ-૪/૨૨૫/૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૧૦/ખ-૪/૧૬૨/૪૧૬૨/૨૦૧૫.- આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી મેસવાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મેસવાણ, તા. કેશોદ, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૧૭૮૫૩, તા. ૨૭-૦૨-૧૯૮૧ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૩ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૧-૦૮-૨૦૧૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં.: ફડચ/ખ-૪/૨૨૩/૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૦૮/ખ-૪/૧૫૩/૪૧૩૨/૨૦૧૫.- આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી જય કિશાન ફળ અને શાકભાજી સહકારી મંડળી લી., મેંદરડા, તા. મેંદરડા, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૧૨૯૭૬, તા. ૨૪-૦૭-૨૦૦૮ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૩ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૧-૦૮-૨૦૧૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં.: ફડચ/ખ-૪/૨૨૪/૨૦૧૫.

વચગાળાનો આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૦૯/ખ-૪/૧૫૪/૪૧૩૩/૨૦૧૫.- આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી કેવદ્રા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., કેવદ્રા, તા. કેશોદ, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૨૨૫૬૫, તા. ૦૮-૦૮-૧૯૯૭ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૩ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ધ/૧૫૯૬૮/૧૧૪૭/૧૨૦૭/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ખોડીયાર ફળ અને શાકભાજી પ્રોસેસીંગ અને ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : નાના સમઢીયાળા, તાલુકો : ઉના, જિલ્લો : ગીર સોમનાથ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીરસોમનાથ, ૧૫/૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ધ/૪૩૮૮૦/૧૧૧૫/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી કાણેકનેસ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કાણેકનેસ, તાલુકો : ગીરગઢડા, જિલ્લો : ગીર સોમનાથ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીરસોમનાથ, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ઝ/૧૫૬૦૪/૯૪/૧૭૦૮/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી આદિત્યાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : આદિત્યાણા, તાલુકો : રાણાવાવ, જિલ્લો : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીરસોમનાથ, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

એસ. બી. તન્ના
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
પોરબંદર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૩૭/આરજેટીઃસે.-૪૪૫૮૨/૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી પરિન ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, રાજકોટ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ડીબીડી/સે. ૪૪૩૫૯/૩૯૧/સને ૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, દેવભૂમિ, દ્વારકા, આથી જાહેર કરે છે બંસી ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. : બતડીયા (ગાગા), તાલુકો : જામ-કલ્યાણપુર, જિલ્લો : દેવભૂમિ દ્વારકા, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

દેવભૂમિ દ્વારકા, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ડી. જે. મજીઠીયા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત,
દેવભૂમિ દ્વારકા.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN
A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 08th OCTOBER, 2015/ASHVINA 16, 1937 No. 41

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1049-1068	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1641-1680
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ની

કલમ-૧૪૪(૧) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/બકરી ઈદ/૩૬૫૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/બકરીઈદ/ ૨૫૧૪/ ૧૫, તા. ૧૪-૦૯-૨૦૧૫ થી આગામી તારીખ : ૨૪/૨૫-૦૯-૨૦૧૫ના રોજ મુસ્લીમ લોકોનો પવિત્ર તહેવાર ‘‘બકરી ઈદ’’ આવતો હોય, સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અને સુલેહશાંતી અર્થે સાવચેતીનાં પગલા લેવાનું ઈષ્ટ જણાતાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ સને-૧૯૭૪ના અધિનિયમ નંબર-૨ ની કલમ-૧૪૪(૧) હેઠળ કોઈપણ ઢોર, પશુઓની કતલખાના બહાર ખાનગી કે જાહેર જગ્યાઓએ શેરીઓમાં કતલ કરવા પર તહેવારનાં આગલા પાછલા દિવસો સહીત તા. ૨૩-૦૯-૨૦૧૫ થી તા. ૨૭-૦૯-૨૦૧૫ સુધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી અત્રે રજુ થયેલ છે. જે વ્યાજબી જણાય છે.

તેથી હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ સને-૧૯૭૪ના અધિનિયમ નં.-૨ ની કલમ-૧૪૪(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જુનાગઢ જિલ્લાના તમામ તાલુકાનાં શહેરો કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ તા. ૨૩-૦૯-૨૦૧૫ થી તા. ૨૭-૦૯-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) કતલખાનાની બહારના કોઈ જાહેર કે ખાનગી સ્થળે આખલા, પાડા, ભેંસ કે અન્ય કોઈ પશુઓની કતલ કરવી કે કરાવવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮, હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખઃ ૧૫ માહે સપ્ટેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૫, માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની

કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૩૬૨૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/ જાહેરનામું/હથિ.બંધી/૨૪૮૩/૨૦૧૫, તા. ૧૦-૦૯-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિશાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) તા. ૧૭-૦૯-૨૦૧૫ થી તા. ૨૭-૦૯-૨૦૧૫ સુધી ગણેશ ઉત્સવ તહેવાર તથા તા. ૨૫-૦૯-૨૦૧૫ ના બકરી ઈદ તહેવાર આવનાર હોય, જેથી સવિશેષ તકેદારી રાખવી આશ્યકતા હોય, જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૯-૦૯-૨૦૧૫ થી તા. ૧૭-૧૦-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

INDEX

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૪ મી, માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૩૬૨૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૪૮૨/૧૫, તા. ૧૦-૦૯-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) આગામી તા. ૧૭-૦૯-૨૦૧૫ થી ગણેશ ઉત્સવ શરૂ થનાર છે તથા અનામત આંદોલન પણ હજુ અંદરખાને ગતિમા છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૯-૦૯-૨૦૧૫ના રોજથી તા. ૦૨-૧૦-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૪, માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/વાહન લે-વેચ/૩૬૨૯/૨૦૧૫.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ર્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) નું વેચાણ કરનાર, આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/વાહન/લે-વેચ/૪૮૪/૧૫, તા. ૧૨-૦૯-૨૦૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. ઉકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, આથી હું, આર. જી જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદનુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની સ્થાનીક પોલીસ સ્ટેશનના સિક્કા કરાવી, અવશ્ય પણે નિભાવણી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે, કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી(જાત), ઉંમર, સરનામું, કોન્ટેક નંબર	વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આવા વેપારીએ દર મહીનાને અંતે આવા ખરીદ-વેચાણ કરેલ વાહનોની વિગતો એસ.ઓ.જી. શાખા, જુની પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, દિવાન ચોક, જુનાગઢ ખાતે અચુક રજુ કરવાની રહેશે.

આ હુકમ તા. ૧૫-૦૯-૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

INDEX

આજ, તા. ૧૪, માહે સપ્ટેમબર, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૩૬૫૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/બોટગુમ/જા.નામું/૨૫૧૮/ ૨૦૧૫, તા. ૧૪-૦૯-૨૦૧૫ થી અંતીત થતા દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ પોલીસ સ્ટેશનના તાબા હેઠળ વહાણ/બોટ દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ રહયુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ સંબંધીત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ નીચે મુજબના પત્રકની વિગતો સહની સંબંધીત તમામ સરકારી એજન્સીને જાણ કરવી ફરજીયાત છે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીનઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૧-૦૯-૨૦૧૫ થી તા. ૧૯-૧૧-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૫ મી, માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

INDEX

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૬૫૨૦.-આગામી દિવસોમાં ગણેશ ઉત્સવ તહેવારો આવનાર હોય અને તાજેતરમાં ધ્રાંગધ્રા સાયલા તથા થાનગઢ ખાતે વર્ગ વિગ્રહના બનેલ બનાવો અનુસંધાને સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૬-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૭૮/૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૦-૦૯-૨૦૧૫ થી તા. ૦૫-૧૦-૨૦૧૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી / લાઠી, કુલ્લીવાળી લાકડી તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈ પણ પ્રકાના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ માહે સપ્ટેમ્બર સને-૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી/વશી/૬૬૨૦/૨૦૧૫/.-આગામી દિવસોમાં ગણેશ ઉત્સવનો તહેવારો આવતો હોઈ તેમજ તાજેતરમાં ધ્રાંગધ્રા સાયલા તથા થાનગઢ તાલુકાઓમા બનેલ બનાવ તથા હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૬-૦૯-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૭૯/૨૦૧૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૦-૦૯-૨૦૧૫ થી તા. ૦૫-૧૦-૨૦૧૫ (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એક્ઝીક્યુટીવ

મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યાર બાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યા વિસ્તારને તેમજ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ માહે સપ્ટેમ્બર સને-૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ જાહેરનામું.

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/રીક્ષા પા. રદ/જાહેરનામું-૨૦૧૫/વશી/૬૬૮૨૦.

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની વસ્તી દિન-પ્રતિદિન વધતા ધ્રાંગધ્રા શહેરના મેઈન બજારમા ખુબજ ભીડ રહેતી હોઈ વાહન વ્યવહાર ખુબજ રહેતો હોઈ વરિષ્ટ નાગરીકો તથા રાહદારીઓને અવર જવર કરવામાં ખુબ તકલીફ પડે છે જાહેર જનતાના જાનમાલની સલામતી તથા અકસ્માત નિવારવા સલામતી જાળવવા ટ્રાફિક અને રાહદારીનું નિયમન કરવા બંદોબસ્ત કરવાનું જરૂરી જણાય છે.

(૨) પોલીસ અધીક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી ધ્રાંગધ્રા શહેરના મેઈન બજારમા આવેલ શકિતગેટ પોલીસચોકી પાસે રીક્ષા પાર્કીંગ આપવામાં આવેલ છે. જે ટ્રાફીકને નડતર હોવાથી રીક્ષા પાર્કીંગ રદ કરવા અત્રેને દર્ખાસ્ત કરવામાં આવતા તા. ૧૫-૦૬-૨૦૧૫ ના રોજ ની માન. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠક મા શકિતગેટ પોલીસચોકી પાસે રીક્ષા પાર્કીંગ આપવામાં આવેલ છે. જે ટ્રાફીકને નડતર હોવાથી રીક્ષા પાર્કીંગ રદ કરવા ઠરાવવામાં આવેલ છે.

(૩) સબબ ઉપરની હકીકતે ટ્રાફીકની સમસ્યા ન સર્જાય તે માટે તથા જાહેર જનતાની જાનમાલની સલામતી તેમજ અકસ્માત નિવારવા પ્રવાસીઓની સગવડ જળવાય તથા રાહદારીનું નિયમન તથા બંદોબસ્ત કરવાનું મને જરૂરી જણાતા હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએએ આ જાહેરનામાથી શકિતગેટ પોલીસચોકી પાસે રીક્ષા પાર્કીંગ આપવામાં આવેલ છે. જે ટ્રાફીકને નડતર હોવાથી રીક્ષા પાર્કીંગ રદ કરવા આથી ફરમાવું છું.

(૪) આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધરણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે સપ્ટેમ્બર સને-૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વન-વે/જાહેરનામું-૨૦૧૫/વશી-૬૭૨૦.

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની વસ્તી દિન-પ્રતિદિન વધતા સુરેન્દ્રનગરના વાદીપરા (બાબુભાઈ રાણપુરા ચોક) થી જિલ્લા પુસ્તકાલય ફુવારા સુધીના રોડ ઉપર મોટા પ્રમાણમાં હોસ્પિટલો શોપીંગ સેંટરો દુકાનો તથા સ્કુલો આવેલ હોઈ જાહેર જનતાના જાનમાલની સલામતી તથા અકસ્માત નિવારવા સલામતી જાળવવા ટ્રાફિક અને રાહદારીનું નિયમન કરવા બંદોબસ્ત કરવાનું જરૂરી જણાય છે.

(૨) મલ્હાર ચોક થી પાણીની ટાંકી વાળા રોડ ઉપર મોટા પ્રમાણમાં હોસ્પિટલો શોપીંગ સેંટરો દુકાનો તથા સ્કુલો આવેલ હોઈ જાહેર જાહેર જનતાના જાનમાલની સલામતી તથા અકસ્માત નિવારવા સલામતી જાળવવા, ટ્રાફિક અને રાહદારીનું નિયમન કરવાનું જરૂરી જણાય છે.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી ઉપર મુજબ દર્શાવેલ બન્ને રોડ એક માર્ગીય કરવા અત્રેને દર્ખાસ્ત કરવામાં આવતા તા. ૧૫-૦૬-૨૦૧૫ ના રોજ ની માન. જિલ્લા

મેજીસ્ટ્રેટશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમા બન્ને રોડને એક માર્ગીય જાહેર કરવા ઠરાવવામાં આવેલ છે.

(૪) સબબ ઉપરની હકીકતે ટ્રાફીકની સમસ્યા ન સર્જાય તે માટે તથા જાહેર જનતાની જાનમાલની સલામતી તેમજ અકસ્માત નિવારવા, પ્રવાસીઓની સગવડ જળવાય તથા રાહદારીનું નિયમન તથા બંદોબસ્ત કરવાનું મને જરુરી જણાતા હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએએ આ જાહેરનામાથી (૧) સુરેન્દ્રનગરના વાદીપરા (બાબુભાઈ રાણપુરા ચોક) થી જિલ્લા પુસ્તકાલય ફુવારા સુધીનાં રોડ (૨) મલ્હાર ચોક થી પાણીની ટાંકી વાળા રોડ ઉપરનો વાહનવ્યવહાર નીચે મુજબનો ફેરફાર કરવા આથી ફરમાવું છું.

(૧) જિલ્લા પુસ્તકાલય (ફુવારા) થી વાદીપરા ચોક સુધીના રોડ ઉપર જિલ્લા પુસ્તકાલય (ફુવારા) પાસેના રોડથી વાહન ચાલક પ્રવેશ મેળવી શકશે પરંતુ વાદીપરાચોક થી કોઈ પણ પ્રકારનુ વાહન પ્રવેશ કરી શકશે નહી (સમય સવારના ૯-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી સંપુર્ણ એક માર્ગીય રહેશે.)

(૨) મલ્હાર ચોક થી પાણીની ટાંકી વાળા રોડ ઉપર મલ્હારચોક થી વાહનચાલક પ્રવેશ મેળવી શકશે પરંતુ પાણીની ટાંકી પાસેથી કોઈ વાહન પ્રવેશી નહી (સમય સવારના ૯-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી સંપુર્ણ એક માર્ગીય રહેશે.)

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૧૪ માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./અન.અધિ.વ્યકિત પ્રવેશ/જાહેરનામું/૨૬૮૮/૨૦૧૫.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં, આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ મહાનગર પાલીકાની કચેરી તથા મહાનગર પાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી જુદી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલા બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** મુંબઈ પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબની મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ મહાનગર પાલીકાની કચેરી તથા રાજકોટ મહાનગર પાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૧૦-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૧૧-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬-૦૯-૨૦૧૫ના રોજ મેં મારી સહી તથા સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૨૬૯૧/૨૦૧૫.- રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મીક, સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલો, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ થાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે તથા રાત્રીના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો પર પ્રતિબંધ મુકવા સારૂ હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો :

(૧) રાજકોટ શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર પ્રતિબંધ.

(૨) રાજકોટ શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યકતી ઉપર ફેંકવા ઉપર પ્રતિબંધ.

(૩) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ વાગ્યા સુધી ફટાકડા/દારૂખાનુ ફોડવા ઉપર પ્રતિબંધ.

(૪) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા/દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ.

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૧૦-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૧૧-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી

જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૬૯૩/૨૦૧૫.-રાજકોટ શહેરમાં આંતકવાદી તત્વો, રાષ્ટ્ર વિરોધી તત્વો, તથા અસામાજીક તત્વો પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતાં હોવાનું સામાન્ય બની જાય અને ઘણીવાર આવા ગેરકાનુની તત્વો રાજકોટ શહેર બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઈંધણ પુરાવવા માટે પેટ્રોલ પંપો ઉપર જાય છે આથી નાગરીકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગ રૂપે રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તા વાળા રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરામાં પેટ્રોલ પંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઈવર તથા બાજુની સીટ પર બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઈ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સી.સી.ટી.વી. કુટેજમાં સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે તેમજ આ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડીંગ ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભોકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે.

(૫) પેટ્રોલ પંપ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પુર્વક સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હિલચાલ સી.સી.ટી.વી. કેમેરામાં કવરેજ લઈ શકાય.

(૬) નવા શરૂ થતાં પેટ્રોલ પંપ/ડીઝલ પંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમય ગાળો :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૧૦-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૧૧-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞાપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬ માહે સપ્ટેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૨૬૯૦/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન, તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં કામ કરતાં ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમના શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરે જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેરની શાંતી અને સલામતી જાળવવા સારૂ, હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે રાખેલા હોય તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નં. ૧ અને ૨ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

મકાન માલીકનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ	નોકરી પર રાખેલ નોકર/વોચમેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

અ. નં.	વિગત		
૧	મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા મોબાઈલ નંબર	:	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ તથા ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું તથા મો. નં.	:	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું તથા મોબાઈલ નંબર	:	
૪	નોકરને નોકરી પર રાખ્યાની તારીખ	:	
૫	કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામુ તથા મોબાઈલ નંબર	:	
૬	નોકરના બે થી ત્રણ સગા સબંધીના નામ તથા સરનામા અને મોબાઈલ નંબર		
૭	વોચમેન હથીયાર ધરાવતાં હોય તો તેના હથીયાર લાયસન્સની વિગત તથા માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:	

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૧૦-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૧૧-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિઘ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિઘ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિઘ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૬ સપ્ટેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૨૬૮૯/૨૦૧૫.-રાજકોટ શહેરમાં શાંતી અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના માણસો લાયસન્સ વાળા હથીયારો જાહેર જગ્યામાં લઈ ફરે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથીયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા હથીયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બીનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથીયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે તેમજ જે સ્થળે આવા સીકયુરીટી ગાર્ડ ફરજ બજાવતા હોય ત્યારે ફરજ દરમ્યાન કારખાના માલીકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સબંધી ગંભીર ગુન્હાઓ આચરે છે. આવા પરપ્રાંતીય હથીયાર ધારક બનાવટી લાયસન્સથી હથીયારો મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુન્હાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ, હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખાનગી સીકયુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તથા રાજકોટ શહેરની બહારના શહેર/જિલ્લાના સંચાલકોએ તેઓની કંપનીમાં બીનહથીયારી તથા હથીયારી પર પ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથીયારી ગાર્ડના હથીયાર લાયસન્સનું વેરીફીકેશનનું ઓસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટિશ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથીયારી ગાર્ડ તથા તેનું હથીયાર તથા લાયસન્સ જે તે સીકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલીકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નં. ૧ ની માહિતી નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે.

			સીકયુરીટી મેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
અ. નં.	**વિગત**		
૧	સીકયુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલીકનું સરનામું તથા ટેલીફોન નંબર	:	
૨	પરપ્રાંતીય સીકયુરીટી ગાર્ડ/હથીયારી/બીન હથીયારીના નામ તથા વતનનું સબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર	:	
૩	સીકયુરીટીગાર્ડ તથા હથીયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલી. નંબર	:	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:	

INDEX

૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:	
૬	હથીયાર તથા ગનમેનના લાયસન્સની વિગત તથા હથીયાર/ગનની વિગત		
૭	લાયસન્સ માન્ય 'એરીયા' તથા રીન્યુ તારીખ	:	

અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૧૦-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૧૧-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૬૯૨/૨૦૧૫.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમ વાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામુ પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વની પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનીની માત્રાના ધોરણોને નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ (DB(A)Leq	
		સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી	રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી
એ.	ઔદ્યોગીક	૭૫	૭૦
બી.	વાણીજ્ય	૬૫	૫૫
સી.	રહેણાંક	૫૫	૪૫
ડી.	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીના ફટાકડા ફુટવાના કારણે નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વની પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેપંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧-૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળોનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્ર જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે, જ તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બાહર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૧૦-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૧૧-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકની પાસે નજીકમાં આવેલખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનેકનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈન્સ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવાતો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

નોંધ :- ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દરવર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. આ જાહેરનામા હુકમના ભંગ બદલ ઈ.પી. કો. કલમ-૧૮૮ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

શીક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. ઈન્ટાસ ફાર્માસ્યુટીકલ્સ લિ., નોં. નં. ૨૪૦૭૩૩૦૧૪૨૮ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૨૪૪૪, તારીખ ૧૯-૦૬-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૧૬૩૩/૩૭, તા. ૨૩-૦૬-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૫૦૭૧/૯૦.-વાણિજ્યિકવેરા અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. ઈન્ટાસ ફાર્માસ્યુટીકલ્સ લિ., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૧૪૨૮ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૧૪૨૮ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૮૮૯૩૨૭૭, ૯૭૫૭૦૬૯, ૫૮૩૨૧૧૨, ૫૮૩૨૧૧૩, ૬૭૮૮૦૨૫, ૬૭૮૮૦૨૬ તથા ૬૭૮૮૦૨૭ કુલ-૭ (સાત) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C Form પાના નંગ-૦૭ (સાત) ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર "સી" ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. ઈન્ટાસ ફાર્માસ્યુટીકલ્સ લિ., ૨૪૦૭૩૩૦૧૪૨૮ ૨૪૫૭૩૩૦૧૪૨૮	વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ.	"C" Form No : ૮૮૯૩૨૭૭, ૯૭૫૭૦૬૯, ૫૮૩૨૧૧૨, ૫૮૩૨૧૧૩, ૬૭૮૮૦૨૫, ૬૭૮૮૦૨૬ તથા ૬૭૮૮૦૨૭	૦૭ (સાત) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. અનિલ કોટન કંપની, નોં. નં. ૨૪૦૭૧૩૦૧૩૨૨ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૩, અમદાવાદના પત્રાંક જા. ૪૧૦૩, તારીખ ૦૩-૦૯-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧ ના પત્રાંક : જા. ૨૫૨૮, તા. ૦૮-૦૯-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૪૮૫૫/૭૪.-વાણિજ્યિકવેરા અધિકારી (૨), ઘટક-૩, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. અનિલ કોટન કંપની, કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૧૩૦૧૩૨૨ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૧૩૦૧૩૨૨ ધરાવે છે. તેઓને ઈસ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૪૭૬૩૭૦૧ નંગ-૧ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કુલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. અનિલ કોટન કંપની ૨૪૦૭૧૩૦૧૩૨૨ ૨૪૫૭૧૩૦૧૩૨૨	વા. વે. અધિકારી (૨), ઘટક-૩, અમદાવાદ.	"C" Form No : ૪૭૬૩૭૦૧	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. બુલ્ટોન ટ્રેડીંગ કોર્પોરેશન, નોં. નં. ૨૪૦૭૩૯૦૩૪૮૦ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૧૦, અમદાવાદના પત્રાંક જા. ૧૭૯૨, તારીખ ૧૨-૦૬-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૧૧૦૬, તા. ૧૮-૦૬-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૫૦૦૯/૨૮.-વાણિજ્યિકવેરા અધિકારી (૪), ઘટક-૧૦, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. બુલ્ટોન ટ્રેડીંગ કોર્પોરેશન, કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૯૦૩૪૮૦ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૯૦૩૪૮૦ ધરાવે છે. તેઓને ઈસ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૬૬૦૮૩૮૬ થી ૬૬૦૮૩૯૦ નંગ-૫ (પાંચ) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C Form પાના નંગ-૦૫ (પાંચ) ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કુલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. બુલ્ટોન ટ્રેડીંગ કોર્પોરેશન, ૨૪૦૭૩૯૦૩૪૮૦ ૨૪૫૭૩૯૦૩૪૮૦	વા. વે. અધિકારી (૪), ઘટક-૧૦, અમદાવાદ.	"C" Form No : ૬૬૦૮૩૮૬ થી ૬૬૦૮૩૯૦	૦૫ (પાંચ) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

INDEX

વંચાણમાં લીધું :

(૧) મે. ન્યુટ્રોન સિસ્ટમ, નોં.નં. ૨૪૦૭૩૬૦૨૦૦૨ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૩), ઘટક-૫, અમદાવાદના પત્રાંક જા. ૭૫૭૯, તારીખ ૨૧-૦૮-૨૦૧૫.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૩૨૮૯/૯૦, તા. ૦૧-૦૯-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૪૯૪૯/૬૮.-વાણિજિયકવેરા અધિકારી (૩), ઘટક-૫, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. ન્યુટ્રોન સિસ્ટમ, કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૬૦૨૦૦૨ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૬૦૨૦૦૨ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૭૮૬૮૩૮૯ નંગ-૧ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C Form પાના નંગ-૦૧ (એક) ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. ન્યુટ્રોન સિસ્ટમ ૨૪૦૭૩૬૦૨૦૦૨ ૨૪૫૭૩૬૦૨૦૦૨	વા. વે. અધિકારી (૩), ઘટક-૫, અમદાવાદ.	"C" Form No : ૭૮૬૮૩૮૯	૦૧ (એક) "C" Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયક વેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ-૧૦/વડોદરા/પત્રક/૨૦૧૫-૧૬/જા.નં.-૮૦૨, તા. ૨૮-૦૮-૨૦૧૫.

(૨) વા.વે. અધિકારી (૨), ઘટક-૨, વડોદરાના પત્ર ક્રમાંક : વાવેઅ (૨)/અકર-૨/ધ-૨/જીએસીએલ/સી ફોર્મ/વડો./૨૦૧૫-૧૬, જા.નં.-૫૫૯૫/૯૬, તા. ૨૭-૦૮-૨૦૧૫.

(૩) મે. જી.એ.સી.એલ. પી.ઓ. પેટ્રોકેમિકલ્સ, જિ. વડોદરા કેન્દ્રીય નો.નં.-૨૪૬૯૧૯૦૦૦૨૮, ટીન નોં.નં.-૨૪૧૯૧૯૦૦૦૨૮, તા. ૧૧-૦૮-૨૦૧૫ ની અરજી.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ-૧/વિ-૫/વડદ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૪૧૪૬/૭૧.-વા.વે.અધિકારી-(૨), ઘટક-૨, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારીશ્રી મે. જી.એ.સી.એલ. પી.ઓ. પેટ્રોકેમિકલ્સ, જિ. વડોદરા કેન્દ્રીય નો.નં.-૨૪૬૯૧૯૦૦૦૨૮, ટીન નોં.નં.-૨૪૧૯૧૯૦૦૦૨૮ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી. ફોર્મ પૈકી દર્શાવેલ નીચે મુજબના સી. ફોર્મ નંગ-૧૧ અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા ક્રમાંક-(૩) અન્વયે સી ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાએ વંચાણે લીધા ક્રમાંક-(૧) દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વા.વે. અધિકારી (૨), ઘટક-૨, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૨) સંદર્ભે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના સી. ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ	નોંધણી નંબર	રદ કરવાના સી ફોર્મ નંબર	રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
૧	મે. જી.એ.સી.એલ. પી.ઓ. પેટ્રોકેમિકલ્સ	કેન્દ્રીય નો.નં.- ૨૪૬૯૧૯૦૦૦૨૮, ટીન નોં.નં. ૨૪૧૯૧૯૦૦૦૨૮	(૧) ૪૯૨૧૫૫૦ (૨) ૪૯૨૧૫૫૧ (૩) ૪૧૦૬૬૫૪ (૪) ૪૯૨૧૫૫૨ (૫) ૩૭૫૭૧૭૭ (૬) ૩૭૫૭૦૮૬ (૭) ૩૭૫૭૦૮૫ (૮) ૩૭૫૬૯૧૮ (૯) ૩૭૫૬૯૧૭ (૧૦) ૩૭૫૬૭૨૬ (૧૧) ૩૭૫૬૭૨૭	ખોવાઈ જવાથી	કુલ પાન-૧૧ (અગીયાર)

આથી હું, કે. એમ. પટેલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રિય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત ખોવાયેલ સી ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૨૮ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

કે. એમ. પટેલ,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૫, વડોદરા.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૪૭/૨૭૮૬/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી હિરાપર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. હિરાપર, તાલુકોઃ-અંજાર, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૩૦૧૦, તા. ૧૬-૦૯-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ધ/૧૫૯૬૯/૧૧૬૦/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી કિશાન ફળ અને શાકભાજી પ્રોસેસીંગ અને ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : નેસડા, તાલુકો : ઉના, જિલ્લો : ગીર સોમનાથ. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીરસોમનાથ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૯૯૯/૭૧૬૦/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કળમોદર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કમોદર, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૫૪/૨૦૧૫, તા. ૨૩-૦૯-૨૦૧૫.

ભાવનગર, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૦૦૮/૭૧૬૧/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કસાણ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કસાણ, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૫૫/૨૦૧૫, તા. ૨૩-૦૯-૨૦૧૫.

ભાવનગર, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૦૧૭/૭૧૬૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી લીમડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : લીમડા, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૫૬/૨૦૧૫, તા. ૨૩-૦૯-૨૦૧૫.

ભાવનગર, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ડૉ. એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૪૦/નં. આરજેટી:સે.-૪૪૫૮૩/ ૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી રિધ્ધી ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૧૫૨/૭૧૩૪/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી ગોવીંદબાગ કો-ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સા-૯૧૧૮/૨૦૧૫, તા. ૧૪-૦૯-૨૦૧૫.

ભાવનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૧૫૩/૭૦૪૮/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી હીમાલયા સ્કાયઝ કો-ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સા-૯૧૧૯/૨૦૧૫, તા. ૧૪-૦૯-૨૦૧૫.

ભાવનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

પી. બી. ખસીયા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
(હાઉસીંગ), સહકારી મંડળીઓ,
ભાવનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 15th OCTOBER, 2015/ASHVINA 23, 1937 No. 42

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	**PART - I - B**	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1069-1088	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1681-1720
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

Government Notifications, Orders Appointments, etc.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
Miscellaneous Notifications appointments etc.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

ક્રમાંકઃ એમએજી/સી/અનામત આંદોલન/૦૯/૨૦૧૫ (૧).-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/૪૯૫/૧૫, તા. ૧૯-૦૯-૨૦૧૫ થી જણાવેલ વિગતે, તા. ૨૫-૦૮-૨૦૧૫ના રોજ અમદાવાદ શહેરમાં પાટીદાર અનામત આંદોલન અનુસંધાને આયોજીત સભા તેમજ રેલીમાં કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ. જેના પ્રત્યાઘાતો સમગ્ર રાજયમાં અને જુનાગઢ જિલ્લામાં પણ પડેલ અને આજરોજ પાટીદાર અનામત આંદોલનના મુખ્ય આગેવાનશ્રી હાર્દિક પટેલની એકતા યાત્રા સંબંધે પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલ હોય, આવી પરિસ્થિતિમાં સોશ્યલ મીડીયાનું અસામાજીક તત્વો દ્વારા દુરઉપયોગ કરી અફવાઓનો પ્રવાહ ચાલુ કરેલ હોય જેને અટકાવવા કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તેમજ જુનાગઢ જિલ્લાની આમ પ્રજાની જાહેર સલામતી માટે તા. ૧૯-૦૯-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ થી તા. ૨૧-૦૯-૨૦૧૫ ના રોજ કલાક ૧૨-૦૦ દરમ્યાન જુનાગઢ જિલ્લા વિસ્તારમાં મોબાઈલમાં ઈન્ટરનેટ સેવા આપતી કંપનીઓ દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ (લેન્ડ લાઈન, બ્રોડ બેન્ડ સિવાય) સેવા બંધ કરવા તેમજ મોબાઈલ ફોન પર ગ્રુપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ.ની સુવિધા મોબાઈલ સેવા આપતી કંપનીએ ગ્રાહકોને પુરી પાડી શકે નહી તે મતલબનું જાહેરનામુ બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે.

પાટીદાર અનામત આંદોલન સંબંધે લોકોમાં સોશ્યલ મીડીયા તથા ઈન્ટરનેટ મારફત અફવાઓ ફેલાવતા સંદેશાઓ અટકાવવા, લોકોને ગેરમાર્ગે દોરતા ગ્રુપ એસ.એમ.એસ., એમ.એમ.એસનો દુરપયોગ અટકાવવા, પોલીસ અધિશ્રકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ દરખાસ્ત મને વ્યાજબી જણાયેલ છે.

સબબ, હુ, **આલોક કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ પ્રતિબંધ ફરમાવુ છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૯-૦૯-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ થી તા. ૨૧-૦૯-૨૦૧૫ ના રોજ કલાક ૧૨-૦૦ દરમ્યાન તમામ મોબાઈલ પ્રોવાઈડર દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ સર્વિસ (લેન્ડ લાઈન, બ્રોડ બેન્ડ સિવાય) બંધ કરવાની રહેશે તેમજ મોબાઈલ ફોન પર ગ્રુપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ.ની સુવિધા પણ ગ્રાહકોને પુરી પાડી શકશે નહી.

આ હુકમ જુનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં તા. ૧૯-૦૯-૨૦૧૫ ના રોજ કલાક ૧૨ : ૦૦ થી તા. ૨૧-૦૯-૨૦૧૫ કલાક ૧૨ : ૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ બિન જામીનલાયક ગુન્હો છે. જેથી કોઈપણ ઈસમ આ હુકમનો ઉલ્લંઘન કરશે નહી. તમામને વ્યકિતગત રીતે નોટિસ બજવણી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા સારૂ હું ફરમાવું છું.

આજ તા. ૧૯ માહે સપ્ટેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

આલોક કુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૩૦૯/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારોની ઉજવણી થનાર હોય, પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજીક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૨૮-૦૯-૨૦૧૫ના રોજ કરેલ છે.

INDEX

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૩૦-૦૯-૨૦૧૫ થી તા. ૧૪-૧૦-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૩૦-૦૯-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૨૩૯/૨૦૧૫.-Dy. Commandant, Gunnery Officer, ICGAE Porbandar, Near Civil Aerodrome, Porbandar ના પત્ર ક્રમાંક : જીયુએન/૩૧૧, તા. ૨૨-૦૯-૨૦૧૫ ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૨૮-૦૯-૨૦૧૫, તથા તા. ૨૯-૦૯-૨૦૧૫ ના રોજ સવારના ૭.૦૦ થી સાંજના ૧૪.૦૦ કલાક સુધી ફાયરીંગ કરવાનું હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૮-૦૯-૨૦૧૫ તથા તા. ૨૯-૦૯-૨૦૧૫ ના રોજ સવારના ૭.૦૦ કલાકથી સાંજના ૧૪.૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે–૧ ફર્લાંગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાંગ ઉત્તર ભાગે–૩ ફર્લાંગ, દક્ષિણ ભાગે–૧ ફર્લાંગ અને ત્યાંથી દરીયામાં ૫(પાંચ) કિ.મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યકિતગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૨૩-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૯૦૨૮ થી ૯૦૭૮/૨૦૧૫.-(૧) આગામી દિવસો દરમ્યાન ગણેશ ચતુર્થી તથા બકરી ઈદના તહેવાર આવતો હોય તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા પેટા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૬-૦૯-૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, **તારીખ : ૧૬-૦૯-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા, મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા લાઉડસ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૧૪ મી સપ્ટેમ્બર–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭/(૧)(બી)૯/૨૦૧૫.-આસો નવરાત્રિ પર્વ તા. ૧૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૧-૧૦-૨૦૧૫ દરમ્યાન તથા તા. ૨૨-૧૦-૨૦૧૫ ના રોજ દશેરા તહેવાર ઉજવવામાં આવનાર છે. આ પર્વ દરમ્યાન જિલ્લાનાં તથા જિલ્લા બહારથી શ્રદ્ધાળુઓ પગે ચાલીને માતાના મઢ ખાતે દર્શનાર્થે જાય છે. આ પદયાત્રિઓ ભુજથી દેશલપર, નખત્રાણા, મથલ, રવાપર થઈ માતાના મઢ જાય છે અને હજારોની સંખ્યામાં પદયાત્રિઓ માટે નાની નાની રીક્ષાઓ, ટેક્ષીઓ, મેટાડોર જેવા વાહનો પણ સેવા માટે આ રસ્તા પરથી સતત અવર-જવર કરતા હોય છે. આ સમય દરમ્યાન માતાના મઢ મધ્યે મોટો મેળો યોજાયો હોઈ મોટી સંખ્યામાં એસ. ટી. બસો પણ અવરજવર કરે છે. આ ઉપરાંત રસ્તા પરથી પ્રાઈવેટ લકઝરી બસો, લિગ્નાઈટ ટ્રકો જેવા વાહનો અવર-જવર કરતા હોઈ પદયાત્રિઓને મુશ્કેલી પડે છે અને ટ્રાફિક નિયમન કરવું જરૂરી બને છે. જેથી નીચે જણાવેલ ભારે વાહનોની અવર-જવર માટે રસ્તો એકમાર્ગીય કરવાનું ઈષ્ટ જણાય છે.

જેથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૫-૧૦-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી આ નીચે અનુસુચિમાં દર્શાવેલ મુજબ માતાનાં મઢનો રસ્તો સદરહુ તારીખો દરમ્યાન વાહનો લઈ જવા માટે એકમાર્ગીય કરવાનું ફરમાવું છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં વાહનોની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ : -

સાંઘી અને જે. પી. સીમેંટ કંપની તરફ આવતા જતા વાહનો તથા ભારે વાહનો માટે

સાંઘી અને જેપી સીમેંટ લખપતમાં આવતી જતી ટ્રકોને તથા ભારે વાહનોએ લખપત તરફથી આવતા જતા ભારે વાહનો દેશલપર (વાંઢાય)થી નખત્રાણા, મંગવાણા, મોથાળા, નલીયા માર્ગ તરફ અવર જવર કરી શકશે.

લીફરી લિગ્નાઈટ ખાણ ખાતે અવર જવર કરતા ભારે વાહનો.

લીફરી લિગ્નાઈટ ખાણ (માતાના મઢ પાસે)માં અવર-જવર કરતા ભારે વાહનો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૨૦-૦૦ કલાકના સમય દરમ્યાન લિગ્નાઈટ ખાણ સુધી અવર-જવર કરી શકશે અને તે સિવાયના સમયમાં એટલે કે સાંજના ૨૦-૦૦ કલાક થી સવારના ૧૧-૦૦ કલાક સુધી અવર જવર બંધ રહેશે.

નખત્રાણાથી પાનધ્રો તરફ જતા વાહનો માટે

ટ્રકો/ભારે વાહનો/અન્ય વાહનો નખત્રાણા, ટોડીયા ફાટક, ટોડીયા, નેત્રા, રવાપર, ઘડાણી, પાનેલી, નારાયણ સરોવર વાળા હાઈવે માર્ગ ઉપરથી પસાર થશે, જ્યારે આજ રૂટથી પાનધ્રોથી નખત્રાણા તરફ જઈ શકશે.

લીફરી લિગ્નાઈટ ખાણ માટે નો પાર્કીંગ ઝોન

લીફરી ખાણ મેઈન ગેટથી બન્ને તરફ એક એક કી. મી. સુધીના વિસ્તારને ''નો પાર્કીંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે. ત્યાં કોઈ વાહનો પાર્ક કરવાના રહેશે નહીં.

માતાના મઢ-નખત્રાણા-ભુજ તરફ જતા વાહનો

એસ.ટી. બસો તથા પ્રવાસી બસો નખત્રાણા, મથલ, રવાપર, માતાના મઢવાળા હાઈવે માર્ગ ઉપરથી પસાર થશે. જયારે આજ રૂટ થઈને ભુજ-નખત્રાણા-માતાના મઢ તરફ જઈ શકશે.

ઉપરોકત જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુકિત આપવામાં આવે છે.

- પોલિસ ખાતાના ફરજ પરનાં ભારે વાહનો.
- પોલિસ અધિક્ષકશ્રીના આદેશ અનુસાર કે સ્થળ પરના સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ વાહનો.

આજ રોજ તા. ૩૦-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

ભુજ-કચ્છ, ૩૦ માહે સપ્ટેમબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૩/(૧)(બી)/૯/૨૦૧૫.-આસો નવરાત્રિ પર્વ તા. ૧૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૧-૧૦-૨૦૧૫ દરમ્યાન તથા તા. ૨૨-૧૦-૨૦૧૫ ના રોજ દશેરા તહેવાર ઉજવવામાં આવનાર છે. આ પર્વ દરમ્યાન જિલ્લાનાં તથા જિલ્લા બહારથી શ્રધ્ધાળુઓ પગે ચાલીને માતાનામઢ ખાતે દર્શનાર્થે જાય છે. આ પદયાત્રિઓ ભુજ થી દેશલપર, નખત્રાણા, મથલ, રવાપર, થઈ માતાના મઢ જાય છે અને હજારોની સંખ્યામાં પદયાત્રિઓ માટે નાની રીક્ષાઓ, ટેક્ષીઓ, મેટાડોર જેવા વાહનો પણ સેવા માટે આ રસ્તા પરથી સતત અવર-જવર કરતા હોય છે અને આ પદયાત્રીઓ માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા જિલ્લામાં સામખીયાળીથી માતાના મઢ સુધી સેવા માટેના કેમ્પો રોડની બન્ને બાજુએ નાખવામાં આવે છે. આ સેવા કેમ્પો તા. ૦૫-૧૦-૨૦૧૫ થી ખોલવામાં આવે તેવી સંભાવના છે. જેથી પદયાત્રીઓના માર્ગમાં કોઈ અડચણ કે મુશ્કેલીઓ ઉભી ન થાય તે આશયથી અને માર્ગમાં ટ્રાફીક નિયંત્રણ જળવાય રહે તે માટે ટ્રાફીક નિયમન કરવું જરૂરી બને છે.

જેથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૦૫-૧૦-૨૦૧૫ ના સવારે ૬-૦૦ કલાકથી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી નીચે અનુસુચિમાં જણાવેલ વિગતો સંબંધિત કેમ્પ સંચાલકોએ અમલ કરવી.

અનુસૂચિ

સામખીયાળી થી માતાના મઢ સુધી પદયાત્રીઓ માટે જિલ્લા બહારના જે સંસ્થાઓ તરફથી રસ્તાની સાઈડે કેમ્પ રાખવામાં આવે છે તેઓએ નીચેની વિગતો કેમ્પના સ્થળે રાખવાની રહેશે. તેમજ સંબંધીત નજીકના પોલીસ સ્ટેશને તેની જાણ કરવાની રહેશે.

- સેવાભાવી સંસ્થાનું નામ, સરનામું, ટેલીફોન નં./મોબાઈલ નં.
- કેમ્પનું સ્થળ અને કેમ્પનો હેતુ

○ કેમ્પના મુખ્ય સંચાલકો/આયોજકોના નામ, સરનામા, ટેલીફોન નં./મોબાઈલ નં.

○ કેમ્પમાં સેવા આપનાર સ્વયં સેવકોના નામ, સરનામા, ટેલીફોન નં./મોબાઈલ નં.

○ કેમ્પમાં કોઈ ચીજ વસ્તુ/ખાદ્ય પદાર્થ વિતરણ કરવાના છે કે કેમ ? જો હા તો તેની સંપૂર્ણ વિગત, પ્રતિબંધીત ખાદ્યપદાર્થનું વિતરણ કરી શકાશે નહીં.

○ કેમ્પ કેટલા દિવસ માટે લગાડવાનો છે તેની વિગત.

○ જે જગ્યાએ કેમ્પ લગાડવાના હોય તે જગ્યાએ લાઈટ રીફલેકટર રાખવા.

○ કેમ્પ આયોજકોએ સફાઈ માટે સ્વીપરની વ્યવસ્થા, કચરાપેટી માટેની જરૂરી વ્યવસ્થા કરવી.

○ યાત્રાળુઓ માટે શુદ્ધ પાણીનો ઉપયોગ કરવાનો રહેશે.

○ રસ્તા પર વધારાના સ્પીડબ્રેકર કે બમ્પ બનાવવાના રહેશે નહીં.

○ લાઉડ સ્પીકર વગાડવા માટે સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

○ પ્લાસ્ટીકના થેલીનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

○ કેમ્પના સંચાલકોએ જમીન માલિકની પરવાનગી મેળવી મંડપ વગેરે બાંધવાના રહેશે.

○ કેમ્પના સંચાલકોએ જાહેર રસ્તા કે મુખ્ય માર્ગ પર કોઈ અવરોધ ઉભા કરવાના રહેશે નહીં.

સેવા કેમ્પ પસાર થતાં માર્ગથી અંદરના ભાગે વાહન વ્યવહારને તેમજ રાહદારીઓ/પદયાત્રીઓને અડચણરૂપ ન થાય તે રીતે બાંધવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવી તેમજ જિલ્લાના તમામ વિસ્તારોમાં લહેલાઈથી દેખી વાંચી શકાય તેવી જગ્યાએ ચોંટાડીને કરવી.

આજ રોજ તા. ૩૦-૦૯-૨૦૧૫ ના મારી સહી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/જાહેરનામું/૩૭/(૧)૯/૨૦૧૫.-આસો નવરાત્રિ પર્વ તા. ૧૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૧-૧૦-૨૦૧૫ દરમ્યાન તથા તા. ૨૨-૧૦-૨૦૧૫ ના રોજ દશેરા તહેવાર ઉજવવામાં આવનાર છે. દરમ્યાન કચ્છ જિલ્લાના દયાપર પોલીસ સ્ટેશનના માતાના મઢ ખાતે આવેલ ''આશાપુરા માતાજી''ના મંદિરે નવરાત્રી દરમ્યાન દરરોજ મોટી સંખ્યામાં લોકો દર વર્ષે ભાગ લેવા આવે છે. જેના કારણે આ મંદિરમાં ખુબજ ભીડ થાય છે. વર્તમાન સમયમાં અગત્યનાં મંદિરોની સુરક્ષા નજરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી આ મંદિર સુકંલમાં નીચે મજબની વસ્તુઓ લઈ જવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૩-૧૦-૨૦૧૫ ના વહેલી સવારે ૬-૦૦ કલાકથી તા. ૨૨-૧૦-૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધી માતાનામઢ ખાતે આવેલ ''આશાપુરા માતાજી''ના મંદિરના સંકુલમાં નીચે જણાવેલ વસ્તુઓ લઈ જવાનું મનાઈ ફરમાવું છું.

મોબાઈલ, કેમેરા, શંકાસ્પદ વસ્તુઓ, શ્રીફળ.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

○ સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ વસ્તુ લઈ જવાની ફરજ હોય.

○ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલિસ અધિકારીએ જેને અધિકૃત કરેલ હોય અને તે લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

○ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિ.

અનુસૂચિ : ''માતાના મઢ ખાતે આવેલ આશાપુરા માતાજી''ના મંદિર સંકુલમાં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજ રોજ તા. ૩૦-૯-૨૦૧૫ ના મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)(ન)/૯/૨૦૧૫.-આસો નવરાત્રિ પર્વ તા. ૧૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૧-૧૦-૨૦૧૫ દરમ્યાન તથા તા. ૨૨-૧૦-૨૦૧૫ ના રોજ દશેરા તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમ્યાન શહેરી વિસ્તારોમાં જિલ્લા બહારથી, રાજ્ય બહારથી જાણીતા ઓરકેસ્ટ્રા ગ્રુપોને બોલાવી એન્ટ્રી પાસ રાખી અથવા આમંત્રણ પત્ર છપાવી અને કોમર્શીયલ પ્રકારના સ્પર્ધાત્મક રાસગરબાના કાર્યક્રમો મોટા પાયે આયોજન થતું હોય છે. જેથી આવા મોટા પાયે કોમર્શીયલ અને સાર્વજનિક રીતે યોજવામાં આવતાં દાંડીયા રાસ, ગરબા, મ્યુઝીકલ નાઈટના કાર્યક્રમ યોજતી સંસ્થાઓએ હાલની સલામતીની પરિસ્થિતીની દ્રષ્ટિએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તથા એકત્રીત માનવ મેદની વગેરે બાબતે ચોકસાઈ અને તકેદારી રાખી શકાય તે માટે અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં કોમર્શીયલ રીતે સ્પર્ધાત્મક ગરબાઓના ટીકીટો કે એન્ટ્રી પાસ સીસ્ટમથી યોજતી સંસ્થા/વ્યક્તિઓને નીચેની વિગતે અમલ કરવા ફરમાવવું જરૂરી જણાય છે.

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩–૧ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવં છું કે તા. ૧૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી અનુસૂચિમાં જણાવેલ વિગતોએ અમલ કરવા માટે ફરમાવું છું.

અનુસૂચિ :

○ તમામ પ્રકારના ગરબાઓ મોડામાં મોડા રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી જ ચાલુ રાખી શકાશે.

○ દરેક સંસ્થા/વ્યક્તિ તે સ્થળ અંગેનું પરફોર્મન્સ પ્રિમાઈસીસ લાયસન્સ નિયમાનુસાર મેળવી સ્થાનિકે રાખવાનું રહેશે.

○ સંબંધીત અધિકારીશ્રી પાસે લાઉડ સ્પીકર વગાડવાની નિયમાનુસારની મંજુરી મેળવી લેવાની રહેશે.

○ ઈલેકટ્રીક અંગેના કનેક્શનો સંબંધીત ઓથોરીટી પાસેથી મેળવી લેવાના રહેશે.

○ દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર ડોરફ્રેમ મેટલ ડીરેકટર રાખવાના રહેશે.

○ દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર તથા પાર્કિંગની જગ્યાએ સી.સી. ટીવી કેમેરા ગોઠવવાના રહેશે.

○ કાર્યક્રમમાં અવર જવરનું રેકોર્ડીંગ (વિડિયોગ્રાફી) કરવાનું રહેશે અને કરેલ રેકોર્ડીંગની સીડી પોલીસ કંટ્રોલરૂમને આપવાની રહેશે.

○ પાર્કિંગ માટે પુરતી વ્યવસ્થા રાખવાની રહેશે.

○ સિક્યુરીટી માણસો સલામતી માટે રાખવાના રહેશે.

○ ગરબીના આયોજકોએ તેઓની સંસ્થાનું નામ, મંડળનું નામ, આયોજકનું નામ-મોબાઈલ નંબર તથા અન્ય કાર્યકરોની સંપુર્ણ વિગતો સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૦-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૦૯/૧૫.-ઓકટોબર-૨૦૧૫ માસમાં કચ્છ જિલ્લામાં ગાંધી જયંતિ, નવરાત્રી, દશેરા, મહોરમ, શરદ પૂનમ જેવા તહેવારોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૨-૧૦-૨૦૧૫ થી તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા કે તૈયાર કરાવવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો

INDEX

અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ‘‘સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર’’

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૨૯-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/અનામત આંદોલન/૯/૨૦૧૫(૧).-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/૪૯૮/૧૫, તા. ૨૦-૦૯-૨૦૧૫ થી જણાવેલ વિગતે, તા. ૧૯-૦૯-૨૦૧૫ ના રોજ પાટીદાર આંદોલનના મુખ્ય આગેવાનશ્રી હાર્દિક પટેલની એકતા યાત્રા સંબંધે પોલીસ દ્વારા ઘરપકડ કરવામાં આવેલ હોય, આવી પરિસ્થિતિમાં સોશ્યલ મીડીયાનું અસામાજીક તત્વો દ્વારા દુરૂપયોગ કરી અફવાનો પ્રવાહ ચાલુ કરેલ હોય જેને અટકાવવા કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તા. ૧૯-૦૯-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ થી તા. ૨૧-૦૯-૨૦૧૫ ના રોજ કલાક ૧૨-૦૦ દરમ્યાન જુનાગઢ જિલ્લા વિસ્તારમાં મોબાઈલમાં ઈન્ટરનેટ સેવા આપતી કંપનીઓ દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ (લેન્ડ લાઈન, બ્રોડ બેન્ડ સિવાય) સેવા બંધ કરવા તેમજ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસની સુવિધા બંધ કરવાનું જાહેરનામું પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની દરખાસ્ત વિચારણામાં લઈ આ કચેરીના સરખા ક્રમાંકથી તા. ૧૯-૦૯-૨૦૧૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પરંતુ હાલમાં જુનાગઢ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અનામત આંદોલન સબબ કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામેલ ન હોય અને એકંદર શાંતિ રહેલ હોય જેથી ૨-જી, ૩-જી ઈન્ટરનેટ સેવા તેમજ મોબાઈલ ફોન પર ગ્રુપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ.ની સુવિધા તા. ૨૦-૦૯-૨૦૧૫ ના કલાક ૧૮-૦૦ થી પુનઃ ચાલુ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તમાં પત્રમાં રજુ થયેલ કારણો ધ્યાને લેતા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ દરખાસ્ત મને વ્યાજબી જણાયેલ છે.

સબબ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, આ કચેરીના તા. ૧૯-૦૯-૨૦૧૫ ના જાહેરનામાથી સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૯-૦૯-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ થી તા. ૨૧-૦૯-૨૦૧૫ ના રોજ કલાક ૧૨-૦૦ સુધી તમામ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર દ્વારા ૨-જી, ૩-જી ઈન્ટરનેટ (લેન્ડ લાઈન, બ્રોડ બેન્ડ સિવાય) બંધ કરવાના કરેલ આદેશો સંબંધે પુનઃવિચારણા કરતા, તા. ૨૦-૦૯-૨૦૧૫ ના રોજ કલાક ૧૮-૦૦ થી બંધ કરેલ સદરહુ સેવા પુનઃ ચાલુ કરવી.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમા સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા સારૂ હું ફરમાવું છું.

આજ તારીખઃ ૨૦ માહે સપ્ટેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૭૨૩/૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ એસઓજી/શોપીંગ મોલ/જાહેરનામું/૪૯૧/૧૫, તા. ૧૮-૦૯-૨૦૧૫ થી સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/કઅસ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮-૧૦-૨૦૧૩થી મળેલ સુચના અન્વયે જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ પર સુરક્ષા જાળવવાના હેતુસર શોપીંગ મોલના એન્ટ્રી ગેટ પર, એકઝીટ ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, વાહનો તથા તેમાં આવતી વ્યકિતઓનું ચેકીંગ કરવા ખાનગી સીકયુરીટી ગોઠવવા વિ. મુદે વ્યવસ્થા કરવા સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત રજુ થયેલ છે.

લોકોની સુરક્ષા જાળવવા માટે રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલના માલીકે,

(૧) શોપીંગ મોલની એન્ટ્રી ગેઈટ તથા એકઝીટ ગેઈટ અને મોલના પાછળના વિસ્તારમાં આવેલ દરેક ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫ દિવસ સુધી રાખવો.

(૨) મોલની અંદર દાખલ થતાં તમામ પ્રકારના વાહનો તથા વાહનોમાં બેઠેલ પ્રત્યેક વ્યક્તિનું સંપુર્ણપણે ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવી.

(૩) મોલમાં આવતાં તમામ પ્રકારના માલ-સામાન (ગુડસ)નું ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરી, પ્રતિબંધિત માલ સામગ્રી, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી, તેની તકેદારી રાખવી.

(૪) મોલના માલીકે પોતાના ખર્ચે જુનાગઢ જિલ્લાના સીકયુરીટી એજન્સી ચલાવવા માટે લાયસન્સ ધરાવતી હોય, તેવી અધિકૃત સીકયુરીટીના તાલીમબધ્ધ સીકયુરીટી ૨૪ કલાક (રાઉન્ડ ધ કલોક) રાખવા વ્યવસ્થા કરવાની રહેશે. મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નેફર ડોગ મારફતે ઉભી કરવાની પણ મોલના માલીકે કાયમી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૫) મોલની માલીકી બદલાય તે વખતે થયેલ ફેરફારની આધાર પુરાવા સહ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તથા સબંધિત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવાનું ધોરણ રાખવું.

આ હુકમ તા. ૨૩-૦૯-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૧ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૩૮૬૪/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢએ તેઓના પત્ર ક્રમાંકઃ સીબી-૨/બી/૧૪૦૩/૨૦૧૫, તા. ૨૩-૦૯-૨૦૧૫ થી તેઓના તાબાના પોલીસ કર્મચારીઓ તથા કમાન્ડો તથા અધિકારીશ્રીઓનુ પ્રથમ તબક્કાનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના ''બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે આગામી તા. ૨૫-૦૯-૨૦૧૫ થી તા. ૨૪-૧૦-૨૦૧૫ સુધીની મુદત માટે (બન્ને દિવસો સહિત) જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. ઉકત દરખાસ્ત સાથે નાયબ પોલીસ અધિક્ષકશ્રી અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના કચેરી હુકમ ક્રમાંક : સીબી-૩-એ/ફા.બ./૩૭૯૮/૧૫, તા. ૨૧-૦૯-૨૦૧૫ થી તેઓની સંસ્થા હસ્તકની બફેલ રેન્જ (ફાયરીંગ બટ) ફાળવ્યાના હુકમની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **તા. ૨૫-૦૯-૨૦૧૫ થી તા. ૨૪-૧૦-૨૦૧૫ ના દિન-૩૦ માટે સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.**

આજ તા. ૨૪, માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૭૨૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/જા.નામુ/મકાન/૪૯૦/૨૦૧૫, તા. ૧૮-૦૯-૨૦૧૫ ના પત્રથી ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે, તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત એ સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટોલીફોન/ મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામુ તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૧-૦૯-૨૦૧૫ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૧ માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૩૯૩૫૩/૨૦૧૫.-ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું, **એમ. એચ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર**, નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખપત્ર અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો	મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૧) મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ અંગેના રજિસ્ટર/રેકર્ડ સાચવવાની મુદત ૧ વર્ષની રહેશે.

(૨) કોમ્પ્યુટરાઈઝ રજિસ્ટર નિભાવી શકાશે પરતું તેનું નિયમિત બેકઅપ લેવાનું રહેશે.

(૩) મોબાઈલ-સીમકાર્ડની લે-વેચ થયેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા તથા આઈ.ડી. પ્રુફ લે-વેચ સમયે જ મેળવવાના રહેશે અને તેની અલાયદી ફાઈલ રાખવી જે ચેકીંગ સમયે બતાવવાની રહેશે અને મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ કર્યાની તારીખથી દિન-૧૫માં રજિસ્ટરમાં સંપૂર્ણ નોંધ કરી અદ્યતન રાખવાનું રહેશે.

(૪) શોપીંગ મોલમાં મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે.

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિ કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબજ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

INDEX

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત.
૧	૨	૩	૪	૫	૬

(૩) મકાન તથા ઓધોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ ખાનગી સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔધ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવા સારૂ ભાવનગર જિલ્લામાં મકાન, ઔધ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની રહેશે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સતા ધરાવતા વ્યકિતનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે?	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ/સરનામું.
૧	૨	૩	૪	૫	૬

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔધ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના રહેશે.

નં.	ગેસ્ટનું નામ સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

(૫) પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબતઃ-

ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અને આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં ગયેલ સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો મોટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉક્ત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી કેમેરા હોવા જરૂરી જણાતા હોય, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી. ટી.વી. કેમારાઓ લગાવવાના રહેશે.

સદરહું જાહેરનામું તા. ૨૯-૦૯-૨૦૧૫ થી ૨૭-૧૧-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ અંગેનું રેકર્ડ/માહિતી પોલીસ અધીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી દ્વારા સુચના મળયે રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૨૮-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

INDEX

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૩૮૭૬૮/૨૦૧૫.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે તા. ૦૬-૧૦-૨૦૧૫૪ના રોજ આસીસ્ટન્ટ કમાન્ડીંગ ઓફીસરશ્રી, સી.આઈ.એસ.એફ. યુનિટ, એરપોર્ટ, ભાવનગર દ્વારા ક્વાટર ફાયરીંગનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨–૧૯–૫૩ આરે માં આવેલ છે તે સ્થળની પરિફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલારૂપે જરૂરી જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. ૬૫/સીબી-૫/૫૦૬૪/૨૦૧૫, તા. ૧૯-૦૯-૨૦૧૫થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારની રૂઈએ હું, **એમ. એ. ચૌહાણ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨–૧૯–૫૩ આરેમાં આવેલ છે તે સ્થળ તથા તેની પરિફેરીથી આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તા. ૦૬-૧૦-૨૦૧૫ (દિવસ-૧)ના રોજ કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૯-૦૯-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૩૯૮૭૦/૨૦૧૫.-આગામી ઓકટોબર/નવેમ્બર-૨૦૧૫નાં માસ દરમિયાન તા. ૦૨-૧૦-૨૦૧૫નાં રોજ મહાત્મા ગાંધીજીનો જન્મદિન, તા. ૦૬-૧૦-૨૦૧૫નાં થી તા. ૦૭-૧૧-૨૦૧૫ દરમ્યાન ધોરણ ૧૦ તથા ૧૨ની પરીક્ષા, તા. ૧૩-૦૯-૨૦૧૫નાં રોજ નવરાત્રી પ્રારંભ અને મુસ્લીમ સમાજના મહોરમ પ્રારંભ, તા. ૨૨-૧૦-૨૦૧૫ના રોજ વિજયાદશમી (રાવણ દહન), તા. ૨૩/૨૪-૧૦-૨૦૧૫ના રોજ તાજીયા (મહોરમ), તા. ૨૬-૧૦-૨૦૧૫ના રોજ શરદપૂર્ણિમાં તથા તા. ૩૧-૧૦-૨૦૧૫ના રોજ સરદાર પટેલ જયંતિ અને ઈન્દીરા ગાંધી નિર્વાણ દિન વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે-ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **ચિરાગ ચાવડા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૩-૧૦-૨૦૧૫ થી તા. ૦૧-૧૧-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિ.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહિ.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :-

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૦૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ચિરાગ ચાવડા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૫/વશી-૭૨૬૬ થી ૭૩૬૫.-ગુપ્તચર સંસ્થાના વખતો-વખતના અહેવાલો તથા ભુતકાળમાં ત્રાસવાદીઓ/આતંકવાદીઓ/ કટ્ટરવાદી સંગઠનો દ્વારા જયાં લોકોની વધુ સંખ્યામાં અવર-જવર રહેતી હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલમિલકતોને નુકશાન કરવામાં આવે છે. સામાન્ય રીતે આવા ગંભીર ગુન્હાઓ આચરતા તત્વો/પરપ્રાંતીય ગેંગના સભ્યો પડોશી રાજ્યના બોર્ડર ધરાવતા જિલ્લાઓમાંથી આવતા હોય છે અને હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગો પર આવેલ હોટલોમાં રોકાતા હોય છે તથા ગુનો કરતી વેળાએ વાહનોનો ઉપયોગ કરતા હોય છે તેમજ ગુનો કર્યા બાદ હાઈવે પરના કે જિલ્લાના મુખ્ય રોડ પર આવેલ પેટ્રોલપંપ ઉપર પોતાના વાહનોમાં પેટ્રોલ/ડીઝલ ભરાવે છે તથા ગુનો કરવા આવે ત્યારે કે પરત જતી વેળાએ હાઈવે ઉપર ચા-નાસ્તો કરવા કે જમવા માટે હોટલ પર રોકાતા હોય છે અને પોતાની ત્રાસવાદી/અસામાજીક પ્રવૃતિને અંજામ આપી હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગોએથી વાહનો લઈ ભાગી જતા હોય આ પ્રકારના ગંભીર અનડીટેકટેડ ગુનાઓ આચરતા ગુનેગારને પકડવાનું કામ મુશ્કેલ બને છે.

જેથી અત્રેના જિલ્લા/શહેરમાં થતી ધાડ, લુંટ અને ચોરીના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા, લોકોના જાનમાલની રક્ષા તેમજ તેમને સુરક્ષા પુરી પાડવા તથા ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે, ગુનો ડીટેકટ કરવામાં સરળતા રહે અને ગુનેગારોની વિરૂધ્ધમાં સબળ પુરાવો કોર્ટ સમક્ષ રજુ કરી શકાય તે હેતુથી અત્રેના જિલ્લા/શહેરમાં આવેલ હાઈવે ઉપરના તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા અને રહેવા-જમવાની સગવડ હોય તેવી તમામ મોટી હોટલો તથા ગેસ્ટહાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ નીચે જણાવેલ પ્રમાણે રાખવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૨-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જા.પ્ર./૭૦૩/૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) જ્યારે કોઈ વ્યક્તિ હોટલ પર ચા-નાસ્તો કરવા કે જમવા આવે ત્યારે ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે કેમેરા ગોઠવવા તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તથા હોટલમાં આવતી-જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) હાઈવે ઉપર આવેલ પેટ્રોલપંપના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) હાઈવે પર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતા-જતા દરેક વાહનોના નંબર દેખાય તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તે પ્રકારના ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા હોવા જોઈએ.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જિલ્લા/શહેરમાં ચોરી, લુટફાટ અને આંતકવાદી બનાવો બનતા અટકાવવા, જાહેર જનતાની જાનમાલ (મિલકત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ ઉપરોક્ત વિગતની દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લામાં અમુક નિયંત્રણો/સુચનો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર**, મને મળેલ અધિકારની

રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ હોટલ/રેસ્ટોરંટો કે જ્યા ચા-પાણી, નાસ્તા, ભોજન અને રહેણાંકની સુવિધા હોય, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા શોપીંગ મોલ/કોમ્પ્લેક્ષ, સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલ, સરકારી રેસ્ટ હાઉસ, જ્યાં મુસાફરોને રોકાવવાની સગવડ પુરી પાડવામાં આવતી હોય તે તમામ ધર્મશાળા/કલબો/મુસાફિરખાના/બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશનોમાં પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ એ પ્રકારે રાખવા કે જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે. તેમજ આ કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તેવી ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે મુજબની વ્યવસ્થાવાળા રાખવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૬-૧૦-૨૦૧૫ થી તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/વશી-૭૩૬૬ થી ૭૪૬૫/૨૦૧૫.-હાલે રાજ્ય બહારની ગેંગ તથા અસામાજીક તત્વો દ્વારા રાજ્યમાં આવેલા સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ (સોની) દુકાનોમાં ધાડ/લુંટ કરવાનાં ગુનાઓ દિન-પ્રતિદિન વધી રહેલ છે. તેમજ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ(સોની)દુકાનોમાં ગ્રાહકો સોનાની ખરીદી કરીને જતાં હોય ત્યારે તેમના પર હુમલો કરી સોનાની લુંટ કરવાના બનાવો બનતા હોય છે. જેથી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ(સોની) દુકાનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા-જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે લગાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રીના તા. ૦૨-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૭૦૨/૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

તેમજ અસામાજીક તત્વો દ્વારા દેશમાં અને રાજ્યમાં આવેલી જુદી જુદી બેંકોમાં ધાડ/લુંટ કરવાના અને એ.ટી.એમ. મશીનો તોડી અથવા આખા એ.ટી.એમ. ઉઠાવી જવાની પ્રવૃતીના ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તથા બેંકોમાંથી ગ્રાહક પૈસા ઉપાડી નીકળતા હોય છે ત્યારે બેંકોમાં અને બેંકોની બહાર ખીસ્સા કાપવાના બનાવો બનતા હોય છે. જાથી પોલીસ અધિક્ષકશ્રીના તા.૦૨-૦૯-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૭૦૫/૨૦૧૫ થી બેંકો અને એ.ટી.એમ. મશીનના ધાડ/લુટ/ચોરી અંગેના ગુના બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા માટે સહાયક પુરાવા તરીકે સી.સી.ટીવી. કેમેરા લગાવવા તથા સીક્યુરીટી ગાર્ડ રાખવા અતિ આવશ્યક જણાતુ હોવાથી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની બહાર તેમજ અંદરના ભાગે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે ગોઠવવામાં તેમજ તમામ એ.ટી.એમ. મશીનોના કેબીનોમાં ફરજીયાત સીક્યુરીટી ગાર્ડ મુકવા અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જિલ્લા/શહેરમાં ચોરી, લુંટફાટ અને આંતકવાદી બનવો બનતા અટકાવવા, જાહેર જનતાની તથા સરકારી જાનમાલ (મિલકત) ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જાળવવા જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિકક્ષકશ્રી, સુરેન્દ્રમગર તરફથી કરવામાં આવેલી ઉપરોક્ત દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લામાં અમુક નિયંત્રણો / સુચનો અમલમાં મુંકવાનું મને જરૂર જણાય છે.

વાસ્તે હું **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** મને મળેલ અધિકારની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી. આર.પી.સી.) સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ (સોની) દુકાનો તથા તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતો દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા ઉચ્ચ ગુણવતાવાળા સી.સી.ટી.વી. કેમેરા અને તેમાં ૧૫ દિવસ સુધી રોકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં **તા. ૦૬-૧૦-૨૦૧૫ થી તા.૩૧-૧૦-૨૦૧૫ સુધી (બન્ને તારીખો સહિત)** ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાં નો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/મકાન ભાડા જાહેરનામું/૨૦૧૪/વશી-૭૧૬૬ થી ૭૨૬૫.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી મોટી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચાડે છે અને આ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી/અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. તકેદારીના ભાગ રૂપે ભાડેથી મકાન આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર થોડા-ઘણા અંશે નિયંત્રણ મુકવાનું હાલના સંજોગોમાં જરૂરી બની ગયેલ હોય પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૭૦૪/૨૦૧૫, તા. ૦૨-૦૯-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. હાલના સંજોગોમાં પોતાના મકાન ભાડે આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચોરસ મીટર બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ	મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂા.	કોઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ સરનામા ફોટા સાથે આપવા	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૫-૨૦૧૫ થી તા. ૩૦-૦૬-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં લાઉડસ્પીકર, વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

INDEX

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

જાહેરનામું

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૬૭૮/૨૦૧૫.-રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૦૧-૧૦-૨૦૧૫ થી તા. ૧૫-૧૦-૨૦૧૫ સુધી પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના અધિકારી/કર્મચારી તથા કમાન્ડોના સને-૨૦૧૫ના બીજા ભાગના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)થી મળેલ અધિકારની રૂએ હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૧-૧૦-૨૦૧૫ થી તા. ૧૫-૧૦-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૦-૦૯-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) વેપારીશ્રી મે. કૈલાસ કેમિકલ્સ નોં.નં. 24075600909 ના ખોવાયેલ ફોર્મ બાબતે વેપારીશ્રીની તા. ૨૬-૦૫-૨૦૧૫ નો પત્ર.

(૨) નાયબ વા.વે.કમિ.શ્રી, વર્તુળ-6, ના જાવક ૫૭૮, તા. ૨૭-૦૪-૨૦૧૫ ના પત્રની દરખાસ્ત અન્વયે.

આદેશ

ક્રમાંક : સંવાવેક/વિ.-૨/ફોર્મસેલ/ધારાકીય ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૯૮૨ થી ૪૬૫૩/૪૬૭૩.-સહાયક વાણિજ્યિકવેરા કમિ.શ્રી, ઘટક-21 ના કાર્યક્ષેત્ર હેઠળના વેપારીશ્રી મે. કૈલાસ કેમિકલ્સ નોં.નં. 24075600909 ના ફોર્મ-સી વેપારીશ્રીને ઈસ્યુ કરવામાં આવેલ હતા. જે વંચાણમાં લીધેલ વેપારીની અરજી તથા વર્તુળના ના.વા.વે.કમિ.શ્રી-૬ ની ફોર્મસ રદ કરવાની દરખાસ્ત અન્વયે ફોર્મ નંબર-૨૪-૮૮૭૯૩૮૨ના ફોર્મ સી નંગ-1 વેપારી દ્વારા ખોવાય જતા રદ કરવા આથી ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ફોર્મ/નંબર	રદ કરવા પાત્ર કુલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. કૈલાસ કેમિકલ્સ નોંધણી નંબર 24075600909	સ.વા.વે. કમિ.શ્રીની કચેરી, ઘટક-21, અમદાવાદ, વા.વે. અધિકારી-2	સી ફોર્મ નંબર :- ૨૪-૮૮૭૯૩૮૨	નંગ-01	વેપારી દ્વારા ખોવાઈ જતા

આથી હું, આર. આર. પટેલ, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર, વિભાગ-૨, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવેલ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

આર. આર. પટેલ,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૨, અમદાવાદ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ધ/૧૧૭૬/૧૨૬૨/૪૩૮૮૧/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ઉંટવાળા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઉંટવાળા, તાલુકો : ઉના, જિલ્લો : ગીર સોમનાથ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીરસોમનાથ, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ, વેરાવળ.

વંચાણે લીધા :

૧. અત્રેની કચેરીના તા. ૦૪-૦૭-૨૦૦૭ નં. ફડચ/૧૭૨૨૨/ખ-૪/૬૨૦/૨૦૦૭નો અંતિમ આદેશ.
૨. શ્રી સંયુકત રજિસ્ટ્રાર સાહેબ (વાણિજય), સ.મં., ગુ.રા. ગાંધીનગરનો તા. ૦૧-૦૭-૨૦૧૫ના પત્ર નં. ખવમ/૦૧/ધ-૧/૯૧૫/૨૦૧૫.
૩. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.
૪. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

આદેશ

જા.નં. :ફડચ/ખ-૪/૨૭૪/૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, વંચાણે લીધેલ ક્રમ નં. ૩ અને ૪ સત્તા અધિકારની રૂએ આ જિલ્લાના શ્રી કેશોદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., કેશોદ (ફડચામાં) અગાઉ વંચાણે લીધેલ ક્રમ નં. ૧ ના હુકમ મુજબ નિયુકત કરાયેલ ફડચા અધિકારી ખાસ અધિકારી વહીવટ અને ફડચો જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી., જુનાગઢની નિયુકિત સાથે નીચેની ૩ વ્યકિતઓની પણ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ની જોગવાઈ મુજબ ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરી ફડચા અધિકારી તરીકે કાર્યવાહી કરવા અધિકૃત કરૂ છું.

૧. શ્રી ઠાકરશીભાઈ માંડણભાઈ જાવિયા, મુ. માળીયા (હાટીના) જિ. જુનાગઢ.
૨. શ્રી જમનાદાસ રતનજીભાઈ લાડાણી, મુ. કેશોદ, જિ. જુનાગઢ.
૩. શ્રી હિરેનભાઈ ભુરાભાઈ ચોવટીયા, મુ. કેશોદ, જિ. જુનાગઢ

જુનાગઢ, ૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સહ/નધણ/વશી/૮૩૬/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જયકિસાન સિંચાઈ સહકારી મંડળી લી., મુ. : ઢોકળીયા, તા. : પડધરી, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજીટીઃ ખે-૧૦૦૨૬ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સહ/નધણ/વશી/૮૪૨/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ખેડુત સિંચાઈ સહકારી મંડળી લી., મુ. : ઢોકળીયા, તા. : પડધરી, જિલ્લોઃ રાજકોટ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજીટીઃ ખે-૧૦૦૨૭ છે.

રાજકોટ, ૨૪ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

એસ. જે. હાલારી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
રાજકોટ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સહ/નધણ/વશી/૪૧૭/૨૦૧૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી મારૂતીનંદન નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મુ. : ચકમપર, તા. : મોરબી, જિલ્લોઃ મોરબીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબરઃ આરજીટીઃ ખે-૧૦૫૯૩ છે.

રાજકોટ, ૨૬ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫.

એસ. જે. હાલારી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
મોરબી.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૧૩૨૭ થી ૧૩૩૧/૨૦૧૪ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી નવરંગ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી., સ્થળ : ખારાઘોડા, તાલુકો : દસાડા, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/સા/૧૨૭૪૭/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૧૩૦૩ થી ૧૩૦૬/૨૦૧૪ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી પરીશ્રમ વણકર સહકારી મંડળી લી., સ્થળ : સમલા, તાલુકો : લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/ઉ/૧૦૯૮૩/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૧૩૧૧ થી ૧૩૧૪/૨૦૧૪ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી અમીધરા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., સ્થળ : ભલગામડા, તાલુકો : લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/સે/૪૧૭૭૯/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૧૩૧૫ થી ૧૩૧૮/૨૦૧૪ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી મરમરા કૃષિ ઉત્પાદન અને વેચાણ સહકારી મંડળી લી., સ્થળ : ભલગામડા, તાલુકો : લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/સે/૪૧૭૮૦/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૧૩૧૯ થી ૧૩૨૨/૨૦૧૪ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી શકિત સેવા સહકારી મંડળી લી., સ્થળ : જેસડા, તાલુકો : ધ્રાંગધ્રા, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/સે/૪૧૭૮૧/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૧૩૨૩ થી ૧૩૨૬/૨૦૧૪ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી માનપુર સેવા સહકારી મંડળી લી., સ્થળ : માનપુર, તાલુકો : ધ્રાંગધ્રા, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/સે/૪૧૭૮૨/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહક/બ/વશી/૧૩૦૭ થી ૧૩૧૦/૨૦૧૪ થી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત), સુરેન્દ્રનગર, આથી જાહેર કરે છે કે શ્રી દાધોલીયા સેવા સહકારી મંડળી લી., સ્થળ : દાધોલીયા, તાલુકો : મુળી, જિલ્લો : સુરેન્દ્રનગરની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી જેનો નોંધણી નંબરઃ નધણ/એસએનઆર/સે/૪૧૭૮૩/૨૦૧૫.

સુરેન્દ્રનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

બી. એન. દવે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN
A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 22nd OCTOBER, 2015/ASHVINA 30, 1937 No. 43

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1089-1106	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1721-1768
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read :
1. Hon'ble High Court of Gujarat letter No. A. 2402/2006, dated: 04-12-2013 & dated: 06-02-2014.
2. Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/2014(54), dated: 03-07-2014.
3. This office Notification No. UHC/07/B/82/739/2014, dated: 03-07-2014.

NOTIFICATION

No. UHC/06/B/82/1021/2015.-In view of the above Hon'ble High Court letter cited in the preamble at Sr. No. 1, the Hon'ble Chief Justice and the Hon'ble Judges to state that, Their Lordships have been pleased to appoint the Senion most Additional District Judges posted at headquarter as the visitor to visit the Observation Homes and Children Homes in Amreli District. Therefore, the undersigned is pleased to nominate **"The 2nd Additional District Judge, Amreli,"** for visit the Observation Homes and Children's Homes in Amreli District, once in a month for effective implementation of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000.

Amreli, 5th October, 2015.

V. C. Barot,
Principal District Judge,
Amreli.

By the Principal Judge, Family Court

NOTIFICATION

No. UHC/4/2015.-The following are the results of the Departmental Examination held on 6th to 8th July-2015, in the Family Court, Rajkot.

Lower Standard Departmental Examination-2015.

The following candidates are declared successful at the Lower Standard Departmantal Examination held on 6th to 8th July-2015 and their names are arranged as per merit.

1.	Mr. S. V. Vaghela	Assistant, Family Court, Rajkot.
2.	Mr. R. B. Chudasma	Assistant, Family Court, Rajkot.

Rajkot, 09th October, 2015.

M. J. Parikh,
Principal Judge,
Family Court, Rajkot.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૯૩૨૯ થી ૯૩૭૮/૨૦૧૫.- (૧) આગામી દિવસો દરમ્યાન નવરાત્રી તહેવાર આવતો હોય તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે.ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૧-૧૦-૧૫ થી તા. ૧૫-૧૦-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

INDEX

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૧-૧૦-૨૦૧૫ થી તા. ૧૫-૧૦-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૨૮ મી સપ્ટેમ્બર–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામુ

નં. નાચિ/પલસ/વશી/૧૦૦૫૬ થી ૧૦૧૨૮/૨૦૧૫.- પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૯-૦૯-૨૦૧૫નાં પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/સી.સી.ટી.વી./૪૭૪/૧૫ થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેકટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયાં મોટી રકમની અથવા કિમતી ચીજવસ્તુ લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડ-દેવડ અને હેરાફરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતાં પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં જિલ્લાનાં મુખ્ય માર્ગો તથા હાઈવે રોડ પરનાં તમામ હોટેલ-ધાબા, રેસ્ટોરન્ટ વિ., બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, લોજીસ્ટીક ગોડાઉન, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ જિલ્લાનાં મુખ્ય માર્ગો તથા હાઈવે રોડ પરનાં તમામ હોટેલ-ધાબા, રેસ્ટોરન્ટ વિ., બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, લોજીસ્ટીક ગોડાઉન, સોના-ચાંદીના

શોરૂમો, જવેલર્સ, શોપીંગ મોલ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેક્ટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશદ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કીંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે, તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રોકોર્ડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૫ થી તા. ૦૫-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ ઓકટોબર સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૧૦૧૨૯ થી ૧૦૨૦૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૯-૦૯-૨૦૧૫નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/હોટેલ માલિક/૪૭૬/૧૫નાં પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અ.નં.	હોટલ માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ	લાયસન્સ નંબર	આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર	લાયસન્સ કઇ તારીખથી કઇ તારીખ સુધી રીન્યુ થયેલ છે.	આવેલ પેસન્જરનું પુરૂં નામ, ઉ.વ., ધંધો અને મોબાઈલ નંબર, પુરૂં સરનામું	પ્રવાસી/ મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર	રજુ કરેલ ઓળખ કાર્ડની સંપૂર્ણ વિગત	કઇ તારીખથી આવેલ છે. તારીખ/ સમય	કઇ તારીખે જવાના છે. તારીખ/ સમય	કયાં હેતુ માટે આવેલ છે.	આવેલ પેસેન્જરની સહી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

INDEX

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૫ થી તા. ૦૫-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૬ મી ઓકટોબર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૯૯૯૧ થી ૧૦૦૫૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૯-૦૯-૨૦૧૫નાં પત્ર જા. નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/STD-PCO/૪૭૧/૨૦૧૫ થી હાલના પ્રવર્તમાન આંતકવાદના સંજોગો અને ભૂતકાળમાં ગુજરાત રાજ્યના બોમ્બે બ્લાસ્ટ જેવા આતંકવાદના કૃત્યોના બનાવો બનવા પામેલ છે અને આંતકવાદી સંસ્થા/સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ તેમજ ધરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં જઈને ફોન દ્વારા ધમકી આપવા, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિ સતામણી કરવાના બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુનેગારો સુધી પહોંચવુ અશકય બને છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી.પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

અનુ. નંબર	STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર	STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર	ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઈ.ડી. પ્રુફની વિગત નંબર સાથે.	જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૫ થી તા. ૦૫-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોક્ત કોલમવાઈઝ રજીસ્ટરો સંબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

શિક્ષા :

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

આજ તા. ૬ ઓકટોબર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૧૦૪૨૫ થી ૧૦૪૯૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૯-૦૯-૨૦૧૫નાં પત્ર જા.નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ/મજુર-કારીગર/૪૭૦/૧૫ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે, કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજસ્ટિર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગિક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રક રૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

ક્રમ	મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઈલ નંબર	મજુર/કારીગરનું વતનનું પુરૂં સરનામું, નજીકના પો.સ્ટે.ની વિગત	તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યાં કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે.	કોની ઓળખાણથી પોતાને ત્યા કામે રાખેલ છે. તેનું પુરૂં નામ સરનામુ તથા મોબાઈલ નંબર	મજુર/કારીગરના આઈ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઈલ બનાવી રાખવું)	મજુર/કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૫ થી તા. ૦૫-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશો કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૬ ઓકટોબર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૧૦૩૫૨ થી ૧૦૪૨૪/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૯-૦૯-૨૦૧૫ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/વાહન લે-વેચ/૪૭૨/૧૫ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટ્રર ન થયા/થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, તથા આવા જુના વાહનોની લે-વેચ કરે કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ, જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય, તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

અનું નંબર	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ-જાત-ઉંમર-સરનામું- કોન્ટેક નંબર	વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

ઉપર મુજબનું રજીસ્ટ્રર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૫ થી તા. ૦૫-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ ઓકટોબર, સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૧૦૨૭૯ થી ૧૦૩૫૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૯-૦૯-૨૦૧૫નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/મકાન ભાડુઆત/૪૭૩/૨૦૧૫ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઈ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડું કેટલું છે ?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૫ થી તા. ૦૫-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સાથાનીક વર્તમાનપત્રો દ્વારા તેવી બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ ઓકટોબર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૧૦૨૦૨ થી ૧૦૨૭૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૯-૦૯-૨૦૧૫ના પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/મોબાઈલ-સીમકાર્ડ/૪૭૫/૨૦૧૫ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબજ જરૂરી જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	મોબાઇલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત

જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	મોબાઇલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રુફની વિગત

નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અનુ. નંબર	સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	સીમ કાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત	સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૫ થી તા. ૦૫-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સાથાનીક વર્તમાનપત્રો દ્વારા તેવી બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવા.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ માહે ઓકટોબર, સને-૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૩૮૯૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૬૨૩/૧૫, તા. ૨૪-૦૯-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) તા. ૧૩-૧૦-૨૦૧૫ થી નવરાત્રી ઉત્સવ શરૂ થાય છે તથા અનામત આંદોલન પણ હજુ અંદરખાને ગતિમા છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૧૦-૨૦૧૫ ના રોજથી તા. ૧૭-૧૦-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૯, માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

પોલીસ કમિશ્નર દ્વારા

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૮૪૨/૨૦૧૫.-ભુતકાળમાં ગુજરાત રાજયમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ હતા. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ હતા. આવા બોમ્બ વિસ્ફોટો જયાં લોકોની વધુ સંખ્યામાં અવર-જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ હતા. જે બનાવોને ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૧૪ હેઠળ આથી હુકમ કરૂં છું કે, કોઈપણ વ્યકિત ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકી શકશે નહી તેમજ પ્રતિબંધીત કૃત્યમાં ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં

તા.૧૦-૧૦-૨૦૧૫ના કલાક૦૦-૦૦થી તા.૦૯-૧૨-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધા કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૦ માહે ઓકટોબર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી./જાહેરનામું/૨૮૪૩/૨૦૧૫.-ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ હતું. તેમજ અગાઉ તા. ૨૬-૧૧-૨૦૦૮ના રોજ પણ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ આંતકવાદી હુમલાના બનાવો બનેલ હતા. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલ છે. જે બાબતે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો (બોમ્બ) રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ હતો. જેના કારણે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેંચનારા વેપારીઓ અને ખરીદનાર વ્યકિતની ઓળખ થઈ શકે અને ત્રાસવાદી કૃત્ય આચરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય તે માટે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતી અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું/હુકમનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું વેચાણ કરે ત્યારે તેણે સાયકલ, સ્કુટર, કે મોટર સાયકલનું ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનું રહેશે.

(૩) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ ખરીદનારનું પુરુ નામ, સરનામુ સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો. તથા વેચાણ બીલમાં સાયકલનો ફ્રેમ નંબર, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૪) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૦-૧૦-૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૧૨-૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની

જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૮૪૪/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભના કારણો અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ હતી. જેને અનુલક્ષીને હોસ્ટેલમાં રહેતા વિદ્યાથીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકોએ પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના હેતુસર હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ હેઠળ હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય તે રીતે નાઈટ વીઝન સી.સી. ટી.વી. ગોઠવવાના રહેશે. અને આ સી.સી.ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) પેરા નં.-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા પેરા નં.-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ અધિકારી, મહેસુલી અધિકારી, એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૫-૧૦-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૧૨-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૦ માહે ઓકટોબર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

(કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦નાં નિયમ-૪-એ નાં પેટા નિયમ-૭ અન્વયે)

વંચાણમાં લીધું : નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૯, ભાવનગરનાં પત્ર ક્રમાંકઃ ના.વા.વે.કમિ./ભાવ/વ-૧૯/વ-૧૯/ભાવ/સમન/૨૦૧૫-૨૦૧૬/જા. ૩૭૫૫/૫૬, તા. ૧૮-૦૯-૨૦૧૫ની

જાહેરનામું

ક્રમાંક : સં.વા.વે.કમિ./વિ-૯/ભાવ//સમન/ધારાકીય ફોર્મ રદ/૨૦૧૫-૨૦૧૬/જા. ૧૬૯૧/૧૭૧૧.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૭૫, ભાવનગરનાં ક્ષેત્રાધિકારનાં વેપારીશ્રી શિહોરવાલા સ્ટીલ ટ્રેડર્સ, ભાવનગર સ્થાનિક નોંધણી નંબર ૨૪૧૪૦૧૦૦૪૧૩ અને કેન્દ્રિય નોં.નં. ૨૪૬૪૦૧૦૦૪૧૩ ધરાવે છે.

તેઓશ્રીને કચેરીમાંથી ઈસ્યુ કરેલ એફ ફોર્મ નંબર ૪૭૮૫૦૫ થી ૪૭૮૫૧૧ પાના-૭ (સાત) ખોવાય ગયેલ છે. જે અંગે વેપારી તરફથી તા. ૩૦-૦૭-૨૦૧૫ નાં રોજ લેખિતમાં જાણ કરેલ છે. જેની સાથે રૂા. ૧૦૦/- નાં સ્ટેમ્પ ઉપર ફોર્મ જી ઈન્ડમનીટી બોન્ડ રજુ કરેલ છે તેમજ ન્યુઝ પેપરમાં આપેલ જાહેરાતનું કટીંગ રજુ કરેલ છે. જે ચકાસણી કરતાં નીચેની વિગતનાં એફ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીશ્રીનું નામ	ફોર્મનો પ્રકાર	ફોર્મની સંખ્યા	ફોર્મ નંબર	રદનું કારણ	કચેરી
૧	૨	૩	૪	૫	૬	૭
૧	શિહોરવાલા સ્ટીલ ટ્રેડર્સ સ્થા.નોં.નં. ૨૪૧૪૦૧૦૦૪૧૩ કે.નોં.નં. ૨૪૬૪૦૧૦૦૪૧૩	એફ ફોર્મ	પાના-૭ (સાત)	૪૭૮૫૦૫ થી ૪૭૮૫૧૧ પાના-૭ (સાત)	ખોવાઈ ગયેલ હોવાથી	સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૭૫, ભાવનગર.

આથી હું, સી. આર. લાડુમોર, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૬, ભાવનગર, કેન્દ્રિય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦નાં નિયમ-૪-એ નાં પેટા નિયમ-૭ અન્વયે મળેલી સત્તાની રૂએ ઉક્ત દર્શાવેલ ફોર્મ રદબાતલ જાહેર કરૂં છું.

ભાવનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૩.

સી. આર. લાડુમોર,
સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૯, ભાવનગર.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/ગ્રા ભં-૫૪૫૬/૭૫૯/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી જય કાઠીયાવાડ ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ : કેશોદ, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/ગ્રા ભં-૫૪૫૪/૭૫૩/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી લાભમ્ ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ : કેશોદ, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/ગ્રા ભં-૫૪૫૫/૭૫૬/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી સુરજભાણ ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ : કેશોદ, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/ગ્રા ભં-૫૪૫૭/૭૭૫/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી કેસરી મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ : કેશોદ, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) સ્પે. ઓડીટર, સ.મં. (મિલ્ક) ઓડિટ ઓફીસ, રાજકોટના તા. ૦૨-૦૭-૨૦૧૫ ના પત્ર નં. અષણ/૨૨૪/૨૦૧૪ થી ભલામણ સહ સબ ઓડીટર, સ.મં.(દુધ), જેતપુરનો તા. ૦૧-૦૭-૨૦૧૫ નો મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંકઃ ફડચ/ચ/૫૩૨/૧૫, તા. ૨૭-૦૮-૨૦૧૫.

(૩) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની ૧૦૮ની જોગવાઈઓ.

વચગાળાનો હુકમ

જા.નં.ઃ ફડચ/ચ/૬૪૦/૧૭૦૦/૨૦૧૫.-આથી હું ટી. સી. તિરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગીર સોમનાથ, વેરાવળ, ઉક્ત આમુખની વિગતો તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ આ જિલ્લાની તાલાળા તાલુકાની શ્રી આંબળાશ દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મુ. આંબળાશ, તા. તાલાળાને ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (એ)(૧) (સી)(૧)(૨)(૩)(૪)(૫)ની જોગવાઈ ધ્યાને લઈ ઉક્ત કલમની પેટા કલમ-૧૦૭(૨) હેઠળ ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને સદરહુ કલમની જોગવાઈ મુજબ આ હુકમ સામે હુકમની તારીખથી દિવસ-૩૦ માં બચાવ માટે જરૂરી આધારો સાથે અત્રેની કચેરીએ રજુઆત કરવા હુકમ કરૂં છું તથા આ મંડળીના ફડચાધિકારી તરીકે કાર્યવાહી કરવા શ્રી એન. પી. રાયઠઠ્ઠા, ઓડીટર, ગ્રેડ-૨ સ.મં., વેરાવળને ફડચા અધિકારી તરીકે અધિકૃત કરૂ છું.

ગીર સોમનાથ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) સ્પે. ઓડીટર, સ.મં. (મિલ્ક) ઓડિટ ઓફીસ, રાજકોટના તા. ૦૨-૦૭-૨૦૧૫ ના પત્ર નં. અષણ/૨૨૪/૨૦૧૪ થી ભલામણ સહ સબ ઓડીટર, સ.મં.(દુધ), જેતપુરનો તા. ૦૧-૦૭-૨૦૧૫ નો મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંકઃ ફડચ/ચ/૫૩૩/૧૫, તા. ૨૭-૦૮-૨૦૧૫.

(૩) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની ૧૦૮ની જોગવાઈઓ.

વચગાળાનો હુકમ

જા.નં.ઃ ફડચ/ચ/૬૪૧/૧૭૦૭/૨૦૧૫.-આથી હું ટી. સી. તિરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગીર સોમનાથ, વેરાવળ, ઉક્ત આમુખની વિગતો તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ આ જિલ્લાની તાલાળા તાલુકાની શ્રી ઉમરેઠી દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મુ. ઉમરેઠી, તા. તાલાળાને ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (એ)(૧) (સી)(૧)(૨)(૩)(૪)(૫)ની જોગવાઈ ધ્યાને લઈ ઉક્ત કલમની પેટા કલમ-૧૦૭(૨) હેઠળ ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને સદરહુ કલમની જોગવાઈ મુજબ આ હુકમ સામે હુકમની તારીખથી દિવસ-૩૦ માં બચાવ માટે જરૂરી આધારો સાથે અત્રેની કચેરીએ રજુઆત કરવા

INDEX

હુકમ કરૂં છું તથા આ મંડળીના ફડચાધિકારી તરીકે કાર્યવાહી કરવા શ્રી એમ. કે. ડોડીયા, સબ ઓડીટર, સ.મં., તાલાળાને ફડચા અધિકારી તરીકે અધિકૃત કરૂ છું.

ગીર સોમનાથ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ટી. સી. તિરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર-સોમનાથ, વેરાવળ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં નં. : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૨૩૧/૨૦૧૫, તા. ૨૧-૦૪-૨૦૧૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૪) ઉકત વચગાળા આદેશ અન્વયે મંડળી તરફથી તા. ૦૬-૦૫-૨૦૧૫ થી અત્રેને મળેલ રજુઆત.

(૫) મંડળી તરફથી ઉકત તારીખથી થયેલ રજુઆત અન્વયે અત્રેની કચેરીને ફડચ/૦૧/ખ-૪/૫૦૩/૨૦૧૫, તા. ૦૧-૦૭-૨૦૧૫ થી આપેલ બે માસની રજુઆતની તક.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૮૬/ખ-૪/૫૮૭/૨૦૧૫.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ (૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી મામસી દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મુ. મામસી, તા. તળાજા, જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંકઃ ૨૭૨૩૫, તા. ૩૦-૦૬-૧૯૯૯ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છુ અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩, લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં નં. : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૬૧૭/૨૦૧૫, તા. ૨૬-૦૮-૨૦૧૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૮૫/ખ-૪/૫૮૬/૨૦૧૫.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ (૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી મોટાખોખરા દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મુ. મોટાખોખરા, તા. ઘોઘા, જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંકઃ ૨૫૫૪૭, તા. ૩૦-૦૯-૧૯૯૩ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩, લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં નં. : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૬૧૬/૨૦૧૫, તા. ૨૬-૦૮-૨૦૧૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૮૪/ખ-૪/૫૮૫/૨૦૧૫.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ (૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી નીચા કોટડા(મ)

દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મુ. નીચા કોટડા(મ), તા. મહુવા, જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંકઃ ૩૫૨૩૬, તા. ૦૪-૦૮-૨૦૦૩ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩, લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં નં. : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૫૦૧/૨૦૧૫, તા. ૦૧-૦૭-૨૦૧૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૮૩/ખ-૪/૫૮૪/૨૦૧૫.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ (૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી વેળાવદર સેવા સહકારી મંડળી લી., મુ. વેળાવદર, તા. તળાજા, જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંકઃ ૧૩૬૨૭, તા. ૦૬-૦૫-૧૯૭૫ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેંક લી., ભાવનગરની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં નં. : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૫૦૨/૨૦૧૫, તા. ૦૧-૦૭-૨૦૧૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૮૭/ખ-૪/૫૮૮/૨૦૧૫.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ (૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી જય ચામુંડા મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ.તા. ભાવનગર, જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંકઃ ઉ-૧૯૧૨, તા. ૧૧-૦૧-૧૯૭૯ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી કે. પી. જોષી, સિનિયર કલાર્ક લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૦૫૮/૭૩૨૫/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પીપરલા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પીપરલા, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.ઃ બીએનઆર. સે.દૂ. ૪૪૫૭/૨૦૧૫, તા. ૦૬-૧૦-૨૦૧૫.

ભાવનગર, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૯૯૧/૭૩૨૪/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી જય પછાતવર્ગ વિકાસ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.ઃ સા.-૪૪૬૯/૨૦૧૫, તા. ૨૩-૦૯-૨૦૧૫.

ભાવનગર, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૦૬૭/૭૩૨૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સોડવદરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : સોડવદરા, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૪૪૫૮/૨૦૧૫, તા. ૦૬-૧૦-૨૦૧૫.

ભાવનગર, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૦૭૬/૭૩૨૨/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી વાઘવદરડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : વાઘવદરડા, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૪૪૫૯/૨૦૧૫, તા. ૦૬-૧૦-૨૦૧૫.

ભાવનગર, ૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ડૉ. એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ તથા ૧૯ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગરના તા. ૩૦-૦૮-૨૦૧૩ આદેશ નં. : ફડચ/ઉખસ/ફ/૧૮૨૩૦/ખ-૪/૬૬૧/૨૦૧૩.

(૪) સભાસદ/ગ્રામજનો મુ. રોહીશાળા, તા.જિ. બોટાદની તા. ૦૩-૦૮-૨૦૧૫ ના રોજની આ કચેરીને કરેલ પુનઃજીવીતની અરજી.

હુકમ

જા.નં. : ફડચ/૦૧/ખ-૨/૪૨/૯૯૮/૨૦૧૫.-આથી હું, પી. બી. ખસીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ મળેલ સત્તાની રૂઈએ શ્રી રોહીશાળા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રોહીશાળા, તા.જિ. બોટાદનો નોંધણી નંબર-૧૮૧૯૨, તા. ૧૨-૧૨-૧૯૮૦ ને પુનઃજિવિત કરવા હુકમ કરૂં છું.

૧. મંડળીએ પ્રથમ સાધારણ દિન-૩૦ માં બોલાવી વ્યવસ્થાપક કમિટિની રચના કરી તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

૨. મંડળીઓ જેનો ઉદ્દેશો મુજબની કામગીરી સત્વરે હાથ ધરવા તથા સહકારી કાયદા/કાનુનનું પાલન કરવાનું રહેશે.

બોટાદ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫.

પી. બી. સખીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃનધણ/જ-૨/૬૬૯/આરજેટીઃસે.-૪૪૫૮૪/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી કાનમેર કૃપા શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૭૦/ આરજેટીઃ સે.-૪૪૫૮૫/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સુવિધા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૬૦/૨૦૧૩, તા. ૨૯-૭-૨૦૧૩.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૧-૦૮-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક નં. : ફડચ/ગ-૨/૨૦૧/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી સેલેજ વોટર લીફટ ઈરીગેશન સહકારી મંડળી લી., મુ.તા.જિ. : રાજકોટ, નોંધણી નંબર : ૭૦૩, તા. ૦૮-૦૨-૧૯૭૩ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૪૩/૨૦૦૫, તા. ૨૭-૦૨-૨૦૦૪.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૧-૦૯-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક નં. : ફડચ/ગ-૨/૨૦૨/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી દહીસરડા (આજી) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દહીસરડા (આજી) તા. પડધરી, જિ. : રાજકોટ, નોંધણી નંબર : સે.દુ.-૨૦૨૦૫, તા. ૧૩-૦૫-૧૯૮૩ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૮૩/આરજેટી સે.-૪૪૫૮૬/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી આન ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૨ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૮૨/આરજેટી સે.-૪૪૫૮૮/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી એમ્પાયર ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૨ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૮૧/આરજેટી સે.-૪૪૫૮૭/૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી રીપબ્લીક ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૨ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 29th OCTOBER, 2015/KARTIKA 07, 1937 No. 44

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	**PART - I - B**	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1107-1120	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1769-1800
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩ (૧)(એન) હેઠળનું

પ્રાથમીક જાહેરનામું

નં. એમએજી/સી/૩૯૫૨/૨૦૧૫.-જુનાગઢ શહેરની સરકારી જનરલ હોસ્પિટલ તથા ઝનાના હોસ્પિટલ ખાતે વચ્ચેથી પસાર થતો આઝાદ ચોક વાળા રસ્તામાંથી પસાર થતા વાહનોના હોર્ન ખુબ જ મોટા પાયે અવાજ કરતા હોય, દર્દીઓની સારવારમાં મુશ્કેલી પડતી હોય હોસ્પિટલનો વિસ્તાર સાયાલન્ટ ઝોન તરીકે જાહેર કરવાની મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન, જનરલ હોસ્પિટલ જુનાગઢની રજુઆત પરત્વે પોલીસ અધિક્ષકશ્રી,, જુનાગઢના પાસે તપાસ કરાવતા તેઓના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના/૨૬૯૩/૨૦૧૫, તા. ૧-૧૦-૨૦૧૫ થી જુનાગઢ ચિતાખાના ચોકથી આઝાદ ચોક સુધીના રોડને સાયલન્ટ ઝોન જાહેર કરવા માટે, ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ની કલમ-૩૩(૧) ''એન'' ની જોગવાઈ તળે સાયલન્ટ ઝોન જાહેર કરવા ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત અમોને વ્યાજબી જણાતી હોય, હું, આલોક કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩ (૧)(એન) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ જુનાગઢ શહેરમાં આવેલ સિવીલ હોસ્પિટલ તથા ઝનાના હોસ્પીટલની વચ્ચેથી પસાર થતા ચિતાખાના ચોકથી આઝાદ ચોક વાળા રસ્તા પર વાહનોના હોર્ન વગાડવા પર પ્રતિબંધ મુકી ''સાયલન્ટ ઝોન'' ફરમાવતો હુકમ કરવા વિચારણા કરૂ છું.

આ જાહેરનામુ ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે, પરંતુ તેમ કરતાં પહેલા જે કોઈ વ્યકિતને આ બાબતો કંઈ વાંધા કે સુચનો હોય, તેમણે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં નીચે સહી કરનારને તેમની કચેરીમાં મોકલવાના રહેશે. મુદત બાદ આવેલા વાંધે કે સુચનો ધ્યાને લેવામાં આવશે નહી. મુદતમાં મળેલ વાંધા સુચનોની પુરતી વિચારણા કર્યા બાદ આ પ્રાથમીક જાહેરનામું આખરી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જાહેરનામું આખરી થયે અને અમલમાં આવ્યેથી તેની અસર શરૂ થયે સદરહું જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૨ માહે ઓકટોબર, સને ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૨ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આલોક કુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૫૧૦/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારોની ઉજવણી થનાર હોય, પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૧૪-૧૦-૨૦૧૫ના રોજ કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૧૬-૧૦-૨૦૧૫ થી તા. ૩૦-૧૦-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવા નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

INDEX

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૫-૧૦-૨૦૧૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે

જાહેરનામું

નં. : એમએજી/સી/૧૭૯૩૧/૨૦૧૫.-નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ, પોરબંદરના પત્ર ક્રમાંક : જા.નં. નાકાઈ/રા.ધો./પોર/ભાદર/૫૫૧/૨૦૧૫, તા. ૧૩-૧૦-૨૦૧૫ થી નેશનલ હાઈવે (કોસ્ટલ) પર પોરબંદરથી સોમનાથ તરફ જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ (કોસ્ટલ) પર ચીકાસા ગામ પાસે ભાદર નદી પરનો પુલનો એક ગાળો અકસ્માતે પડતાં, વાહન વ્યવહાર ચીકાસા ગામથી પૂર્વ બાજુ થઈ ગરેજ, મૈયારી, અમીપુર, બગસરા, કડછ, મોચા થઈ જતા અને આજ રૂટ પર આવતા ભારે વાહનો (૬(છ) ટન ઉપરના)ને આ રસ્તા પર ભાદર નદી પરના ચીકાસા અને ગરેજ ગામ વચ્ચેના જુના બ્રીજ પરથી પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવવાની થઈ આવેલ દરખાસ્તના અનુસંધાને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ઈષ્ટ જણાય છે.

સબબ, હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર** આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતે સદરહું ભાદર નદી પરના ચીકાસાથી પૂર્વ બાજુ થઈ ગરેજ ગામની વચ્ચે આવેલા જુના બ્રીજ પર ભારે વાહનો ૬(છ) ટન ઉપરના)ને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સોમનાથ-વેરાવળ તરફથી આવતા ભારે વાહનો મોચા, કડછ, બગસરા, અમીપુર, મૈયારી અને ગરેજ ગામથી ચીકાસા થઈ અને પોરબંદર તરફ આવવા તથા તે રીતે પરત જવા માટેના બંને એન્ટ્રી પોઈન્ટ પર વૈકલ્પિક રસ્તાઓના સૂચના બોર્ડ પ્રસિધ્ધ કરવાનું તથા સ્પીડ બ્રેકર્સ રાખવાનું.

(૨) ગીર સોમનાથ જિલ્લાના ગડુ ગામ પાસેના પોરબંદર તરફના એન્ટ્રી પોઈન્ટ પર સાઈન બોર્ડ રાખવાનું થતાં પોરબંદર તરફથી જવાના એન્ટ્રી પોઈન્ટ ગામ ચીકાસા અને માધવપુર તરફથી આવવાના એન્ટ્રી પોઈન્ટ મોચા ગામે અન્ય સ્થાનિક વાહન વ્યવહારને અસર ન થાય તે રીતે જરૂરી બેરીકેડ તથા સાઈન બોર્ડ રાખવાનું.

ઉપર મુજબની વિગતે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે. આ જાહેરનામું તા. ૧૫-૧૦-૨૦૧૫ થી તા. ૧૪-૧૦-૨૦૧૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૫-૧૦-૨૦૧૫ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૧૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૧૨૪ થી ૧૧૭૯/૨૦૧૫.- (૧) બોટાદ જિલ્લામાં આગામી તા. ૧૯-૧૦-૨૦૧૫ના રોજ પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા બોટાદ જિલ્લામાં ઢસા, ગઢડા, માંડવધાર, તુરખા, ભદ્રાવડી, શીરવાણીયા, સેંથળી, સમઢીયાળા-૧, લીઠીદડ તથા સાળંગપુરમાં રોડ શો કરવા બાબતે વર્તમાનપત્રોમાં સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. ભૂતકાળમાં રાજયમાં બનેલ હિંસક બનાવો લક્ષમાં લેતા આ કાર્યક્રમ અન્વયે બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ન ઉદભવે તેમજ આગામી સમયમાં આવનારા નવરાત્રિ, જેવા ધાર્મિક તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, એસ. કે. પંડયા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

૧. બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઢસા, ગઢડા, માંડવધાર તથા બોટાદ તાલુકાનાં તુરખા, શીરવાણીયા, ભદ્રાવડી, સેંથળી, સમઢીયાળા-૧ અને લીઠીદડ તેમજ બરવાળા તાલુકાનાં સાળંગપુર ગામોને જોડતા કોઈપણ રસ્તા પર એક કરતાં વધારે દ્વીચક્રી કે ચારચક્રી વાહનો એકી સાથે રેલી સ્વરૂપે ચલાવવા નહી કે ઊભા રાખવા નહીં.

૨. પેરા-૧ માં દર્શાવેલ ગામોને જોડતા રસ્તા પર ચાર કે તેથી વધુ લોકો એ ટોળાના રૂપમાં એકઠા થવું નહી કે એકઠા થઈ ઊભા રહેવું નહીં.

૩. જિલ્લામાં આવેલા રોડ પર વિના મંજૂરીએ માઈક લગાડી સંબોધનો કરવા નહી.

૪. જિલ્લામાં કોઈપણ પ્રકારના પૂતળાઓ દર્શાવવા નહી કે તેનું દહન કરવું નહીં.

૫. જિલ્લામાં જાહેર સ્થળો તેમજ ધાર્મિક સંસ્થાઓમાં સભા કે સરઘસનું આયોજન કે આવા કાયક્રમો કરવા નહી.

આ પ્રતિબંધ નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત કે જેની પોતાની ફરજના ભાગ રૂપે ત્યાં હોવું અનિવાર્ય હોય.

આ જાહેરનામું તા. ૧૯-૧૦-૨૦૧૫ના રોજ સવારના ૦૭-૦૦ ક. થી સાંજના ૧૯.૦૦ ક. સુધી અમલમાં રહેશે.

ઉકત તારીખે અને સમયે સદરહું હુકમમાં અપાયેલી સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

હું આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોટાડીને અને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા. ૧૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડ્યો.

બોટાદ, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૧૧૦ થી ૧૧૨૩/૨૦૧૫.-આજ રોજ તા. ૧૧-૧૦-૨૦૧૫ના રોજ કલાક ૧૬.૦૦ થી ૧૯.૦૦ કલાક માટે obc/sc/st એકતા મંચને અપાયેલ સભા/માઈક/રેલી ની મંજૂરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ધ્યાને લેતા રદ કરાયેલ હોય અને બોટાદ શહેરમાં આના કારણે કોઈ કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ન ઉદભવે તેમજ આગામી સમયમાં આવનારા ધાર્મિક તહેવારોને ધ્યાનમાં લેતા જાહેર હિતમાં હું, એસ. કે. પંડયા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

આજ રોજ તા. ૧૧-૧૦-૨૦૧૫ના રોજ કલાક ૧૬.૦૦ થી ૧૯.૦૦ કલાક માટે obc/sc/st એકતા મંચને અપાયેલ સભાના સ્થળ વાળા વિસ્તારો આઈટીઆઈ મેદાન ઢાંકણીયા રોડથી તુલશીનગર વિસ્તારમાં આમ જનતાના રૂપમાં કે ટોળાના રૂપમાં કોઈપણ રીતે ચાર કે તેથી વધુ વ્યકિતએ એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત કે જેની પોતાની ફરજના ભાગ રૂપે ત્યાં હોવું અનિવાર્ય હોય.

આ જાહેરનામું તા. ૧૧-૧૦-૨૦૧૫ના રોજ સવારના ૧૨-૩૦ ક. થી સાંજના ૨૪.૦૦ ક. સુધી અમલમાં રહેશે.

ઉકત તારીખે અને સમયે સદરહું હુકમમાં અપાયેલી સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

હું આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોટાડીને અને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા. ૧૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડ્યો.

બોટાદ, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

એસ. કે. પંડ્યા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૧૦૮૪૪ થી ૧૦૮૯૩/૨૦૧૫.- (૧) આગામી દિવસો દરમ્યાન દશેરા તથા મહોરમનો તહેવાર આવતો હોય તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૬-૧૦-૧૫ થી તા. ૩૦-૧૦-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઇને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૧૬-૧૦-૨૦૧૫ થી તા. ૩૦-૧૦-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૧૫ મી ઓકટોબર–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૫ માહે ઓકાટોબર, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33 (૧)બી અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૪૧૬૧/૨૦૧૫.-જુનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકાના ચોરવાડ ખાતે તા. ૨૧-૧૦-૨૦૧૫ થી ૨૨-૧૦-૨૦૧૫ સુધી પરંપરાગત રીતે ‘‘પુંજ’’ ઉત્સવની ઉજવણી થનાર છે. ઉકત ઉત્સવ નિમિતે આશરે બે થી ત્રણ લાખની જનમેદની એકઠી થનાર હોય, ટ્રાફીકના નિયમન માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તા. ૧૩-૧૦-૨૦૧૫ ના પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબ નીચેની વિગતેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

માંગરોળ-ચોરવાડ-ગડુ સુધીના મેઈન રોડ પર વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા આ ટ્રાફિક પ્રતિબંધિત સમય દરમ્યાન માંગરોળ થી હુસેનાબાદ, સેપા, બુધેચા, ગોતાણા, ગડુ થઈ વેરાવળ-માંગરોળ વચ્ચે અવર-જવર કરે તે રીતે ડાયવર્ટ કરવો.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ઉપરમાં જણાવેલ જુનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ વિસ્તાર પુરતી તા. ૨૧-૧૦-૨૦૧૫ થી તા. ૨૨-૧૦-૨૦૧૫ સુધી ઉપર જણાવ્યા મુજબ ટ્રાફીક (વાહનો)ની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાનું તથા ટ્રાફિક ડાયવર્ટ કરવાનું આથી ફરમાન કરૂ છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૧૭ માહે ઓકટોબર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે ઓકટોબર, સને-૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)બી અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૪૧૬૨/૨૦૧૫.-જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શીલ પો. સ્ટેશનના સાંગાવાડા ખાતે તા. ૧૯-૧૦-૨૦૧૫ થી ૨૦-૧૦-૨૦૧૫ સુધી પરંપરાગત રીતે ''પુંજ'' ઉત્સવની ઉજવણી થનાર છે. ઉકત ઉત્સવ નિમિતે બહોળી સંખ્યામાં જનમેદની એકત્રિત થવાની સંભાવના હોય તથા બહોળા પ્રમાણમાં વાહનોની ભીડ થવાની શકયતા હોય, આ ઉત્સવ/મેળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફીકના નિયમન માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તા. ૧૩-૧૦-૨૦૧૫ ના પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) મુજબ નીચેની વિગતેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

શીલ-સાંગાવાડા-આંત્રોલી સુધીના મેઈન રોડ ઉપર ટ્રાફીક(વાહનો)ની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા આ ટ્રાફિક પ્રતિબંધિત સમય દરમ્યાન શીલ, જરીયાવાડા ચોકડી થી ચાખવા કંટાળી ફાટક ફાટક થઈને આંત્રોલી ચેક પોસ્ટના રૂટ ઉપરથી અવર-જવર કરે તે રીતે ડાયવર્ટ કરવો.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ઉપરમાં જણાવેલ જુનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ વિસ્તાર પુરતી તા. ૧૯-૧૦-૨૦૧૫ થી તા. ૨૦-૧૦-૨૦૧૫ સુધી ઉપર જણાવ્યા મુજબ ટ્રાફીક (વાહનો)ની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાનું તથા ટ્રાફિક ડાયવર્ટ કરવાનું આથી ફરમાન કરૂ છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૧૭ માહે ઓકટોબર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે ઓકટોબર, સને-૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

જાહેરનામું

નં. ડી.એમ.-૨/પ્રિન્ટીંગ-છાપકામ/૨૦૧૫.-તાજેતરમાં ગુજરાત રાજયમાં ચાલતા પાટીદાર અનામત આંદોલન સંદર્ભે આગામી નવરાત્રી તથા મહોરમના તહેવારો દરમ્યાન અનામત બાબતેની જુદીજુદી રેલીઓ અને તેને લગતા આનુષાંગિક કાર્યક્રમોને ધ્યાને લેતા ચોપાનીયા, ભીંતપત્રો, બેનર, હોર્ડિંગ્સ, હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર તથા છાપકામની કોઈપણ બાબત દ્વારા ગેરકાયદે અપરાધ, પૂર્વગ્રહ, વર્ગવીગ્રહને પ્રોત્સાહિત કરતી અફવાઓ ફેલાવવામાં આવે તેવી શકયતાઓ રહેલી છે. જેનાથી શહેર-જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર વિપરીત અસર પડવાની શકયતા હોવાને કારણે આ પ્રકારના ચોપાનીયા, ભીંતપત્રો, બેનર, હોર્ડિંગ્સ, હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર તથા છાપકામની કોઈપણ બાબતેના ઉપયોગ તથા આ અંગેની છાપકામ તથા આ આઈટમો બનાવનાર પ્રિન્ટીંગ પ્રેસ તથા આનુષાંગિક કામ કરતી એજન્સીઓ/પેઢીઓ પર નિયંત્રણ રાખવું આવશ્યક છે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખઃ ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪(૧) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/મહોરમ/૪૧૫૩(૨)/૨૦૧૫.-આગામી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ મુસલમાન ભાઈઓનો તહેવાર મહોરમ (તાજીયા) આવે છે તેથી સદરહુ તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અને સુલેહશાંતી અર્થે સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાતાં તા. ૨૦-૧૦-૨૦૧૫ થી તા. ૨૮-૧૦-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(સને ૧૯૭૪ અધિનિયમ નંબર-૨) ની કલમ-૧૪૪ હેઠળ કોઈપણ ઢોર-પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/મહોરમ/જાહેરનામા/૨૭૯૧/૨૦૧૫, તા. ૧૩-૧૦-૨૦૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, ઉપરોકત દર્શાવેલ દિવસોએ કોઈપણ કતલખાનાની બહાર જાહેર-ખાનગી સ્થળે પાડા, ભેંસની કતલને કારણે તેમજ

કોઈ શેરીમાં કે સ્થળોએ દેખાઈ આવે તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે જાહેર સુલેહશાંતીને ભંગ થાય તેમ હોઈ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (સને-૧૯૭૪નો અધિનિયમ નંબર-૨) ની કલમ-૧૪૪(૧)ની હેઠળ પગલા લેવાનું પુરતું કારણ છે અને તે તાત્કાલિક અટકાવવું ઈચ્છનીય છે.

તેથી હું આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(સને-૧૯૭૪ના અધિનિયમ નં.-૨)ની કલમ-૧૪૪(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી મનાઈ હુકમ ફરમાવું છું કે, જુનાગઢ જિલ્લાના તમામ તાલુકાના શહેરો કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈ વ્યકિતએ તા. ૨૦-૧૦-૨૦૧૫ થી તા. ૨૮-૧૦-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત કતલખાનાની બહારના કોઈ જાહેર જગ્યાઓ કે શેરીઓમાં કોઈ પણ ઢોર, પશુઓની કતલ કરવી નહીં અથવા કોઈ શેરીમાં અથવા જાહેર સ્થળોએ દેખાઈ આવે તે રીતે કોઈ પશુની કતલ કરવી નહીં.

આ જાહેરનામા ભંગ કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખઃ ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૪૧૭૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૨૭૭૫/૨૦૧૫, તા. ૧૨-૧૦-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) નવરાત્રી-દશેરા તહેવાર તથા તા. ૨૪/૨૪-૧૦-૨૦૧૫ ના મુસ્લીમ સમુદાયનો મહોરમ તથા તે બાદ દિવાળીના તહેવારો આવે છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૯-૧૦-૨૦૧૫ થી તા. ૧૬-૧૧-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(3) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૬ મી, માહે ઓકટોબર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૪૧૭૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૭૭૬/૧૫, તા. ૧૨-૧૦-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત અને પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) તા. ૧૩-૧૦-૨૦૧૫ થી નવરાત્રી ઉત્સવ શરૂ થાય છે તથા અનામત આંદોલન પણ હજુ અંદરખાને ગતિમા છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૯-૧૦-૨૦૧૫ ના રોજથી તા. ૦૧-૧૧-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૬, માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) ''એન'' અને ''ઓ'' અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૯૭૧૭(૧)મહોરમ/૨૦૧૫.-આગામી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ મુસ્લીમ સમુદાયનો ધાર્મિક તહેવાર મહોરમ (તાજીયા) ઉજવવામા આવનાર છે. મહોરમના દિવસો દરમ્યાન ગીર સોમનાથ જિલ્લામાં તાજીયાના સરઘસ વિગેરેનું નિયમન કરવાનું અને તે અંગે જાહેર સુલેહશાંતિ તથા જાહેર વ્યવસ્થા જળવાય તે માટે સાવચેતીના પગલા લેવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) ''એન'' અને ''ઓ'' અન્વયે જાહેરનામું સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તાર માટે પ્રસિધ્ધ કરવાની પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/મહોરમ/જા.ના./૫૩૦૬/૨૦૧૫, તા. ૧૭-૧૦-૨૦૧૫ ના પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ‘‘એન’’ અને ‘‘ઓ’’ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ નીચે મુજબ ફરમાવું છું.

(૧) તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા ફેરવવા માટે સબંધકર્તા વિભાગના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે. આવી પરવાનગી મેળવવા માટે જાહેર વ્યવસ્થા જાળવવા પુરતી ખાત્રી અને રૂપિયા પાંચસોના જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન રજુ કરવાના રહેશે.

(૨) આવી પરવાનગી પરાપૂર્વથી ફેરવવામાં આવતા તાજીયા માટે અગર માનતાના તાજીયા માટે મુસ્લીમ કોમના કોઈપણ શખ્સને ઉપરોકત શરત નંબર એકમાં જણાવેલ શરતનું પાલન થયે આપવામાં આવશે. પરવાનગી મેળવનાર શખ્સોએ જયારે કોઈપણ મેજિસ્ટ્રેટ કે પોલીસ અધિક્ષકશ્રી પરવાનગી જોવા માંગે ત્યારે રજુ કરવી પડશે.

(૩) પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીના સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુંક અને સુલેહશાંતિ ભરી રસમો માટે તે પોતે તેમજ તેના જામીન જવાબદાર રહેશે. કોઈપણ શખ્સ અગર મંડળી અથવા સરઘસની વર્તણુંકને અવ્યવસ્થિત અથવા સુલેહશાંતિ માટે જોખમકારક જણાયે તેઓને આપવામાં આવેલ પરવાનગી રદ કરવામાં આવશે.

(૪) જે તે સબડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માર્ગને આધિન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા, પંજો, ડોળી, હાથી, ઘોડા સરઘસમાં ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાજીંત્ર વગાડી શકશે.

(૫) જાહેર રસ્તા આગળ સ્થળો ઉપર ઢોલ અથવા બીજા કોઈપણ વાજીંત્રો વગાડવા માટેની પરવાનગી તા. ૨૦-૧૦-૨૦૧૫ થી તા. ૨૮-૧૦-૨૦૧૫ સુધી આપવામાં આવશે.

(૬) શહાદતની રાત્રે સાંજના ૫-૦૦ (પાંચ) અને બીજા દિવસની સવારના ૨-૦૦ (બે) વાગ્યા સમય દરમ્યાન સરઘસ ફેરવવાના રહેશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાના દિવસે બપોરના ૨-૩૦ થી બીજા દિવસના સવારના ૬-૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની ક્રિયા પુરી કરવી પડશે. આ હુકમના ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વિગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખવા દેવા માટે કે થોભવા દેવામાં આવશે નહીં. સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિકારીશ્રીઓના હુકમને આધિન રહી વધુમાં વધુ પાંચ મીનીટમાં તાજીયા અગર તેની ડોળી મંડળને ચોકારીને આગળ વધવું પડશે.

(૮) પરાપૂર્વથી ચાલતાં આવેલ અને પરવાનગીમાં બતાવ્યા ક્રમ પ્રમાણે તાજીયા સાર્વજનિક રસ્તા ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ ઈન્સ્પેકટર દ્વારા દર સાલનાં આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જયારે સામસામા તાજીયા આવે ત્યારે પછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો. ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોએ તે વાજીંત્ર બંધ કરી ડાબી બાજુએથી તાજીયા વિગેરે લઈને આગળ વધવું અને તાજીયા એક એક પાછળ બીજો આવે તે રીતે પોતપોતાની ગલી આવતી હોઈ તે ગલીના નાકે થોભવું અને જયારે પોતાનો નંબર આવે ત્યાર પછી પાછળ દાખલ થવું, સામેલ થઈ જવું.

(૯) કોઈપણ શખ્સે તલવાર, ખંજર, સોટી, લાકડી, ચપ્પુઓ કે ભાલા કે તેવા પ્રકારના કોઈપણ હથિયાર તથા બીજા કોઈપણ પ્રકારના હથિયાર લઈને ફરવું નહીં.

(૧૦) રમત-ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલ હોય એ શખ્સોને જે રમત-ગમતના સઘળા સાધનો અગર હથિયાર પોલીસની દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે.

(૧૧) મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોમના સ્વાંગ, વેષો કાઢવા નહીં, ઈત્તર કોમના ધર્મની લાગણી દુભાય, દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહશાંતિનો ભંગ થાય તેવો કૃત્યો કરવા નહીં.

(૧૨) પ્રભાસપાટણ ખાતે સોમનાથ મંદિર નજીક આવેલ નાની ખેલ મલેકવાડામાં મહોરમ તાજીયાના તહેવાર પર તાજીયા બેસે છે. જે માતમની રાત્રે વાજીંત્રો વગાડવાની સાથો ચોકારો લેવો નહીં.

(૧૩) આ જાહેરનામું તા. ૨૦-૧૦-૨૦૧૫ થી તા. ૨૮-૧૦-૨૦૧૫ સુધી (બન્ને) દિવસો સહિત અમલમાં રહેશે.

(૧૪) આ જાહેરનામું પોલીસ ખાતાના સભ્યો, હોમગાર્ડસના સભ્યો તથા જેઓને પોતાની ફરજની રૂએ હથિયાર ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૧૫) હથિયારબંધીનું તથા સભા-સરઘસબંધીનું જાહેરનામું જે અમલમાં હોય તેની અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૪૧ તથા ૧૩૫માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર સોમનાત, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩-૭૪ની કલમ-૧૪૪(૧) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૯૫૮૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/મહોરમ/ જા.ના./૫૩૦૬/ ૨૦૧૫, તા. ૧૭-૧૦-૨૦૧૫ થી આગામી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ મુસ્લીમ લોકોનો પવિત્ર તહેવાર ‘‘મહોરમ’’ આવે છે. તેથી સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર કોઈપણ ઢોર/ પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪(૧) હેઠળ તા. ૨૦-૧૦-૨૦૧૫ થી તા. ૨૮-૧૦-૨૦૧૫ સુધીના સમયગાળા માટે પ્રતિબંધીત ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી અત્રે રજુ થયેલ છે. જે વ્યાજબી જણાય છે.

તેથી હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, ગીરસોમનાથ જિલ્લાના તમામ તાલુકાનાં શહેરો કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તા. ૨૦-૧૦-૨૦૧૫ થી તા. ૨૮-૧૦-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) કતલખાનાની બહારના કોઈ જાહેર કે ખાનગી સ્થળે આખલા, પાડા, ભેંસ કે અન્ય પશુની કતલ કરવી કે કરાવવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮, હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર સોમનાથ, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૬૨૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલ.આઈ.બી./ હથિ.બંધી/જાહેરનામુ/૫૩૦૧/૨૦૧૫, તા. ૧૭-૧૦-૨૦૧૫ થી (૧) વેરાવળ, પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં મુસ્લીમ બિરાદરોનો તહેવાર મોહરમ તથા આગામી માસમાં હિંદુ સમાજના પવિત્ર તહેવારો દિવાળી, નુતનવર્ષ તેમજ ભાઈબીજ જેવા તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક તહેવાર સબબ ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામા જનમેદની એકઠી થતી હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૧-૧૧-૨૦૧૫ સુધી બંન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૬૨૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/સ.સ.બંધી/૫૩૦૦/૧૫, તા. ૧૭-૧૦-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનાવો ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી ઈચ્છનીય છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં મુસ્લીમ બીરાદરોનો તહેવાર મોહરમ તથા આગામી માસમા હિન્દુ સમાજના તહેવારો દિવાળી, નુતનવર્ષ તેમજ ભાઈબીજની ઉજવણી થનાર હોય અને ધાર્મિક તહેવાર સબબ ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વગેરે સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદીર ખાતે આ તહેવાર દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ વર્ષાઋતુ ચાલુ હોય, જેના કારણે વિજળીની આવક-જાવક થતી હોય અને મલઈને પાણી પાવા સારૂ વિજ પુરવઠાના પ્રશ્ને ખેડુતો દ્વારા, તેમજ પાટીદાર સમાજ દ્વારા આંદોલનની ચળવળ ચાલુ હોય આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યકતા છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદોસર ટોળાના રૂપમા લાઈન શો યોજાતા હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યકતા છે. જેથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ થી તા. ૨૧-૧૧-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ

અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૯ મી-ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં.ડીએમ-૧/ઈ.નં. ૪૧૮૮૮/૨૦૧૫.-આગામી તા. ૨૩/૨૪-૧૦-૨૦૧૫ના રોજ મહોરમના તહેવાર નિમિતે ભાવનગર શહેરમાં તાજીયાનાં ઝુલુસ નીકળવાનાં હોઈ, જેના અનુસંધાને ટ્રાફીકનું નિયમન કરવાની જરૂર જણાતાં હું, ચિરાગ ચાવડા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ભાવનગર શહેરમાંના નીચે જણાવેલ રસ્તાઓને તા. ૨૩-૧૦-૨૦૧૫ નાં કલાક ૧૮-૦૦ થી તા. ૨૫-૧૦-૨૦૧૫ સવારે ૦૫-૦૦ કલાક દરમ્યાન એકમાર્ગીય જાહેર કરૂં છું. આથી નીચેનાં રસ્તાઓ ઉપર પ્રવેશબંધી રહેશે.

(૧) ભાવનગર શહેરનાં હેરીસ રોડનાં નાકાથી શેલારશા ચોક, સંઘેડીયા બઝાર થઈને અલકા ટોકીઝ સુધી.

(૨) અલકા ટોકીઝથી વડવા તલાવડી ચોક થઈ ચાવડી ગેઈટથી બાપુની પાડી, પાવર હાઉસ સુધી.

(૩) વાસણઘાટથી શેરાલશા ચોક અને મીની ગેસ્ટ હાઉસ સુધી.

(૪) ખારગેટ ચોકથી મામાકોઠા અને બાર્ટન ચોકથી હલુરીયા ચોક સુધી.

(૫) સંતકંવરરામ ચોકથી કેસરબાઈની મસ્જીદ થઈ હલુરીયા ચોક સુધી.

(૬) એસ.પી. કચેરી સામે રોડથી નવાપરા રણવીર હનુમાનજી મંદીર થઈ મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૭) જોગીવાડની ટાંકીથી રૂપાપરી રોડ બાર્ટન ચોક સુધી.

(૮) ખડપીઠ મોર્ડન સર્વીસ સ્ટેશનથી નવાપરા ચોક, એસ.પી. કચેરી રોડ, રણવીર હનુમાનજી મંદિર સુધી.

(૯) પારસીની અગીયારીથી મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૧૦) દિપક ચોકથી વીમાના દવાખાના સુધી. તાજીયાના રૂટ પર સામેથી મોટા વાહનો ચલાવવા પર પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજા થઈ શકે છે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના પોલીસ સબ ઈન્સ્પેકટરથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

મહેસુલ, પંચાયત, હોસ્પીટલ, વીજળી વિગેરે આવશ્યક સેવાઓનો સંબંધીત સ્ટાફને આ જાહેરનામું લાગુ પડતું નથી.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં જાહેરનામાની નકલો ચોંટાડીને અને વર્તમાનપત્રો મારફતે તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તારીખ : ૧૬-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ચિરાગ ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૮૧૦/૨૦૧૫.-રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૧૫-૧૧-૨૦૧૫ સુધી પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટના અધિકારી/કર્મચારીના સને-૨૦૧૫ના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટ નો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગે ખુલ્લા વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂં છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૧૫-૧૧-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું

વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ની તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૨૩-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ,૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૯૯૫/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા સભાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય અને હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. અને આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેર વિસ્તારમાં આવી હથીયારોનો મુખ્યત્વે ઉપયોગ કરે છે. આવા લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુન્હાઓની કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તે પ્રવૃત્તિને અંકુશમાં લેવા માટે અમુક પ્રતિબંધ મુકવા ઉચીત અને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ ના સમય સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારીના સમય

આ હુકમનો અમલ ૦૧-૧૧-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૧-૧૨-૨૦૧૫ના કલાક ૨૪/૦૦ સુધી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવી કોઈ હથિયાર લઈ આવવા જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિશની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધા કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૫ માહે ઓકટોબર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૯૯૯/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં શહેર વિસ્તારમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય હાલની આતંકવાદી ગતિવિધી તથા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિને લક્ષમાં લેતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા પર તથા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીના પીરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ ૦૧-૧૧-૨૦૧૫ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૧-૧૨-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ પર હોય અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને અને સ્મશાન યાત્રા તથા લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૫ માહે ઓકટોબર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૩૦૦૦/૨૦૧૫.-ભુતકાળમાં વલસાડ જિલ્લામાં મજુરોની વસાહતના કુદરતી હાજતે ગયેલ મહીલા પર ગેંગરેપનો બનાવ બનેલ હોય આવો બનાવ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બનવા પામે નહીં અને શહેર વિસ્તારમાં નવા બંધાતા મકાનોમાં, કોમ્પ્લેક્ષમાં, ઔદ્યોગીક એકમોમાં, જુદી જુદી ટેલીકોમ કંપનીઓમાં તથા ખેતી વિષયક કામ કરતાં મજુરો વિગેરે કામકાજમાં રોકાયેલ મજુરોને રહેવા સબંધી તમામ સગવડો (સુવિધા)ઓ ઉપલબ્ધ થાય તે માટેની કાર્યવાહી અંગે તથા મજુરોની સલામતિ અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવણી હેતુસર થોડા નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ફેકસ મેસેજ નંબરઃ એસ.વી.-૧/કો.વી./૧૦૨૦૧૪/૧૨૨૬૦, તા. ૧૮-૦૬-૨૦૧૪ તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જ-૧/કા.×વ્ય./ટે-૧/પરચ/૧૯/૧૭૭૮/૨૦૧૪, તા. ૨૦-૦૬-૨૦૧૪થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષ/મકાનો/રોડ રસ્તાઓ/ગટ્ટર યોજનાઓ વિગેરે, ઔદ્યોગીક એકમો તથા જુદી જુદી ટેલીકોમ કંપની દ્વારા કંપનીઓના કામો તથા ખેડુતોના ખેતી વિષયક કામોમાં સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા કોઈપણ મજુરોને મજુરી કામ માટે રાખવામાં આવે ત્યારે આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા જે મજુરોને કામકાજ માટે રાખેલ હોય તે મજુરોના કામકાજના સ્થળો ખાતે રહેવા સબંધી/ટોયલેટ/બાથરૂમ/પાણી/સાફ સફાઈ વિગેરે આવશ્યક સુવિધા પુરી પાડવાની રહેશે અને આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા આ મજુરો માટે શું શું આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરેલ છે? તેની માહિતી કામકાજના

વિસ્તારના સબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૦માં લેખીતમાં પુરી પાડવાની રહેશે. આ હુકમ તા. ૦૧-૧૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૨૯૯૮/૨૦૧૫.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઈપલાઈન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઇ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઇપલાઇન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો દ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય.

(૨) તેમજ કેટલાક પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિકયુરીટી- વાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઈ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુર ઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનુ મારૂ માનવું છે.

પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓનો ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટી વાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એકઝી. મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૧૧-૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) (ક) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપલાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડ-ફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી ખેંચી શકશે નહીં.

(૨) કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

: વિસ્તાર :

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

: અપવાદ :

(૧) નર્મદા પાણીની પાઈપલાઈનના જાહેરનામામાંથી ઉપરોકત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૫ માહે ઓકટોબર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૯૯૭/૨૦૧૫.-ભુતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આંતકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહીત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલા તેમજ ભુતકાળના બનાવો જેવા કે સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા મુંબઈ અને દિલ્હી ખાતે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તાજેતરમાં હૈદ્રાબાદ તથા બેંગ્લોર બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો, તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા અને હાલના પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરની સલામતિ માટે કેટલાક પગલા લેવા જરૂરી છે.

રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ તથા જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પાડતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી મોલમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે, જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે. મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

અમલવારીનો સમય

આ હુકમનો અમલ તા. ૦૧-૧૧-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૫ માહે ઓકટોબર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૨૯૯૬/૨૦૧૫.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો બને છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા આચારવવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરીકામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેને અનુલક્ષીને જાહેર જનતાની જાન-માલની (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમો પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અથવા મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે પોતાનું મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/ મુકાદમોએ તે અંગેની જાણ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ, સરનામું, મો. નં. નંબર સહિત.	:	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:	
૩	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું)	:	
૧૧	રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું	:	

મજુરનો તાજેતરનો ફોટો	મજુરના અંગુઠાનું નિશાન ....
	મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ....
	નામ ....

આ હુકમ તા. ૦૧-૧૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં

આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫ ઓકટોબર-૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/પરમીટ/એ. સેકશન/૩૦૦૧/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે, જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ	મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે?	કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ, સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૦૧-૧૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

૧. મે. મે.રામ કૃપા પેપર મીલ, ૨૪૫૮૦૬૦૦૪૪૨ ટીન નં. ૨૪૦૯૧૮૦૫૨૧૧ ના સી. ફોર્મ ગુમ થવા અંગેની તા. ની અરજી તા. ૨૧-૦૭-૨૦૧૫.

૨. વાણિજિયકવેરા અધિકારી-૧, ઘટક-૨, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંકઃ જા. ૨૯૬૯, તા. ૦૧-૦૯-૧૫.

આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૦/રાજ/વવટ-૧/ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૨૦/૩૯.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૨, સુરેન્દ્રનગરના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. રામ કૃપા પેપર મીલ, સુરેન્દ્રનગર ટીન નં. ૨૪૦૮૦૬૦૦૪૪૨ તથા કેન્દ્રીય નંબર : ૨૪૫૮૦૬૦૦૪૪૨ ધરાવે છે. તેઓને ફોર્મ સી અત્રેથી મેન્યુલ ઈસ્યુ કરેલ હતાં. જે સી-ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ તથા ૨ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના સી ફોર્મ ૨૬ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	૨૬ કરવાપાત્ર ફોર્મ નંબર	૨૬ કરવાપાત્ર કુલ પાના	૨૬નું કારણ
૧	મે. રામ કૃપા પેપર મીલ, ટીન નં. ૨૪૫૮૦૬૦૦૪૪૨	સી ફોર્મ નં. ૨૪૫૮૦૬૦૦૪૪૨, (૧) ૯૫૭૬૬૨૩ (૨) ૯૫૭૬૬૨૨	૨ (બે)	ખોવાઈ જવાથી

આથી હું, એસ. એમ. સકસેના, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧૦, રાજકોટ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી. ફોર્મ પાના નંબર ૨૪ (૧) ૯૫૭૬૬૨૩ (૨) ૯૫૭૬૬૨૨ પાના-૨ (બે) ૨૬ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

એસ. એમ. સકસેના,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧૦, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૫૪/૨૯૪૩/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી વડાલા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વડાલા, તાલુકો:-મુંદરા, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ‘‘સે’’(દુ) ૪૪૬૭૨, તા. ૧૯-૧૦-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

જે. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/સે.જે.એન.ડી-૪૪૭૪૦/૪૯૫૩/૭૯૬/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી બંસીધર જુથ મોટા ખેડુતોની સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઉંટડી, તાલુકો : માણાવદર, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/સે.જે.એન.ડી-૪૪૭૩૯/૭૮૭/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી વિરડી ભાખરવડ જુથ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વિરડી, તાલુકો : માળીયા (હાટીના), જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/સે.જે.એન.ડી-૪૪૭૩૮/૭૯૨/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી પાણીધ્રા-વડાળા જુથ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પાણીધ્રા, તાલુકો : માળીયા (હાટીના), જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૯૯/આરજેટીઃ સે.-૪૪૫૯૩/ ૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી માં કૃપા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૯૮/આરજેટીઃ સે-૪૪૫૯૨/ ૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સિધ્ધી ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૯૬/આરજેટીઃ સે-૪૪૫૯૫/ ૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જેનીષ શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૯૫/આરજેટીઃ સે-૪૪૫૯૪/ ૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ગંગાધર શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦૩/૨૦૧૪, તા. ૨૫-૦૩-૨૦૧૪.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૧-૦૯-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક નં. : ફડચ/ગ-૨/૨૧૨/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ, શ્રી નવા માત્રાવડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નવા માત્રાવડ, તા. જામકંડોરણા, જિ. : રાજકોટ, નોંધણી નંબર : સે.દુ.-૨૬૬૦૧, તા. ૧૮-૦૫-૧૯૯૨ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૭-૦૪-૨૦૧૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૫૪/૨૦૧૫.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૧૧/ખ-૪/૨૮૨/૪૯૨૯/૨૦૧૫.- આથી હું, ડી. કે. બજાણીયા, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, (હાઉસીંગ) સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી જલારામ કો.ઓપ. હાઉ. સોસા. લી., મુ. માણાવદર, તા. માણાવદર, જિલ્લોઃ જુનાગઢ કે જેના નોંધણી નં. ૪૪૧૯, તા. ૨૯-૦૩-૧૯૭૩ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીનાં છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ડી. કે. બજાણીયા,
મદદ. જિલ્લા રજીસ્ટ્રાર, (હાઉસીંગ),
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 12th NOVEMBER, 2015/KARTIKA 21, 1937 No. 46

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1145-1166	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1841-1864
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) મુજબ

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/ચૂંટણી/૩૩(૧)/૧/૨૦૧૫.- આગામી નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય/પેટા ચૂંટણી ૨૦૧૫ સંદર્ભે ચૂંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષ/ઉમેદવારો/કાર્યકરો ચૂંટણી ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટાપાયે કરતા હોય છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપરાંત ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષી, વાન, ત્રણ પૈડા વાળા વાહનો, સ્કૂટરો, રિક્ષા, બળદગાડી, ઉંટગાડા, વગેરે વાહનો ઉપર ગોઠવીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના વાહનો તમામ માર્ગો, શેરીઓ, ગલીઓમાં ફરતા હોય છે. જેને કારણે ખૂબ જ ધ્વનિ પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડસ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમની કલમ ૩૩(૧) તળે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા બાબતે નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમ કરૂં છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો/ઉમેદવારો/રાજકીય કાર્યકરો/ સમર્થકો એ નિયત મંચ સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી.

(૨) લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા પહેલા સક્ષમ અધિકારીની મંજુરી મેળવવાની રહેશે.

(૩) ફરતા વાહન પર લાઉડ સ્પીકર વગાડવા માટે વાહનની મંજુરી સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવી અને લાઉડ સ્પીકર વગાડવા માટે પણ સક્ષમ અધિકારીની મંજુરી મેળવી તેનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપરોકત જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી ફરજ પરના વાહનોનો

આ જાહેરનામાનો અમલ તા. ૨૮-૧૧-૨૦૧૫ સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉકત નિયમોનું ભંગ કરનારને ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧ (ઝ) મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૨૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૭ માહે ઓકટોબર સને ૨૦૧૫.

ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩ (૧)/૦૫/૨૦૧૫.-રાજ્ય ચૂંટણી પંચ તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે આ અંગે તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી ૦૨-૧૨-૨૦૧૫ સુધી ચાલશે. આગામી લોકસભા ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ના પત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

ચૂંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષ/ઉમેરવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા/બેનર વગેરે દ્વારા પૈસાની તાકાતનું આડંબરયુકત દર્શન ન થાય તે હેતુથી રાજ્ય ચૂંટણી પંચે નક્કી કરેલ આચારસંહિતા મુજબ તથા અપાયેલ વિવિધ સૂચનાઓ અનુસાર નિયમન કરવું જરૂરી હોઈ હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ-ભુજ, મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (ડી.એ.), (ડી.બી.) થી મળેલ સત્ની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થીનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી સંદર્ભે ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર, કટઆઉટ મુકવા બાબતે નીચે મુજબના નિયમો તાત્કાલિક અમલમાં લાવવા જરૂરી હોઈ નીચે મુજબનાં નિયમોનું પાલન કરવા હું હુકમ કરૂં છું.

અ. ૧. ‘‘કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવાર/સંસ્થા અથવા વ્યકિત દ્વારા કટઆઉટ, હોર્ડીંગ્ઝ, તોરણો, ધ્વજ, પતાકા વગેરે કોઈપણ સરકારી મિલ્કત/જાહેર ઈમારત પર મુકી કે પ્રદર્શિત કરી શકાશે નહીં.’’

બ. જે જાહેર સ્થળોને જાહેરાત, બીલ બોર્ડ અને હોર્ડીંગ્સ પ્રદર્શિત કરવા માટે નક્કી કરવામાં આવેલ હોય અને તે સ્થળો કોઈ ખાનગી એજન્સીને વ્યકિતગત ગ્રહકોને ફાળવવા માટે આપવામાં આવેલ હોય તેવા

કિસ્સામાં તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોને ચૂંટણીને લગતી જાહેરાતો પ્રર્શિત કરવા માટે સમાન તક મળી રહે તે સંબંધીત ચૂંટણી અધિકારીશ્રીએ સંબંધીત મ્યુનિસિપલ ઓથોરીટી મારફતે (જો હોય તો) સુનિશ્ચિત કરવાનું રહેશે.

૨. ખાનગી સ્થળો

અ. સ્થાનિક કાયદાઓ જ્યાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામાં દિવાલો પર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, પાટીયા, ઝંડા વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં ચૂંટણી લડતા ઉમેદવારોએ અથવા સંબંધીત રાજકીય પક્ષોએ મિલ્કતના માલિક પાસેથી લેખિત પરવાનગી તેમજ સંબંધીત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. મેળવેલ લેખિત પૂર્વ પરવાનગી તથા પૂર્વ મંજુરીની નકલ તથા મિલ્કત ધારકના નામ, સરનામા અને થનાર ખર્ચ અંગેની વિગતો લેખિતમાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી પંચે નક્કી કરેલ નમુનામાં પુરી પાડવાની રહેશે અન્યથા આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ કરી શકાશે નહી.

(અ)(અ) સ્થાનિક કાયદાઓ પણ જો ખાનગી માલિકીની જગ્યામાં દિવાલો પર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, પાટીયા વગેરે લગાડવાની પરવાનગી ન આપતા હોય તો માલિકની પારવાનગીથી પણ આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ કરી શકાશે નહી.

(અ)(બ) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ, કાર્યકરો, ટેકેદારો દ્વારા ખાનગી મિલ્કતના માલિક અથવા કબજો ધરાવનારની લેખિત સ્વૈચ્છિક પૂર્વ પરવાનગી મેળવી અલ્પકાલિન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સામગ્રી પૈકી ધ્વજ, ઝંડો અને બેનર્સ મૂકી શકશે. કટ આઉટ અને હોર્ડીંગ્ઝ ખાનગી મિલ્કત પર પ્રદર્શિત કરી શકાશે નહી. આ સંબંધે મિલ્કતના માલિક અથવા કબજો ધરાવનારની લેખિતમાં મેળવેલ સ્વૈચ્છિક પૂર્વ પરવાનગીની ફોટો કોપી ત્રણ દિવસની અંદર ચૂંટણી અધિકારીને રજુ કરવાની રહેશે.

બ. હોર્ડીંગ્ઝની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી.

ક. કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધતી જોઈએ નહીં.

ડ. કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ શહેર/જિલ્લા મ્યુનિસિપલ/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને તેમજ સંબંધિત પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

ઈ. આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્ઝ/કટઆઉટ વગેરે મુકેલ હોય તદ્દાનુસાર ઉમેદવારનાં ચૂંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાનું રહેશે.

આ જાહેરનામાનો અમલ તા. ૦૨-૧૨-૨૦૧૫ સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉક્ત નિયમોનું ભંગ કરી ચૂંટણીલક્ષી કટઆઉટ, જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧(ઝ) મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૨૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૭ માહે ઓકટોબર, ૨૦૧૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની મુંબઇ ૨૨ માની કલમ-૩૭ની પેટા કલમ(૩) હેઠળનું

જાહેરનામું

નં મેજી/પોલ/ચૂંટણી/જાહેરનામું/૦૨/૨૦૧૫.-આગામી નવેમ્બર માસમાં જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી ૨૦૧૫ યોજવામાં આવનાર છે. જેથી ચૂંટણી પ્રચાર માટે ઉમેદવારો, પક્ષના કાર્યકરો દ્વારા સભા, સરઘસ, રેલી વગેરેનું આયોજન થશે. આ સભા, સરઘસ વ્યવસ્થિત રીતે યોજાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જાળવવા તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુસર નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં જેમાં હવે પછી સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે તે વિસ્તારોમાં પરવાનગી લીધા સિવાય તેમાં કોઈ વ્યકિતઓની મંડળી અને સભા/સરઘસ ન યોજાય તે માટે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં રાત્રીના ૧૦-૦૦ વાગ્યા પછી કોઈ વ્યકિતઓની મંડળી અને સભા/સરઘસ ન યોજાય તે માટે મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હું એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ (૩૭)ની પેટા કલમ(૩) થી મને મળેલ સત્તાની રૂએ તા. ૨૮-૧૦-૨૦૧૫ થી તા. ૨૭-૧૧-૨૦૧૫ સુધી નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તાર જેમાં હવે પછી સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં વ્યકિતઓની કોઈ મંડળી, સભા અને સરઘસ પરવાનગી સિવાય ભરવા માટે મનાઈ ફરમાવું છું તેમજ રાત્રીના ૧૦-૦૦ વાગ્યા પછી મંડળી, સભા અને સરઘસની પરવાનગી નહીં આપવા ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

૧. સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતઓ, સંસ્થાને

૨. ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને

૩. કોઈ લગ્ન પ્રસંગના વરઘોડાને

૪. કોઈ સ્મશાનયાત્રાને

અનુસૂચિ

સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર

આ હુકમના કોઈપણ ભાગનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ સને ૧૮૬૦ ના ક્રમાનક ૪૫માંની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી કરી સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૨૭ માહે ઓકટોબર, ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે બહાર પાડેલ

હુકમ

નાં. મેજી/પોલ/જાહેરનામું/૦૬/૨૦૧૫.-સ્થાનિકસ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ નજરે કચ્છ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ ઈચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ મતદારો પોતાના મતનો ઉપયોગ મુક્ત અને નિર્ભય રીતે કરી શકે તે માટે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતીમય વાતાવરણમાં થાય અને કોઈ વિક્ષેપો ઉભા ન થાય તે માટે જાહેર સુલેહ શાંતીનો ભંગ અટકાવવા જરૂરી જણાતું હોઈ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, એમ. એસ. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ તળે મને મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે આ હુકમના જાહેરાતના દિવસથી તા. ૦૨-૧૨-૨૦૧૫ સુધી કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે રાખવા નહી તેમજ તે લઈને બહાર નિકળવું કે ફરવું નહીં. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાઠી, લાકડી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો કે વસ્તુઓ સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર રોકાયેલા પોલિસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજના ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) શારિરીક અશક્તતાના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવું જરૂરી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકો કે તેઓને તે બેંકની કેશ કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગ રૂપે બેંકના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

(૪) ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે પોતે પરવાના ધરાવતી હોય તે સંસ્થા અને સિક્યોરીટી ફરજ પરની વ્યકિત વેલીડ પરવાનો ધરાવતી હોય તે સંસ્થાઓ અને વ્યકિતઓ પાતાના ફરજના ભાગ રૂપે તે સ્થળે પરવાના વાળા શસ્ત્રો રાખી શકશે.

મે આજ તા. ૨૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડેલ છે.

કચ્છ-ભુજ, ૨૭ માહે ઓકટોબર, ૨૦૧૫.

ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું

જાહેરનામું

નાં મેજી/પોલ/જાહેરનામું/૧૪૪/૦૪/૧૫.-રાજય ચૂંટણી પંચ તરફથી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે અને તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી તા. ૦૨-૧૨-૨૦૧૫ સુધી ચાલશે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ સૂચનાઓ આપવામાં આવેલ છે.

રાજય ચૂંટણી પંચ તરફથી ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી ઉમેદવાર/રાજકીય પક્ષો/રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરો સરકારી ગેસ્ટ હાઉસ, ભવનો, સદનો, સરકીટ હાઉસ, ડાક બંગલો, રેસ્ટ હાઉસ કે કોઈ પણ ગવર્નમેન્ટ એકોમોડેશન કે કેન્દ્ર કે રાજ્ય સરકારના પબ્લીક સેકટર અન્ડરટેકીંગના કોઈપણ પ્રકારના એકોમોડેશનનો ચૂંટણી પ્રચાર, સભા યોજવા, પ્રેસ કોન્ફરન્સ યોજવા માટે ઉપયોગ ન કરે તે માટે તા. ૦૬-૦૧-૨૦૧૦ ના પત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓ મુજબ આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી દરમ્યાન ચૂંટણી ઉમેદવાર/રાજકીય પક્ષો/રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરો દ્વારા ઉપરોકત તમામ એકોમોડેશનોના ઉપયોગ સંબંધે નીચે મુજબ હુકમો કરવા જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂં છું.

INDEX

૧. કોઈપણ ચૂંટણી ઉમેદવાર/રાજકીય પક્ષો/રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરો સરકારી ગેસ્ટ હાઉસ, ભવનો, સદનો, સરકીટ હાઉસ, ડાક બંગલો, રેસ્ટ હાઉસ કે કોઈપણ ગવર્નમેન્ટ એકોમોડેશન કે કેન્દ્ર કે રાજ્ય સરકારના પબ્લીક સેક્ટર અન્ડરટેકીંગના કોઈપણ પ્રકારના એકોમોડેશનનો ચૂંટણી પ્રચાર, સભા યોજવા, પ્રેસ કોન્ફરન્સ યોજવા માટે ઉપયોગ કરી શકશે નહી.

૨. કોઈપણ એકોમોડેશન ફકત રહેવા અને જમવા માટે જ ફાળવી શકાશે. તે સિવાય આ એકોમોડેશનો કે તેના પ્રિમાઈસીસનો કોઈ ઉપયોગ થઈ શકશે નહી.

૩. આ એકોમોડેશનોમાં રાજકીય પક્ષોના સભ્યો સામાન્ય બેઠકો પણ યોજી શકશે નહી.

૪. જે વ્યકિતને એકોમોડેશન ફાળવવામાં આવેલ હોય તેનું જ એક વાહન (વ્યકિતના પોતાના ઉપયોગ માટે હોય તે બીજા બે થી વધુ નહી) જે તે એકોમોડેશનના કમ્પાઉન્ડમાં રહી શકશે.

૫. એકોમોડેશન ફકત ૪૮ કલાક માટે જ આપી શકાશે.

૬. જે પોલિટીકલ ફંકશનરીને ઝેડ સ્કેલ તે તેથી ઉપરની કે તેને સમકક્ષ સિક્યોરીટી આપવામાં આવેલ હોય તેવા વ્યકિતઓને પ્રવર્તમાન જોગવાઈઓને આધારે એકોમોડેશન આપી શકાશે. પરંતુ આ એકોમોડેશન, જો પહેલાથી ચૂંટણી સંબંધિત અધિકારીઓ કે ઓબ્ઝર્વરોને ફાળવવામાં આવેલ હશે તો તે પોલિટીકલ ફંકશનરીને ફાળવી શકાશે નહી.

આ જાહેરનામું સમગ્ર કચ્છ જિલ્લામાં લાગુ પડશે. આ જાહેરનામું ચૂંટણી ઉમેદવાર/રાજકીય પક્ષો/રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરોને લાગુ પડશે.

આ જાહરનામાનો અમલ તા. ૦૨-૧૨-૨૦૧૫ સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉક્ત નિયમોનું ભંગ કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧(ઝ) મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૨૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી/પોલ/જાહેરનામું/ચૂંટણી/૧૪૪/૩/૨૦૧૫.-આગામી નગરપાલિકા, જિલ્લા-તાલુકા પંચાયત સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ નવેમ્બર માસમાં થનાર છે. તે અંગેનુ કાર્યક્રમ સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ઈએલસી-સી.ઓ. સી.૩(૭)૧૦૨૦૧૦/ક, તા. ૨૩-૧૦-૨૦૧૦ થી બહાર પાડવામાં આવેલ છે. તે નજરે કચ્છ જિલ્લામાં મતદાન વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનઈચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ મતદારો પોતાના મતનો ઉપયોગ નિર્ભય રીતે કરી શકે તે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતી પૂર્વક થાય, નક્કી કરાયેલ મતદાન મથકો ઉપર કોઈ અસામાજીક તત્વો ભાંગ ફોડની પ્રવૃત્તિ ન આચરે કોઈ પણ મતદાન વિસ્તારમાં રહેતા લોકોમાં ભય, ડર ન ફેલાય તે હેતુથી અને ચૂંટણીપંચની અપાયેલ સૂચનાઓના અસરકારક અમલ માટે અને જાહેર સુલેહ શાંતીનો ભંગ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ નીચે મુજબના પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા. ૨૭-૧૧-૨૦૧૫ થી તા. ૨૯-૧૧-૨૦૧૫ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં તથા મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજ્યાના આસપાસના વિસ્તારમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ આચરવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મતદાન માટે મતદારોને રીઝવવા માટે કોઈ વાહનોનો દુર ઉપયોગ કરવો નહી.

(૨) મતદાન મથકમાં પોલિંગ એજન્ટ/ઉમેદવાર કે ઉમેદવારના ચૂંટણી એજન્ટ કે મતદારોએ મતદાન મથકમાં મોબાઈલ ફોન, વોકી ટોકી સેટ વગેરે લઈ જવા નહી અને મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોબાઈલ સ્વીચ ઓફ રાખવાનો રહેશે. પરંતુ પ્રિસાઈડીંગ ઓફિસર અને ચૂંટણી પંચના નિરીક્ષક/ઝોનલ ઓફિસર, અથવા સંબંધિત મતવિભાગના ચૂંટણી અધિકારીએ નિમેલા અધિકારી મતદાન મથકમાં તાત્કાલીક ઓફિસીયલ ઉપયોગ માટે મોબાઈલ ફોન લઈ જઈ શકશે.

(૩) સંબંધિત મતવિસ્તાર બહારની વ્યકિતઓ રાજકીય ગતિવિધિ માટે સંબંધીત મતવિસ્તારમાં ફરી શકશે નહી કે રોકાણ કરી શકશે નહી.

(૪) ટેલીફોન ધારકો પર કોઈપણ વ્યકિતગત, રાજકીય પક્ષ કે ઉમેદવારે મતદાન પૂર્ણ થયાના પહેલાના ૪૮ કલાક દરમ્યાનમાં ચૂંટણી પંચ દ્વારા પ્રતિબંધ જાહેર કરેલ રીતના પ્રચાર કાર્યને લગતા મતદારને લલચાવતા એસએમએસ મોકલી શકાશે નહી.

(૫) મતદાનના દિવસે ખાનગી વાહન માલિકો મતદારોની હેરાફેરી માટે પોતાનું વાહન રાજકીય પક્ષો તેના પ્રચારકો કે ટેકેદારોને ભાડે આપી શકશે નહી.

(૬) મતદાનની ગુપ્તતા ભંગ થાય તેવા ફોટા લેવા કે પ્રસિદ્ધિ કરવાના રહેશે નહી.

(૭) મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈ પણ રાજકીય પક્ષ ચૂંટણી પંચ દ્વારા નિર્દિષ્ટ કર્યા સિવાયની રીતે ટેબલો ગોઠવી શકશે નહી તથા મતદાન મથક પર પ્રચાર સામગ્રી સાથે લાવી શકશે નહી. ખેસ, દુપટ્ટા, બેનર વગેરે લગાડી પ્રચાર કરી શકશે નહી.

(૮) મતદાન મથકની ૧૦૦ મીટરની અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહી અને એક જ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહી.

(૯) આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તામંડળની લેખીત પરવાનગી મેળવવી અને સંબંધીત ચૂંટણી અઈધકારીશ્રીઓને જાણ કરવી જોઈશે.

(૧૦) મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર થવાની છૂટ આપવી નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ક્રમાંક ૪૫)ની કલમ ૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

મેં આજ તા. ૨૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડેલ છે.

કચ્છ-ભુજ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/SSC/૧૪૪/જાહેરનામું/૧૦/૧૫.સ્ટાફ સિલેકશન કમીશન દ્વારા તા. ૦૧-૧૧-૨૦૧૫ના રોજ હાયર સેકંડરી લેવલ કમ્બાઈન્ડ પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે.

જિલ્લામાં હાયર સેકંડરી લેવલ કમ્બાઈન્ડ પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી, હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૦૧-૧૧-૨૦૧૫ના સવારે ૦૮-૦૦ કલાક થી તા. ૧૮-૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલા કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગ કંડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓ આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતઓ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહી.

INDEX

અનુસુચિ

ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ
માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ
લેવા પટેલ કન્યા વિદ્યાલય, ભુજ
જૈનાચાર્ય અજરામરજી હાઈસ્કુલ, ભુજ
સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ભુજ

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. તથા તમામ પરીક્ષા કેન્દ્રોની આસપાસ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૨૬-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૨૯૯૬-૩૭(૩)/૧૫.-આગામી તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ દરમિયાન ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ સેમ.૧ તથા ૩ ની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા શાંતિથી લેવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુ બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યકિતને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવા અંગે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગર તરફથી દરખાસ્ત મળેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે. તેથી હું, આર. જે. માકડિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૩૭ ની પેટા કલમ—(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ દરમિયાન (બન્ને દિવસો સહિત ‘‘જાહેરરજા સિવાયના) સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૩૦ કલાક સુધી પરિશષ્ટિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

પરિશિષ્ટ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ
૧	સેન્ટ આન્સ હાઈસ્કુલ, જામનગર
૨	ડી.એસ. ગોજીયા હાઈસ્કુલ, જામનગર
૩	એ. કે. દોષી વિદ્યાલય, જામનગર
૪	શ્રી પ્રણામી હાઈસ્કુલ, જામનગર
૫	સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય, જામનગર
૬	શાસ્ત્રી ત્રંબકરામ હાઈસ્કુલ, જામનગર
૭	સત્યસાંઈ વિદ્યાલય, જામનગર
૮	જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૧ ધ્રોલ
૯	જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૨ ધ્રોલ

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારની નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.
(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યક્તિને.
(૩) લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રાને.
(૫) પ્રમાણીત પરિક્ષાર્થીને.
(૬) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગરે બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૨૭ માહે ઓકટોબર—૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૨૯૯૬-૧૪૪/૧૫.-આગામી તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ દરમિયાન ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ સેમ.૧ તથા ૩ ની પરીક્ષા યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી

INDEX

પરીક્ષાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરિક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે નિયમોનુસાર પરીક્ષા આપતા હોય તેવા પરીક્ષાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, આર. જે. માકડિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા **પરિશિષ્ટ** મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ દરમિયાન (બન્ને દિવસો સહિત ''જાહેરરજા સિવાયના) સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૩૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી.

પરિશિષ્ટ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ
૧	સેન્ટ આન્સ હાઈસ્કુલ, જામનગર
૨	ડી.એસ. ગોજીયા હાઈસ્કુલ, જામનગર
૩	એ. કે. દોષી વિદ્યાલય, જામનગર
૪	શ્રી પ્રણામી હાઈસ્કુલ, જામનગર
૫	સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય, જામનગર
૬	શાસ્ત્રી ત્રંબકરામ હાઈસ્કુલ, જામનગર
૭	સત્યસાંઈ વિદ્યાલય, જામનગર
૮	જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૧ ધ્રોલ
૯	જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય, યુનિટ-૨ ધ્રોલ

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૭ માહે ઓકટોબર–૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આર. જે. મકડિયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

ફોજદારી કાર્યવાહી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪(૧) અન્વયે

હુકમ

નં. એમએજી/સી/૧૪૪/૧/૧૯૧૦/૨૦૧૫/૧.-આગામી તા. ૨૩,૨૪ -૧૦-૨૦૧૫ના રોજ મુસ્લીમ લોકોના મહોરમ તાજીયાના તહેવાર આવે છે. તેથી સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અને જાહેર સુલેહ શાંતિ જાળવવા અર્થે સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાતા તા. ૨૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૫-૧૦-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને ૧૯૭૪ના અધિનિયમ નંબર-૨ની કલમ-૧૪૪(૧) હેઠળ કોઈપણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૬-૧૦-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ઉપરમાં દર્શાવેલ દિવસોએ કોઈપણ કતલખાનાની બહાર જાહેર કે ખાનગી સ્થળોએ ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડા અને વાછડીના કતલને કારણે તેમજ કોઈ શેરીમાં કે સ્થળમાં દેખાઈ તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે સુલેહ-શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને-૧૯૭૪ના અધિનિયમ નંબર-૨ ની કલમ-૧૪૪(૧) હેઠળ પગલા લેવા માટેનું પુરતુ કારણ છે, અને તે તાત્કાલીક અટકાવવું ઈચ્છનીય છે અને તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, અધિક જિલ્લો પોરબંદર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને ૧૯૭૪ની અધિ. નં. ૨ ની કલમ-૧૪૪(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, પોરબંદર જિલ્લા પોલીસ જિલ્લાના તમામ તાલુકાના શહેરો કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ **તા. ૨૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૫-૧૦-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત** કતલખાનાની બહારના કોઈપણ જાહેર જગ્યાએ કે શેરીઓમાં ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડા અને વાછરડીની કતલ કરવી નહિં અથવા જાહેર સ્થળમાં દેખાઈ તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામું આજરોજ તા. ૨૧-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) એન. અને ઓ. અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૨૮૧૦/૨૦૧૪/૨.-આગામી તા. ૨૩/૪૪-૧૦-૨૦૧૫ના રોજ મહોરમ/તાજીયાના તહેવાર આવે છે. મહોરમના દિવસો દરમ્યાન જિલ્લાનાં તાજીયાના સરઘસ વિગેરેનું નિયમન કરવાનું અને તે અંગે જાહેર સુલેહશાંતિ તથા જાહેર વ્યવસ્થા જાળવવા સાવચેતીના પગલા લેવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) એન. અને ઓ. અન્વયે જાહેરનામુ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તાર સહીત સમગ્ર પોરબંદર જિલ્લાના વિસ્તાર માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરે દરખાસ્ત અત્રે તા. ૧૬-૧૦-૨૦૧૫ ના રોજ તા. ૨૩-૧૧-૨૦૧૫ થી તા. ૨૫-૧૦-૨૦૧૫ સુધી કરેલ છે.

સબબ, હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો,** સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩(૧) એન. અને ઓ. અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ નીચે મુજબ ફરમાવું છું.

૧. તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા ફેરવવા માટે સબંધકર્તા વિભાગના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે. આવી પરવાનગી મેળવવા માટે જાહેર વ્યવસ્થા જાળવવા પુરતો ખાત્રી અને રૂપિયા ૫૦૦/-નાં જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન રજુ કરવાના રહેશે.

૨. આવી પરવાનગી પરા પૂર્વથી ફેરવવામાં આવતી તાજીયા માટે અગર તો મતવાના તાજીયા માટે મુસ્લીમ કોમના કોઈપણ શખ્સને ઉપરોક્ત શરત નંબર નં. ૧ માં જણાવેલ શરતનું પાલન થયે આપવામાં આવશે. પરવાનગી મેળવનાર શખ્સોએ જયારે કોઈપણ મેજિસ્ટ્રેટશ્રી કે પોલીસ અધિક્ષકશ્રી પરવાનગી જોવા માંગે ત્યારે રજુ કરવી પડશે.

૩. પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીમાં સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુંક અને સુલેહશાંતિ ભરી રસમો માટે તે પોતે તેમજ તેના જામીનની જવાબદારી રહેશે. કોઈપણ શખ્સ અગર મંડળી અથવા આવા સરઘસની વર્તણુંકને અવ્યવસ્થિત અથવા સુલેહશાંતિ માટે જોખમકારક જણાયે ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીએ સોંપેલ પરવાનગી રદ કરવામાં આવશે.

૪. જે તે ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માંગને આધિન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા, પંજો, ડોળી, હાથી, ઘોડા સરઘસમાં ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાજીંત્ર વગાડી શકશે.

૫. જાહેર રસ્તા આગળ સ્થળો ઉપર ઢોલ અથવા બીજા કોઈપણ વાજીંત્રો વગાડવા માટેની પરવાનગી **તા. ૨૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૫-૧૦-૨૦૧૫** સુધી આપવામાં આવશે.

૬. શહાદતની રાત્રે સાંજના ૧૭:૦૦ કલાકે થી રાત્રીના ૨:૦૦ વાગ્યાના સમય દરમ્યાન સરઘસ ફેરવવાના રહેશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાના દિવસે બપોરના ૧૫:૦૦ કલાક થી રાત્રીના ૨:૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની ક્રિયા પુરી કરવી પડશે. આ હુકમની ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૭. રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વિગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખવા દેવા માટે કે થોભવા દેવામાં આવશે નહીં. સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિકારીશ્રીઓના હુકમને આધિન રહી વધુમાં વધુ પાંચ મીનીટમાં તાજીયા અગર તો જેની ડોળી મંડળીને ચકાસીને આગળ વધવું પડશે.

૮. પરાપૂર્વથી ચાલતાં આવેલ અને પરવાનગીમાં જણાવ્યા ક્રમ પ્રમાણે તાજીયા સાર્વજનિક રસ્તા ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ.શ્રી અને સબ ઈન્સ.શ્રી દ્વારા દર સાલનાં આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જયારે સામસામા તાજીયા આવે ત્યાર પછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો. ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોનું વાજીંત્ર બંધ કરી બીજા આવે તે રીતે પોતપોતાની ગલી આવતી હોઈ તે ગલીમાં નાકે થોભવું અને જયારે પોતાનો નંબર આવે ત્યારે પાછી દાખલ થઈ સામેલ થઈ જવું.

૯. કોઈપણ શખ્સે તલવાર, ખંજર, સોટી, લાકડી, ચપ્પુઓ કે ભાલા કે તેવા પ્રકારના કોઈપણ હથિયાર તથા બીજા કોઈપણ પ્રકારના હથિયાર લઈને ફરવું નહીં.

૧૦. રમત-ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલ હોય એ શખ્સોને રમત-ગમતના સઘળા સાધનો અગર હથિયાર પોલીસની દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે.

૧૧. મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોઈના સ્વાંગ, વેશો કાઢવા નહીં, ઈત્તર કોમના ધર્મની લાગણી દુભાય, દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહ શાંતિનો ભંગ થાય તેવો કૃત્યો કરવા નહીં.

૧૨. આ જાહેરનામું તા. ૨૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૫-૧૦-૨૦૧૫ સુધી (ત્રણ) દિવસો સહિત અમલમાં રહેશે.

૧૩. આ જાહેરનામું પોલીસ ખાતાના સભ્યો, હોમગાર્ડસના સભ્યો તથા જેઓને પોતાની ફરજની રૂઈએ હથિયાર ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

૧૪. હથિયારબંધીનું તથા સભા-સરઘસબંધીનું જાહેરનામું અમલમાં હોય તેની અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને તથા ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૨૦-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

પોરબંદર, ૨૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩(૧)(યુ) હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૧૯૧૦-૨૦૧૫(૪).-પોરબંદર જિલ્લામાં ચાલુ વર્ષે ધાર્મિક તહેવારો તથા દિવાળીના તહેવારો તેમજ અન્ય પ્રસંગોએ લોકો દ્વારા જાહેરમાં ફટાકડા ફોડવામાં આવે છે. આવા ફટાકડા ફોડવાથી આગ લાગવાના કે જાહેર જનતા/રાહદારીઓના દાઝવાના બનાવો કે અકસ્માતો થવાનો પુરો સંભવ છે. આથી જિલ્લામાં કોઈપણ વ્યકિત કે તેની મિલકતને નુકશાન કે તેને શારીરિક ઈજાઓ/જાનહાની થાય નહી તે હેતુથી કોઈપણ પ્રસંગે જાહેર રસ્તાઓ ઉપર/શેરીઓમાં/ગલીઓમાં વિસ્તારોમાં ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવા યોગ્ય જણાય છે. આ બાબતમાં સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડેલ સુચનાઓ ધ્યાને લેતા હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** આથી સને. ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩(૧)(યુ) મુજબ મળેલ અધિકારની રૂએ જિલ્લામાં કોઈપણ વ્યક્તિ કે તેની મિલકતને નુકશાન કે તેને પોતાને શારીરીક ઈજાઓ/જાનહાની ન થાય અને સુલેહશાંતિ અને સલામતી જોખમાય નહી તે હેતુથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં આવેલ પેટ્રોલ પમ્પો તથા જાહેર રસ્તાઓ ઉપર/શેરીઓમાં/ગલીઓમાં જાહેર રસ્તા ઉપર આનંદ પ્રમોદના સ્થળો, મેઈન ચોક તથા ઈલેકટ્રીકના સબ સ્ટેશન થાંભલાની નજીક આવતા ૫૦ ચોરસ ફુટની અંદર ફટાકડા/દારૂ ગોળો ફોડવા ઉપર મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામું તા.૦૫-૧૧-૨૦૧૫ થી તા.૦૪-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામાનો અમલ પોલીસ અધિશ્રકશ્રી, પોરબંદરએ કરાવવો તથા જિલ્લાના વિસ્તારોમાં સહેલાઈથી લોકો જોઈ શકે તેવી જગ્યાએ આ જાહેરનામાની નકલો ચોટાડવી અને બહોળી પ્રસિધ્ધ કરી તેનું રેકર્ડ રાખવું.

આજ તા. ૨૦-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ

જાહેરનામું

નં. ડીએમ-૨/વશી-૪૩૫૪૫/૨૦૧૫.-સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૨૬-૦૮-૨૦૧૫ના ફેકસ પત્ર નં. હથ૫/૧૦૨૦૧૫/૭૩૩/મ થી થયેલ સૂચનાનુસાર શસ્ત્ર અધિનિયમ તળે મંજુર કરવામાં આવેલ વ્યકિતગત હથિયાર પરવાનાઓ હેઠળના તમામ હથિયારો બીજી સૂચના ન મળે ત્યાં સુધી જે તે પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક જમા કરાવવા અત્રેના તા. ૦૩-૦૯-૨૦૧૫થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૨૧-૧૦-૨૦૧૫ના ફેકસ પત્ર નં. હથ૫/૧૦૨૦૧૫/૭૩૩/મ થી તા. ૨૬-૦૮-૨૦૧૫ના પત્રથી આપવામાં આવેલ સૂચના તાત્કાલિક અસરથી પાછી ખેંચવામાં આવેલ છે.

સબબ, ઉકત હકીકતને ધ્યાને લઈ મને મળેલ અધિકારની રૂઈએ હું બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર, ભાવનગર શહેર/જિલ્લાના તમામ પરવાનેદારોના પોલીસ સ્ટેશનમાં જમા લેવામાં આવેલ હથિયારો તાત્કાલિક અસરથી પરત સોંપવા આદેશ કરૂ છું.

આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તથા જાહેર નોટિસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવાની રહેશે.

આજ તા. ૨૮-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

બંછાનિધિ પાની,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં.ડી.એમ.-૧/પરીક્ષા/ઈ.નં. ૪૨૮૩૦/૨૦૧૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ભાવનગર શહેર તથા જિલ્લાના પરીક્ષા કોન્દ્રોમાં વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટર તથા ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાઓ ઓકટોબર-નવેમ્બર માસમાં યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ સુધી પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ/સેલ્યુલર ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ભાવનગર શહેર તથા જિલ્લામાં ઉકત પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૨૬-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આર. પી. ચૌધરી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૨૭૯/ટીએચઆરઆ/૨૨૨૯૨/૨૦૧૫.-આગામી તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૭-૧૧-૨૦૧૫ દરમ્યાન રોજ બોટાદ શહેર ખાતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજીત વિજ્ઞાન પ્રવાહ સેમસ્ટર-૧ અને ૩ ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, આર. એચ. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ સુધી વિજ્ઞાન પ્રવાહ સેમસ્ટર-૩ માટે પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૧૩.૦૦ કલાક દરમ્યાન, વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ માટે પરીક્ષાના દિવસો દરમ્યાન બપોરના ૧૫-૦૦ કલાકથી ૧૭-૩૦ કલાક દરમ્યાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

અનુસૂચિ

પરીક્ષા કેન્દ્રોની યાદી

ક્રમ	કેન્દ્રનું નામ
૧	શ્રી એમ.ડી. શાહ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ
૨	આર.સી. બોયઝ હાઈસ્કુલ, હવેલી ચોક પાસે
૩	શ્રી આર.પી. કોરડીયા, માધ્યમિક શાળા, સ્ટેશન રોડ, પથિકાશ્રમ પાસે,
૪	શ્રી એલ.જે. શાહ ગર્લ્સ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ

સદરહું જાહેરનામાનો ઉલ્લંધન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

આજ તારીખ : ૧૨-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૧૨ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૧૩૫/૨૦૧૫.-અધિક્ષક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., બોટાદના તા. ૨૦-૧૦-૨૦૧૫ના પત્ર નં. બીટીસીઓ/ટેક-૧/અકસ્માત/૪૧૭૦ થી બોટાદ જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ નેટવર્ક ઉપર કેબલ ટીવી ઓપરેટરોના કેબલ તેમજ અન્ય સંચાર માધ્યમના વાયરો કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવેલા હોય, જેના કારણે વિજ અકસ્માતના બનાવો બનવા પામતાં હોય છે. આથી આ અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સબબ, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતાં કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, આર. એચ. ગઢવી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, હુકમ કરૂં છું કે, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા દૂર કરવામાં આવેલ ટીવી કેબલ પી.જી.વી.સી.એલ.ના નેટવર્ક પર પુનઃપ્રસ્થાપિત કરવા નહીં.

આ જાહેરનામું તા. ૨૭-૧૦-૨૦૧૫ થી તા. ૨૫-૧૨-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.ના સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા જે તે તાલુકાના મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખઃ ૨૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

જાહેરનામું

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

નં. ડી.એમ./વશી/૨૫૫૦/૨૦૧૫.- ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે

જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	મોબાઇલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ.	I.M.E.I. Number	મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/ વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૨) **સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

.....બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ર્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત.
૧	૨	૩	૪	૫	૬

(3) **મકાન તથા ઔધોગિક એકમો ભાડે આપવા બાબત :**

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે, જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે અપાતા મકાનો એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશનને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે?	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ તથા સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/ સરનામું.
૧	૨	૩	૪	૫	૬

INDEX

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

નં.	ગેસ્ટનું નામ, સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઇ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઇ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઇ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું આર. જે. ગઢવી (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો.....

(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૨૭-૧૦-૧૫ થી ૨૫-૧૨-૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૨૭-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

જાહેરનામું

(૧) બેન્ક તથા એ.ટી.એમ. માં સીસી ટીવી કેમેરા લગાવવા બાબતઃ

નં. ડી.એમ./વશી/૨૫૫૦/૨૦૧૫.-બોટાદ શહેર તથા જિલ્લામાં જુદી જુદી બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનો આવેલા છે. આ બેન્કોમાં રોજની મોટા પ્રમાણમાં નાણાકિય લેવડ-દેવડ થાય છે અને મોટી સંખ્યામાં માણસોની અવર-જવર થાય છે. જેના કારણે છેતરપીંડી, પૈસાની ઉઠાંતરી વગેરે ગુન્હાઓ બનવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ ઘણા કિસ્સાઓમાં બનાવટી નોટો બેન્કના ભરણામાં આવે છે. આવા તથા છેતરપીંડી અને પૈસાની ઉઠાંતરી જેવા ગુન્હાઓ પર વોચ રાખવા અને તેને બનતાં અટકાવવા ખૂબજ જરૂરી છે. જો આવા બનાવ બને તો આવા બનાવને અંજામ આપનાર ઈસમો સુધી પહોંચવા માટે અને તેની ઓળખ માટે બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં સી.સી. ટીવ કેમેરા હોવા જરૂરી જણાય છે.

(૨) પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા બાબતઃ

બોટાદ જિલ્લા તથા શહેરમાં આવેલ જુદાં-જુદાં પેટ્રોલપંપ પર રોજના મોટા પ્રમાણમાં માણસોની અવર-જવર રહેતી હોય છે. કેટલીક વાર લુંટ જેવા ગુનાઓ બનતાં હોય છે. તેમજ અમુક અસામાજિક તત્વો ગુનો કરતાં પહેલાં વાહનોમાં ફયુઆલ પુરાવવા આવતાં હોય છે. તેથી આવા તમામ પ્રકારના માણસો ઉપર વોચ રાખવા અને તેને તથા તેની સાથે લઈ આવેલ વાહનો ઓળખવા ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વિઝન સાથેના સીસી ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે અને બોટાદ જિલ્લામાં લુંટ, ધાડ તેમજ પેટ્રોલપંપ ઉપર ફાયરીંગના બનાવો બનેલ છે. જેથી શહેર તથા જિલ્લામાં કાયદો અને વયવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા આંતરીક સુરક્ષાને ધ્યાને લઈને પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા જરૂરી જણાય છે.

આથી હું, આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં આવેલ તમામ બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં તેમજ તમામ પેટ્રોલપંપો ઉપર ઈન્ટરનેટ કનેકટીવ તથા આઈ.પી. નાઈટ વીઝન સાથેના સી.સી. ટીવી કેમેરા લગાવવાના રહેશે.

આ હુકમ તા. ૨૭-૧૦-૨૦૧૫ થી ૨૫-૧૨-૨૦૧૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૨૭-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો, બોટાદ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪નું

જાહેરનામું

ક્રમાંક : મસજ-૩/વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા/સેમ. ૧ અને ૩/૨૦૧૫.-(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે ઉ.મા.પ્ર.પરીક્ષા (વિજ્ઞાન પ્રવાહ) સેમેસ્ટર ૧ અને ૩ની પરીક્ષા તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ દરમિયાન યોજાનાર છે. આ પરીક્ષા માટે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ સુરેન્દ્રનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવેલ છે. આ નકકી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં કોઈ ખલેલ ન પડે તેમજ શાંત-સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તે માટે અને પરીક્ષાના સરળ સંચાલન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરેન્દ્રનગર તરફથી તા. ૧૯-૧૦-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ મ.શિ.નિ./સેમે. ૧-૩/જાહેરનામુ/૨૦૧૫/૫૯૨૧થી લેવાનાર પરીક્ષામાં ઉપયોગમાં લેવાનાર કેન્દ્રોમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેમજ

પરીક્ષા સુચારૂરૂપથી પરીપુર્ણ થાય તે માટે પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા આ બાબતે પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

(૨) **વાસ્તે હું, હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ નીચેના પરિશિષ્ટોમાં જણાવેલ સુરેન્દ્રનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ શાંતીથી પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રથી ચોતરફ ૨૦૦ (બસ્સો) મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ તથા પરીક્ષાનું સંચાલન કરનાર અધિકૃત અને બોર્ડનું ઓળખપત્ર ધરાવતી વ્યક્તિઓ તેમજ પરીક્ષા કેન્દ્ર ઉપર હાજર હોય તે વ્યક્તિઓ સિવાય અન્ય ઈસમોએ તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ સુધીના દિવસો દરમ્યાન યોજનાર પરીક્ષા દિવસોએ સદરહું પરીક્ષા કેન્દ્રો ઉપર પ્રવેશવા પર મનાઈ ફરમાવુ છું. સાથોસાથ પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ (બસ્સો) મીટરનાં વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિના એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને વિક્ષેપ ન પડે તે હેતુથી પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ (બસ્સો) મીટરની ત્રિજ્યામાં યોજાનાર પરીક્ષાનાં દિવસો દરમ્યાન ઘોંઘાટ કરે તેવા વાહનો ઉપર તેમજ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારમાં વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) યોજાનાર પરીક્ષા દિવસ દરમિયાન પરીક્ષા શરૂ થયાનાં એક કલાક અગાઉથી અને પુરી થયા બાદ એક કલાક સુધીના સમય માટે આ સાથેના લાગુ પડતા પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનોની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય દરમ્યાન થતી ગેરરીતીઓ અટકાવવા સારૂ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ એક કિલોમીટરના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ/ફોટોકોપી મશીનોની દુકાનો પરીક્ષાના દિવસ દરમ્યાન ઉપર જણાવેલ સમય દરમ્યાન બંધ રાખવા ફરમાવવામાં આવે છે.

(૫) યોજાનાર પરીક્ષા દિવસ દરમિયાન પરીક્ષા શરૂ થયાનાં એક કલાક અગાઉથી અને પુરી થયા બાદ એક કલાક સુધીના સમય માટે આ સાથેના લાગુ પડતા પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ ફોન, ટેબલેટ તથા તમામ ઈલેકટ્રોનીક ઉપકરણો અધિકૃત અધિકારીશ્રીઓ સિવાય લઈ જવા ઉપર તથા કોઈપણ પ્રકારે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પરિશિષ્ટ

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું	તાલુકાનું નામ
	ધાંગધ્રા	
૧	શિખર પબ્લિક સ્કૂલ, મેળાના મેદાન પાસે, ધ્રાંગધ્રા	ધ્રાંગધ્રા
૨	સાધના વિદ્યાલય, મયુરનગર સોસાયટી, હળવદ રોડ, ધ્રાંગધ્રા	ધ્રાંગધ્રા
	સુરેન્દ્રનગર	
૧	આર.પી.પી. ગર્લ્સ હાઈસ્કૂલ, સી.જે. હોસ્પીટલ પાસે, સુરેન્દ્રનગર	વઢવાણ
૨	સન શાઈન ઈન્ટરનેશનલ સ્કૂલ, નવો ૮૦ ફુટ રોડ, વઢવાણ.	વઢવાણ
૩	સદગુણાબેન વિકાસ ગર્લ્સ હાઈસ્કૂલ, મેળાના મેદાન પાસે, સુરેન્દ્રનગર.	વઢવાણ
૪	જ્ઞાનસસેતુ વિદ્યય, માંડવરાયજી સોસાયટી પાછળ, રતનપર, (સુરેન્દ્રનગર)	વઢવાણ
૫	આર.એ. પટેલ બોયઝ હાઈસ્કૂલ, ૬૦ ફૂટ રોડ, વઢવાણ.	વઢવાણ
૬	કે. પી. ગર્લ્સ હાઈસ્કૂલ, વઢવાણ	વઢવાણ
૭	સરદાર પટેલ વિદ્યાલય, (સાયન્ટીફીક કેમ્પસ ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગર.	વઢવાણ
	સુરેન્દ્રનગર	
૮	અલ્ટ્રાવીઝન એકેડમી, ૮૦ ફુટ રોડ, સુરેન્દ્રનગર	વઢવાણ
૯	એન.ડી. રાવલ હાઈસ્કૂલ, ડેમ રોડ, દાળમીલ રોડ, સુરેન્દ્રનગર.	વઢવાણ
૧૦	એસ.એન.વિદ્યાલય, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, સુરેન્દ્રનગર	વઢવાણ

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારોમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને, પોલીસ લાઉડસ્પીક વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરેશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

ક્રિમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો

હુકમ

નં. : એમએજી/૧૦(૧)/૨૦૧૫.-ગુજરાત રાજયમાં તાલુકા/જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ યોજવા માટે રાજય

ચુંટણી પંચ, ગુજરાત રાજય, દ્વારા ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જળવાઈ રહે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે ચૂંટણી પ્રચાર તથા ચૂંટણી સબંધી પ્રવાસ માટે વાહનોના દુર ઉપયોગ થતો અટકાવવા અને આદર્શ આચારસંહિતાનો અમલ કરવા સુચના થઈ આવેલ છે. સબબ માહે નવેમ્બર-૨૦૧૫ ના માસ દરમ્યાન યોજાનાર તાલુકા/જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ દરમ્યાન કુતિયાણા સબ-ડીવીઝનના મત વિસ્તારના મતદારો મુકત અને નિર્ભય રીતે મતદાન કરી શકે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે સરકારી, અર્ધ-સરકારી, કેન્દ્ર અને રાજય સરકાર તથા સંયુકત ક્ષેત્રના એકમો, નિગમો, સ્થાનીક સંસ્થાઓ, ખરીદ-વેંચાણ-સંઘ, સરકારી સંસ્થાઓ, નગરપાલીકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પરિષદો, રાજકીય પક્ષો ઉમેદવાર અને તેમની સાથે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત દ્વારા વાહનો, હેલીકોપ્ટર, વિમાન, બોટ, હોવરક્રાફટ વિગેરેના થતાં દુર ઉપયોગ અટકાવવા તથા હાલનાં સંજોગોને લક્ષમાં લેતા ઉપસ્થિત થયેલ સંજોગોમાં વાહનોના ચૂંટણી પ્રચાર માટે દુર-ઉપયોગ થવાની શકયતા જણાતા અને તેવા પ્રસંગે જાહેર સુલેહ શાંતિને વિપરીત અસર કરતી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના રહેલ હોય, અને તેવા કારણોસર ઘર્ષણ થવાના પ્રસંગોને નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, એમ. કે. જોષી, જી.એ.એસ., સબ-ડીવીઝન મેજીસ્ટ્રેટ, કુતિયાણા, જિલ્લો-પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ હુકમથી ફરમાવું છું કે,

(૧) કેન્દ્ર અને રાજય સરકારના તથા સંયુક્ત ક્ષેત્રના એકમો, સ્થાનીક સંસ્થાઓ, ખરીદ-વેંચાણબોર્ડ/સંઘ, સરકારી મંડળીઓ, સ્વાયત જિલ્લા/તાલુકા પરિષદો અન્ય કોઈપણ સંસ્થા કે જેના સમગ્ર ભંડોળમાં જાહેર નિધિના નાના સરખા હિસ્સાનું પણ રોકાણ કરવામાં આવ્યું હોય એવી કોઈપણ સંસ્થાની માલીકીના હેલીકોપ્ટર, વિમાન, કાર જીપ, અન્ય સ્વસંચાલીત વાહનો, બોટ, હોવરક્રાફટ વિગેરે જેવા કોઈપણ વાહનોના ચૂંટણી સબંધે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગ કરવા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

(૨) કેન્દ્ર અથવા રાજયના મંત્રીશ્રીની રક્ષા કાફલો કોઈપણ સંજોગોમાં કાર/વાહનો ત્રણથી વધુ વાહનના બનેલા કાફલા (કોનવે) લઈ જવો નહી, મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાનો રહેશે. આમ છતા આ બાબત આવી કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી સુરક્ષા સુચનાઓને આધીન રહીને અમલ કરવાનો રહેશે.

(૩) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટ, કાર્યકરોએ ચૂંટણી પ્રચાર માટે જતાં કાફલામાં એકીસાથે ત્રણથી વધુ વાહનો જેવા કે કાર, જીપ, બોટ, હોવર ક્રાફટ કે પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યાંત્રીક શકિતથી ચાલતું કે અન્ય રીતે ચાલતું કોઈપણ વાહન લઈ જઈ શકાશે નહિં.

૪. આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાર સામે ભારતીય અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ નીચે કસુરવાન સામે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂપીયા ૨૦૦-૦૦ (બસ્સો) પુરા દંડ અથવા બન્ને સજા થઈ શકે છે.

આ હુકમ કુતિયાણા સબ ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તારીખ ૦૨-૧૨-૨૦૧૫ ના ૨૪-૦૦ કલાક સુધી કરવાનો રહેશે.

આજ તા. ૨૩ મી, માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ અમારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડયો.

કુતયિાણા, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩/૧૯૭૪નાં ૨-જા અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો

હુકમ

નં. : એમએજી/૧૦(૨)/૨૦૧૫.-૨૦૧૫ ના નવેમ્બર મહીનામાં કુતિયાણા સબ-ડીવીઝનમાં તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ માટે મતદાન થનાર છે. આ ચૂંટણીઓ દરમ્યાન સબ-ડીવીઝનમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિરોધ ઉભો થાય નહિં અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતું હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતાં કારણો છે.

તેથી હું, એમ. કે. જોષી, જી.એ.એસ., સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કુતિયાણા આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં ૨-જા અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમના જાહેરનામાની દિવસથી તા. ૦૨-૧૨-૨૦૧૫ સુધી કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નીકળવું નહી, ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઢી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો સાથે લઈ બહાર નીકળવું કે ફરવું નહિં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

૧. ફરજ ઉપર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજનાં ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવું જરૂરી હોય તે વ્યકિતને.

૩. જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેન્કો કે જેઓને તે બેન્કની કેશ-કરન્શી લઈ આવવા તથા લઈ જવા માટે તેઓને

ફરજના ભાગરૂપે બેન્કના પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

મે આજરોજ તારીખઃ ૨૩મી, ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

કુતિયાણા, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. : એમએજી/સી/જાહેરનામું/૧૦(૩)/૨૦૧૫.-તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અંતર્ગત તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ મતદાન થનાર હોય અને મતદાનના દિવસોએ વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દુર ઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકાય તે હેતુથી અને આમ કરવામાં ન આવે તો આગામી તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી ન્યાય નિષ્પક્ષ રીતે યોજાય તેવું અનુમાન થઈ શકે નહીં જેની અસર સામાન્ય જન માનસ ઉપર તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે સાચી-ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો પુરતો અવકાશ રહે પરિણામે એક બીજા જુથો વચ્ચે મન દુઃખો થાય અને ઘર્ષણ ઉભ થવાની પુરતી સંભાવના રહે તે અટકાવવા તેમજ આગામી ચૂંટણીઓ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતાં વાહનોનો દુરઉપયોગ થતો અટકાવવાના હેતુથી સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાય છે. સબબ હું, એમ. કે. જોષી, સબ-ડીવીઝન મેજીસ્ટ્રેટ, કુતિયાણા જિલ્લો, પોરબંદર ક્રિમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમથી ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે-

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથકથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા તે રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી દરમ્યાન ઉમેદવાર મતદાનનાં દિવસે નીચે પ્રમાણેના વાહનોનો ઉપયોગ કરવા હક્કદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે સમગ્ર વિધાનસભા મતદાર વિભાગ પુરતું એક જ વાહનની સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવી ઉપયોગ કરી શકશે અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે.

આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને હરીફ ઉમેદવારને બીનજરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ઉપર ૧(ખ) (૧) (૧) માં દર્શાવેલ વિગેરેના વાહનો તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણીના ઉમેદવારો એ ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્ક્રીન ઉપર ચોટાડયા સિવાય સદરહું વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર વ્યકિત સામે ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ હેઠળ પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂપીયા ૨૦૦-૦૦ (બસ્સો) પુરા દંડ અથવા બન્ને સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ કુતિયાણા સબ ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૯-૧૧-૨૦૧૫ ના દિવસે કરવાનો રહેશે.

આજ તા. ૨૩ મી, ઓકટોબર, ૨૦૧૫ ના રોજ અમારી સહી તથા કચેરીનો સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યા.

કુતયિાણા, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ક્રિમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. : એમએજી/જાહેરનામું/૧૦(૪)/૨૦૧૫.-ગુજરાત રાજયમાં તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અંતર્ગત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે જેને અનુલક્ષીને ઉમેદવારો, રાજકીય પક્ષોના કાર્યકરો દ્વારા ચૂંટણી પ્રચાર અભિયાન કરવામાં આવે છે જે અન્વયે ઉમેદવારો અથવા તેના કાર્યકરો દ્વારા સાર્વજનિક અને ખાનગી મકાન માલિકોની પરવાનગી લીધા વિના મકાનોની દિવાલો ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની કરીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ લગાડવામાં આવે છે. આ માટે રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા રાજકીય પક્ષોને અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આદર્શ આચારસંહિતા અને તે અંગેના અમલ માટે સૂચના થઈ આવેલ છે. તે મુજબ રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લગાવવા, નોટિશો ચોંટાડવી, સુત્રો લખવા વિગેરે માટે

પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ વ્યકિતનો કે સાર્વજનીક જાહેર માલિકોની જમીન, મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવાનો નથી. તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. સબબ આચારસંહિતાનો ચૂસ્તપણે અમલ કરવા અને લોકોની તથા જાહેર અને સાર્વજનીક માલ મિલ્કતને થતી હાની, નુકશાન, બગાડ થતો અટકાવવા તથા તેવા સંજોગોમાં ઉપસ્થિત થનાર જૂથો વચ્ચે ઘર્ષણ ઉપસ્થિત થવાના કારણે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિને વિપરીત સંજોગો નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, એમ. કે. જોષી, જી.એ.એસ., સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કુતિયાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમનાં કાર્યકરોને સંબંધિત ખાનગી, સાર્વજનીક જમીન, કમ્પાઉન્ડ, મકા, મકાનની દિવાલોના માલિકની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય આવી જમીન, કમ્પાઉન્ડ, મકાન, મકાનની દિવાલ, કમ્પાઉન્ડની દિવાલ ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, લખીને નિશાનીઓ ચીતરીને દિવાલો બગાડવી નહિ તેમજ ધ્વજ દંડ ઉભા કરવા નહિ, બેનરો લટકાવવા નહિ, નોટિશો ચોટાડવી નહિ, સુત્રો લખવા નહિ તે માટે મનાઈ ફરમાવું છું, તેમજ આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાન સામે ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ કસુરવાન સામે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- બસો પુરા દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમનો કુતિયાણા સબ ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૨૯-૧૧-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૩ મી, ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યા.

કુતયિાણા, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ

હુકમ

નં. : એમએજી-૧૦(૫)/૨૦૧૫.-ગુજરાત રાજયમાં તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અંતર્ગત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણીઓ તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર યોજાનાર છે.

જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપુર્ણ રીતે થાય અને કોઈ અવરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા જુદા પક્ષના લોકો/ટેકેદારો/કાર્યકરો એકઠા થાય ત્યારે એક બીજા વચ્ચે સંઘર્ષ ન થાય, જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહી થવાનું તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલ મતદાન મથકોના મકાનોમાં બિન અધિકૃત વ્યકિતીઓ દાખલ થાય નહીં તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા સારૂ મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, એમ. કે. જોષી, જી.એ.એસ., સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કુતિયાણા જિલ્લો, પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, તા. ૨૮-૧૧-૨૦૧૫ ની શુન્ય કલાકથી તા. ૨૯-૧૧-૨૦૧૫ ના ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેના નિયત કરેલ મતદાન મથકોએ મતદાનની કામગીરી પુર્ણ થાય તે સમય સુધી ઉકત ત્રણેય તાલુકાના નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. આ હુકમ ઉપરોકત સ્તલોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે.

વધુમાં હું આદેશ કરૂં છે કે, આ હુકમ નીચેનીનાઓને લાગુ પડશે નહિં.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી, કર્મચારી તથા હોમગાર્ડઝને.

(૩) સંબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યકિતઓને.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અધિકૃત કરવામાં આવે તેમને.

(૫) સ્થળે હાજર ફરજ પરના પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

(૬) અધિકૃત મતદારોને મત આપવા જવા તેમજ મતદાન પછી પાછા આવવા સુધીના સમય સુધી.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૩ મી, ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કુતિયાણા, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નાં. : એમએજી/૧૦(૬)/૨૦૧૪.-તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અંતર્ગત મતદાન તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ હોય તેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બીન રાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોત પોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રકારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર હોય, ઉમેદવાર કે તેની સહમતીથી બીજા કોઈ વ્યકિત દ્વારા પ્રચાર માટે વાહનોના ઉપયોગ કરવામાં આવશે તે સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં લગતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણી કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય જેની અસર સામાન્ય જનમાનસ ઉપર તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવાર ઉપર પણ થાય જેનાં કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના રહે તેથી સુલેહ શાંતિ ભંગ થવા સંભવ હોઈ આથી હું, એમ. કે.જોષી, જી.એ.એસ., સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ, કુતિયાણા જિલ્લો, પોરબંદર, ક્રિમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અને મને મળેલ અધિકારની રૂઈએ હુકમ કરૂં છું કે,

કોઈપણ રાજકીય પક્ષો કેબીન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોનો કુતિયાણા સબ ડિવીઝન વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા વાહનો તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતનાં ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અથવા તે અર્થે અધિકૃત સક્ષમ સત્તા પાસે આ પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહન પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે, આ પરમીટમાં વાહન કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે, પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજિસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ કુતિયાણા સબ ડિવીઝન વિસ્તારમાં ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહિં.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીનીબસ, સ્ટેશન વેગર, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટો રીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે. પરંતુ નિયંત્રણ માત્ર આજ વાહનો પુરતો સીમીત રહેશે નહી.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે, અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ કુતિયાણા સબ ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તારીખ ૨૯-૧૧-૨૦૧૫ ના દિવસે સાંજના પાંચ કલાક સુધી કરવાનો રહેશે.

આજ તા. ૨૩મી, ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યા.

કુતયિાણા, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

એમ. કે. જોષી,
સબ ડીવીઝનલ
મેજીસ્ટ્રેટ, કુતિયાણા.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. ઈન્ડીયન ટેરીન ફેશન લી., નોં.નં. ૨૪૦૭૩૫૦૧૧૮૧ ની ‘એફ’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૧), ઘટક-૯, અમદાવાદના પત્રાંક જા. ૯૩૧૬/૧૭, તારીખ ૧૨-૧૦-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૨૮૫૦, તા. ૧૪-૧૦-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૫૮૯૯/૫૯૨૦.-વાણિજ્યિકવેરા અધિકારી (૧), ઘટક-૯, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. ઈન્ડીયન ટેરીન ફેશન લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૫૦૧૧૮૧ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૫૦૧૧૮૧ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ “F” Form No. : ૬૨૫૫૨૯, ૬૨૫૫૩૦, ૬૨૫૫૩૧, ૬૨૫૫૨૭, ૬૨૫૫૨૮, ૬૨૫૫૨૬, ૬૨૬૦૮૦, ૬૨૬૦૮૧, ૬૨૬૦૮૨ કુલ-૦૯ (નવ) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના F Form પાના નંગ-૦૯ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ‘એફ’ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. ઈન્ડીયન ટેરીન ફેશન લી., ૨૪૦૭૩૫૦૧૧૮૧ ૨૪૦૭૩૫૦૧૧૮૧	વા. વે. અધિકારી (૧), ઘટક-૯, અમદાવાદ.	“F” Form No : ૬૨૫૫૨૯, ૬૨૫૫૩૦, ૬૨૫૫૩૧, ૬૨૫૫૨૭, ૬૨૫૫૨૮, ૬૨૫૫૨૬, ૬૨૬૦૮૦, ૬૨૬૦૮૧, ૬૨૬૦૮૨	૦૯ (નવ) “F” Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વિ. વિ. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ‘‘એફ’’ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) મે. અંજની કોટન ઈન્ડસ્ટ્રીઝ નોં.નં. ૨૪૦૭૪૩૦૨૩૦૪ ની ‘ઈ-૧’ ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૩), ઘટક-૧૧, અમદાવાદના પત્રાંક જા. ૧૧૬૯૭/૯૮, તારીખ ૩૦-૦૯-૨૦૧૫.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૨૮૧૩, તા. ૦૮-૧૦-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૫-૧૬/જા. ૬૦૧૦/૨૯.-વાણિજ્યિકવેરા અધિકારી (૩), ઘટક-૧૧, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. અંજની કોટન ઈન્ડસ્ટ્રીઝ, કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૪૩૦૨૩૦૪ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૪૩૦૨૩૦૪ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ “E-1” Form No. : ૦૬૮૮૨૪૩ થી ૦૬૮૮૨૪૪ (૦૨) કુલ-(બે) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના "E-1" Form પાના નંગ-૦૨ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને નોંધણી નંબર	ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી	રદ કરવાપાત્ર ‘એફ’ ફોર્મ નંબર	રદ કરવા પાત્ર કૂલ પાના	રદ કરવાનું કારણ
૧	મે. અંજની કોટન ઈન્ડસ્ટ્રીઝ ૨૪૦૭૪૩૦૨૩૦૪ ૨૪૫૭૪૩૦૨૩૦૪	વા. વે. અધિકારી (૩), ઘટક-૧૧, અમદાવાદ.	“E-1” Form No. : ૦૬૮૮૨૪૩ થી ૦૬૮૮૨૪૪	૦૨ (બે) “E-1” Form	ખોવાયેલ હોવાથી

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ‘‘ઈ-૧’’ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

સંયુકત વાણિજિયક વેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

(૧) મે. રીલાયન્સ પોર્ટ્સ & ટર્મીનલ્સ, જામનગર, ટીન નં. ૨૪૧૦૦૧૦૧૮૨૦ (વર્ષ-૦૮-૦૯) ગુમ તથા કેન્દ્રીય નંબર ૨૪૬૦૦૧૦૧૮૨૦ થયેલ સી ફોર્મ કેન્સલ કરવા બાબતની તા. ૨૬-૦૬-૨૦૧૫ની અરજી.

(૨) વાણિજ્યકવેરા અધિકારી-૧, ઘટક-૧૦૦, જામનગરના પત્ર નં. જા-૪૩૦૬-૦૭ની , તા. ૨૯-૦૯-૨૦૧૫.

(૩) નાકશ્રી, વ-૨૪ જામનગરના પત્ર જા-૨૦૭૨, તા. ૦૮-૧૦-૨૦૧૫ અન્વયે

આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૧/રાજ/વવટ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૨૧૯૩/૨૨૧૪.-વાણિજિયકવેરા અધિકારી (૧), સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રીની કચેરી, ઘટક-૧૦૦, જામનગરના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. રીલાયન્સ પોર્ટ્સ & ટર્મીનલ્સ, જામનગર, ટીન નં. ૨૪૧૦૦૧૦૧૮૨૦ (વર્ષ-૦૮-૦૯) તથા કેન્દ્રીય નંબર ૨૪૬૦૦૧૦૧૮૨૦ ધરાવે છે. તેઓને સી ફોર્મ ઓનલાઈન જનરેટ સં.વા.વે.કમી. વિભાગ-૧૦, રાજકોટની કચેરી દ્વારા ઈસ્યુ કરેલ હતાં. જે ‘‘સી’’ ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ તથા ૩ ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના ‘‘સી’’ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ અને ટીન નંબર	રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદનું કારણ
૧	મે. રીલાયન્સ પોર્ટ્સ & ટર્મીનલ્સ, જામનગર, ટીન નં. ૨૪૧૦૦૧૦૧૮૨૦ (વર્ષ-૦૮-૦૯) ગુમ તથા કેન્દ્રીય નંબર ૨૪૬૦૦૧૦૧૮૨૦	સી ફોર્મ નં.-7715504 તથા સીફોર્મ નં. GGUJ-5883480	૨ (બે)	ગુમ થયેલ હોવાથી કેન્સલ થાય છે

આથી હું, સી. આર. લાડુમોર, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧૧, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી ફોર્મ પાના નંબર 7715504 Rs. 22146/- તથા GGUJ-5883480 Rs. 828455/- પાના-૨(બે) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સી. આર. લાડુમોર,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧૧, રાજકોટ,

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

આદેશ

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૩-૦૨-૨૦૦૫ નો ફડચાનો અંતિમ આદેશ નં.: ફડચ/૧૮૬૦૩/ખ-૪/૫૦/૨૦૧૫.

(૪) ફડચા અધિકારી શ્રી ઈન્દ્રેશ્વર ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. ધ્રાબાવડ, તા. માળીયા(હા), જિ. જુનાગઢની નોંધણી રદની તા. ૨૬-૧૦-૧૫ ના રોજની દરખાસ્ત.

જા.નં.: ફડચ/ખ-૪/૨૮૮/૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી ઈન્દ્રેશ્વર ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. ધ્રાબાવડ, તા. માળીયા(હા), જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૧૪૩૩ અને તા. ૩૦-૧૨-૧૯૮૭ ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂં છું.

જુનાગઢ, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 19th NOVEMBER, 2015/KARTIKA 28, 1937 No. 47

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1167-1182	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1865-1888
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

Government Notifications, Orders Appointments, etc.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

Miscellaneous Notifications appointments etc.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/પરીક્ષા/૧૪૪/જાહેરનામું/૧૦/૧૫.- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ દરમ્યાન વિજ્ઞાન પ્રવાહ સેમ-૧ અને સેમ-૩ ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે.

જિલ્લામાં ઉકત પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબના જિલ્લાના સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ : ૩૦-૧૦-૨૦૧૫ થી તારીખ : ૦૭-૧૧-૨૦૧૫ ના સવારે ૦૮-૦૦ કલાક થી ૧૯:૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગ કંડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓ આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતઓ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) પોતાની અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહી.

અનુસૂચિ :

(૧) શ્રી ઓલ્ફ્રેડ હાઈસ્કુલ, ભુજ

(૨) શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, બસ સ્ટેન્ડની સામે, ભુજ કચ્છ.

(૩) શ્રી સ્વામિ વિવેકાનંદ વિદ્યાલય, અંજાર

(૪) શ્રી આદર્શ મહાવિદ્યાલય, ગાંધીધામ

(૫) શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, માંડવી

(૬) શ્રી સી. જી. હાઈસ્કુલ, ગાંધીધામ

(૭) શ્રી માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ, ગાંધીધામ

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

INDEX

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. તથા તમામ પરીક્ષા કેન્દ્રોની આસપાસ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૨૮-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ કરાયેલ

હુકમ

નં. એમએજી/સી/જીપં/નપા. ચૂંટણી/૪/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી તેમજ વંથલી નગરપાલિકાની વોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું પાલન થાય તથા ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે અને ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડીને બગાડ કરતો અટકાવવા માટે ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિ.ના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, **આલોક કુમાર, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ વંથલી નગરપાલિકા વોર્ડ નં. ૨ અને ૩ ની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીના હદ વિસ્તારમાં ચૂંટણી દરમ્યાન ચૂંટણી લક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટઆઉટ મુકવા વિગેરે માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂં છું.

(૧) કોઈપણ જાહેર મિલ્કત/જાહેર જગ્યા પર દીવાલ પર લખાણ કરવા, પોસ્ટર્સ/કાગળો ચોંટાડવા અથવા કોઈપણ રીતે નુકશાન કરવા અથવા લખાણો, જાહેરાતના પાટીયા, ઝંડા વગેરે લગાડવા/પ્રદર્શિત કરવા દેવામાં આવશે નહીં.

(૨) આમ છતાં, જો સ્થાનિક કાયદાઓ, ચુકવણી કરીને કે અન્ય રીતે આવા હેતુઓ માટે ખાસ કરીને મુકરર કરવામાં આવેલા જાહેર સ્થળે જાહેરખબરનાં સૂત્રો લખવાની, પોસ્ટર્સ, વગેરે પ્રદર્શિત કરવાની કે લખાણો, પાટીયા, ઝંડા વગેરે લગાડવાની રજા કે છૂટ આપતા હોય તો, કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ પ્રમાણે અને કોર્ટના આદેશોને ચુસ્તપણે આધીન રહીને એમ કરવા દેવાની રજા આપવી. એ બાબત સુનિશ્ચિત કરવી કે આવી કોઈ જગ્યા પર કોઈ અમુક પક્ષ (પક્ષો) અથવા ઉમેદવાર (રો) નું વર્ચસ્વ/ઈજારો ન હોય. તમામ પક્ષો અને ઉમેદવારોને આ બાબતમાં સમાન તક આપવી.

(૩) વધુમાં, ચૂંટણી જાહેર કરવામાં આવ્યા પછી, આ હેતુ માટે આપવામાં આવેલી જગ્યાનો વિસ્તાર વધારવો કે ઘટાડવો નહીં.

જાહેર મિલકતનો અર્થ ધ પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૨ મુજબનો રહેશે અને બગાડનો અર્થ ભારતીય દંડ સંહિતાની કલમ-૫ મુજબનો રહેશે. જાહેર મિલકતને નુકશાન પહોંચાડીને નુકશાન કરવાની બાબત સદરહું કાયદાની કલમ-૩ માં દર્શાવ્યા મુજબની રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર તથા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણીલક્ષી કટ-આઉટ જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ધી પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમનો અમલ સમગ્ર જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, કેશોદ નગરપાલિકા વિસ્તાર તથા વંથલી નગરપાલિકા વોર્ડ નં. ૨ અને ૩ ના વિસ્તારમાં આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

આજ તારીખઃ ૨૮ મી માહે ઓકટોબર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પત્ર નં. રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૨)-૧૨૨૦૦૯-ક, તા. ૦૬-૦૧-૨૦૧૦.

(૨) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પત્ર નં. ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૦૨૦૧૫-ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

(૩) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી)

હુકમ

નં. એમએજી/એ/જિ.પં.-તા.પ.-ન.પા. ચૂંટણી/૧/૨૦૧૫.- રાજયના ચૂંટણી પંચ ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી તેમજ વંથલી નગરપાલિકાની વોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે.

રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરના વંચાણે ક્રમ-૧ તથા ૨ ના આદેશ-પરિપત્ર અનુસાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના સંદર્ભમાં ચૂંટણીઓના સંદર્ભમાં આદર્શ આચારસંહિતાના અમલ સારૂ હથિયાર લાયસન્સ ધરાવતી તમામ વ્યકિતઓના લાયસન્સ હેઠળના હથિયાર જમા લેવા સૂચનાઓ થઈ આવેલ છે.

જુનાગઢ જિલ્લામાં યોજાનાર ઉકત ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર, જુનાગઢ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર તેમજ કેશોદ તથા વંથલી નગરપાલિકા વિસ્તારમાં નોંધાયેલ પાકરક્ષણ તેમજ સ્વરક્ષના પરવાના તળેના હથિયારો સંબંધકર્તા પરવાનેદાર પાસેથી મેળવી, અનામત જમા લેવા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી) ની જોગવાઈ હેઠળ આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો શસ્ત્ર નિયમો-૧૯૬૨ના નિયમ-૪૭ હેઠળ સંબંધીત પોલીસ સ્ટેશનમાં સલામત અને સુરક્ષિત રીતે રાખવાના રહેશે, જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે. તથા ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયા બાદ સંબંધિત પરવાનેદારને તેનું હથિયાર પરત સોંપવાનું રહેશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેંકની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેંકના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

(૨) અત્રેની પરવાનગી મેળવેલ હોય તેવા હથિયાર પરવાનેદારો.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢએ આ હુકમ મુજબની અમલવારી કરાવવી. હથિયારો અનામત જમા લેવામાં આવે તથા પરત કરવામાં આવે ત્યારે પોલીસ સ્ટેશનવાઈઝ સંકલીત અહેવાલ અત્રેને રજુ કરવાનો રહેશે.

જુનાગઢ, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો-અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જિપં/-તાપ/ન.પા. ચૂંટણી/૩/૨૦૧૫.- રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી તેમજ વંથલી નગરપાલિકાની વોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી તેમજ વંથલી નગરપાલિકાની વોર્ડ નં. ૨ અને ૩ ની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીના વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨) ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે, હું, **આલોક કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ-જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, કેશોદ નગરપાલિકા વિસ્તાર તથા વંથલી નગરપાલિકા વોર્ડ નં. ૨ અને ૩ ના વિસ્તારમાં કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવુ નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓના ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેંકના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

ઉપર્યુકત જાવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજ તારીખઃ ૨૮ માહે ઓકટોબર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આલોક કુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો

હુકમ

નં. એમએજી-સી-જિ/તા/નપા/ચટણ/૪/૧૧/૨૦૧૫.-રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરની તા. ૨૩-૧૦-૨૦૧૫ની અખબારીયાદી મુજબ પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે, પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામું તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે મતદાન તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ છે અને મતગણતરી તા. ૦૨-૧૨-૨૦૧૫ ના રોજ છે.

રાજ્ય ચૂંટણી પંચની સુચનાનુસાર મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી જેવા સાધનો લઈ જઈ શકાશે નહિ કે સાથે રાખી શકશે નહિ, તેવી રીતે મતગણતરીના દિવસે મતગણતરી સ્થળે પણ સલામતી દળ દ્વારા કોર્ડન કારયેલા પ્રતિબંધીત વિસ્તારમાં પણ કોઈપણ વ્યક્તિ ઉપર મુજબના સાધનો ઈન્સ્ટુમેન્ટ લઈ જઈ શકશે નહિ, સાથે રાખી શકશે નહિ તે પ્રકારે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમ છતાં કોઈ વ્યક્તિ દ્વારા ઉપરોક્ત સુચનાનું ઉલ્લંઘન કરી આવા સાધનો, ઈન્સ્ટુમેન્ટ લઈ જવામાં આવશે અને તેના કબ્જામાંથી મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે અને તેમની સામે ચૂંટણી પંચની સુચનાઓનું ઉલ્લંઘન કરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી.

કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ અધિકારીઓ, સલામતી અધિકારીઓ કે જેઓની ફરજો મતદાન મથક મતગણતરી સ્થળની નજીકમાં ફાળવેલ હોય તેમની ઓફિશ્યલ ફરજો સબબ આવા ઈન્સ્ટુમેન્ટ સાધનોનો ઉપયોગ કરી શકશે તથા તેઓને ઉક્ત પ્રતિબંધ લાગુ પડશે નહિ. તેવીજ રીતે ચૂંટણીપંચ દ્વારા નિયુક્ત થયેલા ચુંટણી નિરીક્ષકશ્રીઓને ઉક્ત ઈન્સ્ટુમેન્ટ, સાધનોનો ઉપયોગ કરવાનો પ્રતિબંધ લાગુ પડશે નહિ. મતદાન તેમજ મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓને પણ તેમની ફરજોનાં ભાગરૂપે ઉક્ત ઈન્સ્ટુમેન્ટ, સાધનોનો ઉપયોગ કરવાનો થાય તેવા કિસ્સાઓમાં ઉક્ત પ્રતિબંધ લાગુ પડશે નહિ.

ઉપરોક્ત સુચનાઓની જાણ ઉમેદવારશ્રીઓ તેમના ચૂંટણી એજન્ટશ્રીઓ તથા રાજકીયપક્ષોને અવશ્ય કરવી અને ઉક્ત અખબારી યાદીનું ચુસ્તપણે પાલન કરવા જાહેર જનતાએ નોંધ લેવી.

આ જાહેરનામાનો અમલ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિશ્રાને પાત્ર ઠરશે.

આજ રોજ તા. ૦૩ નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધિ કરી.

પોરબંદર, ૦૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૭ (ક) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી-સી-જિ/તા/નપા/ચટણ/૩/૧૧/૨૦૧૫.-રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગરની તા. ૨૩-૧૦-૨૦૧૫ની અખબારીયાદી દ્વારા પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. તથા પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામું તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. સબબ પોરબંદર જિલ્લાના તમામ ખાનગી મુદ્રણાલયોના માલિકો/સંચાલકો/ભાગીદારો તથા ઝેરોક્ષ કે અન્ય કોઈ રીતે નકલો છાપનારાઓ નકલો કરનાઓને આથી જાણ કરવામાં આવે છે કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૨૭ (ક)ની જોગવાઈ મુજબ ચૂંટણી અંગેના સાહિત્ય, ભીંતપત્ર, ચોપાનીયા કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશનના નામ અને પુરા સરનામા સ્પષ્ટપણે અવશ્ય છાપેલા હોવા જોઈએ.

તેમજ ઉક્ત અધિનિયમની કલમ-૧૨૭ (ક) ની જોગવાઈ મુજબનું એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે બે નકલમાં મેળવી તેની એક નકલ ઉપર જમાવેલ વિગેત તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રિત કરેલા (છાપેલા) દસ્તાવેજોની ચાર નકલો સાથે નીચે સહી કરનારને દિવસ-બે માં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ અને ચુંટણીપંચની આ અંગેની સુચનાઓના કોઈ પણ ઉલ્લંઘન ખુબ ગંભીરતાથી જોવામાં આવશે અને યોગ્ય કેસોમાં રાજ્યના પ્રવર્તમાન કાયદાની જોગવાઈ અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ/રજિસ્ટ્રેશન રદ કરવાના તથા અન્ય કાનુની રાહે કાર્યવાહી કરવા જેવા કડક પગલાં લેવામાં આવશે જેની તમામ સંબંધકર્તાઓએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૩ નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધિ કરી.

પોરબંદર, ૦૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો

હુકમ

નં. એમએજી/સી/જિ/તા/નપા/ચટણ/૨/૧૧/૨૦૧૫.-પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૫ નો કાર્યક્રમ રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે આદર્શ આચારસંહિતાની અમલવારી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી કરવાની થાય છે. રાજ્ય ચુંટણીપંચ ગાંધીનગરના હુકમ નં. ૫ તા. ૨૫-૪-૧૯૯૫ ના હુકમ મુજબ ચૂંટણીઓ શાંતિથી અને એખલાસ વાતાવરણમાં ભય મુકત થાય તે હેતુથી આદર્શ આચાર સંહિતાની અમલવારી અર્થે જાહેરનામું બહાર પાડી કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષ અને ચુંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકર્તાઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચારસંહિતાની અમલવારી અનુસાર સરકારી આરામગૃહો, ડાકબંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી પોરબંદર જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધ સરકારી, સહકારી તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહોનો કે સ્થળોનો કોઈ રાજકીય પક્ષના હોદેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો/ચૂંટણી એજન્ટો રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક બાબતો ચૂંટણી પ્રચારના હેતુસર ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતીઓ સહિતની બાબતોને સમાવેશ થશે.

આ જાહેરનામાનો અમલ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે સને ૧૯૫૧ ના લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ કડક યોગ્ય પગલા લેવામાં આવશે. ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુન્હો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને નુકશાન કે ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ/બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ (છ) માસ સુધીની સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીનો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તા. ૦૩ નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધિ કરવામાં આવ્યું.

પોરબંદર, ૦૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)ની પેટા કલમ-૧ના ફકરા (૩) અને (ડબલ્યુ) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી-સી-જિ/તા/નપા/ચટણ/૧/૧૧/૨૦૧૫.-ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ફકરા (આર)(૩) અને ડબલ્યુ અન્વયેનું નીચે પ્રમાણેનું પ્રાથમિક જાહેરનામું જાહેર જનતા તથા લાગતા વળગતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આ પ્રાથમિક જાહેરનામું અમલમાં લાવવા માટે તા. ૧૮-૧૧-૨૦૧૫ ના રોજ વિચારણામાં લેવાશે તેની જાણ આથી સર્વેને કરવામાં આવે છે.

ઉપરમાં બતાવેલ તારીખ પહેલા કોઈપણ શખ્સ તરફથી પ્રાથમિક જાહેરનામા અંગે અત્રે વાંધાઓ કે સુચન મળશે તે શ્રી જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર તરફથી લક્ષમાં લેવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ફકરા (આર)(૩) અને ડબલ્યુ થી પ્રાપ્ત થયેલ અધિકાર અન્વયે પોરબંદર જિલ્લા માટે નીચે પ્રમાણેના નિયમો કરવામાં આવશે.

આ નિયમો તુરત જ અમલમાં આવશે.

આજરોજ તા. ૦૩ નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીકકો લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

નિયમો

૧. કોઈપણ શખ્સ કોઈપણ જાહેર જગ્યા અગર જાહેર મનોરંજનના સ્થળથી ૨૦૦ મીટરના અંતરમાં જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા આ બાબતમાં તેઓના તરફથી અધિકારો આપેલ કોઈપણ અધિકારી તરફથી આપયેલ પરવાનગીમાં જણાવેલ શરતો અન્વયે આપવામાં આવેલ હશે, તે સિવાય

ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરશે નહીં અથવા ઉપયોગ ચાલુ રાખશે નહીં અથવા ઉપયોગ માટે અથવા ઉપયોગ ચાલુ રાખવા માટે પરવાનગી આપશે નહીં.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી મેળવ્યા સિવાય કોઈ પણ ધ્વનિવર્ધક યંત્રને ચાલતા ફરતા વાહનમાંથી કોઈપણ હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહીં અથવા ઉપયોગ ચાલુ રાખી શકશે નહીં અથવા ઉફયોગ માટે પરવાનગી આપી શકાશે નહીં.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ ધ્વનિવર્ધક યંત્ર જાહેર રસ્તા તરફ રાખી ગોઠવી શકાશે નહીં અથવા આવી રીતે તેનો ઉપયોગ ચાલુ રાખી શકાશે નગીં.

(૪) (૧) કોઈપણ થોભેલા વાહનમાંથી ધ્વનિવર્ધક યંત્રોનો ઉપયોગ કરવા માટેની પરવાના નીચે પ્રમાણે હકીકત પુરી પાડયા સિવાય આપવામાં આવશે નહીં..

(અ) પરવાનો આપનાર અધિકારીને ધ્વનિવર્ધક યંત્રવાળુ વાહન જે જાહેર સ્થળોએ થોભાવવા માટે ઈચ્છા ધરાવતા હોય તેવા સ્થળોની યાદી, તારીખ અને વાપરવા માટેનો સમય જણાવતી હકીકત સાથેની અરજી.

(બ) પરવાનો આપનાર અધિકારીને ધ્વનિવર્ધક યંત્રોનો ઉપયોગ વાહનમાંથી કરવામાં આવે તેથી વાહન વ્યવહારને નડતરરૂપ થશે નહીં તેવી ખાત્રી.

(૨) પેટા નિયમ(૧) અન્વયે આપવામાં આવેલ પરવાનો હંમેશા એ શરતોને અનુસરીને રહેશે કે જો રસ્તા ઉપરની ભીડ દુર કરવા કાયદો વ્યવસ્થા અથવા તો અવરોધ થતો અટકાવવા કોઈપણ પોલીસ ઓફીસરને જરૂરી જણાય કે જે વાહનમાંથી ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. તે બીજા કોઈ સ્થળે ખસેડવું જોઈએ ત્યારે પરવાનો ધરાવનાર શખ્સને તે પ્રમાણે વાહન ખસેડવા માટે સુચના આપવાનો અધિકાર રહેશે અને પરવાનો ધરાવનાર તેવી સુચના પ્રમાણે વર્તશે.

૫. કોઈપણ ધ્વનિવર્ધકયંત્ર કોઈપણ પરવાનો ધરાવનાર શખ્સ જાહેર સ્થળ અથવા જાહેર મનોરંજન સ્થળની બાજુમાં રહેતા અથવા કોઈપણ મકાનમાં અથવા રહેણાંકમાં કાર્ય ચલાવતા કોઈપણ બીજા શખ્સોને ખલેલ પહોંચાડે તે રીતે અથવા ત્રાસ ઉપજાવે તે રીતે ઉપયોગ કરશે નહીં અથવા ચાલુક રાખસે નહીં અથવા ચાલુ રાખવાની પરવાનગી આપશે નહીં.

૬. કોન્સ્ટેબલના દરજ્જાથી ઉપરના કોઈપણ પોલીસ અધિકારીને કોઈપણ જાહેર મનોરંજન સ્થળ કે જગ્યા ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ થતો હોય તેવું સ્થળ તેનાં કાર્યક્ષેત્રની હદમાં આવતું હશે તો પરવાનગીની કોઈપણ શરતોનો ભંગ થતો નથી તેની ખાત્રી કરવા માટે દાખલ થવાને સંપૂર્ણ અધિકાર રહેશે.

૭. જો આવા કોઈપણ પરવાનો ધરાવનાર શખ્સ ઉપરના કોઈપણ નિયમોને અથવા તો પરવનો જે શરતોને આધીન આપવામાં આવેલ છે તે શજ્ઞંતોનો ભંગ કરશે તો જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા નિયમ-૧ અન્વયે અધિકાર આપવામાં આવેલ કોઈપણ અધિકારી નિયંમ-૨ અન્વયે આપવામાં આવેલ પરવાનો યોગ્ય જણાયે રદ કરી શકશે.

૮. ઉપર્યુકત જણાવેલા નિયમો જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમની હકુમત હેઠળના કોઈપણ પોલીસ અધિકારીને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૬ અન્વયે કોઈ ખાસ સુચનાઓ પ્રસંગોપાત આપવાનું જરૂર જણાય ત્યારે તેવા હુકમ આપવામાં અવરોધ ગણાશે નહીં અથવા કલમ-૩૭ની પેટા કલમ-(૧) અન્વયે કોઈપણ જાહેરનામું બહાર પાડવામાં અથવા કલમ-૩૮ની પેટા કલમ-(૧) અન્વયે કોઈપણ હુકમ કરવામાં અવરોધ ગણાશે નહીં

૯. આ નિયમોમાં ગમે તે જણાવ્યું હોય અથવા તે હેઠળ આપવામાં આવેલ પરવાનગીની શરતોમાં ગમે તે ઠરાવ્યું હોય તેમ છતાં જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તો તેમના તરફથી અધિકાર આપવામાં આવેલ કોઈપણ અધિકારી કોઈપણ એક અથવા બધા ધ્વનિવર્ધક યંત્રના પરવાના ધરાવનાર શખ્સને કોઈપણ જગ્યામાં તેને યોગ્ય તેટલા સમયમાં આજુબાજુમાં રહેતા શખ્સોને અથવા બાજુમાંથી પસાર થતાં શખ્સોને હરકત, સુવિધા, ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા માટે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવા માટે ધ્વનિવર્ધક યંત્ર ઉપયોગ કરવા માટે મનાઈ ફરમાવી શકશે.

આજરોજ તારીખ : ૦૩-નવેમ્બર-૨૦૧૫ ના મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

સંદર્ભ : ગુજરાત સરકારશ્રીના ગેઝેટ તા. ૫-૬-૨૦૧૦.

હુકમ

પરવ/ઈલે./સ્વીપ/વશી/૫/૧૫.-માહે નવેમ્બર-૨૦૧૫ દરમ્યાન સ્થાનીક સ્વરાજયની ચૂંટણી યોજાનાર છે. જેમાં રાજકોટ જિલ્લા હેઠળ મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા પંચાયત તથા ગ્રામ પંચાયતની ચૂંટણી થનાર છે. મતદાર ઓનલાઈન વોટીંગ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા ઈ-વોટીંગની સુવિધા પુરી પાડવામાં આવેલ છે. આ સુવિધાના રજીસ્ટ્રેશન માટે OVS નામની વેબ/મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરેલ છે. ઈ-વોટીંગની મદદથી મતદાન કરનાર મતદારને આઈડેન્ટીફાય કરવા, થમ્બ ઈમ્પ્રેશન ચેક કરવા, બોયામોટ્રીક ડેટાની ચકાસણી કરવા વિગેરે ચકાસણીની કામગીરી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા કરવા સંદર્ભ તળેના સરકારશ્રીના ગેઝેટથી સુચના આપેલ હોઈ, ઉકત કામગીરી માટે આ સાથેના પત્રમાં દર્શાવેલ કર્મચારીઓને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો આપવા આથી હુકમ કરવામાં આવે છે. આ અધિકારો સ્થાનીક સ્વરાજયની ચૂટણી જયાં સુધી પૂર્ણ ન થાય એટલેકે તા. ૨-૧૨-૨૦૧૫ સુધી ચાલુ રહેશે. ઉપરોકત કામગીરીનું સંપૂર્ણ સંચાલન મામલતદારશ્રી, ચૂંટણીએ કરવાનુ રહેશે.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી રાજકોટ જિલ્લાના તા. ૫-૧૧-૨૦૧૫ ના હુકમ ક્રમાંક : પરવ/ઈલે./સ્વીપ/૨૦૧૫ નું બિડાણ

ક્રમ	કર્મચારીનું નામ	હાલનો હોદો	કચેરીનું નામ
૧	શ્રી પી. એસ. ખરાડી	હેડ કલાર્ક	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૨	શ્રી ટી. કે. ડામોર	ના.મામલતદાર	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૩	શ્રી કે. સી. પારેખ	પુરવઠા નિરીક્ષક	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૪	શ્રી એસ. સી. માનસતા	ના. મામલતદાર	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૫	કુ. એન. એમ. રાવલ	પુરવઠા નિરીક્ષક	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૬	શ્રી એચ. ડી. પરસાણીયા	પુરવઠા નિરીક્ષક	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૭	શ્રી એન. કે. રીડાણી	પુરવઠા નિરીક્ષક	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૮	શ્રી એસ. સી. ટાંક	પુરવઠા નિરીક્ષક	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૯	શ્રી એફ. એ. યુસુફઝાઈ	પુરવઠા નિરીક્ષક (NFSA)	જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ
૧૦	શ્રી એસ. એન. સુચક	ઝોનલ ઓફીસર	ઝોનલ-૧, રાજકોટ
૧૧	શ્રી એમ. જે. મકવાણા	ઝોનલ ઓફીસર	ઝોનલ-૨, રાજકોટ
૧૨	શ્રી એસ. આર. ગીણોયા	ઝોનલ ઓફીસર	ઝોનલ-૩, રાજકોટ
૧૩	શ્રી જે. એસ. પરમાર	પુરવઠા નિરીક્ષક	ઝોનલ-૩, રાજકોટ
૧૪	શ્રી એસ. કે. ઉંઘાડ	ના.મામલતદાર	કલેકટર કચેરી, રાજકોટ
૧૫	શ્રી એચ. જે. ગુર્જરવાડીયા	ના.મામલતદાર	કલેકટર કચેરી, રાજકોટ

રાજકોટ, ૫ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

(સહી) **અવારચ,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

હુકમ

નં. ડીએમડી/ડીસીએચ/૨૭૧૦/૧૫.-વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ અને ૩ ની પરીક્ષાઓ તા. ૩૦-૧૦-૨૦૧૫ થી શરૂ થનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ માધ્યમીક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે જિલ્લા શિક્ષણ અધિકારી, દેવભૂમિ દ્વારકાની દરખાસ્તમાં પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનીય છે.

તેથી હું, રાજેન્દ્ર વી. સરવૈયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, મુ. ખંભાલીયા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ખંભાલીયામાં આવેલ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા માટે નક્કી કરાયેલા **પરિશિષ્ટ** મુજબના પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા ઝેરોક્ષ અને કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૩૦-૧૦-૨૦૧૫ થી તા. ૦૭-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત ‘‘જાહેર રજા’’ સિવાયના) સવારના ૦૯-૩૦ થી ૧૭-૩૦ વાગ્યા સુધી તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ **પરિશિષ્ટમાં** જણાવેલ પરીક્ષા કેન્દ્ર પર કોઈએ મોબાઈલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશનના ઈલેકટ્રોનિકસ સાધનો સાથે પ્રવશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પરિશિષ્ટ

૧. એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ, પોર નાકા બહાર, ખંભાળીયા
૨. મિઠાપુર હાઈસ્કુલ, મિઠાપુર

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિદ્વારકાએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૨૭ માહે ઓકટોબર–૨૦૧૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

દેવભૂમિદ્વારકા, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

રાજેન્દ્ર વી. સરવૈયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા,
મુ. ખંભાલીયા.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૪૪૨૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૯૦૭/૧૫, તા. ૨૭-૧૦-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) તા. ૧૧-૧૧-૨૦૧૫ થી દિવાળી તહેવારો શરૂ થાય છે તથા અનામત આંદોલન પણ હજુ અંદરખાને ગતિમાં છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૩-૧૧-૨૦૧૫ ના રોજથી તા. ૧૬-૧૧-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા

સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૯, માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ-૧૯૮૪ હેઠળ કરાયેલ

હુકમ

નં. એમએજી/સી/જિપં/તાપં/નપા. ચૂંટણી/૪/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકાની વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તથા ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે અને ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડીને બગાડ કરતો અટકાવવા માટે ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિ.ના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકાની વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણીના હદ વિસ્તારમાં ચૂંટણી દરમ્યાન ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટઆઉટ મુકવા વિગેરે માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂં છું.

(૧) કોઈપણ જાહેર મિલ્કત/જાહેર જગ્યા પર, દીવાલ પર લખાણ કરવા, પોસ્ટર્સ/કાગળો ચોંટાડવા અથવા કોઈપણ રીતે નુકશાન કરવા અથવા લખાણો, જાહેરાતના પાટીયા, ઝંડા વગેરે લગાડવા/પ્રદર્શિત કરવા દેવામાં આવશે નહીં.

(૨) આમ છતાં, જો સ્થાનિક કાયદાઓ, ચુકવણી કરીને કે અન્ય રીતે આવા હેતુઓ માટે ખાસ કરીને મુકરર કરવામાં આવેલા જાહેર સ્થળે જાહેરખબરનાં સૂત્રો લખવાની, પોસ્ટર્સ, વગેરે પ્રદર્શિત કરવાની કે લખાણો, પાટીયા, ઝંડા વગેરે લગાડવાની રજા કે છૂટ આપતા હોય તો, કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ પ્રમાણે અને કોર્ટના આદેશોને ચુસ્તપણે આધીન રહીને એમ કરવા દેવાની રજા આપવી. એ બાબત સુનિશ્ચિત કરવી કે આવી કોઈ જગ્યા પર કોઈ અમુક પક્ષ (પક્ષો) અથવા ઉમેદવાર (રો) નું વર્ચસ્વ/ઈજારો ન હોય. તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોને આ બાબતમાં સમાન તક આપવી.

(૩) વધુમાં, કોઈપણ ચૂંટણી જાહેર કરવામાં આવ્યા પછી, આ હેતુ માટે આપવામાં આવેલી જગ્યાનો વિસ્તાર વધારવો કે ઘટાડવો નહીં.

જાહેર મિલકતનો અર્થ ધ પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૨ મુજબનો રહેશે અને બગાડનો અર્થ ભારતીય દંડ સંહિતાની કલમ-૫ મુજબનો રહેશે. જાહેર મિલકતને નુકશાન પહોંચાડીને નુકશાન કરવાની બાબત સદરહું કાયદાની કલમ-૩માં દર્શાવ્યા મુજબની રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર તથા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણીલક્ષી કટ-આઉટ, જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ધી પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર વેરાવળ તથા ઉના નગરપાલિકા વિસ્તાર તથા તાલાલા નગરપલિકા વોર્ડ નં.-૧ના વિસ્તારમાં આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ સુધી કરવાનો રહેશે.

આજ તારીખઃ ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ તથા ૩૭ હેઠળ કાઢેલ

હુકમ

નં.એમએજી/સી/તા.પં.જિપં-નપા. ચૂંટણી/૧/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા તાલાલા નગરપાલિકાના વોર્ડ નં.-૧ની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા-સરઘસ દ્વારા તથા લાઉડસ્પીકરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને, જિલ્લામાં જાહેર સુલેહશાંતી અને સલામતીને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાય રહે તે હેતુસર સાવચેતીના ભાગ રૂપે આગોતરા પગલા ભરવા જરૂરી જણાય છે.

સબબ હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમો દ્વારા મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબનાં હુકમ કરૂ છું.

(અ) લાઉડસ્પીકરના ઉપયોગ અંગે :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(થ) તથા કલમ-૩૩(૧)(૫)(૩) હેઠળ રસ્તામાં અથવા રસ્તા નજીક અતવા સાર્વજનીક કે ખાનગી જગાયાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ના નિયમ-૩ ને અનુરૂપ તથા ના.સુપ્રિમ કોર્ટે રીટ પીટીશન નં. ૭૨/૯૮ વીથ સીવીલ અપીલ નં. ૩૭૩૫/૨૦૦૫માં આપેલ ગાઈડલાઈન મુજબ આપવાની રહેશે.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે. લાઉડસ્પીકર ફક્ત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય તે રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(અ) સભા-સરઘસ દરમ્યાનના વર્તન-વર્તણૂંક અંગે :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(દ) તથા કલમ-૩૭(૧)(ક) થી (છ) હેઠળ સભા-સરઘસ દરમ્યાન નીચેના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળ્યા બાદ જ સભા-સરઘસનું આયોજન કરવાનું રહેશે તથા જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) સભા-સરઘસમાં નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ)(ગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૩) ચૂંટણી સભા-સરઘસ-વાર્તાલાપ કે મતદારના વ્યકિતગત સંપર્ક દરમ્યાન કોઈને ઉતારી પાડતા, ચારિત્ર્ય ખંડન કરતા પ્રવચન કરવા નહીં, ધર્મ, જાતિ જન્મ સ્થળ, નિવાસ, ભાષા વિ.ની ભૂમિકા પર જુદા જુદા જન સમૂહ/વર્ગ વચ્ચે વૈમનસ્ય, તિરસ્કાર, દ્વેશ વધે તથા જન સંવાદિતાની જાળવણીને વિપરીત અસર થાય તેવા પ્રવચન, ચોંકાવનારા સમાચારવાળા વિધાન કરવા નહી કે તેમ કરવા કોઈને પ્રોત્સાહન આપવું નહિ.

(૪) જેનાથી સુરૂચિ તથા નીતિનો ભંગ થતો હોય અથવા રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું કે નકલ કરવાના કૃત્ય કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(૫) જેનાથી સુરૂચિ તથા નીતિનો તથા ચૂંટણી કમિશ્નરશ્રી દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેરખબરો અથવા વસ્તુઓ તૈયાર કરવાના, કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫, ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લા પંચાયત તથા જિલ્લાના તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, વેરાવળ તથા ઉના નગરપાલિકા તથા તાલાલા નગરપલિકા, વોર્ડ નં.-૧ વિસ્તારમાં હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧(ઘ ક) તથા (ઘ ખ) હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જિપં/તા.પં./નપા. ચૂંટણી/૨/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ અને ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા તાલાલા નગરપાલિકા વોર્ડ નં.-૧ની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય, ચૂંટણી મુકત, ન્યાયી તથા પારદર્શક રહે તે માટે ખાનગી મિલ્કત/સ્થળ/જગ્યા વિગેરે ઉપર ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિ.ના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમ-૩૩ ની પેટા કલમ-૧(ઘ ક) તથા (ઘ ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા તાલાલ નગરપાલિકાની વોર્ડ નં.-૧ ની પેટા ચૂંટણી દરમ્યાન ખાનગી મિલ્કત/સ્થળ જમીન પર ચૂંટણી પ્રચારના બોર્ડ, બેનર્સ, કમાન, તોરણ પોસ્ટર્ડ વિ. મુકવા માટે નીચેની બાબતોનો અમલ કરવા ફરમાન કરૂ છું.

(૧) જો સ્થાનિક કાયદાઓ ખાનગી જગ્યાઓ પર દીવાલ પર લખાણ કરવા, પોસ્ટરો ચોંટાડવા, પાટિયા/ઝંડા/લખાણો વિ. લગાડવાની મંજુરી આપતા ન હોય તો ખાનગી મિલ્કતના માલિકની મંજુરી મળી હોય તો પણ ખાનગી જગ્યા પર, દીવાલ પર લખાણ કરી શકાશે નહીં, પોસ્ટરો ચોંટાડી શકાશે નહી, પાટિયા, ઝંડા, લખાણો લગાડી શકાશે નહી.

(૨) કોઈપણ સ્થાનિક કાયદા હેઠળના કોઈપણ પ્રતિબંધને આધિન રહીને, રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટો, કાર્યકર્તાઓ અને ટેકેદારો તેમની પોતાની મિલકત ઉપર તેમના ચૂંટણી પ્રતિકને દર્શાવતા તેમના પક્ષનો એક ઝંડો ફરકાવી શકશે પરંતુ શરત એ રહેશે કે તેઓ સ્વૈચ્છાથી અને કોઈપણ પક્ષ, સંગઠન કે વ્યકિત તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર તેમના ખુદના સંકલ્પથી આમ કરતા હોય આ જોગવાઈ હેઠળ રાજકીય જાહેરાતના સંદર્ભમાં કોઈપણ પ્રકારના કટ-આઉટ, હોર્ડીંગ્સ અથવા બેનર્સ કોઈપણ ખાનગી મિલકત પર લગાડી શકાશે નહી.

(૩) સ્થાનિક કાયદાઓ જયાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામાં દીવાલો પર લખાણ કરવાની અને પોસ્ટર ચોંટાડવાની, હોર્ડિંગ્સ, બેનર્સ વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં, ચૂંટણી લડતા ઉમેદવારો અથવા સંબંધીત રાજકીય પક્ષોએ મિલકતના માલિક પાસેથી લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને તેની ફોટો નકલો નિયત પ્રોફોર્માના પત્રક સાથે તેમાં (ખાનગી) મિલ્કતના જે માલિક પાસેથી આવી પરવાનગી મેળવી હોય તેનું નામ અને સરનામું, આ હેતુ માટે તેના દ્વારા કરવામાં આવેલા અથવા કરવામાં આવનાર ખર્ચ તેમાં દર્શાવીને, તે ચૂંટણી અધિકારીને અથવા આ હેતુ માટે તેમના દ્વારા પદનામિત કરવામાં આવેલા અધિકારીને મોકલી આપવાની રહેશે. ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી નિરીક્ષક અથવા ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારી સરળતાથી તપાસ કરી શકે એ માટે, ચૂંટણી લડતા ઉમેદવારે ગામ/વિસ્તાર/નગરવાર આવી માહિતી, આવશ્યક પરવાનગી મેળવી લીધા પછી ૩ દિવસની અંદર ચૂંટણી અધિકારીને અથવા અધિકૃત અધિકારીને પૂરી પાડવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લા પંચાયત તથા જિલ્લાના તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, વેરાવળ તથા ઉના નગરપાલિકા વિસ્તાર તથા તાલાલા નગરપલિકા, વોર્ડ નં.-૧ના વિસ્તારમાં હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જિપં/તા.પં./નપા. ચૂંટણી/૩/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલીકાની વોર્ડ નં.-૧ની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકાની વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીના વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨) ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, વેરાવળ તથા ઉના નગરપાલિકા વિસ્તાર તથા તાલાલા નગરપાલિકા વોર્ડ નં. ૧ ના વિસ્તારમાં કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવુ નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓના ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

ઉપર્યુકત જોગવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજ તારીખઃ ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જિપં/તા.પં./નપા. ચૂંટણી/૬/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકાની વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી અંતર્ગત મતદાન તા. ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ હોય મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રસ્તે રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણીઓ કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય, જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના વચ્ચે મન દુઃખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની પુરેપુરી સંભાવના રહે. તેથી સુલેહશાંતી ભંગ થવા સંભવ હોઈ, જે અટકાવવા તેમજ ઉકત ચૂંટણીઓ દરમ્યાન વપરાતા વાહનોના દુરૂપયોગ પર નિયંત્રણ કરવા હેતુ સારૂ સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ નીચેપ્માણે ફરમાવુ છુ કે :-

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો તેના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતીથી બીજી કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે.

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) જિલ્લા/તાલુકા પંચાયત, વેરાવળ તથા ઉના નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા તાલાલા નગરપાલિકાની વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી બાબતમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દીવસે નીચે પ્રમાણે વાહન વાપરવા હકકદાર રહેશે.

INDEX

(૧) તેના પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાન વિભાગ પુરતુ એક વાહન.

(૨) આ ઉપરાંત યથાપ્રસંગ, તેના ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષનાં કાર્યકરોના ઉપયોગ માટે એક વાહન વાપરવા હકકદાર રહેશે.

(ગ) ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન ચૂંટણી અધિકારી પાસે નોંધણી કરાવવાનાં રહેશે અને નોંધણી કરાવેલ પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્કીન પર ચોંટાડવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, વેરાવળ તથા ઉના નગરપાલિકા વિસ્તાર તથા તાલાલા નગરપલિકા, વોર્ડ નં.-૧ના સમગ્ર વિસ્તારમાં તા. ૨૯-૧૧-૨૦૧૫નાં દિવસે કરવાનો રહેશે.

આજ તારીખઃ ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જિપં/તા.પં./નપા. ચૂંટણી/૫/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકા વોર્ડ નં.-૧ની ની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા ચૂંટણીના કામે વાહનોનો ઉપયોગ થનાર છે. આ વાહનોના ઉપયોગના કારણે જાહેર જનતાને કોઈ ભય, ત્રાસ કે નુકશાન ન પહોંચે, મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયામાં વાહનોનો દુરઉપયોગ અટકે, ચૂંટણીની આદર્શ આચારસહિતાનું પાલન થાય તથા ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગ બાબતે આક્ષેપ-પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વાહનોના ઉપયોગ માટે નિયમો કરવા જરૂરી જણાય છે.

સબબ, હું, કે. જે ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકાની વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો-ટેકેદારો-ઉમેદવારો દ્વારા થનાર વાહનોના ઉપયોગ માટે નીચે મુજબના નિયમો કરી તેના અમલ માટે હુકમ કરૂં છું.

(૧) ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૧૨૫ ની જોગવાઈ હેઠળ પ્રાદેશિક વાહનવ્યવહાર સમિતિએ નીચેની શરતોએ ઉપરોક્ત ચૂંટણી દરમ્યાન ટ્રાન્સપોર્ટ વાહનો પર જાહેર પ્રદર્શિત કરવા પરવાનગી આપેલ છે.

(૧) આ વાહનમાં જાહેરાત એવી રીતે લગાડવાની રહેશે કે, ડ્રાઈવરને વાહન ચલાવતી વખતે આગળ-પાછળ તથા બંને બાજુએ વિઝનમાં અવરોધ ઉભો ન થાય.

(૨) માઈક કે ઓડીયો/વીડીયો/લાઉડસ્પીકરની મંજુરી સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે. વગર મંજુરીએ તેનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૩) સ્પીડ લીમીટ માટે સરકારશ્રીના જાહેરનામાંનો અમલ ચૂસ્તપણે કરવાનો રહેશે.

(૪) લોકતાંત્રિક વ્યવસ્થામાં ચૂંટણી સમયે આવી મંજુરી પ્રાદેશિક વાહનવ્યવહાર સતામંડળે નિયત કરેલ તારીખ સુધી અમલી રહેશે.

(૫) તમામ મંજુરી માટે નીચે મુજબનું ફી નું ધોરણ રાખવું.

વાહનનો પ્રકાર		ફીની રકમ રૂા.
(૧)	ટુ વ્હીલર/થ્રી વ્હીલર ટ્રાન્સપોર્ટ વાહન	રૂા. ૫૦૦/-
(૨)	અન્ય ટ્રાન્સપોર્ટ વાહનો માટે	રૂા. ૧૦૦૦/-

(૬) ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરને વાહન ચલાવવામાં અડચણ ન થાય તે રીતે ફીટીંગ કરવાનું રહેશે.

(૭) આવી પરવાનગી માગનાર વાહન માલિકના વાહનના તમામ દસ્તાવેજો જેવા કે, ટેક્ષ, પરમીટ, ફીટનેશ વગેરે અમલી હોવા જોઈએ.

(૮) મોટર વાહન અધિનિયમ તથા તેના હેઠળ ઘડેલ કેન્દ્રીય મોટર વાહન નિયમો તથા ગુજરાત મોટર વાહન નિયમોનું કડકપણે પાલન કરવાનું રહેશે.

(૯) જો ચૂંટણી સંબંધિત જાહેરાત પ્રદર્શિત કરવાની હશે, તો ચૂંટણીઅંગેનાકાયદાતથાચૂંટણીપંચેજાહેરકરેલઆદર્શ આચારસંહિતાનો કડકપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) સુરૂચીનો ભંગ કરે કે અશ્લીલ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહીં.

(૧૧) વાહનના મૂળ માળખામાં (Basic Feature) ફેરફાર થાય એ રીતે કે, વાહનના મૂળ માળખામાં (Basic Feature) ફેરફાર કરીને આવી કોઈ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહી.

(૧૨) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ના માર્ગ સલામતીના ધોરણો-જોગવાઈનો ભંગ થવો જોઈએ નહી.

સબબ, ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગની પરવાનગી આપનાર સક્ષમ અધિકારીશ્રીએ આ શરતો તથા તે સિવાયની અન્ય શરતો સાથે વાહનની મંજુરી આપવાની રહેશે તથા સંબંધકર્તાએ તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈ વ્યક્તિ દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોના ઉપયોગ કરવામાં આવે તેવા તમામ સત્તા ધરાવતા અધિકૃત અધિકારી પાસે, આવા પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરવાના રહેશે અને રજીસ્ટર કરાયેલ વાહન પરત્વેનો પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને પરમીટ વાહનોની ઉપર સહલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્કીન ઉપર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે તેની સ્પષ્ટ વિગતો પણ દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આવા વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેક્સી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેક્ટર, ઓટો રીક્ષા, સ્કુટર વિ.નો સમાવેશ થાય છે. પરંતુ આ નિયંત્રણો માત્ર આજ વાહનો પુરતા મર્યાદિત રહેશે નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બંન્ને સજા થઈ શકશે. આ ઉપરાંત મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ તથા ચૂંટણી આચારસંહિતાના ભંગ બદલની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, વેરાવળ તથા ઉના નગરપાલિકા વિસ્તાર તથા તાલાલા નગરપાલિકાની વોર્ડ નં.-૧ના વિસ્તારમાં આ હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૩૦મી માહે ઓકટોબર, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયેનુ

જાહેરનામું

નં. એમએજી/સી/જિપં/તા.પં./નપા/મતદાન/૮/૨૦૧૫.- રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકાના વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી માટેનું મતદાન તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદાન મથક આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો શાંતિપુર્વક મતદાન કરી શકે તે માટે ચારથી વધુ વ્યકિતઓને મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયામાં એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું આવશ્યક છે.

જેથી હું, કે. જે ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવુ છું કે, જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચુંટણી, વેરાવળ તથા ઉના નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા તાલાલા નગરપાલિકાના વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી માટે નક્કી કરવામાં આવેલ તમામ મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા. ૨૯-૧૧-૨૦૧૫ ના સવારના ૦૬-૦૦ થી સાંજના ૧૯-૦૦ કલાક સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠુ થવુ નહી.

વધુમાં આદેશ કરૂ છું કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, જી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, એન.સી.સી. વગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રાને.

(૫) જિલ્લા/તાલુકા પંચાયત/વેરાવળ તથા ઉના નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા તાલાલા નગરપાલિકાના વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ (કયુ)ને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રીએ અને ચૂંટણી અધિકારીશ્રી અગર મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અધિકૃત કરેલ વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

ઉપર જણાવેલ વિસ્તારમાં જાહેરનામુ સહેલાઈથી જોઈ શકાય તે રીતે તેની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રીએ કાર્યવાહી કરવી.

આજ તારીખઃ ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાને જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર સોમનાથ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

રાજયનાં ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ સુચનાની અમલવારી કરવા અંગેનું

જાહેરનામું

નં. એમએજી/સી/જિપં/તા.પં./ન.પા. ચૂંટણી/મોબાઈલ ફોન/૭/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકાના વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી સંદર્ભે ન્યાયી પ્રક્રિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે ચૂંટણી પંચ તરફથી મતદાનનાં દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં અને મતગણતરીનાં દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશનાં નિયમન માટે ગોઠવાયેલ સીકયુરીટી ફોર્સના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. તેમજ સુચનાનો ભંગ કરનાર વ્યકિત પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતને તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે, તેવી સુચના થયેલ છે.

ઉપરોકત વિગતે આગામી જિલ્લા/તાલુકા પંચાયત, વેરાવળ તથા ઉના નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા તાલાલા નગરપાલિકાના વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી સંદર્ભે તા. ૨૯-૧૧-૨૦૧૫નાં રોજ મતદાનનાં દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરના વિસ્તારમાં અને તા. ૦૨-૧૨-૨૦૧૫ નાં રોજ મતગણતરીનાં દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશના નિયમન માટે ગોઠવાયેલ સીકયોરીટી ફોર્સના વિસ્તારમાં **મતદાન તેમજ મતગણતરી સંબંધે, સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ અને અધિકૃત પ્રવેશપત્ર ધરાવતા પત્રકારો સિવાયના** કોઈપણ વ્યકિત સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જવાનો તથા તેનો ઉપયોગ કરવા અંગે હું, કે.જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ પ્રતિબંધ ફરમાવું છુ.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી તે સાધન જે તે સતાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને મતગણતરી પુરી થયા પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતને તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે ઉપરાંત ભારતના દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/-સુધીનો દંડ અગર બન્ને સજાને પાત્ર થશે.

આજ તારીખઃ ૩૦ માહે ઓકટોબર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

Printed at the Government Press, Rajkot Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 26th NOVEMBER, 2015/AGRAHAYAN 05, 1937 No. 48

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1183-1208	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1889-1936
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩

વંચાણ : નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/ સી.આર.પી.સી./૩૨૧૨/૫૯૩/મ, તા. ૧૮-૧૦-૧૨

હુકમ

નાં. મેજી/સ્થા.સ્વ.//ચૂંટણી/એક્ઝિ મેજી.૨૦૧૫.-વંચાણ (૧) વાળા જાહેરનામાથી રાજ્યમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા કે રાજ્ય વિધાનસભાની બેઠકોની ચૂંટણી જાહેર થાય તથા રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી જાહેર થાય ત્યારે, તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાના તારીખથી મેજિસ્ટ્રીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુકત નોડલ ઓફિસરશ્રીઓ, ફલાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુકત તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને ચૂંટણીની કામગીરી માટે નિયુકત કરવા જરૂરી જણાય તે રીતે નિયુકત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ ૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ ના અધિકારો ચૂંટણીની જાહેરાત થયા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધીના સમયગાળા માટે આપવામાં આવેલ છે.

સબબ કચ્છ જિલ્લાના વિસ્તાર માટે ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણ પણે નિયંત્રણ રાખી શકાય તે હેતુથી ચૂંટણી માટે નિમવામાં આવેલ મેજીસ્ટેરીયલ પાવર્સ ન ધરાવતા ઝોનલ ઓફિસરશ્રીઓ, રીઝર્વ ઝોનલ ઓફિસરશ્રીઓ વિવિધ કામગીરી માટે નિયુકત નોડલ ઓફિસરશ્રીઓ, ફલાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમના વડાઓને તેઓને **જે વિસ્તાર માટે નિમણુંક કરવામાં આવી હોય તે વિસ્તાર** માટે તારીખ ૦૨-૧૨-૨૦૧૫ સુધીના સમય માટે આ અધિનિયમની કલમ ૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નીમીને નીચે મુજબના અધિકારો આપવામાં આવે છે.

૧. કલમ-૪૪ : Arrest by Magistrate

૨. કલમ-૧૦૩ : To direct search in his presence

૩. કલમ-૧૦૪ : Power to impound any documents and things

૪. કલમ-૧૨૯ : Dispersal of assembly by use of civil force

૫. કલમ-૧૪૪ : To issue temporary orders in urgent cases of nuisance or apprehended Danger

કચ્છ-ભુજ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

મહેન્દ્ર પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ ભુજ.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના સમાનાંકી હુકમ તા. ૨૮-૧૦-૨૦૧૫.

(૨) પોલીસ અધીક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/ હથિયાર જમા/૩૦૨૬/૨૦૧૫, તા. ૬-૧૧-૨૦૧૫.

હુકમ સુધારો

નં. એમએજી/એ/જિ.પ.-તા.પ.ન.પા. ચૂંટણી/૧/૨૦૧૫.-રાજય ચૂંટણીપંચ, ગાંધીનગર તરફથી જાહેર થયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી અન્વયે, જુનાગઢ જિલ્લામાં યોજાનાર ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તથા કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પાકરક્ષણ તથા સ્વરક્ષણના હથિયાર પરવાના તળેના હથિયારો અનામત જમા લેવા વંચાણે લીધેલ ક્રમ-૧ થી કરાયેલ હુકમો સંબંધમાં વંચાણે લીધેલ ક્રમ-૨ના પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થઈ આવેલ દરખાસ્ત વિચારણામાં લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વંચાણે લીધેલ તા. ૨૮-૧૦-૨૦૧૫ ના હુકમના ફકરા-૩ માં ફેરફાર કરી ‘‘જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારના સ્વરક્ષણ તથા પાકરક્ષણના હથિયાર પરવાના તળેના હથિયારો અનામત જમા લેવા’’ તે પૂરતો હુકમ સુધારો કરવામાં આવે છે.

આ કચેરીના ઉકત તા. ૨૮-૧૦-૨૦૧૫ ના હુકમની અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

જુનાગઢ, ૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

અજય પ્રકાશ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

INDEX

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

વિષય : મતદાનના દિવસે મતદાન મથકની ૧૦૦ મિટરની ત્રિજ્યામાં અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા બાબત.

નં. : ડીએમ-૧/ચટણ જા.ના. ૧૦/૨૦૧૫.-આગામી ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ અન્વયેનો કાર્યક્રમ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર થયેલ છે. તે મુજબ મહાનગરપાલીકા માટે મતદાન તા. ૨૨-૧૧-૨૦૧૫ના રોજ નિયત કરવામાં આવેલ છે જ્યારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી માટે મતદાન તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે. જે સંદર્ભે મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે મતદાનના દિવસે સુલેહશાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચે મુજબના પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, **બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) મતદાન મથકના ૧૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશવુ નહિ, પ્રચાર કરવો નહિ, રાજકીય પક્ષોના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો લાવવા નહિ. કોઈ નિશાનીઓ રાખવી નહિ.

(૨) એક ઉમેદવારના એકથી વધારે મતદાન મથક એજન્ટને ૧૦૦ મીટર વિસ્તારમાં હાજર રહેવું નહિ.

(૩) રાવટી, તંબુ, ટેબલ, મંડપ મુકવા નહિ.

(૪) કોઈપણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવી નહિ/લાવવી નહિ.

(૫) પક્ષ કે ઉમેદવારના પ્રતિકવાળી સ્લિપ કે વસ્તુઓ લાવવી નહિ કે કોઈ સંજ્ઞા કરવી નહિ.

(૬) પક્ષ કે ઉમેદવાર દ્વારા વાહનોની અંદર મતદારોને મતદાન મથકે લાવવા અને લઈ જવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સદર આદેશ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાન અધિકારીઓને લાગુ પડશે નહિ.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર શહેરના સમગ્ર વિસ્તાર, ભાવનગર જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા મહુવા, પાલીતાણાના સમગ્ર વિસ્તાર તથા ગારીયાધાર નગરપાલિકાના વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ થતા વિસ્તારને ઉકત સમય દરમ્યાન લાગુ પડશે.

આજ તા. ૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૩૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વિષય : મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કરતા વધુ માણસોએ ભેગા થવા પર પ્રતિબંધ બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ચટણ જા.ના. ૧૧/૨૦૧૫.-આગામી ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ અન્વયેનો કાર્યક્રમ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર થયેલ છે. તે મુજબ મહાનગરપાલીકા માટે મતદાન તા. ૨૨-૧૧-૨૦૧૫ના રોજ નિયત કરવામાં આવેલ છે જ્યારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી માટે મતદાન તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે.

જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપૂર્ણ થાય અને તેમા કોઈ અનુરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા જુદા પક્ષના લોકો-ટેકેદાર-કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહશાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહી થવા માટે તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલા મતદાન કેન્દ્રોના મકાનોમાં બિનઅધિકૃત વ્યકિતઓ દાખલ થાય નહી તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા સારૂ મને પુરતુ કારણ જણાય છે.

આથી હું, **બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

તા. ૨૧-૧૧-૨૦૧૫ના શુન્ય કલાકથી તા. ૨૨-૧૧-૨૦૧૫ના ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધી મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી અંગેની કામગીરી માટેના તથા તા. ૨૮-૧૧-૨૦૧૫ના શુન્ય કલાકથી તા. ૨૯-૧૧-૨૦૧૫ના ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા

ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી માટેના નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પુરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પુર્ણ થાય તે સમય સુધી નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવુ નહી, તેમજ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત-વ્યકિતઓએ પ્રવેશ કરવો નહી.

વધુમાં હું, આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

૧. ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી-કર્મચારી તથા હોમગાર્ડને.

૩. સબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે,

૪. સ્થળે હાજર ફરજ પરના પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તે,

૫. અધિકૃત મતદારોને મત આપવા જતા તેમજ મતદાન પછી પરત આવવા સુધીના સમય સુધી.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર શહેરના સમગ્ર વિસ્તાર, ભાવનગર જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા મહુવા, પાલીતાણાના સમગ્ર વિસ્તાર તથા ગારીયાધાર નગરપાલિકાના વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ થતા વિસ્તારને ઉકત સમય દરમ્યાન લાગુ પડશે.

આજ તા. ૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૩૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વિષય : મતદાનના દિવસે વાહનોના ઉપયોગ પર નિયંત્રણ રાખવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ચટણ જા.ના. ૧૨/૨૦૧૫.-આગામી ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ સંદર્ભે રાજ્ય ચૂંટણી પંચના તા. ૨૫-૪-૧૯૯૫ના પરિશિષ્ટ-૧૬(૧૩)ની સુચના અનુસંધાને મતદાનના દિવસે વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરુપયોગ અટકાવવા તેમજ ઉકત ચૂંટણી દરમ્યાન વાહનોના દુરુપયોગ પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાય છે.

આથી હું, **બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજા અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો કે તેમનાં ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા બીજા કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે

(૧) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથકથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૨) ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહનનો ઉપયોગ કરી શકશે.

  (૧) પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પુરતું એક વાહન.

  (૨) આ ઉપરાંત યથાપ્રસંગ ચૂંટણી એજન્ટ પાતાના ઉપયોગ માટે તે મતદાર વિભાગમાં એક વાહન વાપરવા હકકદાર રહેશે.

(૩) ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન વ્યવહાર અધિકારીશ્રી પાસેથી મંજુરી મેળવ્યા બાદ ચૂંટણી અધિકારીશ્રી પાસે નોંધણી કરાવવાનું રહેશે અને નોંધણી કારવેલ વાહન પર તેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે.

(૪) ઉમેદવાર પોતાની માલિકીના ખાનગી વાહનનો ઉપોયગ કરે તે પ્રસંગે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની મંજુરીની જરૂરત રહેશે નહીં, બાકીના તમામ કિસ્સામાં વાહનના ઉપયોગ અંગે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

આ હુકમનો અમલ ભાવનગર મહાનગરપાલિકાના વિસ્તાર માટે તા. ૨૨-૧૧-૨૦૧૫ના દિવસ માટે તથા ભાવનગર જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા મહુવા, પાલીતાણાનો સમગ્ર વિસ્તાર તથા ગારીયાધાર નગરપાલિકાના વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ થતા વિસ્તાર માટે તા. ૨૯-૧૧-૨૦૧૫ ના દિવસ માટે કરવાનો રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૩૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વિષય : મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા પર પ્રતિબંધ બાબત.

જાહેરનામુ

નં.ડીએમ-૧/ચટણ જા.ના.૧૩/૨૦૧૫.-આગામી ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ સંદર્ભે રાજ્ય ચૂંટણી પંચના તા. ૦૬-૦૧-૨૦૧૦ના પરિપત્રના મુદ્દા નં.૧૦ની સુચનાઅનુસાર મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે, મતદારો માટે અવરોધ ઉભા થાય છે. વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણો થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાનાં પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીનાં મુકત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે.

જેથી મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી હું, **બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું કે,

૧. મતદાન મથકની ૨૦૦ મીટરના અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહી અને એક જ મંડપ બાંધી શકાશે અને તેમા એક ટેબલ અને એક ખુરશી જ રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહીં.

૨. આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખીત પરવાનગી મેળવવી અને સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને જાણ કરવી જોઈશે.

૩. મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ/ચિન્હ પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલુ હોવું જોઈએ નહીં.

૪. મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર થવાની છુટ આપવી નહીં.

૫. મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ (હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવી. મતદાર કોઈપણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે તેમ કરતા કોઈપણ પ્રકારે કોઈ દ્વારા તેને અટકાવી શકાશે નહીં. મંડપના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

૬. કાયદો વ્યવસ્થા જાળવવામાં હરકત થશે તો મંડપ દુર કરવાની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારી કરી શકશે.

આ હુકમનો અમલ ભાવનગર મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તાર માટે તા. ૨૨-૧૧-૨૦૧૫ના દિવસ માટે તથા ભાવનગર જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા મહુવા, પાલીતાણાનો સમગ્ર વિસ્તાર તથા ગારીયાધાર નગરપાલિકાના વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ થતા વિસ્તાર માટે તા. ૨૯-૧૧-૨૦૧૫ ના દિવસ માટે કરવાનો રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૩૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વિષય : મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં મતદાનના દિવસે પ્રચાર કરવા તથા અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા બાબત.

જાહેરનામું

નં.ડીએમ-૧/ચટણ જા.ના.૧૪/૨૦૧૫.-આગામી ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ સંદર્ભે ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં અડચણ અટકાવવા તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી હું, **બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું કે,

ભાવનગર મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણી સંદર્ભે તા. ૨૨-૧૧-૨૦૧૫ ના રોજ નિયત થયેલ મતદાનના દિવસે તેમજ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી સંદર્ભે તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ નિયત થયેલ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઈ મતદારોને મત આપવા આગ્રહપુર્વક વિનંતી કરવી.

(૪) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સજાવવા.

(૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાયની) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણુ સંદેશાવ્યવહારના સાધનો લઈ જવા.

(૮) વાહનો સાથે આવવું.

(૯) મતદાન મથકમાં મતદાર, ઉમેદવાર/ચૂંટણી એજન્ટ તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

(૧૦) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેનાં વિસ્તાર ન છોડી અડચણ ઉભી કરવી.

આ હુકમમાં નીચે મુજબ આપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીઓ/ કર્મચારીઓને ઉપરની ક્રમ નં. ૭ની બાબતો લાગુ પડશે નહી.

આ હુકમનો અમલ ભાવનગર મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તાર માટે તા. ૨૨-૧૧-૨૦૧૫ના દિવસ માટે તથા ભાવનગર જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા મહુવા, પાલીતાણાનો સમગ્ર વિસ્તાર તથા ગારીયાધાર નગરપાલિકાના વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ થતા વિસ્તાર માટે તા. ૨૯-૧૧-૨૦૧૫ ના દિવસ માટે કરવાનો રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૩૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વિષય : મતદાનના દિવસે તથા મતગણતરીના દિવસે મોબાઈલ, સેલ્યુલર ફોન, કોર્ડલેસ વિગેરે ઉપકરણોના ઉપયોગ ઉપર પ્રતિબંધ અંગે

જાહેરનામું

નં. ડીએમ-૧/ચટણ જા. ના. ૧૫/૨૦૧૫.-આગામી ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ સંદર્ભે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મતદાનની તા. ૨૨-૧૧-૨૦૧૫ ના રોજ મતગણતરીની તા. ૨-૧૨-૨૦૧૫ ના રોજની નિયત થયેલ છે. જયારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ની મતદાનની તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ તથા મતગણતરીની તા. ૨-૧૨-૨૦૧૫ ના રોજની નિયત થયેલ છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના તા. ૫-૨-૨૦૦૦ના પત્ર દ્વારા મતદાન કેન્દ્રો અને તેની નજીકના વિસ્તારમાં કોઈપણ વ્યકિતને સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વિગેરે લઈ જવા અંગે પ્રતિબંધ મુકવા જરૂરી આદેશ બહાર પાડેલ છે.

સબબ, મુક્ત, ન્યાયી રીતે ચૂંટણી યોજાય તેમજ તે દરમ્યાન સુલેહશાંતીનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનના દિવસે તેમજ મતગણતરીના દિવસે મતગણતરી મથક ખાતે ચૂંટણી પ્રચાર થતો અટકાવવા તથા મતદાન તેમજ મતગણતરીની પ્રક્રિયામાં ખલેલ ન પડે તે માટે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રોના સ્થળે તેમજ મતગણતરી મથક ખાતે કોઈપણ વ્યકિતને સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

આથી હું, **બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

ચૂંટણીપંચ દ્વારા માન્ય કરેલ તમામ મતદાન મથકોએ કોઈપણ વ્યકિત મતદાનના દિવસોએ તેમજ મતગણતરીના દિવસે મતગણતરી મથક ખાતે સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

સદર આદેશ કાયદો-વ્યવસ્થાનો ચાર્જ સંભાળતાં અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ તથા ચૂંટણી પંચે નિમેલા ચૂંટણીની ફરજ પરના તમામ અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહીં.

સદર આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ/વોકીટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમનો અમલ ભાવનગર મહાનગરપાલીકાના સમગ્ર વિસ્તાર માટે તા. ૨૨-૧૧-૨૦૧૫ મતદાનના દિવસ તથા તા. ૨-૧૨-૨૦૧૫ના મતગણતરીના દિવસ માટે તથા ભાવનગર જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા મહુવા, પાલીતાણાનો સમગ્ર વિસ્તાર તથા ગારીયાધાર નગરપાલિકાના વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ થતા વિસ્તાર માટે તા. ૨૯-૧૧-૨૦૧૫ ના મતદાનના દિવસ તથા તા. ૨-૧૨-૨૦૧૫ ના મતગણતરીના દિવસ માટે કરવાનો રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૩૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

INDEX

વિષય : મતગણતરીના દિવસે ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા પર પ્રતિબંધ બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ચટણ જા. ના. ૧૬/૨૦૧૫.-આગામી ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ સંદર્ભે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મતગણતરીની તા. ૨-૧૨-૨૦૧૫ ના રોજની નિયત થયેલ છે.

આ મતગણતરીના દિવસે સબંધિત વિસ્તારની ચૂંટણી અન્વયે નિયત થયેલ મતગણતરી સ્થળની આજુબાજુના વિસ્તારમાં અસામાજીક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતીથી થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા, ઝડપી ઉપાય યોજવા પુરતું કારણ હોઈ,

આથી હું, **બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે મતગણતરીના દિવસે સબંધિત વિસ્તારની ચૂંટણી અન્વયે નિયત થયેલ મતગણતરી સ્થળની આજુબાજુના ૨૦૦ મીટર સુધીના વિસ્તારમાં મતગણતરીના દિવસે સવારના કલાક ૭-૦૦ થી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કે તેથી વધુ માણસોએ રાજયમાર્ગો ઉપર, શેરીઓમાં, ગલીઓમાં કે પેટા ગલીઓમાં એકઠા થવુ નહી, સભાઓ ભરવી નહી.

સદરહું મતગણતરીના કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/અધિકારીઓ/ઉમેદવારો/ચૂંટણી એજન્ટો/મતગણતરી એજન્ટોને મતગણતરી સ્થળ પુરતું આ જાહેરનામું લાગુ પડશે નહી.

આ હુકમનો અમલ ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા મહુવા, પાલીતાણાનો સમગ્ર વિસ્તાર તથા ગારીયાધાર નગરપાલિકાના વોર્ડ નં. ૩માં સમાષ્ટિ થતા વિસ્તાર માટે તા. ૨-૧૨-૨૦૧૫ ના મતગણતરીના દિવસ માટે નિયત થયેલ મતગણતરી કેન્દ્રો તથા તેની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં લાગુ પડશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫ મા અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર ઠરશે.

આજ તા. ૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૩૧ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વિષય : સ્વરક્ષણના હથિયાર પરવાનેદારોએ હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ચટણ જા. ના. ૧૭/૨૦૧૫.-આગામી ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા-મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ અન્વયેનો કાર્યક્રમ રાજય ચૂંટણી પંચ દ્વારા જાહેર થયેલ છે.

સબબ, ઉકત હકીકતને ધ્યાને લઈ આગામી ભાવનગર મહાનગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયત, નગરપાલિકા મહુવા, પાલીતાણા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા ગારીયાધાર વોર્ડ નં. ૩ પેટા ચૂંટણી-૨૦૧૫ને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂઈએ હું, બંછાનિધિ પાની (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર, ભાવનગર શહેરના સમગ્ર વિસ્તાર, ભાવનગર જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા મહુવા, પાલીતાણાના સમગ્ર વિસ્તાર તથા ગારીયાધાર નગરપાલિકાના વોર્ડ નં. ૩ માં રહેતા પરવાનેદારોએ તેમની પાસેના સ્વરક્ષણના પરવાના તળેના હથિયારો તા. ૧૭-૧૧-૨૦૧૫ થી તા. ૦૫-૧૨-૨૦૧૫ સુધી નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા તથા સંબંધિત તમામ પોલીસ સ્ટેશનોએ તેમના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં રહેતા અને સ્વરક્ષણનો હથિયાર પરવાનો ધરાવતા તમામ પરવાનેદારો દ્વારા તેમના હથિયારો જમા કરાવવામાં આવે તે માટેના પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

આ જાહેરનામાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(૧) ભાવનગર શહેર/જિલ્લામાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેન્ક/કોર્પોરેશન/ટ્રસ્ટ સહિતના)ના, રાજય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સનને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

(૨) માન્યતા ધરાવતી સીકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોર્મશીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી સીકયુરીટી ગાર્ડને તથા સ્વરક્ષણ માટેનો હથિયર પરવાનો ધરાવતા સીકયુરીટી ગાર્ડ કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોર્મશીયલ બેન્કોમાં તેમજ ખાનગી કંપની/પેઢીઓમાં સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હોય તેવા સીકયુરીટી ગાર્ડને તેમના હથિયારો જમા

INDEX

કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. આવા સીકયુરીટી ગાર્ડે તેઓ જે તે બેન્ક, સંસ્થા, કંપની કે પેઢીમાં સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધિતોનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તથા જે તે સંબંધિતો આવા સીકયુરીટી ગાર્ડની વિગતવારની માહિતીની જાણ લાગુ પડતા નજીકના પોલીસ સ્ટેશનને કરવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશનએ આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

(૩) કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના અધિકારી/કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે તેમને લાગુ પડશે નહી.

(૪) કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતાં અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણીપંચે નિમેલા નિરક્ષકો, મતદાન અધિકારીશ્રીઓ તેમજ મતગણતરી અધિકારીશ્રીઓ.

હથિયાર પરવાનેદારોએ તેમના પરવાનાવાળા હથિયારો લાગુ પડતા નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે.

આ જાહેરનામાનું પાલન નહીં કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે તથા જાહેરનામાનો ભંગ કરનાર સામે ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તથા જાહેર નોટિસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવાની રહેશે.

આજ તા. ૧૦-૧૧-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧૦ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

બંછાનિધિ પાની,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ તથા ૩૭ હેઠળ કાઢેલ

હુકમ

નં.એમએજી/સી/તા.પં.જિ.પં-નપા. ચૂંટણી/૧/૨૦૧૫.- રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમ વંથલી નગરપાલિકાની વોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા-સરઘસ દ્વારા તથા લાઉડસ્પીકરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને, જિલ્લામાં જાહેર સુલેહશાંતી અને સલામતીને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાય રહે તે હેતુસર સાવચેતીના ભાગ રૂપે આગોતરા પગલા ભરવા જરૂરી જણાય છે.

સબબ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમો દ્વારા મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબનાં હુકમ કરૂ છું.

(અ) લાઉડસ્પીકરના ઉપયોગ અંગે :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(થ) તથા કલમ-૩૩(૧)(૫)(૩) હેઠળ રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ના નિયમ-૩ ને અનુરૂપ તથા ના.સુપ્રિમ કોર્ટે રીટ પીટીશન નં. ૭૨/૯૮ વીથ સીવીલ અપીલ નં. ૩૭૩૫/૨૦૦૫માં આપેલ ગાઈડલાઈન મુજબ આપવાની રહેશે.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે. લાઉડસ્પીકર ફકત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય તે રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલા હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(અ) સભા-સરઘસ દરમ્યાનના વર્તન-વર્તણૂંક અંગે :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(૬) તથા કલમ-૩૭(૧)(ક) થી (છ) હેઠળ સભા-સરઘસ દરમ્યાન નીચેના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળ્યા બાદ જ સભા-સરઘસનું આયોજન કરવાનું રહેશે તથા જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) સભા-સરઘસમાં નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

  (ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી.

  (ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

  (ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

  (ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

  (ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

  (ચ) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૩) ચૂંટણી સભા-સરઘસ-વાર્તાલાપ કે મતદારના વ્યકિતગત સંપર્ક દરમ્યાન કોઈને ઉતારી પાડતા, ચારિત્ર્ય ખંડન કરતા પ્રવચન કરવા નહીં, ધર્મ, જાતિ જન્મ સ્થળ, નિવાસ, ભાષા વિ.ની ભૂમિકા પર જુદા જુદા જન સમૂહ/વર્ગ વચ્ચે વૈમનસ્ય, તિરસ્કાર, દ્વેશ વધે તથા જન સંવાદિતાની જાળવણીને વિપરીત અસર થાય તેવા પ્રવચન, ચોંકાવનારા સમાચારવાળા વિધાન કરવા નહી કે તેમ કરવા કોઈને પ્રોત્સાહન આપવું નહિ.

(૪) જેનાથી સુરૂચિ તથા નીતિનો ભંગ થતો હોય અથવા રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું કે નકલ કરવાના કૃત્ય કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(૫) જેનાથી સુરૂચિ તથા નીતિનો તથા ચૂંટણી કમિશ્નરશ્રી દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેરખબરો અથવા વસ્તુઓ તૈયાર કરવાના, કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫, ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લા પંચાયત તથા જિલ્લાના તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, કેશોદ નગરપાલિકા તથા વંથલી નગરપલિકા, વોર્ડ નં. ૨ અને ૩ ના વિસ્તારમાં હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧(ઘ ક) તથા (ઘ ખ) હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જિપં/તા.પં./ન.પા. ચૂંટણી/૨/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમ વંથલી નગરપાલિકાની વોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય, ચૂંટણી મુકત, ન્યાયી તથા પારદર્શક રહે તે માટે ખાનગી મિલ્કત/સ્થળ/જગ્યા વિગેરે ઉપર ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિ.ના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમ-૩૩ ની પેટા કલમ-૧(ઘ ક) તથા (ઘ ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ જુનાગઢ જિલ્લામાં, જુનાગઢ જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ વંથલી નગરપલિકા, વોર્ડ નં. ૨ અને ૩ ની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી દરમ્યાન ખાનગી મિલ્કત/સ્થળ જમીન પર ચૂંટણી પ્રચારના બોર્ડ, બેનર્સ, કમાન, તોરણ પોર્સ્ટડ વિ. મુકવા માટે નીચેની બાબતોનો અમલ કરવા ફરમાન કરૂ છું.

(૧) જો સ્થાનિક કાયદાઓ ખાનગી જગ્યાઓ પર દીવાલ પર લખાણ કરવા, પોસ્ટરો ચોંટાડવા, પાટિયા/ઝંડા/લખાણો વિ. લગાડવાની મંજુરી આપતા ન હોય તો ખાનગી મિલ્કતના માલિકની મંજુરી મળી હોય તો પણ ખાનગી જગ્યા પર, દીવાલ પર લખાણ કરી શકાશે નહીં, પોસ્ટરો ચોંટાડી શકાશે નહી, પાટિયા, ઝંડા, લખાણો લગાડી શકાશે નહી.

(૨) કોઈપણ સ્થાનિક કાયદા હેઠળના કોઈપણ પ્રતિબંધને આધિન રહીને, રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટો,

કાર્યકર્તાઓ અને ટેકેદારો તેમની પોતાની મિલકત ઉપર તેમના ચૂંટણી પ્રતિકને દર્શાવતા તેમના પક્ષનો એક ઝંડો ફરકાવી શકશે પરંતુ શરત એ રહેશે કે તેઓ સ્વૈચ્છાથી અને કોઈપણ પક્ષ, સંગઠન કે વ્યકિત તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર તેમના ખુદના સંકલ્પથી આમ કરતા હોય આ જોગવાઈ હેઠળ રાજકીય જાહેરાતના સંદર્ભમાં કોઈપણ પ્રકારના કટ-આઉટ, હોર્ડીંગ્સ અથવા બેનર્સ કોઈપણ ખાનગી મિલકત પર લગાડી શકાશે નહી.

(૩) સ્થાનિક કાયદાઓ જયાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામાં દીવાલો પર લખાણ કરવાની અને પોસ્ટર ચોંટાડવાની, હોર્ડિંગ્સ, બેનર્સ વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં, ચૂંટણી લડતા ઉમેદવારો અથવા સંબંધીત રાજકીય પક્ષોએ મિલકતના માલિક પાસેથી લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને તેની ફોટો નકલો નિયત પ્રોફોર્માના પત્રક સાથે તેમાં (ખાનગી) મિલ્કતના જે માલિક પાસેથી આવી પરવાનગી મેળવી હોય તેનું નામ અને સરનામું, આ હેતુ માટે તેના દ્વારા કરવામાં આવેલા અથવા કરવામાં આવનાર ખર્ચ તેમાં દર્શાવીને, તે ચૂંટણી અધિકારીને અથવા આ હેતુ માટે તેમના દ્વારા પદનામિત કરવામાં આવેલા અધિકારીને મોકલી આપવાની રહેશે. ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી નિરીક્ષક અથવા ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારી સરળતાથી તપાસ કરી શકે એ માટે, ચૂંટણી લડતા ઉમેદવારે ગામ/વિસ્તાર/નગરવાર આવી માહિતી, આવશ્યક પરવાનગી મેળવી લીધા પછી ૩ દિવસની અંદર ચૂંટણી અધિકારીને અથવા અધિકૃત અધિકારીને પૂરી પાડવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લા પંચાયત તથા જિલ્લાના તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, કેશોદ નગરપાલિકા તથા વંથલી નગરપલિકા, વોર્ડ નં. ૨ અને ૩ ના વિસ્તારમાં હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જિપં/તા.પં./ન.પા. ચૂંટણી/૫/૨૦૧૫.- રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ વંથલી નગરપાલિકાની વોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા ચૂંટણીના કામે વાહનોનો ઉપયોગ થનાર છે. આ વાહનોના ઉપયોગના કારણે જાહેર જનતાને કોઈ ભય, ત્રાસ કે નુકશાન ન પહોંચે, મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયામાં વાહનોનો દુરઉપયોગ અટકે, ચૂંટણીની આદર્શ આચારસહિંતાનું પાલન થાય તથા ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગ બાબતે આક્ષેપ-પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વાહનોના ઉપયોગ માટે નિયમો કરવા જરૂરી જણાય છે.

સબબ, હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો-ટેકેદારો-ઉમેદવારો દ્વારા થનાર વાહનોના ઉપયોગ માટે નીચે મુજબના નિયમો કરી તેના અમલ માટે હુકમ કરૂં છું.

(૧) ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૧૨૫ ની જોગવાઈ હેઠળ પ્રાદેશિક વાહનવ્યવહાર સમિતિએ નીચેની શરતોએ ઉપરોક્ત ચૂંટણી દરમ્યાન ટ્રાન્સપોર્ટ વાહનો પર જાહેર પ્રદર્શિત કરવા પરવાનગી આપેલ છે.

  (૧) આ વાહનમાં જાહેરાત એવી રીતે લગાડવાની રહેશે કે, ડ્રાઈવરને વાહન ચલાવતી વખતે આગળ-પાછળ તથા બંને બાજુએ વિઝનમાં અવરોધ ઉભો ન થાય.

  (૨) માઈક કે ઓડીયો/વીડીયો/લાઉડસ્પીકરની મંજુરી સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે. વગર મંજુરીએ તેનો ઉપયોગ કરી શકાશે નહીં.

  (૩) સ્પીડ લીમીટ માટે સરકારશ્રીના જાહેરનામાંનો અમલ ચૂસ્તપણે કરવાનો રહેશે.

  (૪) લોકતાંત્રિક વ્યવસ્થામાં ચૂંટણી સમયે આવી મંજુરી પ્રાદેશિક વાહનવ્યવહાર સતામંડળે નિયત કરેલ તારીખ સુધી અમલી રહેશે.

  (૫) તમામ મંજુરી માટે નીચે મુજબનું ફી નું ધોરણ રાખવું.

વાહનનો પ્રકાર		ફી ની રકમ
(૧)	ટુ વ્હીલર/થ્રી વ્હીલર ટ્રાન્સપોર્ટ વાહન	રૂા. ૫૦૦/-
(૨)	અન્ય ટ્રાન્સપોર્ટ વાહનો માટે	રૂા. ૧૦૦૦/-

(૬) ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરને વાહનો ચલાવવામાં અડચણ ન થાય તે રીતે ફીટીંગ કરવાનું રહેશે.

(૭) આવી પરવાનગી માગનાર વાહન માલિકના વાહનના તમામ દસ્તાવેજો જેવા કે, ટેક્ષ, પરમીટ, ફીટનેશ વગેરે અમલી હોવા જોઈએ.

(૮) મોટર વાહન અધિનિયમ તથા તેના હેઠળ ઘડેલ કેન્દ્રીય મોટર વાહન નિયમો તથા ગુજરાત મોટર વાહન નિયમોનું કડકપણે પાલન કરવાનું રહેશે.

(૯) જો ચૂંટણી સંબંધિત જાહેરાત પ્રદર્શિત કરવાની હશે, તો ચૂંટણી અંગેના કાયદા તથા ચૂંટણીપંચે જાહેર કરેલ આદર્શ આચારસંહિતાનો કડકપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) સુરૂચીનો ભંગ કરે કે અશ્લીલ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહીં.

(૧૧) વાહનના મૂળ માળખામાં (Basic Feature) ફેરફાર થાય એ રીતે કે, વાહનના મૂળ માળખામાં (Basic Feature) ફેરફાર કરીને આવી કોઈ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહી.

(૧૨) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ના માર્ગ સલામતીના ધોરણો-જોગવાઈનો ભંગ થવો જોઈએ નહી.

સબબ, ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગની પરવાનગી આપનાર સક્ષમ અધિકારીશ્રીએ આ શરતો તથા તે સિવાયની અન્ય શરતો સાથે વાહનની મંજુરી આપવાની રહેશે તથા સંબંધકર્તાએ તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈ વ્યક્તિ દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોના ઉપયોગ કરવામાં આવે તેવા તમામ સત્તા ધરાવતા અધિકૃત અધિકારી પાસે, આવા પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરવાના રહેશે અને રજીસ્ટર કરાયેલ વાહન પરત્વેનો પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને ઓરીજનલ પરમીટ વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડસ્કીન ઉપર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે તેની સ્પષ્ટ વિગતો પણ દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આવા વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેક્સી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેક્ટર, ઓટો રીક્ષા, સ્કુટર વિ.નો સમાવેશ થાય છે. પરંતુ આ નિયંત્રણો માત્ર આજ વાહનો પુરતા મર્યાદિત રહેશે નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બંન્ને સજા થઈ શકશે. આ ઉપરાંત મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ તથા ચૂંટણી આચારસંહિતાના ભંગ બદલની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લા પંચાયત તથા જિલ્લાના તાલુકા પંચાયતોના મતદાર વિસ્તાર, કેશોદ નગરપાલિકા તથા વંથલી નગરપલિકા, વોર્ડ નં. ૨ અને ૩ ના વિસ્તારમાં હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૦૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

હુકમ

નં. એમએજી/સી/જિ.પં./તા.પં./ન.પા. ચૂંટણી/મોબાઈલ ફોન/૬/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ વંથલી નગરપાલિકાની વોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી સંદર્ભે ન્યાયી પ્રક્રિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે ચૂંટણી પંચ તરફથી મતદાનનાં દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરના વિસ્તારમાં અને મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશનાં નિયમન માટે ગોઠવાયેલ સીકયુરીટી ફોર્સના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી તેમજ સુચનાનો ભંગ કરનાર વ્યકિત પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતને તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે, તેવી સુચના થયેલ છે.

ઉપરોકત વિગતે આગામી જિલ્લા/તાલુકા પંચાયત, કેશોદ નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તથા વંથલી નગરપાલિકાની પોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી સંદર્ભે તા. ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાનનાં દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુ બાજુનાં ૧૦૦ મીટરના વિસ્તારમાં અને તા. ૦૨-૧૨-૨૦૧૫ નાં રોજ મતગણતરીનાં દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશના નિયમન માટે ગોઠવાયેલ સીકયુરીટી ફોર્સના વિસ્તારમાં મતદાન તેમજ મતગણતરી સંબંધે, સાથે સંકળાયેલઅધિકારીશ્રીઓ અને અધિકૃત પ્રવેશપત્ર ધરાવતા પત્રકારો સિવાયના કોઈપણ વ્યકિતએ સેલ્યુલર ફોન, કોલડેલસ ફોન, વાયરલેસ સેટ વિગેરે સાથે પ્રવેશ તેનો ઉપયોગ કરવા અંગે હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી તે સાધન જે તે સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને મતગણતરી પુરી થયા પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતને તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૦૯ માહે નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લા,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૫૯૫ થી ૨૬૩૩/૨૦૧૫.-જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ ચૂંટણી માટે રાજય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે જે સબંધે બોટાદ જિલ્લામાં તારીખ : ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે. જેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિનરાજકીયપક્ષનાં કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય આ પ્રચારનાં હેતુ માટે તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતા વાહનોનાં સબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

(૨) આથી હું **આર. એચ. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો કે તેમનાં ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી ઉમેદવારે તેમના ચૂંટણી અધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાનાં રહેશે. અને રજીસ્ટર કરાયેલ વાહન માટે તેઓશ્રી પાસેથી પરમીટ મેળવી, અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહિ, ઉપરાન્ત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ નિયંત્રણો યાંત્રિક શકિત થી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમનો અમલ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટેના વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

આજ તારીખઃ ૪ મી નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૭૪૭ થી ૨૭૮૪/૨૦૧૫.-(૧) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ ચૂંટણી માટે રાજય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ

છે. જે સબંધે બોટાદ જિલ્લામાં તારીખ : ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે. રાજય ચૂંટણી પંચ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવમાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

(૨) આથી બોટાદ જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ ને પણ મંજુરી આપી શકાશે નહિ. ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુંભાવોને લાવતા લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી છે બે કે તેથી વધું વાહનો કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહિ. એક જ વ્યકિતને ૪૮ કલાક થી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહિ તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુંભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહિ.

(૩) આ જાહેરનામાનો અમલ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટેના વિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે. અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે સને-૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ કડક પગલા લેવામાં આવશે ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ અન્વયે શિક્ષા કરવામાં આવશે.

(૪) આજ તારીખઃ ૪ મી નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૩૧૬૫ થી ૩૨૦૨/૨૦૧૫.-(૧) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ ચૂંટણી માટે રાજય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે સબંધે બોટાદ જિલ્લામાં તારીખ : ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે. જેનાં અનુસંધાને બોટાદ જિલ્લામાં કોઈ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતીને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે અને હાલમાં નગરપાલિકા/જિલ્લા પંચાયત/તાલુકા પંચાય સામાન્ય ચૂંટણી-૨૦૧૫ ને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલ આચારસંહિતાની જોગવાઈઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

(૨) આથી હું, **આર. એચ. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટેના વિસ્તારમાં તા. ૨૭-૧૦-૨૦૧૫ થી તા. ૨૭-૧૧-૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય, અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૪) આથી હું આદેશ આપું છું કે આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, તેમજ વર્તમાનપત્રો અને દુરદર્શન ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તારીખઃ ૪ મી નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૬૩૪ થી ૨૬૭૦/૨૦૧૫.-(૧) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી

તથા પેટા ચૂંટણી-૨૦૧૫ ચૂંટણી માટે રાજય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે સબંધે બોટાદ જિલ્લામાં તારીખ : ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે. જેના અનુસંધાને મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીત રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે. જે અટકાવવા તેમજ ઉકત ચૂંટણી દરમ્યાન વાહનોના દુરૂપયોગ પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા.

(૨) આથી હું, **આર. એચ. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ મન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો કે તેમનાં ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે

(ક) મતદાન મથકના ૧૦૦ મીટરની અંદર ચૂંટણી પ્રચાર કરવો, મતદાન બંધ કરવા માટે નિયત કરેલ કલાક સહિત પુરા થતાં ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન જાહેર સભાઓ યોજવી, અને મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથકથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) નગરપાલિકા જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી બાબતમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહનનો ઉપયોગ કરી શકશે.

૧. પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતું એક વાહન.

૨. આ ઉપરાંત યથાપ્રસંગ ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ એક વાહન વાપરવા હક્કદાર રહેશે.

(ગ) ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન ઉમેદવારે તેના ચૂંટણી અધિકારીશ્રી પાસે નોંધણી કરાવવાનું રહેશે અને નોંધણી કરાવેલ વાહનની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે અસલ પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે.

(ઘ) આ ઉપરાંત સ્પષ્ટતા કરવાની કે હવેથી ઉમેદવાર કે તેના એજન્ટ અથવા પક્ષના કાર્યકરો કે કાર્યકરો માત્ર ચાર/ત્રણ/ કે બે પૈડાવાળાં વાહનો, દા.ત. મોટરકાર (દરેક પ્રકારની), ટેક્ષી, ઓટોરીક્ષા કે રીક્ષા અને દ્વિચક્રી વાહનોનો જ ઉપયોગ કરી શકશે. આ વાહનોમાં ડ્રાયવર સહિત કુલ-પાંચથી વધારે વ્યકતિઓ બેસી શકશે નહિ.

(ચ) મતદાનના દિવસે જો ઉમેદવાર મતદાર વિભાગ વિસ્તારમાં હાજર નહિ રહે તો, ઉમેદવારના પોતાના ઉપયોગ માટે મંજૂરી માટે અપાયેલ વાહન અન્ય કોઈ વ્યકિતઓ દ્વારા વાપરી શકાશે નહિ.

૪. આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટેના વિસ્તારમાં તા. ૨૯-૧૧-૧૫ ના દિવસે કરવાનો રહેશે.

૫. આજ તારીખઃ ૪ મી નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૨૭૮૫ થી ૨૮૨૨/૨૦૧૫.-(૧) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ ચૂંટણી માટે રાજય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે સબંધે બોટાદ જિલ્લામાં તારીખ : ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે અને ચૂંટણી પ્રક્રિયા પણ શરૂ થયેલ હોય, જેને અનુલક્ષી ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારોના અત્યંત ખર્ચાળ પ્રચાર પર નિયંત્રણ મુકવા અંગેના તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ચૂંટણી પંચ તરફથી અપાયેલ સુચના મુજબ આ આચારસંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મિલ્કતને થતી હાની/બગાડ અટકાવવા પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતિના પગલા લેવા જરૂરી જણાતા, હોઈ

(૨) હું. **આર. એચ.ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈ ઉમેદવારોએ રાજકીયપક્ષોએ કે તેમના ટેકેદારોએકોઈ કટઆઉટ (GATES) કે કમાનો (ARCHES) ઉભા કરવા નહી.

(૨) જાહેર કે ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા

અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્ત પણે અમલ કરવો.

(૩) ઉમેદવાર, ઉમેદવારીપત્રો ભરવા કે ઉમેદવારીપત્રોની ચકાસણીમાં હાજરી આપવા કે ચૂંટણીપ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ આકારે જવું નહી.

(૪) ખાનગી સ્થળો માલિકની પરવાનગી હોય તો પણ હોર્ડિંગ્સ પ્રદર્શિત કરવા નહી.

(૫) અન્ય રાજકીય પક્ષો અથવા ઉમેદવારો દ્વારા આયોજીત જાહેર સભાઓ અથવા સરઘસોમાં ખલેલ પહોંચાડવી નહિ. અન્ય કોઈ પક્ષ જે સ્થળે સભાનું આયોજન કરી રહયો હોય તે સ્થળ પાસે સરઘસો કાઢવા નહિ. સરઘસ કાઢનવારાઓએ પોતાની સાથે જેનો મિસાઈલ અતવા હથિયાર તરીકે દુરઉપયોગ થઈ શકે તેવી કોઈપણ ચીજ વસ્તુઓ લઈ જવી નહિ. અન્ય પક્ષો અથવા ઉમેદવારોએ બહાર પાડેલા/લગાડેલા પોસ્ટરો દુર કરવા નહિ અથવા તેને અવાચ્ય બનાવવા નહિ. ઓળખ કાપલીઓના વિતરણ માટે મતદાનના દિવસે ઉપયોગમાં લેવાતા સ્થળે અથવા ચૂંટણી મથકો નજીકના પોસ્ટરો, ફલેગ, સંકેતો અથવા અન્ય કોઈપણ પ્રચાર સામગ્રી પ્રદર્શિત કરવી નહિ.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટેના વિસ્તારમાં તા. હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી કરવાનો રહેશે.

(૪) આજ તારીખ : ૪ મી નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

(૧) નં. ડી.એમ/વશી/૨૬૭૧ થી ૨૭૦૮/૨૦૧૫.-જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ ચૂંટણી માટે રાજય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે સબંધે બોટાદ જિલ્લામાં તારીખ : ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે. જેને અનુલક્ષી ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારો અથવા કાર્યકરો મકાન માલીકોની પરવાનગી લીધા વીના ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોંટાડીને, સુત્રો લખીને, નિશાની ચીત્રીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ બગાડે છે. આ માટે મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય તરફથી રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આચાર સંહિતા અને તે અંગે સુંચનાઓ થઈ આવેલ છે. જે મુજબ રાજકીય પક્ષો અથવા ઉમેદવારો પોતાના કાર્યકરોન ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટસો ચોટાડવા, સુત્રો લખવા વિગેરે માટે પરવાનગી વિના કોઈપણ વ્યકિતની જમીન મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવા દેશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

આથી આ આચાર સંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મીલ્કતને થતી હાની/બગાડ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ આ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેઓના કાર્યકરોને જણાવવામાં આવે છે કે સબંધિત મિલકતના માલિકોની પરવાનગી લીધા વિના જાહેર તથા ખાનગી મીલ્કત ઉપર ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોંડીને, સુત્રો લખીને દિવાલો બગાડવી નહી તેમજ કોઈ ધ્વજદંડ કે બેનરો લટકાવવા નહી તેમજ કોઈપણ વ્યકિતની જમીન, મકાન, કમ્પાઉન્ડ દિવાલ વિગેરેનો પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં આથી જણાવવામાં આવે છે કે આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરીમાર્ગ પર અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવવા સાઈન બોર્ડ, માઈલ પથ્થરો, રેલ્વે ફાટક ઉપર ચેતવણી નોટિસ, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મીનલ્સના બોર્ડ તેમજ જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શીત કરેલ હોય તેવા અન્ય નોટિસ બોર્ડનો સમાવેશ થશે.

આ ઉપરાંત ભાષણો, પોસ્ટરો, સંગીત વગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા, વિગેરે અથવા કોઈપણ પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહિ.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૪) આ હુકમનો અમલ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગર પાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ તથા બોટાદનગર પાલીકા વોર્ડ નં. ૧ ની પેટા ચૂંટણી માટેના વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

(૫) આજ તારીખ ૪ નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

હુકમ

નં. ડી.એમ/વશી/૩૨૪૧ થી ૩૨૭૮/૨૦૧૫.-આગામી જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ ચૂંટણી સંદર્ભે ચૂંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષ/ઉમેદવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનું આડંબર યુકત પ્રદર્શન ન થાય તે હેતુથી રાજય ચુંટણીપંચે નક્કી કરેલ આચારસંહિતા મુજબ તથા અપાયેલ વિવિધ સુચનાઓ અનુસાર નિયમન કરવું જરૂરી હોય, આથી હું, **આર. એચ.ગઢવી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ, ફોજદારી** કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળે સત્તાની રૂઈએ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટેના વિસ્તારમાં તારીખ: ૨૭-૧૦૨૦૧૫ થી તારીખ: ૦૨-૧૨-૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ચૂંટણીલક્ષી ધ્વજ અને બેનર્સ મુકવા બાબતે નીચે મુજબના નિયમો તાત્કાલીક અમલમાં લાવવા જરૂરી હોવાથી નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ, કટઆઉટ કે અન્ય પ્રચારના સાધનો બોર્ડ વિગેરે કોઈ પણ જાહેર જગ્યાએ તેમજ રસ્તા ઉપર મુકી શકાશે નહીં. આવા કટઆઉટ, બેનર્સ લગાડવા માટે જાહેર સ્થળો, ખાનગી માલીકીની મિલકતો માટે સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવવાની રહેશે. અને (૧) હોર્ડીંગની સાઈઝ ૧૫ ફુટ X ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહીં. (૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહીં. (૩) કટ આઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈપણ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ, શહેર, જિલ્લા, મ્યુનીસિપાલીટી, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકને કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ, કટઆઉટ, વિગેરે મુકેલ હોય તે વિસ્તારના ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે. એટલેકે ખાનગી મીલીકીની મિલકતો, સરકારી, મ્યુનિસિપાલીટી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડેથી કે કોન્ટ્રાકટથી આપી હશે તો પણ) સક્ષમ અધિકારીની મંજુરી મેળવ્યા વિના મુકી શકાશે નહી.

(૨) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા કોઈપણ ખાનગી મિલ્કત ઉપર હંગામી, ઝડપથી અને ત્વરીત દુર થઈ શકે તેવી ઝંડીઓ અને બેનર્સ સિવાયનું કોઈપણ પ્રચાર સાહિત્ય, સાધનો કે સામગ્રી મિલ્કતના માલિકની પરવાનગી મેળવી હશે તો પણ મુકી/લગાડી/પ્રદર્શિત કરી શકાશે નહી.

(૩) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ચૂંટણી પ્રચાર માટે મેદાનોની અછત હોવાથી નીચેની શરતોએ આધીન શાળા અને કોલેજોના મકાનો રાજકીય મીટીંગ માટે ઉપયોગ કરી શકાશે.

(ય) શાળા અને કોલેજોના શૈક્ષણિક સમયપત્રકને કોઈપણ સંજોગોમાં અસર થવી જોઈએ નહીં.

(યય) શાળા/કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઈએ નહી અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબડીવીઝનલ ઓફીસરની અગાઉથી મંજુરી લીધી હોવી જોઈએ.

(યયય) આવી મંજુરી વહેલા તે પહેલાના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈપણ રાજકીય પક્ષને આ મેદાનોનો એક હથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહીં.

(યઅ) શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટે ઉપયોગ માટેની ફાળવણીમાં કોઈ ભંગને ચૂંટણી પંચ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સબડીવીઝનલ ઓફીસરની રહેશે.

(અ) રાજકીય પક્ષો અને ઉમેદવારોએ કાળજી રાખવાની રહેશે, કે ઉપરોકત ધોરણોના ભંગ ન થાય. તે માટે કાળજી અને તકેદારી રાખવાની રહેશે.

(૮ ૯) જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય, તો તેને કોઈપણ નુકશાન વગર સબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઈ નુકશાન થયું હોય તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ/પક્ષો મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

ઉપર્યુક્ત સિવાયના સ્થળોએ સભા કે મીટીંગ કે રેલી રાખી હોય, તે સ્થળની અંદર. જે સમય દરમ્યાન સભા કે રેલી યોજવામાં આવી હોય, તેટલા સમય દરમ્યાન જ બેનર્સ હોર્ડીંગ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકાશે અને સભા પુરી થયા પછી તુર્તજ સભા કે મીટીંગ કે રેલીના સ્થળે પ્રદર્શિત કરવામાં આવેલ બેનર્સ, હોર્ડીંગ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે દૂર કરવાના રહેશે. તેમજ સ્થાનિક વહીવટી તંત્રે લાદેલા નિયંત્રણો તેમજ સ્થાનિક કાયદાઓ હેઠળના નિયંત્રણો અને જો કોર્ટના કોઈ હુકમો હોય તો તેને આધિન ચૂંટણી પ્રચાર માટેના સરઘસમા પોસ્ટર્સ અને બોનર્સ પ્રદર્શિત કરવાની પરવાનગી આપી શકાશે. તે સિવાય કોઈ ઉમેદવારોએ રાજકીય પક્ષોએ કે તેમના ટેકેદારો, અનેય સંગઠનો વ્યકિતઓ દ્વારા કોઈ કટ આઉટ દરવાજા (Gates) કે કમાનો (Arches) ઉભા કરવા નહી.

(૪) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા ઉકત નિયમોનો ભંગ કરી ચૂંટણીલક્ષી ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ બોર્ડ, પોસ્ટર, કટ આઉટ કે અન્ય કોઈપણ પ્રકારનું પ્રચાર સાહિત્ય વિગેરે પ્રદર્શિત કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧(ઝ) હેઠળ સજાને પાત્ર થશે. શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલાં લેવા માટે હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય, તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૫) આજ તારીખ ૪મી નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ-૧ (આર) અન્વયેનો

હુકમ

નં. નાચિ/૫લસ/વશી/૨૮૨૩ થી ૨૮૬૦/૨૦૧૫.- જિલ્લા પંચાયત તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ ચૂંટણી માટે રાજય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે સબંધે બોટાદ જિલ્લામાં તારીખ : ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે. જે અંતર્ગત ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે સભા કે સરઘસો યોજી તેમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવા અત્યંત આવશ્યક અને અનિવાર્ય જણાતા તેમજ લાઉડસ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડસ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો/જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુક્ત રાખવા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા અને સભા-સરઘસ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ-૧ (આર) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, **આર. એચ. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ**, જિલ્લાના તમામ વિસ્તારમાં નીચેની વિગતે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ આથી ફરમાવું છું.

(૧) પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર કે વાહન પર રાખી માઈક ન વાગડવા કે સભા-સરઘસ ન કાઢવા.

(૨) સવારના ૮-૦૦ કલાકથી રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી જ માઈકનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૩) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડસ્પીકર કે અન્ય જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૪) વાહનોમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરોએ લાઉડસ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તા અધિકારીશ્રીને આ વાહનોની નોંધણી/ઓળખ નંબરો જણાવવા અને પરવાનગીપત્ર પર નોંધ કરવાની રહેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડસ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૬) ઉમેદવારે કે કાર્યકરે ઉપરોક્ત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રીને અને સ્થાનિક પોલીસ અધિકારીને જાણ કરવાની રહેશે.

(૭) કોઈપણ મતવિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના પહેલાના ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

(૮) લાઉડ સ્પીકરના ઉપયોગ વખતે જાહેર પર્યાવરણ અને શાંતિનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

(૯) કોઈપણ સરઘસ શરૂ કરવાનો સમય અને સ્થળ જયાંથી સરઘસ પસાર થવાનું હોય તે રસ્તો તેમજ જે સ્થળે અને સમયે સરઘસ સમાપ્ત થવાનું હોય તે અગાઉથી નક્કી કરી, જરૂરી મંજુરી મેળવવાની રહેશે. સરઘસ પસાર થવાનો માર્ગ ટ્રાફીક માટે અવરોધરૂપ ન હોવો જોઈએ.

(૧૦) આ આ જાહેરનામુ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગર પાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર થશે.

(૧૧) આજ તારીખ ૪ મી નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૩૨૦૩ થી ૩૨૪૦/૨૦૧૫.-(૧) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટે રાજ્ય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે જે સંબંધે બોટાદ જિલ્લામાં તારીખ ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે. જેથી ચૂંટણી દરમ્યાન જનસમુહ કે કોઈપણ રાજકીય પક્ષકારો ભેગા થઈ બોટાદ જિલ્લાની કલેકટર કચેરી કંમ્પાઉન્ડમાં આવેલ સરકારી કચેરીઓમાં અન્ય અધિકારીશ્રીઓની કચેરીઓમાં આમ જનતાના રૂપમાં કે ટોળાના રૂપમાં કોઈ પણ રીતે એકઠા થઈ આવેદનપત્રો આપવાના બહાને કે સરઘસના રૂપમાં એકઠા થી, રેલી કાઢતા હોય, જેથી ચાર કરતા વધુ વ્યકિતઓ એકી સાથે એકત્રીત ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતિને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુ માટે હાલમાં નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ ને અનુલક્ષીને કેન્દ્રિય ચૂંટણી આયોગે બંધારણની કલમ ૩૨૪ મુજબ બહાર પાડેલ ચૂંટણી આચારસંહિતાની જોગવાઈઓના અમલ માટે તથા ચૂંટણીની રાષ્ટ્રિય ફરજમાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

(૨) આથી હું, **આર. એચ. ગઢવી, જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું.

(ય) બોટાદ શહેરના કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં આવેલ તમામ સરકારી કચેરીઓમાં કોઈ પણ જન સમુહ કે આમ જનતા કે કોઈ પણ રાજકીય પક્ષોના કાર્યકરો ભેગા થઈ ટોળા સ્વરૂપે આવેદન પત્ર આપવા પર તથા સરઘસના રૂપે કે રેલી સ્વરૂપે એકઠા થઈ સક્ષમ અધિકારીશ્રીની વગર પરવાનગીએ સરકારી કચેરીઓમાં આવેદનપત્ર આપવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(યય) બોટાદ શહેરના કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં આવેલ તમામ સરકારી કચેરીઓના વિસ્તારમાં ચાર કરતા વધુ વ્યકિતઓના એકી સાથે ગેરકાયદેસર ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

(યયય) આવેદનપત્ર આપવા આવતી વખતે આવેદનપત્ર આપનારે સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લઈને આવવાનું રહેશે. ફકત ચાર જ વ્યકિત જે તે અધિકારીની કચેરીમાં જઈ શકશે. આવેદન પત્ર આપતી વખતે આવેદન પત્ર આપવા આવનારે સ્થાનિક પોલીસને જાણ કરવી અને પોલીસ બંદોબસ્ત અવશ્ય જાળવવાનું રહેશે.

(યઅ) નગરપાલીકા/જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ માટે નામાંકન પત્ર ભરવા આવનાર કોઈ પણ ઉમેદવારે પોતાના સહીત પાંચ થી વધુ વ્યકિતને લઈ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશી શકશે નહી ઉપરાંત ત્રણ થી વધુ વાહનો સાથેનો કાફલો ચૂંટણી અધિકારીની કચેરીએ લઈ આવવાનો રહેશે નહી.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામાની અમલવારી જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટેના વિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થયા સુધી કરવાની રહેશે.

(૪) આ હુકમ ફરજ પર રોકાયેલ તમામ સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહી.

(૫) આથી હું આદેશ આપું છું કે આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ વર્તમાનપત્રો અને દુરદર્શન ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

(૬) આજ તારીખ : ૪મી નવેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૨૭૦૯ થી ૨૭૪૬/૨૦૧૫.-(૧) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટે રાજ્ય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે સંબંધે બોટાદ જિલ્લામાં તારીખ ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે. જેને અનુલક્ષી મતગણતરી તારીખ ૦૨-૧૨-૨૦૧૫ નાં રોજ રાખવામાં આવેલ છે. ચૂંટણીપંચની સૂચના અનુસાર મતદાનનાં દિવસે મતદાન મથકનાં ૧૦૦ મીટરની ત્રિજ્યાનાં વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ મોબાઈલ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી જેવા સાધનો સાથે લઈ જઈ શકશે નહી કે સાથે રાખી શકશે નહી. તેવી જ રીતે મત ગણતરીનાં દિવસે મત ગણતરી સ્થળે પણ સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ

પ્રતિબંધિત વિસ્તારમાં પણ કોઈપણ વ્યકિતએ ઉપર મુજબના સાધનો/ઈન્સ્ટ્રુમેન્ટ સાથે લઈ જઈ શકશે નહી કે સાથે રાખી શકશે નહી તે પ્રકારે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમ છતાં કોઈ વ્યકિત દ્વારા ઉકત સૂચનાનું ઉલ્લંઘન કરી આવા સાધનો/ઈન્સ્ટ્રુમેન્ટ સાથે લઈ જશે કે તેમનાં કબજામાંથી મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે.

(૨) મતદાનના દિવસે સલામતી અંગે ધમકી મળી હોય અને ત્યાંથી સત્તાવાર સુરક્ષા પુરી પાડવામાં આવી હોય તેવી વ્યકિતએ, તેના સુરક્ષા કર્મચારી સહિત મતદાન મથકની હદની આસપાસના વિસ્તારમાં ૧૦૦ મીટરની અંદર પ્રવેશવું નહિ. વધુમાં મતદાનના દિવસે આવી કોઈ વ્યકિતએ તેના સલામતી કર્મચારી વર્ગ સાથે મતદાન મથકની આસપાસ ફરવું નહિ. જેને સતાવાર સલામતી પુરી પાડવામાં આવી હોય તે વ્યકિત મતદાર હોય તો પણ તે અથવા તેણીએ સુરક્ષા કર્મચારી સાથેની તેની અવર-જવર મતદાન કરવા પુરતી જ મર્યાદિત રાખી સુરક્ષા અંગે ધમકી મળી હોવાના કારણે જેને સતાવાર સુરક્ષા મળી હોય અથવા પોતાના માટે જેણે ખાનગી સલામતી સુરક્ષા રાખ્યા હોય તેવી વ્યકિતની ચૂંટણી એજન્ટ અથવા મતદાન એજન્ટ અથવા મત ગણતરી એજન્ટ તરીકે નિયુકિત કરવી નહિ.

આ હુકમ નીચેનાંને લાગુ પડશે નહિ.

(૧) કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ અધિકારીઓ, સલામતી અધિકારીઓ કે જેઓની ફરજ મતદાન મથક, મતગણતરી સ્થળની નજીકમાં ફાળવેલ હોય તેમની ઓફિશ્યલ ફરજો સબબ આવા સાધનોનો ઉપયોગ કરી શકે છે.

(૨) ચૂંટણીપંચ દ્વારા નિયુકત થયેલ ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ મતદાન અને મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓને તેમની ફરજના ભાગરૂપે ઉકત ઈન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ કરવાનો થાય તેવા કિસ્સાઓમાં.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટેના વિસ્તારમાં તારીખ : ૨૯-૧૧-૧૫ તથા તારીખ ૦૨-૧૨-૧૫ ના રોજ કરવાનો રહેશે.

આજ તારીખ : ૪મી નવેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. ડી.એમ/વશી/૩૧૨૭ થી ૩૧૬૪/૨૦૧૫.-જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલિકા સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી-૨૦૧૫ માટે રાજ્ય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે સંબંધે બોટાદ જિલ્લામાં તારીખ ૨૯-૧૧-૨૦૧૫ નાં રોજ મતદાન થનાર છે અને મતગણતરી તા. ૦૨-૧૨-૧૫ ના રોજ થનાર હોય, જેથી ચૂંટણીની તમામ પ્રક્રિયા પુર્ણ થતાં સુધી ભારતીય ચૂંટણીપંચના તા. ૧૨-૧૧-૧૯૯૯ ના હુકમ ક્રમાંક : ૪૬૪/ એલએન્ડઓ/૯૯/પીએલએન-૧ તથા ભારતના ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૪૬૪/ એલએન્ડઓ/૨૦૦૭/પીએલએન/આઈ, તા. ૦૮-૦૧-૨૦૦૭ થી હથિયાર અંગે જરૂરી સુચના બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતિ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર ગુજરાતના ચૂંટણી પંચના તા. ૧૫-૧૦-૨૦૦૭ અન્વયે બહાર પાડેલ સૂચનાઓ ધ્યાનમાં લેતાં બોટાદ જિલ્લાના હથિયાર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં કેટલાક પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

જેથી હું, **આર. એચ. ગઢવી, જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું.

(૧) બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહી,

(૨) બોટાદ જિલ્લાના સંસ્થાકીય સિવાયના જિલ્લાના તમામ વ્યકિતગત પ્રકારના હથીયાર પરવાના ધારકો તથા જિલ્લા બહારથી મેળવેલ હથીયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લામાં વસવાટ કરતા હોય તેવા તમામ હથીયાર પરવાનેદારોના તેમના હથીયાર સબંધિત પોલીસ સ્ટેશનમાં જમાં કરાવવાનાં રહેશે.

(૩) નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યકિતગત અને વિગતવાર સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતઓ,

(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભૂમિકાવાળી વ્યકિતઓ,

(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યકિતઓ,

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલ વ્યકિતઓ,

(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તે હોય તેવા ઈસમો,

(૪) ચૂંટણીની પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટિસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શકય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરું છું.

(૫) સદરહું આદેશ, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણીપંચે નીમેલા નિરીક્ષકોને લાગુ પડશે નહી.

(૬) આ આદેશનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમ તા. ૦૨-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૪મી નવેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

જાહેરનામું

નં. : જે/એમએજી/ટયુશન કલાલીસ/પ્રતિબંધ/જા.નામું/ફા. નં. ૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં સ્થળોએ વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. ભવિષ્યમાં રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતિ તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેર હીતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭:૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮:૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રોજકોટ જિલ્લા, રાજકોટ,** ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

સમયમર્યાદા :

આ હુકમ તા. ૦૯-૧૧-૨૦૧૫ થી તા. ૦૮-૦૧-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૦૩, માહે નવેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

હર્ષદ વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. એમએજી/જાવક/૧૫૦/૨૦૧૫.-ગુજરાત રાજયમાં તાલુકા/જિલ્લા પંચાયતો અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ યોજવા માટે રાજ્ય ચૂંટણી પંચ, ગુજરાત રાજ્ય દ્વારા

ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જળવાઈ રહે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે ચૂંટણી પ્રચાર તથા ચૂંટણી સબંધી પ્રવાસ માટે વાહનોનો દુરઉપયોગ થતો અટકાવવા અને આદર્શ આચાર સંહીતાનો અમલ કરવા સુચના થઈ આવેલ છે. સબબ માહે નવેમ્બર-૨૦૧૫ ના માસ દરમ્યાન યોજાનાર તાલુકા/જિલ્લા પંચાયતોની અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ દરમ્યાન પોરબંદર સબ ડીવીઝનના મત વિસ્તારના મતદારો મુકત અને નિર્ભય રીતે મતદાન કરી શકે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે સરકારી, અર્ધસરકારી, કેન્દ્ર અને રાજ્ય સરકાર તથા સંયુકત ક્ષેત્રના એકમો, નિગમો, સ્થાનીક સંસ્થાઓ, ખરીદ-વેચાણ-સંઘ, સહકારી સંસ્થાઓ, નગરપાલિકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પરીષદો, રાજકીય પક્ષો ઉમેદવારોએ તેઓની સાથે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત દ્વારા વાહનો, હેલીકોપ્ટર, વિમાન, બોટ, હોવરક્રાફટ વિગેરેના થતા દુરઉપયોગ અટકાવવા તથા હાલના સંજોગોને લક્ષમાં લેતા ઉપસ્થિત થયેલ સંજોગોમાં વાહનોના ચૂંટણી પ્રચાર માટે દુરઉપયોગ થવાની શકયતા જણાતા અને તેવા પ્રસંગે જાહેર સુલેહ શાંતિને વિપરીત અસર કરતી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના રહેલ હોય અને તેવા કારણોસર ઘર્ષણ થવાના પ્રસંગોને નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ, હું **ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ હુકમથી ફરમાવું છું કે,

(૧) કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુકત ક્ષેત્રના જાહેર ઉપક્રમો, સ્થાનિક સંસ્થાઓ, ખરીદ-વેચાણ બોર્ડ/સંઘ, સહકારી મંડળીઓ, સ્વાયત જિલ્લા/તાલુકા પરીષદો, અન્ય કોઈપણ સંસ્થા કે જેના સમગ્ર ભંડોળમાં જાહેરનિધિના નાના સરખા હીસ્સાનું પણ રોકાણ કરવામાં આવ્યું હોય એવી અન્ય કોઈપણ સંસ્થાની માલીકીના હેલીકોપ્ટર, વિમાન, કાર, જીપ, અન્ય સ્વચાલિત વાહનો, બોટ, હોવરક્રાફટ વિગેરે જેવા કોઈપણ વાહનોના ચૂંટણી સંબધે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગ કરવા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

(૨) કેન્દ્ર અથવા રાજ્યના મંત્રીશ્રીની રક્ષા કાફલો કોઈપણ સંજોગોમાં કાર/વાહનો ત્રણથી વધુ વાહનના બનેલા કાફલા (કોનવે) લઈ જવો નહી, મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાનો રહેશે. આમ છતા આ બાબત આવી કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી સુરક્ષા સુચનાઓને આધીન રહીને અમલ કરવાનો રહેશે.

(૩) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટ, કાર્યકરોએ ચૂંટણી પ્રચાર માટે જતા કાફલામાં એકી સાથે ત્રણથી વધુ વાહનો જેવા કે કાર, જીપ, બોટ, હોવરક્રાફટ કે પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યાંત્રિક શકિતથી ચાલતુ કે અન્ય રીતે ચાલતુ કોઈપણ વાહન લઈ જઈ શકાશે નહી.

(૪) આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ નીચે કસુરવાર સામે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- બસો પુરા દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

આ હુકમ પોરબંદર ડીવીઝનના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૦૨-૧૨-૨૦૧૫ ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

તા. ૨૩મી, ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી હુકમ બહાર પાડયો.

પોરબંદર, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩/૧૯૭૪નો ૨-જો અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો

હુકમ

નં. એમએજી/૧૫૧/૨૦૧૫.-૨૦૧૫ના નવેમ્બર મહીનામાં પોરબંદર સબ ડીવીઝનલમાં તાલુકા/જિલ્લા પંચાયત તથા નગરપાલિકા, પોરબંદરની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ માટે મતદાન થનાર છે. આ ચૂંટણીઓ દરમ્યાન સબ ડીવીઝનમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરુરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા અત્યંત જરુરી જણાતું હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતા કારણો છે.

તેથી, હું **ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છુ કે, આ હુકમના જાહેરનામાના દિવસથી તા. ૨-૧૨-૨૦૧૫ સુધી કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નીકળવું નહી, ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હીંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો સાથે લઈ બહાર નીકળવુ કે ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની પરજના ભાગ રુપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેન્કો કે જેઓને તે બેન્કની કરંશી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજમાં ભાગરૂપે બેન્કના પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

મેં આજરોજ તારીખ ૨૩મી, ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડેલ છે.

પોરબંદર, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. એમએજી/સી/જાહેરનામુ/૧૫૨/૨૦૧૫.-આગામી તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ અંતર્ગત તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર હોય અને મતદાનના દિવસોએ વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દુરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શાકય તે હેતુથી અને આમ કરવામાં ન આવે તો આગામી તાલુકા/જિલ્લા પંચાયત અને પોરબંદર નગરપાલિકા સામાન્ય ચૂંટણી ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજાય તેવુ અનુમાન થઈ શકે નહી, જેની અસર સામાન્ય જન માનસ ઉપર તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે સાચી-ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો પુરતો અવકાશ રહે. પરિણામે એક-બીજા જુથો વચ્ચે મનદુઃખો થાય અને ઘર્ષણ ઉભુ થવાની પુરતી સંભાવના રહે તે અટકાવવા તેમજ આગામી ચૂંટણીઓ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતા વાહનોનો દુરઉપયોગ થતો અટકાવવાના હેતુથી સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાય છે. સબબ હું, **ચેતન ગણાત્રા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારીની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવુ છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતીથી બીજો કોઈપણ વ્યકિત દ્વારા મતદાન દિવસે-

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા તે રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી તાલુકા/જિલ્લા પંચાયત તથા નગરપાલિકા પોરબંદરની સામાન્ય ચૂંટણી દરમ્યાન ઉમેદવાર મતદાનનાં દિવસે નીચે પ્રમાણેના વાહનોના ઉપયોગ કરવા હકકદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે તાલુકા/જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નગરપાલિકાના સંબંધિત વોર્ડ પુરતુ એક જ વાહનની સંબંધીત અગર ચૂંટણી અધિકારીશ્રી અગર તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકાશે અને સદરહુ વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે.

(૨) આ ઉપરાંત યથા પ્રસંગે સંબંધીત ઉમેદવારશ્રીના ચૂંટણી એજન્ટના ઉપયોગ માટે પોરબંદર તાલુકા/જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નગરપાલિકાના સંબંધીત વોર્ડ દીઠ એક વાહનની સંબંધીત ચૂંટણી અધિકારીશ્રી અગર ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકાશે અને સદરહુ વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે.

આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્તાપિત થઈ શકે અને હરીફ ઉમેદવારને બીનજરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ઉપર ૧(ખ)(૧) તથા ૧(ખ)(૨) માં દર્શાવેલ વિગેરેના વાહનો તાલુકા/જિલ્લા પંચાયત તથા નગરપાલિકા પોરબંદરની સામાન્ય ચૂંટણીના ઉમેદવારોએ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સતાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્ક્રીન ઉપર ચોંટાડવા સિવાય સદરહું વાહનનો ઉપયોગ કરી શકાશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ પોરબંદર સબ ડીવીઝનના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૮-૧૧-૨૦૧૫ તથા તારીખ ૨૯-૧૧-૨૦૧૫ ના દિવસે કરવાનો રહેશે.

તા. ૨૩મી, ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યા.

પોરબંદર, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/જાહેરનામુ/૧૫૩/૨૦૧૫.-ગાજુરાત રાજ્યમાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અંતર્ગત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ઉમેદવારો, રાજકીય પક્ષોના કાર્યકરો દ્વારા ચૂંટણી પ્રચાર અભિયાન કરવામાં આવે છે. જે અન્વયે ઉમેદવારો અથવા તેના કાર્યકરો દ્વારા સાર્વજનિક અને ખાનગી મકાન માલીકીની પરવાનગી લીધા વિના મકાનોની દિવાલો ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને પ્રસિધ્ધીની નિશાની કરીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલે લખાણ/ચિત્રો/બેનર્સ લગાડવામાં આવે છે. આ માટે રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આદર્શ આચાર સંહિતા અને તે અંગેના અમલ માટે સુચના થઈ આવેલ છે. તે મુજબ રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લગાવવા, નોટિશો ચોંટાડવી, સુત્રો લખવા, વિગેરે માટે પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ વ્યકિતનો કે સાર્વજનિક જાહેર માલિકીની જમીન, મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવાનો નથી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, સબબ આચાર સંહિતાની ચુસ્તપણે અમલ કરવા અને લોકોની તથા જાહેર અને સાર્વજનીક માલ મિલકતને થતી હાની, નુકશાન, બગાડ થતો અટકાવવા તથા તેવા સંજોગોમાં ઉપસ્થિત થનાર જુથો વચ્ચે ઘર્ષણ ઉપસ્થિત થવાના કારણે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિને વિપરીત સંજોગો નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, **ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવુ છું.

પોરબંદર સબ ડીવીઝનના સમગ્ર વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકરોએ સંબંધીત ખાનગી, સાર્વજનીક જમીન, કમ્પાઉન્ડ, મકાન, મકાનની દિવાલોના માલિકની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય આવી જમીન, કમ્પાઉન્ડ, મકાન, મકાનની દિવાલ ઉપર ચૂંટણીલક્ષી પ્રાચરપત્રો ચોડીને, લખીને, નિશાનીઓ ચીતરીને દિવાલો બગાડવી નહી તેમજ ધ્વજ દંડ ઉભા કરવા નહી તે માટે મનાઈ ફરમાવું છું, તેમજ આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ કસુરવાન સામે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- બસ્સો રૂ. પુરા દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમ પોરબંદર સબ ડીવીઝનના સમગ્ર વિસ્તારના હુકમની તારીખથી ૨૯-૧૧-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૩મી, ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યા.

પોરબંદર, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ

હુકમ

નં. એમએજી/૧૫૪/૨૦૧૫.-ગાજુરાત તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અંતર્ગત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર યોજાનાર છે.

જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપુર્ણ રીતે થાય અને કોઈ અવરોધ પેદા થાય નહી તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા જુદા પક્ષના લોકો/ટેકેદારો/કાર્યકરો એકઠા થાય ત્યારે એક-બીજા વચ્ચે સંઘર્ષ ન થાય, જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહી થવા તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલ મતદાન મથકોના મકાનોમાં બિનઅધિકૃત વ્યકિતઓ દાખલ થાય નહી તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ કલમ-૧૪૪ મુજબ પગલા લેવા સારુ મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, **ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારીની રૂઈએ આથી ફરમાવું છું કે, તા. ૨૮-૧૧-૨૦૧૫ ની શુન્ય કલાકથી તા. ૨૯-૧૧-૨૦૧૫ ના ૨૪ કલાક (બંને દિવસ સહિત) સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેના નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પુરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પુર્ણ થાય તે સમય સુધી

આ સબ ડીવીઝનમાં નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બીનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ દાખલ થવું નહિ.

વધુમાં હું આદેશ કરુ છુ કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકાવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી, કર્મચારી તથા હોમગાર્ડઝને.

(૩) સંબંધીત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યકિતઓને.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અધિકૃત કરવામાં આવે તે.

(૫) સ્થળે હાજર ફરજ પરના પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

(૬) અધિકૃત મતદારોને મત આપવા જવા તેમજ મતદાન પછી પાછા આવવા સુધીના સમય સુધી.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૩ મી, ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પોરબંદર, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. : એમએજી/સી/૧૫૫/૨૦૧૫.--તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૫ અંતર્ગત તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ હોય તેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બીન રાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રકારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર હોય, ઉમેદવાર કે તેની સહમતીથી બીજા કોઈ વ્યકિત દ્વારા પ્રચાર માટે વાહનોના ઉપયોગ કરવામાં આવશે તે સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં લગતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણીઓ કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય, જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેનાં કારણે સાચી-ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના રહે તેથી સુલેહ શાંતિ ભંગ થવા સંભવ હોઈ આથી હું, **ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ક્રિમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અને મને મળેલ અધિકારની રૂઈએ હુકમ કરૂં છું કે,

પોરબંદર સબ ડીવીઝનના સમગ્ર વિસ્તારમાં કોઈપણ રાજકીયપક્ષો કે બીન રાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોનો પોરબંદર સબ ડિવીઝનલમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો તાલુકા/જિલ્લા પંચાયતના અને પોરબંદર નગરપાલિકાના ચૂંટણી અધિકારીશ્રી પાસે અથવા તે અર્થે અધિકૃત સક્ષમ સત્તા પાસે આવા પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહન પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજિસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ વિસ્તારમાં ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહિં.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીનીબસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટો રીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે. પરંતુ નિયંત્રણ માત્ર આ જ વાહનો પુરતો સીમીત રહેશે નહી.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ પોરબંદર સબ ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી ૨૯-૧૧-૨૦૧૫ ના દિવસે સાંજના પાંચ કલાક સુધી કરવાનો રહેશે.

આજ તા. ૨૩ મી, ઓકટોબર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ચેતન ગણાત્રા,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામુ

ક્રમાંક :- રાજ/સીપી/એલ.બી-૧/કોર્પો. ચૂંટણી/૧૯૯૬/૨૦૧૫.-રાજય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર તરફથી રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી મતદાન તા. ૨૨-૧૧-૧૫ ના રોજ યોજવા આદેશ કરવામાં આવેલ છે. આ ગુજરાત રાજય મહાનગરપાલિકાઓની ચૂંટણી દરમ્યાન રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતારણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા અત્યંત જરૂરી જણાતું હોવાથી તથા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-૯ અને ૨૪૩-વક ની જોગવાઈ હેઠળ શાંતિપૂર્ણ, મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા નિવારક પગલાંના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવા જરૂરી જણાતુ હોવાથી ફોજદારી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો છે.

૨/-સબબ હું, **મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શિહેર, રાજકોટ,** આથી આગામી મહાનગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતિના હિતમાં નિર્વાચન આયોગ તરફથી સંવિધાનની કલમ ૩૨૪ થી મને આપેલ સત્તા તથા ફોજદારી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયારો આ જાહેરનામું બહાર પડયાની તારીખથી દિવસ-૭ માં જે તે લાગતાવળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં રહેતાં અને હથિયાર પરવાનો ધરાવતાં તમામ પરવાનેદારશ્રીઓ તરફથી તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલા લેવા તેમજ આ પ્રકારે તમામ હથિયારો જમા થઈ ગયાં અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

૩/- આ આદેશ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર તરફથી ઈસ્યુ કરાયેલ લાયસન્સો સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિશ તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે. તેમજ આ આદેશ રાજકોટ શહેરપોલીસ કમિશ્નરેટ હદ વિસ્તારમાં રહેતા અને રાજકોટ શહેરની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી પરવાનાધારકોને કરી શકશે નહી. તેમજ ગૃહવિભાગ, ગાંધીનગરનાઓએ તેમના તા. ૨૧-૧૦-૧૫ ના પત્ર ક્રમાંકઃ હથપ/૧૦૨૦૧૫/૭૩૩/મ થી અનામત આંદોલનમાં જમા લીધેલ હથિયારો મુકત કરવા આદેશ કરેલ છે. જેથી સંબંધિત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનું અનામત જમા લીધેલ હથિયાર તા. ૦૫-૧૨-૨૦૧૫ પછી પરત કરવાનું રહેશે અને તેમના માટે કોઈ અલગ હુકમની જરૂરત રહેશે નહી.

(૪) આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓને મુકિત આપવામાં આવે છે.

(અ) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. પરંતુ જે તે વ્યકિતના વ્યકિતગત નામે ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયર ધારકોને ઉકત આદેશમાંથી મુકિત મળશે નહી.

(બ) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ જે તે બેન્કમાં સિકયુરીટી ગાર્ડ

તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે. તેમજ જે તે સંબંધિત બેંકના મેનેજરશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવારની માહિતીની જાણ જે તે સંબંધિત પો.સ્ટો.ને કરવાની રહેશે અને સંબંધિત પો.સ્ટે.એ આ અંગે નિયમાનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

(ડ) પોલીસ કમિશ્નરશ્રીએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહી.

(ઈ) તા. ૨૭-૦૮-૧૫ ના રોજ અનામત આંદોલનમાં જમા લીધેલ હથિયાર પરવાનેદારોના હથિયારો પૈકી જે પરવાનાદારોને મુકિત આપવામાં આવેલ છે તેવા પરવાનેદારોને હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

૫/- હથિયાર પરવાનેદારોએ ઉકત વિગતે તેમના જે તે લગત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. તે હથિયારના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

૬/- આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ ૨૫ હેઠળ સજાને પોત્ર ઠરે છે. તેમજ ઈપીકો કલમ-૧૮૮ મુજબ પણ પગલા લેવામાં આવશે જેની નોંધ લેવી.

૭/- આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો દ્વારા તેમજ જાહેર નોટિસ બોર્ડ ઉપર ચોંટાડી કરવાની રહેશે.

૮/- આજરોજ તા. ૦૯-૧૧-૨૦૧૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

રાજકોટ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 03rd DECEMBER, 2015/AGRAHAYAN 12, 1937 No. 49

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	**PART - I - B**	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1207-1238	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1937-1976
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

Government Notifications, Orders Appointments, etc.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

Miscellaneous Notifications appointments etc.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

નાં. મેજી/પોલ/મકાન ભાડા/જાહેરનામું/૦૧/૧૦/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈ મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. ભુકંપ બાદ કચ્છ જિલ્લામાં રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે. જેના પરિણામે બહારથી મોટા પ્રમાણમાં લોકો વસવાટ કરવા આવતા હોય છે. લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને થતું જોખમ તથા જાહેર સુલેહશાંતિ જાળવવા માટે ભાડેથી અપાતા મકાનો માટે ની મુજબની વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે અને મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવા જરૂર જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકાશે નહીં, ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે જણાવેલ જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ, ભાડે આપેલ મકાનની વિગત, વિસ્તારનું નામ મકાનનું બાંધકામ ક્ષેત્રફળ	મકાન ભાડે આપવા અધિકૃતતા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું, સંપર્ક નંબર સહિત	મકાન ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા, સંપર્ક નંબર સહિત	મકાન માલીક અને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સંપર્ક નંબર સહિત
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૨૩-૧૨-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવા તથા પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૧૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : મેજી/પોલ/જુના મોબાઈલ/જાહેરનામું/૦૨/૧૦/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી શકવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ

INDEX

ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચવા સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે. અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે. જેથી જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂં નામ, સરનામું, નોંધવું જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારનીની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓને નીચે જણાવેલ મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને માંગણી કર્યેથી રજુ કરવાનું રહેશે.

જુના મોબાઇલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અનુ. નં.	મોબાઇલ ફોનની વિગત	IMEI નંબર	મોબાઇલ વેચનાર/ખરીદનારનું નામ તથા સરનામાની વિગત	આઇડી પ્રુફની વિગત અસલ પરથી ખરાઇ કરીને મેળવવી
૧	૨	૩	૪	૫

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓની દુકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમથી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૨૩-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૧૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ/હોટલ ગેસ્ટહાઉસ/જાહેરનામું/૦૭/૧૦/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટ હાઉસ/હોટલ/લોજ/ધર્મશાળામાં રોકાણ કરતા હોય છે અને શહેરના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે નીચેના પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ માલિકોએ અને ધર્મશાળા સંચાલકોએ નીચે જણાવેલ કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ/ધર્મશાળામાં રહેવા આવનાર દરેક મુસાફર દ્વારા તેમના પોતાના સ્વહસ્તાક્ષરમાં જ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	નામ	ઉંમર	નાગરીકત્વ	મો.નં.	સરનામું	ફોટો આઈડી પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

મુલાકાતનું કારણ	આવ્યા તારીખ/સમય	રૂમ નં.	હોટલ છોડયા તારીખ/સમય	બીલ નં. તારીખ	સહી
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતેથી પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવી પડશે, ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટલમાં પ્રવેશ આપવામાં આવશે તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન વગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે. તે એક માસ સુધી સાચવવાનું રહેશે.

(૫) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ પાર્કિંગની જગ્યાએ સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન અને વાહન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે એક માસ સુધી સાચવી રાખવું પડશે.

(૬) મુસાફરના ફોટા ઓળખકાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી અથવા કોમ્પ્યુટરમાં સેવ રાખવાના રહેશે.

(૭) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી નહીં.

(૮) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ ધાબાના માલીક, મેનેજર તથા તમામ કર્મચારીઓના નામ, સરનામાં, ફોન નંબર, ફોટો સહિતની તમામ વિગત દર્શાવતી લેખીત માહિતી સંબંધીત પોલિસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૯) વિદેશી નાગરીકો/મુલાકાતી/ગેસ્ટ હોય તો તેમના પાસપોર્ટની સંપૂર્ણ વિગત રજીસ્ટરમાં નોંધવી તેમજ સી ફોર્મ ભરાવી એલ.આઈ.બી. એસ.પી. કચેરીએ જાણ કરવી.

(૧૦) હોટલ/ગેસ્ટ હાઉસમાં ઈન્ટરનેટ-વાઈફાઈ સિસ્ટમ કાર્યરત હોય તો તેની વિગતો રજીસ્ટર બનાવી સાચવી રાખવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફ હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી, મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૨૩-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિકકો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

નં. મેજી/પોલ/સાયકલ/મોપેડ/જાહેરનામું/૦૩/૧૦/૨૦૧૫.- દેશમાં બનતા ગુનાઓમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ જેવા હુમલાઓમાં સાયકલનો ઉપયોગ કરવામાં આવેલ હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે. આ પ્રકારના હુમલાઓમાં સાયકલ, સ્કુટર, ટીફીન કે પાઈપનો ઉપયોગ થતો હોય છે. જેથી નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે સાથેની વિગત દર્શાવે તે જાહેર જનતાના હિતમાં છે.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

> જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા-જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૧૦-૨૦૧૫થી તા. ૨૩-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૭-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ/સીમકાર્ડ/જાહેરનામું/૦૪/૧૦/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડના ઉપયોગ થાય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા પર કોઈ ચોકકસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના થતા દસ્તાવેજોની પણ યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. સ્થાનિક પોલિસ તરફથી અવારનવાર મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીલરો, ફેરીયાઓને ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના કોઈ દસ્તાવેજી આધારો પોતા પાસે રાખતા નથી કે કયા દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી તેઓ પાસે રહેતી નથી.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર રીટેલરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા

ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

(૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયન્સસ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૨૩-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/સીસીટીવી કેમેરા/જાહેરનામું/૦૫/૧૦/૨૦૧૫.-તાજેતરના કિસ્સાઓમાં ભારાસર ગામે બેંક લુંટ તેમજ ભુજ ખાતે એ.ટી.એમ. મશીનની ઉઠાંતરીના બનાવો બનેલ છે. આ બનાવોની તપાસ દરમ્યાન એવી હકીકત ધ્યાને આવેલ છે કે સદર બેંકમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ પરંતુ તે ચાલુ હાલતમાં ન હોતાં કોઈ મદદ મળી શકેલ નહીં.

કચ્છ જિલ્લો ઔદ્યોગિક રીતે અતિઝડપથી વિકાસ પામતો જિલ્લો છે. અને કચ્છમાં ઉદ્યોગોમાં બહારના રાજ્યોમાંથી કામદારો પુષ્કળ સંખ્યામાં આવતા હોય છે. કચ્છ જિલ્લામાં એન.આર.આઈ. લોકો પણ મોટી સંખ્યામાં રહે છે અને તેઓની થાપણો પણ બેંકોમાં રહે છે. જિલ્લામાં આવેલ બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, ટોલનાકા, સિનેમાઘરો, હોટલો, શોપીંગ સેન્ટરો, તેમજ જ્વેલર્સની દુકાનો વિગેરેમાં રોજબરોજ નાણાની લેવડદેવડ થતી હોય છે પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં કોઈ સિકયોરીટી ગાર્ડસ રાખતા હોય તેવું જણાઈ આવેલ નથી. જેથી આવા સંજોગોમાં લેભાગુ તત્વો લુંટ જેવા બનાવને અંજામ આપી શકે તેવી પુરીપુરી શકયતાઓ રહેલી છે. જેથી ભવિષ્યમાં આવા બેંક લુંટ કે અન્ય કોઈ બનાવો ન બને અને બને તો તે અંગે આવેલ તમામ ઈસમોની હરકત જાણી શકાય તે હેતુસર નીચે મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જેથી હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૫૧ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ રાષ્ટ્રીય, ખાનગી તેમજ સહકારી બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, જ્વેલર્સની દુકાનો, શોપીંગ સેન્ટરો, હોટલો, ટોલનાકાઓ તેમજ સિનેમાઘરોએ સીસીટીવી કેમેરા કેશીયરની કેબીન ઉપર, મેઈન દરવાજા ઉપર તથા ટ્રેઝરી ઉપર લગાવવા. તેમજ તેનું તેનો ડેટા એક માસ સુધી સાચવી રાખવો. તેમજ સદરહું ડેટા પોલિસ અધિકારી તરફથી માંગણી કર્યે આપવાનો રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૨૩-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ/ટ્રાન્સપોર્ટ ડ્રાયવર/જાહેરનામું/૦૬/૧૦/૨૦૧૫.-કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યોગિક એકમોને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો વિકાસ થયેલ છે. જેના અનુસંધાને ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે ડ્રાયવરો અને કલીનરોને કામે રાખતા હોય છે. જેને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે. જિલ્લામાં કાર્યરત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ગુપ્તચર એજન્સીઓ તરફથી આવતા ઈનપુટ મુજબ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જિલ્લા બહારના લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલિસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર ડ્રાયવરો/કલીનરોને કામે રાખતા પહેલા તેઓના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો સંબંધીત પોલિસ સ્ટેશનમાં આપે તે સુનિશ્ચિત કરવું ખુબજ જરૂરી જણાય છે.

જેથી, હું, **એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો બાબતે નીચે મુજબની કાર્યપદ્ધિતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ટ્રન્સપોર્ટ ઓપરેટરોએ કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની સબંધીત પોલિસ સ્ટેશનમાં ડીટેઈલ બાયોડેટા સહિત નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણનોંધાયેલ ડ્રાયવરો/કલીનરો કામગીરી કરી શકશે નહીં.

(૨) કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો પૈકી કોઈ છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર માસે જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૪) કોઈપણ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની નોંધણી કરાવ્યા સિવાય કામે રાખી શકશે નહીં.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૨૩-૧૨-૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૭-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) ખંડ (બી) મુજબનું

હુકમ

ના. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/૧૧/૧૫.-આગામી દિવાળીના તહેવારો અન્વયે ભુજ શહેરના અંદરના વિસ્તારો જેવા કે જુની શાક માર્કેટ, તળાવ શેરી, વાણિયાવાડ નવી શાક માર્કેટ, મહેરઅલી ચોક, અનમ રીંગરોડ, છઠ્ઠીબારી રીંગરોડ, વિગેરે વિસ્તારોમાં ખુબ જ ભીડ રહેતી હોઈ તેમજ આ વિસ્તારોમાં પાર્કિંગની વ્યવસ્થા ન હોઈ વાહનો આડેધડ પાર્ક થતા હોઈ ટ્રાફિકની સમસ્યા ખુબ જ વણસવા પામે છે. ઉપરોકત વિસ્તારોના રસ્તાઓ પર ટ્રાફિક નિયમન માટે નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના હુકમો કરવા જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એસ. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૦૫-૧૧-૨૦૧૫ થી તા. ૧૧-૧૧-૨૦૧૫ સવારના ક. ૦૮-૦૦ થી રાત્રીના ક. ૨૨-૦૦ સુધી થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહનો નીચે અનુસુચિમાં જણાવેલ રસ્તા પરથી પસાર થઈ શકશે નહીં.

અનુસુચિ :

૧. છઠીબારી રીંગ રોડ

૨. અનમ રીંગ રોડ

૩. વાણીયાવાડી નવી શાક માર્કેટથી અંદર જતો રસ્તો.

વૈકલ્પિક વ્યવસ્થા :

૧. છઠ્ઠીબારી રીંગરોડ નજીક આવેલ રસ્તા પરથી મોડર્ન ટોકિઝ પરથી આ વિસ્તારના રહેવાસીઓ આવ-જા કરી શકશે.

૨. વાણિયાવાડ નવી શાક માર્કેટથી તથા અનમ રીંગરોડની આસપાસના રહેવાસીઓ પંચમુખા હનુમાન શેરીથી આવ-જા કરી શકશે.

આ જાહેરનામું નીચેના વાહનોને લાગુ પડશે નહી.

૧. સરકારી ફરજ પરના વાહનો.

૨. ફાયર ફાઈટર

૩. પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ભુજ અધિકૃત કરે તેવા વાહનો.

આજરોજ તા. ૦૫-૧૧-૨૦૧૫ ના મારી સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૫ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૨૧૧/૨૦૧૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારોની ઉજવણી થનાર હોય, પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજીક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૩૦-૧૦-૨૦૧૫ ના રોજ કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુક્ત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૦૩-૧૧-૨૦૧૫ થી તા. ૦૨-૧૨-૨૦૧૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૩-૧૧-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૨૧૧/૨૦૧૫.-હાલની ગુજરાત રાજયમાં ચાલી રહેલ પાટીદાર અનમત આંદોલન તથા અનામત આંદોલન સબંધે વિવિધ જુથો દ્વારા જાહેર સુલેહ શાંતિભંગ થવાની શકયતા જણાતી હોય તથા ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, નવુ વર્ષ, ભાઈબીજ તથા લાભપાંચમ જેવા મોટા તહેવારો પણ આવનાર છે. જેથી પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, દેખાવો, ઉપવાસ વિગેરે જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થવા, સભા, સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૩૦-૧૦-૨૦૧૫થી દરખાસ્ત થઈ આવેલ છે. તે જોતાં પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ, સરઘસ કાઢવું નહિ, તેવો મનાઈ હુકમ તા. ૦૩-૧૧-૨૦૧૫ થી તા. ૧૬-૧૧-૨૦૧૫ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, **ચિરાગ પટેલ, આઈ.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** આથી સમગ્ર પોરબંદર જિલ્લા, વિસ્તારમાં તા. ૦૩-૧૧-૨૦૧૫ થી તારીખ : ૧૬-૧૧-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. કોઈ વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૩-૧૧-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૨૧૨૦૮/૨૦૧૫.-રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરના તા. ૨૩-૧૦-૨૦૧૫ના પરિપત્ર અનુસાર તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ સ્થાનીક સ્વરાજયની ચૂંટણી તથા તા. ૦૨-૧૨-૨૦૧૫ ના રોજ મતગણતરી યોજાનાર છે. જે ઉપરાંત ગુજરાત રાજયમાં ચાલી રહેલ પાટીદાર આનામત આંદોલન સબંધે વિવિધ જુથો દ્વારા દેખાવો થવાની શકયતા છે અને તે કારણે જાહેર સુલેહ શાંતિભંગ થવાની શકયતા જણાતી હોય પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા દેખાવો, ઉપવાસ વિગેરે જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૮-૧૧-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખસ્ની વિગતે તથા પવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂઈએ હું, દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૧૧-૨૦૧૫ થી તા. ૦૪-૧૨-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. લગ્ન જેવા પ્રસંગના વરઘોડો.

INDEX

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૧-૧૧-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૧ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

સંદર્ભ :

(૧) આર્મ્સ એકટ-૧૯૫૯, કલમ-૪૩

(૨) આર્મ્સ રૂલ્સ-૧૯૬૨, નિયમ-૧૭

હુકમ

નાં. એમએજી/સી/૨૦૩૮૦/૨૦૧૫.-સ્વરક્ષણ માટેના હથિયાર પરવાના તળે આપવામાં આવેલ પરવાના અન્વયેનું હથીયાર જુદા જુદા કારણોસર લાયસન્સ તળેના વિસ્તાર બહાર લઈ જવા રોડ પરમીટ માટે પરવાનેદારો તરફથી વખતો વખત માંગણીઓ આવતી હોય છે.

આર્મ્સ રૂલ્સ-૧૯૬૨ નિયમ-૧૭ અન્વયે આ પ્રકારની પરમીટ આપવાના અધિકાર જિલ્લા મેજીસ્ટ્રેટને આપવામાં આવેલ છે, આ કામગીરી માટે અરજદારોને કોઈ અગવડતા ઉભી ન થાય, અને સમય મર્યાદામાં આ કામગીરી થાય તે હેતુથી આર્મ્સ એકટ-૧૯૫૯, કલમ-૪૬ની જોગવાઈ અનુસાર અને ઉપરોકત વિગતેના આર્મ્સ રૂલ્સ-૧૯૬૨-નિયમ-૧૭ અન્વયેના અધિકાર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરને સોંપવામાં આવે છે.

પોરબંદર, ૨૧ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

દિનેશ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૧૨૧૬૧ થી ૧૨૨૩૦/૨૦૧૫.-(૧) આગામી દિવસો દરમ્યાન દિવાળીનો તહેવાર આવતો હોય તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૩૧-૧૦-૧૫ થી તા. ૧૪-૧૧-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઇને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૩૧-૧૦-૨૦૧૫ થી તા. ૧૪-૧૧-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૨૯ મી ઓકટોબર–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(યુ) તથા (એચ) અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૧૨૨૬૯ થી ૧૨૩૧૮/૨૦૧૫.- (૧) દિવાળીના તહેવારો દરમ્યાન દારૂખાનું ફોડવાથી આગ લાગવાનો કે રાહદારી કે અન્યને અકસ્માત થવાની સંભાવના રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતા જાહેર જનતાની સુલેહ શાંતિ અને સલામતી ન જોખમાય તે માટે દિવાળીના તહેવારો દરમ્યાન અમરેલી જિલ્લાના તમામ શહેરો તથા ગામડાઓમાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, તેમજ બહોળા પ્રમાણમાં લોકોની અવર જવર વધારે પ્રમાણમાં રહેતી હોય તેવી બજારો તથા શેરીઓમાં તેમજ આનંદ પ્રમોદના સ્થળોમાં હાથલારી, ગાડા કે અન્ય પ્રકારના વાહનોમાં ફટાકડા કે દારૂખાનું વેચાણ કરવા તથા હેરફેર કરવા ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા હોવાના સબળ કારણો તથા નામદાર સર્વોચ્ચ અદાલતની રીટ પીટીશન (સીવીલ) ક્રમાંક : ૭૨/૧૯૯૮ અન્વયે થયેલ હુકમના મહત્વના આદેશો ધ્યાને લેતાં આથી **હું, જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(યુ) તથા કલમ-૩૩ (૧) (એચ) થી મળેલ અધિકારની રૂઈએ તા. ૦૨-૧૧-૨૦૧૫ થી તા. ૧૪-૧૧-૨૦૧૫ સુધી (બંને દિવસો સહીત) અમરેલી જિલ્લાના તમામ શહેરો તથા ગામડાઓમાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, તેમજ બહોળા પ્રમાણમાં લોકોની અવર જવર વધારે પ્રમાણમાં રહેતી હોય તેવી બજારો તથા શેરીઓમાં તેમજ આનંદ પ્રમોદના સ્થળોમાં હાથલારી, ગાડા કે અન્ય પ્રકારના વાહનોમાં ફટાકડા કે દારૂખાનું વેચાણ કરવા તથા હેરફેર કરવા ઉપર તથા નીચે પ્રમાણેની વિગતે આથી મનાઈ ફરમાવું છું.

(૧)(અ) ૧૨૫ ડેસીબલ(એઆઈ) યુનિટ અતવા ૧૪૫ ડેસીબલ(સી) પીકે યુનિટથી અવાજ વધે નહી તેવા ફટાકડાનું ઉત્પાદન, વેચાણ કે વપરાશ કરી શકાશે નહી.

(બ) ઉપરોકત ફટાકડાઓ સિવાયના ફટાકડા ફોડવાનો સમયગાળો સાંજના ૬-૦૦ થી રાત્રિના ૧૦-૦૦ નો રહેશે. એટલેકે રાત્રિના ૧૦-૦૦ થી સવારના ૬-૦૦ કલાક દરમ્યાન ફટાકડા ફોડી શકાશે નહી.

(ક) સબંધિત સત્તા અધિકારીશ્રીઓએ જાહેર કરેલ ‘‘શાંત વિસ્તારો’’ માં કોઈપણ સમય દરમ્યાન ફટાકડા ફોડી શકાશે નહી.

(ડ) ફટાકડા સ્ટોલની ૫૦ મીટરની ત્રિજયામાં ફટાકડા ફોડી શકાશે નહિ.

(૨) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૨-૧૧-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ, ની કલમ-૩૩(૧)(બી) અન્વયે

જાહેરનામું

પત્ર નં. હોમ/પલસ/વશી/૧૨૪૭૮ થી ૧૨૫૨૮/૨૦૧૫.- પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એલઆઈબી/ભા.વા. પ્ર./૨૨૧૪/૨૦૧૩, તા. ૦૭-૧૧-૧૫ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, અમરેલી જળસિંચન વિભાગના તા. ૨-૧૧-૧૫ ના પત્રની નકલ મોકલી, અત્રેના જિલ્લાના ધારી પોલીસ સ્ટેશન હદમાં આવેલ ખોડીયાર સિંચાઈ યોજનાની નિચાણ વિસ્તારમાં આવેલ ખોડીયાર માતાના મંદીરે આગામી દિવાળીના તહેવારોના દિવસોમાં મોટા પ્રમાણમાં દર્શાનાર્થીઓની ભીડ રહે છે અને મંદિર પર પહોંચવા માટે એક માત્ર ડેમના સ્પિલવે બ્રિજ પરનો રસ્તો છે. આ બ્રિજને ૫૦ વર્ષ કરતા પણ વધુ સમય થયેલ હોય, પરથી પસાર થતા ટ્રાફીકના કારણે કોઈ અકુદરતી ઘટના ન સર્જાય તે સારૂ સદર બ્રિજ પરથી પસાર થતા દ્વિચક્રી વાહનો સિવાયના તમામ પ્રકારના વાહનો પસાર થવા પર પ્રતિબંધ મુકવો કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ અતિ આવશ્યક છે. જેથી પ્રસ્તૃત બાબતે તા. ૯-૧૧-૧૫ થી તા. ૧૬-૧૧-૧૫ ના સમયગાળા દરમ્યાન આ પ્રમાણેનું પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉપરોકત આવેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, જેથી **હું, જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિ. અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) તા. ૦૯-૧૧-૧૫ થી તા. ૧૬-૧૧-૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ધારી મુકામે આવેલ ખોડીયાર મંદીરના ડેમના સ્પિલવે બ્રિજ પરથી ભારે વાહનો જેવા કે ભારવાહક ટ્રક, મેટાડોર, ટ્રેલર સાથેનુ ટ્રેકટર, ભારવાહક છકડો, ભાર વાહક રીક્ષા, ખાનગી બસ, એસ.ટી. બસ, મીની બસ સહિતના તમામ મોટા વાહનો પસાર થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) સદરહું હુકમ વિવિધ વિભાગોના ફરજ પરના સરકારી વાહનો તેમજ ફરજ પરના સરકારી અધિકારીના વાહનોને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ ના ગુજરાત અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૭મી માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

અમરેલી, ૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૧૨૫૩૬ થી ૧૨૬૧૦/૨૦૧૫.- (૧) આગામી દિવસોમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર હોય તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા પેટાકલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૫-૧૧-૧૫ થી તા. ૨૯-૧૧-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇ પણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ પણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૧૭-૧૧-૨૦૧૫ થી તા. ૦૧-૧૨-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ : ૧૬ મી નવેમ્બર–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ગુજરાત પોલિસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૧૧/૧૫.-ચાલુ માસમાં કચ્છ જિલ્લામાં નીચે જણાવેલ મેળા/ઉત્સવોની ઉજવણી તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

ક્રમ	તારીખ	ઉત્સવ	સ્થળ
૧	૦૬-૧૧-૧૫	દત જયંતિ	સમગ્ર કચ્છ જિલ્લો
૨	૦૯-૧૧-૧૫	ધનતેરસ	સમગ્ર કચ્છ જિલ્લો
૩	૧૧-૧૧-૧૫	દીવાળી	સમગ્ર કચ્છ જિલ્લો
૪	૧૨-૧૧-૧૫	નૂતનવર્ષ	સમગ્ર કચ્છ જિલ્લો
૫	૧૩-૧૧-૧૫	ભાઈબીજ	સમગ્ર કચ્છ જિલ્લો
૬	૧૮-૧૧-૧૫	જલારામ જયંતિ	સમગ્ર કચ્છ જિલ્લો
૭	૨૦-૧૧-૧૫ થી ૨૨-૧૧-૧૫	પૂજ્ય સ્વામી લીલાશાનો મેળો	લીલાશા કુટીયા, આદીપુર, તા. અંજાર
૮	૨૫-૧૧-૧૫	ગુરૂનાનક જયંતિ	સમગ્ર કચ્છ જિલ્લો

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૬-૧૧-૨૦૧૫ થી તા. ૦૨-૧૨-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા કે તૈયાર કરાવવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી અથવા ચુંટણી અધિકારીશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ‘‘સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર’’

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૬-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૬ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૪૭૯૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/જા.નામુ/મકાન/૬૪૫/૨૦૧૫, તા. ૧૮-૧૧-૨૦૧૫ ના પત્રથી ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે, તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔધ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત એ સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામુ તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૧-૧૧-૨૦૧૫ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૯ માહે નવેમ્બર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૪૬૮૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./મજુર/જાહેરનામું/૬૩૪/૨૦૧૫, તા. ૧૩-૧૧-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, અપહરણ, ચોરી, ઠગાઈ, વિશ્વાસઘાત તથા છેતરપીંડી જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામ ઔધ્યોગિક વસાહતની ફેકટરીઓ, ખેતી, હીરા ઉધ્યોગમાં તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે કામ કરતાં કારીગરો ઉપરોક્ત પ્રકારના ગંભીર ગુન્હા આચર્યા બાદ અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતાં હોય છે. તેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી જુનાગઢ જિલ્લામાં આશરો લેતા હોય છે. તેથી જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા મજુર/કારીગરોનું રજીસ્ટર/બાયોડેટાની સી.ડી. તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

INDEX

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોક્ત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સો, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી તથા અન્ય ફેકટરી ઉદ્યોગ, વેપાર ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારી, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉક્ત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને દિન-૧૫માં મોકલી આપવું.**

ક્રમ	પેઢીના માલીક/ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલીકના મોબાઈલ/ફોન નંબર તથા ધંધાના ટેલીફોન નંબર	કામે રાખેલ કર્મચારી/કારીગર/મજુર કે ભાગીયાનું પુરૂ નામ, ઓળખચીન્હ, હાલનું પુરૂ સરનામું તથા મોબાઈલ, ફોન નંબર	કર્મચારી/કારીગર/મજુર કે ભાગીયાના મુળ વતનનું પુરૂ સરનામું તથા વતનના ટેલીફોન નંબર	કર્મચારી/કારીગર/મજુર કે ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ	કર્મચારી/કારીગર/મજુર કે ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર	કર્મચારી/કારીગર/ મજુર કે ભાગીયાને કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ તે સ્થાનીક રહીશનું પુરૂં નામ, સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર	કર્મચારી/કારીગર/મજુર કે ભાગીયાના બે થી ત્રણ સગા-સબંધીના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહીતના) તથા ટેલીફોન, મોબાઈલ નંબર	કર્મચારી/કારીગર/મજુર કે ભાગીયાનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમની તારીખ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૪૬૮૪/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./ઘર નોકર/જાહેરનામું/૬૩૫/૨૦૧૫, તા. ૧૩-૧૧-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં કેટલાક ઘરકુટંબો દ્વારા ઘરકામ માટે બહારના વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે રાખવામાં આવે છે. જેમાં કેટલાક ઘરઘાટીઓ ઘરમાં કિંમતી વસ્તુઓની ચોરી સ્ત્રી/બાળકો ઉપર અત્યાચાર અને મિલ્કત પડાવવા વૃધ્ધ ઘરમાલીકોની હત્યા, લુંટ, ચોરી વિ. મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ, શરીર સબંધી ગુન્હાઓ આચરતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. જેનાથી માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન થાય છે અને આવા ગુન્હા આચર્યા બાદ ઘરઘાટી અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતા હોય છે. જેથી ગુન્હાઓ વણશોધાયેલ રહે છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા ઘરઘાટી (Domestic Help) ઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ વિગેરે માહિતી તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

INDEX

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોકત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં જે ઘરકુટુંબો તરફથી આવી બહારની વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે ઘરકામ ઉપર રાખવામાં આવેલ છે તેની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉકત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને તુર્તજ મોકલી આપવી.**

ક્રમ	ઘર માલીકનું નામ/સરનામું, મોબાઇલ/ ટેલીફોન નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના મુળ વતનનું સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ને રાખ્યા તારીખ	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પૂરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) કોના રેફરન્સ, પરિચયથી કામે રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help)ના બેથી ત્રણ સબંધિઓનું પુરૂ નામ, સરનામું (તેમના વતન સહિતના) તથા સંપર્ક નંબર	ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નો ફોટો ગ્રાફસ	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંકઃએમએજી/સી/૪૪૭૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૬૦૩/૧૫, તા. ૩૧-૧૦-૨૦૧૫ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતાં હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચવામા આવે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી આવા ગુન્હાઓની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નહી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ ખરીદતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી

સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે/વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

આ જાહેરનામું તા. ૦૩-૧૧-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૨ મી માહે નવેમ્બર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૪૭૦૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/બોટ ગુમ/જા. નામું/૩૦૧૭/ ૨૦૧૫, તા. ૦૯-૧૧-૨૦૧૫ થી અંતિત થતા દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટ દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુસબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ રહયુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ સંબંધીત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ નીચે મુજબના પત્રકની વિગતો સહની સંબંધીત તમામ સરકારી એજન્સીને જાણ કરવી ફરજીયાત છે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ તા. ૨૧-૧૧-૨૦૧૫ થી તા. ૧૯-૦૧-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૮ મી, માહે નવેમ્બર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૮ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૪૭૯૯/૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જનાગઢના પત્ર ક્રમાંકઃ એસઓજી શોપીંગ મોલ/જાહેરનામું/૬૪૬/૧૫, તા. ૧૮-૧૧-૨૦૧૫ થી સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮-૧૦-૨૦૧૩થી મળેલ સુચના અન્વયે જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ પર સુરક્ષા જાળવવાના હેતુસર શોપીંગ મોલના એન્ટ્રી ગેટ પર, એકઝીટ ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, વાહનો તથા તેમાં આવતી વ્યકિતઓનું ચેકીંગ કરવા ખાનગી સીકયુરીટી ગોઠવવા વિ. મુદ્દે વ્યવસ્થા કરવા સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ મળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત રજુ થયેલ છે.

લોકોની સુરક્ષા જાળવવા માટે રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલના માલીકે,

(૧) શોપીંગ મોલની એન્ટ્રી ગેઈટ તથા એકઝીટ ગેઈટ અને મોલના પાછળના વિસ્તારમાં આવેલ દરેક ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫ દિવસ સુધી રાખવો.

(૨) મોલની અંદર દાખલ થતાં તમામ પ્રકારના વાહનો તથા વાહનોમાં બેઠેલ પ્રત્યેક વ્યક્તિનું સંપુર્ણપણે ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવી.

(૩) મોલમાં આવતાં તમામ પ્રકારના માલ-સામાન (ગુડસ) નું ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરી, પ્રતિબંધિત માલ સામગ્રી, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી, તેની તકેદારી રાખવી.

(૪) મોલના માલીકે પોતાના ખર્ચે જુનાગઢ જિલ્લાના સીકયુરીટી એજન્સી ચલાવવા માટે લાયસન્સ ધરાવતી હોય, તેવી અધિકૃત સીકયુરીટીના તાલીમબધ્ધ સીકયુરીટી ૨૪ કલાક (રાઉન્ડ ધ કલોક) રાખવા વ્યવસ્થા કરવાની રહેશે. મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નેફર ડોગ મારફતે ઉભી કરવાની પણ મોલના માલીકે કાયમી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૫) મોલની માલીકી બદલાય તે વખતે થયેલ ફેરફારની આધાર પુરાવા સહ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તથા સબંધિત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવાનું ધોરણ રાખવું.

આ હુકમ તા. ૨૩-૧૧-૨૦૧૫થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૧૯ મી, માહે નવેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩-(૧)(સી) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/પરિક્રમા/૪૬૦૪/૧૫.-જુનાગઢ જિલ્લામાં જુનાગઢમાં દર વર્ષે પરંપરાગત રીતે ગીરનાર પરિક્રમ્માનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષ દરમ્યાન આગામી તા. ૨૨-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી ગીરનાર પરિક્રમ્માનું આયોજન કરવામાં આવેલ છે. આ પરિક્રમા સામાન્ય રીતે બે દિવસ અગાઉથી શરૂ થઈ જતી હોય છે. આ સમય દરમ્યાન જુનાગઢ મુકામે ભવનાથ તળેટીમાં બહોળા પ્રમાણમાં વાહનોની અવર-જવર રહેશે. જેથી ટ્રાફિકનાં સરળ નિયમન માટે નીચે જણાવેલ વિગતે તા. ૨૦-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહીત વાહન-પાર્કીંગ માટે સ્થળ નક્કી કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૩૦૧૬/૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ થી તથા પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૩૦૪૮/૧૫, તા. ૦૮-૧૧-૨૦૧૫ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને -૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ના ફકરા-સી અન્વયે મળેલ અકિારની રૂઈએ નીચે જણાવેલ સ્થળો તા. ૨૦-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) વાહનોના પાર્કિંગ સ્થળો તરીકે નક્કી કરી જાહેર કરૂં છું.

વાહનોના જાહેર પાર્કિંગ સ્થળો		
૧	જિલ્લા જેલની વાડી મજેવડી-ભવનાથ રોડ	તમામ પ્રકારના વાહનો
૨	સાયન્સ મ્યુઝીયમ સામે ફાયર સ્ટેશનની બાજુમાં	તમામ પ્રકારના વાહનો
૩	નીચલા દાતાર પાસે, ખુલ્લી જગ્યા	તમામ પ્રકારના વાહનો
૪	વૃધ્ધાશ્રમ (અપનાઘર) સામેની ખુલ્લી જગ્યા	તમામ પ્રકારના વાહનો
૫	જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે	તમામ પ્રકારના વાહનો

વાહનોના ખાનગી પાર્કિંગ સ્થળોઃ		
૧	વકિલશ્રી દિપેન્દ્રભાઈ યાદવની વાડી (ભરડાવાવથી ગિરનાર દરવાજા રોડ ઉપર)	તમામ પ્રકારના વાહનો
૨	મજેવડી રોડ જુના દારૂખાનાની ખુલ્લી જગ્યા (માલીક-શ્રી ડોલરભાઈ કોટેચા)	તમામ પ્રકારના વાહનો
૩	શશીકાંતભાઈ દવેની વાડી (મજેવડી દરવાજાથી ભરડાવાવ રોડ, જિલ્લા જેલની વાડી પર)	તમામ પ્રકારના વાહનો
૪	પ્રકૃતિધામ કચ્છી ભવનની વાડી સામે રૂપાયતન પાટીયા પાસે	તમામ પ્રકારના વાહનો
૫	અશોકબાગ આંબાવાડી મજેવડી દરવાજાથી ભરડાવાવ જતા રસ્તે	તમામ પ્રકારના વાહનો
૬	શ્રી ભાગચંદભાઈ ઉર્ફે કાળુભાઈ મહાસાગરવાળાની વાડી, મજેવડી દરવાજાથી ભવનાથ તરફ જતો રસ્તો	તમામ પ્રકારના વાહનો

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૯ માહે નવેમ્બર, સને-૨૦૧૫.

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩-૧-બી અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/પરિક્રમા/૪૫૯૮-૪૬૦૧-૦૨/૧૫.-જુનાગઢ જિલ્લામાં જુનાગઢ ખાતે તા. ૨૨-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ દરમ્યાન ગીરનાર પરિક્રમ્મા યોજાનાર છે. આ પરિક્રમ્મા સામાન્ય રીતે બે દિવસ અગાઉથી શરૂ થી જતી હોય છે. આ પરિક્રમામાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભવનાથ ખાતે આવે છે. આ પ્રરિક્રમ્મામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફિક નિયમન કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૩૦૧૭/૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫, પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૩૦૨૧/ ૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ તથા નં. સી/એલઆઈબી/પરિક્રમા/૩૦૨૦/ ૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ના પત્રોથી (૧) રસ્તા એકમાર્ગીય કરવા

(૨) પરિક્રમ્માના રસ્તા ઉપર વાહનો અવર-જવર પર પ્રતિબંધ મુકવા તથા (૩) ભવનાથ તરફ જતા રસ્તા પર વાહનોની પ્રવેશબંધી ફરમાવવા દરખાસ્ત આવેલ છે.

ઉપરોક્ત આવેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૩-૧(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કેઃ-

(૧) તા. ૨૦-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ (બન્ને દિવસો સહિત) દરમ્યાન નીચેના માર્ગો એકમાર્ગીય જાહેર કરવામાં આવે છે.

(જુનાગઢ શહેરમાંથી ભવનાથ જવા માટે)

(૧) ભરડાવાવથી સ્મશાન સુધી.

(૨) વડલી ચોકથી ભવનાથ મંદિર, મૃગી કુંડ તળાવની પાળ સુધી

(ભવનાથથી જુનાગઢ શહેર તરફ આવવા માટે)

(૧) મંગલનાથની જગ્યાએથી વડલી ચોક સુધી.

(૨) સ્મશાનથી ગીરનાર દરવાજા સુધી.

(૨) તા. ૨૦-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) કોઈપણ પ્રકારના વાહનોની (સરકારી વાહનો અને ફરજ ઉપરના અધિકારીઓના વાહનો સિવાય) ભવનાથ તળેટીથી આગળ પરિક્રમાના રસ્તાઓ ઉપર અવર-જવર કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૩) તા. ૨૦-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ટુ વ્હીલર, થ્રી વ્હીલર તથા તમામ પ્રકારના ફોર વ્હીલ વાહનો માટે (ઈમરજન્સી ફરજ પરના વાહનો સિવાય) ગિરનાર દરવાજા-ભરડાવાવથી ભવનાથ તરફ જવા માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવે છે.

આ હુકમ ગિરનાર પરિક્રમા સંલગ્ન વિવિધ વિભાગોના ફરજ પરના વાહનો તથા અન્ય સરકારી વાહનો તથા ફરજ ઉપરના અધિકારીના વાહનો અને નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વિભાગ, જુનાગઢ તરફથી જેમને વાહનના પાસ અપાયેલ છે તેવા સ્વૈચ્છીક સંસ્થાઓના વાહનો તેમજ પોલીસ વિભાગ તરફથી પાસ અપાયેલ હોય તેવા વાહનોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૯ માહે નવેમ્બર, સને-૨૦૧૫.

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩-૧-યુ અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/પરિક્રમા/૪૬૦૦/૧૫.-ગિરનાર પરિક્રમ્મા તા. ૨૨-૧૧-૨૦૧૫ થી શરૂ થઈને તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી યોજાનાર છે. આ પરિક્રમા સામાન્ય રીતે બે દિવસ અગાઉથી શરૂ થી જતી હોય છે. આ સમય દરમ્યાન ભવનાથ તળેટીમાં હજારો યાત્રિકો અને ભાવિકો આવશે. આમ ગિરનાર અનામત જંગલ વિસ્તારમાં હજારો યાત્રિકો આવવા સંભવ હોય અને કોઈ વ્યક્તિ તરફથી ફટાકડા ફોડવાથી અનામત જંગલ વિસ્તારમાં આગ લાગવાનો ભય હોય, જેથી ઉક્ત જંગલ વિસ્તારમાં તમામ પ્રકારના ફટાકડા લઈ જવા, વેચાણ તથા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરીક્રમા/૩૦૧૯/૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩-૧(યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૨૦-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ગિરનાર પરિક્રમા રૂટમાં તમામ પ્રકારના ફટાકડા લઈ જવા તથા વેંચવા તેમજ ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૦૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૯ માહે નવેમ્બર, સને-૨૦૧૪.

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૪૩-(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/પરિક્રમા/૪૫૯૯/૧૫.-જુનાગઢ જિલ્લામાં જુનાગઢ ખાતે પરંપરાગત રીતે ગીરનાર પરિક્રમ્મા તા. ૨૨-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી યોજાનાર છે. આ પરિક્રમા સામાન્ય રીતે બે દિવસ અગાઉથી શરૂ થઈ જતી હોય છે. આ પરિક્રમામાં ઘણા બહોળા પ્રમાણમા યાત્રાળુઓ તથા ભાવિકો એકત્રિત થનાર હોય, સદરહું મેળામાં ચેપી રોગો અટકાવવા તથા જાહેર સુખાકારીના પગલા લેવા સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૪૩(૧) અન્વયે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/ એલઆઈબી/પરિક્રમા/૩૦૧૮/૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

INDEX

ઉપરોક્ત આવેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય હું, આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયે મળેલ અધિકારની રૂઈએ તા. ૨૦-૧૧-૨૦૧૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) જુનાગઢ શહેર તેમજ ભવનાથ તળેટી તેમજ તેની આસપાસ ફરતા ૮ કી.મી.ના અંતરના વિસ્તારમાં પીવાના પાણી પરત્વે માણસોને પીવાના ઉપયોગમાં ન આવે તેવા કૃત્યો કરવાની, જાહેર તંદુરસ્તીને નુકશાન પહોંચાડે તેવી રીતે ખાદ્ય પદાર્થોને ધુળ લાગે તથા માખીઓ બેસે એ રીતે રાખવાની તદઉપરાંત તેવો ખોરાક, ચીજવસ્તુઓ જે તે આરોગ્ય ખાતાના કર્મચારીઓ/અધિકારીશ્રીઓની સુચના વિરૂધ્ધ રાખવા તથા વેંચવાની અગર તેની ગંદકી કરવાની તથા રકતપિત અને ચેપીરોગવાળા શખ્સોને દાખલ થવા દેવાની આથી મનાઈ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખી યોગ્ય પગલા લેવા જુનાગઢ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા તેઓશ્રીએ નિયુકત કરેલા કર્મચારીઓ તથા જુનાગઢ મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારીશ્રીએ અગર તેઓએ જેને નિયુકત કરેલા હોય તેવા તેમના કર્મચારીઓને આથી અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સ સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૯ માહે નવેમ્બર, સને-૨૦૧૫.

સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩ (૧)(બી) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/દિવાળી/૪૪૫૯/૨૦૧૫.-દિવાળીના તહેવારો દરમ્યાન લોકોની અવર-જવર બહોળા પ્રમાણમાં રહે છે. આવા સંજોગોમાં જુનાગઢ શહેરની ભૌગોલિક રચના અને ટ્રાફીકની સમસ્યાને અનુલક્ષીને લોકોને અને ખાસ કરીને સ્ત્રી વર્ગ તથા નાના બાળકોને અવર જવરમાં મુશ્કેલી ન પડે તે હેતુ માટે તા. ૦૪-૧૧-૨૦૧૫થી તા. ૧૨-૧૧-૨૦૧૫ સુધી નીચે જણાવેલ ક્રમ નં. ૧ થી ૩ ના રોડ ઉપર ફોરવીલ, ઓટોરીક્ષા, છકડોરીક્ષા, સ્કુટર, સાયકલો, હાથલારી વિ. તમામ પ્રકારના વાહનો તથા ક્રમ નં. ૪ ના રસ્તા ઉપર ભારે વાહનો જેવા કે, બસ, ટ્રેકટર, ભારવાહક મેટાડોર જેવા તમામ પ્રકારના ભારવાહક વાહનો માટે પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/દિપાવલી/જાહેરનામું/૨૯૪૦/૧૫, તા. ૩૦-૧૦-૨૦૧૫ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

૧. આઝાદ ચોક પોસ્ટ ઓફીસ પાસેથી પંચહાટડી ચોક, દિવાન ચોક તરફ જતા માલીવાડા રોડના નાકા સુધીનો રસ્તો.
૨. પંચહાટડી ચોકથી માંગનાથ રોડ (માંગનાથની કમાન સુધી)
૩. પંચહાટડી ચોકથી ગેબનશા પીરની દરગાહ, દાણાપીઠ સુધી.
૪. મોર્ડન ચોકથી એમ.જી. રોડ, ચીતાખાના ચોક સુધી ફકત ભારે વાહનો માટે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતાં હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૪-૧૧-૨૦૧૫થી તા. ૧૨-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) સવારના ૮-૦૦ કલાકથી રાત્રે-૧૨-૦૦ કલાક સુધી ઉપરમાં દર્શાવેલ ક્રમ નં. ૧ થી ૩ માં દર્શાવેલ રોડ પર ફોરવ્હીલ, ઓટો રીક્ષા, છકડો રીક્ષા, સ્કુટર, સાયકલો, હાથલારી વિ. તમામ પ્રકારના વાહનો લાવવા-લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા ક્રમ-૪ માં દર્શાવેલ રોડ ઉપર ભારે વાહનો જેવા કે બસ, ટ્રેકટર, ભારવાહક મેટાડોર જેવા તમામ પ્રકારના ભાર વાહક વાહનો માટે પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિતને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૨ માહે નવેમ્બર સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૦૨ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩-૧-યુ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/દિવાળી/૪૪૫૮/૧૫.-આગામી દિવાળીના તહેવારો દરમ્યાન ફટાકડા ફોડવામાં આવનાર હોય, ફટાકડા-દારૂખાનાથી આગ લાગવાના તેમજ રાહદારીઓને દાજવાના કે અકસ્માતો થવાનો પુરો સંભવ હોય, જેથી જાહેર જનતાની સુલેહ શાંતિ અને સલામતી જોખમાય નહીં તે માટે આગામી દિવાળીના તહેવારો દરમ્યાન જુનાગઢ જિલ્લામાં જાહેર રસ્તાઓ ઉપર તથા આનંદ પ્રમોદના સ્થળો તેમજ ગલીઓમાં, મકાનોમાં તેમજ ટ્રાફીકની અવરજવર વાળા જાહેર માર્ગો ઉપર કે મેઈન ચોકમાં તથા ઈલેકટ્રીકના સબ સ્ટેશન થાંભલાની નજીક આવતા ૫૦ ચોરસ ફુટની અંદર ફટાકડા/દારૂગોળો ફોડવાનો કે આતશબાજીના કારણે આગ લાગવાના કે દાઝી જવાના બનાવોની સંભાવના હોય, જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ સમગ્ર

જુનાગઢ જિલ્લાના ઉક્ત વિસ્તારમાં તા. ૦૪-૧૧-૨૦૧૫ થી શરૂ થઈને તા. ૧૨-૧૧-૨૦૧૫ સુધી તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જા.નામુ/૨૯૪૧/૧૫, તા. ૩૦-૧૦-૨૦૧૫ થી દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ ની કલમ-૩૩(૧)(યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૦૪-૧૧-૨૦૧૫ થી તા. ૧૨-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) સમગ્ર જુનાગઢ જિલ્લામાં જાહેર રસ્તાઓ ઉપર તથા આનંદ પ્રમોદના સ્થળો તેમજ ગલીઓમાં, મકાનોમાં તેમજ ટ્રાફીકની અવર-જવર વાળા જાહેર માર્ગો ઉપર કે મેઈન ચોકમાં તથા ઈલેકટ્રીકના સબ સ્ટેશન થાંભલાની નજીક આવતા ૫૦ ચોરસ ફુટની અંદર ફટાકડા/દારૂગોળો ફોડવાનો કે આતશબાજી પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૦૨ માહે નવેમ્બર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૦૨ માહે નવેમ્બર, સને-૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૪૬૮૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૩૦૬૭/૧૫, તા. ૯-૧૧-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) આ સમય દરમ્યાન પરિક્રમા આવે છે તથા અનામત આંદોલન પણ ગતિમાં છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૯-૧૧-૨૦૧૫ ના રોજથી તા. ૦૨-૧૨-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૭, માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૪૬૮૨/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૩૦૬૮/૨૦૧૫, તા. -૧૧-૨૦૧૫ થી (૧) ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ

ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાનાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આ સમય દરમ્યાન પરિક્રમા આવે છે. તેમજ અન્મત આંદોલન પણ ગતિમાં છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૮-૧૧-૨૦૧૫ થી તા. ૧૬-૧૨-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યક્તિ,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૭ મી, માહે નવેમ્બર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩-૧ (બી) અન્વયેનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/૪૩૧૩/૨૦૧૫.-જુનાગઢ જિલ્લાના કેશોદ સ્થિત ક્ષય નિવારણ ક્ષેત્રે કામ કરતી અક્ષયગઢ સાર્વજનિક સંસ્થા આવેલ છે. આ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સોરઠ ક્ષય નિવારણ સમિતિ, અક્ષયગઢ, તા. કેશોદ દ્વારા અક્ષયનાથ મહાદેવના સાનિધ્યમાં શરદ પુર્ણિમાં પ્રસંગે તા. ૨૫-૧૦-૨૦૧૫થી તા. ૨૭-૧૦-૨૦૧૫ સુધી અક્ષયનાથ શરદમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં બહોળી સંખ્યામાં લોકો આવનાર હોય, ટ્રાફિકની સમસ્યા ન થાય અને લોકોની અવર-જવર સહેલાઈથી જળવાય રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સીબી-૪/૧૩૯/જાહેરનામુ/૧૭૫૧૨/૨૦૧૫, તા. ૨૧-૧૦-૨૦૧૫ થી નીચે જણાવેલ માર્ગોને એક માર્ગીય (વન વે) જાહેર કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) કેશોદથી અક્ષયગઢ આવવા માટે દરખાસ્ત સાથેનાં નકશામાં દર્શાવેલ એ-કે-જે-આઈ રસ્તે વાહનો પસાર થાય અને આઈ સ્થળે ઉતારૂઓને ઉતારે ત્યાં સુધીનો રસ્તો એકમાર્ગીય જાહેર કરવો અને

(૨) ઉપરોકત નકશામાં દર્શાવેલ એચ-જી-એફ રસ્તે પસાર થઈ ઈ-સ્થળેથી ઉતારૂઓને લઈ ડી-સ્થળેથી ઉતારૂઓને લઈ મેળા બહાર નિકળી સી-બી રસ્તે થઈ એ-પોઈન્ટ પરથી કેશોદ જવા રવાના થાય તે રીતે રસ્તો એકમાર્ગીય કરવો.

ઉપરોકત વિગતે લોકોની સલામતી અને સગવડતા માટે ટ્રાફિકનું નિયમન કરવાનુ ઈષ્ટ જણાતાં, હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ અધિકારીની રૂએ ઉપર જણાવેલ રસ્તાઓને તા. ૨૫-૧૦-૨૦૧૫ થી તા. ૨૭-૧૦-૨૦૧૫ (બંન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે એકમાર્ગીય (વન-વે) રાખવાનું ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨) ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૩-૧૦-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયેનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/જી.પં./તા.પં./ન.પા. ચૂંટણી/મત ગણતરી/૯/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ તથા ઉના નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ તાલાલા નગરપાલિકાના વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી માટે થયેલ મતદાન અન્વયે મત ગણતરી તા. ૦૨-૧૨-૨૦૧૫ ના રોજ જુદા જુદા મત ગણતરી કેન્દ્રો ખાતે હાથ ધરવામાં આવનાર છે. મત ગણતરી દરમ્યાન મત ગણતરી કેન્દ્રોની આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહી અને મત ગણતરીની કામગીરી શાંતિપૂર્વક ચાલી શકે તે માટે ચારથી વધુ વ્યકિતઓને મત ગણતરી મથકોની ૧૦૦ મીટરની ત્રિજયામાં એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવું વ્યાજબી અને આવશ્યક જણાયેલ છે.

સબબ, હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકોના મતગણતરી કેન્દ્રો, વેરાવળ તથા ઉના નગરપાલિકા મતગણતરી કેન્દ્ર તથા તાલાલા નગરપાલિકાની વોર્ડ નં.-૧ની ખાલી પડેલ બેઠકના મત ગણતરી કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા. ૦૨-૧૨-૨૦૧૫ ના સવારના ૬-૦૦ થી રાત્રીના ૨૪.૦૦ કલાક સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહી.

વધુમાં આદેશ કરૂ છું કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, આઈ.એસ.એફ.ના સ્ટાફને કે જેને ખાસ અધિકારીશ્રીઓના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.

(૩) ચૂંટણી અધિકારીશ્રી, પોલીસ અધિકારીશ્રી તેમજ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી કે તેઓએ અધિકૃત કરેલ વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

વિશેષમાં ઉપર જણાવેલ વિસ્તારમાં જાહેરનામું સહેલાઈથી જોઈ શકાય તે રીતે તેની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રીએ કાર્યવાહી કરવી.

આજ તા. ૨૪ માહે નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

ગીર સોમનાથ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૯૬૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/સ.સ.બંધી/૫૦૭૧/૧૫, તા. ૧૬-૧૧-૨૦૧૫ થી (૧) વેરાવળ/પ્ર.પાટણ,

કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનાવો ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી ઈચ્છનીય છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં હિન્દુ સમાજના તહેવારો કાર્તિકી પુર્ણિમા તેમજ ગુરૂનાનક જયંતી જેવા તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક તહેવાર સબબ ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વગેરે સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદીર ખાતે આ તહેવાર દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના ખરીફ પાકની સીઝન ચાલુ હોય તેમજ વર્ષાઋતુ ચાલુ હોય, જેના કારણે વિજળીની આવ-જા થતી હોય જે કારણોસર મલઈને પાણી પાવા સારૂ વિજ પુરવઠાના પ્રશ્ને ખેડુતો દ્વારા, તેમજ પાટીદાર સમાજ દ્વારા આંદોલનની ચળવળ ચાલુ હોય આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદોસર ટોળાના રૂપમાં લાઈન શો યોજાતા હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. જેથી, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૩-૧૧-૨૦૧૫ ના રોજથી તા. ૨૨-૧૨-૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૯ મી-નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧નાની
કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૯૬૪/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલ.આઈ.બી./જાહેરનામું/ હ.બંધી/૫૦૭૨/૨૦૧૫, તા. ૧૬-૧૧-૨૦૧૫ થી (૧) વેરાવળ/ પ્રભાસપાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં હિન્દુ સમાજના તહેવાર કાર્તિકી પુર્ણિમા તેમજ ગુરૂનાનક જયંતી જેવા તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક તહેવાર સબબ ધાર્મિક સ્થળોએ, જાહેર સ્થળો વગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવાર દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોઈ, કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૩-૧૧-૨૦૧૫ થી તા. ૨૨-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ.....

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૩૮૭૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/એસટીડી-પીસીઓ/જાહેરનામું/૫૦૭૯/૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ ના પત્રથી ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જયોર્તિલીંગમાનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તુલશીશ્યામ તથા જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનારની પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં માણસો દર્શનાર્થે આવતા હોય, જેથી લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડામાં જી.એચ.સી.એલ., તથા કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી આવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજયમાં સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈલ કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ વધી રહેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. બનાવોની ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરિકો ધીમે-ધીમે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણું જ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકો

INDEX

કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનું રજીસ્ટર રાખતા ન હોય ત્યાં બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીરસોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા નોટીફીકેશન હોવું અત્યંત જરૂરી છે. જેના પરિણામે સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીરસોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ. ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈટેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતી રજીસ્ટર રાખવા અંગેનુ દિન-૬૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીરસોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનું પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, ગીરસોમનાથ જિલ્લા સમગ્ર વિસ્તાર આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવી અને કોલ ડીટેઈલની નામ, સરનામાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૯ મી, માહે નવેમ્બર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) હેઠળનું

જાહેરનામું

નં. : એમએજી/સી/૩૯૭૩/૧૫.-ગીર સોમનાથ જિલ્લાનાં વેરાવળ તાલુકાનાં પ્રભાસપાટણ મુકામે શ્રી સોમનાથ મંદિર આવેલ છે. આગામી તારીખ : ૦૨-૧૧-૨૦૧૫ થી તારીખ : ૦૬-૧૧-૨૦૧૫ સુધી પરંપરાગત રીતે પ્રભાસપાટણ મુકામે, હોટલ સફારી સામેના ગ્રાઉન્ડમા કાર્તિકી પુર્ણીમાના મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં બહોળી સંખ્યામાં યાત્રીકો/ભાવીકો એકત્રીત થનાર હોય, યાત્રાળુઓની અવર-જવરના લોકોની સલામતી માટે કોઈ અકસ્માતનો બનાવ બનવા ન પામે તે હેતુસર નીચેની વિગતે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/ કાર્તિકી પુર્ણીમા મેળા/જા.ના./૫૦૭૭/૨૦૧૫, તા. ૨૮-૧૧-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) સફારી બાયપાસ તરફથી તમામ પ્રકારના વાહનો એક માર્ગીય રીતે વેણેશ્વરના રસ્તે થઈ ગૌરીકુંડ પાસેના પાર્કિંગમાં પાર્ક કરવાના રહેશે.

(૨) ગૌરીકુંડ પાસેના પાર્કીંગમાં પાર્ક થયેલા વાહનો પરત જતી વખતે ગુડલક સર્કલ થઈ બહાર જઈ શકશે.

(૩) ટુ-વ્હીલર વાહનો ગુડલક સર્કલથી વેણેશ્વર ખાતે થયેલ પાર્કિંગ સ્થળ સુધી જઈ શકશે.

(૪) ગૌરીકુંડ ચેક પોસ્ટથી હમીરજી સર્કલ (ત્રિવેણી સર્કલ) થી ગીતા મંદિર સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવો.

ઉકત થઈ આવેલ દરખાસ્ત ધ્યાને લેતા તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી અને વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ**, સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) થી મને મળેલ અધિકારની રૂઈએ પ્રભાસ પાટણ મુકામે, હોટલ સફારી સામેના ગ્રાઉન્ડમાં આયોજીત થનાર કાર્તિકી પુર્ણિમાના મેળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફીક નિયમન માટે ઉપર મુજબની ક્રમ નં. ૧ થી ૪ ની વિગતેનો પ્રતિબંધ ફરમાવવા આથી હુકમ કરૂં છું.

એસ.ટી. બસ, મેડીકલ વાહન અને સરકારી ફરજ ઉપરના અન્ય વાહનો આ હુકમથી મુકિત આપવામાં આવે છે.

સદરહુ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજ તા. ૧૯ માહે નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા વાંધા-સુચનો મુદતમાં રજુ કરવા માટે પ્રસિધ્ધ કર્યુ.

આ હુકમ તા. ૨૧-૧૧-૨૦૧૫ ના કલાક ૦૮-૦૦ થી તા. ૨૬-૧૧-૨૦૧૫ના કલાક ૦૮-૦૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

ગીર સોમનાથ, ૨૧ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

વંચાણે લીધા :

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/બોર.જા/૫૦૭૪/૨૦૧૫, તા. ૧૬-૧૧-૨૦૧૫.

હુકમ

નં. એમએજી/સી/૩૯૬૬/૨૦૧૫.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો વિ. દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા નિષ્કાળજી સેવવામાં આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમા પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમાં બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોકત બાબતેના જાહેરનામાનો સમયગાળો વધારવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમાં મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમાં ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂ છું.

(૧) જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ થાય નહી અથવા બોરવેલમાં કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, મજબુત ભરતી દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમ છતાં અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનું પાલન કરવામા ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનું યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરી પરિસ્થિતિમાં હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોકત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આજ તારીખ : ૧૯ મી માહે નવેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

વેરાવળ, ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૯૬૫/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/સ.પ્ર.બં.જા./૫૦૭૩/૨૦૧૫, તા. ૧૬-૧૧-૨૦૧૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગીર-સોમનાથ જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં નાહવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાય છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમાં બહુજ મોટા વજનદાર ખડકાળ પત્થરો છે. જેથી સમુદ્રમાં નાહવા પડેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમાં આવતા મોજાઓ વાંકાચુકા તથા ઘાતક આવે છે.

હાલમાં આ સ્થળે નવી ચોપાટી બનાવવાનું કામ ચાલુ થયેલ છે તથા મોટા પત્થરો સમુદ્રમાં ઉતારી રસ્તો બનાવેલ છે, જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પત્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમાં પડી જાય તેવી શક્યતાઓ રહે છે.

અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમાં પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમાં પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા ઘણા બનાવો નોંધાયેલ છે, તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડમાં આશરે ચાર કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમાં નાહવા માટે કે સમુદ્રમાં ઉંડા પાણીમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું સી.આર.પી.સી. એકટની કલમ-૧૪૪ તળે તા. ૨૧-૧૧-૨૦૧૫થી તા. ૧૯-૦૧-૨૦૧૬ સુધીનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્તની વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે આવેલ દરીયા કિનારે મોજામાં તણાઈ જવાથી, નાહવા પડતા ડુબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર-સોમનાથ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિએ સમુદ્રમાં નાહવા જવું નહીં કે સમુદ્રમાં ઉંડા પાણીમાં પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમ તા. ૨૧-૧૧-૨૦૧૫ થી તા. ૧૯-૦૧-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૧૯ મી માહે નવેમ્બર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૮૭૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/લેબર કોન્ટ્રા./જા.નામું/૫૦૮૨/૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ના પત્રથી ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી.એલ. ફેકટરી, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાંથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાંધકામના કામોમાં અન્ય રાજ્યોમાંથી મજુરો લાવી તેમનુ મજુરી કામમાં ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. આ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનસંધાને મોટાભાગના કિસ્સાઓમાં જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાંથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમાં મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમાં જતા રહેતા હોય, આવા ગુન્હા વણશોધાયેલા રહે છે. આથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમાં માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં પુરી પાડે તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ. યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટરો, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નીચે મુજબના નિયત ફોર્મમાં માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ, સરનામું, મોબાઈલ નં.	:	
૨	મજુરનું નામ તથા ઉંમર	:	
૩	મજુરનું હાલનું સરનામું તથા મો.નં.	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું/ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરના વતનના સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા જિલ્લા અને ટેલીફોન નં.	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નં.	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે?	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	ગીર સોમનાથ જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	ગીર સોમનાથ જિલ્લામા નજીકના સંબંધી હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નં.	:	
૧૩	મજુરના ભાઈ/બહેનના નામ/સરનામા/મોબાઈલ નં.	:	
૧૪	મજુરના કાકા/માસાના નામ/સરનામા/મોબાઈલ નં.	:	
૧૫	હાલમા જયા રહે છે ત્યાં તેના ગામના કોણ છે? તેના નામ, સરનામા, મોબાઈલ નં.	:	

મજુરનો તાજેતરનો ફોટો :-

મજુરના અંગુઠાનું નિશાન : ....
મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રકટરની સહી : ....
નામ : ....

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૯ મી, માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૮૭૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/મકાનભાડા/જા.નામું/૫૦૮૧/૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ ના પત્રથી ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ માનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદીર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવાકે, ત્રિવેણી સંગમ, દહોત્સર્ગ, ગીતા મંદિર,

INDEX

તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે તથા જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ ગીર સોમનાથ જિલ્લાના આ ધાર્મિક સ્થળોએ મોટા પ્રમાણમાં શ્રધ્ધાળુઓ દર્શન માટે આવતા હોવાથી તેઓની સલામતી જાળવવી આવશ્યક છે. તેમજ ભુતકાળમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે તાજેતરમાં પોરબંદર વિસ્તારના અરબી સમુદ્રમાં ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા શંકાસ્પદ પાકિસ્તાની બોટનો પીછો કરવામાં આવતા બોટમા સવાર ચાર ઈસમો દ્વારા બ્લાસ્ટ કરવામાં આવેલ અને બોટ સળગી ગયાનો બનાવ બનેલ છે. ગુપ્તચર એજન્સીઓ દ્વારા અવાર-નવાર આંતકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવારા તત્વો કોઈ મકાન માલીક/દુકાન માલીક/ઔધોગીક એકમોની જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર ગીર-સોમનાથ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઔધોગીક એકમોની જગ્યાના માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔધોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔધોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔધોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઔધોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નીચે મુજબની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔધોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/દુકાન/ઔધોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન માલિક/દુકાન માલીક/ઔધોગીક એકમોની જગ્યાના માલીક/સંચાલકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઔધોગીક એકમની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત	મકાન/દુકાન/ઔધોગીક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	મકાન/દુકાન/ઔધોગીક એકમ કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે?	જે વ્યક્તિને મકાન/દુકાન/ ઔધોગીક એકમ ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટોલીફોન/મોબાઈલ નંબર ફોટા સાથે	જે વ્યક્તિને મકાન/દુકાન/ઔધોગીક એકમ ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામા તથા મોબાઈલ નંબર	મકાન/દુકાન/ઔધોગીક એકમના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ બહાર પડયા તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૯ મી, માહે નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

INDEX

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૩૯૦૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એસઓજી/મોબાઈલ/લે-વેચ/ જાહેરનામું/૫૦૮૦/૨૦૧૫, તા. ૦૬-૧૧-૨૦૧૫ ના પત્રથી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યું છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાઓના મુળ સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ આજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે જે મોબાઈલ વેચનાર /ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લા વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીરસોમનાથ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર સોમનાથ જિલ્લો, વેરાવળ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે, વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના કે નવા મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની વિગત/કંપની/મોડલ નં.	IMEI No.	મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે? તેનું પુરૂ નામ, સરનામુ, મો.નં. સહિત	ID પ્રુફની વિગત

જુના કે નવા મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલની વિગત/કંપની/મોડલ નં.	IMEI No.	મોબાઈલ કોને વેચેલ છે? તેનું પુરૂ નામ, સરનામુ, મો.નં. સહિત	ID પ્રુફની વિગત

આ હુકમ બહાર પડયાની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૧૬ મી, માહે નવેમ્બર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૬ મી, માહે નવેમ્બર, સને-૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીરસોમનાથ જિલ્લો,
વેરાવળ.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 10th DECEMBER, 2015/AGRAHAYAN 19, 1937 No. 50

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1241-1268
PART - I - A	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - II	
Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1977-2016
PART - III	
Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read : *(1) Hon'ble High Court of Gujarat, Ahmedabad, Letter No. C. 2605/2013, Dt. 25-04-2013 & 12-09-2014.*

(2) This Office Notification No. B/Adm/5597/2015, Dt. 15-10-2014.

(3) Hon'ble High Court letter No. C 2605/2013, Dt. 19-03-2015.

(4) Letter No. 1612/2015, Dt. 24-11-2015 of the Judge, Labour Court, Bhuj.

NOTIFICATION

No. B./Adm/6153/2015.-In View of the direction contained vide Hon'ble High Court letter cited in the preamble at Sr. No. 3, undersigned is pleased to reconstitute the **"Consultative Committee"** for making suggestions for infrastructural facilities in the courts of the Judicial District of Kachchh, improvement of work culture, co-ordination between bar, bench and other authorities and for the matter incidental thereto and to nominate the Members of the said committee as under :

1.	The Principal District Judge, Kachchh at Bhuj.	Head of Committee
2.	The District Colletor, Kachchh, Bhuj.	Member
3.	The District Superintendent of Police (West Division), Bhuj-Kachchh	Member
4.	The District Development Officer, Bhuj-Kachchh.	Member
5.	The Executive Engineer, R. & B. Division, Bhuj-Kachchh.	Member
6.	The Judge, Labour Court, Bhuj.	Member
7.	The President, Bhuj Bar Association, Bhuj	Member
8.	The President, Bhuj Labour Bar Association, Bhuj.	Member

All the concerned be informed accordingly.

Kachchh-Bhuj, 26th November, 2015.

M. R. Mengdey,
Principal District Judge,
Kachchh at Bhuj.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૬(એ), ૩૬-ઈ તથા ૩૬ (ઈ) (એ) મુજબનું

જાહેરનામું

નં. એમએજી-સી-જિ/તા/નપા/ચટણ/૫/૧૧/૧૫.- હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૬(એ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૯-૧૦-૨૦૧૫ ના રોજ દિવસ દરમ્યાન પોરબંદર જિલ્લામાં આવેલ ચૂંટણી મતદાન મથકો ઉપર મતદાન કરનાર સ્ત્રી અને પુરૂષ મતદારોએ મતદાન માટે સ્ત્રી તથા પુરૂષની અલગ-અલગ લાઈનમાં ઉભા રહેવા અને ક્રમ પ્રમાણે મતદાન કરવા ફરમાવું છું.

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ- ૩૬(એ), અને ૩૬(ઈ)(એ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લામાં આવેલ ચૂંટણી મતદાન મથકો નજીકમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

મતદાન મથક નજીકમાં સંગીત વગાડવાની, ગાવાની, ઢોલ વગાડવાની, પીટવાની કે કોઈપણ વાજીંત્ર, લાઉડસ્પીકર કે જે સાધનથી મોટો અવાજ થાય તેમ હોય તે વગાડવાની.

ઉપરોકત જાહેરનામાના ઉલ્લંઘન કરવામાં મદદ કરનારે ગુન્હો સાબિત થયેથી સદરહું અધિનિયમની કલમ-૧૩૪ મુજબ રૂા. ૨૦૦/- સુધીની દંડની શિક્ષાને પાત્ર થશે. તેમજ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુન્હો સાબિત થયેથી તે વ્યકિતને એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણનાથી માનવીય જીવ અથવા સ્વાસ્થ કે સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તો તેવી વ્યકિતને ૬-માસ સપરિશ્રમ સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૧૧-૨૦૧૫ના રોજ મારી સહિ તથા સિક્કો લગાવી પ્રસિધ્ધિ કરી.

પોરબંદર, ૨૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૨૧૭૩૦/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : સીબી/૩/૪૯૨૯/૧૪૧૦૭/૧૫,

તા. ૨૪-૧૧-૨૦૧૫ ના પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામ જતા રસ્તાની નજીક સુધીના દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૩ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૩ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૩ ફર્લાગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે પ્રવેશ બંધી કરવા અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કિ.મી. સુધી વાર્ષિક ફાઈરીંગ પ્રેકટીસ તા. ૦૫-૧૨-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૯-૦૦ કલાક સુધી કરનાર હોય જેથી તે વિસ્તારમાં કોઈ પણ ઈસમ કે માછીમારો વ્યકિતગત કે વહાણ, બોટ લઈને જવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત યોગ્ય જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૦૫-૧૨-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી સવારના ૬-૦૦ કલાક થી રાત્રીનાના ૧૯-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૩ ફલાર્ગ, પશ્ચિમ ભાગે-૩ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફલાર્ગ, દક્ષિણ ભાગે-૩ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૦૧-૧૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૨૧૦૧૯/૨૦૧૫.-CASO/Asstt. Commandant, CISF UNIT, ASG, CIVIL AIRPORT, PORBANDAR ના પત્ર ક્રમાંક : PR-17019/CISF/ASG-PBR/QM/ARC-DEC/2015-1555, dt. 16-11-2015 ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૨૦-૧૨-૨૦૧૫, તા. ૨૧-૧૨-૨૦૧૫ તથા તા. ૨૨-૧૨-૨૦૧૫ ના રોજ સવારના ૭-૦૦ થી સાંજના ૧૩-૦૦ કલાક સુધી ફાયરીંગ કરવાનું હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૦-૧૨-૨૦૧૫, તા. ૨૧-૧૨-૨૦૧૫ તથા તા. ૨૨-૧૨-૨૦૧૫ ના રોજ સુધી સવારના ૭-૦૦ કલાક થી બપોરના ૧૩-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે–૧ ફર્સાગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉત્તર ભાગે–૩ ફર્લાગ, દક્ષિણ ભાગે–૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫(પાંચ) કિ.મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યકિતગત તેમજ વાહનો માટે તથા વ્યકિતગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ જવા ઉપર ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૨૪-૧૧-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

દીનેશ પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૧૨/૧૫.-કચ્છ જિલ્લામાં ડીસેમ્બર-૨૦૧૫માં યોજાનાર રણોત્સવ, ઓલ ઈન્ડીયા ડી. જી. કોન્ફરન્સ તેમજ નાતાલ, ઈદે-મિલાદ, ખ્રીસ્તી નવું વર્ષ જેવા ધાર્મિક તહેવારોને નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, **ડી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે

મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૭-૧૨-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા કે તૈયાર કરાવવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૧-૧૨-૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૦૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

ડી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જી.પં./તા.પં./નપા/મતગણતરી/૮/૨૦૧૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને કેશોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ વંથલી નગરપાલિકાની વોર્ડોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટે થયેલ મતદાનના મતોની ગણતરી તા. ૦૨-૧૨-૨૦૧૫ ના રોજ યોજાનાર છે.

મતગણતરીના દિવસે મત ગણતરીના સ્થળે ચૂંટણીના પરિણામો જાણવા માટે મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાની શકયતાઓ રહેલી છે. ચૂંટણીના પરિણામોથી પણ વિપરિત પ્રત્યાઘાતો પડી શકે તેવી સંભાવના રહે. આ કારણે મત ગણતરીના સ્થળે તંગદીલી ભર્યુ વાતાવરણ ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમૂક કૃત્યો પર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

સબબ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જિલ્લા/તાલુકા પંચાયતની બેઠકોના મતગણતરી કેન્દ્રો, કેશોદ નગરપાલિકા મત ગણતરી કેન્દ્ર તથા વંથલી નગરપાલિકાની વોર્ડો/બેઠકોની ચૂંટણી માટે મતગણતરી થનાર છે તે સ્થળોએ નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

મત ગણતરીના સ્થળની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તા. ૦૧-૧૨-૨૦૧૫ ના રોજ રાત્રીના ૧૨-૦૦ કલાકથી તા. ૦૨-૧૨-૨૦૧૫ ના રોજ મત ગણતરીની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધીના સમય માટે :

(૧) ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે ભેગા/એકઠા થવું નહી.

(૨) જાહેર સુલેહશાંતી જોખમાય તેવા સૂત્રો પોકારવા નહી.

(૩) જાહેર સુલેહશાંતી જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહી.

(૪) મત ગણતરી કેન્દ્ર ખાતે અધિકૃત અધિકારીશ્રીએ જેમને અધિકૃત કરી ઓળખપત્ર આપેલ છે તે સિવાયની કોઈપણ વ્યકિતએ પ્રવેશવું નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૨૬ માહે નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૪૮૯૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૩૧૯૩/૧૫, તા. ૨૨-૧૧-૨૦૧૫ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) પાટીદાર અનામત આંદોલન તથા તેને સંલગ્ન આંદોલનને ધ્યાને લઈ સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા હોય, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, **આર. જી. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૧૨-૨૦૧૫ ના રોજથી તા. ૧૭-૧૨-૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૬, માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

આર. જી. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

જાહેરનામું

નં.:ડીએમ-૧/ઈ.નં.૪૨૪૯૯/૨૦૧૫.-આગામી દિવાળીના તહેવારોના અનુસંધાને ભાવનગર શહેરમાં મુખ્ય બજારો ખાતે તહેવારોના કારણે લોકોનો ખુબ જ ઘસારો થવાની સંભાવના છે. જેથી નીચે જણાવેલ વિસ્તારમાં ટ્રાફીકનું નિયમન કરવાની જરૂરીયાત જણાય છે. આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) તળે મને મળેલ અધિકારની રૂઈએ હું, **આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર,** ફરમાવું છું કે, તા. ૦૮-૧૧-૨૦૧૫ થી તા. ૧૧-૧૧-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દરરોજ દિવસના કલાક ૧૬-૦૦ થી કલાક થી રાત્રીના કલાક ૦૨-૦૦ (બીજા દિવસના) સુધી નીચે જણાવેલ રસ્તાઓમાં સાયકલ સહીત કોઈપણ જાતના ભારે અથવા હળવા વાહનોને લાવવા કે લઈ જવા નહી તથા થોભાવવા કે મુકવા નહી તેમજ સાયકલો દોરીને પણ લઈ જવી નહી.

રસ્તાનું નામ :

(૧) મોતીબાગથી ઘોઘાગેટ, ઘોઘાગેટથી ખારગેઈટ સુધીનો રસ્તો (બન્ને તરફથી)

(૨) શેલારશા ચોકથી હેરીશ રોડ (બન્ને તરફ)

(૩) બાર્ટન લાઈબ્રેરીથી વોરાબજારમાં જવાનો રસ્તો (બન્ને તરફ)

(૪) ગોળબજારથી જમાદાર શેરી સુધીનો રસ્તો (બન્ને તરફ)

(૫) હેવમોર ચોકથી ગંગાજળીયા તળાવ/ઘોઘા ગેઈટ પોલીસ ચોકી સુધીનો રસ્તો (બન્ને તરફ)

(૬) હાઈકોર્ટ રોડ જે. કે. રેસ્ટોરન્ટથી ઘોઘા ગેઈટ સુધીનો રસ્તો (બન્ને તરફ)

(૭) પીરછલ્લા રોડ ગૃહલક્ષ્મી વસ્તુભંડારથી ટી. બી. જૈન ગર્લ્સ હાઈસ્કુલ સુધી (બન્ને તરફ)

આ જાહેરનામું ફાયરબ્રીગેડના વાહનો, મહેસુલ, પોલીસ ખાતાના (ફરજ ઉપરના વાહનો), એમ્બ્યુલન્સ કાર, ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડના ફરજ ઉપરના વાહનો, પોસ્ટલ વાહનો, કોર્પોરેશનના ઈમરજન્સી વાહન, સરકારી વાહનો, પ્રિન્ટ તથા ઈલેક્ટ્રો મીડીયાના વાહનો તથા ડેરીના વાહનોને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજા થઈ શકે છે.

''જાહેરનામાના અમલ અને તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના પોલીસ ઈન્સપેક્ટરથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને વર્તમાનપત્રો મારફતે આ જાહેરનામું પ્રસિધ્ધ કરાવવી.

આજ તારીખ ૨૯-૧૦-૨૦૧૫ના રોજ મારી સહી સીક્કો કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડીએમ-૧/કાર્તિક પુનમ/જા.ના./ઈ. નં. ૪૬૩૩૮/૨૦૧૫.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૨૪/૨૫-૧૧-૨૦૧૫ ના રોજ કાર્તિક સુદ પુનમનો જૈન સંપ્રદાયનો મેળો યોજાનાર હોય, જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહનવ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, **આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી પાલીતાણા શહેરમાં નીચેના રસ્તાઓને આગામી તા. ૨૪-૧૧-૨૦૧૫ના ૧૫-૦૦ કલાક થી તા. ૨૫-૧૧-૨૦૧૫ના ૨૦-૦૦ કલાક સુધી ''એકમાર્ગીય'' રસ્તો જાહેર કરૂં છું.

રસ્તાનું નામ :-

(૧) ભાવનગર રોડથી પાલિતાણામાં પ્રવેશ કરતા વાહનો માટે :-

ભાવનગર રોડ રેલ્વે ક્રોસીંગ થી જમણી બાજુ જતો બાયપાસ સરદારનગર ચોકડી થઈ, ગારીયાધાર રોડ ત્રણ રસ્તા થઈ, સિંધી કેમ્પ થઈ મહાવીર પેટ્રોલ પંપ, છેલ્લા ચકલા થઈ, પાલિતાણા હાઈસ્કુલ સુધી.

(૨) પાલિતાણા હાઈસ્કુલથી બહાર જવા માટે :-

પાલિતાણા હાઈસ્કુલ થઈ, પાલિતાણા ફુવારા પાસે થઈ દયાળભાઈની વાડી થઈ, ભીલવાડા જુના જકાતનાકા થઈ, તળાજા રોડ થઈ, ભૈરવનાથ ચોક, આંબેડકર ચોક, એસ.ટી. સ્ટેન્ડ થઈ બજરંગદાસ પોલીસ ચોકી થઈ, ભાવનગર રોડ.

આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃધ્ધ, અશકત, યાત્રીકોને લાવવા/લઈ જવા માટે વાહનોના ઉપયોગની પરવાનગી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા આપી શકશે.

આ જાહેરનામાનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડકોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

મે આજરોજ તા. ૧૬-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

ભાવનગર, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

આર. પી. ચૌધરી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૩૩૩૨ થી ૩૨૪૧/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ નવેમ્બર-૨૦૧૫ તથા આગામી ડીસેમ્બર-૨૦૧૫ દરમ્યાન તા. ૧૧-૧૧-૨૦૧૫ના રોજ દીપાવલી તારીખ ૧૨-૧૧-૨૦૧૫ના રોજ નુતન વર્ષ તથા હિન્દુ ધર્મના પવિત્ર માસ કારતક માસ તથા હાલમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલન સંદર્ભે તેમજ આ માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ

દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૬-૧૧-૨૦૧૫ થી તા. ૫-૧૨-૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ)
નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૦૫-૧૧-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૫ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૭૮૮૬ થી ૭૯૮૫/.-સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ કરીને થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચોટીલા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૧૦-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૮૯૪/૧૫થી ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૪-૧૧-૨૦૧૫થી તા. ૧૮-૧૧-૨૦૧૫ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી, લાઠી, કુલ્લીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવી ચેષ્ટા કરવાની તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/ વશી-૭૯૮૬ થી ૮૦૮૫.-સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ કરીને થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચોટીલા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૧૦-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૮૯૫/ ૧૫થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવા તેમજ સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. : ૦૪-૧૧-૨૦૧૫ થી તા. ૧૮-૧૧-૨૦૧૫ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યાર બાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈપણ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે તો, કરવામાં મદદગારી કરશે તો, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક: મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૫/વશી-૮૦૮૬ થી ૮૧૮૫.-ગુપ્તચર સંસ્થાના વખતોવખતના અહેવાલો તથા ભુતકાળમાં ત્રાસવાદીઓ/આતંકવાદીઓ/ કટ્ટરવાદી સંગઠનો દ્વારા જયાં લોકોની વધુ સંખ્યામાં અવર- જવર રહેતી હોય અને ભેગા થતા હોય તેવી ભીડ ભાડવાળી જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મિલકતોને નુકશાન કરવામાં આવે છે. સામાન્ય રીતે આવા ગંભીર ગુન્હાઓ આચરતા તત્વો/પર પ્રાંતીય ગેંગના સભ્યો પાડોશી રાજ્યના બોર્ડર ધરાવતા જિલ્લાઓમાંથી આવતા હોય છે અને હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગો પર આવેલ હોટલોમાં રોકાતા હોય છે તથા ગુનો કરતી વેળાએ વાહનોનો ઉપયોગ કરતા હોય છે તેમજ ગુનો કર્યા બાદ હાઈવે પરના કે જિલ્લાના મુખ્ય રોડ પર આવેલ પેટ્રોલપંપ ઉપર પોતાના વાહનોમાં પેટ્રોલ/ડીઝલ ભરાવે છે તથા ગુનો કરવા આવે ત્યારે કે પરત જતી વેળાએ હાઈવે ઉપર ચા-નાસ્તો કરવા કે જમવા માટે હોટલ પર રોકાતા હોય છે અને પોતાની ત્રાસવાદી/અસામાજીક પ્રવૃતિને અંજામ આપી હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગોએથી વાહનો લઈ ભાગી જતા હોય આ પ્રકારના ગંભીર અનડીટેકટેડ ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવાનું કામ મુશ્કેલ બને છે.

જેથી અત્રેના જિલ્લા/શહેરમાં થતી ધાડ, લુંટ અને ચોરીના ગુના અટકાવવા માટે તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા, લોકોના જાનમાલની રક્ષા તેમજ તેમને સુરક્ષા પુરી પાડવા તથા ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે, ગુનો ડીટેકટ કરવામાં સરળતા રહે અને ગુનેગારોની વિરૂધ્ધમાં સબળ પુરાવો કોર્ટ સમક્ષ રજુ કરી શકાય તે હેતુથી અત્રેના જિલ્લા/શહેરમાં આવેલ હાઈવે ઉપરના તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા અને રહેવા-જમવાની સગવડ હોય તેવી તમામ મોટી હોટલો તથા ગેસ્ટહાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ નીચે જણાવેલ પ્રમાણે રાખવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૧૦-૨૦૧૫ ના પત્ર ક્રમાંક: એલઆઈબી/જા.પ્ર./૮૯૮/૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) જ્યારે કોઈ વ્યક્તિ હોટલ પર ચા-નાસ્તો કરવા કે જમવા આવે ત્યારે ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે કેમેરા ગોઠવવા તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તથા હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) હાઈવે પર આવેલ પેટ્રોલપંપના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) હાઈવે પર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોના નંબર દેખાય તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તે પ્રકારના ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા હોવા જોઈએ.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જિલ્લા/શહેરમાં ચોરી, લુટફાટ અને આંતકવાદી બનાવો બનતા અટકાવવા, જાહેર જનતાની જાનમાલ (મિલકત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ ઉપરોક્ત વિગતેની દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લામાં અમુક નિયંત્રણો/સુચનો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ હોટલ/રેસ્ટોરંટો કે જ્યા ચા પાણી, નાસ્તા, ભોજન અને રહેણાંકની સુવિધા હોય, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા શોપીંગ મોલ/કોમ્પલેક્ષ, સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલ, સરકારી રેસ્ટ હાઉસ, જ્યાં મુસાફરોને રોકાવવાની સગવડ પુરી પાડવામાં આવતી હોય તે તમામ ધર્મશાળા/કલબો/મુસાફિરખાના/બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશનોમાં પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ એ પ્રકારે રાખવા કે જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે. તેમજ આ કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તેવી ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે મુજબની વ્યવસ્થાવાળા રાખવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૫-૧૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૫/વશી-૮૨૮૬ થી ૮૩૮૫.-હાલે રાજ્ય બહારની ગેંગ તથા અસામાજીક તત્વો દ્વારા રાજ્યમાં આવેલા સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ (સોની) દુકાનોમાં ધાડ/લુંટ કરવાનાં ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તેમજ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ(સોની)દુકાનોમાં ગ્રાહકો સોનાની ખરીદી કરી જતાં હોય ત્યારે તેના પર હુમલો કરી સોનાની લુંટ કરવાના બનાવો બનતા હોય છે. જેથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ(સોની) દુકાનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા સી.સી.ટી.વી. કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે લગાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રીના તા. ૨૭-૧૦-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૯૦૧/૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

તેમજ અસામાજીક તત્વો દ્વારા દેશમાં અને રાજ્યમાં આવેલી જુદી જુદી બેંકોમાં ધાડ/લુંટ કરવાના અને એ.ટી.એમ. મશીનો તોડી અથવા આખા એ.ટી.એમ. ઉઠાવી જવાની પ્રવુતીના ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તથા બેંકો માંથી ગ્રાહક પૈસા ઉપાડી નીકળતા હોય ત્યારે બેંકોમાં અને બેંકોની બહાર ખીસ્સા કાપવા બનાવો બનતા હોય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રીના તા.૨૭-૧૦-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૯૦૦/૨૦૧૫ થી બેંકો અને એ.ટી.એમ. મશીનના ધાડ/લુટ/ચોરી અંગેના ગુના બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા માટે સહાયક પુરાવા તરીકે સી.સી.ટીવી. કેમેરા લગાવવા તથા સીક્યુરીટી ગાર્ડ રાખવા અતિ આવશ્યક જણાતુ હોવાથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની બહાર તેમજ અંદરના ભાગે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા સી.સી.ટી.વી કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે ગોઠવવામાં તેમજ તમામ એ.ટી.એમ. મશીનોના કેબીનોમાં ફરજીયાત સીક્યુરીટી ગાર્ડ મુકવા અંગેનું જાહેરનામું બહારપાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જીલ્લા/શહેરમાં ચોરી, લુંટફાટ, અને આંતકવાદી બનવો બનતા અટકાવવા, જાહેર જનતાની તથા સરકારી જાનમાલ (મિલકત) ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જાળવવા જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિકક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલી ઉપરોક્ત દરખાસ્ત અન્વયે અત્રેના જીલ્લામાં અમુક નિયંત્રણો / સુચનો અમલમાં મુંકવાનું મને જરૂર જણાય છે.

વાસ્તે હું **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો,** મને મળેલ અધિકારની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી. આર.પી.સી.) સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા/શહેરમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ(સોની) દુકાનો થથા તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા ઉચ્ચ ગુણવતાવાળા સી.સી.ટી.વી. કેમેરા અને તેમાં ૧૫ દિવસ સુધી રોકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થા વાળા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં **તા. ૦૫-૧૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ સુધી (બન્ને તારીખો સહિત)** ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાન પત્રો મારફત તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાંનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશેતો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

વિષય : સ્કાય લેન્ટર્ન પર પ્રતિબંધ મુકવા બાબત.

જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સ્કાય લેન્ટર્ન-જા.નામું/૨૦૧૫/વશી-૮૩૮૬ થી ૮૪૮૫.-ઉપસચિવશ્રી, (કા.વ્ય.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૦૬-૧૦-૨૦૧૫ના પત્ર ક્રમાંક : વિ-૨/ડી.એસ.એમ./૧૩૨૦૧૫/હા.કો. ૦૨ થી સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવાના તથા સળગતી ગમે તે વિસ્તારમાં પડવાના કારણે જાહેર જનતા, પશુ, પક્ષી, જાહેર/ખાનગી માલ મિલ્કતને તેમજ પર્યાવરણને નુકશાન ના થાય તે માટે અત્રેનાં ક્ષેત્રાધિકાર હેઠળના વિસ્તારમાં યોગ્ય સાવચેતીના કાયદાકીય પગલાં જરૂર જણાય તો તુરત લેવા સુચના થઈ આવેલ છે.

લોકો દ્વારા સ્કાય લેન્ટર્ન ઉડાડવાના તથા સળગતી ગમે તે વિસ્તારમાં પડવાના કારણે જાહેર જનતા, પશુ, પક્ષી, જાહેર/

ખાનગી માલ મિલ્કતને તેમજ પર્યાવરણને નુકશાન ના થાય તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે સ્કાય લેન્ટર્ન વેચાણ/ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવવો મને જરૂરી જણાય છે.

વાસ્તે હું **હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૧-૧૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી (બન્ને તારીખો સહિત) ના સમયગાળા દરમ્યાન સ્કાય લેન્ટર્ન અનઅધિકૃત વેચાણ તથા તેના ઉપયોગ કરવા પર મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાન પત્રો મારફત તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે, અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો આઈ.પી.સી. ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૮૫૬૫ થી ૮૬૬૪.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ નગરપાલિકા/જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫ નું મતદાન થનાર હોય તથા તા. ૨-૧૨-૨૦૧૫ ના રોજ મતગણતરી થનાર હોય જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૭-૧૧-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૯૫૪/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) મુજબનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં **તા. ૨૦-૧૧-૨૦૧૫થી તા. ૦૪-૧૨-૨૦૧૫ સુધી** (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્ય કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડ, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી/લાઠી, ફુલ્લીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો ધારણ કરવાની એકઠા કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવી ચેષ્ટા કરવાની તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ- અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ

તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૮ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૫/વશી-૮૬૬૫ થી ૮૭૬૪.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ નગરપાલિકા/જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫ નું મતદાન થનાર હોય તથા તા. ૨-૧૨-૨૦૧૫ ના રોજ મતગણતરી થનાર હોય જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૭-૧૧-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૯૫૫/૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં **તા. ૨૦-૧૧-૨૦૧૫ થી તા. ૦૪-૧૨-૨૦૧૫ સુધી** (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૮ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/મકાન ભાડા જાહેરનામું/૨૦૧૫/વશી-૮૧૮૬ થી ૮૨૮૫.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી મોટી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચાડે છે અને આ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી/અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી તકેદારીના ભાગ રૂપે ભાડેથી મકાન આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર થોડા ઘણા અંશે નિયંત્રણ મુકવાનું હાલના સંજોગોમાં જરૂરી બની ગયેલ હોય પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૮૯૯/૨૦૧૫, તા. ૨૭-૧૦-૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. હાલના સંજોગોમાં પોતાના મકાન ભાડે આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિઓ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને ૧૯૭૩-૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના

સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચોરસ મીટર બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ	મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂા.	કોઇ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ સરનામા ફોટા સાથે આપવા	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૫-૧૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી (બંને તારીખો સહિત) ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૪/૩૧૩૧/૨૦૧૫.-ત્રાસવાદી તેમજ રાષ્ટ્ર વિરોધી અને ગુન્હાહીત પ્રવૃતિઓ નિયંત્રણમાં મુકી શકાય અને કોઈ ગુન્હો બને તો ગુન્હેગારોના મુળ સુધી પહોંચી યોગ્ય નશ્યત કરી શકાય તે માટે શકમંદોની હીલચાલ ઉપર નજર રાખી શકાય તે હેતુસર રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલ તમામ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ગ્રાહકો કે પ્રવાસીઓ રાત્રી રોકાણ કરે ત્યારે નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીકો/સંચાલકોને હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડબલ્યુ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યોની અમલવારી કરવા ફરમાવું છું.

કૃત્યો :

(૧) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં રોકાણ કરનાર પ્રવાસી/યાત્રીક તેમજ તેઓની સાથેના તમામ વ્યક્તિઓના પુરા નામ, રહેઠાણનું કાયમી સરનામું, ઉંમર, ફોન નંબર, મોબાઈલ નંબર, રજીસ્ટરમાં લખવાના રહેશે તથા યાત્રીક/પ્રવાસી/શિક્ષીત હોય તો રજીસ્ટરમાં નોંધ યાત્રીકો પ્રવાસીઓના હસ્તાક્ષરમાં કરાવવાની રહેશે. આ રજીસ્ટરમાં ઉત્તારાની નકલ બીજા દિવસે સવારે કલાક ૧૧-૦૦ સુધીમાં સબંધીત પોલીસ સબંધીત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે.

(૨) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં એકથી વધારે પ્રવાસીઓ/યાત્રીકો એકજ કુટુંબના સભ્યો હોય તો તે કુટુંબમાં સમાવિષ્ટ પૈકી કોઈપણ એક પુખ્તવયના યાત્રીક/પ્રવાસીનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધાર કાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખાર્ડની નકલ મેળવવાની રહેશે અને જો એકથી વધારે પ્રવાસીઓ/યાત્રીકોના જુથમાં આવેલ હોય અને દરેક વ્યકિત કોઈ આંતરીક સબંધ ધરાવતાં ન હોય ફકત જુથમાં જ આવેલ હોય તો દરેક વ્યકિતનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધારકાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખકાર્ડની નકલ મેળવવાની રહેશે અને તેની વિગતો હોટલ/ગેસ્ટ હાઉસમાં રજીસ્ટરમાં લખવાની રહેશે.

(૩) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં કલાકથી બે કલાક જેટલા ટુંકા ગાળા માટે તેમજ વિના મુલ્યે રોકાણની સુવિધા પુરી પાડવામાં આવે તો પણ રોકાણ કરનાર

INDEX

ગ્રાહકોની વિગતો સંપુર્ણ મેળવ્યા બાદ જ ઉત્તારો આપવાનો રહેશે. તેમજ હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં બિન અધિકૃત રીતે ઉતારો આપશે તો જાહેરનામાં ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે.

(૪) યાત્રીક/પ્રવાસીએ રજુ કરેલ તેમના ફોટા ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીક/સંચાલકે મેળવી ઓછામાં ઓછા ૬ માસ સુધી રેકોર્ડમાં જાળવાની રહેશે. જો કોઈ કેસમાં તપાસનીશ એજન્સી તરફથી આવું રેકર્ડ વધારે સમય માટે જાળવવામાં આવે તો સબંધીત એજન્સી જણાવે ત્યાં સુધી જાળવવાનું રહેશે.

(૫) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલકિ/સંચાલકશ્રીએ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ઉતરનાર વિદેશી નાગરીકોની વિગતો ઓળખકાર્ડના પુરાવા સાથે દર માસની ૧૫મી તારીખ અંતિત માહીતી દર માસની ૧૭મી તારીખ સુધીમાં અને બાકીના ૧૫ દિવસ એટલે કે, તા. ૩૦ની અંતિત માહિતી બીજા માસની બીજી તારીખ સુધીમાં સબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે. સંબંધીત પોલીસ સ્ટેશનને આવી માહિતી એકત્ર કરી દર માસની ૦૫ મી તારીખ સુધામાં અત્રેની પાસપોર્ટ શાખામાં મોકલી આપવાની રહેશે.

(૬) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં પ્રવેશનાર તથા રોકાણ કરનારની પ્રવેશ કરતાં અને જતી વખતે ફિલ્મ ઉતારી શકે તે રીતેના નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બાર્ડીંગ હાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા શકય તેટલી ફીટ કરવાના રહેશે તથા તેનું રેકોર્ડીંગ એક માસ સુધી જાળવવાનું રહેશે અને તપાસનીશ એજન્સી માંગે ત્યારે રેકોર્ડીંગની કોપી વિના વિલંબે પુરી પાડવાની રહેશે.

(૭) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં આવતા ગ્રાહકો જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને મેઈક પણ લખવા તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવી.

આ જાહેરનામું તા. ૧૫-૧૧-૨૦૧૫ થી તા. ૧૪-૦૧-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ નીચે બીન જામીન લાયક ગુના હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૯ માહે નવેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૧૩૩/૨૦૧૫.-આતંકવાદીઓ તરફથી આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા તથા ખુન/ધાડ/લુંટ જેવા જધન્ય અપરાધ આચરવા માટે, ગુન્હો કરતા પહેલા કે આંતકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા એકત્ર થવા અને આંતકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઈ જવા માટે અને ગુન્હેગારો સાથે સંપર્ક જાળવી રાખવામાં સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યકિતગત ફોન હોવા છતાં ટેલીફોન કોઈન બોક્ષ તેમજ પબ્લીક S.T.D. P.C.O. બુથ પરથી કોલ કરવા માટે ઉપયોગ કરે છે. લેન્ડ લાઈન તથા મોબાઈલ વ્યકિતગત ધોરણે સુવીધા ધરાવતાં હોવા છતાં ગુન્હો આચરવા માટે જ કોઈન કનેકશન બોક્ષ ટેલીફોન કે S.T.D. P.C.O. નો ઉપયોગ કરી ખુન, અપહરણ, લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુન્હો આચર્યે રાખે છે અને જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે અને જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આજ પ્રકારના કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. સુવીધા ધરાવતાં પબ્લીક બુથ પરથી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Colls) કરી ભીડ-ભાડવાળી જગ્યાઓએ જેવી કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ધાર્મીક સ્થળો, મોલ, મલ્ટીપ્લેક્ષ, જાહેર સરકારી ઓફીસો, એકમો, બેંકો વિગેરે જ્યાં જાહેર જનતા મોટા પ્રમાણમાં અવરજવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતિની લાગણી ઊભી કરી ઘણીવાર આવા હોકસ કોલ્સને લીધે સ્ટેમ્પેડ (ભાગદોડ) થવાની અને મોટી જાનહાની થવાની શકયતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા S.T.D./I.S.D. P.C.O. અને કોઈન બોક્ષ પરથી કોલર (ફોન કરનાર વ્યકિત)ની ઓળખ છુપાવી શકાતી હોય સભ્ય સમાજના સ્ત્રી-પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓ મુખ્યત્વે કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. પર (કોલ કરનાર) કોલરની ઓળખ માટે કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે બનતા હોવાનું જણાઈ આવેલ છે. આવા હોકસ કોલની તપાસ કોઈન બોક્ષ કે S.T.D./I.S.D. P.C.O. સુધી જઈને અટકી જતી હોય છે અને ગુન્હેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતિની ભાવના ઉત્પન કરે છે.

જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિને અંજામ આપનારા ઈસમો અને અસામાજીક તત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી તથા જાહેર માલ-મિલ્કતને મોટું નુકશાન થતું અટકાવવા તકેદારીના પગલારૂપે S.T.D./I.S.D. P.C.O. તથા કોઈન બોક્ષ ધારકો તથા સર્વીસ પ્રોવાઈડરો ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું ઈસ્ટ જણાય છે.

હુકમ

વાસ્તે હું **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કોઈન કલેકશન બોક્ષ STD,/I.S.D. P.C.O. ધારકો તથા સર્વીસ પ્રોવાઈર્ડસ (૧) ભારત સંચાર નિગમ લી. (૨) રીલાયન્સ કોમ્યુનીકેશન લી. (૩) ભારતી એરટેલ લી., (૪) ટાટા ટેલી સર્વીસ લી., (૫) આઈડીયા સેલ્યુલર લીમીટેડ (૬) વોડાફોન (૭) એરસેલ (૮) વીડીયોકોન (૯) યુનીનોર જેવી સેલ્યુલર કંપનીઓ તથા અન્ય કોઈપણ સેલ્યુલર કંપની ફેંન્ચાઈઝીથી S.T.D./I.S.D. P.C.O. અને COIN BOXની સુવીધા પુરી પાડતી હોય તે કંપનીઓ તરફથી કોઈન બોક્ષ S.T.D./ I.S.D. P.C.O. ઉપર ફોન કરવા આવનાર વ્યકિતની (કોલરની) ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) S.T.D./I.S.D. P.C.O. ધારકે તથા ફેન્ચાઈઝી હોલ્ડરે કોલર વ્યકિતનું રજીસ્ટર નીભાવવાનું રહેશે. જેમાં કોલરનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખવાનો રહેશે અને તેણે કરેલ કોલના નંબર લખવાના રહેશે.

(૨) કોલર વ્યકિતના ફોટો, આઈ.ડી. પ્રુફ જેવા કે ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ લઈને વેરીફાઈ કરીને કોલરનું નામ, રજીસ્ટરે નોંધ કર્યા બાદ જ કોલ કરવા દેવાનો રહેશે અને આ રજીસ્ટર એક વર્ષ સુધી સાચવી રાખવાનું રહેશે અને તપાસનાં કામે પોલીસ તરફથી માંગવામાં આવેથી ઉપલબ્ધ કરવાનું રહેશે.

(૩) સર્વીસ, પ્રોવાઈર્ડર્સએ S.T.D./I.S.D. P.C.O. બુથ અને કોઈન બોક્ષ પર કોલ કરનાર વ્યકિતનો ચહેરો CCTV વેબકેમેરાથી સ્પષ્ટપણે સંપૂર્ણ કવરેજ થાય તે માટે નાઈટ વિઝન તથા હાઈ રીઝોલ્યુશન વાળા CCTV વેબ કેમેરાની સગવડ ઉપલબ્ધ કરવાની રહેશે અને CCTV વેબ ફુટેજ એક માસ સુધી જાળવી રાખવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૨૧-૧૧-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૧-૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૯ નવેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૩૧૦/૨૦૧૫.-રાજકોટ શહેરમાં આંતકવાદી તત્વો, રાષ્ટ્ર વિરોધી તત્વો, તથા અસામાજીક તત્વો પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતાં હોવાનું સામાન્ય બની જાય અને ઘણીવાર આવા ગેરકાનુની તત્વો રાજકોટ શહેર બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઈંધણ પુરાવવા માટે પેટ્રોલ પંપો ઉપર જાય છે આથી નાગરીકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગ રૂપે રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તા વાળા રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરામાં પેટ્રોલ પંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઈવર તથા બાજુની સીટ પર બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઈ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સી.સી.ટી.વી. ફુટેજમાં સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે તેમજ આ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડીંગ ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે.

(૫) પેટ્રોલ પંપ/ડીઝલ પંપો ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પુર્વક સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હિલચાલ સી.સી.ટી.વી. કેમેરામાં કવરેજ લઈ શકાય.

(૬) નવા શરૂ થતાં પેટ્રોલ પંપ/ડીઝલ પંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

: અમલવારીનો સમય ગાળો :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૧૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૧-૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

: જાહેર વિજ્ઞાપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિઘ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિઘ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિઘ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૩-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૩૩૧૩/૨૦૧૫.- રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ઘ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મીક, સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલો, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ જાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે રાત્રીના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો પર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/ ૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) રાજકોટ શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર આતશબાજી કરવા ઉપર.

(૨) રાજકોટ શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યકતી ઉપર ફેંકવા ઉપર.

(૩) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ વાગ્યા સુધી ફટાકડા/દારૂખાનુ ફોડવા ઉપર.

(૪) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા/દારૂખાનું ફોડવા ઉપર.

: અમલવારીનો સમય ગાળો :

આ હુકમ તા. ૦૧-૧૨-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

: પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

: જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૩-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૧) મુજબ અન્વયે કાઢેલ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./અન.અધિવ્યકિત પ્રવેશ/૩૩૧૪/ ૨૦૧૫.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં, આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગર પાલીકાની કચેરી તથા મહાનગરપાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી જુદી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલા બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** મુંબઈ પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબની મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગર પાલીકાની કચેરી તથા રાજકોટ મહાનગરપાલિકાની ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૧૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૧-૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

: જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૩-૧૧-૨૦૧૫ના રોજ મેં મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૩૧૧/૨૦૧૫.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમ વાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦10 થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦10ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વની પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનીની માત્રાના ધોરણોને નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ (DB(A)Leq	
		સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી	રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી
એ.	ઔદ્યોગીક	૭૫	૭૦
બી.	વાણીજ્ય	૬૫	૫૫
સી.	રહેણાંક	૫૫	૪૫
ડી.	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીના ફટાકડા ફુટવાના કારણે નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વની પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેપંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧-૧-૨૦10 ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળોનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્ર જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે, જ તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત સરકારના ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બાહર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

: અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૧૨-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૧-૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: હદ વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: પ્રતિબંધિત કૃત્યો :

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનેકનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈઓ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અનો જોગવાઈઓનો ઉલંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

INDEX

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

નોંધ :- ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રનો ભંગ થાય તે જોવાનુ રહેશે.

નોંધ :- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. આ જાહેરનામા હુકમના ભંગ બદલ ઈ.પી. કો. કલમ-૧૮૮ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

: શીક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૩-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૩૩૧૨/૨૦૧૫.-રાજકોટ શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન, તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં કામ કરતાં ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમના શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરે જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ,

હું, મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે રાખેલા હોય તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં માકનો/બંગાલઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નં. ૧ અને ૨ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

મકાન માલીકનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ	નોકરી પર રાખેલ નોકર/વોચમેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

અ. નં.	વિગત	
૧	મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા મોબાઈલ નંબર	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ તથા ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું તથા મો. નં.	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું તથા મોબાઈલ નંબર	
૪	નોકરને નોકરી પર રાખ્યાની તારીખ	
૫	કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા મોબાઈલ નંબર	
૬	નોકરના બે થી ત્રણ સગા-સબંધીના નામ તથા સરનામા અને મોબાઈલ નંબર	
૭	વોચમેન હથીયાર ધરાવતાં હોય તો તેના હથીયાર લાયસન્સની વિગત તથા માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	

: અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૧-૧૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૧-૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

: જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૩-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

(RJT.)-I-6

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૩૩૧૫/૨૦૧૫.-રાજકોટ શહેરમાં શાંતી અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથીયારો જાહેર જગ્યામાં લઈ ફરે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથીયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા હથીયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બીનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથીયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે તેમજ જે સ્થળે આવા સીકયુરીટી ગાર્ડ ફરજ બજાવતા હોય ત્યારે ફરજ દરમ્યાન કારખાના માલીકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સબંધી ગંભીર ગુન્હાઓ આચરે છે. આવા પરપ્રાંતીય હથીયાર ધારક બનાવટી લાયસન્સથી હથીયારો મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુન્હાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેરની શાંતી અને સલામતી જાળવવા સારૂ,

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ,** ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખાનગી સીકયુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તથા રાજકોટ શહેરની બહારના શહેર/જિલ્લાના સંચાલકોએ તેઓની કંપનીમાં બીનહથીયારી તથા હથીયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથીયારી ગાર્ડના હથીયાર લાયસન્સનું વેરીફીકેશનનું એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટિશ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથીયારી ગાર્ડ તથા તેનું હથીયાર તથા લાયસન્સ જે તે સીકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલીકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નં. ૧ ની માહિતી નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે.

		સીકયુરીટી મેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
અ. નં.	**વિગત**	
૧	સીકયુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલીકનું સરનામું તથા ટેલીફોન નંબર	
૨	પરપ્રાંતીય સીકયુરીટી ગાર્ડ/હથીયારી/બીન હથીયારીના નામ તથા વતનનું સબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર	
૩	સીકયુરીટીગાર્ડ તથા હથીયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલી. નંબર	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે ? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	
૬	હથીયાર તથા ગનમેનના લાયસન્સની વિગત તથા હથીયાર/ગનની વિગત	
૭	લાયસન્સ માન્ય 'એરીયા' તથા રીન્યુ તારીખ	

: અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૧-૧૨-૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૧-૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

: જાહેર વિજ્ઞપ્તિ :

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર,

INDEX

મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૩-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૧૩૨/૨૦૧૫.-રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સિમકાર્ડ, હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેંચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

આથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનીયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેંચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું પુરેપુરૂ નામ, સરનામું, અને મોબાઈલ નંબર સાથેની વિગત રજીસ્ટરમાં કાયમી ધોરણે રાખવાની રહેશે અને મોબાઈલ વેચનારના રહેણાંકના તથા ફોટો આઈ.ડી. ના પુરાવા મેળવવાના રહેશે જયારે જુના મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું પુરેપુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબરની વિગત રજીસ્ટરમાં નોંધવાની રહેશે અને મોબાઈલ લેનારએ પોતાનું રહેણાંકના સરનામાનું પ્રુફ તથા ફોટો આઈ.ડી. પ્રુફ આપવાનું રહેશે અને તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઇલ ગ્રાહક પાસેથી ખરીદતી વખતે તથા જુના મોબાઇલ ગ્રાહકને વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઇલની વિગત/કંપની	IMEI No.	મોબાઇલ વેંચનાર/ખરીદનારનું પુરૂ નામ, સરનામું તથા મોબાઇલ નંબરની વિગત	ID પ્રુફની વિગત

આ હુકમ તા. ૧૫-૧૧-૨૦૧૫ થી તા. ૧૪-૦૧-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૯ માહે નવેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૮૩/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી પડાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પડાણા, તાલુકો : ગાંધીધામ, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ “સે”(દુ) ૪૪૬૭૫, તા. ૨૯-૧૦-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૯૪/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી સામખીયાળી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સામખીયાળી, તાલુકો : ભચાઉ, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ “સે”(દુ) ૪૪૬૭૭, તા. ૨૯-૧૦-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૮૯/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી ગઢશીશા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ગઢશીશા, તાલુકો : માંડવી, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ “સે”(દુ) ૪૪૬૭૬, તા. ૨૯-૧૦-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૭૫/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી બરાયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બરાયા, તાલુકો : મુંદરા, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ “સે”(દુ) ૪૪૬૭૪, તા. ૨૯-૧૦-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૬૦૧/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી જુના કટારીયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જુના કટારીયા, તાલુકો : ભચાઉ, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ “સે”(દુ) ૪૪૬૭૮, તા. ૨૯-૧૦-૨૦૧૫.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

જે. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ખ-૩/૭૪૨/ઉ.-૧૬૩૫૮/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે શ્રી અમર આશ્રીત સફાઈ કામદાર મજુર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કેશોદ, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ખ-૩/૭૩૫/દુ.જે.એન.ડી.-૪૪૭૪૨/૨૦૧૫. આથી જાહેર કરે છે કે શ્રી કેવદ્રા દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કેવદ્રા, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૦૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ખ-૩/૭૧૩/દુ.જે.એન.ડી.-૪૪૭૪૧/૨૦૧૫. આથી જાહેર કરે છે કે શ્રી આંબલગઢ દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : આંબલગઢ, તાલુકો : માળીયા (હાટીના), જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૮ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ખ-૩/૮૪૯/ઉ.-૯૨૫૯/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે શ્રી ગીરનાર ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ : જુનાગઢ, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૮ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૬-૦૨-૨૦૧૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૫૨/૧૫.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૧૬/ખ-૪/૨૯૩/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી ભેંસાણ તાલુકા હરીજન સામુ. ખેતી સહકારી મંડળી લી., મુ. બરવાળા, તા. ભેંસાણ, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૩૬૬૦, તા. ૧૩-૧૨-૯૩થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૬-૦૯-૨૦૧૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૫૬/૧૫.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૧૩/ખ-૪/૨૯૦/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી સમઢીયાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સમઢીયાળા , તા. મેંદરડા, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૨૬૩૬૬, તા. ૧૬-૦૨-૯૩થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

INDEX

(૩) અત્રેની કચેરીના તા. ૧૬-૦૯-૨૦૧૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૬૧/૧૫.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૧૫/ખ-૪/૨૯૨/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી બરડીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બરડીયા , તા. વિસાવદર, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૨૨૫૧૪, તા. ૩૧-૦૩-૮૭થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૬-૦૯-૨૦૧૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૫૫/૧૫.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૧૪/ખ-૪/૨૯૧/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી ભાટીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ભાટીયા, તા. વંથલી, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૨૩૭૪૪, તા. ૫-૮-૧૯૮૯થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૬-૦૯-૨૦૧૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૫૭/૧૫.

અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૧૨/ખ-૪/૨૮૯/૨૦૧૫.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી ખુશ્બુ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. માણેકવડા, તા. કેશોદ, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૧૨૦૨૯, તા. ૫-૧૧-૨૦૦૧થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./ ૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧થી પ્રાપ્ત અધિકાર.

(૩) શ્રી આર. આર. મોઢવાડીયા, પ્રમાણીત ઓડીટર, સહકારી મંડળીઓ, પોરબંદરનો તા. ૧૦-૦૯-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૪) અત્રેથી તા. ૧૫-૯-૨૦૧૫ ના અપાયેલ કારણદર્શક નોટિસ.

વચગાળાનો હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ખ/૧૮૨૬/૨૦૧૫.-આથી હું, એસ. બી. તન્ના, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર, મને મળેલ સત્તા અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૦૭ની જોગવાઈ મુજબ શ્રી રાણારોજીવાડા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રાણા રોજીવાડા, તા. જિ. પોરબંદરને આમુખમાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂ છું અને આજ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂં છું.

ઉક્ત આદેશ સામે મંડળીને વાંધો હોય કે રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી દિવસ-૩૦ની અંદર નીચે સહી કરનારને સઘળા આધાર-પુરાવા સહ લેખીત અને રૂબરૂ રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કોઈ રજુઆત કરવામાં નહીં આવે તો આપની મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

પોરબંદર, ૨૬ માહે ઓટકોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/ઉ-૧૫૬૦૫/૧૧૦/૧૮૩૨/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી શીંગડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : શીંગડા, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

એસ. બી. તન્ના,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ક-૨/૦૧/૨૦૯/૨૦૧૫.-આથી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી યોગીધારા ક્રેડીટ કો. ઓ. સોસાયટી લીમીટેડ, મર્યાદીત સ્થળ : બોટાદ, તાલુકો : બોટાદ, જિલ્લો : બોટાદ, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સે.(શ)/૪૪૫૪૯/૨૦૧૫, તા. ૦૫-૧૧-૨૦૧૫.

બોટાદ, ૫ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

પી. બી. ખસિયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ચ/૪૦૦/૨૩૯૯/સે (દુ)-૪૨૮૦૧/ ૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મોરબી, આથી જાહેર કરે છે કે, શ્રી સિધ્ધનાથપાર્ક મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સિધ્ધનાથપાર્ક હળવદ, તાલુકો : હળવદ, જિલ્લોઃ મોરબી.

સને ૧૯૬૨ ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ (૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

મોરબી, ૨૯ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ચ/૩૯૧/૨૩૯૦/સે (દુ)-૪૨૮૦૦/ ૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મોરબી, આથી જાહેર કરે છે કે, શ્રી શિરોઈ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : શિરોઈ, તાલુકો : હળવદ, જિલ્લોઃ મોરબી.

સને ૧૯૬૨ ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ (૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

મોરબી, ૨૯ માહે ઓક્ટોબર, સને ૨૦૧૫.

જી. એમ. જાડેજા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મોરબી.

INDEX

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ અષણ/ખ-૫/૧૦૨૪/નં. ઘ. ૨૧૯૨૩/ ૨૦૧૫.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે,

શ્રી શિવમ કોર્મશીયલ કોમ્પલેકસ ઓનર્સ સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : જામનગર, તાલુકો : જામનગર, જિલ્લો : જામનગર,

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ધરમ-૨/૪૧૪/૨૪૯૭/આરજેટી/સા-૮૩૩૦/૨૦૧૫.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે,

શ્રી રોયલ કોર્મશીયલ કો. ઓપ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ : મોરબી, તાલુકો : મોરબી, જિલ્લો : મોરબી,

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૯ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

એન. કે. રીયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN
A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LVI] THURSDAY, 17th DECEMBER, 2015/AGRAHAYAN 26, 1937 No. 51

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	1269-1292	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	2017-2048
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું

હુકમ

નં. : મેજી/પોલ/જાહેરનામું/૧૪૪/૧૩/૨૦૧૫.-રાજ્ય ચૂંટણીપંચ તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચારસંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, ગુજરાત ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ના રોજ સૂચનાઓ આપવામાં આવેલ છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ સંદર્ભે મતદાનના દિવસે મતદાન મથકોએ મતદારોએ અનુસરવાના હુકમો કરૂં છું.

૧. મતદારો મતદાન મથકના અધિકૃત પ્રવેશદ્વાર પર એક જ કતારમાં એક પછી એક ઉભા રહેશે અને જે મતદાન મથકમાં મહિલા મતદારો માટે અલગ કતાર હોય તો તેઓ તે મુજબ અલગ અલગ કતારમાં ઉભા રહેશે.

૨. મતદારો એક પછી એક એમ વારા-ફરતી મત આપવા મતદાન મથકમાં જશે અને એક પુરૂષ મતદાર પછી બે સ્ત્રી મતદાર મત આપવા મતદાન મથકમાં જશે.

૩. પોતાનો મત આપ્યા પછી મતદાર તુરત જ મતદાન મથકનો વિસ્તાર છોડી ચાલ્યા જશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલિસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે.

આજ તારીખ ૨૪-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું

હુકમ

નં. : મેજી/પોલ/જાહેરનામું/૧૪૪/૧૦/૨૦૧૫.-રાજ્ય ચૂંટણીપંચ તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણીને અનુલશ્રીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચારસંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ના રોજ સૂચનાઓ આપવામાં આવેલ છે.

ભારતના ચૂંટણી પંચે સૂચના ક્રમાંકઃ ૪૬૪/એઈએનએસટી/૯૮/પીએલએન-I, તા. ૧૪-૦૨-૧૯૯૮ થી મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ તથા મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્ર ખાતે નિવારક પગલાં લેવા બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી સંદર્ભે મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ તથા મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્ર ખાતે નિવારક પગલાં લેવા બાબતે નીચે મૂજબના હુકમો કરૂં છું.

૧. મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈને જઈ શકશે નહી કે ઉપયોગ કરી શકશે નહી કે વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જઈ શકશે નહીં.

૨. મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્રની અંદર કે આસપાસ કે મત ગણતરી કેન્દ્રની આસપાસ કોર્ડન કરવામાં આવેલ વિસ્તારની અંદર કોઈપણ વ્યકિત સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈને જઈ શકશે નહી કે ઉપયોગ કરી શકશે નહી કે વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે

INDEX

કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જઈ શકશે નહીં.

ઉપરોકત પ્રતિબંધો ચૂંટણી અને પોલિસના અધિકૃત અધિકારી/કર્મચારીને તેમજ ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરેલ અધિકારીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલિસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે.

આજ તારીખ ૨૪-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું

હુકમ

નં. : મેજી/પોલ/જાહેરનામું/૧૪૪/૦૯/૨૦૧૫.-રાજય ચૂંટણીપંચ તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણીને અનુલશ્રીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચારસંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ના રોજ સૂચનાઓ આપવામાં આવેલ છે.

ભારતના ચૂંટણી પંચે સૂચના ક્રમાંકઃ ૪૬૪/આઈ.એન.એસ.ટી./૨૦૦૭/પી.એલ.એન.-I, તા. ૧૨-૦૧-૨૦૦૭ થી મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ નિવારક પગલાં લેવા તથા રાજકીય પક્ષો, ઉમેદવારો, કાર્યકરો દ્વારા ઉભા કરવામાં આવતા બૂથોના નિયમન બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી સંદર્ભે મતદાન બૂથની આસપાસ નિવારક પગલાં લેવા તથા રાજકીય પક્ષો, ઉમેદવારો, કાર્યકરો દ્વારા ઉભા કરવામાં આવતા બૂથોના નિયમન બાબતે નીચે મૂજબના હુકમો કરૂં છું.

૧. મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ બૂથ ઉભુ કરી શકાશે નહીં. જ્યાં એક જ પ્રિમાઈસીસમાં એકથી વધુ મતદાન મથક ઉભા કરવામાં આવેલ હોય ત્યાં પણ આવા પ્રિમાઈસીસની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારની બહાર આવા મતદાન મથકોના જુથ દીઠ એક જ બૂથ પ્રતિ ઉમેદવાર ઉભા કરી શકાશે.

૨. આવા દરેક બૂથ દીઠ ફકત એક ટેબલ, બે ખુરશી અને બે જ વ્યકિત રહી શકશે અને આ બે વ્યકિતઓ હવામાન પરિસ્થિતિઓથી બચવા ફકત એક છત્રી અથવા તાડપત્ર કે કપડાનો ટુકડો ઉપયોગમાં લઈ શકશે. પરંતુ તેની ચારે બાજુથી કંતાન કે કાપડથી બંધ કરી શકશે નહીં. આવા બૂથ પર ૧૦ × ૧૦ ફુટથી વધારે માપના ન હોય તેવા ટેન્ટ ઉભા કરી શકાશે પરંતુ તેનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં સામેલ કરવાનો રહેશે.

૩. આવા બુથો ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની પૂર્વ પરવાનગી સિવાય ઉભા કરી શકાશે નહીં. ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા પરવાનગીમાં દર્શાવેલ નામ સિવાયના વ્યકિત આવા બૂથ પર હાજર રહી શકશે નહીં. આ ઉપરાંત આવા બૂથ ઉભા કરવા માટે જે જે સ્થાનીય સત્તામંડળો પાસેથી પરવાનગી મેળવવી જરૂરી હોય તેની પરવાનગી પહેલેથી જ મેળવી લેવાની રહેશે. આવા બૂથની તમામ પરવાનગીઓ બૂથ ખાતે રાખવાની રહેશે.

૪. આવા બૂથ ફકત ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓને આધીન તૈયાર કરવામાં આવેલ ઉમેદવારના નામ અને પ્રતિક તેમજ રાજકીય પક્ષના નામ છાપ્યા સિવાયની બિનસત્તાવાર મતદાર કાપલી કાઢી આપવાના એકમાત્ર હેતુથી જ ઉભા કરી શકાશે.

૫. આવા બૂથ પર ઉમેદવારનું નામ, તેમના પક્ષ અને તેમને ફાળવવામાં આવેલ ચૂંટણી પ્રતીક દર્શાવવા માટે માત્ર એક જ બેનર, જેની લંબાઈ અને પહોળાઈ ૩ ફૂટ X ૪.૫ ફૂટ કરતાં વધુ લંબાઈ અને પહોળાઈ ન હોય, દર્શાવી શકાશે.

૬. આવા બૂથ પર કોઈપણ સંજોગોમાં ભીડ જમા થઈ શકશે નહી. જે વ્યકિતઓ મતદાન કરી ચૂકયા હોય તેવા વ્યકિતઓ આવા બૂથ પર જઈ શકશે નહીં.

૭. આવા બૂથ પર રહેલ વ્યકિતઓ કોઈપણ સંજોગોમાં મતદારોને અન્ય ઉમેદવારના બૂથ તરફ જતાં કે મતદાન મથક તરફ જવાના રસ્તામાં કોઈપણ પ્રકારે મતદારોને તેમની ઈચ્છા મૂજબ પોતાનો મતાધિકાર ભોગવવાથી અવરોધી શકશે નહીં.

૮. ચૂંટણી તથા પોલિસના અધિકૃત અધિકારી/કર્મચારી સિવાય અન્ય કોઈપણ વ્યકિત મતદાન મથકના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈને જઈ શકશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલિસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે.

આજ તારીખ ૨૪-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું

હુકમ

નં. : મેજી/પોલ/જાહેરનામું/૧૪૪/૦૮/૨૦૧૫.-રાજય ચૂંટણીપંચ તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચારસંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ના રોજ સૂચનાઓ આપવામાં આવેલ છે.

આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી બીનઅધિકૃત રીતે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લઈ જવા-પરત લાવવા વાહનોનો ઉપયોગ કરવાની સંભાવના છે. જેથી વાહનોના આવા દુરૂપયોગના કારણે પ્રતિસ્પર્ધીઓ વચ્ચે સંઘર્ષ, આક્ષેપો, પ્રતિ આક્ષેપો થવાની અને તેના કારણે ચૂંટણીની નિષ્પક્ષતા જોખમાવાનો પુરો સંભવ છે. ભારતના ચૂંટણી પંચના પત્ર ક્રમાંકઃ ૪૩૭/૬/૦૬-પીએલએન/૩, તા. ૨૩-૧૧-૦૭ની સૂચના અનુસાર ઉમેદવારો, રાજકીય પક્ષો માટે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઈ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારની ઉપર અનઅધિકૃત દબાણ, પ્રલોભન આપવા ઉપર તથા મતદાનના દિવસે ઉમેદવારો તથા તેમના એજન્ટ દ્વારા વાપરવામાં આવતા વાહનો ઉપર પ્રતિબંધ/નિયંત્રણ રાખવા ફરમાવેલ છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી સંદર્ભે મતદાનના દિવસે નીચે મુજબના હુકમો કરૂં છું.

(૧) ચૂંટણી લડતા ઉમેદવારોને તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાનના દિવસે નીચે મુજબના વાહનોનો ઉપયોગ મળવાપાત્ર થશે. પરંતુ આ મળવાપાત્ર વાહનો અંગેની પરવાનગી ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે અને તે વાહનો પર આવી પરવાનગી લગાડવાની રહેશે.

મતદાનના દિવસે કોઈપણ ઉમેદવાર તેમના મતક્ષેત્ર દીઠ એક વાહન પોતાના ઉપયોગ માટે, એક વાહન તેમના ચૂંટણી એજન્ટ માટે તેમજ વધારામાં એક વાહન તેમના કાર્યકર્તાઓ અથવા પક્ષના કાર્યકર્તાઓ માટે વાપરી શકશે.

૨. વાહન એટલે કે ફકત ચાર/ત્રણ/બે પૈડાવાળા વાહન જેવા કે કાર, ટેકસી, ઓટોરીક્ષા, રીક્ષા અને દ્વિચક્રી જેમાં ડ્રાયવર સહિત પાંચ વ્યકિતથી વધુ બેસી શકશે નહી તેમજ ઉમેદવાર અથવા એજન્ટ માટે ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કોઈ બીજી વ્યકિત દ્વારા થઈ શકશે નહીં.

૩. મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદારોને મતદાન મથકે નિઃશુલ્ક લઈ જવા તથા પરત લાવવા વાહન પુરૂં પાડવાની સગવડ આપી મતદાર ઉપર અનઅધિકૃત દબાણ/પ્રલોભન ઉભું કરવા સામે મનાઈ ફરમાવું છું.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં.

૧. ચૂંટણી સાથે સંબંધ ન ધરાવતા, તેમના માલિકોના ખાનગી ઉપયોગ માટે તેમના દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા ખાનગી વાહનો.

૨. ખાનગી વાહનોના માલિકો દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાન મથકે જવા માટે પરંતુ મતદાન મથકની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાની અંદર કયાંય જવા માટે નહિ એ રીતે પોતાના માટે કે પોતાના કુટુંબના સભ્યો માટે માલિકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા ખાનગી વાહનો.

૩. હોસ્પિટલ વાન, એમ્બ્યુલન્સ, દુધની વાન, પાણીના ટેન્કર, વિદ્યુત સંકટકાલીન સેવા વાન, ફાયરબ્રીગેડ, ચૂંટણી સંબંધી ફરજ બજાવતા અધિકારીઓ, ફરજ પરની પોલિસ અને આવશ્યક સેવા માટે ઉપયોગમાં લેવાતા વાહનો.

૪. નિયત સ્થળો વચ્ચે અને નિયત કરેલા માર્ગો પર ફરતી બસો જેવા જાહેર પરિવહનના વાહનો.

૫. અનિવાર્ય હોય એવી મુસાફરીઓ માટે હવાઈ મથકો, રેલ્વે સ્ટેશનો, આંતર રાજ્ય બસ સ્ટેન્ડ, હોસ્પીટલે જવા માટેની ટેકસીઓ, ત્રણ પૈડાવાળા સ્કુટરો, રીક્ષાઓ વિગેરે.

૬. બીમાર અને અપંગ વ્યકિતઓ દ્વારા તેમના પોતાના ઉપયોગ માટે વાપરવામાં આવતા ખાનગી વાહનો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની

કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલિસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે. ઉપરાંત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ તથા ભારતીય દંડસંહિતાના પ્રકરણ-૯(એ) હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આજ તારીખ ૨૪-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું

હુકમ

નં. : મેજી/પોલ/જાહેરનામું/૧૪૪/૧૨/૨૦૧૫.-રાજય ચૂંટણીપંચ તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચારસંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ના પત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી સંદર્ભે તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. મત માટે પ્રચાર કરવા.

૨. મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

૩. કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

૪. અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

૫. કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

૬. ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાયની) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શિત કરવી.

૭. સેલ્યુલર/મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશાવ્યવહારના સાધનો લઈ જવા.

૮. વાહનો સાથે આવવા.

૯. મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ ચૂંટણી ફરજ ઉપરની વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવા.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલિસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે.

આજ તારીખ ૨૪-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું

હુકમ

નં. : મેજી/પોલ/જાહેરનામું/૧૪૪/૧૧/૨૦૧૫.-રાજય ચૂંટણીપંચ તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચારસંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ના પત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

ભારતના ચૂંટણીપંચના પત્ર ક્રમાંકઃ ૪૬૪/જીજે-એલએ/૨૦૦૭, તા. ૨૬-૧૧-૨૦૦૭થી મતદાન પૂર્ણ થયાના ૪૮ કલાક પહેલાંથી પોલીટીકલ નેચરવાળા બલ્ક એસએમએસના ટ્રાન્સમીશન પર પ્રતિબંધ ફરમાવેલ છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી સંદર્ભે તા. ૨૭-૧૧-૨૦૧૫ના રોજ સાંજના ૦૫:૦૦ કલાકથી તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી નીચે મુજબના હુકમ કરૂં છું.

૧. કોઈપણ વ્યક્તિ તા. ૨૭-૧૧-૨૦૧૫ના રોજ સાંજના ૫:૦૦ કલાકથી તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી કોઈપણ વ્યકિતને પોલિટીકલ નેચરવાળા બલ્ક એસ.એમ.એસ. મોકલી શકશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલિસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે.

INDEX

આજ તારીખ ૨૪-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું

હુકમ

નં. : મેજી/પોલ/જાહેરનામું/૧૪૪/૧૪/૨૦૧૫.-રાજય ચૂંટણીપંચ તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. જે મુજબ તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચારસંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫ના પત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીઓની મતગણતરી નિયત અલગ અલગ કેન્દ્રો ખાતે કરવામાં આવશે, આ મતગણતરી મથકોની આસપાસ તા. ૦૨-૧૨-૨૦૧૫ના મત ગણતરી દિને સવારના ૦૦-૦૦ કલાક થી રાત્રિના ૨૦-૦૦ કલાક સુધી આદર્શ આચાર સંહિતા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે નીચે મુજબ હુકમો કરૂં છું.

૧. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર થી વધુ વ્યકિતઓ એકઠા થઈ શકશે નહીં.

૨. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સભા ભરી શકાશે નહી કે સંબોધી શકાશે નહી અને સરઘસ કાઢી શકાશે નહી.

૩. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, વાયરલેસ સેટ, કોર્ડલેસ ફોન કે સંદેશા વ્યવહારના કોઈ સાધનો કે અન્ય કોઈ ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જઈ શકશે નહી.

૪. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત વાહન લઈ જઈ શકશે નહી.

૫. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત બાકસ, લાઈટર, ગેસ લાઈટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે ચીજ વસ્તુઓ લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

આ જાહેરનામું નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. ચૂંટણી પંચ દ્વારા નિયુકત ઓબ્જર્વરશ્રીઓ.

૨. ચૂંટણી ફરજ પરના સરકારી કર્મચારી/અધિકારીઓ તથા ચૂંટણી ફરજ પરના વાહનો.

૩. ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અથવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અથવા પોલિસ અધિક્ષકશ્રી અધિકૃત કરે તેવા વ્યકિતઓ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલિસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે.

આજ તારીખ ૨૪-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ની પેટા કલમ ૧ મુજબનું આખરી જાહેરનામું

વંચાણ :

(૧) અત્રેના જાહેરનામા ક્રમાંક સરખા તા. ૧૨-૦૯-૨૦૦૫.

(૨) અત્રેના પ્રાથમીક જાહેરનામા ક્રમાંક સરખા તા. ૩૦-૦૭-૨૦૧૫.

સુધારા આખરી જાહેરનામું

નં.:મેજી/પોલ/ભુજશહેર/જાહેરનામું-૩૩(૧)/૦૮/૨૦૦૫.-અત્રેના વંચાણ (૧) વાળા જાહેરનામાથી ભુજ શહેરમાં ભારે માલવાહક વાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવેલ છે તેમજ સદરહુ વાહનોને રીંગરોડ પર ડાયવર્ટ કરવામાં આવેલ છે. આ જાહેરનામામાંથી લિગ્નાઈટની ટ્રકો સિવાયની અન્ય માલ સામાન ભરેલ ટ્રક અથવા તો ખાલી ટ્રકને રાત્રિના ૧૦-૦૦ થી સવારના ૦૬-૦૦ કલાક સુધી મુકિત આપવામાં આવેલ છે. પરંતુ હાલમાં કચ્છ જિલ્લામાં મોટા ઔદ્યોગિક એકમો તથા મોટા પોર્ટ આવેલ હોઈ બહારના રાજયોમાંથી મોટા ભારે માલવાહક વાહનો ભુજ શહેરમાંથી ઉપરોકત સમય દરમ્યાન પસાર થતા હોય છે. જેને કારણે રાત્રિના સમયે ભુજ શહેરની જાહેર જનતાને ભય, હરકત, અગવડ તેમજ વાહનના ઘોંઘાટથી ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

જેથા હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અત્રેના વંચાણ વાળા જાહેરનામામાં લિગ્નાઈટ સિવાયની ટ્રકોને રાત્રિના ૧૦-૦૦ કલાકથી સવારના ૦૬-૦૦ કલાક સુધી ભુજ શહેરમાં પ્રવેશબંધીમાંથી જે મુકિત આપવામાં આવેલ છે તે રદ કરવું જરૂરી જણાતું હોઈ જાહેરનામાના સમયમાં ઉપરોકત મુજબ ફેરફાર કરવા માટે અત્રેના વંચાણ (૨) વાળા જાહેરનામાથી સુધારા પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ અને તેની પ્રસિદ્ધિ વર્તમાનપત્રોમાં કરવામાં આવેલ અને દિન ૩૦ માં વાંધા સૂચનો મંગાવવામાં આવેલ. પરંતુ આ અંગે કોઈ વાંધા સૂચનો અત્રેને મળવામાં નથી.

જેથી હું, એમ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, મુંબઈ પોલીસ અઈધનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી થી મને મળેલ અધિકારની રૂએ વંચાણ વાળા જાહેરનામામાં લિગ્નાઈટ સિવાયની ટ્રકોને રાત્રિના ૧૦-૦૦ કલાકથી સવારના ૦૬-૦૦ કલાક સુધી ભુજ શહેરમાં પ્રવેશબંધી પર જે મુકિત આપવામાં આવેલ છે તે ‘‘રદ’’ કરૂં છું. આમ ભુજ શહેરમાંથી પસાર થતાં તમામ ભારેવાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવે છે. આ સિવાય વંચાણ-૧ વાળા જાહેરનામાની તમામ વિગતો યથાવત રહેશે.

આજરોજ તા. ૨૪-૧૧-૨૦૧૫ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યો.

કચ્છ-ભુજ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

એમ. એસ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૧૩૧૨૮ થી ૧૩૨૦૨/૨૦૧૫.- (૧) આગામી દિવસોમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાની મતગણતરી યોજાનાર હોય તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૨-૧૨-૧૫ થી તા. ૧૬-૧૨-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૨-૧૨-૨૦૧૫ થી તા. ૧૬-૧૨-૨૦૧૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તા. : ૨૭ મી નવેમ્બર–૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૭ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૪૦૨૯/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લાના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/એટીએમ/ચોકીયાત/જા.ના./૫૧૦૪/૨૦૧૫, તા. ૨૨-૧૧-૨૦૧૫ ના પત્રથી જણાવેલ વિગતે ભૂતકાળમાં ગુજરાત રાજ્યમાં વડોદરા,

અમદાવાદ, કચ્છ જિલ્લાઓમાં રાષ્ટ્ર વિરોધી તત્વો, લુટારાઓ, ધાડપાડુઓની ગેંગો દ્વારા એટીએમ મશીનોની ચોરી કરી જવાના બનાવો બનવા પામેલ છે. જે ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોના જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારને પકડવાનું ઘણુજ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હા આચરતાં ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એ.ટી.એમ. ઉપર ચોકીયાતો ન હોય તેમજ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા ન હોય તેવા એ.ટી.એમ. મશીનો ચોરી કરી લઈ ગયેલાના બનાવો બનવા પામેલ છે. જેથી એ.ટી.એમ.માં મશીનમાં રહેલ નાણાની સલામતી માટે તથા નાગરીકોમાં સુરક્ષાની ભાવના ઉભી થાય તે માટે એ.ટી.એમ. મશીન ઉપર ચોકીયાત રાખવા અત્યંત જરૂરી છે. લોકોની જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે.

લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક રાઉન્ડ ધ કલોક ૩-શીફટમાં ચોકીયાતો મુકવા તથા એ.ટી.એમ.માં સી.સી.ટી.વી. (નાઈટ વીઝન વીથ હાઈડેફીનોનશ) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કેમેરા રાખવા સંબંધેનું જાહેરનામું સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે દિન-૬૦ માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના એ.ટી.એમ. મશીનમાં રહેલ નાણાની સલામતી જળવાઈ રહે, એ.ટી.એમ. મશીનમાં ચોરી કરતા ગુન્હેગારોની ઓળખ મળી રહે, લોકોમાં સલામતી જળવાઈ રહે, આવા ગુન્હાનું પ્રમાણ ઘટે, જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોએ તેમના એ.ટી.એમ. ચેમ્બરની અંદરના ભાગે તથા એ.ટી.એમ.ના બહારના ભાગે પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૩૦-દિવસ સુધી રાખવો.

(૨) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ.ની બહારના ભાગે ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ગાડીમાં ડ્રાયવર તેમજ તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે વાહન અને વ્યક્તિની ઓળખ થઈ શકે તે મુજબ પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક ૩ શીફટમાં ચોકીદારો રાખવા.

(૪) સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ-ડેફીનેશનના) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ પુરતી સંખ્યામા રાખવા અને વ્યકિત કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે અને રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા સારી કવોલીટીના અને ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે ગોઠવવાના રહેશે.

આ હુકમતા. ૨૪-૧૧-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૪ મી, માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૪૦૩૦/૧૫.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/પે.પંપ./સીસીટીવી/જાહેરનામું/૫૧૦૩/૧૫, તા. ૨૨-૧૧-૨૦૧૫ના પત્રથી ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર, તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમાં ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જીલ્લામાં સુત્રાપાડામાં જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલ છે. જે ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-

અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતની હાની કરવામાં આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતી કરતી ગેંગ રાજય/શહેર હાઈવે પરના પેટ્રોલપંપ પર લુંટ, ધાડના ગુન્હાઓ આચરતા હોય છે.

આવા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તે માટે અને ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેર પરના તમામ પેટ્રોલપંપો ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની જાનમાલની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેર પરના તમામ પેટ્રોલપંપો ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ સાથે પેટ્રોલપંપો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૩૦-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ ૨૪-૧૧-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૪ માહે નવેમ્બર, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામું

નં. એમએજી/સી/૪૦૨૬/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/હોટલ/સીસીટીવી/ જા.ના./૫૧૦૨/૧૫, તા. ૨૨-૧૧-૨૦૧૫ ના પત્રથી ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દહોત્સર્ગ/ગીતા મંદિર/તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢમાં શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમાં ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જીલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સિમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઔદ્યોગિક એકમો આવેલ છે. જે ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/ નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે. જેથી પર્યકટોની સુરક્ષા જાળવવી એ તંત્રની ફરજ બને છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતહાની કરવામાં આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજય/શહેરની હાઈવેની હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફરખાના, રિસોર્ટ વગેરેનો રોકાણ માટે ઉપયોગ કરતા હોય છે અને આવા સ્થળોએ રોકાઈને પોતાના ગુન્હાને અંજામ આપતા હોય છે.

આવા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તેમજ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરના તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફરખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ

ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરમાં આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફરખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીઓની દુકાનો વિગેરે સ્થળો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરો ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૩૦-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ ૨૪-૧૧-૨૦૧૫ થી દિવસ-૬૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૪ મી માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૪૦૨૮/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળના પત્ર ક્રમાંક : ઓલઆઈબી/બોટ-વહાણ-ગુમ/જા.ના./૫૧૦૬/૧૫, તા. ૨૨-૧૧-૨૦૧૫ ના પત્રથી ગીર સોમનાથ જિલ્લાની દક્ષિણે વિશાળ અરબી સમુદ્ર આવેલ છે અને આ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર દરીયા કિનારે આવેલ છે. તેમજ વેરાવળ બંદર તથા નવા બંદર ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે તેમજ મોટાભાગની વસતી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આમ, આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તેમાં આતંકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની ''કુબેર'' નામની બોટનું અપહરણ કરી આતંકી હુમલાને અંજામ આપેલ હોવાનું જણાયેલ છે. જેથી વાતાવરણીય કારણોસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણોસર કે અન્ય કોઈ કારણોસર વહાણ/બોટ ગુમ થયા અંગેની તથા વહાણ/બોટ સાથેનો સંપર્ક ન થતો હોવા અંગેની જાણ કરવા અંગેની પ્રથા/નિયમો હોવા રાષ્ટ્રીય સુરક્ષાની બાબતે જરૂરી છે. તેમજ આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામા જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત ચાર દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતાં સંપર્ક થતો ન હોય, ત્યારે સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કર્યા સીવાય બોટ દરીયાની અંદર ન જાય તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, કે. જે. ત્રિવેદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત/ બોટ દરીયામાં જાય અને વાતાવરણીય કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત ચાર દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય તેવા સંજોગોમાં નીચે મુજબના પત્રકની વિગતો સહની માહિતી સાથે નજીકના પોલીસ સ્ટેશન તથા સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ હુકમ બહાર પડયાની તારીખ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૨૪ મી, માહે નવેમ્બર-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/૪૦૨૭/વાહન લે-વેચ/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./વાહન/લે-વેચ/૫૧૦૫/૧૫, તા. ૨૨-૧૧-૨૦૧૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીષ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, કે. જે. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદનુસાર સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની અવશ્યકપણે નિભાવણી કરવાની છે.

ક્રમ	વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે, કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી (જાત), ઉંમર, સરનામું, કોન્ટેકટ નંબર	વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

આ હુકમ તા. ૨૪-૧૧-૨૦૧૫થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તારીખઃ ૨૪ મી માહે નવેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

કે. જે. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીરસોમનાથ જિલ્લો,
વેરાવળ.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૪૭૧૮૬/૨૦૧૫.-ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું, **આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર,** નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખપત્ર અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

ક્રમ	મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	I.M.E.I. Number	મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો.	મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ.
૧	૨	૩	૪	૫

(૧) મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ અંગેના રજિસ્ટર/રેકર્ડ સાચવવાની મુદત ૧ વર્ષની રહેશે.

(૨) કોમ્પ્યુટરાઈઝ રજિસ્ટર નિભાવી શકાશે પરતું તેનું નિયમિત બેકઅપ લેવાનું રહેશે.

(૩) મોબાઈલ-સીમકાર્ડની લે-વેચ થયેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા તથા આઈ.ડી. પ્રુફ લે-વેચ સમયે જ મેળવવાના રહેશે અને તેની અલાયદી ફાઈલ રાખવી જે ચેકીંગ સમયે બતાવવાની રહેશે અને મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ કર્યાની તારીખથી દિન-૧૫માં રજિસ્ટરમાં સંપૂર્ણ નોંધ કરી અદ્યતન રાખવાનું રહેશે.

(૪) શોપીંગ મોલમાં મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે.

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિ કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબજ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

ક્રમ	વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર.	વાહનનો પ્રકાર.	વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર	રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો.	વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત.
૧	૨	૩	૪	૫	૬

(3) મકાન તથા ઓદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારૂ ભાવનગર જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની રહેશે.

નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ?	મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ.	મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે.	જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ તથા સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું.
૧	૨	૩	૪	૫	૬

INDEX

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના રહેશે.

નં.	ગેસ્ટનું નામ, સરનામું	સંપર્ક નંબર	આવ્યા તારીખ, સમય	ક્યાંથી આવ્યા છે?	ક્યાં જવાના છે?	આવવાનું કારણ	આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.)	ગયા તારીખ, સમય	ગેસ્ટનું નામ તથા સહી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા ઈનેટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

(૫) પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબતઃ-

ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અને આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં ગયેલ સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો મોટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉક્ત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની

બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી કેમેરા હોવા જરૂરી હોય, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમારાઓ લગાવવાના રહેશે.

સદરહું જાહેરનામું તા. ૦૧-૧૨-૨૦૧૫ થી ૨૯-૦૧-૨૦૧૬ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ અંગેનું રેકર્ડ/માહિતી પોલીસ અધીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી દ્વારા સુચના મળયે રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૦૧-૧૧/૧૨-૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧ માહે નવેમ્બર/ડીસેમ્બર, સને ૨૦૧૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૪૭૫૯૯/૨૦૧૫.-આગામી ડીસેમ્બર-૨૦૧૫ નાં માસ દરમિયાન તા. ૦૬-૧૨-૨૦૧૫નાં રોજ આંબેડકર જયંતિ, બાબરી ધ્વંસ દિન, તા. ૧૫-૧૨-૨૦૧૫ નાં રોજ સરદાર પટેલ પૂણ્ય તિથી દિન, તા. ૨૪-૧૨-૨૦૧૫ નાં રોજ ઈદ-એ-મિલાદ, તા. ૨૫-૧૨-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ નાં રોજ નાતાલ (ક્રિસમસ ડે) વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ **હું, આર.પી.ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૪-૧૨-૨૦૧૫ થી તા. ૦૨-૦૧-૨૦૧૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિં.

(ખ) કોઈ પણ જાહેર જગ્યામાં શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :-

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૧-૧૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

આર. પી. ચૌધરી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી./જાહેરનામું/૩૪૩૨/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ હતું. તેમજ અગાઉ તા. ૨૬-૧૧-૦૮ના રોજ પણ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલ છે. જે બાબતે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેના કારણે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેંચનારા વેપારીઓ અને ખરીદનાર વ્યકિતની ઓળખ થઈ શકે અને ત્રાસવાદી કૃત્ય આચરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય તે માટે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતી અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું/હુકમનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેટનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું વેચાણ કરે ત્યારે તેણે સાયકલ, સ્કુટર, કે મોટર સાયકલનું ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

(૩) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ ખરીદનારનું પુરુ નામ, સરનામુ સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૪) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૦-૧૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૨-૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૩ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૩ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૪૩૩/૨૦૧૫.-ભુતકાળમાં રાજકોટ શહેરમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભેના કારણો અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાથીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકો પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય તે રીતે નાઈટ વીઝન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે અને આ સી.સી.ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) ઉપરોકત ક્રમાંક-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા ક્રમાંક-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ અધિકારી, મહેસુલી અધિકારી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા. ૧૫-૧૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૨-૨૦૧૬ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી

પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૩ માહે ડિસેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૫.

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૪૩૧/૨૦૧૫.-ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવરજવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી હું, મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબરઃ જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબરઃ જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો :

(૧) ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમય :

આ હુકમ તા. ૧૦-૧૨-૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૨-૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા :

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૨૦૧૪/૨૦૧૫.-રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૦૪-૧૨-૨૦૧૫ થી તા. ૨૭-૧૨-૨૦૧૫ સુધી રા.અ.પો.દળ જુથ-૧૩ ઘંટેશ્વર, રાજકોટ કંપનીના તથા રા.અ.પો.દળ જુથ-૬, મુડેટીની ‘બી’ ‘સી’ તથા ‘ડી’ કંપનીના અધિકારી/જવાનોનું ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગે ખુલ્લા વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂં છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ)થી મળેલ અધિકારની રૂએ હું, મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૪-૧૨-૨૦૧૫ થી તા. ૨૭-૧૨-૨૦૧૫ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહીં કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહું વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૦૧-૧૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના પત્ર ક્રમાંક : ના.ક./વ-૧૪/ભરૂચ/વ્યવસ્થા/ગુમ થયેલ સી ફોર્મ/દરખાસ્ત/૨૦૧૫-૧૬/જા.નં.-૧૧૯૮-૯૯, તા. ૧૬-૦૭-૨૦૧૫.

(૨) વા.વે.અ-(૨), ઘ.-૫૭, અંકલેશ્વરના પત્ર ક્રમાંક : વા.વે.અ. (૧), ઘ-૫૭/અંકલેશ્વર/સી-ફોર્મ ગુમ/૧૫-૧૬, જા.નં.-૬૭૧૨/૧૩, તા. ૧૦--૭-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ/વિ-૬/વડદ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૩૪૨૬/૪૯.-વાણિજિયકવેરા અધિકારી-(૧), ઘટક-૫૬, અંકલેશ્વરના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિન્ડીકેટ, અંકલેશ્વર કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં.-૨૪૨૧૦૯૦૦૦૭૩ અને કેન્દ્રીય કાયદા હેઠળ નોં.નં.-૨૪૭૧૦૯૦૦૦૭૩ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ નંબર ૪૭૨૨૩૪૧, કુલ પાન-૧ ઈસ્યુ કરેલ હતા જે સામેની પાર્ટીઓ વડે ગુમ થયેલ છે. જે અંગે તેઓશ્રીના ક્ષેત્રધિકાર હેઠળના વા.વે.અ. (૧), ઘ. ૫૬, અંકલેશ્વરે કરેલ દરખાસ્ત અન્વયે નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધેલ અ.નં.-(૧) અન્વયે અત્રે દરખાસ્ત મળેલ હતી. જેથી નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વાણિજિયકવેરા અધિકારી-(૧), ઘ.-૫૬, અંકલેશ્વરના સંદર્ભ (૨) અન્વયે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના ‘‘સી’’ ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ	નોંધણી નંબર	રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર		રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
			અ.નં.	ફોર્મ ‘‘C’’ નંબર		
૧	મે. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિન્ડીકેટ, અંકલેશ્વર	ટીન નંબર ૨૪૨૧૦૯૦૦૦૭૩ કેન્દ્રીય નંબર ૨૪૭૧૦૯૦૦૦૭૩	૧	૪૭૨૨૩૪૧	ખોવાઈ જવાથી	કુલ પાન-૦૧ (એક)

આથી હું, સી. બી.. પટેલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત ખોવાયેલ ‘‘સી’’ ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના પત્ર ક્રમાંક : ના.ક./વ-૧૪/ભરૂચ/વ્યવસ્થા/ગુમ થયેલ સી ફોર્મ/દરખાસ્ત/૨૦૧૫-૧૬/જા.નં.-૨૧૫૬/૫૭, તા. ૧૨-૧૦-૨૦૧૫.

(૨) વા.વે.અ-(૩), ઘ.-૫૫, ભરૂચના પત્ર ક્રમાંક : વા.વે.અ. (૩), ઘ-૫૬/પત્રક/સી-ફોર્મ/૨૦૧૫-૧૬, જા.નં.-૧૧૧૬૫/૧૬૬, તા. ૦૬-૧૦-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ/વિ-૬/વડદ/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૩૪૫૦/૭૩.-વાણિજિયકવેરા અધિકારી-(૩), ઘટક-૫૫, ભરૂચના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. ગુજરાત બોરોસીલ લિ., મુ. ગોવાલી, તા. ઝઘડીયા, જિ. ભરૂચ કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં.-૨૪૨૧૦૮૦૦૧૧૮ અને કેન્દ્રીય કાયદા હેઠળ નોં.નં.-૨૪૭૧૦૮૦૦૧૧૮ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ નંબર ૨૪-૮૮૨૬૨૩૪, ૨૪-૮૮૨૬૩૧૮, ૨૪-૮૮૨૬૪૦૦, ૨૪-૮૮૨૪૯૧૭ કુલ **પાન-૪** ઈસ્યુ કરેલ હતા જે સામેની પાર્ટીઓ વડે ગુમ થયેલ છે. જે અંગે તેઓશ્રીના ક્ષેત્રધિકાર હેઠળના વા.વે.અ. (૩) ઘ.૫૫, ભરૂચે કરેલ દરખાસ્ત અન્વયે નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધેલ અ.નં.-(૧) અન્વયે અત્રે દરખાસ્ત મળેલ હતી. જેથી નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વાણિજિયકવેરા અધિકારી-(૩), ઘ.-૫૫, ભરૂચના સંદર્ભ (૨) અન્વયે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના ‘‘સી’’ ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ	નોંધણી નંબર	રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર		રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
			અ.નં.	ફોર્મ ‘‘C’’ નંબર		
૧	મે. ગુજરાત બોરોસીલ લિ., મુ. ગોવાલી, તા. ઝઘડીયા, જિ. ભરૂચ	ટીન નંબર ૨૪૨૧૦૮૦૦૧૧૮ કેન્દ્રીય નંબર ૨૪૭૧૦૮૦૦૧૧૮	(૧)	૨૪-૮૮૨૬૨૩૪, ૨૪-૮૮૨૬૩૧૮, ૨૪-૮૮૨૬૪૦૦, ૨૪-૮૮૨૪૯૧૭	ખોવાઈ જવાથી	કુલ પાન-૦૪ (ચાર)

આથી હું, સી. બી.. પટેલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત ખોવાયેલ ‘‘સી’’ ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના પત્ર ક્રમાંક : ના.ક./વ-૧૪/ભરૂચ/વ્યવસ્થા/ગુમ થયેલ સી ફોર્મ/દરખાસ્ત/૨૦૧૫-૧૬/જા.નં.-૯૭૭/૭૮, તા. ૦૩-૦૭-૨૦૧૫.

(૨) વા.વે.અ-(૨), ઘ.-૫૬, અંકલેશ્વરના પત્ર ક્રમાંક : વા.વે.અ. (૨), ઘ-૫૬/અંકલેશ્વર/સી-ફોર્મ ગુમ/૧૫-૧૬, જા.નં.-૬૦૦૫, તા. ૨૦-૦૬-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ/વિ-૬/વડદ/ધા.ફોર્મ રદ/૨૦૧૫-૧૬/જા. ૩૪૦૨/૨૫.-વાણિજિયકવેરા અધિકારી-(૨), ઘટક-૫૬, અંકલેશ્વરના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. કાયરોન બેરીંગ વેકસીન પ્રા. લિ., અંકલેશ્વર કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં.-૨૪૨૧૧૦૦૧૦૯૧ અને કેન્દ્રીય કાયદા હેઠળ નોં.નં.-૨૪૭૧૧૦૦૧૦૯૧ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ નંબર ૨૪-૭૯૦૩૪૩૧, કુલ **પાન-૧** ઈસ્યુ કરેલ હતા. જે સામેની પાર્ટીઓ વડે ગુમ થયેલ છે. જે અંગે તેઓશ્રીના ક્ષેત્રધિકાર હેઠળના વા.વે.અ (૨), ઘ. ૫૬, અંકલેશ્વરે કરેલ દરખાસ્ત અન્વયે નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધેલ અ.નં.-(૧) અન્વયે અત્રે દરખાસ્ત મળેલ હતી. જેથી નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધા ક્રમાંક-(૧)

અન્વયે વાણિજિયકવેરા અધિકારી-(૨), ઘ.-૫૬, અંકલેશ્વરના સંદર્ભ (૨) અન્વયે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના ''સી'' ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ	નોંધણી નંબર	રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર		રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
			અ.નં.	ફોર્મ ''C'' નંબર		
૧	મે. કાયરોન બેરીંગ વેકસીન પ્રા.લિ., અંકલેશ્વર	ટીન નંબર ૨૪૨૧૧૦૦૧૦૯૧ કેન્દ્રીય નંબર ૨૪૭૧૧૦૦૧૦૯૧	(૧)	૨૪-૭૯૦૩૪૩૧	ખોવાઈ જવાથી	કુલ પાન-૦૧ (એક)

આથી હું, સી. બી.. પટેલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત ખોવાયેલ ''સી'' ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના પત્ર ક્રમાંક : ના.ક./વ-૧૪/ભરૂચ/વ્યવસ્થા/ગુમ થયેલ સી ફોર્મ/દરખાસ્ત/૨૦૧૫-૧૬/જા.નં.-૧૫૮૨/૮૩, તા. ૨૫-૦૮-૨૦૧૫.

(૨) વા.વે.અ-(૧), ઘ.-૫૭, અંકલેશ્વરના પત્ર ક્રમાંક : વા.વે.અ. (૧), ઘ-૫૭/અંકલેશ્વર/સી-ફોર્મ ગુમ/૧૫-૧૬, જા.નં.-૧૦૭૬૬/૬૭, તા. ૧૦-૦૮-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ/વિ-૬/વડદ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૩૩૫૪/૭૭.-વાણિજિયકવેરા અધિકારી-(૧), ઘટક-૫૭, અંકલેશ્વરના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. રાલિસ ઈન્ડીયા લી., અંકલેશ્વર કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં.-૨૪૨૧૧૦૦૨૮૬૨ અને કેન્દ્રીય કાયદા હેઠળ નોં.નં.-૨૪૭૧૧૦૦૨૮૬૨ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ નંબર (૧) ૮૯૩૩૪૦૭, (૨) ૯૦૪૪૫૪૬, (૩) ૯૯૦૬૩૨૬, (૪) ૯૫૬૮૨૦૬, કુલ **પાન-૪** ઈસ્યુ કરેલ હતા. જે સામેની પાર્ટીઓ વડે ગુમ થયેલ છે. જે અંગે તેઓશ્રીના ક્ષેત્રધિકાર હેઠળના વા.વે.અ. (૧), ઘ. ૫૭ અંકલેશ્વરને કરેલ દરખાસ્ત અન્વયે નાયબ વાણિજયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધેલ અ.નં.-(૧) અન્વયે અત્રે દરખાસ્ત મળેલ હતી. જેથી નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વાણિજિયકવેરા અધિકારી-(૧), ઘ.-૫૭, અંકલેશ્વરના સંદર્ભ (૨) અન્વયે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના ''સી'' ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીશ્રીનું નામ	નોંધણી નંબર	રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર	રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
૧	મે. રાલિસ ઈન્ડીયા લી., અંકલેશ્વર	ટીન નંબર ૨૪૨૧૧૦૦૨૮૬૨ કેન્દ્રીય નંબર ૨૪૭૧૧૦૦૨૮૬૨	(૧) ૮૯૩૩૪૦૭, (૨) ૯૦૪૪૫૪૬, (૩) ૯૯૦૬૩૨૬, (૪) ૯૫૬૮૨૦૬	ખોવાઈ જવાથી	કુલ પાન-૪ (ચાર)

આથી હું, સી. બી.. પટેલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત ખોવાયેલ ''સી'' ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના પત્ર ક્રમાંક : ના.ક./વ-૧૪/ભરૂચ/વ્યવસ્થા/ગુમ થયેલ સી ફોર્મ/દરખાસ્ત/૨૦૧૫-૧૬/જા.નં.-૧૫૮૦/૮૧, તા. ૨૫-૦૮-૨૦૧૫.

નં. ડીએમ/વશી/૩૬૧૨ થી ૩૬૨૮/૨૦૧૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ ડીસેમ્બર-૨૦૧૫ તથા આગામી માસ જન્યુઆરી-૨૦૧૬ના રોજ ઈદે મીલાદ તથા તારીખઃ ૨૫-૧૨-૨૦૧૫ ના રોજ નાતાલ તથા હાલમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદલન સંદર્ભે તેમજ આ માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર બોટાદ જિલ્લામાં જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, **આર. એચ. ગઢવી, (જી.એ.એસ.), અધિક**

INDEX

જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૬-૧૨-૨૦૧૫ થી તા. ૦૫-૦૧-૨૦૧૬ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :-

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૫-૧૨-૨૦૧૫ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

બોટાદ, ૫ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

(RJT.)-I-3

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૩૬૪૯ થી ૩૬૬૪/૨૦૧૫.-બોટાદ શહેરમાં સાળંગપુર ગામ ખાતે તા. ૧૯-૧૨-૨૦૧૫ ના રોજ પરમ પુજય પ્રમુખ સ્વામિ મહારાજની ૯૫ મી જન્મ જયંતી નિમીતે જન્મત્સવની ઉજવણી યજ્ઞ પુરૂષ વાડી ખાતે થનાર હોય અને આ ઉત્સવમાં આશરે ૨,૫૦,૦૦૦ જેટલા માણસો એકઠા થનાર હોય તેમજ તારીખઃ ૧૯-૧૨-૨૦૧૫ ના રોજ શનિવાર હોવાથી સાળંગપુર હનુમાનજી મંદિર (શ્રી કષ્ટભંજન દેવ મંદિર) ખાતે પણ મોટી સંખ્યામાં માણસો દર્શનાર્થે આવવાની સંભાવના હોય જેથી તા. ૧૯-૧૨-૨૦૧૫ ના રોજ ૧૨:૦૦ થી ૨૪:૦૦ કલાક સુધી અમરેલી, ગઢડા, બોટાદથી બરવાળા થઈ અમદાવાદ, સુરત તરફ જતા તેમજ અમદાવાદ, સુરત, બરવાળાથી બોટાદ થઈ ગઢડા, અમરેલી તરફ જતા વાહનોનો રૂટ મુસાફરોને લાંબા રૂટમાં જતા-આવતા સરળતા રહે અને જાહેર જનતાને મુશકેલી ન પડે તે હેતુંથી બોટાદ શહેર તરફથી જતા વાહનોને સાળંગપુર-કુંડળ બરવાળા થઈ ધંધુકા રોડ તેમજ ધંધુકા રોડ તરફથી બરવાળા-કુંડળ સાળંગપુર-બોટાદ તરફ આવતા-જતા વાહનોને બરવાળા-કેરીયા ઢાળ-કેરીયા નં.-૨ ઝમરાળા-કારીયાણી લાઠીદડ-સમઢીયાળા નં.-૧-તાજપર સર્કલ-બોટાદ રૂટ પર આવવા-જવા માટે તા. ૧૯-૧૨-૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ થી ૨૪-૦૦ સુધી ડાયવર્ઝન આપવુ જરૂરી જણાય છે.

આ અંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૧૫-૧૨-૨૦૧૫ના પત્ર નં. UB/૪-એચ.એ/પ.પુ.પ્ર.સ્વા/૩૩૧૦/૨૦૧૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ **હું, આર. એચ. ગઢવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ,** નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) અમરેલી, ગઢડા, બોટાદથી બરવાળા થઈ અમદાવાદ, સુરત તરફ જતા તેમજ અમદાવાદ, સુરત, બરવાળાથી બોટાદ થઈ ગઢડા અમરેલી તરફ જતા વાહનોનો રૂટ મુસાફરોને લાંબા રૂટમાં જતા-આવતા સરળતા રહે અને જાહેર જનતાને મુશકેલી ન પડે તે હેતુથી બોટાદ શહેર તરફથી જતા વાહનોને સાળંગપુર-કુંડળ બરવાળા થઈ ધંધુકા રોડ ઉપર આવવા જવા પ્રવેશ કરવાનો રહેશે.

(૨) ધંધુકા રોડ તરફથી બરવાળા-કુંડલ સાળંગપુર-બોટાદ તરફ આવતા-જતા વાહનોને બરવાળા-કેરીયા ઢાળ-કેરીયા નં.-૨ ઝમરાળા-કારીયાણી લાઠીદડ-સમઢીયાળા નં.-૧-તાજપર સર્કલ-બોટાદ રૂટ ઉપર આવવા-જવા પ્રવેશ કરવાનો રહેશે.

આ જાહેરનામું તા. ૧૯-૧૨-૨૦૧૫ પુરતું જ અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા

માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધ કરાવવી.

આજ તા. ૧૫-૧૨-૨૦૧૫ના મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૫ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

આર. એચ. ગઢવી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૫/વશી-૮૮૨૯ થી ૮૯૨૮/૨૦૧૫.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચુડા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૫-૧૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૦૦૮/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. : ૦૯-૧૨-૨૦૧૫થી તા. : ૨૩-૧૨-૨૦૧૫ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી/લાઠી, કુલ્લીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની એકઠા કરવાની કે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ- અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા તેનો ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૮ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/વશી-૮૯૨૯ થી ૯૦૨૮/૨૦૧૫.-સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ કરીને થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચોટીલા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે

હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૫-૧૨-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૦૦૯/૧૫થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ માણસોએ ભેગા થવા તેમજ સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **હિતેષ કોયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર,** મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૯-૧૨-૨૦૧૫ થી તારીખ : ૨૩-૧૨-૨૦૧૫ સુધીની (બંન્ને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા, સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યાર બાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૮ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

હિતેષ કોયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામુ/૩૫૧૨/૨૦૧૫.-ભુતકાળમાં વલસાડ જિલ્લામાં મજુરોની વસાહતના કુદરતી હાજતે ગયેલ મહીલા પર ગેંગરેપનો બનાવ બનેલ હોય આવો બનાવ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બનવા પામે નહીં અને શહેર વિસ્તારમાં નવા બંધાતા મકાનોમાં, કોમ્પ્લેક્ષમાં, ઔદ્યોગીક એકમોમાં, જુદી જુદી ટેલીકોમ કંપનીઓમાં તથા ખેતી વિષયક કામ કરતાં મજુરો વિગેરે કામકાજમાં રોકાયેલ મજુરોને રહેવા સબંધી તમામ સગવડો (સુવિધા)ઓ ઉપલબ્ધ થાય તે માટેની કાર્યવાહી અંગે તથા મજુરોની સલામતિ અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવણી હેતુસર થોડા નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ફેકસ મેસેજ નંબરઃ એસ.વી.-૧/કો.વી./૧૦૨૦૧૪/૧૨૨૬૦, તા. ૧૮-૦૬-૨૦૧૪ તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જ-૧/કા.×વ્ય./ટે-૧/૫૨ચ/૧૯/૨૦૧૪, તા. ૨૦-૦૬-૨૦૧૪થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષ/મકાનો/રોડ રસ્તાઓ/ગટ્ટર યોજનાઓ વિગેરે, ઔદ્યોગીક એકમો તથા જુદી જુદી ટેલીકોમ કંપની દ્વારા કંપનીઓના કામો તથા ખેડુતોના ખેતી વિષયક કામોમાં સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા કોઈપણ મજુરોને મજુરી કામ માટે રાખવામાં આવે ત્યારે આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા જે મજુરોને કામકાજ માટે રાખેલ હોય તે મજુરોના કામકાજના સ્થળો ખાતે રહેવા સબંધી/ટોયલેટ/બાથરૂમ/પાણી/સાફ સફાઈ વિગેરે આવશ્યક સુવિધા પુરી પાડવાની રહેશે અને આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા આ મજુરો માટે શું શું આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરેલ છે? તેની માહિતી કામકાજના વિસ્તારના સબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૦માં લેખીતમાં પુરી પાડવાની રહેશે. આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૬ થી તા. ૨૯-૦૨-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૧૪ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૩૫૧૬/૨૦૧૫.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઇપ લાઇન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઇપલાઇન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઇ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઇપલાઇન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો ધ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય. તેમજ

(૨) કેટલાક પ્રાઇવેટ સિકયુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે. તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઇવેટ સિકયુરીટી-વાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઇ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મ ધારી પ્રાઇવેટ સિકયુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુર ઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનુ મારૂ માનવું છે.

પ્રાઇવેટ સિકયુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓની ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઇવેટ સિકયુરીટી- વાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર**, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એકઝી. મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૧-૨૦૧૬ કલાક ૦૦.૦૦ થી તા. ૨૯-૦૨-૨૦૧૬ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧)(ક) રાજકોટ કમિશ્નરેંટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપ લાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડ-ફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી ખેંચી શકશે નહીં.

(૨) કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

: વિસ્તાર :

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

: અપવાદ :

(૧) નર્મદા પાણીની પાઈપલાઈનના જાહેરનામામાંથી ઉપરોક્ત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૧૪ માહે ડીસેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૫૧૮/૨૦૧૫.-ભુતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આંતકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહીત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલા તેમજ ભુતકાળના બનાવો જેવા કે સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા મુંબઈ અને દિલ્હી ખાતે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તાજેતરમાં હૈદ્રાબાદ તથા બેંગ્લોર બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો, તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા અને હાલના પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરની સલામતિ માટે કેટલાક પગલા લેવા જરૂરી છે.

રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડની કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ તથા જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પાડતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી મોલમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે. મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા

ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

: અમલવારીનો સમય :

આ હુકમનો અમલ તા. ૦૧-૦૧-૨૦૧૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૯-૦૨-૨૦૧૬ ના કલાક ૨૪-૦૦ સુધી.

: અમલવારીનો વિસ્તાર :

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૪ માહે ડિસેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૫૧૪/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં પરશુરામ જયંતી, રમજાન ઈદ, અષાડી બીજ, વિગેરે તહેવારો આવતાં હોય તેમજ જુદીજુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ મુખ્યત્વે ઉપયોગ કરે છે. આવા લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુન્હાઓની કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તે પ્રવૃત્તિને અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

: અમલવારીના સમય :

આ હુકમનો અમલ ૦૧-૦૧-૨૦૧૬ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૨૯-૦૨-૨૦૧૬ના કલાક ૨૪/૦૦ સુધી.

: વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિશની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૪ માહે ડિસેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૫૧૫/૨૦૧૫.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ મોહરમ, ગુરૂનાનક જયંતી, નાતાલના તહેવારો આવનાર છે. હાલની આતંકવાદી ગતિવિધી પ્રવૃતિને લક્ષમાં લેતા સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા તથા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

: પ્રતિબંધિત કૃત્યો :

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

: અમલવારીના પીરીયડ અને વિસ્તાર :

આ હુકમનો અમલ ૦૧-૦૧-૨૦૧૬ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૨૯-૦૨-૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી.

: પ્રતિબંધિત વિસ્તાર :

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૧૪ માહે ડિસેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે ડિસેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૩૫૧૩/૨૦૧૫.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરીકામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેથી જાહેર જનતાની જાન-માલની (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મો. નં. નંબર સહિત.	:	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:	
૩	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:	
૪	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:	
૬	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર	:	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:	
૯	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે.	:	
૧૦	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:	
૧૧	રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:	
૧૨	રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું	:	

મજુરનો તાજેતરનો ફોટો	મજુરના અંગુઠાનું નિશાન ....
	મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ....
	નામ ....

આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૬ થી તા. ૨૯-૦૨-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૪ માહે ડીસેમ્બર-૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/પરમીટ/એ. સેકશન/૩૫૧૭/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, **મોહન ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

અ. નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ	મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે?	કઇ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ, સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૬ થી તા. ૨૯-૦૨-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૧૪ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૪ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

મોહન ઝા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

(RJT.)-I-5

સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ-૧૦/વડોદરા/પત્રક/૨૦૧૫-૧૬/જા.નં.-૧૩૨૮, તા. ૩૦-૧૧-૨૦૧૫ તથા ૧૦૧૩, તા. ૦૮-૧૦-૧૫.

(૨) વા.વે. અધિકારી (૪), ઘટક-૨, વડોદરાના પત્ર ક્રમાંક : વાવેઅ(૪)/અકર-૪/ઘ-૨/સી ફોર્મ/વડો/૨૦૧૫-૧૬/જા.નં.-૫૯૪૦, તા. ૨૦-૦૯-૨૦૧૫.

(૩) મે. બ્રીચ ઓરલ કેર પ્રા.લી., વડોદરા કેન્દ્રીય નો.નં.-૨૪૬૯૦૩૦૪૬૮૮, ટીન નોં.નં.-૨૪૧૯૦૩૦૪૬૮૮, તા. ૨૦-૦૯-૨૦૧૫ ની અરજી.

જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વિ-૫/વડદ/વવટ-૧/ધા.ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૬૦૮૨/૬૧૦૫.-વા.વે.અધિકારી-(૪), ઘટક-૨, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારીશ્રી મે. બ્રીચ ઓરલ કેર પ્રા. લી., વડોદરા ટીન નો.નં.-૨૪૬૯૦૩૦૪૬૮૮, ટીન નોં. નં.-૨૪૧૯૦૩૦૪૬૮૮ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ સીરીયલ નં. ૨૪ ફોર્મ નંબર-૯૨૫૯૧૬૪ નીચે મુજબના સી. ફોર્મ નંગ-૦૧ અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા-(૩) અન્વયે સી. ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાએ વંચાણે લીધા ક્રમાંક-(૧) દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે વા.વે. અધિકારી (૪), ઘટક-૨, વડોદરાના વંચાણે લીધા ક્રમાંક-(૨) સંદર્ભે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના સી ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીશ્રીનું નામ	નોંધણી નંબર	રદ કરવાના સી ફોર્મ નંબર	રદ કરવાના કારણો	રદ કરવાપાત્ર પાના
૧	મે. બ્રીચ ઓરલ કેર પ્રા.લી., વડોદરા	કેન્દ્રીય નો.નં.-૨૪૬૯૦૩૦૪૬૮૮, ટીન નોં.નં. ૨૪૧૯૦૩૦૪૬૮૮	(૧) ૯૨૫૯૧૬૪	ખોવાઈ જવાથી	કુલ પાન-૦૧ (એક)

આથી હું, એ. એસ. જોષી, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત ખોવાયેલ સી ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૦૮/૧૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

એ. એસ. જોષી,
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૫, વડોદરા.

વંચાણમાં લીધું : (૧) **મે. ઉમિયા વિજયસો મીલ,** નોધણી નંબર : ૨૪૨૨૦૭૦૦૦૧૬ ની તા. ૨૮-૦૭-૨૦૧૫ની અરજી.

આદેશ

ક્રમાંક : સં.વા.વે.કમિ./વિ.-૭/સુરત/એફ ફોર્મ રદ આદેશ/૨૦૧૫-૧૬/જા. ૩૨૯૪/૩૩૧૩.-ઉપરોક્ત વંચાણમાં લીધેલ વેપારીશ્રી **મે. ઉમિયા વિજય સો મીલ,** નોધણી નંબરઃ **૨૪૨૨૦૭૦૦૦૧૬** તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોધણી નંબરઃ **૨૪૭૨૦૭૦૦૦૧૬** ધરાવે છે. તેઓને મેન્યુઅલ ઈશ્યુ કરવામાં આવેલ **“C”** ફોર્મ નંબર નીચે જણાવ્યા મુજબ કુલ-૧ મેળવેલ હતા. જે **“C”** ફોર્મ વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના **“C”** ફોર્મ રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ	રદ કરવાપાત્ર ફોર્મ્સ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદ કરવાનું કારણ
૧	**મે. ઉમિયા વિજય સો મીલ.** નોધણી નંબરઃ **૨૪૨૨૦૭૦૦૦૧૬**	૨૪ ૯૯૬૨૩૧૦	નંગ-૧	ખોવાઈ જવાથી

INDEX

આથી હું, કે. ડી. દેસાઈ, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર, વિભાગ-૭, સુરત, કેન્દ્રિય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવેલ "C", ફોર્મ પાના નંગ-૧ રદ કરવા ઠરાવું છું.

સુરત, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

વંચાણમાં લીધું : (૧) **મે. સ્વદેશ ટીંબર,** નોંધણી નંબર : **૨૪૨૨૨૨૦૦૦૦૨** ની તા. ૨૮-૦૭-૨૦૧૫ની અરજી.

આદેશ

ક્રમાંક : સં.વા.વે.કમિ./વિ.-૭/સુરત/એફ ફોર્મ રદ આદેશ/૨૦૧૫-૧૬/જા. ૩૨૭૪/૯૩.-ઉપરોક્ત વંચાણમાં લીધેલ વેપારીશ્રી **મે. સ્વદેશ ટીંબર,** નોધણી નંબરઃ **૨૪૨૨૨૨૦૦૦૦૨** તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોધણી નંબરઃ **૨૪૭૨૨૨૦૦૦૦૨** ધરાવે છે. તેઓને મેન્યુઅલ ઈશ્યુ કરવામાં આવેલ "C" ફોર્મ નંબર નીચે જણાવ્યા મુજબ કુલ-૧ મેળવેલ હતા. જે "C" ફોર્મ વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના "C" ફોર્મ રદ કરવાનું ઠરાવું છું.

અ.નં.	વેપારીનું નામ	રદ કરવાપાત્ર ફોર્મ નંબર	રદ કરવાપાત્ર કુલ પાના	રદ કરવાનું કારણ
૧	**મે. સ્વદેશ ટીંબર,** નોધણી નંબરઃ **૨૪૨૨૨૨૦૦૦૦૨**	૨૪ ૯૫૫૦૫૨૩	નંગ-૧	ખોવાઈ જવાથી

આથી હું, કે. ડી. દેસાઈ, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર, વિભાગ-૭, સુરત, કેન્દ્રિય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવેલ "C", ફોર્મ પાના નંગ-૧ રદ કરવા ઠરાવું છું.

સુરત, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૫.

કે. ડી. દેસાઇ,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૭, સુરત.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૨૬૩/૮૦૦૬/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી અનીડા(ડેમ) મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : અનીડા (ડેમ), તાલુકો : પાલીતાણા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૬૭/૨૦૧૫, તા. ૧૧-૧૨-૨૦૧૫.

ભાવનગર, ૧૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૨૭૨/૮૦૦૫/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી લુણધરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : લુણધરા, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૬૮/૨૦૧૫, તા. ૧૧-૧૨-૨૦૧૫.

ભાવનગર, ૧૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૨૮૧/૮૦૦૭/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કંટાળા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કંટાળા, તાલુકો : ઘોઘા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ. ૪૪૪૬૯/૨૦૧૫, તા. ૧૧-૧૨-૨૦૧૫.

ભાવનગર, ૧૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

ડૉ. એચ. પી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૯ ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંક : GHKH/51/2011/NSB/12/2002/3011/CH.

૩. પ્રમાણિત ઓડીટરશ્રી, પેનલ નં.-૩ સહકારી મંડળીઓ, અમદાવાદનો તા. ૩૦-૦૯-૨૦૧૫નો શ્રી બરવાળા હાઈસ્કૂલ કર્મચારીઓની કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ.તા. બરવાળા, જિ. બોટાદનો કલમ-૧૦૭ અન્વયેનો ખાસ અહેવાલ.
૪. અત્રેની કચેરીની તા. ૧૭-૧૧-૨૦૧૫ નાં જા.નં.: ફડચ/૦૧/ખ-૨/૪૭/૨૦૧૫ થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.

હુકમ

જા.નં. : ફડચ/૦૧/ખ-૨/૫૩/૧૨૪૩/R.P.A.D./૨૦૧૫.- આથી હું, પી. બી. ખસીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, મને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી બરવાળા હાઈસ્કૂલ કર્મચારીઓની કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ.તા. બરવાળા, જિ. બોટાદને સદર અધિનિયમની કલમ-૧૦૭(૧)(એ) અન્વયે આટોપી લેવા વચગાળાનો હુકમ કરૂ છું અને કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારી લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદની નિયુકિત કરૂ છું. સદર હુકમ પરત્વે મંડળીને જો કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સહકારી કાયદાની જોગવાઈ મુજબ આ હુકમની તારીખથી એક માસમાં કરવાનો રહેશે. જો સમય મર્યાદામાં કોઈ રજુઆત નહીં થાય તો ફડચામાં લઈ જવા અંગેનો કાયમી આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

બોટાદ, ૧૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૯ ની જોગવાઈઓ.
૨. સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંક : GHKH/51/2011/NSB/12/2002/3011/CH.
૩. પ્રમાણિત ઓડીટરશ્રી, પેનલ નં.-૩ સહકારી મંડળીઓ, અમદાવાદનો તા. ૦૨-૧૧-૨૦૧૫નો શ્રી સરદાર પટેલ મહીલા ગ્રાહક ભંડાર લી., મુ.તા. બરવાળા, જિ. બોટાદનો કલમ-૧૦૭ અન્વયેનો ખાસ અહેવાલ.
૪. અત્રેની કચેરીની તા. ૧૭-૧૧-૨૦૧૫ નાં જા.નં.: ફડચ/૦૧/ખ-૨/૪૮/૨૦૧૫ થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.

હુકમ

જા.નં. : ફડચ/૦૧/ખ-૨/૫૨/૧૨૪૨/R.P.A.D./૨૦૧૫.- આથી હું, પી. બી. ખસીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, મને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી સરદાર પટેલ મહીલા ગ્રાહક ભંડાર લી., મુ. તા. બરવાળા, જિ. બોટાદને સદર અધિનિયમની કલમ-૧૦૭(૧)(એ) અન્વયે આટોપી લેવા વચગાળાનો હુકમ કરૂ છું અને કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારી લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદની નિયુકિત કરૂ છું. સદર હુકમ પરત્વે મંડળીને જો કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સહકારી કાયદાની જોગવાઈ મુજબ આ હુકમની તારીખથી એક માસમાં કરવાનો રહેશે. જો સમય મર્યાદામાં કોઈ રજુઆત નહીં થાય તો ફડચામાં લઈ જવા અંગેનો કાયમી આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

બોટાદ, ૧૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૫.

પી. બી. સખીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૮૧૯/આરજેટી : સે.-૪૪૬૦૦/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી નારાયણ શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૬ માહે ડિસેમ્બર, સને ૨૦૧૫.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ચ/૨૭૨/૨૫૮૭/સે (દુ)-૪૨૭૯૭/ ૨૦૧૫.- જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મોરબી, આથી જાહેર કરે છે કે, શ્રી કુંતાસી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કુંતાસી, તાલુકો : માળીયા (મી.), જિલ્લો : મોરબી.

સને ૧૯૬૨ ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ (૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

મોરબી, ૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૫.

જી. એમ. જાડેજા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મોરબી.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX